
# યોગસાર પ્રવચન

(ભાગ-૧)



શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત 'યોગસાર' શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મરસસભર પ્રવચનો

: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Yogsar pravachan part-1"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@Vitragvani.com

**By "Shree Kundkund-Kahan Parmarthik Trust"**
**(Shri Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

www.vitragvani.com

શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય, પુષ્પ–૧૭

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# યોગસાર પ્રવચન

(ભાગ-૧)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'યોગસાર' શાસ્ત્ર ઉપરના સળંગ પ્રવચનો

(ગાથા ૧થી ૬૮)

પ્રકાશક

અન્તર્રાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહાસંઘ

અંતર્ગત

શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.

વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬

ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૮ |

**પ્રકાશન**

ચૈતન્યધામ પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના
મંગલ પ્રસંગે. માગશર સુદ ૩, રવિવાર તા. ૩૦-૧૧-૨૦૦૮

પ્રત : ૧૫૦૦ ISBN : 978-81-907806-0-5

વેચાણ કિંમત : ૨૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
સોનગઢ–૩૬૪૨૫૦ – ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૩૪

**શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ ‘સ્વરુચિ’ સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
વિમલાંચલ, હરિનગર, અલીગઢ (ભ.પ્ર). – ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
ભાવનગર-૩૬૪૦૦૧
મો. : ૯૩૨૭૪૯૪૯૭૨

મુદ્રક :
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ–૩૬૦૦૦૧
મો. ૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

અનંતકાલિન કાળચક્રના પ્રવાહમાં અનાદિકાળથી અનઉત્પન્ન, અવિનષ્ટ એવા અનંતા જીવો ભવદુઃખથી પીડિત છે. આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત અને શારીરીક તથા માનસિક દુઃખથી દુઃખિત આત્માઓને સત્ય સુખ તથા દુઃખમુક્તિનો ઉપાય પ્રાપ્ત થયો નથી. એક બાજુ આ પરિસ્થિતિ છે ત્યારે બીજી બાજુ આ જ દુઃખથી છૂટવાનો ઉપાય શોધનારા અનેક સંતો પણ કાળચક્રના પ્રવાહમાં થતા આવ્યા છે, જેમનો માર્ગ અંગીકાર કરી જીવો શાશ્વત સુખને પ્રાપ્ત થયા છે, થાય છે અને ભાવિકાળમાં થતા રહેશે.

દોષિત વિભાવભાવોની સાથે દુઃખ અને મલિનતાનું હોવું એ અનિવાર્ય પરિસ્થિતિ છે, દોષિત વિભાવભાવોનું મૂળ કારણ ગવેષી જ્ઞાની ધર્માત્માઓએ તેને મટાડવાનો ઉપાય શોધી, નિષ્કારણ કરુણાથી જગત સમક્ષ મૂક્યો. એવા જ કાળચક્રના પ્રવાહમાં વર્તમાન શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન મહાવીરના શાસનમાં થતાં આવેલા દિગંબર આચાર્યો, મુનિ ભગવંતો, જ્ઞાની ધર્માત્માઓએ એ માર્ગને સ્વયંની અનુભવપૂર્ણ સશક્ત લેખની દ્વારા ગ્રંથારૂઢ કર્યો.

પ્રસ્તુત પ્રવચનના ગ્રંથ રચયિતા શ્રીમદ્ ભગવત્ શ્રી યોગીન્દ્રદેવ લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા થઈ ગયા. ગ્રંથ રચયિતા આચાર્ય ભગવાનનો વિશેષ ઇતિહાસ પ્રાપ્ત નથી. પરંતુ તેમની કૃતિઓ ઉપરથી એટલું અવશ્ય કહી શકાય તેમ છે કે આચાર્ય ભગવંત પ્રચુર સ્વસંવેદનમાં ઝુલનારા અધ્યાત્મરસિક મહાસંત છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ તથા પૂજ્યપાદઆચાર્ય તેઓશ્રીના પ્રેરણાસ્રોત રહ્યા હોય તેમ લાગે છે. શ્રીમદ્ યોગીન્દ્રદેવની અન્ય કૃતિ 'પરમાત્મપ્રકાશ' પણ અધ્યાત્મરસથી ભરપૂર છે. જેમાં તેમનો અતીન્દ્રિય સ્વસંવેદનનો રસ ઝળકી રહ્યો છે. તેઓશ્રી દ્વારા રચિત અન્ય કૃતિઓ જેવી કે નૌકાર શ્રાવકાચાર, અધ્યાત્મ સંદોહ, સુભાષિત તંત્ર, તત્ત્વાર્થ ટીકા પણ સર્વમાન્ય છે. આ સૌમાં 'યોગસાર' ગ્રંથ મહત્ત્વપૂર્ણ મનાય છે.

'યોગસાર' ગ્રંથમાં પરિભ્રમણથી ભયભીત જીવોને સંબોધન કરીને ગ્રંથરચના કરવામાં આવી છે, જે તેઓશ્રી શરૂઆતમાં જણાવે છે ત્યારબાદ શાસ્ત્રના અંત ભાગમાં પોતાની ભાવના માટે આ ગ્રંથની રચના કરી છે તેમ પણ ઉલ્લેખ મળે છે. આ ગ્રંથની ટીકા કરવાનું સૌભાગ્ય બ્ર. પંડિત શ્રી શીતલપ્રસાદજીએ પ્રાપ્ત કર્યું છે. જીવ સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ સ્વસ્વરૂપનું આલંબન લે તેવા મુખ્ય આશયને ઝાળવીને પ્રત્યેક દોહાની રચના કરી છે. જેમાં અંતરાત્મા, બહિરાત્મા, પરમાત્માનું સ્વરૂપ, આત્મજ્ઞાની જ નિર્વાણને પાત્ર છે, તપનું

સ્વરૂપ, પરિણામોથી બંધ અને મોક્ષ, પુણ્યભાવનો નિષેધ, મૂળ આત્મ સ્વરૂપનું અસ્તિ-નાસ્તિથી વર્ણન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્રનું મહત્ત્વ ઇત્યાદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયોને દર્શાવતા દોહાઓની રચના કરી છે.

અતીન્દ્રિય આનંદની કલમથી અને શાંતરસની સ્યાહીથી લખાયેલા અમૃતથી ભરપૂર એ ગ્રંથોના વચનોનું રસપાન કરાવનાર, એ આગમોમાં રહેલ ગૂઢ અધ્યાત્મ રહસ્યોનું ઉદ્ઘાટન કરનાર, મૂળ મોક્ષમાર્ગ પ્રકાશક, નિષ્કારણ કરુણામૂર્તિ, સિંહવૃત્તિ ધારક, ઉન્માર્ગનો ધ્વંસ કરનાર અને જૈનધર્મના પ્રણેતા, વિદેહીનાથ સીમંધર ભગવાનના દિવ્ય સંદેશા લાવી ભરતના જીવોના તારણહાર બની પધારેલા એ દિવ્યદૂત દિવ્યપુરુષ, સુષુપ્ત ચેતનાને જાગૃત કરનાર, અનંત ગુણથી દૈદીપ્યમાન, ગુણાતિશયવાન, મંગલકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક દિગંબર સંતો દ્વારા રચિત શાસ્ત્રો ઉપર પ્રવચન કર્યા, તેમાં 'યોગસાર' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા. 'યોગસાર' ગ્રંથ ટૂંકામાં લખાયેલો હોવા છતાં મૂળ પરમાર્થ કેવી રીતે તેમાં રહ્યો છે તેની ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ પાડી આપણા સૌ ઉપર અનંત ઉપકાર કર્યો છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના શબ્દોમાં કહીએ તો પૂજ્ય ગુરુદેવશ્રી એ આ કાળનો અચંબો છે ! પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોનું વર્ણન મર્યાદિત કલમશક્તિમાં સમાવિષ્ટ થઈ શકે તેવી પરિસ્થિતિ નથી. રૂપી દ્વારા અરૂપીનું કેટલું વર્ણન થાય ! જડ દ્વારા ચૈતન્યનો કેટલો મહિમા થાય ! અતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનોને હૃદયંગમ કરી, તેઓશ્રીએ બતાવેલા માર્ગે ચાલીએ એ જ તેમના પ્રત્યેનો યથાર્થ ઉપકાર વ્યક્ત કર્યો કહેવાશે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત થાય તેવો પ્રસ્તાવ અમારી સમક્ષ આવતાં અમોએ સહર્ષ સ્વીકાર કર્યો અને શીઘ્ર પ્રકાશિત કરવાની ભાવના સાથે એવો નિર્ણય લેવામાં આવ્યો કે, પૂજ્ય ગુરુદેવશ્રીના જેટલા પ્રવચનો થયા છે તે બધા અક્ષરશઃ ગ્રંથારૂઢ કરવા. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના યોગમાં અનેક જિનમંદિરો થયા, પ્રતિષ્ઠાઓ થઈ, પ્રવચનો થયા અને જૈનધર્મનો મૂળમાંથી ઉદ્યોત થયો. પામરમાંથી પરમેશ્વર થવાનો માર્ગ, દોષ ઉપર વિજય મેળવી જૈન થવાનો માર્ગ જયવંત રહે તથા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી શાશ્વત રહે એવી અમારા ટ્રસ્ટની ભાવના તથા મુખ્ય ઉદ્દેશ સાથે 'યોગસાર પ્રવચન' (ભાગ–૧) પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

'યોગસાર' ગ્રંથમાં કુલ ૧૦૮ ગાથાઓ છે અને ૪૫ પ્રવચનો થયા છે. 'યોગસાર પ્રવચન' (ભાગ–૧)માં ચોવીસ પ્રવચનો આવરિત કરવામાં આવ્યા છે, જેમાં ૧ થી ૬૮ ગાથાઓનો સમાવેશ થાય છે. બાકીના ૨૧ પ્રવચનો 'યોગસાર પ્રવચન' (ભાગ–૨)માં પ્રકાશિત કરવામાં આવશે. આ પ્રવચનોમાં જેટલા પ્રવચનો હિન્દી ભાષામાં થયા છે તેનું ગુજરાતી ભાષાંતર કરી છાપવામાં આવેલા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની મુખવાણી તથા ભાવો યથાવત જળવાઈ રહે તદર્થ પ્રવચનોને

સી.ડી.માંથી અક્ષરશઃ ઉતારી લઈ, જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરી વાક્યરચના પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યાં સ્પષ્ટપણે સંભળાતું નથી ત્યાં ડોટ કરીને જગ્યા છોડી દેવામાં આવી છે. પ્રવચનોનું સંપાદન કાર્ય પૂર્ણ થયા બાદ પ્રવચનોને સી.ડી. સાથે મેળવી લેવાનું તથા તપાસી જવાનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે, જે બદલ સંસ્થા તેમનો સહૃદય આભાર વ્યક્ત કરે છે.


ગ્રંથના ટાઈપ સેટિંગ માટે નિલેષભાઈ જૈન, પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગર તથા ગ્રંથના સુંદર મુદ્રણ કાર્ય માટે ધર્મેશભાઈ શાહ, શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ, રાજકોટનો આભાર માનવામાં આવે છે તથા ગ્રંથ પ્રકાશનમાં જે જે મુમુક્ષુઓનું યોગદાન રહ્યું છે તે સર્વેનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ યોગસાર અર્થાત્ નિજ સ્વરૂપ સાથે જોડાણ કરવું, તેનો સાર. એવા નવનીત સમાન, ભવ્ય જીવોને માટે પ્રકાશસ્તંભ સમાન પ્રસ્તુત પ્રવચનોનું મુમુક્ષુજીવ રસાસ્વાદન કરી ભવસાગર તરી જાય, એ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

*www.vitragvani.com*



*Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.*

www.vitragvani.com



# શ્રી સદ્‍ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# અનુક્રમણિકા


| પ્રવચન નંબર | ગાથા નં. | તારીખ | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૩ | ૦૬/૦૬/૧૯૬૬ | ૨ |
| ૨ | ૪ થી ૬ | ૦૭/૦૬/૧૯૬૬ | ૧૮ |
| ૩ | ૭ થી ૯ | ૦૮/૦૬/૧૯૬૬ | ૩૫ |
| ૪ | ૧૦ થી ૧૨ | ૦૯/૦૬/૧૯૬૬ | ૫૧ |
| ૫ | ૧૩ થી ૧૫ | ૧૧/૦૬/૧૯૬૬ | ૬૭ |
| ૬ | ૧૬ થી ૧૭ | ૧૨/૦૬/૧૯૬૬ | ૮૪ |
| ૭ | ૧૮ થી ૧૯ | ૧૩/૦૬/૧૯૬૬ | ૯૮ |
| ૮ | ૧૯ થી ૨૦ | ૧૪/૦૬/૧૯૬૬ | ૧૧૩ |
| ૯ | ૨૧ થી ૨૩ | ૧૫/૦૬/૧૯૬૬ | ૧૨૮ |
| ૧૦ | ૨૩ થી ૨૬ | ૧૬/૦૬/૧૯૬૬ | ૧૪૪ |
| ૧૧ | ૨૬ થી ૨૮ | ૧૭/૦૬/૧૯૬૬ | ૧૬૧ |
| ૧૨ | ૨૯ થી ૩૨ | ૧૯/૦૬/૧૯૬૬ | ૧૭૫ |
| ૧૩ | ૩૨ થી ૩૪ | ૨૦/૦૬/૧૯૬૬ | ૧૯૦ |
| ૧૪ | ૩૫ થી ૩૮ | ૨૧/૦૬/૧૯૬૬ | ૨૦૬ |
| ૧૫ | ૩૮ થી ૪૨ | ૨૨/૦૬/૧૯૬૬ | ૨૨૨ |
| ૧૬ | ૪૨ થી ૪૫ | ૨૩/૦૬/૧૯૬૬ | ૨૩૮ |
| ૧૭ | ૪૬ થી ૪૯ | ૨૪/૦૬/૧૯૬૬ | ૨૫૫ |
| ૧૮ | ૫૦ થી ૫૩ | ૨૬/૦૬/૧૯૬૬ | ૨૭૧ |
| ૧૯ | ૫૩ થી ૫૬ | ૨૭/૦૬/૧૯૬૬ | ૨૮૯ |
| ૨૦ | ૫૭ થી ૫૮ | ૨૮/૦૬/૧૯૬૬ | ૩૦૩ |
| ૨૧ | ૫૯ થી ૬૨ | ૨૯/૦૬/૧૯૬૬ | ૩૧૮ |
| ૨૨ | ૬૨ થી ૬૪ | ૩૦/૦૬/૧૯૬૬ | ૩૩૪ |
| ૨૩ | ૬૪ થી ૬૬ | ૦૧/૦૭/૧૯૬૬ | ૩૫૦ |
| ૨૪ | ૬૬ થી ૬૮ | ૦૨/૦૭/૧૯૬૬ | ૩૬૫ |

હે ગુરુદેવ ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડા સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યા છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિની નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યની અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતની મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ ! આપના ઉપકારોનું શું વર્ણન થાય ? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા–ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમાગમસાર)

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# યોગસાર પ્રવચન

(ભાગ-૧)

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

## સિદ્ધોને નમસ્કાર

णिम्मलझाणपरिट्ठिया कम्मकलं क डहेवि।
अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि।।१।।
નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;
થયા સિદ્ધ પરમાત્મા, વંદું તે જિનરાય. ૧.

**અન્વયાર્થ** :– (**जेण**) જેમણે (**णिम्मलझाण परिट्ठिया**) શુદ્ધ ધ્યાનમાં સ્થિર થઈને (**कम्मकलंक डहेवि**) કર્મમળને બાળી નાખેલ છે. (**परु अप्पा लद्धउ**) તથા ઉત્કૃષ્ટ પરમાત્માપદ પ્રાપ્ત કરી લીધું છે. (**ते परमप्प णवेवि**) તે સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કરું છું.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૩, સોમવાર
## તા. ૦૬-૦૬-૧૯૬૬
## ગાથા-૧ થી ૩. પ્રવચન નં. ૧

ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ સિદ્ધસ્વરૂપી આત્મા છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આ આત્માનું સ્વરૂપ એવા સિદ્ધ ભગવાન અશરીરી સિદ્ધ પરમાત્મા આઠ કર્મરહિત થયા એનું અહીંયાં પહેલું માંગલિક કરશે. એવો જ આત્મા, સિદ્ધ સમાન આત્મા છે. એના અંતર સ્વરૂપમાં એનો યોગ એટલે આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં અંતર વેપાર દ્વારા સાર એટલે પ્રગટ સિદ્ધ પરમાત્મદશા પ્રગટ કરવી એનું નામ અહીંયાં યોગસાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'યોગીન્દ્રદેવ' મહામુનિ દિગંબર સંત લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા ભરતક્ષેત્રની અંદર મહાપ્રભુ 'કુંદકુંદાચાર્ય' મહારાજની પછી ભરતક્ષેત્રમાં થયા છે. લગભગ 'પૂજ્યપાદસ્વામી' પછી એ થયા છે. એમણે આ 'પરમાત્મપ્રકાશ' એક બનાવ્યું અને એક આ 'યોગસાર' (બનાવ્યું છે). 'પરમાત્મપ્રકાશ'ના વ્યાખ્યાનો આપણે પૂરા થઈ ગયા. આ 'યોગસાર' (ચાલશે).

જુઓ! પહેલો નમસ્કાર માંગલિક કરે છે. પહેલું માંગલિક કરે છે. 'યોગીન્દ્રદેવ' પોતે 'યોગસાર'ની શરૂઆતમાં માંગલિક (કરે છે). પોતે મહાસંત છે, આચાર્ય છે, અલ્પકાળે કેવળજ્ઞાન પામી મુક્તિ જવાને પાત્ર અને લાયક છે. એવા 'યોગીન્દ્રદેવ' ગ્રંથકર્તા શરૂઆતમાં મહાન માંગલિકરૂપે સિદ્ધ પરમાત્માને યાદ કરે છે, સિદ્ધ ભગવાનને સ્મરે છે.

### સિદ્ધોને નમસ્કાર.

**णिम्मलझाणपरिट्ठिया कम्मकलं क डहेवि।**
**अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि।।१।।**

'જેમણે...' ત્રીજા પદમાં 'जेण' શબ્દ છે ને? 'जेण' એટલે 'જેમણે...' 'णिम्मलझाण परिट्ठिया' 'શુદ્ધ ધ્યાનમાં સ્થિર થઈને...' જુઓ! અહીંથી વાત લીધી છે. કર્મ ટળ્યા અને આ ધ્યાન થયું, એમ નહિ. સમજાય છે કાંઈ? 'णिम्मलझाण परिट्ठिया' એ સિદ્ધ ભગવાનો કેમ થયા? પરમઆત્મા અશરીરી-ણમો સિદ્ધાણં. એ પાંચ પદમાં બીજું પદ છે એ સિદ્ધ પરમાત્મા કઈ રીતે, કઈ વિધિએ, કયા ઉપાયે સિદ્ધપદને પામ્યા એ વાત પહેલી જાહેર કરે છે.

'णिम्मलझाण परिट्ठिया' નિર્મળ એટલે શુદ્ધ ધ્યાન. ભગવાનઆત્મા શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, એમાં શુદ્ધ નિર્મળ એકાકાર, સ્વરૂપના ધ્યેયે અંતરમાં એકાકાર થઈ નિર્મળ ધ્યાન(માં સ્થિર થઈને સિદ્ધ થયા). અહીં તો ધ્યાનથી વાત લીધી છે. ભગવાનઆત્મા,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષમાર્ગની શરૂઆત જ ધ્યાનથી થાય છે. સમજાય છે કાંઈ? પર તરફના જેટલા વિકલ્પો, શુભાશુભભાવ (થાય) એ તો બંધના કારણ છે. આ આત્મા પરમાત્મા સર્વજ્ઞદેવે શુદ્ધ સ્વરૂપ જોયો છે. સમજાય છે કાંઈ ? ભગવાને (આવો આત્મા જોયો છે).

'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ,' સર્વજ્ઞ પરમેશ્વરને કહે છે કે, હે નાથ! 'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ, નિજ શુદ્ધ સત્તાએ સૌને આપ દેખતા હો લાલ.' હે સર્વજ્ઞદેવ! સર્વ જીવને આપ તો શુદ્ધ સત્તા આનંદમય (છે) એમ દેખો છો. સમજાય છે કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ...' નિજ સત્તા – પોતાનું હોવાપણું જે નિજ છે. નિજ સત્તાએ શુદ્ધ પરમાનંદમૂર્તિ અનાકુળ શાંતરસ છે. 'નિજ સત્તાએ શુદ્ધ સૌને દેખતા...' હે પરમાત્મા! બધા આત્માને એની નિજ સત્તાએ, નિજ હોવાપણે પોતાના હોવાપણે, પોતાની હૈયાતીમાં, પોતાના અસ્તિત્વમાં, પોતાના અંતર આત્માની મોજૂદગીમાં ભગવાન આપ તો બધા આત્માને શુદ્ધ દેખો છો. સમજાય છે કાંઈ?

એ 'નિજ સત્તાએ શુદ્ધ સૌને દેખતા' બધા આત્માઓ પરમાત્મા નિજ સત્તાએ શુદ્ધ છે. એવી નિજ સત્તા, સત્તા એટલે પોતાનું હોવાપણું, અસ્તિત્વ, હોવાપણું. અનાદિનો ભગવાનઆત્મા, એનું હોવાપણું પવિત્ર અને શુદ્ધ સ્વરૂપે જ એનું હોવાપણું છે. એમાં (થતો) કેટલોક પુણ્ય-પાપનો વિકાર, એ એનું કંઈ નિજ હોવાપણું નથી, એ નિજ સત્તા નથી એમ ભગવાન દેખે છે, એમ જે કોઈ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન (કરે)... દેખો ! એની અંદરમાં એકાકાર થઈ નિજ સત્તાની શુદ્ધતાને લક્ષમાં, ધ્યેયમાં, સ્થિરતામાં લઈ જ્ઞાન-શ્રદ્ધા અને ચારિત્ર (દ્વારા) એ નિજ શુદ્ધ સત્તાને આશ્રય બનાવી, (જેઓ) અંદર નિર્મળ ધ્યાન દ્વારા સ્થિર થયા. આ દ્વારા હે પ્રભુ આપ સિદ્ધપદને પામ્યા. સમજાણું કાંઈ?

**'णिम्मलझाण परिट्ठिया'** પહેલું અહીં(થી) માંગલિક ઊપાડ્યું છે. કર્મ ટળ્યા ને કર્મ ગળ્યા ને કર્મ મોળા પડ્યા માટે આપ ધ્યાનમાં આવ્યા એમ નથી લીધું. અત્યારે કેટલાક કહે છે ને? જ્ઞાનાવરણીય (કર્મનો) ક્ષય થાય તો જ્ઞાન થાય, એમ કહો. જ્ઞાનની ઉત્પત્તિ થાય તો જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ જાય છે એમ ન કહો. એમ (કહે છે). સમજાણું કાંઈ? અહીં પહેલે શબ્દે આ ઊપાડ્યું છે. જુઓ ! આમાં કર્મને યાદેય નથી કર્યાં. **'णिम्मलझाण परिट्ठिया'** **'परिट्ठिया'** શબ્દ છે. નિર્મળ શુદ્ધ અંતર એકાગ્ર. પરિસ્થિત, પરિસ્થિત. પરિ (અર્થાત્) સમસ્ત પ્રકારે સ્થિર થયા, સ્વરૂપમાં એકાગ્ર (થયા). આમ તો શુક્લધ્યાન લેવું છે. સમજાય છે કાંઈ? એકદમ સિદ્ધપદ છે ને? પણ પ્રથમ **'परिट्ठिया'** કહ્યું છે ને? સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એમાં નિર્મળ શુદ્ધ સ્વરૂપ ભગવાન, એની દૃષ્ટિમાં નિર્મળપણે પરિણમે ત્યારે એનું ધ્યાન, એકાગ્ર થાય છે, સ્વભાવમાં એકાગ્ર થાય છે, પણ એ ધ્યાન સમસ્ત પ્રકારે સ્વરૂપમાં સ્થિરતા પૂરતું નથી. સમજાય છે કાંઈ?

www.vitragvani.com



ધર્મદશા પ્રગટ કાળમાં, ધર્મદશા પ્રગટ કાળમાં એ શુદ્ધ ચૈતન્યમૂર્તિની એકાગ્રતાનો અંશ પ્રગટ થાય ત્યારે તેને ધર્મની શરૂઆત કહેવાય છે. આ ભગવાનતો, શરૂઆત કર્યા પછી પૂર્ણતાની પ્રાપ્તિના કાળ વખતે એણે શું કર્યું એ વાત કરે છે. આહા..હા...! કહે છે કે, જેણે 'શુક્લધ્યાનમેં સ્થિત હોતે હુએ...' 'શુદ્ધ ધ્યાનમેં સ્થિત હોતે હુએ...' એમ લખ્યું છે. ભગવાનઆત્મા ! 'નિર્મળ' શબ્દ છે ને? એટલે એમાં બધું આવી જાય. શુક્લ નિર્મળ પણ આવી જાય.

આ આત્મા પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આત્મામાં – નિજસત્તામાં, સત્તાના હોવાપણામાં પોતાના હોવાપણામાં તો એકલો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. નિજ સત્તા--પોતાનું હોવાપણું જે કાયમનું અસલ છે એમાં તો એકલો અતીન્દ્રિય આનંદ જ પડ્યો છે. ભાન ન મળે. ગોથા ખાય બહારમાં. ધૂળમાં ને ક્યાંક પૈસામાં ને બાયડી, છોકરામાં, હોળીમાં બહારમાં ક્યાંય સુખ છે, એમ મૂઢ અનાદિથી માને છે. સમજાણું કાંઈ? મિથ્યા ભ્રમણાએ કરી (જાણે) બહારમાં ક્યાંય સુખ, રાજપાટ, બાદશાહ, ઇન્દ્રના ઇન્દ્રાસનો કે લક્ષ્મીના મોટા ઢગલા–ગંજ ધૂળના પડ્યા હોય (એમાં સુખ) કલ્પે છે. છે નહિ. સુખ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે, ભાઈ! તારા હોવાપણામાં સુખ છે. બીજાના હોવાપણામાં તારું સુખ નથી. સમજાણું આમાં કાંઈ? બીજાના હોવાપણામાં, પરમાત્મા બીજા સિદ્ધ ભગવાન હોય પણ એના હોવાપણામાં તારા હોવાપણાનો આનંદ ન્યાં નથી. આહા..હા...! હજી સર્વજ્ઞ આમ બોલે ખરા 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં' ભગવાન જાણે એકેય અર્થ સમજે તો ! બાબુભાઈ! હેં? તમે એમને એમ બધા જુવાનિયા માણસ એમને એમ ગાળ્યું. એમ કે બીજે હશે માટે ભૂલ્યા, પણ અમે ભૂલ્યા છીએ માટે એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં' એ સર્વજ્ઞ પરમેશ્વર નિજ હોવામાં – ત્રિકાળ વસ્તુમાં એકલો અતીન્દ્રિય આનંદ જ ભગવાને ભાળ્યો છે. આ આત્મામાં, હોં! એ અતીન્દ્રિય આનંદની નજર કરીને તેમાં જે **'परिट्ठिया'** (અર્થાત્) વિશેષપણે ધ્યાનમાં સ્થિર થયા. બહારથી તદ્દન ઉપેક્ષા કરીને અંદરમાં ઠર્યા. શુદ્ધ ધ્યાનમાંથી પહેલું માંગલિક વાક્ય જ આ વાપર્યું છે. **'णिम्मलझाण परिट्ठिया जेण'**. સમજાય છે કાંઈ? જેણે – ભગવાન સિદ્ધ થયા તેણે, જે ભગવાન સિદ્ધ થયા તેણે, ભગવાનઆત્મા, એના શુદ્ધ સ્વરૂપમાં લીનતાનું ધ્યાન કર્યું. આ એની ક્રિયા. મોક્ષને પ્રાપ્ત કરવાની, મોક્ષના માર્ગની આ ક્રિયા (છે). વચમાં કોઈ દયા, દાન, વ્રતના વિકલ્પ આવે એ કોઈ મોક્ષના માર્ગની ક્રિયા નથી. આહાહા..!

પહેલેથી આચાર્યે (આ વાત ઊપાડી છે). 'યોગસાર'. યોગ એટલે આત્માના ઉપયોગમાં જોડાણ કરવું એ મોક્ષનો માર્ગ છે. ઉપયોગમાં જોડાણ કરવું એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? પરમાં કંઈ જોડાણ થાય, રાગાદિ વ્યવહાર હો પણ એ કંઈ મોક્ષનો માર્ગ નથી. બંધના માર્ગના બધા વિકલ્પો છે. ભગવાનઆત્મા પોતાના આનંદને અંદર પહેલો પ્રતીતમાં, અનુભવમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લીધો હોય છે પછી તે આનંદને પૂર્ણ પર્યાયમાં પ્રાપ્ત કરવા માટે સ્વરૂપમાં જેણે લગની લગાડી છે. ધ્યાનની લગની અંદરમાં લાગી, અંદરમાં તાલાવેલી લાગી એવા ધ્યાનમાં 'સ્થિત હોતે હુએ...' 'कम्मकलंक डहेवि' આ હવે આમ લીધું. 'કર્મોંકે મલકો જલા ડાલા હૈ.' કર્મના કલંકને બાળી મૂક્યા છે. કર્મ બળ્યા માટે આમ ધ્યાન થયું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'કર્મ બિચારે કૌન?' એ તો જડ પદાર્થ છે, નિમિત્ત છે. તું વિકાર કર તો કર્મનું આવરણરૂપે નિમિત્ત થાય અને સ્વરૂપનું ધ્યાન કર તો એ ટળી જાય. એ કર્મ કાંઈ કાંડું પકડીને (નથી કહેતા કે), નહિ, તું આમકર એમ છે નહિ. આહાહા..! કહે છે, કર્મકલંક. આહાહા...! કર્મનું કલંક છે, મેલ છે. આઠ કર્મ, અહીં સિદ્ધ છે ને એટલે આઠેય કર્મ કીધાં. સિદ્ધ છે ખરા ને? આઠે કર્મરૂપી કલંકના મેલને.. આઠ કર્મ છે ને? આઠ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર અને આયુષ્ય. એવો મળ, એને 'જલા દિયા...' 'डहेवि'. પાછું ભાષા એમ છે. સમજાણું કાંઈ? એણે નાશ કર્યા એ તો બાળી દીધા, એમ કહે છે, ભાઈ! આહાહા..! નાશ કર્યા એમ હળવો શબ્દ નથી નાખ્યો. બાળી મૂક્યા, રાખ કરી મૂક્યા. એટલે? કર્મરૂપે જે પર્યાય હતી એની પર્યાય બીજા જડ, બીજા પુદ્‌ગલપણે થઈ, અકર્મપર્યાય થઈ ગઈ. બાળી મૂકવાનો અર્થ કાંઈ બીજી ચીજ નથી, પરમાણુ બળી નથી જતા.

આ આત્મા પોતાના સ્વરૂપના અંતરદૃષ્ટિ ને ધ્યાનમાં સ્થિર થયો, સિદ્ધ ભગવાનનો આત્મા, ત્યારે તેણે કર્મના કલંકની, આઠ કર્મની પર્યાય જે હતી, તેનો વ્યય થઈ ગયો. ત્યારે આણે બાળ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! કર્મ તો એ વખતે ટળવાની લાયકાતથી જ ટળ્યા છે. આત્મા કંઈ એને ટાળે અને કર્મને બાળે એમ કોઈ દિ' (નથી). ઈ તો જડ છે. જડનો કર્તા-હર્તા આત્મા નથી. પણ અહીં તો એમ કહ્યું કે, જે વિકારના સંગમાં, સંગ હતો ત્યારે કર્મનું નિમિત્તપણે આવરણ હતું એ સંગ છૂટ્યો એટલે આવરણની અવસ્થામાં બીજી દશા થઈ ગઈ. એને અહીંયાં કર્મકલંકને બાળ્યા એમ કહેવામાં આવે છે. 'डहेवि' મૂળમાંથી સળગાવી દીધા એમ કહે છે. ફરીને કર્મપર્યાયરૂપે થાય (એમ) હવે છે નહિ. પછી? બે પદ થયા.

'परु अप्पा लद्धउ', 'परु अप्पा लद्धउ'. શું પ્રાપ્ત થયું? ભગવાનઆત્મા શક્તિરૂપે પરમાત્મા હતો, શક્તિના સત્ત્વના સ્વભાવના સામર્થ્યરૂપે પરમાત્મા જ હતો. એનું ધ્યાન કરીને 'परु' નામ વર્તમાન પર્યાયમાં ઉત્કૃષ્ટપણે 'પરમાત્મપદ કો પા લિયા.' પર્યાયમાં- અવસ્થામાં... જે સ્વરૂપ અંતરમાં (પૂર્ણ હતું તેને) પર્યાયમાં પ્રગટ પૂર્ણ પ્રાપ્ત કર્યું. એટલે પર્યાયમાં પહેલું શુદ્ધપદ પ્રગટ હતું એમ નહિ. સમજાય છે કાંઈ? વસ્તુ એ શુદ્ધ હતી. વસ્તુ તો નિજ આનંદ અને શુદ્ધ સત્તા, સત્ત્વ આખું સામર્થ્ય એ જ છે, પણ એની દશાનું ધ્યાન

www.vitragvani.com



કરતાં, દશામાં ધ્યાન કરતાં, એની દશામાં, વર્તમાન અવસ્થામાં-હાલતમાં 'परु अप्पा लद्धउ' પરમાત્મરૂપી દશાને તે આત્માએ પ્રાપ્ત કરી. આહાહા..! સમજાય છે કાંઈ?

'परु अप्पा लद्धउ' 'परु' નામ ઉત્કૃષ્ટ એટલે? બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના ત્રણ પ્રકાર છે. એમાં આ 'परु' એટલે ઉત્કૃષ્ટ જે પરમાત્મપદ (છે) તેને પ્રાપ્ત કર્યું. બહિરાત્મામાં તો પુણ્ય અને પાપ, શરીર, વાણીને પોતાના માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. જે એની ચીજમાં નથી, એની ચીજમાં નથી અને બાહ્યમાં પુણ્ય ને પાપના ભાવ ને એના બંધન ને એના ફળ, એ મારા માને તેને બહિરાત્મા-બહિર્દૃષ્ટિ બાહ્ય આત્માને માનનારો એવા મૂઢને બહિરાત્મા કહે છે.

અંતરમાં આનંદ અને શુદ્ધ છું એવા પૂર્ણાનંદની જેને પ્રતીત થઈ પણ પર્યાયમાં હજી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ નથી, આ એવા જીવને પૂર્ણ સ્વરૂપ શક્તિએ પૂર્ણ છું એમ પ્રતીત, અનુભવ થયો પણ પર્યાયમાં-અવસ્થામાં પૂર્ણ પર્યાય પ્રગટ થઈ નથી. તેને અંતરાત્મા કહેવામાં આવે છે.

એ સિવાય અહીં તો કહે છે, 'परु अप्पा लद्धउ'. હવે અંતરાત્મા પણ નહિ. અંતરના સ્વરૂપની એકાગ્રતા દ્વારા જે ઉત્કૃષ્ટ પરમાત્માપદને પામ્યો. એનો અર્થ એ પરમાત્મપદની પર્યાય નવી પ્રગટ થઈ છે. એ પર્યાય અનાદિની હતી, અનાદિની સિદ્ધ સમાન એની દશા હતી, પર્યાયમાં સિદ્ધ દશા હતી એમ નહિ. વસ્તુમાં સિદ્ધશક્તિ હતી. સમજાય છે કાંઈ? એને પામ્યા.

'ते परमप्प णवेवि' એવા પરમાત્માને તેના ઉપાય વડે જેણે નિજપદની પૂર્ણ દશા પ્રાપ્ત કરી એવા પરમાત્માને પીછાણીને, ઓળખીને, ખ્યાલમાં લઈને, મારા લક્ષમાં લઈને એવા 'સિદ્ધ પરમાત્માઓંકો નમસ્કાર કરતા હૂં.' લ્યો! આ માંગલિક પહેલું કર્યું. 'સમયસાર'માં પણ એ લીધું છે. ત્યાં પણ સિદ્ધને જ પહેલા લીધા છે. અહીં સિદ્ધને પહેલા લીધા. શ્રોતાઓને કહે છે, આ સિદ્ધને નમસ્કાર કરતાં જ કહે છે કે, ભાઈ! સિદ્ધ સમાનની પર્યાય પ્રગટ થઈ એવાઓને નમસ્કાર કોણ કરી શકે? સમજાય છે કાંઈ? એ જેના હૃદયમાં-જ્ઞાનની દશામાં સિદ્ધપદને સ્થાપી શકે અને વિકારાદિ મારામાં નથી, હું પૂર્ણાનંદ સિદ્ધ સમાન શક્તિ છું એમ શ્રદ્ધા-જ્ઞાનમાં સિદ્ધને સ્થાપે તે સિદ્ધને ખરો નમસ્કાર કરી શકે. સમજાણું કાંઈ?

નમસ્કાર એટલે? નમવું છે એની દશા કેવડી હોય એની પ્રતીતમાં ન હોય તો નમે કોને? સમજાણું કાંઈ? એથી ત્યાં તો એમ કહ્યું છે ને? અહીં પણ એ જ શૈલી છે. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, 'वंदित्तु सव्वसिद्धे' હું સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું. એટલે? અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાન થયા એ બધાને મારી જ્ઞાનદશામાં, મારી વર્તમાન જ્ઞાનકળામાં સ્થાપું છું. વંદન કરું છું એટલે આદર કરું છું. અત્યાર સુધી અનંત સિદ્ધો થયા, અનાદિથી થતા આવે છે, છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ મુક્તપદને પામે છે. એવું કેવળજ્ઞાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાને જોયું છે. છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ મુક્તિ પામે. એવા આત્માઓ અનંતકાળથી સિદ્ધ સમૂહ ભેગા થયા છે. સિદ્ધ સમૂહ. ઇ આવે છે ને? સિદ્ધ સમૂહમ્, એવું ક્યાંક આવે છે, પૂજામાં આવે છે. સમજાણું કાંઈ?

એ મોટા સિદ્ધનું મોટું નગર ત્યાં ભરાણું છે, ત્યાં સિદ્ધની વસ્તી છે. આહાહા..! ઉપર જ્યાં સિદ્ધ પરમાત્મા બિરાજે છે ત્યાં બધી સિદ્ધની વસ્તી બિરાજે છે. અનંતા સિદ્ધો, અનંતા સિદ્ધો બિરાજે છે પણ સૌની સત્તા ભિન્ન છે. એવા અનંત સિદ્ધો એની નગરીમાં બિરાજમાન છે. કહે છે, એવા (સિદ્ધ ભગવાનને) અહીંયાં હું મારી વર્તમાન જ્ઞાનમાં ઊર્ધ્વમાં રહ્યા છતાં એને અહીં હેઠે ઊતારું છું. પ્રભુ! પધારો, પધારો મારે આંગણે. આહાહા..!

કહે છે, અરે..! સિદ્ધનો આદર દેનારના આંગણા કેટલા ઉજળા હોય! 'શશીભાઈ'! એક રાજા આવે તોપણ આંગણું સાફ કરે છે. હેં? લૂગડું પાથરે, આમ કરે, ધૂળ કરે, આ વેળુ-બેળુ સરખી કરે, ઝીણી કરે. ઝીણી વીણી નાખે, ઓલા કાંકરા ન રહે (માટે). અનંત સિદ્ધો પરમાત્મા અશરીરી એકરૂપ 'ણમો સિદ્ધાણં' એવા અનંત અનંત નિર્મળ પર્યાયને, ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત (થયા) એવા અનંત સિદ્ધને હું વંદન કરું છું. એટલે આદર કરું છું. એટલે? આદર કરું છું એટલે કે, એ સિવાય રાગ ને અલ્પજ્ઞ ને નિમિત્તનો આદર હું દૃષ્ટિમાંથી છોડી દઉં છું. સમજાણું કાંઈ?

અમારા આંગણા ઉજળા કર્યા છે, પ્રભુ! આહાહા..! અનંત સિદ્ધોને પોતે અહીં બોલાવે છે. પ્રભુ પધારો ને અહીંયાં. ઇ તો ઊતરતા નથી. પોતાની જ્ઞાનકળાની પ્રગટ દશામાં અનંતા સિદ્ધને અહીં અંદર સમાડે છે. વિકાસ કરે છે કે, ઓ પ્રભુ! નિર્વિકલ્પ પર્યાયમાં પ્રભુ પ્રાપ્ત થાઓ, પ્રભુ આવો. સમજાય છે? એવી જેની દૃષ્ટિ થઈ છે એ અનંતા સિદ્ધોને પોતાની પર્યાયને આંગણે પધરાવે છે. આ એણે ભગવાનને નમસ્કાર કર્યો કહેવામાં આવે છે. આમ બધા 'ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં' ગડિયા ગોખે જાય એમાં કાંઈ વળે એવું નથી. સમજાણું કાંઈ? 'બાબુભાઈ'! કેટલા બોલી ગયા એમને એમ? 'ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણ, ણમો આઈરિયાણં' શું પણ ણમો? નમે છો એ ચીજ કેવડી છે? તું નમનાર એને આદર કેવા ભાવથી આપે છો? તારા ભાવમાં શું શુદ્ધતા આવી છે? એની કાંઈ ખબર વિના 'ણમો અરિહંતાણં'. એવા ગડિયા તો અનંતકાળ હાંક્યા. એમાં કાંઈ વળ્યું નહિ. ગડિયા કહે છે ને? ગડિયા. શું કહેવાય? પહાડો, તમારે કહે છે ને? એકડે એક ને બગડે બે. બોલે છે ને? શું કહે છે તમારે? પહાડા. સમજાણું કાંઈ?

આ એક ગાથામાં.. આહાહા..! સમજાણું? પોતાની પર્યાયમાં સિદ્ધને યાદ કરે છે ને! બધું ભૂલીને હોં! એકલા સિદ્ધો જ જાણે નજરમાં તરવરતા હોય! અને નમસ્કાર કરવાલાયક, નમવાલાયક તો જાણે અનંત સિદ્ધોના ટોળા, એવી પર્યાયને જ જાણે નમવાને આ જગતમાં ચીજ હોય, કોઈ રાગ ને નિમિત્ત ને અલ્પ પર્યાયમાં નમવા જેવું જગતમાં ન હોય. એવી

www.vitragvani.com



જેની અંતરમાં દષ્ટિ થઈ છે, આ એ અનંતા સિદ્ધોને પોતાના જ્ઞાનમાં પધરાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ચીમનભાઈ'! આ વાતું એવી છે. આહાહા..! ક્યાં પણ ધ્યાનમાં પ્રભુ! આપે તો નિર્મળ ધ્યાન કર્યું હતું ને? એનો ભરોસો? એનું ભાન? અને એ નિર્મળ ધ્યાન દ્વારા એ પૂર્ણાનંદની શક્તિની વ્યક્તતા.. શક્તિમાં તો હતું, હોં! પણ પ્રગટતા થઈ એવી દશાને પ્રાપ્ત એવા પરમાત્માને જ હું નમસ્કાર કરું છું. પ્રભુ! એનો જ હું આદર કરું છું. એમ કરીને પહેલી ગાથામાં મહામાંગલિક કર્યું. આપણે શરૂઆત અહીં કરી અને ... કુદરત ક્યાંનો મેળ છે! હેં? એ..ઇ...! 'હરિભાઈ'! ક્યાંનું ક્યાં આવીને પડ્યું, જુઓ! હવે કોઈ દિ' આ સવાત્રીસ વર્ષમાં પહેલું વંચાય છે.

મુમુક્ષુ :- આ મકાન પણ પહેલું થયું. અહીં તો ખાડો હતો મોટો.

ઉત્તર :- હા, ઇ ઠીક કહે છે. આ તો ખાડો હતો ત્યાં ઊંડાણ કરીએ, એમ કહે છે. એમ જેની પર્યાયમાં અનાદિની ખાધ છે, અજ્ઞાનમાં, મિથ્યા ભ્રમમાં, હું રાગી ને દ્વેષીની ખાધ મોટી છે, છોડ ખાધ, કહે છે. માળા! બંગલા હતા સિદ્ધના અંદર. સમજાણું કાંઈ?

હું સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે એમ કહ્યું, પરમેશ્વરના મુખમાં એમ આવ્યું કે, તું સિદ્ધ સમાન, તને હું જોઉં છું ને! કેવળજ્ઞાની પરમાત્માએ એમની વાણીમાં ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણની સભામાં મોટા ઇન્દ્ર, લોકના, અર્ધલોકના સ્વામી... સમજાય છે? દક્ષિણેન્દ્રના સ્વામી સૌધર્મ ઇન્દ્ર, ઉત્તરના સ્વામી ઇશાન ઇન્દ્ર, એવા ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાન ફરમાવે છે, ભાઈ! અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ ને! તું જોતા શીખ ને! કહો, 'ચંદ્રકાંતભાઈ'! આ કઈ જાતની (વાત)? આમાં ધર્મ શું હશે?

આત્મા પરમાનંદની પર્યાય જે પ્રાપ્ત થઈ એનો ભરોંસો કર્યો, ઉપાયનો ભરોંસો કર્યો, એ શક્તિમાં હતું તે પ્રગટ થયું એ શક્તિનો ભરોંસો કર્યો અને તેમાં નમન કર્યું એટલે અંદર સ્વરૂપ તરફનો અંતર વિનય અને આદર કર્યો છે. સમજાણું કાંઈ? એને માંગલિક કહે છે. જુઓને! સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, એમ આવે છે ને? 'સમયસાર' પહેલી ગાથામાં. સિદ્ધ ભગવાન એ પ્રતિચ્છંદને સ્થાને છે. એમ આવે છે ને? પ્રતિચ્છંદ નહિ? હે ભગવાન! તમે સિદ્ધ છો. એમ બોલે. મોટું મકાન હોય ને? પાંચ લાખ, દસ લાખ, કરોડ, બે કરોડનું એમાં અવાજ સામો આવે, લ્યો! હે ભગવાન! તમે સિદ્ધ છો. એમ સામો (અવાજ) લ્યો. અહીં બોલે, હે પ્રભુ! તમે પૂર્ણ છો. એમ બોલે ત્યાં અવાજ એવો આવે છે, હે પ્રભુ! તું પૂર્ણ છો. એમ આવે છે. સમજાણું કાંઈ? હોય છે ને મોટા મકાન? કરોડો, બે-બે કરોડ ને પાંચ-પાંચ કરોડના મકાન. હેં? પડઘો પડે. નહિ ઓલું 'મૈસુર'નું મકાન જોવા ગયા હતા? મોટું નહિ? ત્રણ કરોડનું. એક બંગલો છે ન્યાં. હે.. મોટું મકાન! પાંચ-પાંચ કરોડ, દસ-દસ કરોડના બંગલા હોય છે વિલાયતમાં. રાજાના. એ તો ધૂળના મોટા ઢગલા હોય ન્યાં. પણ એવો અંદર અવાજ આવે, હે નાથ! તમે પૂર્ણ છો. ત્યાં અવાજ સામો આવે, હે નાથ!

www.vitragvani.com



તમે પૂર્ણ છો. એમ સિદ્ધ ભગવાનને... હેં?

હા. એટલે આ અંદરમાં એકાકાર થાય એ ખરો પડઘો પડે, એમ કહે છે.

સિદ્ધ પરમાત્માએ પોતાને ધ્યાવવામાં એ પ્રતિચ્છંદ સ્થાન છે. જેમ અવાજ કરે ને? આ પરમાત્માનો અવાજ અંદરથી આવે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' 'ચેતન રૂપ અનૂપ અમૂરતી, સિદ્ધસમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ. ગ્યાનકલા ઉપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરો. જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટે ભવવાસ બસેરૌ.' (સમયસાર નાટક, ઉત્થાનિકા, શ્લોક-૧૧). આ શરીર માટીમાં ધૂળમાં ચૈતન્ય અમૃત જેવો સાગર ભગવાન અતીન્દ્રિય આનંદનો દરિયો, એ આ કલંક આમાં વસે એ એને કલંક છે. સમજાણું કાંઈ? આમાં જ આવે છે ને? જન્મ ધરવો કલંક છે. આમાં જ આવશે. નહિ? હેં? એમાં આવે છે, હોં! એક શ્લોક આવે છે. જન્મ કરવા એ જીવને કલંક છે. શરમ, શરમજનક જન્મો આવે છે ને? શરમજનક જન્મો ટળે. આહાહા..!

અરે...! એક મેસૂબ ચાર શેર ઘીનો પાયેલો હોય એને મરેલા ગધેડાના ચામડામાં આમ ઢાંકવો. ગધેડું મરી ગયું હોય અને એનું સડેલું ચામડું હોય, ચાર શેર ઘીનો પાયેલો મેસુબ પાંચ શેર, દસ શેર વધ્યો. હવે દેશમાં લઈ જવો છે. નાખો ગધેડાના ઓલામાં, નાખે? અરર...! એમ આ ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એને મેસુબની ઉપમા શું દેવી? સમજાય છે કાંઈ? એવો આનંદકંદ, જેને દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી પૂર્ણાનંદને પ્રાપ્ત કરે એવું જેનું સ્વરૂપ, એને આ માંસના હાડકામાં રાખીને શોભા કરવી (એ) કલંક છે, કલંક છે. સમજાણું કાંઈ? અશરીરી થવા સિદ્ધને યાદ કર્યા. સમજાણું કાંઈ? શરીર-ફરીર હવે નહિ. અમે અશરીરી થવાના, અમે એક-બે ભવે અશરીરી થવાના એમ કોલકરાર કરીને સિદ્ધને નમસ્કાર કરે છે. આહાહા..! એ એક શ્લોક થયો. એ સિદ્ધને નમસ્કાર કર્યા, હોં!

## અરહંત ભગવાનને નમસ્કાર

घाइचउक्कहं किउ विलउ अणंतचउक्कपदिट्ठु।
तहिं जिणइंदहं पयं णविवि अक्खमि कव्वु सुइट्ठु।।२।।

ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંત ચતુષ્ટ;
તે જિનવર ચરણે નમી, કહું કાવ્ય સુઈષ્ટ. ૨.

અન્વયાર્થ :- (घाइचउक्कहं विलउ किउ) જેણે ચાર ઘાતિકર્મોનો ક્ષય કર્યો છે (अणंत चउक्कपदिट्ठु) તથા અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કરી છે (तहिं जिणइदहं पय) તે જિનેન્દ્રના ચરણોમાં (णविवि) નમસ્કાર કરીને (सुइट्ठु कव्वु) સુંદર, પ્રિય કાવ્ય (अक्खमि) હું કહું છું.

www.vitragvani.com



હવે 'અરહંત ભગવાનને નમસ્કાર.' બીજો શ્લોક અરિહંત ભગવાનને નમસ્કાર.

घाइचउक्कहं किउ विलउ अणंतचउक्कपदिट्ठु।
तहिं जिणइंदहं पयं णविवि अक्खमि कव्वु सुइट्ठु।।२।।

જે અરિહંત ભગવાન... ઓ..હો...! 'જિસને...' 'घाइचउक्कहं विलउ किउ' 'જેણે ચાર ઘાતિકર્મોનો...' વિલય નામ 'ક્ષય કર્યો છે...' સિદ્ધ ભગવાનને તો આઠ કર્મનો ક્ષય છે. અરિહંત ભગવાન બિરાજતા હોય, અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અરિહંતભગવાન અત્યારે ભરત, ઐરાવતમાં નથી. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ વર્તમાનમાં અરિહંતપદે શ્રી 'સીમંધરપ્રભુ' બિરાજે છે. એવા વીસ તીર્થંકરો બિરાજે છે અને કેવળીઓ પણ મહાવિદેહક્ષેત્રમાં લાખો બિરાજે છે. અરે..! એ લાખો કેવળીઓ અને અરિહંતોની સત્તાનો સ્વીકાર કરીને અંદરમાં નમન (કરવા) એ કોઈ અપૂર્વ વાત છે. સમજાય છે કાંઈ?

જે કોઈ... 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।' જે કોઈ અરિહંત પરમાત્મા બિરાજે છે એ કેવા? કે, 'જેણે ચાર ઘાતિકર્મોનો ક્ષય કર્યો છે...' એમ કેમ ખુલાસો કર્યો? કે, હજી ચાર કર્મ નિમિત્તરૂપે બાકી છે. અરિહંતને ચાર કર્મ હજી બાકી છે. 'મહાવીર' પરમાત્મા જ્યારે અહીં સમવસરણમાં બિરાજતા હતા ત્યારે ભગવાન અરિહંતપદે હતા, ત્યારે ચાર કર્મનો નાશ થયો. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. ચાર બાકી હતા. વેદનીય, આયુ (વગેરે). એની પણ ખબર ન મળે. ભગવાન જાણે (કેટલા બાકી હશે)! ઘરના ગોદડા ને ગાદલાના આંકડાની ખબર, ઘરમાં કેટલા છે ઇ (ખબર હોય). ધૂળના લોચા કેટલા એની એને બધી ખબરું પડે. 'ચીમનભાઈ'! આહાહા..! એ ચાર કર્મ કોણે ટાળ્યા? ને ચાર કર્મ કોને રહ્યા? ને આઠ કોણે ટાળ્યા? શું આઠ હશે? ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છે.

કહે છે, ઓ..હો...! અરિહંતના જેણે દ્રવ્ય ને ગુણ ને પર્યાયને જાણ્યા. પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતપદ જ્યાં આગળ વાણી ઊઠે છે, વાણી નીકળે છે. સિદ્ધને વાણી હોતી નથી. સિદ્ધ પરમાત્મા તો અશરીરી થઈ ગયા. એને વાણી, શરીર હોતું નથી. અરિહંતને શરીર ને વાણી હોય છે. કેમકે ત્યાં ચાર અઘાતિકર્મ બાકી રહ્યા છે. ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સમવસરણમાં ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાનની વાણી ઇચ્છા વિના નીકળે છે. એણે ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે. આ..હા...! જેણે એવા અરિહંતપદના દ્રવ્ય, ગુણ તો ઠીક પણ એની પર્યાયની આટલી સામર્થ્ય છે એવું જેણે જ્ઞાનમાં જાણ્યું, કહે છે કે એ આત્મા અંતરમાં પોતાની સાથે આવી પર્યાયવાળો આવો આત્મા અને હું એની નાતની જાતનો આત્મા. સમજાય છે કાંઈ?

સિદ્ધનો નાતીલો છું, આવે છે. આવ્યું હતું ને? ઓલા બોલમાં આવ્યું હતું. છોકરા

www.vitragvani.com



નહોતા બોલતા. હું સિદ્ધનો નાતીલો છું. આહાહા..! હું નિગોદ ને એવા સંસારીનો નાતીલો હું નથી. નાતીલો નથી કહેતા? દશાશ્રીમાળી. અમારી નાતીલો પાંચ-પચાસ કરોડ (છે), છે અમારો નાતીલો. હેં? નાતીલો હોય અને એના છોકરાના લગ્ન હોય તો ભલે ગરીબ હોય, ભીખ માગતો હોય તોપણ એની નાતમાં જમવા ઇ જાય. વાઘરીને ઘરે બંગલા હોય તો ત્યાં જમવા ભેગો જાય? હેં?

મુમુક્ષુ :– પણ એને નાતમાં નોતરું ન હોય.

ઉત્તર :– એને ઇ જાતના નોતરા ન હોય અને ઓલાને તો વગર (નોતરે) નાત અમારી છે, દશાશ્રીમાળીની નાત છે માટે અમે જાશું. અને તે પણ પાછું ગમે એવા એના છોકરા હોય, ખારેકું વેંચતા ત્યારે દશાશ્રીમાળીના છોકરા હોય ઇ માંડવા હેઠે ગરી જાય અને ઓલા હોય ઇ બારણા પાસે ઊભા રહે. ખારેકું લેવી હોય તો ન્યાં ઊભા રહે, અંદર ન ગરે. એની હદ જ એટલી હોય. સમજાણું કાંઈ? આ બધું જોયું છે કે નહિ? આ તો બધું અમે જોયું છે. બધાની વાતું (જોઈ છે), હોં! ઓલો વાણિયો ગરીબ હોય તોપણ અંદર ગરી જાય, અમારી નાતનો છોકરો છે. ઓલાને તો નાત બહાર હોય એટલે ઊભો રહે.

એમ સિદ્ધ પરમાત્માને અહીંયાં કહે છે, પ્રભુ! હું તો તારી નાતીલો છું, હોં! આ થોડા કાળમાં પ્રભુ તારી સાથે અનુભવ કરવા ત્યાં આવવાનો છું. સમજાણું કાંઈ? અહીં અરિહંતના સ્વરૂપને પહેલું જાણે છે ત્યારે એને આત્માના દ્રવ્ય સાથે મેળવે છે કે, હું આવો? આ ભગવાન આવા અને હું આવો કેમ? આ અલ્પ પર્યાય કેમ? મારી દશામાં અલ્પ અવસ્થા કેમ? આ રાગ કેમ? અંદરમાં જાય છે, દૃષ્ટિ કરે છે ત્યાં પૂર્ણ સ્વરૂપ છે એમ પ્રતીત થતાં એને ક્ષાયિક સમકિત થાય છે. ક્ષાયિક થયું એટલે કેવળજ્ઞાન લીધે છૂટકો. સમજાણું કાંઈ?

'घाइचउक्कहं किउ' જુઓ! ચાર ઘાતિકર્મનો 'विलउ' ભાષા પાછી કેવી છે? વિ-લય. સમજાય છે? વિશેષે લય. ભગવાન અરિહંતે (ઘાતિકર્મને) નાશ કરી નાખ્યા. 'अणंत चउक्कपदिट्ठु' અનંત ચતુષ્ટયનો લાભ. 'दिशु' છે ને અંદર? 'पदिशु' પ્રદેશે મેળવ્યા. ચાર ઘાતિનો ધ્યાન દ્વારા ભગવાને નાશ કર્યો અને ચારને મેળવ્યા. ચારનો નાશ અને ચારની પ્રાપ્તિ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય. એવી ચાર દશાને અરિહંત ભગવાને પ્રાપ્ત કરી, એને અરિહંત કહીએ. સમજાણું કાંઈ? ભગવાન જાણે અરિહંત કેવા હશે? ણમો અરિહંતાણં. મરી જાય છે. ણમો અરિહંતાણં શબ્દમાં મરી જાય છે. પણ અરિહંત કોને કહેવા એની ખબર ન મળે એને.

મુમુક્ષુ :– ભગવાન તો સાચા હતા ને?

ઉત્તર :– શેના સાચા? ધૂળમાં. જાણ્યા વિના? સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'માં શરૂઆતમાં કહે છે, નહિ? કે, હે પ્રભુ! 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, હું આપને વંદન કરું છું, પણ હું કોણ છું? હું કોણ છું? આપને વંદન કરું છું તો આપ કોણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છો? અને હું વંદન કરનાર કોણ છું? બેનું મને ભાન છે. પ્રભુ! હું વંદન કરનાર તો જ્ઞાન-દર્શનમય આત્મા છું. હું આપને વંદન કરનાર તો જ્ઞાન-દર્શનમય ભગવાનઆત્મા છું. હું વંદન કરું છું. હું સિદ્ધોને, અરિહંતોને નમસ્કાર કરું છું. હું એટલે કોણ છું? સમજાણું કાંઈ? ભગવાન પણ તું કોણ છો? કે, ભગવાનને નમસ્કાર કરે છે? આ આપણે માણસ છીએ. નહિ, આ? ના, ના. તું માણસ નહિ. એ તું કર્મવાળો નહિ, તું રાગવાળો નહિ. આહાહા..!

ભગવાનઆત્મા અનંત અનંત બેહદ જેનું જાણવું-દેખવું આનંદ સ્વભાવ તે હું. તે હું. હુંપણું લાગુ પડે ત્યાં કોઈ દિ' એ ચીજ ખસવી ન જોઈએ. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ તો ખસી જાય છે. ઇ ક્યાં એના હુંપણામાં હતા? વંદન કરનાર કહે છે, હું જ્ઞાન-દર્શનમય છું. સમજાણું? પુસ્તક અહીં આવ્યા છે ને બધા ઇ 'પ્રવચનસાર'માં છે. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, પ્રભુ! હું વંદન કરનાર હું એટલે સત્તા મારી, મારા હોવાપણામાં, હું હોવાપણામાં દર્શન-જ્ઞાનમય મારું હોવાપણું છે. જ્ઞાતા-દૃષ્ટાપણું એ મારું હોવાપણું છે. એ આપને આ પૂર્ણ પરમાત્માને હું નમસ્કાર કરું છું. વિકલ્પ ઊઠ્યો છે (એ) વ્યવહાર નમસ્કાર છે. સ્વરૂપમાં એકાગ્રતા થઈ એ નિશ્ચય નમસ્કાર છે.

અહીં કહે છે, ચાર ઘાતિકર્મનો નાશ થઈ શું પ્રાપ્ત કર્યું? કે, અનંત ચતુષ્ટયનો લાભ લીધો. લ્યો, આ લાભ સવાયા વાણિયા નથી લખતા? હેં? શું કહેવાય? બારણે લખે, બારણે. હેં? બારણા ઉપર લખે ને લાભ સવાયા? શેના? ધૂળસવાયા. આ રૂપિયા (છે) એના સવાયા થાજો, એમ. એ.. 'ચંદુભાઈ'! હેં? સમતાના ફળ... શું કાંઈક બોલે છે. સમતાના ફળ મીઠા છે. હેં? બીજું એક કાંઈક આવે છે ને? ધીરજ મોટી વાત છે અને લાભ સવાયા-લાભ સવાયા છે. જાઓ! અંતે ત્યાં રાખજો કહે.

અહીં તો અરિહંતે લાભ મેળવ્યો. સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે લાભ મેળવ્યો. પ્રભુ! તમે લાભ શું મેળવ્યો એ મારા જ્ઞાનમાં છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જે અનંતકાળથી આત્મામાં જ્ઞાન, દર્શન, વીર્ય ને સુખ જે શક્તિરૂપે હતું એને ભગવાન આપે પર્યાય – અવસ્થારૂપે પ્રાપ્ત કર્યું. આ પ્રાપ્ત કર્યું એવી તમારી સત્તાનો અમને સ્વીકાર છે. આવા અરિહંતો હોય એનું અમને જ્ઞાન છે, એના ભાન છે. એ ભાનવાળા અમે નમસ્કાર કરીએ છીએ. અંધશ્રદ્ધાએ આંધળા થઈને નમસ્કાર કરીએ છીએ એમ નથી. એમ કહે છે. 'શશીભાઈ'! આહાહા..!

ધાકધડક... જુઓને! પરમેશ્વર, જૈન પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો વીતરાગ માર્ગ એ સિવાય આ માર્ગ બીજે ક્યાંય હોઈ શકે નહિ, પણ એના માર્ગમાં પડ્યાને પણ એની ખબરું ન મળે. આંધળી દોડે પડ્યા. જ્યાં જન્મ્યા (ત્યાં) ભગવાન.. ભગવાન.. ભગવાન... (કરે). ક્યાં એલા અરિહંત કોણ છે ઇ તમારે. કો'ક થઈ ગયો હશે, રાજા-બાજા કોઈ થઈ ગયો હશે. હેં? કોઈ ભગવાન થઈ ગયા હશે, ભગવાન થઈ ગયા હશે. લખ્યું છે ને? એમાં લખ્યું છે, હોં! એક અરિહંત નામનો રાજા થઈ ગયો.

www.vitragvani.com



આહા..! કાંઈ ખબર ન મળે.

અહીં કહે છે, અરિહંત તો, પરમાત્મા આત્મા હતા. એને અનાદિના ચાર ઘાતિકર્મનો સંબંધ હતો. આઠનો સંબંધ હતો પણ ચાર ટાળ્યા અને ચાર દશા પ્રગટ કરી. અનંત કેવળજ્ઞાન, દર્શન આદિ ચારના નામ નથી આપ્યા? પણ એનો અર્થ ... 'अणंत चउक्कपदिट्ठु' અનંત ચતુષ્ટય પ્રાપ્ત કર્યા.

'तहिं जिणइदहं पय' આહાહા..! 'જિનેન્દ્ર કે પદોં કો...' એવા જિનેન્દ્રના ચરણકમળને. એવા 'तहिं जिणइदहं पय' 'तहि' એટલે એ જિનેન્દ્ર – આવા જિનેન્દ્ર. એના 'પદોં કો...' એટલે ચરણકમળને 'णविवि' 'નમસ્કાર કરકે...' હું એને નમસ્કાર કરું છું. આવા અરિહંત ભગવાનને નમસ્કાર. જુઓ! એમાં શ્રદ્ધાનું ભાન આવ્યું, જ્ઞાનનું આવ્યું, સ્થિરતા પૂરી કરી ત્યારે ચારિત્રનું આવ્યું અને શક્તિરૂપે હતી એ પ્રગટરૂપે દશા થઈ. હજી ચાર બાકી છે એટલે એને અરિહંત કહે છે. આઠે ટળી ગયા હોય એને સિદ્ધ કહે છે. એ 'નમસ્કાર કરકે...' 'જિનેન્દ્રકે પદોંકો નમસ્કાર કરકે...' 'सुइट्टु कव्व' શું કહે છે? 'सुइट्टु कव्व' 'પ્રિય કાવ્ય કહુંગા...' સમજાય છે કાંઈ? કાવ્યને પ્રિયપણાની ઉપમા દીધી. આ કાવ્ય કહીશ ને? આ કાવ્યો-શ્લોકો. 'सुइट्टु कव्व' 'સુંદર પ્રિય કાવ્યકો કહતા હૂં.' જેમાં આત્માનો હિતમાર્ગ વર્તાય એવાને હું કહું છું. એ અરિહંતને નમસ્કાર કર્યો. સમજાય છે કાંઈ? ઓળખીને કર્યો, હોં! હવે ગ્રંથ રચવાની યોગ્યતા બતાવે છે, હોં!

---

### ગ્રંથ રચનાનું નિમિત્ત અને પ્રયોજન

संसारहं भयभीयाहं मोक्खह लालसियाहं।
अप्पासंबोहण कयइ कय दोहा एक्कमणाहं।।३।।

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એકચિત્ત. ૩.

અન્વયાર્થ :- (संसारहं भयभीयाहं) સંસારથી ભયભીત થયેલાઓ માટે અને (मोक्खहं लालसियाहं) મોક્ષની લાલસા રાખનારા માટે (अप्पास बोहण कयइ) આત્માનું સ્વરૂપ સમજાવવાના પ્રયોજનથી (पक्कमणाहं) એકાગ્ર મનથી (दोहा कय) દોહાની રચના કરી છે.

---

'ગ્રંથ કા કહને કા નિમિત્ત ઔર પ્રયોજન.' ત્રીજો શ્લોક.

संसारहं भयभीयाहं मोक्खह लालसियाहं।
अप्पासंबोहण कयइ कय दोहा एक्कमणाहं।।३।।

આચાર્ય મહારાજ 'યોગીન્દ્રદેવ' કહે છે કે, આ કાવ્ય કોને માટે બનાવું છું? કે, 'સંસારસે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભય રખનેવાલે કે લિયે...' ચાર ગતિથી ભય પામ્યા હોય એને માટે છે. જેને ચાર ગતિમાં રહેવું (છે) અને મજા કરવી છે, દુઃખી થવું છે, એમ (એને માટે નથી). સમજાય છે કાંઈ? 'संसारहं भयभीयाहं' 'સંસાર' શબ્દે ચારે ગતિ, હોં! જેને સ્વર્ગના સુખથી પણ ભય થયો છે. કેમકે સ્વર્ગના સુખોની કલ્પના તે દુઃખ છે. આ ચક્રવર્તીના રાજ અને બાદશાહ(ની) એક દિવસની અબજો રૂપિયાની પેદાશું હોય, એ (સુખની) કલ્પના માની છે એ દુઃખ છે. આહા..! એ દુઃખથી જેને ત્રાસ થયો છે કે, હવે આ દુઃખ નહિ, હવે નહિ, હવે નહિ.

મુમુક્ષુ :- અહીં તો ધર્મ કરીને સુખ માને છે.

ઉત્તર :- લ્યો, ધર્મ કરીને ઇ પેદા કરવા માગે છે, એમ કહે છે. ધર્મ કરીએ તો પૈસે, રોટલે સુખી થઈએ. ભક્તામર ગણીએ. 'ભક્તામર ખચીત તાજ મણિ-પ્રભાના' શું કરવા બોલે છે? નાગા, ભૂખ્યા ન રહીએ. શરીરના ઓશિયાળા ... લૂગડા માગ્યા કરીએ. સદા ભિખારી રહ્યા કરીએ. આહાહા..! એ..ઇ...! 'ચંદ્રકાન્તભાઈ'! કેટલાક વાણિયા સવારમાં ઊઠીને ભક્તામર કરે છે ને? હેં? લહલહં કરતા હશે એનામાં. હેં? રોજ બોલે કે જેથી કરીને બધું સરખું રહે. ધૂળમાંય નહિ રહે, સાંભળને હવે. બહાર તો પુણ્ય હશે એમ રહેશે. મરી જાઈશ તોય. લાખ તારા ભક્તામર ગણ તોય પૂર્વના પુણ્ય પ્રમાણે રહેવાનું, બાકી ફરવાનું કાંઈ છે નહિ. પણ માળો મૂઢ હજી ચાર ગતિના દુઃખથી થાક્યો નથી.

કહે છે, ચાર ગતિના દુઃખથી થાક્યા (હોય) એવા જીવને માટે આ મારી વાત છે. આહાહા..! મોક્ષાર્થીને માટે મારી આ વાત છે. હેં?

મુમુક્ષુ :- બીજા બોલમાં..

ઉત્તર :- ઇ પછી કહેશે. અહીં તો પહેલું નાસ્તિથી લ્યે છે ને? સંસારનો ભય રાખવાવાળા. ચાર ગતિનો ત્રાસ (થયો છે). અરે...! અવતાર, અવતરવું એ દુઃખરૂપ છે. જન્મ, મરણ, સંયોગ એ બધું દુઃખરૂપ છે. ચાર ગતિની પ્રાપ્તિ, આ ઇન્દ્રપદની પ્રાપ્તિ પણ દુઃખરૂપ છે. કેમકે ઇન્દ્રપદની પ્રાપ્તિમાં લક્ષ જાય છે કે, આ ઠીક (છે), એ બધો રાગ દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

(સાધનામાં) કંઈ અધૂરું રહ્યું (હોય અને) પુણ્યને લઈને ધર્માત્મા સ્વર્ગમાં જાય છે ત્યારે આમ જોવે છે કે, આ..હા...! અરે...! અમારે રાગ બાકી રહી ગયો, એના પુણ્ય થઈ ગયા અને એમાં આ સંયોગ મળ્યો. અરે...! અમારા કામ ઓછા રહ્યા. અમે સ્વરૂપમાં સ્થિરતા કરવી જોઈએ તેટલી ન થઈ શકી અને આ એના ફળ આવ્યા. સમજાય છે કાંઈ? એમ ઊલટા ખેદ કરે છે. ઇન્દ્રપદ દેખીને ખેદ કરે છે, અરે...! આ ફળ આવ્યા? અરે..! અમારો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે એવી તાકાતવાળો, એને આ સંયોગના ફળ મળ્યા? અરે...! અમે કામ બાકી રાખ્યા, અમારા કામ અધૂરા રહી ગયા, સ્વરૂપમાં સ્થિરતા થવી જોઈએ તેટલી થઈ નથી એટલે રાગ બાકી રહી ગયો એના ફળ આ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પછી યાદ કરે છે કે, ભગવાનના મંદિરો ક્યાં છે? દેવો કહે, પધારો અન્નદાતા! ભગવાનના પ્રતિમાઓ છે, મંદિરો છે એની પૂજા કરો. આચાર છે, વ્યવહાર છે, ભગવાનની પૂજા કરો. સમજાણું?

અહીં કહે છે, સંસારનો ભય જેને લાગ્યો છે. એ નક્કી કરવું જોઈએ. એને કહું છું, કહે છે. સમજાણું? 'संसारहं भयभीयाहं' સંસાર 'भयभीयाहं' ભય રાખવાવાળા. આહાહા..! એકવાર આમ ફાંસીએ ચડાવવાનું નક્કી કરે ને (તો) હાંજા ગગડી જાય. થયું હતું ને? 'રાજકોટ'માં. ઢીલો પડી ગયો, ઢીલો, હોં! ત્યાં ગયા હતા અમે. જેલમાં એકને ફાંસી ચડાવવાની હતી. બાવીસ વર્ષનો જુવાન. એક છોડીને મારી નાખી હતી. ફાંસીનું નક્કી થઈ ગયેલું. જેલર સાથે, અમારી સાથે બધા મોટા (માણસો) હતા. એ લોકોનો દર્શન કરવાનો ભાવ છે (એમ કહ્યું) એટલે અમે ત્યાં ગયા હતા. બધા ભેગા થયા હતા. જેણે ખૂન કરેલું એને બહાર કાઢે નહિ. બાવીસ વર્ષનો જુવાન એટલે એનો અમલદાર સાથે આવ્યો. મહારાજ! બિચારો પગે લાગ્યો આમ કરીને. પણ આમ ઢીલોઢચ્ચ થઈ ગયેલો. નક્કી થઈ ગયેલું. બાવીસ વર્ષનો જુવાન. ફાંસીનું નક્કી થઈ ગયેલું. હાય.. હાય...! આમ નીચે ઢળ્યો જાળીમાં. એણે બહાર નીકળાય નહિ. ભાઈ! શું નામ તારું? શું કીધું હતું? 'બટુક.. બટુક'. બાવીસ વર્ષનો જુવાન. ફાંસીનું નક્કી થઈ ગયેલું. પછી બાર મહિને ફાંસી આપી. બાર મહિને આપી દીધી, ફાંસી આપી. બાર મહિને ફાંસી આપી. આહાહા..! એલા એકવાર ફાંસીએ ચડવાનો આ ત્રાસ (છે). એ લોકો કહેતા કે, આ ઓરડીમાં અમે ફાંસીએ ચડાવીએ છીએ. એણે ઓરડી બતાવી. અમલદાર લોકો સાથે આવે. મહારાજ આવ્યા છે ને બધાને પગે લાગવું (હોય), દર્શન કરવા આવેને! આ ઠેકાણે લઈ જઈએ. બે હાથ પાછળ બાંધીએ. પછી બે કડા હતા. ત્યાં સૂતરની દોરીઓ ત્રણ દિ' માખણમાં પલાળી રાખીએ, ત્રણ દિ' પલાળી રાખીએ. એટલે ઝટ ચોંટી જાય, અહીં ઓલું ન થાય. પછી આ અડધા કલાકમાં દેહ છૂટી જાય. પાંચ મિનિટ પછી અડધો કલાક રાખીએ. બધું બતાવ્યું હતું. આહાહા...! પણ એ દેખાવ જુઓ! એ અંદર ગરે ત્યાં ઓલાના કાંડા ધ્રુજી ગયા. નક્કી થઈ ગયેલું પણ જ્યાં અંદર ગર્યો ને પગ બાંધ્યા. પહેલા હાથ બાંધ્યા, પછી ન્યાં ઊભો રાખીને પગ બાંધે અને અહીં ટોપી નાખે. એલા એક મરણના આ દુઃખના ત્રાસ. અરે...! ચાર ગતિના દુઃખનો ત્રાસ જેને લાગ્યો હોય એવા જીવોને માટે આ મારો 'યોગસાર'નો ઉપદેશ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જેને એમાં મીઠાશ વર્તતી હોય, ભવ કરવો છે, હજી કંઈક સ્વર્ગમાં જાવું છે ને શેઠાઈ કરવી છે, એકાદ શેઠ અવતાર 'અમદાવાદ'માં 'માણેકચોક'માં લેવો હોય. એ..ઇ...!

ના, ના. આ તો ઓલા એક હતા ને? 'બગસરા'માં 'કાળીદાસભાઈ' હતા. એ પહેલા ગૃહસ્થ હતા. પેઢી હતી. 'રામશ્રીપાળ'ની પેઢી હતી, લાખોપતી. પછી બિચારા ઘસાઈ ગયા. એક પોતે ભાઈ રહી ગયા હતા. પછી સાધારણ ઘર કર્યું, પછી સાંભળવા આવે. મહારાજ!

www.vitragvani.com



તમે મોક્ષની વાતું કરો છો, પણ મોક્ષ નથી જોતો? તો તમારે શું જોઈએ છે? આ 'અમદાવાદ'માં 'માણેકચોક'માં ઝવેરી થાવું છે. ગધેડા તારું નામ એના હીરા ઉપાડવા માટે. પણ એ પણ મશ્કરા હતા. મેં કીધું, શું કરો છો આ? માણેકચોકમાં નીકળે તો દેખે, જુઓ આ ઝવેરી! જુઓ આ ઝવેરી! લોકો એક દિ'માં જોવે કેટલું? તે શું છે પણ? ક્યાં જાવું છે તમારે? કે, અમારે તો હજી ઝવેરી થાઉં છે. પણ મરી જાશો, ત્યાં ગધેડા નહીં થાઓ. પછી દાંત કાઢે. આવા જેને અવતાર ધારણ કરવા છે, જેને જન્મ-મરણનો ત્રાસ નથી એને અમારો ઉપદેશ લાગુ પડશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત. એ તો આમથી છે.

'મોક્ષકી લાલસા ધારણ કરનેવાલેકો...' હવે જુઓ! અસ્તિ-નાસ્તિ કરી. (ભવ) ભયથી ત્રાસ અને મોક્ષની અભિલાષા. જેને એકલી મોક્ષની અભિલાષા છે. મારે તો છૂટવું છે. જુઓ! આ પુણ્યબંધન થઈને સ્વર્ગમાં જવું એ રહ્યું નથી. મારે તો છૂટવું, છૂટવું ને છૂટવું છે. આહાહા..! એવા 'मोक्खहं लालसियाहं' મોક્ષની લાલસા એટલે અભિલાષા. મોક્ષની અભિલાષા ધારણ કરનારા માટે આ મારો 'યોગસાર' છે. એમ આચાર્યદેવ 'યોગીન્દ્રદેવ' કહે છે. સમજાણું કાંઈ?

'अप्पास बोहण कयइ' એવા આત્માના સ્વરૂપને 'સમજાને કે પ્રયોજનસે...' આ આત્માને માટે, એમ. આમાં છે. ગુજરાતી કર્યું છે ને? 'अप्पास बोहण कयइ'. છેલ્લે પોતે પોતાને માટે પણ કહે છે, ભાઈ! છેલ્લે એમ કહે છે. પાછળ છે ને? ભાઈ! પાછળ છે એ મારે માટે કીધું છે, એમ લખ્યું છે અને અહીં જરી આમ કર્યું છે. આવા જે આત્માઓ છે, ચાર ગતિથી ભય પામ્યા છે અને મોક્ષની જેને અભિલાષા છે. આનંદ જેને પ્રાપ્ત છે. દુનિયા મારે કોઈ જોઈતી નથી. લાખ ચક્રવર્તીના રાજ ઇન્દ્રના હોય (તો) એને ઘરે, એ વિષ્ટા એને ઘરે રહી. એમ જેને આત્માની અંતરમાં તાલાવેલી લાગી છે એવા જીવોને માટે આ મારો 'યોગસાર'નો ઉપદેશ છે. બીજે ખારના ક્ષેત્રમાં અમે વાવતા નથી, એમ કહે છે. જેમાં ખાર ભર્યા (હોય) એ ક્ષેત્રે વાવે તો બીજ બળી જાય. એવા બીજ અમે નકામા રાખતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'આત્માકા સ્વરૂપ સમજાને કે પ્રયોજનસે...' જુઓ! પાછી ખૂબી શું? કે, એક તો ચાર ગતિનો ત્રાસ જેને વર્તે અને મોક્ષની અભિલાષા. એને મારે કહેવું છે શું? એ આત્માનું સ્વરૂપ. એક વાત, ભાઈ! આહાહા..! પુણ્ય કરશે તો આમ કરશે, વ્યવહાર કરશે એ વાત જ અહીં નથી, કહે છે. આહાહા..! આત્માના સંબોધન, આત્માનું સ્વરૂપ સમજાવવા માટે, એક વાત છે. તારું સ્વરૂપ શું છે? તારી અંદર જાત શું છે? ભાઈ! તારા સ્વરૂપમાં શું પડ્યું છે? અને આ વિકાર-ફિકાર એ તારી જાત નથી. એવા આત્માના સ્વરૂપને સમજાવવા માટે 'એકાગ્ર મનસે...' હું પણ અત્યારે મારા એકાગ્ર મનથી દોહાની રચના કરીશ, લ્યો! સમજાણું કાંઈ? કહે છે, સમજાવવું છે એને આત્માનું સ્વરૂપ, હોં! એક વાત કીધી. આહાહા..! આત્માનું

www.vitragvani.com



સંબોધન. ભાઈ! તું આ છો ને! સ્વરૂપ તારું આ છે ને, ભાઈ! રાગ ને વિકાર વિનાની તારી ચીજ છે ને! એ મારે સમજાવવું છે. કારણ કે એ ચાર ગતિથી બીનો (ડર્યો) છે, મોક્ષનો અભિલાષી છે. એને આટલું સ્વરૂપ સમજાવીએ છીએ. એ માટે હું પણ એકાગ્ર મનથી દોહાની રચના કરીશ. મારું પણ બરાબર એકાગ્ર મનથી એમાં જે ભાવ જોઈએ તે આવશે, એની રચના હું કરીશ. એમ કરીને આ ત્રણ દોહરા માંગલિકરૂપે કર્યા છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જીવ-અજીવનાં ક્રમબદ્ધ પરિણામ અને આત્માનો જ્ઞાયક સ્વભાવ!

આચાર્ય કહે છે કે 'પ્રથમ તો' એટલે કે સૌથી પહેલાં એ નિર્ણય કરવો કે જીવ ક્રમબદ્ધ-ક્રમનિયમિત એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો અજીવ જ છે, જીવ નથી! જુઓ, આ મહા સિદ્ધાંત! જીવ કે અજીવ દરેક વસ્તુમાં ક્રમબદ્ધપર્યાય થાય છે, તેમાં આડુ અવળું થતું જ નથી. અત્યારે ઘણા પંડિતો અને ત્યાગી વગેરે લોકોમાં આની સામે મોટો વાંધો ઊઠ્યો છે, કેમકે આ વાતનો નિર્ણય કરવા જાય તો પોતાનું અત્યાર સુધી માનેલું કાંઈ રહેતું નથી. ૨૦૦૩ની સાલમાં (પ્રવચનમંડપના ઉદ્‌ઘાટન પ્રસંગે) હુકમીચંદજી શેઠની સાથે દેવકીનંદન પંડિત આવેલા. તેમને જ્યારે આ વાત બતાવી ત્યારે તે આશ્ચર્ય પામ્યા હતા કે અહો! આવી વાત છે!! આ વાત અત્યાર સુધી અમારા લક્ષમાં નહોતી આવી. છએ દ્રવ્યોમાં તેની ત્રણકાળની દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે. જગતમાં અનંત જીવો છે ને જીવ કરતાં અનંતગુણા અજીવ છે, તે બધાય દ્રવ્યો પોતપોતાના ક્રમ નિયમિત પરિણામે ઊપજે છે. જે સમયે જે પર્યાયનો ક્રમ છે તે એક સમય પણ આગળ પાછળ ન થાય. ૧૦૦ નંબરની જે પર્યાય હોય તે ૯૯ નંબર ન થાય તેમજ ૧૦૦ નંબરની પર્યાય ૧૦૧મા નંબરે પણ ન થાય. આ રીતે દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે ને બધાય દ્રવ્યો ક્રમબદ્ધપર્યાયે પરિણમે છે. પોતાના સ્વભાવનો નિર્ણય થયો ત્યાં ધર્મી જાણે છે કે હું તો જ્ઞાયક છું, હું કોને ફેરવું? એટલે ધર્મીને પરને ફેરવવાની બુદ્ધિ નથી, રાગને પણ ફેરવવાની બુદ્ધિ નથી; તે રાગનો પણ જ્ઞાયક જ રહે છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૪, મંગળવાર
## તા. ૦૭-૦૬-૧૯૬૬
## ગાથા–૪ થી ૬. પ્રવચન નં. ૨

આ 'યોગસાર' ચાલે છે. 'યોગીન્દ્રદેવ' એક આચાર્ય દિગંબર મુનિ થયા. એમણે આ 'યોગસાર' (અર્થાત્) આત્માના સ્વભાવનો વેપાર કેમ કરવો અને એ કેમ ભૂલ્યો છે, એની અંદર અધિકાર (કહે છે). ભૂલ્યો છે એ પણ ખોટો ભાવ છે ને? આ 'યોગસાર' છે. સ્વરૂપમાં કેમ રમવું? પણ કોને માટે કહે છે આ? એક તો ચાર ગતિના ભવના ભયથી દુઃખી થયો હોય. ચાર ગતિના દુઃખથી ડર લાગ્યો હોય અને જેને મોક્ષની લાલસા, અભિલાષા હોય એને માટે આ 'યોગસાર' છે. આ એની પહેલી શરત (છે).

મુમુક્ષુ :– દેવગતિમાં તો લાભ છે ને?

ઉત્તર :– દેવગતિમાં ધૂળમાંય લાભ નથી. દેવગતિમાં શું લાભ છે? હેં? દેવગતિમાં લાભ છે? દુઃખ છે, દુઃખ. ત્યાં ચાર ગતિનું દુઃખ કીધું. શ્વેતાંબરમાં એવો એક દાખલો આવે છે. 'લાવો દેવમયીભવી' 'ઉત્તરાધ્યયન'માં (આવે છે). દેવગતિનું મનુષ્યપણું પામ્યો હતો. એમાંથી મનુષ્યપણું પામે તો મૂળગી મૂડી રહી. મનુષ્યપણામાં નારકીએ જાય તો મૂડી ખોઈ. દેવ થાય તો લાભ થયો. સાંભળ્યું છે? આવે છે. એ ધૂળમાંય લાભ નથી.

અહીં તો પહેલેથી ચાર ગતિમાં રખડવું જે દુઃખ છે અને ચાર ગતિના દુઃખનો જેને ભય લાગ્યો છે, સ્વર્ગમાં ઉત્પન્ન થવું એ પણ ભય છે, દુઃખ છે, આકુળતા છે. ન્યાં ક્યાંય શાંતિ નથી. સમજાણું? એથી કહે છે. એ 'ઉત્તરાધ્યયન'માં આવે છે, ભાઈ! વેપારીનો દાખલો આપ્યો છે. દસ હજારની મૂડી હોય એ દસ હજાર સાચવે તો મૂળગી મૂડી રહી, ખોવે તો ગઈ. વધારે તો મૂડી વધારી. એમ મનુષ્યપણું પામીને મનુષ્યપણું થાય તો સરખી મૂડી રાખી. મનુષ્યપણું (પામ્યા પછી) નરકમાં જાય તો મૂડી ખોઈ અને મનુષ્યપણું મરીને 'દેવ થાય' એ યાદ આવી ગયું અત્યારે. એમાં એવું છે. દેવ પામે તો લાભ પામ્યો. ધૂળમાં પામ્યો. સમજાય છે? દેવનો લાભ ક્યાં? અહીં તો ચાર ગતિને પામવું એ જ દુઃખ ને અલાભ છે. આહાહા..!

મુમુક્ષુ :– ઓલી અપેક્ષાએ તો સારું ને?

ઉત્તર :– જરીયે સારું નથી. ઓલીની અપેક્ષાએ સારું શું ધૂળ હોય? ચારે ગતિ ભઠ્ઠી (છે). એ આકુળતાના દુઃખથી ભઠ્ઠી સળગે છે. હેં? સાચું હશે? તમને ક્યાં એનો અનુભવ છે? એટલે એટલી વાત કરી કે, જેને ભય (લાગ્યો છે એમ) ત્રીજી ગાથામાં આવ્યું હતું ને?

www.vitragvani.com



संसारहं भयभीयाहं मोक्खह लालसियाहं।
अप्पासंबोहण कयइ कय दोहा एक्कमणाहं।।३।।

જેને આત્માને ચાર ગતિમાં રખડવાનો ત્રાસ લાગે છે અને આત્માની મોક્ષદશાની જ જેને અભિલાષા અને લાલસા છે એને માટે હું આ એક મનથી, એકાગ્ર થઈને આ 'યોગસાર'ના શાસ્ત્ર, દોહરા કહું છું, એમ કહે છે. હવે ઉપાડ્યું, જુઓ! પહેલું સંસારનું કારણ.

---

## મિથ્યાદર્શન સંસારનું કારણ છે.

कालु अणाइ अणाइ जीउ भवसायरु जि अणंतु।
मिच्छादंसणमोहियउ ण वि सुह दुक्ख जि पत्तु।।४।।

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુઃખી, કરી ન સુખ લહંત. ૪.

અન્વયાર્થ :- (कालु अणाइ) કાળ અનાદિ છે (जिउ अणाइ) સંસારી જીવ અનાદિ છે. (भव सायरुजि अणतुं) સંસારસાગર પણ અનાદિ અનંત છે (मिच्छादंसण मोहियउ) મિથ્યાદર્શનને કારણે મોહી થતો થકો જીવ (सुह ण वि दुक्ख जि पत्तु) સુખ પ્રાપ્ત કરતો નથી, દુઃખ જ પામે છે.

---

'મિથ્યાદર્શન સંસારનું કારણ છે.' આમાં કર્મ ખોલશે. કર્મની અહીં જરૂર નથી તોય અર્થ કરશે.

कालु अणाइ अणाइ जीउ भवसायरु जि अणंतु।
मिच्छादंसणमोहियउ ण वि सुह दुक्ख जि पत्तु।।४।।

'કાળ અનાદિ છે...' અનાદિનો કાળ (છે). કોઈ સમયે કાળ(ની) આદિ છે? જ્યારે પૂછો ત્યારે કાળ અનાદિ (છે). વર્તમાન, ભૂત અને ભવિષ્ય એમ અનાદિકાળ ચાલ્યો આવે છે. અનાદિનો કાળ છે. આચાર્ય ત્રણ સાથે લે છે. અનાદિકાળ, જીવો અનાદિ. સંસારમાં રખડનારા જીવો પણ અનાદિ છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક. ચાર ગતિમાં રખડનારા દુઃખી, દુઃખી, દુઃખી (છે). એક જરીક પ્રતિકૂળતા આવે ત્યાં પોક મૂકે. એક જરીક સગવડતા આવે ત્યાં હરખના સડકા માને. માને, સડકા માણે. ધૂળમાંય નથી. દુઃખી.. દુઃખી.. દુઃખી (છે). જરીક કંઈક પાંચ, પચાસ લાખ મળ્યા, પાંચ-પચાસ લાખેય હખ (-સુખ) નહિ હોય અત્યારે.

મુમુક્ષુ :- રૂપિયાની કિંમત ઊતરી ગઈ.

www.vitragvani.com



ઉત્તર :- કિંમત ઊતરી ગઈ. કો'ક રસ્તામાં કહેતું હતું કે, રૂપિયો ઘટી ગયો. કો'ક કહેતું હતું. હેં? રૂપિયાના ભાવ ઘટી ગયા, એમ કહેતું હતું કો'ક. શું કહેતા હતા, નહિ? સવારમાં. રૂપિયાનો ભાવ ઘટી ગયો, કહે. છત્રીસ, ઘટી ગયા. એવું કાંઈક હશે, આપણને કાંઈ ખબર પડતી નથી. રૂપિયાનો ભાવ (શું)? રૂપિયો તો છે ઇ છે. કલ્પનામાં ઘાલમેલ કરી. એવું કાંઈક આવ્યું છે કે નહિ? તમને તો બધી ખબર હોય.

કાળ અનાદિ અને સંસારી જીવ અનાદિ. સંસારી જીવ અનાદિ. આમાં ઇ સિદ્ધ કરવું છે ને? એમાંથી સિદ્ધપણાનો ઉપદેશ દેવો છે કે સંસારી જીવ પણ અનાદિના રખડતા છે. કોઈ દિ' સંસાર નહોતો અને જીવને સંસાર નવો થયો એમ છે નહિ. કાલે કોઈ પ્રશ્ન કરતું હતું, ભાઈ! હેં? આ અશુદ્ધતા આવી ક્યાંથી? આ સંસાર આવ્યો ક્યાંથી? સંસાર પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે. પાછા બેય બહાર વાતું કરતા હતા. હું અંદર સાંભળતો હતો. ઓલા સોનાના પથ્થરની. સોનું અને પથ્થર બેય ભેગું થયું.

આ તો અનાદિનો આત્મા છે. સમજાણું કાંઈ? અને એ આત્મા સત્તારૂપે અનાદિ અને એની પર્યાય પણ અનાદિની છે, મલિન પર્યાય અનાદિની છે. સમજાય છે? શેરડીમાં રસ અને કૂચો બેય ભેગાં છે. પહેલો કૂચો નહોતો અને રસ સાથે કૂચો વળગ્યો, એમ છે? શેરડી-ગન્ના. સમજાય છે? એમ ખાણમાં સોનું અને પથ્થર બેય સાથે જ છે. પહેલું સોનું હતું અને પછી પથ્થર વળગ્યો, એમ છે નહિ. એમ દૂધમાં પાણી અને દૂધ બેય દોહવામાં ભેગું જ હોય છે. પાણી પછી દૂધમાં આવ્યું એમ નથી, હોં! ઓલા નાખે ઇ નહિ, અંદર પાણી હોય જ છે. જ્યારે ઉકાળે ત્યારે માવો થઈને પાણી ઊડી જાય છે. પાણી અને દૂધનો ભાગ બેય ભેગાં જ છે. એમ તલ અને તેલ, ખળ અને તેલ. તલમાં હોય છે ને ખળ? ખળ અને તેલ. પહેલા, પછી કોને કહેવું? ખળ.. ખળ ખળ એટલે કૂચા અને તેલ બેય સાથે જ છે. જુદા પાડે તો પડી શકે છે. એમ જીવ અનાદિ છે. ચકમકમાં અગ્નિ અનાદિ છે. ચકમકમાં અગ્નિ અને ચકમક બેય અનાદિના સાથે છે. સમજાણું કાંઈ?

એમ સંસારની અશુદ્ધ મલિન દશા, જે આત્મા શુદ્ધ દ્રવ્ય તરીકે અનાદિ છે, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ધ્રુવ દ્રવ્ય ધ્રુવ તરીકે અનાદિ છે અને એની પર્યાય મલિન એ અનાદિની છે. પહેલી નિર્મળ હતી અને પછી મલિન થઈ એમ છે નહિ, એમ હોય નહિ. ચણા કાચા બળ્યા શેક્યા ઊગે નહિ પણ જ્યાં સુધી કાચો છે ત્યાં સુધી ઊગે. એ ચણાની કાચાપણાની દશા પહેલેથી જ છે. સમજાય છે કાંઈ? આ ચણો હોય છે ને? ચણા. પહેલાથી જ એ કાચો છે. એમ નહિ કે પહેલો શેકેલો હતો અને પછી કાચાપણું વળગ્યું, એમ નથી. એમ આત્મા સંસારની વિકારી દશાવાળો વસ્તુએ તો શુદ્ધ ચિદાનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ (છે). છતાં એ પર્યાયમાં વિકાર કેમ આવ્યો (એ) મોટા મોટા ત્યાગીઓને પણ શંકા હતી. ઘણાને શંકા છે, લ્યોને! આચ્યુ હશે આમાં, જુઓ! સમજાણું? એ..ઇ...! કર્મને લઈને મલિન, કર્મને લઈને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મલિન, એમેય નથી. સમજાણું કાંઈ?

એ જીવ અનાદિ, સંસારી મલિન દશા છે. મલિનતા ન હોય તો એને આનંદનો અનુભવ જોઈએ અને આનંદ અંદર ન હોય તો આનંદ આવશે ક્યાંથી? જો અંતરમાં આનંદ ન હોય તો આનંદ પ્રાપ્ત થશે ક્યાંથી? અને મલિનતા જ ન હોય તો તો એને પુરુષાર્થ કરવો, સમજવું, શ્રદ્ધા કરવી એ કાંઈ રહેતું નથી. શાસ્ત્ર શું એને સમજવું કાંઈ રહેતું નથી. સમજાણું આમાં? એટલે 'સંસારી જીવ અનાદિ છે.' બે વાત (કરી).

ત્રીજું. '**भव सायरुजि अणतुं**'. ચોરાશીના અવતાર પણ અનાદિના છે. કોઈ પહેલો અવતાર છે એવું છે નહિ. નરકમાં અનંતવાર ગયો, સ્વર્ગમાં અનંતવાર ગયો, નિગોદમાં અનંતા ભવ કર્યા, ઢોરમાં અનંતવાર ગયો, માણસ અનંતવાર થયો. એ ભવસાગર મોટો ઊંડો અનાદિનો છે, એમ કહે છે. કાળ અનાદિ, ભગવાન જીવ ભૂલેલો અનાદિ. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતે જ પોતાને ભૂલેલો અનાદિથી છે. કેમકે દૃષ્ટિ એની ઇન્દ્રિય ઉપર છે. ભગવાન અંદર કોણ છે એની એને ખબર નથી, એનું માહાત્મ્ય નથી એટલે કર્મજન્ય ઉપાધિ, એને લક્ષે એના અસ્તિત્વમાં પોતાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. આમ સ્વયં સત્તા ભિન્ન આનંદકંદ છે, એવી સ્વસત્તાની અંતર્મુખ દૃષ્ટિ નથી. બહિર્મુખ દૃષ્ટિમાં ઇન્દ્રિયો, અલ્પ જ્ઞાન, રાગ-દ્વેષ આદિનું અસ્તિત્વ દેખાય છે. સમજાય છે કાંઈ? એ સંસાર છે.

'સંસારસાગર પણ અનાદિ અનંત છે...' લ્યો! સમજાણું? અનાદિઅનંત છે. ભવસાગર અનાદિ છે, એટલું. સમજાણું કાંઈ? સંસાર અનાદિ છે. અહીં ત્રણ લેવા છે. અનાદિ લેવું છે, ભવિષ્યની વાત નથી લેવી. ભવસાગર પણ અનાદિનો છે. હવે કેમ અનાદિનો અને કેમ સંસાર છે? કાળ અનાદિ, જીવ અનાદિ, ભવસાગર પણ અનાદિ. હવે છે કેમ એ ભવસાગરનું રખડવું? એનો સિદ્ધાંત સિદ્ધ કરે છે.

'**मिच्छादंसण मोहियउ**' લ્યો! મિથ્યાશ્રદ્ધાથી મોહિત થયો થતો થકો. આ સિદ્ધાંત છે એકલો. કર્મ-ફર્મને લઈને નહિ, હોં! મિથ્યાશ્રદ્ધાથી મોહેલો ભગવાનઆત્માના આનંદ સ્વભાવને ભૂલેલો અને પુણ્ય ને પાપના ભાવ, શરીરાદિની ક્રિયા, એનું અસ્તિત્વ આમ ભાળે છે. અંદરમાં પૂર્ણ અસ્તિત્વ છે એની એને ખબર નથી. ખબર નથી એનું નામ જ મિથ્યાત્વ છે. અજ્ઞાન, મિથ્યાત્વ, એકાંત મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ એવા મિથ્યાત્વોથી અનાદિકાળથી મોહ્યો છે. મિથ્યાશ્રદ્ધામાં મોહ્યો છે. એમાં એને રુચિ છે, એમાં એની પ્રીતિ છે, જગતના કર્મજન્ય ઉપાધિના સંયોગમાં એની લગની લાગી છે, મિથ્યાદર્શનના મોહને કારણે. સમજાય છે કાંઈ? જેમાં સુખ નથી તેમાં સુખ માને છે. જેમાં દુઃખ છે તેને સુખ માને છે. દુઃખ છે તેને સુખ માને છે. આ ભાવ એને કેમ છે? કે, મિથ્યાદર્શનને કારણે મોહિત થયો. સમજાણું કાંઈ? શ્રદ્ધા ઊંધી કરી. ભગવાનઆત્મા પૂર્ણાનંદ (સ્વરૂપ છે).

'ઊપજે મોહ વિકલ્પથી' આવે છે ને 'શ્રીમદ્'માં? 'ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ

www.vitragvani.com



સંસાર, ઊપજે મોહ વિકલ્પથી' ત્યાં કર્મ-ફર્મની વાત નથી. પરમાં સાવધાની, રાગમાં, પુણ્યમાં, એના ફળમાં, આ માટીમાં, ઇન્દ્રિયોમાં, શરીરમાં, એની અવસ્થામાં, બહારની સગવડતામાં, અગવડતામાં એમાં આ મને દુઃખ અને આ મને સુખ એવી કલ્પના એ મિથ્યાદર્શન છે. સમજાય છે કાંઈ? 'ઊપજે મોહ વિકલ્પથી' સ્વરૂપના ભાન વિના પરની સાવધાનીની મિથ્યાશ્રદ્ધાથી 'ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર.' એ બધો સંસાર વિકારમાં ઉત્પન્ન થાય છે.

'અંતર્મુખ અવલોકતાં' પણ ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે એમ 'અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' સંસારના વ્યય થઈને મુક્તિનો ઉત્પાદ થાય એમાં એને વાર લાગે નહિ. પણ આ મિથ્યાદર્શનને લઈને અનાદિથી મોહ્યો છે. આહાહા..! એક જરીક સગવડતા મળે ત્યાંતો આમ જાણે.. આ..હા...! પચીશનો પગાર હોય અને ત્રીસ (થઈને) પાંચ વધે ત્યાં તો ઘરમાં એને હરખ હોય, લ્યો! પાંચ વધે ત્યાં (એમ કહે), લાપસી કરો આજે, લ્યો! મહિને પાંચ વધ્યા. બાર મહિને સાંઈઠ વધ્યા. હેં? અને જ્યાં એનાથી કાંઈક વળી પાંચ ઘટે અને કાંઈક ગુનો થયો.. જાઓ...! હાય.. હાય...! સમજાણું? મોહને લઈને. મફતનો... બહારમાં ઘટ્યું-વધ્યું એ ક્યાં તારા આત્માને અડે એવું છે? પણ કલ્પનાથી વધ્યો અને કલ્પનાથી ઘટ્યો, અજ્ઞાની એમ માને છે. છોકરા થયા, છોકરા હવે અમારે વંશ રહ્યો, અમારે ધૂળ રહી. તારો વંશ ન્યાં ક્યાંથી રહ્યો પણ? તું અહીં અને ન્યાં વંશ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? કંઈ દુકાન સરખી ચાલી (તો).. આ..હા...! હવે આપણે વધ્યા, હોં! 'હરિભાઈ'!

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો' સોળ વર્ષે પોકાર કરે છે, હોં! 'શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' અરે...! મિથ્યામોહને લઈ આ વધ્યો. મારો પગાર વધ્યો. મારો પગાર. તારો પગાર એટલે શું? આત્માનો પગાર વધ્યો! બે હજારના પાંચ હજાર થયા. હેં? પહેલા સાધારણ વેપાર કરતા, એમાં પાંચ હજારની પેદાશ (હતી). હવે અત્યારે તો પચાસ-પચાસ હજારની પેદાશ (થઈ ગઈ). હમણાં બહુ બાદશાહી છે. મૂઢ છે ને પણ માળો!

શેની? હોળી સળગે છે ન્યાં. કષાય ને મોહ ને મિથ્યાશ્રદ્ધાથી આ માન્યતાએ બધો સંસાર ઊભો કર્યો. ન્યાં ક્યાં સુખ ને દુઃખ હતું? ઓહો...! કેમ હશે 'ધીરૂભાઈ'? હેં 'કાંતિભાઈ'! પાંચસો-પાંચસોના પગાર હોય, એકલા હોય, લ્યો! તો એ કેટલું બધું અનુકૂળ લાગે, બધી સગવડતા (હોય). આહાહા...! ધૂળમાંય નથી. ઊંધી માન્યતાએ મોહેલો એ પરમાં સગવડતા, અગવડતા અજ્ઞાની માની રહ્યો છે. કહો, 'બાબુભાઈ'! શું હશે આ? લ્યો, શબ્દ શું છે? એક તો કાળ અનાદિ, સંસાર અનાદિ, ભવસાગર અનાદિ. સંસારી (એટલે) જીવ અનાદિ, એમ.

www.vitragvani.com



મુમુક્ષુ :- અનંતુ લખ્યું છે. ભવસાગર અનંત..

ઉત્તર :- ઇ ભવસાગર અનંત છે ને અનાદિનો? અનંત સંસાર છે. અનાદિનો અનંત છે. આહાહા..! ક્યાંય અંત છે? ચોરાશીના અવતાર ક્યાં એનો અંત છે? અનંત ભવ... અનંત ભવ... અનંત ભવ... અનંત અનંત ભવ. એમાં મિથ્યાદર્શનથી મોહ્યો છે. વર્તમાન વાત કરે છે. જ્યાં જ્યાં તું છો ત્યાં તારી ઊંધી શ્રદ્ધાથી મોહ્યો છો. આ મહાન સંસારનું મૂળ કારણ પહેલું મૂક્યું છે. સમજાણું કાંઈ? સાત વ્યસન કરતાં પણ આ પાપ મોટું છે. આ બહારના ઇન્દ્રિયસંયમો અને બહારના ત્યાગ કરે પણ અંદરમાં જેને હજી દયા, દાનના ભાવ એ મને ધર્મ છે, એનાથી ધર્મ થશે (એવા) મિથ્યાદર્શનમાં મોહેલા પ્રાણી અનાદિના અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

બહારનો જરી ત્યાગ થયો અને સંયમ લીધો એમ માન્યું. ક્યાં સંયમ હતો? આત્માના ભાન વિના સમ્યગ્દર્શન, અનુભવ વિના જે ચૈતન્યમૂર્તિ આનંદ છે એનું તો અંદર ભાન નથી અને આ દયા, દાન, વ્રત, ભક્તિ ને ક્રિયાકાંડ એ બધો તો રાગ છે. એ રાગનો વિવેક સમ્યગ્દર્શનથી થાય છે. મિથ્યાદર્શનમાં એનો અવિવેક રહે છે. ઊંધી શ્રદ્ધાને લઈ એનો અત્યાગ રહે છે.

મુમુક્ષુ :- શેનો?

ઉત્તર :- રાગનો. શ્રદ્ધામાં રાગનો અત્યાગ એ મિથ્યાદર્શનથી મોહેલો, વિકલ્પની સૂક્ષ્મતા, દયા, દાન, વ્રતાદિની જે અંદર ઊઠે, એને મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી એને પોતાના લાભદાયક માને છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખું જગત માને છે.

ઉત્તર :- આખું જગત એમાં પડ્યું છે. એ તો આ અનાદિની વાત કરે છે. સાધુ થઈને બઠો. સાધુ કોને કહેવો? આત્માનું ભાન તો હજી છે નહિ. જેમાં અનાદિ ઉદય સંસાર સ્વભાવમાં નથી એને એક સમયનો રાગ વિકલ્પ મારો છે, લાભદાયક માન્યો એ મહા મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી છે. સમજાણું કાંઈ? એના બધા ત્યાગ ને બહારના વૈરાગ્ય, એ અજ્ઞાન-પાડો ખાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક જ વાત લીધી છે – **'मिच्छादंसण मोहियउ'**. સમજાણું? પછી સાતમી ગાથામાં કર્મ નથી નાખ્યું. જોયું હતું, એણે ત્યાં શું કર્યું (છે)? સાતમામાં આવે છે ને? ત્યાં પણ મિથ્યાદર્શન આવે છે, હોં! સાતમામાં ક્યાંક આવે છે ને? સાતમામાં આવે છે, સાતમાં. ત્યાં પણ **'मिच्छादंसण मोहियउ'**. ત્યાં મિથ્યાદર્શન અને મોહી જીવ એટલું લીધું. મેં કીધું, ત્યાં શું લીધું (છે)? પહેલેથી નાખ ને! ભઈ! મૂળ કર્મ વિના તો લોકોને ચાલતું નથી. હેં? શું કીધું?

મુમુક્ષુ :- ગોખાઈ ગયું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- ગોખાઈ ગયું છે. ભાઈ! તારો આત્મા એ રાગ વિના રહી શકે એવું તત્ત્વ છે. એને તું રાગસહિત રહી શકું, એના વિના ન રહી શકું, એ મિથ્યાદર્શનથી મોહેલો મૂઢ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? અથવા આ બહિર્ નામ રાગાદિ પુણ્યભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એના વડે મારો નિશ્ચય પ્રાપ્ત થશે, એ મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી રાગનો ત્યાગ કરવા માગતો નથી. સમજાણું કાંઈ?

'मिच्छादंसण मोहियउ' 'મોહી થતો થકો...' 'सुह ण वि' 'સુખ પ્રાપ્ત કરતો નથી,...' લ્યો! આ સિદ્ધાંત. પાછો શબ્દ ત્યાં એ લીધો છે. મિથ્યાશ્રદ્ધાથી મોહેલો પ્રાણી સુખને પ્રાપ્ત કરતો નથી. સુખ અને દુઃખ ઉપર જ શરૂઆત કરી છે. કારણ કે દુનિયાને સુખ જોઈએ છે ને? મિથ્યાશ્રદ્ધાને લઈ એ ઊંડે ઊંડે જેને આત્માના સ્વભાવની ખબર વિનાના પુણ્ય-પાપના (ભાવ), એ વ્રત, ભક્તિ, જપ, તપના ભાવ એ રાગ, મોહ, વિકાર છે. એ વિકારમાં મોહેલો પ્રાણી આમ સ્વભાવમાં સાવધાન નથી. મોહેલો પ્રાણી સુખને પામતો નથી. આત્મા તરફ નજર કરતો નથી અને અહીં મોહેલો તે સુખને પામતો નથી. ત્યારે શું પામે છે? દુઃખ. સમજાય છે કાંઈ?

અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એને એ રાગ ને વિકલ્પમાં મોહેલો પ્રાણી, એમાં સાવધાનમાં એકાકાર થયેલો, અંશે સુખને પ્રાપ્ત ન કરતો દુઃખને જ પ્રાપ્ત કરે છે. સંસારના સુખ-દુઃખ બેયને અહીં દુઃખમાં ગણવામાં આવ્યા છે. આ સુખ જે કીધું એ આત્માના સુખની વાત કહેવામાં આવી. સમજાણું કાંઈ? આ જે સુખ કીધું એ સંસારની વાત નથી.

'सुह ण वि' કાલે બપોરે આવ્યું હતું પાછું, ઓલા સુંદર સુખ આવ્યું હતું કે નહિ? ઇ અહીં વાત નથી. આત્માના સુખને (પામતો નથી). કેમકે પોતાનું નિજ સ્વરૂપ અખંડ જ્ઞાયક શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, જેમાં રાગના કણનો ભેળસેળ, મેળ નથી. ભેળસેળ ને મેળ નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ એને અને સ્વભાવને મેળ નથી. છતાં અજ્ઞાની તેને પોતાનું રૂપ, સ્વરૂપ છોડવા યોગ્ય નથી એટલે કે મારાથી છૂટું પડવા લાયક નથી એમ માનનાર મિથ્યાદર્શનથી એકલો દુઃખી, દુઃખી ને દુઃખી થઈ રહ્યો છે. જરીયે આત્માના આનંદના સમ્યગ્દર્શનના અંતર્મુખના સુખને મિથ્યાદર્શનમાં પામતો નથી. કહો, સમજાણું કાંઈ? ચોથી ગાથા (પૂરી) થઈ. આપણે તો અહીં ગાથાનો સાર સાર લેવો છે ને? પાંચમી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## મોક્ષસુખનું કારણ આત્મધ્યાન છે.

जई वीहउ चउगइगमणु तउ परभाव चपवि।
अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि।।५।।

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫.

**અન્વયાર્થ :–** (जइ) જો (चउगइगमणु वीहउ) તું ચારે ગતિના ભ્રમણથી ભયભીત (થયો) હો (तउ) તો (परभाव चहवि) પરભાવોને છોડી દે, (णिम्मलउ अप्पा झायहि) નિર્મળ આત્માનું ધ્યાન કર (जिम) જેથી (सिवसुक्ख लहेहि) મોક્ષનું સુખ તું પામી શકે.

---

હવે એની સામે ગુલાંટ ખાય છે, જુઓ! મિથ્યાદર્શનથી મોહેલો ચોરાશીમાં રખડે છે. સમજાય છે કાંઈ? અંતિમ ગ્રૈવેયક, નવમી ગ્રૈવેયકે (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે. ઇ મૂઢ જીવ છે. અઠ્યાવીસ મૂળગુણ એ રાગ છે. એમાં હિત માને છે. મિથ્યાશ્રદ્ધાથી મોહેલો પ્રાણી મૂઢ છે. એને આત્માના જ્ઞાન અને આનંદની ખબર નથી. એવા એ પાળવાથી મરીને ચાર ગતિમાં રખડવાના, એમ કહે છે. સમજાણું કાંઈ? એની સામે હવે વાત છે, લ્યો!

દુઃખનું કારણ મિથ્યાદર્શન કહ્યું. એમાં જરીયે સુખ નથી. એમાં–મિથ્યાશ્રદ્ધામાં ક્યાંથી (હોય)? લોકો મિથ્યાશ્રદ્ધાની વ્યાખ્યા જ ટૂંકી કરે. સમજાય છે? આપણે દેવ-ગુરુ-ધર્મને માનીએ છીએ. કુદેવ-કુગુરુને માનતા નથી. આપણે પંચ મહાવ્રત પાળીએ. પણ એ પંચ મહાવ્રત રાગ છે, એ મારા (છે), એ પાળું ને રાખવા જેવા છે એ ભાવને જ મિથ્યાદર્શન કહ્યો છે. સાંભળને! એ જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે, ઇ અજ્ઞાની છે. ભલે દિગંબર સાધુ ત્યાગી થઈને બેઠો હોય પણ એના પંચ મહાવ્રતના.. છે તો ક્યાં એની પાસે? પણ એવા કોઈ દયા, દાન, રાગની મંદતાના ભાવ એ મને હિતકર છે, મને લાભદાયક છે, એ મિથ્યાદર્શનથી મોહેલા છે. જેને મિથ્યાદર્શનના ઝેર ચડ્યા છે. સમજાણું કાંઈ? એને જરીયે આત્માના અમૃતનો સ્વાદ હોતો નથી.

'મોક્ષસુખનું કારણ આત્મધ્યાન છે.' જુઓ! એ કહ્યું. વ્યવહાર-બ્યવહાર નહિ, એમ કહે છે, જુઓ!

जई वीहउ चउगइगमणु तउ परभाव चपवि।
अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि।।५।।

ઓ..હો..હો...! સંસારમાં પરિભ્રમણ કરવાનું કારણ એક મિથ્યાદર્શનભાવ કહ્યો. ત્યારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુક્તિના ઉપાય માટે એક આત્મધ્યાન કહ્યું. વાત ગુલાંટ ખાય છે. સમજાણું કાંઈ? એ શુભ-અશુભ વિકલ્પો, રાગ એ બહિર્ ચીજ સ્વરૂપમાં નથી. એને હિતકર માનવું એ જ મિથ્યાદર્શન અને મોહ (છે). મિથ્યાદર્શનમાં મોહેલો જીવ છે. જ્યારે આત્માના મોક્ષનું કારણ, આત્માના ધર્મનું કારણ કોણ? કે, 'જો ચારોં ગતિઓં કે ભ્રમણ સે ભયભીત હૈ...' ફરીને લીધું. ચાર ગતિ... પહેલા સમુચ્ચય વાત હતી. પેલી ભાષામાં સમુચ્ચય હતી, આ ચાર ગતિ ખુલ્લી પાડી. સમજાણું કાંઈ? એટલું હતું ઇ, સમુચ્ચય હતું.

અહીં ચાર ગતિનો ભય (કહીને) ખુલ્લું કરી નાખ્યું. જેને સ્વર્ગમાં અવતરવું, આ દયા, દાન, વ્રત, ભક્તિ પાળીને એ પણ દુઃખરૂપ છે. ચાર ગતિમાં સ્વર્ગમાં અવતરવું એ દુઃખરૂપ છે. કેટલાક કહે કે, ભઈ! આપણે અત્યારે પુણ્ય કરો, વ્રત પાળો, સ્વર્ગમાં જાશું પછી ભગવાન પાસે જાશું. ધૂળમાંય નહિ જા. અહીંયાં અત્યારે તો આત્માનો અનાદર કરતો જાય છે. ભગવાનનું ના પાડે છે. ભગવાને કહ્યું, તારો આત્મા અંદર આનંદ છે. આ ક્રિયાકાંડમાં દયા, દાન, વ્રતના પરિણામથી તને આત્માનું હિત નથી. એમ ભગવાને કહ્યું એ તો અહીં માનતો નથી. સમજાણું કાંઈ? એમ જેને ચાર ગતિના દુઃખનો ત્રાસ, ભય છે, ભય. આહાહા..!

'ચારોં ગતિઓં કે ભ્રમણસે ભયભીત હૈ...' સમજાણું? ઓલી એક વાત આવે છે, ઓલા બળદની. એક બળદ હતો ને પછી એને ખાસી કરવા લુહારને ન્યાં લઈ ગયેલા. હેં? દુઃખ તો બહુ થાય. એમાં બળદ ખોવાણો. એટલે ગોતવા લુહારને ત્યાં આવ્યા. (ત્યાં જઈને પૂછે છે), અહીં નથી? (લુહાર કહે છે), પણ અહીં ન આવે. તું ક્યાં ગોતવા આવ્યો? કો'કના કોઈ ખેતરમાં જોવા જા તો બરાબર છે. અહીં કાપવા આવ્યો હતો ત્યાં ફરીને આવે? ખાસી કરે છે કે નહિ? ટાંગા બાંધ્યા હોય, લોઢાથી આમ કરીને ખાસી (કરે). એમાં આઠ દિ', પંદર દિ' બળદ ખોવાઈ ગયો. અહીં આવ્યો છે? પણ અહીં ન આવે. અહીં તો ખાસી કરે (ત્યાં) આવતો હશે? એમ ચોરાશીની ગતિમાં જેને ત્રાસ (લાગ્યો) છે, એ ફરીને ગતિમાં નથી અવતરવું એને માટે આ વાત કરીએ છીએ, કહે છે. સમજાય છે કાંઈ? શું કરવું ત્યારે?

'ભયભીત હુઆ હો તો પરભાવોં કો છોડ દે.' એક સિદ્ધાંત, બહુ ટૂંકો, ઘણો ટૂંકો. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને જપ એ બધો રાગ પરભાવ છે, પરભાવ છે. છોડ શ્રદ્ધામાંથી એને. અહીંથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? ચાર ગતિથી જો ભય પામ્યો હો (તો) 'પરભાવોં કો છોડ દે.' બહુ ટૂંકી વાત. અહીં એનો અર્થ કે, જે લોકો એમ કહે છે ને કે, ભઈ! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાશે. અહીં કહે છે કે, જે વ્યવહાર છે એ પરભાવ છે એને છોડ તો આત્મા પમાશે. આહાહા..! સમજાણું કાંઈ? બધા પોકાર ઇ જ કરે છે. વ્યવહાર કરો, વ્યવહાર કરો, ભઈ! પહેલા વ્યવહાર કરો, દયા પાળો, સંયમ પાળો, ઇન્દ્રિયદમન કરો. ધૂળમાંય તારા પાળવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ છે, સાંભળને!

મુમુક્ષુ :– વિભાવની બરાબર સંભાળ રાખો.

ઉત્તર :– હા, સંભાળ રાખો. વિભાવની સંભાળ રાખો, (એમ) એનો અર્થ થયો કે નહિ? સમજાણું કે નહિ? એ કાલે પણ ઓલો આવ્યો હતો, ભાઈ! 'જયપુર'વાળો. ઇ કહેતો હતો કે, હવે ગડબડ તો બહાર ચાલી છે. એ અમારે સ્થાનકવાસીમાં મોટો વિદ્વાન છે– 'ગતિ..' કેવા? 'ગતિલાલ', 'ગતિલાલજી પાટણી'. એ આ 'આત્મધર્મ' વાંચે. સ્થાનકવાસીમાં મોટામાં મોટો પંડિત છે, ઇ આ વાંચે છે કે, નિશ્ચય વિના વ્યવહાર-ફ્યવહાર હોય નહિ. આખા સાધુ બધા અત્યારે એમ કહે છે. હવે નિશ્ચયની વાતું કરવા માંડ્યા છે. નિશ્ચયથી મુક્તિ થાય એ વાત સાચી, પણ વ્યવહાર વિના થાય નહિ એ વાતેય સાચી. એટલે પરભાવનો અભાવ કરવો એમ નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર એટલે પરભાવ. વ્યવહારનો અર્થ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઊઠે તે બધો પરભાવ (છે). એ વ્યવહાર એટલે પરભાવ, એ પરભાવ વિના ચાલે નહિ, નિશ્ચય એના વિના થાય નહિ. (આમ માનનારા) મૂઢ છે. અહીં તો પહેલેથી જ કહ્યું છે, જુઓ! શું કહે છે? આહાહા..!

'परभाव चहवि' 'चहवि' નામ છોડી દે. તારી દૃષ્ટિમાં એ મિથ્યાત્વભાવ પડ્યો છે. આ પરભાવ હોય, કાંઈક કાંઈક રાગની મંદતા હોય, છકાયની મંદતા હોય તો આપણે.... ઇ કહેતો હતો, અશુભમાંથી શુભ અને શુભમાંથી શુદ્ધ (થઈએ). વાતું તો ચાલવા માંડી છે, (એમ ઇ) કહે. ધૂળમાંય નહિ થાય. શુભને છોડ તો લાભ થાય. શુભમાંથી શુદ્ધતા થાય એમ નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું ઇ? જુઓ! વાંચો.

'जई वीहउ चउगइगमणु तउ परभाव चपवि।' પરભાવની વ્યાખ્યા શું? જેટલો ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર (છે) એનાથી (વિપરીત) જેટલો એક તીર્થંકરગોત્ર જે ભાવથી બાંધે (એ) પરભાવ, પરભાવ, પરભાવ (છે). સમજાય છે કાંઈ? જો તને ચાર ગતિના દુઃખનો ભય લાગ્યો હોય તો પરભાવ છોડ. 'परभाव चहवि' છાંડી દે પરભાવ. ઇ પરભાવ માને તો ને! સાવદ્યયોગ પચ્ચખાણ, વળી એમ કહેતો હતો. સાવદ્યયોગના પચ્ચખાણ થાય છે. સાંભળને! શુભભાવના પચ્ચખાણ એ વખતે છૂટતા નથી માટે આમ કરે છે. દૃષ્ટિમાં તો બધા ભાવનો નિષેધ છે. સમજાણું કાંઈ? સાવદ્યયોગના પચ્ચખાણમાં અશુભ છૂટી જાય છે અને શુભ દૃષ્ટિમાંથી છૂટે છે પણ અસ્થિરતાથી છૂટતું નથી એટલો સાવદ્યયોગનો ત્યાગ કરે છે. દૃષ્ટિમાંથી તો બધા પાપ અને પુણ્ય પરિણામનો ત્યાગ છે. અસ્થિરતાના છૂટતા નથી એટલે સાવદ્યયોગનો આ પ્રકારે ત્યાગ કરવામાં આવે છે. 'કર્મે હણં તે' સામાયિક, સાવદ્યયોગ ને પચ્ચખાણ. એને એક પત્ર આપ્યો હતો ને? એક કાગળ આપ્યો હતો. સામાયિક– 'મહાવીર'ની સામાયિક એનો અમે બહુ પ્રચાર કરીએ છીએ. કીધું, 'મહાવીર'ની સામાયિકને ઓળખવી પડશે. સામાયિક કોને કહેવી? આ બેઠો આમ કરીને, ણમો અરિહંતાણં (બોલે)

www.vitragvani.com



એ સામાયિક? મિથ્યાદર્શન મોટું શલ્ય તો અંદર પડ્યું છે.

મુમુક્ષુ :- બોલે છે ...

ઉત્તર :- બોલે એમાં શું? રાગ મને લાભદાયક, એ શરીર મને છે. એનો અર્થ એ થયો. રાગ મને લાભદાયક (એમ માનનારો) એ શરીરને જીવ માને છે. સમજાણું કાંઈ? એક કહેતો હતો, શરીર અને જીવ જુદાં (છે). અરે...! શરીર અને જીવ જુદાનો અર્થ– શરીર, કર્મ, રાગ, પુણ્ય-પાપ એ બધું શરીર છે. ભગવાનઆત્મા એ તો ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપ છે. રાગના કણને પણ પોતાનો માને તે બહિર્આત્મા, શરીરને જ આત્મા માને છે. સમજાણું? કેમકે રાગનું લક્ષ જશે શરીરની ક્રિયા ઉપર અને એ ક્રિયા થાશે એને માનશે કે આની ક્રિયા કરી શકું છું.

**'परभाव चहवि'** કહે છે, જો તને ચાર ગતિનો ડર લાગ્યો હોય (તો) પરભાવ છોડ. જુઓ! પહેલી ત્યાગની વાત કરી. આ ત્યાગ. શેનો ત્યાગ? એ શુભ-અશુભભાવનો ત્યાગ. ઘરબાર કે દિ' ગરી ગયા હતા તો ત્યાગ કરે? ઘરબાર તો એને ઘરે બહાર જ પડ્યા છે. અહીં ક્યાં અંદરમાં ગરી ગયા છે? આ (ગતિ) હતી એની પર્યાયમાં એની વાત કરે છે. એની પર્યાયમાં પર્યાયપણે પકડેલો પરભાવ, એને દ્રવ્યદૃષ્ટિએ તું છોડ. આહાહા..! સમજાણું કાંઈ? ઇ કહેશે, જુઓ! છોડીને પછી કરવું શું? અહીં તો હજી પરભાવને છોડવીમાં આખી લાંબી વ્યાખ્યા છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ પરભાવ છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પરભાવ છે. છોડ! એ ગતિનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

**'अप्पा झायहि णिम्मलउ'** હવે ત્યારે કરવું શું? ઇ તો નાસ્તિ થઈ. 'નિર્મલ આત્માકા ધ્યાન કર...' લ્યો! આ મોક્ષનો માર્ગ. ભગવાનઆત્મા નિર્મળ... નિર્મળ કેમ લીધો? કે, ઓલો અશુદ્ધ પર્યાય મલિન દેખાય છે ને? એ અશુદ્ધતાને છોડ, એમ કીધું. અશુદ્ધ જે વિકારી પર્યાય છે, પુણ્ય આદિ, એ તો છોડવા લાયક છે. ત્યારે હવે (કહે છે), આત્માનું ધ્યાન (કર). પણ આત્મા કેવો સમજ્યા વિના ધ્યાન કોનું કરશે? સમજાય છે કાંઈ? અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વસત્તાએ બિરાજમાન પૂર્ણાનંદનો નાથ કેવળજ્ઞાન સત્તાથી ભરેલું તત્ત્વ છે. એકલું કેવળજ્ઞાનથી ભરેલું તત્ત્વ છે. એવા ભગવાનઆત્માને, જેમાં અનંતા નિર્મળ ગુણો પડ્યા છે, નિર્મળ ગુણો પડ્યા છે. મલિનતાનો ત્યાગ, નિર્મળ ગુણોથી ભરેલો ભગવાન, એનું ધ્યાન એની પર્યાયમાં કર, એમ કહે છે.

**'अप्पा'** એ વસ્તુ છે. **'अप्पा'** એ વસ્તુ છે–નિર્મળ આત્મા. ધ્યાન કર, એ પર્યાય છે. શું કીધું? મોક્ષના સુખનો ઉપાય, એ મોક્ષનો માર્ગ. આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ, આ એનું ધ્યાન કરવું તે મોક્ષનો માર્ગ છે. ધ્યાનમાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે આવી ગયા. પોતાની સત્તા શુદ્ધ સત્તાવાળો પદાર્થ, અશુદ્ધ મલિનતાનો જ્યાં ત્યાગ (થયો) ત્યાં શુદ્ધ સત્તાને આદરવું. એ શુદ્ધ સત્તાનો આદર કરવો, ધ્યાન કરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. હવે આમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વ્યવહાર રત્નત્રય મોક્ષનો માર્ગ, એનો નિષેધ થઈ જાય છે. અરે...! પણ શાસ્ત્રમાં મોક્ષના માર્ગ બે કહ્યા છે. મોક્ષના માર્ગ બે–નિશ્ચય અને એક વ્યવહાર. અરે...! હાલ.. હાલ...! મોક્ષમાર્ગ બે કેવા? માર્ગ તો એક જ છે. આત્માનું ધ્યાન કરવું એ એક જ મોક્ષનો માર્ગ છે.

ભગવાનઆત્મા શુદ્ધ સહજાનંદની મૂર્તિ, તેમાં સાવધાનપણે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં એને આશ્રય બનાવવો એ એક જ મુક્તિનો માર્ગ છે. સંવર, નિર્જરાનો માર્ગ આ એક જ આત્મા તરફનું ધ્યાન તે સંવર, નિર્જરાનો માર્ગ છે. સમજાણું કાંઈ? ભાઈ પાંચ હાથ બહારમાં બાધા લીધી, લ્યો! પણ ધૂળમાં બાધા શું કામની તારી? બાધા અંદરમાં હાથ જોડ કે, પુણ્ય-પાપના બેય વિકલ્પો છોડવા જેવા છે. નિર્વિકલ્પ આત્માનું ધ્યાન તે આદરવા જેવું છે. એણે ખરા પ્રત્યાખ્યાન ને પચ્ચખાણ કર્યાં. બાકી તો અજ્ઞાનના પચ્ચખાણ છે. સમજાણું આમાં? જુઓ!

**'अप्पा झायहि'** બહુ ટૂંકામાં વાત (કરી છે). આત્મા, એને ઓળખ. આત્મા એટલે પુણ્ય-પાપ વિનાનો, એક સમયની પર્યાય જેવડો નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જેના અંતર્મુખના અવલોકે સંસાર(ની) ક્યાંય ગંધ રહેતી નથી. એવા આત્માનું નિર્મળ.. પાછું તે નિર્મળ. નિર્મળ છે ને? ઓલી મલિન પર્યાયને છોડવાનું કીધું. નિર્મળ આત્મા ત્રિકાળી, એનું ધ્યાન કર. લ્યો! આ મોક્ષનો માર્ગ. આમાં સામાયિક ને પોષા ને પડિકમ્મણા ને એ કે દિ', ક્યાં આવશે?

મુમુક્ષુ :– ધ્યાનનો પર્યાય જ સામાયિક છે.

ઉત્તર :– એ સામાયિક છે. આત્મા અખંડાનંદ પ્રભુ, એની સામું જોઈને એકાગ્ર થવું એનું નામ સામાયિક છે. એનું નામ પૌષધ છે, એનું નામ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'णिम्मलउ अप्पा झायहि'** 'નિર્મળ આત્માનું ધ્યાન કર...' ભગવાન બિરાજે છે ને! કહે છે. પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ કર, એનું જ્ઞાન કર અને એમાં સ્થિર (થા). એ ત્રણેને અહીંયાં ધ્યાનમાં સમાડી દીધું છે. એ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. આ શબ્દ 'તત્ત્વાર્થસૂત્ર'નો છે. એ ત્રણને અહીં ધ્યાનમાં સમાડી દીધા. આહાહા..! અને ત્રણેને આત્મા શુદ્ધ પવિત્ર, એના તરફનો ઝોંક, શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ (થયા) એને અહીંયાં ધ્યાન કહે છે. એ આત્મા નિર્મળનું ધ્યાન તે જ મોક્ષનો માર્ગ અથવા મોક્ષસુખનું કારણ છે, એ પૂર્ણ સુખનું કારણ છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ અહીંયાં, જે ઓલો શુભભાવ આદિ હતો ને? એ આત્મધ્યાન નહોતું, એ પરધ્યાન હતું. સમજાય છે? સાધુના અઠ્યાવીસ મૂળગુણ એ પરભાવ, પરધ્યાન (છે), આ આત્મધ્યાન નહિ. એ પરધ્યાન હતું, પરભાવનું ધ્યાન હતું. ભારે વાતું, ભાઈ! ભગવાનઆત્મા, પોતાના શુદ્ધ નિર્મળ સ્વભાવને, અંતર્મુખની દૃષ્ટિ કરીને સ્થિરતા–ધ્યાન કરે. એક જ આત્માના પૂર્ણ આનંદરૂપી મોક્ષસુખ, એનો આ એક જ ઉપાય છે. જુઓ! આમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બે મોક્ષમાર્ગ છે એમ છે નહિ. આ આત્માનું ધ્યાન એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

એ તો હજી આગળ આવશે. અહીં તો પહેલેથી સિદ્ધ કરતું જાય છે.

'अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि' દેખો! એક-બે પદમાં કારણ અને કાર્ય બે બતાવ્યા. પહેલામાં આત્મા શુદ્ધ ભગવાન, પવિત્ર (છે). એ વ્યવહારના વિકલ્પથી જુદો (છે), એનું ધ્યાન કર, આને (પરભાવને) છોડ. અહીં ધ્યાન કર તો 'लहेवि'. 'जिम' પામે. શું? 'जिम' એટલે 'જિસસે...' જેનાથી 'सिवसुक्ख लहेवि'. મોક્ષના સુખને તું 'પા સકે.' લ્યો! એ આત્માના પૂર્ણ આનંદના સુખને પામી શકાય. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! આમાં ભગવાનની મૂર્તિ ને પૂજા ને જાત્રા-બાત્રા તો ક્યાંય આવી નહિ, હોં! આમાં. એ પરભાવ શુભ હોય એનું લક્ષ છોડ, અહીં ધ્યાન કર. એટલું મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- શું બરાબર છે? પણ હજી તમારે મંદિર કરવું છે ને બરાબર? અત્યારથી હોંશ ઊડી જશે.

મુમુક્ષુ :- ઇ તમારે માટે નથી.

ઉત્તર :- બેના માર્ગ જુદા હશે? આ તો અમારે કહે ને, હોંશ ઊડી જાય, હોંશ ઊડી જાય. હોંશ ઊડી જાય છે શું કરવા? એને યથાર્થ તત્ત્વની દૃષ્ટિ થાય કે, ઓ..હો...! આપણે આ કરી શકતા નથી, થવા કાળે થાય છે. વિકલ્પ, રાગ આવે છે એ પણ મારે ત્યાં એકાગ્ર રહેવા જેવું નથી. એમ થાય. આહાહા..! ત્યારે ઓલા કહે, વાત કરે છે સારી, પણ પાછા લાખોના મંદિરો કરાવે છે. કોણ કરાવે છે પણ? સાંભળ તો ખરો. ગામોગામ મંદિરો પાછા. 'વાંકાનેર', 'મોરબી', 'રાજકોટ' ને 'ગોંડલ' ને 'જેતપુર' ને 'પોરબંદર' હેં? આની કોરના ઘણા બધા રહી ગયા. 'લાઠી' ને 'વીંછીયા' ને 'બોટાદ' ને 'લીંબડી' ને 'વઢવાણ 'કાંપ' ને 'જોરાવરનગર' ચારેકોર દેરાસર, દેરાસર.

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ વખતે એ પર્યાયો ત્યાં થવા કાળે થાય છે. જેને તેનો પ્રેમ હોય છે, એ શુભભાવને ત્યાં નિમિત્ત કહેવાય છે. એવો ભાવ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ એ વ્યવહાર બંધનું કારણ છે એમ એણે જાણવું જોઈએ. કહો, સમજાણું? 'બાબુભાઈ'! આ ૯૯ જાત્રા કરીને મોક્ષ થાય એ હરામ (છે), અહીં ના પાડે છે. આ બધા ન્યાં મંદિર બાંધવામાં પડવાના છે. આ પણ અહીંથી જાવાના છે. હેં?

કરે છે ક્યાં? કરતો જ નથી. અહીં તો વાંધા ઇ છે. કરે કોણ? ત્યાં રજકણોની અવસ્થા થવા કાળે થાય તેને કરે કોણ? એ તો અહીં માંડી છે. સવા ત્રણ-ત્રણ વર્ષ થવા આવ્યા તોય તમારું ચાલતું નથી. કરવું હોય તો થાય, તો અત્યાર સુધી કેમ થયું નહિ? અહીં તો કહે છે કે, એ સંયોગે ત્યાં આગળ જે રજકણની રચના થવા કાળે થયા વિના રહેવાની

www.vitragvani.com



નથી. તેમાં આત્માના શુભ પરિણામનો અધિકાર નથી કે, શુભ પરિણામ કર્યાં માટે થયું અને શુભ પરિણામ થયા માટે આત્મામાં અહીં એકાગ્રતા થાશે એમ પણ નથી. શુભ થયા માટે ન્યાં થયું એમ નથી અને શુભ થયા માટે આત્મા તરફ જવાય છે એમ પણ નથી. આરે...! આહાહા..! આ માર્ગ વીતરાગનો (છે). આહા..! કહો, 'પ્રવીણભાઈ'! શુભભાવ કર્યાં માટે થયું એમેય નહિ અને શુભભાવ થયો માટે આત્મામાં અંતરમાં એકાગ્ર થવાનું સહેલું પડશે (એમેય નહિ). એ.. 'મોહનભાઈ'! એણે તો કરાવ્યું છે પહેલું, હવે ક્યાં છે એને? ઈ ઘણા બધા કહે છે, હોં! કે, વાત તો બહુ ઊંચી કરે છે, સાચી લાગે છે, પણ પાછું આ પૂજા ને ભક્તિ ને લપ તો મોટા મોટા ગામોગામ વધાર્યે જાય છે. એ...ઈ...! 'ચીમનભાઈ'! હેં? પણ બાપુ! તને ખબર નથી. કોણ વધારે? એ તો એને કાળે થાય છે. કોઈના કર્યાં થાતા નથી.

અહીં તો ઘણા વર્ષ પહેલા મંદિર કરવાનો ભાવ હતો, લ્યો! પહેલા જ્યારે (સંવત) ૧૯૯૫માં ગયા ને? ત્યારથી વાત હતી. એક સ્ફટિકની મૂર્તિ લાવો. ક્યાં? 'ઘોઘા'માં હતી. ક્યાં ગયા 'શાંતિભાઈ'? સૂઈ ગયા હશે. સમજાણું? સ્ફટિકની મૂર્તિ 'ઘોઘા'માં છે એને અહીં લાવી મૂકજો. એવી વાતું ચાલતી હતી, આપણે સાંભળતા હતા. ન આવ્યું તો ન થયું. ન હોય તો શું થાય? એ (સંવત) ૧૯૯૭માં થવાનું હતું તે થયું. ભાઈ! એ વાતું એવી છે. પરના કાર્યને આત્મા કરે એ તો બહિરાત્મા પરને (અને) પોતાને બેને એક માને છે. જુદાં માનવાની એની યોગ્યતા નથી. ત્યાં સુધી ચાર ગતિના ભયથી બીનો નથી. આહાહા..!

'जिम सिवसुक्ख लहेवि' જુઓ! મોક્ષના સુખને પામે. એક વાત છે. ચાર ગતિમાં સુખ નથી, એમ સિદ્ધ કર્યું. શિવસુખને પામે. શિવ એટલે મોક્ષ, હોં! શિવ એટલે શંકરનું સુખ, એમ નહિ. શિવસુખ નથી આવતું? નમોત્થુણુંમાં શબ્દમાં. શિવ લહ્યો શિવ એટલે નિરૂપદ્રવ. ઉપદ્રવ વિનાના આત્માના આનંદની (પ્રાપ્તિ). નમોત્થુણંમાં આવે છે. અર્થ પણ ક્યાંથી આવડતો હોય? 'સિવમલયમરુયમણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ' આવે છે ને? કોને ખબર એકેય શબ્દની? ગડિયા હાંકે જાય.

અહીં ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલું 'યોગીન્દ્રદેવ' કહે છે. આત્મા શું છે એને પહેલો જાણજે અને પછી તેનું ધ્યાન કરજે. એટલે કે દૃષ્ટિનો પલટો મારજે. આમ (બહિર્મુખ) દૃષ્ટિ છે, આમ (અંતર્મુખ) કરજે. એનાથી–ધ્યાનથી શિવસુખ પામીશ. એ સિવાય મોક્ષના સુખની પ્રાપ્તિનો બીજો ઉપાય વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં નથી, બીજે તો છે નહિ. પાંચમી (ગાથા પૂરી) થઈ.

www.vitragvani.com



આત્માના ત્રણ પ્રકાર છે.

तिपयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु।
पर झायहि अंतर सहिउ बाहिरु चयहि णिभंतु।।६।।

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;
થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મસ્વ રૂપ. ૬.

અન્વયાર્થ :- (अप्पा तिपयारो मुणहि) આત્માને ત્રણ પ્રકારે જાણો (परु) પરમાત્મા, (अंतरु) અંતરાત્મા (बहिरप्पु) બહિરાત્મા (णिभंतु) ભ્રાંતિ અથવા શંકારહિત થઈને (बाहिरु चयहि) બહિરાત્માપણું છોડી દ્યો; (अंतर सहिउ) અંતરાત્મા થઈને (पर झायहि) પરમાત્માનું ધ્યાન કરો.

---

છઠ્ઠી. હવે ત્રણ પ્રકારના આત્મા (કહે છે). આત્મા.. આત્મા કરે છે ને? પણ આત્માની પર્યાયના ત્રણ પ્રકાર છે. પર્યાયના, હોં! સમજાણું કાંઈ? એકલા બધા આત્મા અનાદિ નિર્મળ જ છે, એમ કહે છે એ ખોટું. એકલા મલિન જ છે એમ કહે છે એ ખોટું. આ ત્રણ પ્રકારના આત્મા. સમજાણું કાંઈ? 'આત્મા તીન પ્રકાર સે હૈં.'

तिपयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु।
पर झायहि अंतर सहिउ बाहिरु चयहि णिभंतु।।६।।

'આત્માકો તીન પ્રકાર જાનો.' આત્માની પર્યાય-અવસ્થાથી, હોં! અવસ્થાથી. દ્રવ્યરૂપે તો ત્રિકાળ એકરૂપ છે. પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં ભૂલ, ભૂલનું ટળવું અને નિર્ભૂલની પૂર્ણની પ્રાપ્તિ બધી પર્યાયમાં છે. શું કીધું ઇ? બહિરાત્મપણું પણ એની પર્યાયમાં છે. રાગ, પુણ્યને પોતાના માનવા એ એની પર્યાયમાં છે. અંતરાત્માપણું-આત્મા શુદ્ધ છે એમ માનવું એની પર્યાયમાં છે અને પૂર્ણ પરમાત્માપણે પરિણમવું એ પણ એની પર્યાયમાં છે.

'આત્માકો તીન પ્રકાર જાનો. પરમાત્મા,...' પહેલું એ લીધું. ઉત્કૃષ્ટ પરમાત્મદશા. શક્તિરૂપે પરમાત્મા તો દરેક આત્મા છે. શું કીધું? જે પરમાત્માની પર્યાય પ્રગટ થવાની છે, સાદીઅનંત, એ બધી શક્તિઓ વર્તમાન અંતરાત્મામાં પડી છે. વર્તમાન શક્તિ પડી છે. પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ અહીંયાં પરમાત્માની વાત કરે છે. સમજાણું કાંઈ? અપ્રગટપણે શક્તિપણે તો દરેક આત્મામાં જેટલી પરમાત્માની પર્યાય પ્રગટ થવાની એ બધી અપ્રગટપણે, શક્તિપણે અંદર આત્મામાં અત્યારે પડી છે. સમજાણું કાંઈ? પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ પરમાત્મા થાય તેને અહીં પરમાત્મા ગણવામાં આવ્યા છે. આહાહા..!

www.vitragvani.com



'અંતરાત્મા,...' બીજો અંતરાત્મા. પરમ પૂર્ણ થઈ ગયો. અંતર વસ્તુ જે પરમાત્મ શક્તિ છે અને એ અંતરાત્માની બધી પર્યાયો એ પણ બધી શક્તિઓ અંદર છે અને બહિરાત્માની બધી પર્યાયોની પણ શક્તિઓ અંદર પડી છે. બધી પડી (છે), એક સમયમાં બધી પડેલી છે. એમાં એને આત્મા રાગથી, પુણ્યથી ભિન્ન નિર્વિકલ્પ શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ એને પર્યાયમાં પ્રગટ્યું નથી પણ વસ્તુએ આવો છે એમ જેણે શ્રદ્ધા-જ્ઞાનથી, ધ્યાન કરીને નક્કી કર્યું છે એને વર્તમાન દશાની નિર્મળતાના, અપૂર્ણ નિર્મળતાની અપેક્ષાએ એને અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'वहिरप्पु', 'वहिरप्पु'. એ બહારમાં આત્મા માનનારો. અંતરમાં ભલે પરમાત્મ શક્તિ, અંતરાત્મ શક્તિ, બહિરાત્મ શક્તિ બધી પડી છે. સમજાણું કાંઈ? પણ જે વર્તમાન અવસ્થામાં બહાર, બહાર, ભગવાન પૂર્ણ શુદ્ધ નિર્મળાનંદ (છે) એ સિવાયના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, દેહાદિની ક્રિયાને પોતાની માનનારો, એમાંથી હિત માનનારો. જેનાથી હિત માને તેને જુદી માની શકે નહિ. તેને બહિરાત્મા કહેવામાં આવે છે.

અહીં એમ ન કહ્યું કે, આટલી ક્રિયા નથી કરતો માટે તે અંતરાત્મા છે. બહારની. અને આટલી ક્રિયા અંદરમાં રાગની કરે માટે બહિરાત્મા છે. એ રાગાદિની ક્રિયા દયા, દાન, વ્રતના પરિણામ જે આસ્રવ તત્ત્વ છે, એ બહિર્ તત્ત્વ છે. એને આત્માના હિત (કરનારા છે એમ) માનનારો બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

'वहिरप्पु' 'બહિરાત્મા...' અથવા કોઈપણ કર્મજન્ય ઉપાધિના સંસર્ગમાં આવીને ક્યાંય પણ ઉલ્લસિત વીર્યે, ઉલ્લસિત વીર્યે હોંશ કરવી એ બહિરાત્મા છે. શું કહ્યું? ભગવાનઆત્માને આનંદમૂર્તિના ઉલ્લસિત વીર્યનો આદર છોડી દઈને, બહારના કોઈપણ કર્મજન્ય ઉપાધિભાવ કે સંયોગ કંઈપણ સંસર્ગમાં આવતાં આમાં ઉલ્લસિતપણે અંદર વીર્ય ઉલ્લસિત થઈ જાય... આ...! આ..હા..! એમ પરમાં વિસ્મયતા થાય તેને બહિરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! અંતરના આનંદથી રાજી ન થયો. એ તો બહારના શુભાશુભ ભાવ અને એના ફળ, એના સંયોગો જે બાહ્ય, આત્માના સ્વભાવથી બહાર વર્તે છે. બહારમાં ખુશી થયો એને જ આત્માપણું માન્યું, એને બહિરાત્મા મિથ્યાદષ્ટિ કહે છે. આહાહા..!

છ ખંડનો રાજા, છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડેલો, એને અંતરમાં બાહ્ય ત્યાગ ન દેખાતા છતાં, અંતરના રાગનો વિવેક અને રાગનો ત્યાગ વર્તે છે. રાગનો વિવેક એટલે ભિન્ન અને આત્માની એકતામાં તેનો ત્યાગ વર્તે છે. બહિરાત્માને બાહ્ય ત્યાગ નગ્ન દિગંબર (થયો હોય), મહા અઠ્ઠાવીસ મૂળગુણ પાળે, ચામડા ઊતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. અંતરમાં તેને રાગનો અત્યાગ અને રાગની સાથે એકત્વબુદ્ધિ પડી છે એ બહિરાત્મા, બાહ્યબુદ્ધિમાં રાજી થનાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

શરીરની નિરોગતા મને સાધન થશે. શરીરની નિરોગતા મારા આત્માને સાધન થશે.

www.vitragvani.com



રોગ વખતે મને પ્રતિકૂળતા હતી, હવે શરીરમાં કંઈ નિરોગતા થઈ, કંઈ પૈસા આદિની સગવડતા થઈ, હવે હું નિરાંતે ધર્મધ્યાન કરી શકીશ. હવે શું છે? પણ છોકરા-બોકરા ઠેકાણે પડ્યા હોય તો સરખું રહેવાય, લ્યો! નહિ ત્યાં એની પાસે જાવું પડશે. આહાહા..! આત્મા સિવાય રજકણથી માંડીને બધી જાતની બાહ્ય ઋદ્ધિઓ, એમાં ક્યાંય અનુકૂળતા કલ્પી જવાય અને પ્રતિકૂળતાના સંગમાં ક્યાંય અણગમો એને કારણે થાય, એની બુદ્ધિ બહિરાત્મ છે. બહારમાં રોકાયેલી બુદ્ધિ છે. આહાહા..! એ તો પોતે આચાર્ય કરશે આગળ, હોં! અહીં તો હજી સાધારણ વાત કરે છે.

'ભ્રાંતિ અથવા શંકારહિત હોકર...' હવે ત્રણમાંથી ભ્રાંતિ અને શંકારહિત થઈને 'બહિરાત્મપના છોડ દે;...' એ શુભાશુભભાવથી માંડી આખા જગતની સામગ્રી, એ અનુકૂળ-પ્રતિકૂળતામાં ઉલ્લસિત વીર્યને છોડી દે. આહાહા..! એ હરખના હડકે ચડેલો તારો ભાવ એ બહિરાત્મા છે, કહે છે. અને પ્રતિકૂળ સામગ્રીમાં ખેદે ચડેલો ભાવ એ પણ બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

'ભ્રાંતિ અથવા શંકારહિત હોકર બહિરાત્મપના છોડ દે; અંતરાત્મા હોકર...' ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, એવી દશાને પ્રાપ્ત કરી, અંતરાત્માની દશાને બહિરાત્માની શ્રદ્ધા-જ્ઞાનથી ત્યાગ કરી, શ્રદ્ધા-જ્ઞાનમાં બહિરાત્મ બુદ્ધિનો ત્યાગ કરી, શ્રદ્ધા-જ્ઞાનમાં અંતરાત્માને ગ્રહણ કરી, પરમાત્માનું ધ્યાન કર. અંતરાત્માનું ધ્યાન નથી કરવાનું રહ્યું પછી. સમજાણું કાંઈ?

### અલૌકિક ગાથા ને અલૌકિક ટીકા!

આ અલૌકિક ગાથાઓ છે અને અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા પણ એવી જ અલૌકિક કરી છે. ટીકામાં ક્રમબદ્ધપર્યાયની વાત કરીને તો આચાર્યદેવે જૈનશાસનનો નિયમ અને જૈનદર્શનનું રહસ્ય ગોઠવી દીધું છે. ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ છે, તે તો જ્ઞાતાદૃષ્ટાપણાનું જ કાર્ય કરે છે. ક્યાંય ફેરફાર કરે એવો તેનો સ્વભાવ નથી ને રાગને પણ ફેરવવાનો તેનો સ્વભાવ નથી, રાગનો પણ તે જ્ઞાયક જ છે. જીવ ને અજીવ બધા પદાર્થોની ત્રણેકાળની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, આત્મા તેનો જ્ઞાયક છે. આવો જ્ઞાયક આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## બહિરાત્માનું સ્વરૂપ

**मिच्छादंसणमोहियउ परु अप्पा ण मुणेइ।**
**सो बहिरप्पा जिणभणिउ पुण संसारु भमेइ।।७।।**

**મિથ્યા મતિથી મોહીજન, જાણે નહિ પરમાત્મા;**
**તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭.**

**અન્વયાર્થ :–** (**मिच्छादंसण मोहियउ**) **મિથ્યાદર્શનથી મોહી જીવ** (**परु अप्पा ण मुणेइ**) પરમાત્માને **જાણતો નથી** (**सो बहिरप्पा**) **એ જ બહિરાત્મા છે** (**पुण संसारु भमेइ**) તે વારંવાર સંસારમાં **ભ્રમણ** કરે છે; (**जिणभणिउ**) **એમ શ્રી જિનેન્દ્રદેવે કહ્યું છે.**

---

વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૫, બુધવાર
તા. ૦૮-૦૬-૧૯૬૬
ગાથા–૭ થી ૯. પ્રવચન નં. ૩

---

'યોગસાર', છઠ્ઠી ગાથા ચાલી. ત્રણપ્રકારના આત્માનું વર્ણન ચાલ્યું. પરમાત્મા, અંતરાત્મા અને બહિરાત્મા. જે પરમાત્મા.. જોકે પરમાત્મા જે છે એની શક્તિમાં અંદર અંતરાત્મા અને બહિરાત્મા તો છે, પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ આ વાત લીધી છે. '**पर झायहि अंतर सहिउ बाहिरु चयहि णिभंतु।**' પરમાત્માનું સ્વરૂપ જાણીને, અંતરાત્મા થઈને, બહિરાત્માપણું છોડીને પરમાત્માનું ધ્યાન કરવું. આ એનો સાર (છે). ત્રણ પ્રકારના (આત્મા) બતાવીને હેતુ શું? આ ત્રણ પ્રકારની પ્રગટ પર્યાયની વાત છે. સમજાણું? પરમાત્મા થયા એની શક્તિમાં તો બહિરાત્મા, અંતરાત્મા છે, પણ પ્રગટરૂપે પર્યાય છે એની અહીં વાત છે ને?

અંતરાત્મા છે એને આત્માનું ભાન થયું. એને પરમાત્માની શક્તિ પણ અંદર પડી છે અને બહિરાત્માની શક્તિ પણ પડી છે. બહિરાત્મા બાહ્ય છે. રાગાદિને પોતાના માને છે, પણ અંદર શક્તિમાં અંતરાત્મા, પરમાત્માની બધી શક્તિ પડી છે. એમ ત્રણે પ્રકારની શક્તિ દરેક જીવમાં છે. એમાંથી પરમાત્માનું સ્વરૂપ જાણી અંતરાત્મા થઈ, બહિરાત્માને છોડી, પરમાત્માને પામવા ધ્યાન કરવું. એમ એનો સાર છે. હવે સાતમી. 'બહિરાત્માકા સ્વરૂપ.'

**मिच्छादंसणमोहियउ परु अप्पा ण मुणेइ।**
**सो बहिरप्पा जिणभणिउ पुण संसारु भमेइ।।७।।**

'**मिच्छादंसणमोहियउ**' લ્યો! ઇ શબ્દ આવ્યો. ઓલામાં મિથ્યાદર્શન હતો ને? ઇ.

www.vitragvani.com



'મિથ્યાદર્શનસે મોહી જીવ...' લ્યો! અહીં કર્મ કાઢી નાખ્યું. અહીં નથી લખ્યું. અનાદિકાળનો આત્મા મિથ્યાશ્રદ્ધાનથી મોહી થયેલો રાગને પોતાનું સ્વરૂપ માને, પુણ્યના ફળને પોતાનું માને, પાપના ફળમાં દુઃખી છું એમ માને, એવા અનાદિકાળથી ભ્રમણામાં જ્ઞાનના ક્ષયોપશમથી જ્ઞાનનો કંઈક વિકાસ થયો તો પંડિતાઈ (કરી), હું પંડિત છું એમ માને. ક્ષયોપશમ ઓછો હોય તો દીન છું એમ માને. એ બધા મિથ્યાદર્શનને લઈને મોહિત થયેલા જીવો છે. કહો, સમજાય છે કાંઈ?

મારું સ્વરૂપ એક સમયમાં ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ છે, એનો અંતરમાં અનુભવ–વેદન, આશ્રય કરતો નથી. મિથ્યાશ્રદ્ધા દ્વારા કર્મના ઉદયથી મળેલી સામગ્રી– બાહ્ય અને અભ્યંતર. સમજાણું કાંઈ? અભ્યંતર એટલે શું? રાગ-દ્વેષ. ઘાતિકર્મના નિમિત્તથી અંદર મળેલો પુણ્ય-પાપ, રાગ-દ્વેષનો ભાવ. અઘાતિથી મળેલા બહારમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ. એ બધી ચીજોમાં હુંપણું સ્વીકારતો, એમાં હું છું, એ મારા છે એમ માનતો મિથ્યાદર્શનથી મોહિત થયેલો (છે).

'परु अप्पा ण मुणेइ' 'પરમાત્માકો નહીં જાનતા...' સમજાય છે કાંઈ? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમૂર્તિ અનંત દર્શન, જ્ઞાન સંપન્ન, સમૃદ્ધિવાળું એ કોણ છે એને નથી જાણતો. ફક્ત બહારની અલ્પજ્ઞ અવસ્થા, રાગ અવસ્થા અને બહારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં હા-ના અસ્તિત્વનો સ્વીકાર, ત્યાં દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ? કહો, થોડા પૈસા મળે ત્યાં કહે, આપણે પૈસાવાળા. પૈસાવાળા નથી, એમ કહે છે. અનંત લક્ષ્મીવાળો–આનંદવાળો છે. લક્ષ્મીવાળો નથી, મૂઢ છે, મફતનો માને (છે), એમ કહે છે.

મુમુક્ષુ :– મફતનો હોય? મજા કરે છે.

ઉત્તર :– મજા કરે છે–રખડવાની.

'मिच्छादंसणमोहियउ' જુઓ! અહીંયાં કંઈ કર્મને લઈને મોહ્યો છે એમ નથી. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, અનાકુળ આનંદ, એને સ્પર્શ્યા વિના–એને અડ્યા વિના, આ બાહ્યની ચીજો કર્મના નિમિત્તથી મળેલી–અભ્યંતર અને બાહ્ય, એ બધી કર્મસામગ્રી છે, આત્મસામગ્રી નથી. શુભાશુભભાવ થાઓ, અસંખ્ય પ્રકારના શુભ-અશુભ કે બહારની અનંત પ્રકારની સામગ્રીઓની અનુકૂળતા-પ્રતિકૂળતા, એ બધું કર્મના ફળનું સામ્રાજ્ય છે. એમાં ચૈતન્ય નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? પણ એને જ્યાં પાસ થાય એને હું પાસ થયો, એમ માને તો મિથ્યાદર્શનથી મોહિત થયેલો છે, એમ અહીં તો કહે છે.

મુમુક્ષુ :– તો શું નાપાસ થયેલો માને?

ઉત્તર :– પણ એ અજ્ઞાનમાં પાસ-નાપાસ એ તો એક કર્મની સામગ્રીનું ફળ છે. એટલો જરી ક્ષયોપશમ હોય અને એમાં એ ભાવ આવ્યો, એ કંઈ આત્માનો સ્વભાવ નથી. મિથ્યાદર્શનથી મોહિત પ્રાણી એમાં ખુશી થાય છે એને પોતાનું સ્વરૂપ માને છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ આમાં કહે છે. કહો, સમજાણું કે નહિ?

મુમુક્ષુ :– બહુ લાંબી વ્યાખ્યા કરી.

ઉત્તર :– લાંબી હશે કે નહિ? એ.. 'ભરતભાઈ'! છોકરા શું કરવા ના પાડે? આહાહા..!

'परु अप्पा ण मुणेइ' જોયું? ભગવાન પૂર્ણાનંદ એક સમયમાં અનંત સમૃદ્ધિનું પૂર્ણ સ્વરૂપ પ્રભુ આત્માનું (છે), એને ન માનતા બહિરાત્મા મૂઢ થઈને, એ અલ્પજ્ઞ અવસ્થાને કે વિકારને કે બાહ્ય સંયોગને એ મિથ્યાદૃષ્ટિ જીવ મોહિત થયેલો (પોતાનું) માને છે. આહાહા..!

મુમુક્ષુ :– એની વ્યાખ્યા જ એમ કરી – 'परु अप्पा ण मुणेइ'.

ઉત્તર :– હા, 'ण मुणेइ' – જાણતો નથી. અહીં જાણતો નથી અને આમ માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? બે જ વાત.

ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદનું ધામ એકલું. તે પણ પૂર્ણ આનંદ, જ્ઞાન. અહીં અપૂર્ણ પર્યાયની વાત નથી. પૂર્ણ ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ એકરૂપ અભેદ ચિદાનંદ પ્રભુ, એવા આત્માને ન શ્રદ્ધતો, ન માનતો, એવડી મોટી સત્તાના સ્વીકારને સ્વીકારમાં ન કરતો, અલ્પજ્ઞ રાગ-દ્વેષની પર્યાયના સામગ્રીનો સ્વીકાર કરીને ત્યાં મોહિત થયેલો મૂર્ઝાઈને પડ્યો છે. એને બહિરાત્મા કહે છે. અંતર સ્વભાવની પ્રતીત નથી અને બાહ્યની પ્રતીત (છે) એને બહિરાત્મા કહે છે. કહો, સમજાણું આમાં?

અંતર સ્વભાવ મહાન પરમાત્મસ્વરૂપ છે, પરિપૂર્ણ આનંદ, જ્ઞાનાદિ છે એની શ્રદ્ધા ને જ્ઞાન કરતો નથી. 'परु अप्पा ण मुणेइ' એમ. પોતાનું પરમાત્મસ્વરૂપ જે પૂર્ણ શુદ્ધ, ધ્રુવ પરિપૂર્ણ (છે) એને જાણતો નથી પણ 'मिच्छादंसण मोहियउ'. બહારમાં મોહિત થઈ ગયો છે. 'सो बहिरप्पा' તેને ભગવાને બહિરાત્મા કહ્યો છે. જુઓ! 'जिणभणिउ' છે ને? 'जिण' નામ વીતરાગ ભગવાનના મુખમાં એવી વાત આવી, એવા જીવોને બહિર્ – એનું બહિરમાં જ લક્ષ અને એનું અસ્તિત્વ એણે માન્યું છે. સમજાણું કાંઈ? કંઈ પુણ્યની સામગ્રી ઓછીવત્તી મળે, પાપની સામગ્રી પ્રતિકૂળ ઓછીવત્તી મળે, અંદરમાં શુભાશુભ ભાવ ઓછાવત્તા થાય અને જ્ઞાનનું ઓછાવત્તાપણું પરલક્ષે ઉઘાડ થાય એને આત્મા માને છે. સમજાણું કાંઈ? એવડો આત્મા નથી. એને આત્મા માને છે. પણ ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ અંદર પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્મા જેને કહ્યો એ આત્મા તો પરમ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ એ વસ્તુ છે. એવી વસ્તુને ન સ્વીકારતો, આદર ન કરતો, આશ્રય નહિ કરતો પર તરફના વલણમાં એની બુદ્ધિ બહેર મારી ગઈ છે. સમજાણું કાંઈ? છતો પદાર્થ ભગવાન પૂર્ણ પ્રભુ, એવા છતાને ન સ્વીકારતો એક ક્ષણિક દશા જ્ઞાન, દર્શનની કે ક્ષણિક રાગની વિકારી (દશા) કે ક્ષણિક સંયોગી દશા, એને પોતાનું માને છે એ મિથ્યાદર્શનના મૂઢપણાને લઈને માને છે. કહો, સમજાણું કાંઈ? 'વહી બહિરાત્મા હૈ.'

'વહ વારંવાર...' 'पुण संसारु भमेइ' એમ. ફરીને સંસારમાં રખડશે. અનંતકાળ તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રખડ્યો પણ એ બુદ્ધિથી જેને મહત્તા આપી છે, એનાથી એ છૂટશે નહિ. પુણ્ય-પાપના ભાવ, સંયોગ ને અલ્પજ્ઞ દશા આદિને મહત્તા આપી છે. તે મહત્તા એની દૃષ્ટિમાંથી છૂટશે નહિ તો એ અલ્પજ્ઞપણું, વિકાર અને સંયોગ એનો છૂટશે નહિ. ચાર ગતિમાં એ રખડશે. કહો, સમજાણું? છે કે નહિ? સામે પુસ્તક છે? અનાદિઅનંત લખ્યું છે ને? ઇ શ્લોક જોવા લખ્યું છે. ચોથો શ્લોક જોવા લખ્યું છે. કહો, સમજાણું આમાં?

'सो बहिरप्पा जिणभणिउ' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માએ એને– મિથ્યાદૃષ્ટિ જીવને બહિરાત્મા કહ્યો છે. કહો, સમજાણું આમાં કાંઈ? એ..ઇ...! છોકરાવ આમાં કાંઈ સમજાણું કે નહિ? એક કોર પરમાત્માનો પીંડલો પ્રભુ આખું દ્રવ્ય-વસ્તુ છે, એમ કહે છે. આત્મામાં. પરિપૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદાદિ આખી વસ્તુ એક કોર પડી છે. પોતે પ્રભુ. અને એક કોર એની વર્તમાન દશામાં અલ્પજ્ઞ જ્ઞાન, અલ્પ દર્શન, અલ્પ વીર્ય અને રાગ-દ્વેષની વિપરીતતા, સંયોગની અનુકૂળતા-પ્રતિકૂળતા પુણ્ય ને પાપને લઈને, એ બધાને પોતાનું માને છે. અહીં માનતો નથી એટલે અહીં એને (પોતાનું) માને છે. એનું નામ મિથ્યાદૃષ્ટિ અને બહિરાત્મા કહેવામાં આવે છે. એ બહિરાત્મા ફરી ફરીને ચાર ગતિમાં રખડવાના ભાવવાળો છે. 'संसारु भमेइ'. લ્યો! એ ભમશે. સમજાણું?

અહીં દાખલો જરી એણે આપ્યો છે. દારૂ પીને જેમ ચેષ્ટાઓ થાય એ બધી ચેષ્ટાને મૂરખ પોતાની માને. દારૂ પીને પછી ચેષ્ટા થાય ને? આમ થાય, આમ કરે ને આમ કરે ને આમ કરે... એ બધી ચેષ્ટા પોતાની માને. એમ કર્મના સંયોગથી થયેલી ચેષ્ટાઓ વિકાર અને પર, એ બધીને મિથ્યાભાવથી મિથ્યાત્વભાવનો મદિરા પીધેલો, એને લઈને કર્મના ભાવથી થતી ચેષ્ટાઓ, પુણ્ય-પાપ ભાવ આદિ, કર્મ મંદ પડે અને ઉઘાડ આદિ એ બધી કર્મની ચેષ્ટાઓ છે. સમજાય છે? એ બધા ભાવને પોતાના માને છે. સમજાણું કાંઈ? દારૂ પીને જેમ બધી ચેષ્ટાઓ થાય અથવા કો'કના શરીરમાં ભૂતડું વળગ્યું હોય, ભૂત! આવે છે ને આપણે? 'સમયસાર'માં. પછી ભૂત જેવી ચેષ્ટા થાય એ માને તે આ મારી (ચેષ્ટા) થઈ. એ..ઇ...! આવે છે કે નહિ? હેં? ભૂતાવિષ્ટ. ભૂત પેઠું હોય પછી આ થાય તો જાણે કે આ બધી મને થાય છે. હું જ્ઞાનાનંદ ભિન્ન આત્મા, આ આત્મા ભિન્ન છે એવું એને ખબર નથી. એ ભૂતની ચેષ્ટા એ મારી. એમ અનાદિના કર્મના સંગની ચેષ્ટા-અભ્યંતર અને બાહ્ય, એ બધી મારી (એમ અજ્ઞાની માને છે). સમજાણું કાંઈ? એ ભૂત છે, ભૂત!

આ શેની વાત ચાલે છે? માટે પૂરું નથી જાણતો માટે જાણવું. એક સમયમાં ભગવાન ચિદાનંદમૂર્તિ પૂર્ણ છે એની દૃષ્ટિ કરવી. એટલે એની સત્તાનો સ્વીકાર થતાં અલ્પજ્ઞ ને રાગ-દ્વેષ, સંયોગની સત્તા, સત્‌નો સ્વીકાર ભૂલી જશે. કહો, સમજાણું કે નહિ? 'ધીરુભાઈ'! આહાહા..! મોટા સંચાઓ ને... લ્યો! ચાલતા હોય ને પચીસ-પચાસ-સો માણસ કામ કરતા હોય, બસો માણસ કામ કરતા હોય. હેં?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– સંચાહોય માટે ચલાવવું ને...

ઉત્તર :– એ ભૂત. બધું કર્મની ચેષ્ટાઓના બધા ફળ છે. પુણ્ય-પાપના ફળ બહારમાં આવ્યા. અંદરમાં ઘાતિના ફળ રાગ-દ્વેષ આવ્યા. અલ્પજ્ઞપણું, રાગ-દ્વેષ વગેરે અંદર આવ્યું. ત્રણ કર્મને લઈને અલ્પજ્ઞ, અલ્પદર્શી અને અલ્પવીર્ય. એક કર્મને લઈને વિપરીતતા (આવી) અને બીજા કર્મને લઈને સંયોગો (મળ્યા). કહો! સમજાણું કે નહિ? કરવું શું આમાં? ઉત્સાહભંગ થઈ જાય. એ..ઇ...! ભણવામાં પાસ થાય તો મિથ્યાદર્શનથી માને કે હું હવે કાંઈક વધ્યો. શું હશે? એ..ઇ...! 'આશિષ'! શું કરવું આમાં?

ભાઈ! મોટો પરમેશ્વર એક કોર પડ્યો છે એને તું પુંઠ દઈને, આડ મારીને, એનાથી વિપરીત અલ્પ જ્ઞાનાદિ ને રાગાદિ વિકલ્પ અને સંયોગો, એનો સ્વીકાર કર તો પરમાત્મા ત્રિલોકના નાથનો અનાદર અને મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પુણ संसारु' ભગવાને એને બહિરાત્મા કહ્યો. 'ઐસા श्री જિનેન્દ્રને કહા હૈ.' એ ચાર ગતિમાં રખડે છે. લ્યો! એ સાતમો શ્લોક (પૂરો) થયો. આઠમો. આપણે તો આ શ્લોકનો સાર સાર કહેવો છે ને! આ બધું લખાણ વાંચીએ તો પાર ક્યાં આવે? એ તો બધા આધાર આપ્યા છે.

---

## અંતરાત્માનું સ્વરૂપ

जो परियाणइ अप्प परु जो परभाव चएइ।
सो पंडिउ अप्पा मुणहिं सो संसार मुएइ।।८।।

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮.

અન્વયાર્થ :– (जो अप्प परु परियाणइ) જે કોઈ આત્માને અને પરને અર્થાત્ પોતાનાથી ભિન્ન પદાર્થોને સારી રીતે ઓળખે છે (जो परभाव चएइ) તથા જે પોતાના આત્માના સ્વભાવ સિવાય અન્ય સર્વ ભાવોનો ત્યાગ કરી દે છે (सो पंडिउ) તે જ પંડિત, ભેદવિજ્ઞાની અંતરાત્મા છે. તે(अप्पा मुणहिं) પોતે પોતાનો અનુભવ કરે છે (सो संसार मुणइ) તે જ સંસારથી છૂટી જાય છે.

---

હવે 'અંતરાત્માનું સ્વરૂપ.'

जो परियाणइ अप्प परु जो परभाव चएइ।
सो पंडिउ अप्पा मुणहिं सो संसार मुएइ।।८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શું કહે છે? 'जो अप्प परु परियाणइ' 'જો કોઈ આત્માકો ઔર પરકો આપસે ભિન્ન પદાર્થ કો ભલે પ્રકાર પહિચાનતા હૈ...' શું કહ્યું? જે કોઈ સ્વરૂપ આત્મા પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાન એને જાણે અને એનાથી ભિન્ન અલ્પ જ્ઞાન, રાગ-દ્વેષ ને પર ચીજ બધી ભિન્ન (છે) એને પણ જાણે. (જાણે) બેયને. જે કોઈ આત્મા... સમજાય છે? 'આત્માકો ઔર પરકો...' બેયને 'આપસે ભિન્ન પદાર્થ કો ભલે પ્રકાર પહિચાનતા હૈ...' 'परियाणइ'ની વ્યાખ્યા કરી એ તો. પોતાથી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનાથી જુદું બધું, એને 'ભલે પ્રકાર પહિચાનતા હૈ...' જાણે છે. કહો, સમજાણું કાંઈ?

'जो परभाव चएइ' લ્યો! વહ 'અપને આત્માકે સ્વભાવકો છોડકર અન્ય સબ ભાવોંકા ત્યાગ કર દેતા હૈ...' શું કીધું? ભગવાનઆત્મા...! જુઓ! અંતરાત્માની વ્યાખ્યા. આ જગતમાં આને પંડિત કહેવાય, એને શૂરવીર કહેવાય, એને વીર કહેવાય. સમજાણું કાંઈ? કે જેણે આત્માના પૂર્ણ સ્વરૂપ અખંડાનંદને જાણ્યું અને એનાથી જુદી વિકાર અને પર આદિ વસ્તુને જાણી કે આ છે. બેની વચ્ચે જેનું ભેદજ્ઞાન થયું છે. સમજાય છે કાંઈ? એ 'परभाव चएइ' એ પોતાના શુદ્ધ સ્વભાવ, પરમાનંદના આશ્રયથી પરવસ્તુ, એને ઉત્પન્ન થયેલા ભાવ, તેનો આદર કરતો નથી એટલે કે તેને છોડે છે. તે વ્યવહાર, વિકલ્પને પણ અહીં છોડે છે. અંતર પરમાત્માના સ્વરૂપને જાણતો પરાદિના સ્વરૂપને જાણતો. જાણવાનું તો બેયનું કહ્યું. પછી સ્વભાવને જાણતો, આશ્રય કરતો વિકારાદિ પરિણામને છોડતો. છોડકર.

'सो पंडिउ' લ્યો! આ ઓછું જ્ઞાન હોય, વધારે હોય એની સાથે સંબંધ નથી. એને પંડિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ અગિયાર અંગ ભણ્યો હોય કે ન ભણ્યો હોય, પ્રશ્ન-ઉત્તર દેતા આવડે કે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. બીજાને સમજાવતાં આવડે કે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. ફક્ત ચૈતન્યાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ સ્વભાવ પરમાત્મા મારો, એને જાણ્યો એનાથી વિપરીત જેટલું પુણ્ય-પાપ, વિકાર કર્મની સામગ્રી આદિ જાણ્યા કે આ પર છે. એ સ્વભાવનો આદર કરીને પરનો આદર કરતો નથી એણે પરભાવને દૃષ્ટિમાં છોડ્યા છે. જુઓ! આ ત્યાગ થઈ ગયો. આ ત્યાગ વિના આગળ ત્યાગ એનો વધે નહિ. સમજાણું કાંઈ? અંતર સ્વભાવના આશ્રયના અવલંબન વિના પરના રાગનો ત્યાગ થાય નહિ અને એ રાગના ત્યાગ વિના બીજો ત્યાગ એને સાચો હોય નહિ. સમજાણું કાંઈ?

અંતરાત્મા, પંડિત, શૂરવીર, વીર, ભેદજ્ઞાની, લઘુનંદન. સમજાણું કાંઈ? એ પરમાત્માનો લઘુનંદન. કહે છે કે, એનું શું કાર્ય? પોતાના પૂર્ણ સ્વરૂપ શુદ્ધ આનંદ, એને જાણ્યું અને તેને અનુભવ્યું કે, આ જ આત્મા. એના સિવાય શુભ-અશુભ રાગ, દયા, દાન, વ્રતના પરિણામ એ બધા પરભાવ છે. એમ જેને દૃષ્ટિમાંથી છૂટી ગયા છે. દૃષ્ટિમાં જેનો ત્યાગ વર્તે છે, દૃષ્ટિમાં જેના ત્રિકાળ સ્વભાવનો આદર વર્તે છે. સમજાણું કાંઈ? આ એને ખરેખર પરભાવનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ત્યાગી (કહેવાય છે). એ જ કીધું છે ને? એ પરભાવનો ત્યાગ કરે છે. એને ખરેખર પરભાવનો ત્યાગ (છે), એને ત્યાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં?

અંદરમાં રાગાદિનો જ્યાં આદર વર્તે છે એને તો બધું, આખો સંસાર ગ્રહણપણે પડ્યો છે. એને જરીયે રાગનો ત્યાગ અંશે પણ નથી. એ તો બહારના નિમિત્તનો અસદ્ભુત વ્યવહારનયે ત્યાગ થયો એવું પણ એને નથી. પૂર્ણાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, અનંત ગુણની ગાંસડી, એવો આત્મા એવા સ્વભાવનો શ્રદ્ધામાં આદર છે, વેદન છે કે આ આત્મા. શુદ્ધની શ્રદ્ધા-જ્ઞાન દ્વારા, વેદન દ્વારા આ આખો આત્મા છે, એમ જેને સ્વભાવનું ગ્રહણ વર્તે છે. એ સિવાય પુણ્ય-પાપના રાગનો અંતરમાં દૃષ્ટિની અપેક્ષાએ ત્યાગ વર્તે છે. એને પંડિત અને જ્ઞાની અંતરાત્મા કહે છે. સમજાણું કાંઈ? આટલું બહારથી છોડ્યું હોય એ વાત અહીં નથી લીધી.

છ ખંડના રાજ હોય, બહારમાં છન્નુ હજાર સ્ત્રી હોય, અડતાલીસ હજાર પાટણ, બોંત્તેર હજાર નગર આદિની સામગ્રી હોય, એ સામગ્રી પર તરીકે જ્યાં દૃષ્ટિમાં આવી, એના તરફના વલણનો રાગ જ જ્યાં પર છે, મારા સ્વભાવમાં નથી, સ્વભાવમાં એ નથી અને એમાં હું નથી, એમ જ્યાં ભાન આવ્યું એટલે બધો દૃષ્ટિમાં તો ત્યાગ જ છે એને. આહાહા..! છ ખંડના રાજનો દૃષ્ટિમાં ત્યાગ છે. 'ધીરૂભાઈ'! આ ભારે વાત.

કીધું ને? 'चएइ', 'परभाव चएइ' કીધું ને? સ્વભાવનો આદર કરી, સ્વભાવને જાણી, પોતાને જાણીને. 'परियाणइ अप्प परु जो परभाव चएइ। सो पंडिउ अप्पा मुणहिं'. એ રાગાદિ મારા નથી. આ રાગના ફળ તરીકે બંધન અને બંધનના ફળ એ પણ મારા નથી. આખું છ ખંડનું રાજ મારું નહિ. ઇન્દ્રના ઇન્દ્રાસનો, સમ્યગ્દૃષ્ટિને અંતરાત્મામાં એ ઇન્દ્રના ઇન્દ્રાસનોનો દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે. સમજાય છે કાંઈ? અને આખો આત્મા પૂર્ણ સ્વરૂપ, તેને જાણતો તેને આદર વર્તે છે. કહો, સમજાણું આમાં?

બહિરાત્મામાં બહાર એક લંગોટી પણ ન હોય, નગ્ન દશા હોય. અંદરમાં પૂર્ણાનંદના નાથનો આદર નથી અને રાગના કણનો આદર છે એને આખા ચૌદ બ્રહ્માંડના પદાર્થનો અંદર શ્રદ્ધામાં આદર છે. સમજાણું કાંઈ? એને જરીયે ત્યાગ નથી. આહાહા..! 'परभाव चएइ' એ શબ્દ મૂક્યો છે ને? પરભાવ છૂટ્યા જ નથી. પણ સ્વભાવ કોણ છે એને જાણ્યા વિના આ ભિન્ન શી રીતે છૂટે? સમજાણું કાંઈ? પોષા, પડિકમ્મણામાં બેઠો હોય, સામાયિકમાં નામ ધરાવીને, પણ અંદરમાં પૂર્ણ શુદ્ધ અખંડ આનંદસ્વરૂપ એવા આત્માનું અંતરમાં જ્ઞાન અને આદર નથી. ત્યાં પરનું જ એકલું જ્ઞાન અને આદર વર્તે છે. દયા, દાન વિકલ્પ આદિનો આદર (વર્તે છે). એટલે એને એકલો પરમાત્માનો ત્યાગ વર્તે છે. એને પરમ સ્વભાવનો ત્યાગ વર્તે છે. એ..ઇ...! પરમાત્માનો ત્યાગ વર્તે છે. એને ત્યાગ છે કે નહિ પણ?

જ્ઞાનીને આખું રાજપાટ (હોય), ચક્રવર્તીના કે ઇન્દ્રોના રાજ (હોય તોપણ) ત્યાગ વર્તે

www.vitragvani.com



છે. અભ્યંતરમાં સ્વભાવની અધિકતાના મહિમામાં, આત્માના જ્ઞાનની અધિકતાના ભાનમાં બહારના પદાર્થો અને એના કારણ ભાવ-શુભાશુભભાવ કે બંધભાવ – કર્મ રજકણો, એ બધાનો જેને દૃષ્ટિમાં ત્યાગ છે. લ્યો! ઓહોહો...! હવે ઇ એમ માને કે આ તીર્થંકર પ્રકૃતિ બંધાય છે માટે મને લાભ થશે? અને આ શુભભાવ થાય છે એમાં મને ભવિષ્યમાં લાભ થાશે. જેને જે ભાવનો ત્યાગ વર્તે એનાથી લાભ થશે એમ માને છે? આ સ્વરૂપમાં એકાગ્ર થઈશ તો લાભ થશે, એમ માને છે. સમજાણું કાંઈ? કહો, 'પ્રવીણભાઈ'! ભારે માર્ગ આવો.

નગ્ન મુનિ થઈ બેઠા હોય, લ્યો! કહે છે કે, એક અંશનો ત્યાગ નથી. ત્યાગ હોય તો એને અંદર આખા પરમાત્માનો ત્યાગ છે અને ભોગ હોય તો ચૌદ બ્રહ્માંડનો એને ભોગ છે, ચૌદ બ્રહ્માંડનો (ભોગ છે). એને એક રાગના કણનો આદર છે એને આખા ચૌદ બ્રહ્માંડનો આદર છે. આ શું કહે છે પણ? 'जो परियाणइ अप्प परु जो परभाव चएइ।' આમ છૂટે છે, દૃષ્ટિમાંથી છૂટે છે. દૃષ્ટિના ભાવમાંથી જ્યાં સ્વભાવ આવ્યો નથી અને પરભાવ દૃષ્ટિમાંથી છૂટ્યો નથી એ બહારનો ત્યાગ કરે છે (એમ) કહે છે કોણ? (એમ) કહે છે. સમજાણું કાંઈ?

'सो पंडिउ' એને ભગવાન પંડિત કહે છે. સમજાય છે? ઓલામાં (-સાતમી ગાથામાં) એમ કહ્યું હતું ને? 'जिणभणिउ पुण संसारु भमेइ'. ભગવાને એમ કહ્યું હતું કે, બહિરાત્મા સંસારમાં ભમશે. આ પંડિત છે, એ તો જ્ઞાની છે, પંડિત છે. એ બધું આવડી ગયું. બાર અંગનો સાર (આવડી ગયો). આહાહા..! બાર અંગ ને ચૌદ પૂર્વમાં કહેવું હતું, જે વીતરાગપણાનો આદર, રાગનો આદર નહિ એ વાત એને આવી ગઈ. (એ) પંડિત છે, જા! સમજાણું કાંઈ?

'सो संसार मुएइ' લ્યો! છે ને છેલ્લો શબ્દ? 'વહ સંસારસે છૂટ જાતા હૈ.' દેખો! પરભાવને દૃષ્ટિમાંથી છોડે છે. જેને શ્રદ્ધામાં.. શ્રદ્ધા એટલે એકલી માન્યતા એમ નહિ. જે શ્રદ્ધાએ આત્મસ્વરૂપ પકડ્યું છે, જ્ઞાનથી વેદન પકડીને આખો પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ ગયો છે. સમજાય છે? એથી આત્માનું કોઈ રહસ્ય કંઈ બાકી રહેતું નથી. સ્વરૂપ દૃષ્ટિમાં આવી ગયું છે અને એનાથી વિરુદ્ધનો ત્યાગ વર્તે છે. તેથી એનો સંસાર છૂટી જશે, લ્યો! 'सो संसार मुएइ'. ઓલો સંસારમાં રખડશે એમ કહ્યું હતું ને? એની સામે આ. ઓલામાં કહ્યું હતું-'संसारु भमेइ'. બહિરાત્મા બાહ્ય ચીજોને, કર્મની સામગ્રીને, કર્મની સામગ્રી એટલે બધી (સામગ્રી). અલ્પજ્ઞપણું, અલ્પ વીર્યપણું, રાગ-દ્વેષપણું, સંયોગપણું, બાયડી, છોકરા બધું, હિનપણું, દીનપણું બધું (પોતાનું માને છે). સમજાણું કાંઈ? બહારની ચીજે અધિકપણું માન્યું અને સ્વભાવનું અધિકપણું દૃષ્ટિમાંથી છૂટી ગયું. બસ! એ સંસારમાં રખડશે. કારણ કે એની અધિકતા દૃષ્ટિમાંથી જતી નથી. એટલે નવા કર્મો બાંધશે અને ચાર ગતિમાં રખડશે. ભગવાન અંતરઆત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(પોતાનું માને છે). આની તો ખબર ન મળે અને બાહ્ય ત્યાગની વાતું કરવી. કહો, હવે.

મુમુક્ષુ :- પંચમકાળમાં એનાથી ધર્મ થાય.

ઉત્તર :- પંચમકાળમાં ધર્મ ધર્મની રીતે થાતો હશે કે બીજી રીતે થાતા હોય? મોઢેથી ખાતા હશે કે કાનથી ખાતા હશે પાંચમા આરામાં? હેં? મોઢેથી ખાય? પાંચમે આરે ફેર ન પડે. માર્ગ તે કાંઈ ફેર પડતો હશે?

અહીં તો કહે છે કે, 'અપને આત્માકા અનુભવ કરતા હૈ.' દેખો! 'अप्पा मुणहिं'. ભગવાનઆત્મા શુભાશુભ રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ પૂર્ણ જ્ઞાન, આનંદ સ્વરૂપ એવા આત્માને અંતરાત્મા (અનુભવે છે). અંતરાત્મા ચોથે ગુણસ્થાનથી છે કે નહિ? હેં? 'અપને આત્માકા અનુભવ કરતા હૈ.' એ ચોથાથી છે કે આ અંતરાત્મા આઠમા (ગુણસ્થાનથી) છે? આહાહા..! શું આમાં પાઠ છે? જુઓને! દેખો! 'सो पंडिउ' અંતરાત્માની વ્યાખ્યા છે, 'अप्पा मुणहिं'. જે જ્ઞાની આત્મા છે, સ્વ-પરને જાણે છે, પરભાવને છોડે છે એ પંડિત 'अप्पा मुणहिं' આત્માને જાણે. જાણવાનો અર્થ શું? 'सो संसार मुएइ'. જાણવાનો અર્થ ઇ અનુભવે છે. જુઓ! એણે અહીં અર્થ કર્યો છે. જાણવાની વ્યાખ્યા શું?

આપણે કળશટીકાકાર તો ઇ જ અર્થ કરે છે. જાણવાનો અર્થ શું? આ જ્ઞાન કરવું જોઈએ, એકલું? અંદર ઠરવું. આત્માનો અનુભવ કરવો, આનંદ સ્વરૂપનો અનુભવ (કરવો), એને જાણ્યું કહેવાય છે. આત્મા આમ પરમાં અનાદિથી ઠરેલો હતો એ દૃષ્ટિ ફરીને અંતરમાં આવ્યો તો ઠર્યા વિના શી રીતે અંદર આવ્યો? એ અંતરમાં સ્વરૂપઆચરણનો ભાવ પ્રગટ્યો. અનંતાનુબંધીનો અભાવ થયો, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ પ્રગટ્યું. સમજાણું કાંઈ? અત્યારે પંડિતોમાં એની મોટી તકરારું ચાલે છે. ઓલો કહે, હોય નહિ, ચોથે ફક્ત જ્ઞાન જ હોય. અનુભવ, આચરણ તો પાંચમે હોય. આવા પાક્યા છે ને! ઓલા થોરે કેળા પાકે. આ કેળે કાંટા પાક્યા. સમજાણું કાંઈ?

કહે છે, 'અપને આત્માકા અનુભવ કરતા હૈ...' જુઓ! 'શીતલપ્રસાદ' કેટલા અર્થ કરે છે! ભગવાનઆત્મા..! છે ને એનો શ્લોક? આમાં શ્લોક છે ઇ એણે નથી મૂક્યો? આમાં એનો શ્લોક એણે નહિ મૂક્યો હોય. એનો બનાવેલો છે એ નથી. એના ક્યાં બનાવેલ છે? એ તો બીજાએ બનાવ્યા છે ને? એ આમાં નથી.

'सो संसार मुएइ' એ સ્વરૂપનો આદર કરનાર, શુદ્ધ ચૈતન્યવસ્તુને અનુભવનાર, પરભાવને છોડનાર વચ્ચે ભેદજ્ઞાન થવાથી ક્રમે ક્રમે સંસારને મૂકી દે છે, છૂટી જશે, સંસાર રહેશે નહિ. એવા જીવને પંડિત અને જ્ઞાની અને વીર ને શૂરવીર એને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઘણા આધાર આપ્યા છે.

www.vitragvani.com



## પરમાત્માનું સ્વરૂપ

णिम्मलु णिक्कलु सुद्ध जिणु विण्हु बुद्धु सिव संतु।
सो परमप्पा जिणभणिउ एहउ जाणि णिभंतु।।९।।

નિર્મળ, નિકલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ શાંત,
તે પરમાત્મા જિન કહે, જાણો થઈ નિર્ભ્રાન્ત. ૯.

**અન્વયાર્થ :–** (**णिम्मलु**) જે કર્મ મળ અને રાગાદિ મળરહિત છે, (**णिक्कलु**) જે નિષ્કલ અર્થાત્ શરીરરહિત છે, (**सुद्ध**) જે શુદ્ધ અભેદ એક છે, (**जिणु**) જેણે આત્માના સર્વ શત્રુઓને જીતી લીધા છે, (**विण्हु**) જે વિષ્ણુ છે અર્થાત્ જ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોક વ્યાપી છે– સર્વના જ્ઞાતા છે (**बुद्धु**) જે બુદ્ધ છે અર્થાત્ સ્વ-પર તત્ત્વને સમજનાર છે (**सिव**) જે શિવ છે–પરમ કલ્યાણકારી છે, (**संतु**) જે પરમ શાંત અને વીતરાગ છે (**सो परमप्पा**) તે જ પરમાત્મા છે (**जिणभणिउ**) એમ જિનેન્દ્રદેવે કહ્યું (**पहड णिभंतु जाणि**) આ વાત તું નિઃશંકપણે જાણ.

---

નવમી (ગાથા). 'પરમાત્માનું સ્વરૂપ.' પહેલું બહિરાત્માનું કહ્યું, બીજું અંતરાત્માનું કહ્યું, હવે પરમાત્માનું (સ્વરૂપ) કહે છે.

णिम्मलु णिक्कलु सुद्ध जिणु विणहु बुद्धु सिव संतु।
सो परमप्पा जिणभणिउ एहउ जाणि णिभंतु।।९।।

જુઓ! એમાં એ આવ્યું, હોં! 'जिणभणिउ'. 'કુંદકુંદાચાર્ય' જેમ 'जिणभणिउ' કહે છે, આ પણ 'जिणभणिउ' એમ સીધી વાત કરે છે, હોં! 'एहउ जाणि णिभंतु'. પહેલી બહિરાત્માની વાત કરી. એ બહિર્ વસ્તુ જે અંતરમાં કાયમની ચીજ છે એને ન માનતા ક્ષણિક ને વિકારી ને સંયોગને સ્વીકારે એ બહિરાત્મા (છે). અંતરાત્મા ત્રિકાળી ધ્રુવ સ્વરૂપને સ્વભાવને સ્વીકારતો અને ક્ષણિક રાગાદિનો આદર નહિ કરતો, પરભાવને છોડતો પોતાના સ્વરૂપને અનુભવતો સંસારથી મુક્ત થાય છે.

હવે, આ પરમાત્માની વાત છે. 'જો કર્મમલ રાગાદિ મલરહિત...' 'णिम्मलु' અહીં તો રાગ-દ્વેષના મળરહિત છે. પરમાત્માને હવે (મળ નથી). અંતરાત્માને હજી રાગ-દ્વેષ હતા. ભિન્ન પડ્યા હતા પણ પૂરા છૂટ્યા નહોતા. પૂરા છૂટી જાય તો પરમાત્મા થઈ જાય. દૃષ્ટિએ, એકત્વબુદ્ધિએ છૂટ્યા હતા. અંતરાત્મામાં સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપના ભાવ એકત્વબુદ્ધિથી છૂટ્યા હતા પણ સ્થિરતા દ્વારા પૂર્ણ છૂટ્યા નહોતા. એ અહીંયાં (પરમાત્મપદમાં) રાગાદિ મળ પૂર્ણ છૂટ્યા. પહેલા હતા. સમજાય છે? એને પૂર્ણ (છોડ્યા). 'વિહૂયરયમલા' આવે છે કે નહિ? 'લોગસ્સ'માં 'વિહૂયરયમલા' આવે છે. આઠ કર્મના રજકણને અને પુણ્ય-પાપના મલિન ભાવને

www.vitragvani.com



પરમાત્માએ 'વિહૂય' નામ છોડ્યા છે, એને પરમાત્મા, એને સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. અરિહંત પણ એને કહેવાય છે.

'णिम्मलु णिक्कलु' જેને કળ નથી (અર્થાત્) શરીર નથી. લ્યો! અહીં તો પરમાત્મા લીધા. શરીરરહિત. જેને શરીર નથી, એકલો આત્મા શરીર છે. એકલું આત્માનું શરીર રહ્યું, આ શરીર ધૂળનું રહ્યું નથી. એને પરમાત્મા કહેવાય છે. લ્યો! કોઈ કહે કે, ત્યાં પણ હજી શરીર હોય. ત્યાં પણ હજી ભગવાનની સેવાચાકરી કરે. હેં? વૈકુંઠમાં જાય તો સેવાચાકરી કરે. આવાને આવા છે એના ભગવાન. અહીં પીરસ્યું હોય ને એના સાધુને બહુ લાડવા આપ્યા હોય (તો) ન્યાં પણ એને લાડવા મળે. ન્યાં પણ લાડવા ને થાળ્યું, ન્યાં પણ નોકરી ને ચાકર. ઇ તો સંસાર રહ્યો, ઇનો ઇ.

પરમાત્મા તો એને કહીએ કે, જેને શરીર નથી, જેને રાગ નથી. સિદ્ધ પરમાત્મા શુદ્ધ અભેદ એક વ્યાખ્યા કરી છે. એ શુદ્ધ છે. એકલા ભગવાન છે. એને અશુદ્ધતા બિલકુલ નથી. બેપણું એને અશુદ્ધતા અને કર્મ આદિ કંઈ છે નહિ. ઓલો નકાર કર્યો હતો. આ શુદ્ધ એક છે, એમ.

'जिणु' 'જિસને આત્માકે સર્વ શત્રુઓંકો જીત લિયા...' લ્યો! જેને બધા શત્રુ પહેલા હતા અને જીત્યા અને પરમાત્મા વીતરાગ થયા એને પરમેશ્વર અને પરમાત્મા કહેવાય છે. લ્યો! આ ણમો સિદ્ધાણંની વ્યાખ્યા ચાલે છે. સિદ્ધ ભગવાન આવા છે એને પરમાત્મા કહેવાય. બાકી કોઈ જગતનો કર્તા છે ને ફલાણું છે ને ઢીકણું છે. એ કોઈ પરમેશ્વર-બરમેશ્વર એવો કોઈ છે જ નહિ. 'શત્રુઓંકો જીત લિયા...'

'विण्हु' (વિષ્ણુ). આવા સિદ્ધ ભગવાનને વિષ્ણુ કહીએ. ઓલા વિષ્ણુ જગતને રચે તે વિષ્ણુ નહિ. જ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોક વ્યાપી તેને વિષ્ણુ કહીએ. ભગવાન પરમાત્મા એક સમયના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જ્ઞાતા તરીકે જાણે, એક સમયમાં યુગપદ્ જાણે, એક સમયમાં પૂરું જાણે એને પરમાત્મા કહીએ. ઓલા કહે, એ અનિયતને જાણે. અનિયતને જાણે અનિયતપણે, એમ. વાંચ્યું કે નહિ? એ...! દેવાનુપ્રિયા! વંચાવ્યું કે નહિ ઓલું? શું હજી હા પાડો છો? આ ક્રમબદ્ધનું ન્યાં નથી આવ્યું. શું હતું એમાં? હેં? હા..ઈ..

મુમુક્ષુ :- શાસ્ત્રમાં પણ નામ નથી લખ્યા...

ઉત્તર :- શું શાસ્ત્રમાં અનંતાના કેટલા નામ લખે? કેટલાના નામ લખે શાસ્ત્રમાં? સિદ્ધાંત શાસ્ત્રમાં સિદ્ધાંત આપે કે, ભઈ! આ અગ્નિમાંથી મરીને માણસ થાતો નથી. સમજાય છે? માણસ મરીને અગ્નિમાં જાશે, પણ ક્યો માણસ? દાખલા તો કેટલા આપે? દાખલા નથી આપ્યા માટે અનિયત છે? એવું ક્યાંથી કાઢ્યું? વાણીમાં બધું આવે જ નહિ, વાણીમાં તો પૂરું આવતું નથી. સર્વજ્ઞની વાણીમાં પણ પૂરું આવે નહિ. ત્રણકાળ ત્રણલોક જેટલા જણાણા એટલું બધું ક્યાંથી આવે એકહારે ? એના ન્યાયો એના સમુદાયથી આખું તત્ત્વ કેવું છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ આવે. સમજાણું?

અહીં તો ભગવાન પરમાત્માને વિષ્ણુ કહીએ. કેમ? કે, જ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોક વ્યાપી. કોઈ સામાન્ય-વિશેષ જાણવાનું બાકી નથી. ભવિષ્યનો કોઈ સમય એને બાકી નથી કે, આ સમયમાં આમ આવે તો થાશે, નહિતર આમ નહિ થાય. એવું ભગવાનને (નથી). એમ ઇ સર્વજ્ઞને માનતા નથી.

મુમુક્ષુ :- સંયોગ ક્યા આવે એ નક્કી નથી.

ઉત્તર :- બધું નક્કી નથી ક્યાં? આવા ને આવા પાક્યા છે. હૈં?

'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ-ગુણ, રાજનીતિએ ચાર. ત્રાસ વિના પ્રભુ જડ-ચેતનની કોઈ ન લોપે કાળ' સારી દુનિયા ત્રણકાળ ત્રણલોક, ભગવાનનું જ્ઞાન તે પ્રમાણે પરિણમી રહ્યું છે. એમાં કોઈ અનિયત બાકી હશે? ભવિષ્યની કોઈ પર્યાય, પાણીને અગ્નિ આવે તો ઊનું થાય, ન આવે તો ન થાય, એમ હોય કે નહિ? હૈં? 'રવિભાઈ'! કેમ હશે? કેમ ન હોય? અગ્નિનો સંયોગ મળ્યો નહિ, તો? પાણી ઊનું ન થાય, લ્યો! પણ જેને ઊના થવાનો કાળ છે તેને અગ્નિનું નિમિત્ત ત્યાં નથી એમ કોણ કહે છે પણ? બેય નિશ્ચિત થઈ ગયેલું છે. અનાદિથી બધું નિશ્ચિત છે. જ્યાં પર્યાય જે થવાની ત્યાં તે પર્યાયને અનુકૂળ નિમિત્ત સામે હોય જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદાન તૈયાર હોય ને નિમિત્ત ન હોય તો...?

ઉત્તર :- નિમિત્ત ન હોય એ પ્રશ્ન જ નહિ. એક કારણ હોય અને બીજું કારણ ન હોય, એ વાત જ જૂઠી છે. સમજાણું કાંઈ? એમ ભગવાને બધા કારણોને એકસાથે જોયા છે. એમાં આઘુપાછું ભગવાનના જ્ઞાનમાં કાંઈ નથી. ભગવાનના જ્ઞાનમાં લોકાલોક જણાઈ ગયા છે. ભૂત-ભવિષ્ય ને વર્તમાન ત્રણ કાળ બધા જણાઈ ગયા છે.

મુમુક્ષુ :- એમાં પુરુષાર્થ માર્યો જાય છે.

ઉત્તર :- પુરુષાર્થ એમાં જ છે. ભગવાને જે જાણ્યું એની સર્વજ્ઞ દશા આવડી, એવી સર્વજ્ઞની દશાના પર્યાયનો સ્વીકાર કરવા જાય ત્યારે તેના દ્રવ્ય સ્વભાવમાં, જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ પડ્યા વિના એનો સ્વીકાર નહિ થાય. સમજાણું કાંઈ? ભગવાનનો એક સમયનો એક જ્ઞાનનો એક પર્યાય આવડું ત્રણકાળ, ત્રણલોક જ્ઞાતા યુગપદ્રૂપણે જાણે સચરાચર, આવા જ્ઞાનનો સ્વીકાર એ શું રાગથી કરી શકે? રાગના આશ્રયે સ્વીકાર થાય? એ પર્યાયથી સ્વીકાર થાય પણ પર્યાયને આશ્રયે સ્વીકાર થાય? સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પ્રભુ એકલો જ્ઞ-મૂર્તિ પ્રભુ, જ્ઞ-મૂર્તિ પ્રભુ, એટલે કે સર્વજ્ઞ સ્વરૂપી આત્મા. એનો આશ્રય લીધા વિના સર્વજ્ઞની પર્યાયનો નિર્ણય ન થાય. આ નિર્ણય થતાં એને ક્રમબદ્ધનો (નિર્ણય થાય) અને વીતરાગી પર્યાય પ્રગટ થઈ ગઈ. બધો નિર્ણય થઈ જાય. એ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ કાંઈ જુદો છે કાંઈ? અંતરની વલણ દશા કર્તૃત્વમાં હતી એ અંતરમાં અકર્તૃત્વમાં

ગઈ એ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

એક રાગનો પણ કર્તા નહિ. અનંત સંયોગ પદાર્થમાં પોતાની ઉપસ્થિતિને લઈને ત્યાં ફેરફાર થાય એમ એ માનતો નથી. એ તો મારી ઉપસ્થિતિ મારામાં છે, એની ઉપસ્થિતિ એનામાં છે. એનાથી થાય છે એમ જાણતા પરનો કર્તા થતો નથી. કહો, સમજાણું કાંઈ? આખા સંચાને હલાવે આમ.

મુમુક્ષુ :- પરનું ભલે ન કરે પણ પરમાં નિમિત્ત તો થાય ને?

ઉત્તર :- કોને નિમિત્ત થાય? ઇ કલ્પે કે તું ત્યાં જઈને નિમિત્ત થા? શું કહ્યું સમજાણું કાંઈ? ત્યાં થાય ત્યારે સામી ચીજને નિમિત્ત કહેવાય? કે તું ત્યાં નિમિત્ત થવા જા? કોને પણ નિમિત્ત થવા જા? એના પર્યાયનો કાળ નથી ને તું નિમિત્ત થવા જાય ક્યારે? એવા સૂક્ષ્મ કાળમાં નિમિત્ત થવું એમ ક્યાં છે? ન્યાં કાર્ય થાય ત્યારે જોડે હોય એને નિમિત્ત (કહેવાય). એના જ્ઞાનમાં આવે કે એક જોડે ચીજ છે. એ તો ક્રમબદ્ધ નિયમ થઈ ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થાય જ ને નિમિત!

ઉત્તર :- થાય કોણ પણ? કોણ થાય? એ.. 'પ્રવીણભાઈ'! બીજાને નિમિત્ત, કોને નિમિત્ત પણ? એ નિમિત્ત કઈ પર્યાયનું છે તે નિમિત્ત ત્યાં થાય? એને ખબર છે કે આ પર્યાય અત્યારે થઈ અને આ નિમિત્ત એને (છે)? અસંખ્ય સમય પહેલા એને વિચાર આવે કે, હું આમ નિમિત્ત થાઉં. પણ નિમિત્ત કોનું? જે નૈમિત્તિક પર્યાયનો એનો કાળ નથી એમાં તું નિમિત્ત થા એનો અર્થ શું? સમજાણું કાંઈ? નિમિત્ત થાવું આ તો અજ્ઞાનીની ભ્રમણા છે. એ તો ત્યાં પર્યાય કાળ થાય છે, ત્યારે જે હોય તેને એક સમયના કાળની અપેક્ષાએ નિમિત્ત એને કહેવાય છે. એક સમયની અપેક્ષાએ. અને આ કહે કે, હું ત્યાં નિમિત્ત થાઉં. એનો અર્થ, અસંખ્ય સમયનો તારો ઉપયોગ, એને નિમિત્ત થાઉં, એટલે કોનું નિમિત્ત પણ? કઈ પર્યાયનું નિમિત્ત? કઈ પર્યાયનું નિમિત્ત? ભ્રમણા મોટી. 'ધીરૂભાઈ'! આહાહા..! બધા એમ કહે છે કે, ન્યાંના બધા મૂર્ખા છે. એમેય કહે છે. એ તો સ્વતંત્ર છે ને! સ્વતંત્ર છે. એને બિચારાને એની જવાબદારીની ખબર નથી.

અહીં તો કહે છે... સમજાણું? ભગવાનને વિષ્ણુ કહેવામાં આવે છે. પરમાત્મા એટલે વિષ્ણુ, હોં! પરમાત્મા એટલે વિષ્ણુ, વિષ્ણુ એટલે પરમાત્મા એમ નહિ. આ પરમાત્મા આવા હોય તે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એને વિષ્ણુ કહેવામાં આવે છે. સર્વજ્ઞ પરમેશ્વરને વિષ્ણુ કહેવામાં આવે છે. બીજો કોઈ વિષ્ણુ જગતનો કર્તા-હર્તા છે નહિ. આને પરમાત્મા કહેવામાં આવે છે.

'બોધ...' લ્યો, ઠીક! 'णिम्मलु' કીધું, 'णिक्कलु' કીધું, 'सुद्ध' કીધું. એટલા ત્રણ બોલ લીધા અને 'जिणु' કીધું. જિનથી ઉપાડ્યું. પછી વિષ્ણુ લીધા, પછી બુદ્ધ લીધા. એ બુદ્ધ.

www.vitragvani.com



'સ્વ-પર તત્ત્વકો સમજનેવાલા બુદ્ધ...' લ્યો! બુદ્ધ એને કહીએ. ક્ષણિકને માને એ બુદ્ધ નહિ. બુદ્ધ નામ સ્વ-પરના તત્ત્વને ભેદ પાડીને જાણે એને બુદ્ધ કહીએ. પરમાત્મા પોતાના સ્વરૂપને પૂર્ણરૂપ જાણે છે, એ સિવાય લોકાલોક છે એને એ જાણે છે. સ્વ-પરના જાણનારા એ સર્વજ્ઞ ભગવાન છે. એ સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર તીર્થંકર કે સિદ્ધ ભગવાન એને અહીંયાં બુદ્ધ કહેવામાં આવે છે. ઓલા બૌદ્ધ જે દેવ છે એ બુદ્ધ નથી. એ તો અજ્ઞાની હતો. ક્ષણિકને માનનારા હતા.

આ તો ભગવાન પરમેશ્વર, (જે) સ્વ-પર તત્ત્વને સમજનારા. સ્વ પરમાત્મા હું, એવું કેવળજ્ઞાનમાં જ્ઞાન છે અને આ બધું મારાથી પર છે એવું એનામાં જ્ઞાન છે. બેય ચીજનું પૂરું, આખું જ્ઞાન છે એને બુદ્ધ કહેવામાં આવે છે. ઓલા તો કહે, આત્મા ત્રિકાળ છે કે નહિ? ઇ હું ન કહું, ઇ આપણે ન કહીએ. આત્મા નિત્ય છે કે નહિ? ઇ આપણને ખબર ન પડે. ઈ કામમાં પડવું નહિ. કહો, ઠીક! ત્રિકાળ શાશ્વત છે ઇ કામમાં પડવું નહિ! એવી જાતની દૃષ્ટિ ઘૂંટાઈ ગઈ, દૃષ્ટિ ઘૂંટાઈ ગઈ. આ માણસ તો રાજાનો કુંવર હતો. રાજકુમાર પણ વૈરાગ્યથી આવેલો, બહારથી દુઃખી, દરિદ્ર. દુઃખ ને દારિદ્ર ને મરણ ને એના દુઃખથી આમ... અંદર અસ્તિત્વ આખું કોણ છે? એ ઉપર લક્ષ ગયું નહિ ને ન્યાં ને ન્યાં મરી ગયો, દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ?

'सिव' લ્યો, 'सिव'. આવા પરમેશ્વરને શિવ કહેવાય. જેણે રાગ-દ્વેષ રહિત, શરીર રહિત પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરી છે એને શિવ કહેવાય. શિવ એટલે પરમ કલ્યાણકારી. પરમ કલ્યાણકારી. એ પરમ કલ્યાણ કરનારા પોતે પરમાત્માને કહેવાય છે. એણે પૂર્ણ પોતાનું સ્વરૂપ, પૂર્ણ કલ્યાણમય પ્રગટ કર્યું. શિવ. નમોત્થુણંમાં આવે છે. શિવ આવે છે ને? શિવ. 'સિવમલયમરુયમણંત' 'સિવમ, અલયમ્, અરુયમ્' એમ શબ્દ છે. 'અચલમ્અરુયમ્' રોગ વિનાનું. આવા પરમાત્માને વિષ્ણુ કહીએ, એને બુદ્ધ કહીએ, એને જિન કહીએ, એને શિવ કહીએ. આવી દશા પ્રગટી હોય એને. હેં? સમજાણું કાંઈ? પરમ કલ્યાણકારી.

'संतु' શાંત, વીતરાગ. પરમશાંત વીતરાગ. પરમ અકષાય પરિણમનથી પૂર્ણ અકષાય પરિણમનથી ભગવાન પરમાત્માને એકલી શાંતરસની પૂર્ણ ધારા વીતરાગપણે પરિણમી ગઈ છે. શાંત.. શાંત.. શાંત.. શીતળ સ્વભાવ જેનો, વીતરાગી અકષાય સ્વભાવ, જેની પર્યાયમાં સંતુ – પૂર્ણ શાંતિ, વીતરાગી પર્યાયપણે પરિણમ્યા છે એને શાંત કહીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ ન બોલતો હોય (તેને શાંત કહેવાય)?

ઉત્તર :- ન બોલતો હોય તો શું કરે? ન બોલતો હોય તો ઇ તો પ્રકૃતિનો સ્વભાવ છે. કષાય મંદ હોય ને ન બોલતો હોય ને મૌન રહે તો એથી કાંઈ શાંત છે?

અકષાય સ્વભાવે પરિણમીને વીતરાગી સંત થઈ ગયા. શાંતદશાનું પરિણમન (થયું) એને શાંતિ કહીએ. એને વીતરાગ કહીએ. 'सो परमप्पा' લ્યો! એને પરમાત્મા કહીએ.

www.vitragvani.com



સમજાણું કાંઈ?

ત્રણે આત્માની વ્યાખ્યા થઈ. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. આવી વ્યાખ્યા સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજે હોઈ શકે નહિ. પર્યાયમાં પલટે છે, બહિરાત્મા થઈ શકે છે એ અનાદિથી, પોતાને કારણે અંતરાત્મા થઈ શકે છે, પોતાના પુરુષાર્થથી પરમાત્મા થઈ શકે છે, શક્તિની વ્યક્તિના પુરુષાર્થથી. એ બધું દ્રવ્ય અને પર્યાયનો પરિપૂર્ણ જ્યાં સ્વીકાર હોય ત્યાં આ વસ્તુ સંભવી શકે, બીજે હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? 'વહી પરમાત્મા હૈ.' 'जिणभणिउ' ઐસા જિનેન્દ્રદેવને કહા હૈ. લ્યો! સમજાણું?

'ઇસ બાતકો શંકારહિત જાન.' 'णिभंतु जाणि' એમ કહ્યું છે ને? એવું જાણ. 'णिभंतु' ભ્રાંતિ છોડી દે કે બીજો કોઈ ભગવાન હશે. બ્રહ્મા કોઈ ઉત્પન્ન કરનારો, વિષ્ણુ કોઈ રક્ષણ કરનારો, શંકર કોઈ ટાળનારો. હેં? એવા મહેશ, શંકર એ મહેશ, એવો કોઈ છે નહિ. નિભ્રાંત થઈને આવા પરમાત્માને જાણ. પરમાત્મા આવા હોય. એવા અનંત પરમાત્મા છે. સિદ્ધ ભગવાન અનંતા છે. તારે જો પરમાત્મા થવું હોય તો તું પરમાત્મસ્વરૂપ તારું છે એને જાણ અને રાગ-દ્વેષને છોડ. તો પરમાત્મ શક્તિ તો તારામાં અત્યારે પડી છે. પરમાત્મા કંઈ બહારથી આવતા નથી. સમજાણું કાંઈ?

'ઐસા જિનેન્દ્રદેવને કહા હૈ. ઇસ બાતકો શંકારહિત જાન.' નિભ્રાંત થઈ જા, નિઃસંદેહ થઈ જા, નિર્ભય થઈ જા, વસ્તુ આવી જ છે. આ સિવાય કોઈ પરમાત્મા સાચા હોઈ શકે નહિ. એને શરીર ન હોય, ... હોય, જેને કોઈ ખાવા-પીવાની વૃત્તિ હોય નહિ. ભગવાનને ખાવું-બાવું હોય નહિ. ભગવાન વળી ખાય ને વળી થાળ ચડે. શેના? થાળ ચડે કે નહિ? 'જમો ને થાળ ...' એવું કાંઈક આવે છે ને? 'જમો ને થાળ જીવણ મોરારી..' એવું આવે છે. બધું સાંભળ્યું છે. 'જમો ને થાળ જીવણ મોરારી...' શેના પણ થાળ? ભગવાનને થાળ કેવા? ભગવાનને ભોજન કેવા? એ તો અનંત આનંદનું ભોજન સમયે સમયે કરી રહ્યા છે. પરમાત્મા અનંત અમૃતનો અનુભવ કરી રહ્યા છે, એને વળી બીજા ભોજન-ફોજન કેવા? સમજાણું કાંઈ?

નિભ્રાંત તું આવા ભગવાનને જાણ. એ સિવાય કોઈ સાચા ભગવાન હોઈ શકે નહિ. કહો, સમજાણું? વળી કોઈક એમ કહે છે ને? ભગવાન આપણો બધો હિસાબ રાખે. હેં? અહીંના જે કામ કરે એને તો યાદ ન હોય, અલ્પજ્ઞ પ્રાણી છે, બીજા પરમાત્મા એનો હિસાબ રાખે, હિસાબ. ધર્મરાજા ચોપડા જોવે. પછી લેણું-દેણું લખીને આને નરકમાં મોકલે. કેટલાના કામ કરતો હશે? ચિત્રગુપ્તનો ચોપડો. કેટલા ચોપડા રાખતો હશે? એક સમયે અનંતા મરે. નિગોદના જીવ એક સમયમાં અનંતા મરે અને એક સમયે અનંતા ઊપજે. એ અનંતા કેટલા? સમજાણું કાંઈ? પાર નહિ. સિદ્ધ કરતાં અનંતગુણા જીવ. આહાહા..! એના ચોપડા કેટલા રાખતા હશે? અહીં બે ચોપડા રાખતા કંટાળો આવી જાય. એક કાળા બજારનો અને એક

www.vitragvani.com



ઓલો સારો સરખાઈનો. બે રાખતા હોય ને? બે જાતના ચોપડા. ઓલાને બતાવવા બીજા ને ઓલાને બતાવવા આ. એમાં કંટાળી જાય.

મુમુક્ષુ :– એમાં તો ...

ઉત્તર :– ન્યાં ક્યાં પણ ભગવાન એવો હતો? એને કોઈનું નામા-ઠામા કરતા નથી. એનું નામું છે ખરી વાત, સાચી, હોં! ભગવાનના જ્ઞાનમાં લેખા છે કે, આ જીવ આ ભવે મોક્ષ જશે. એવું લખ્યું છે. નોંધ છે, ભગવાનના જ્ઞાનમાં નોંધ છે. આહાહા..! ભગવાનના જ્ઞાનમાં નોંધ છે. એ નોંધચોપડી છે એને ઇ, જ્ઞાનમાં આ જીવ આ ભવે કેવળ પામશે, આટલે ભવે મોક્ષ જશે. એવું ભગવાનના જ્ઞાનમાં નોંધ છે. એ પ્રમાણે ત્યાં થશે, બીજું થાશે નહિ. એને ઠેકાણે ઓલો કહે કે, નોંધ કરી રાખી છે, ચોપડામાં લખી (છે), એમ નથી. આવા પરમાત્માને પરમાત્મા જાણવા. (જેણે) આત્માનું હિત કરવું હોય એણે આ પ્રમાણે ઓળખાણ કરવી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પાંચે સમવાય આવી જાય છે!

બધી પર્યાયો તો ક્રમબદ્ધપર્યાય જ છે પણ તેનો નિર્ણય કોણ કરે છે? જ્ઞાતાનું જ્ઞાન જ તેનો નિર્ણય કરે છે. જે જ્ઞાને આવો નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાનો (જ્ઞાનસ્વભાવનો) નિર્ણય પણ ભેગો જ કર્યો છે. જ્યાં સ્વભાવસન્મુખ થઈને આવો નિર્ણય કર્યો ત્યાં -

(૧) સ્વભાવ તરફનો સમ્યક્ 'પુરુષાર્થ' આવ્યો,

(૨) જે શુદ્ધતા પ્રગટી છે તે સ્વભાવમાંથી પ્રગટી છે તેથી 'સ્વભાવ' પણ આવ્યો,

(૩) તે સમયે જે નિર્મળપર્યાય પ્રગટવાની હતી તે જ પ્રગટી છે તેથી 'નિયત' પણ આવ્યું.

(૪) જે નિર્મળદશા પ્રગટી છે તે વખત જ તેનો સ્વકાળ છે; એ રીતે 'સ્વકાળ' પણ આવી ગયો.

(૫) તે વખતે નિમિત્તરૂપ કર્મના ઉપશમાદિ સ્વયં વર્તે છે, એ રીતે 'કર્મ' પણ અભાવરૂપ નિમિત્ત તરીકે આવી ગયું.

ઉપર પ્રમાણે સ્વભાવસન્મુખ પુરુષાર્થમાં પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



બહિરાત્મા પરને પોતાનો માને છે.

देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ।
सो बहिरप्पा जिणभणिउ पुणु संसार भमेइ।।१०।।

દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ,
તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦.

અન્વયાર્થ :– (देहादिउ जे पर कहिया) શરીર આદિ જેને આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે (ते अप्पाणु मुणेइ) તે રૂપ જ પોતાને માને છે (सो बहिरप्पा) તે બહિરાત્મા છે. (जिणभणिउ) એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. (पुणु संसार भमेइ) તે વારંવાર સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

---

વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૬, ગુરુવાર
તા. ૦૯-૦૬-૧૯૬૬
ગાથા–૧૦ થી ૧૨. પ્રવચન નં. ૪

---

આ 'યોગસાર', આ શાસ્ત્ર 'યોગીન્દ્રદેવ' કૃત છે. જે 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે એમણે આ બનાવ્યું છે. દસમી ગાથામાં બહિરાત્માની વ્યાખ્યા થોડી આવી છે, સાધારણ આવી હતી, આ વિશેષ વિસ્તારથી કરે છે. 'બહિરાત્મા પરને પોતાનો માને છે.'

देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ।
सो बहिरप्पा जिणभणिउ पुणु संसार भमेइ।।१०।।

એ શ્લોક છે. આ આત્મા અખંડ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અભેદ પદાર્થ છે. એને છોડીને જે કંઈ આ શરીર, ઘર, ધન, ધાન્ય, મકાન, આબરૂ, કીર્તિ, શરીરની ક્રિયા કે અંદરમાં પુણ્ય-પાપના ભાવ (થાય) એ બધા મારા છે, એમ માને છે એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. 'જુગરાજજી'!

જે સ્વરૂપમાં નથી. જ્ઞાન, આનંદ એ આત્માનું ત્રિકાળી શુદ્ધ આનંદ સ્વરૂપ છે. એમાં નથી એવા પુણ્ય-પાપના, શુભ-અશુભના વિકલ્પો અથવા ચાર ગતિ, છ કાય, લેશ્યા, કષાય આદિ ભાવ એ પરભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. એ દેહાદિ પરભાવ એમાં બધું આવી ગયું. શરીરથી માંડીને અંદર રાગની મંદતાના શુભભાવ એ બધા આત્માથી બાહ્ય છે. બરાબર હશે? 'રતિભાઈ'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ બાહ્ય જે છે, 'શરીર આદિ જિનકો આત્મા સે ભિન્ન કહા ગયા હૈ...' શાસ્ત્રમાં અથવા વસ્તુ સ્વરૂપમાં આત્મા આનંદ, જ્ઞાયક સ્વરૂપ અભેદ (છે), એનાથી એ દયા, દાન, વ્રતાદિના ભાવ કે હિંસાદિના ભાવ કે કષાય કે ગતિ, એ બધા આત્માના સ્વભાવથી બાહ્ય-બાહિર – અંતર સ્વરૂપમાં નથી એવા બાહિર કહેવામાં આવ્યા છે. એવા બાહ્યભાવને આત્મા માને એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા મૂઢ કહ્યો છે. સમજાણું કાંઈ?

'देहादिउ जे पर कहिया' જેને પર કહ્યા છે, એમ પાછો અહીંયાં શબ્દ છે. સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા અખંડ જ્ઞાનાનંદ મૂર્તિ, એના સિવાય (જેટલા ભાવો છે તે બધાને પરભાવ કહ્યા છે). અહીં બે લીટીમાં આટલું નાખ્યું છે. એ તો એમાં એણે વિસ્તાર કર્યો છે. કોઈ સાધુ ગૃહસ્થનું ચારિત્ર પાળે અને એને આત્માનો સ્વભાવ જાણે તો એ સાધુ, શ્રાવક તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો એણે શુભભાવની વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? શ્રાવક કે મુનિનો જે શુભભાવ વ્યવહાર છે ને? પંચ મહાવ્રતના, બાર વ્રતના વિકલ્પો છે, એના ષટ્ પ્રકારના, શ્રાવકના છ પ્રકારના કર્તવ્ય છે ને? વ્યવહાર કર્તવ્ય છે ને? દેવદર્શન, ગુરુપૂજા વગેરે, એવું જે આચરણ છે, વ્યવહારે શુભરાગ છે. એમ મુનિને પણ પંચ મહાવ્રત આદિનું આચરણ એ રાગ-શુભરાગ છે. એ આચરણ મારું છે અને એ આચરણથી મને હિત થાય એમ માનનાર(ની) દૃષ્ટિ બહિર્ છે, મિથ્યાદૃષ્ટિ છે, એની બહિરાત્મ દૃષ્ટિ (છે), અંતર દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ?

ત્યારે (કોઈ કહે કે), જ્ઞાનીને એવા ભાવ તો હોય છે. એવા ભાવ હોય છતાં એને પોતાનું સ્વરૂપ જાણતો નથી, તેનાથી હિત માનતો નથી. એવા શ્રાવક અને મુનિના વ્યવહાર આચરણના જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચર, તપાચાર, વીર્યાચાર એવા (આચાર) આવે છે ને? કાળે ભણવું વગેરે નથી આવતું? એ..ઇ...! 'પ્રવચનસાર'માં તો એમ કહે, તમારે પ્રતાપે આમ થાશે. અહીં કહે છે કે, એવા ભાવથી લાભ માને તો એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. જુઓ! નાખ્યું એમાં, એ..ઇ...! ત્યાં તો નિમિત્તનું કથન કર્યું છે. 'પ્રવચનસાર'માં તો એવો ભાવ ત્યાં હોય છે એનું નિમિત્તનું કથન કર્યું છે. જ્ઞાનમાં વિનયથી ભણવું, કાળે ભણવું વગેરે આઠ બોલ આવે છે ને? સમકિતના વ્યવહારના આઠ બોલ આવે છે. ચારિત્રના આઠ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, આમ જોઈને ચાલવું આદિ, તપના બાર પ્રકાર એ બધા વિકલ્પાત્મક ભાવ છે, રાગ છે. એ મારું સ્વરૂપ છે અથવા એનાથી મારું કલ્યાણ (છે એમ માને છે). જેનાથી કલ્યાણ માને (એ) એનું સ્વરૂપ માને, એને સાધન માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો કહે છે. ઇ સાધન નથી, સાધન, સ્વભાવમાં સાધન છે. સમજાણું?

એ આવશ્યક-કર્તવ્ય અંતરનું (છે), સ્વરૂપમાં ઠરવું ઇ. ઓલા વ્યવહાર આવશ્યક, એને પરમાર્થે આત્માનું સ્વરૂપ જાણે. 'देहादिउ जे पर कहिया' જુઓ! 'देहादिउ जे पर कहिया'. એ બધા પર છે. શુભ વિકલ્પો-વૃત્તિ ઊઠે છે એ બધા પર છે, વિકાર છે, વિભાવ છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સદોષ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા શુભ આચરણને (પરભાવ કહે છે). બીજી ભાષા, અહીંયાં તો અત્યારે લક્ષમાં એ આવ્યું હતું, ઉદયના બોલ છે ને? ભાઈ! ઉદયના બોલો, ઇ અત્યારે લક્ષમાં આવ્યું હતું. ૨૧ બોલમાં કોઈ બોલ જે છે એ આત્માનો માને તો બહિર્બુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– આત્માનું તત્ત્વ છે, એમ લખ્યું છે.

ઉત્તર :– એ આત્માનું તત્ત્વ (કહ્યું) એ તો એક સમયની પર્યાયનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). એક સમયની પર્યાયમાં એનું જ્ઞાન કરાવવા. વસ્તુદૃષ્ટિની દૃષ્ટિએ એ બહિર્ ભાવ છે. સમજાણું કાંઈ? એ... દેવાનુપ્રિયા! એ... 'ભોગીભાઈ'!

'देहादिउ जे पर कहिया' અહીં તો ભગવાન કહે છે એમ આપણે સિદ્ધ કરવું છે. 'યોગીન્દ્રદેવ' એમ કહે છે ને કે, દેહ, શરીર, વાણી, મન, કર્મ, ધન, ધાન્ય, લક્ષ્મી, બાયડી, છોકરા આદિ એ બધું ભગવાનઆત્માથી જુદી ચીજ છે. એક કોર લીધી, આ તો હજી સ્થૂળ વાત કરી. હવે રહી અંદરમાં. આ બાહ્યની વાત થઈ, હવે અંદરમાં જે કંઈ શુભ પરિણામ ઊઠે છે, વિભાવના આચરણ, જેને વ્યવહાર આચરણ તરીકે શાસ્ત્રમાં કહ્યું એવા જે શુભ આચરણ–ભાવ ઊઠે છે, એ પણ ખરેખર બહિર્ભાવ છે. કેમકે અંતર સ્વભાવમાં છે નહિ અને અંતર સ્વભાવમાં રહેતા નથી. સમજાણું કાંઈ? અંતર સ્વભાવમાં છે નહિ અને અંતર સ્વભાવમાં શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ભગવાનઆત્મા છે. એમાં એ દયા, દાન, વ્રતાદિના શુભ વિકલ્પો કે જ્ઞાનાચાર, દર્શનાચારના પરિણામ એ વિભાવ છે. એ જ્ઞાનાનંદ સ્વરૂપમાં નથી તેમ તે જ્ઞાનાનંદની પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યારે તે રહેતા નથી માટે એની ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..!

'देहादिउ जे' આમ વાપર્યું છે ને? ભગવાન એક બાજુ રહી ગયો. એક સમયમાં અખંડ આનંદકંદ અભેદ ચિદાનંદની મૂર્તિ, એને આત્મા તરીકે જાણે તો તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું. એ તો જેવો જેનો સ્વભાવ તે રીતે તેનો સ્વીકાર. અને આવો આત્મા ન માનતા એ આત્માથી બાહ્ય ચીજો જે વિકલ્પાદિ ઊભી થાય, જે એમાં નથી, ઉત્પન્ન થાય છતાં એના સ્વભાવમાં રહેતી નથી ને એના સ્વભાવને સાધનરૂપે મદદ કરતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો વિકલ્પ શુભ છે એ ખરેખર બહિર્ભાવ છે, વિભાવ છે. પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ પણ એક વિકલ્પ, વિભાવ છે. એ એનું સ્વરૂપ નથી. એ વિભાવને સ્વભાવ માને કે વિભાવને સ્વભાવનું સાધન માને કે વિભાવ મારી ચીજમાં છે એમ માને (એ બહિરાત્મા છે). સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! શું હશે આ? ભારે..! કહો, સમજાણું?

એ પુણ્ય પરિણામ અને પુણ્યના ફળ, શુભભાવ એનું બંધાણું પુણ્ય, આ એના ફળ

www.vitragvani.com



તરીકે તમને આ હજારનો પગાર મળે છે. એ ત્રણે મને મળે, એમ માનવું એ મૂઢ છે, એમ અહીં કહે છે, ભાઈ! એને શેર માર્કિટમાં હજારનો પગાર મળે છે. એ આવ્યા હતા, નિવૃત્તિ લઈને આવે છે. આ તો પુણ્યના પરમાણુઓ અને પુણ્યના ભાવ અને એના ફળની બહારની વિચિત્રતા જુઓ! એ ભપકે વધ્યો એમ માનનારો મૂઢ છે, એમ કહે છે. 'રતિભાઈ'! આહાહા..! એ..ઇ...! 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? શું કુટુંબ કે પરિવારથી..' એ વધ્યું (તો) તું વધ્યો? કે ગુમડાં વધ્યા? ગુમડાં સમજો છો? ફોડા.. ફોડા! ગુમડાં થાય છે.

એક શેઠને હતું. આપણા એક ભાઈ હતા ને? 'બ્યાવર... બ્યાવર' ને? નહોતા એક શેઠ? આપણે આહાર કરવા ગયા હતા. 'મોતીલાલજી', 'બ્યાવર'માં 'મોતીલાલજી' શેઠ હતા ને? ગૃહસ્થ માણસ, ખાનદાન માણસ, મોટા ગૃહસ્થ. પણ આખા શરીરમાં સોપારી સોપારી જેટલા (ગુમડા). આખા શરીરમાં આવડી આવડી ગાંઠું, હોં! 'બ્યાવર'માં 'મોતીલાલ' શેઠ હતા. એને ત્યાં આહાર કરવા ગયા હતા. મોટા ગૃહસ્થ, આબરૂદાર. મોટા શેઠિયા, મોટા માણસ. શરીર જુઓ તો બધે આવડી આવડી ગાંઠ્યું નીકળેલી બધે, હોં! સોપારી (જેવી). એવા ગૃહસ્થ હતા. લાખ દવાઓ કેટલી કરતા હશે? ધૂળમાંય કાંઈ ન થયું, મરતા સુધી શરીર એમને એમ રહ્યું, લ્યો! એ મને થયું એમ માનવું તે બહિરાત્મબુદ્ધિ છે, એમ કહે છે. એ આત્મામાં થયું નથી, એ તો જડની દશામાં છે.

એમ જડની દશામાં સુંદરતા, કોમળતા, આકૃતિ, નમણાઈ વગેરે જડની દશામાં થતાં 'મને થયું', 'એ મને થયું, એ હું છું, હું રૂપાળો છું, હું નમણો છું, હું સુંદર છું' એ બુદ્ધિ શરીરાદિને, પરને પોતાનું માનનારની બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

'શરીર આદિ...' આદિમાં બધું નાખ્યું છે, હોં! 'જેને આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે...' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્મ સ્વરૂપ પોતાનો નિજ સ્વભાવ, સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ ધ્રુવ, અનાદિઅનંત સ્વભાવ, એનાથી જેટલા બહિર્ભાવ (છે) એને પોતાના માને, એનાથી પોતાને લાભ માને એમ એ મારું કર્તવ્ય છે એમ માને. લ્યો! આવા કર્તા નીકળે છે કે નહિ? 'રામજીભાઈ'નું યાદ આવ્યું. સમજાણું કાંઈ? જેને – રાગાદિને જેનું કર્તવ્ય સ્વીકારે તે કર્તવ્યથી જુદો કેમ પડે? કહો, 'રતિભાઈ'! સમજાણું? એ શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવ એ મારું કર્તવ્ય છે અને હું ખરેખર એનો રચનાર છું, એમ જે માને તેવા કર્તવ્યને કેમ છોડે? એવા કર્તવ્યનો માનનાર તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યાખ્યા લાંબી બહુ થઈ ગઈ.

ઉત્તર :– લાંબી થઈ ગઈ. મગજમાં ઉદયભાવ યાદ આવી ગયા. આ તો થોડા બોલ છે, ઘણા બોલ છે એમાં, નહિ? અસિદ્ધભાવ, લ્યોને! અસિદ્ધભાવ. આ વાંચતા ઉદયભાવ મગજમાં આવી ગયા. ઉદયભાવ કેટલો અસિદ્ધ છે? ચૌદમાં ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ

www.vitragvani.com



છે. એ બધો અસિદ્ધભાવ, અપૂર્ણભાવ, મલિનભાવ, વિપરીતભાવ, ખંડખંડભાવ... સમજાય છે કાંઈ? એને પોતાનું સ્વરૂપ માને, એ બહિર્વસ્તુ છે. ભગવાન અંતર ચિદાનંદની મૂર્તિ અખંડ આનંદકંદ ધ્રુવ ચૈતન્ય છે. એને પોતાનું સ્વરૂપ ન માનતાં, જે એમાંથી નીકળી જાય છે, ટકતું નથી, ટકતા તત્ત્વ સાથે જે ટકતું નથી, એને પોતાના માને તેને બહિરાત્મા મૂઢ જીવ કહે છે. ભારે વ્યાખ્યા આકરી! એ.. 'રતિભાઈ'!

'બહિર્' એમ શબ્દ છે ને અહીં તો? 'બહિર્' 'देहादिउ सो बहिरप्पा... बहिरप्पा' બાહિર્માં આત્મા માનનારો, એમ. ભગવાનઆત્મા જ્ઞાયકની મૂર્તિ, ચૈતન્યસૂર્ય, અનાકુળ આનંદનો કંદ, એવું સ્વતત્ત્વ સ્વયંસિદ્ધ, એને પોતાનું ન માનતા એનાથી બાહ્યના કોઈપણ વિકલ્પ આચારાદિના, વ્યવહાર આચારના, હોં! વ્યવહાર ક્રિયાના, વ્યવહાર મહાવ્રતના.. સમજાય છે કાંઈ? સમકિતના વ્યવહાર શ્રદ્ધાના આઠ વિકલ્પો, જ્ઞાનાચારના, ચારિત્રાચારના વ્યવહારના, એ બધા વિભાવો એ મારો સ્વભાવ છે અથવા એ વિભાવથી મારું હિત થશે, એમ માનનાર એ વિભાવને જ બહિર્, બહિર્ને જ આત્મા માને છે. છે ને? 'देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ।' તેને આત્મા જાણે. આપણે શબ્દાર્થ કરીએ (છીએ). આ તો મહાસિદ્ધાંત છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'देहादिउ जे पर कहिया' એક સ્વ રહી ગયો, એ સિવાય (બાકી બધું) પર. 'ते अप्पाणु मुणेइ' તેને આત્મા માને અર્થાત્ એનાથી હિત માને અર્થાત્ એ પુણ્ય-પાપના રાગાદિ વિભાવ આચારને પોતાના સ્વભાવનું સાધન માને તો સ્વભાવ અને વિકાર બે એક માનનારા એને જ આત્મા માને છે. 'सो बहिरप्पा' એની દૃષ્ટિ જ ચિદાનંદ જ્ઞાયકભાવ તરફ નથી, એની દૃષ્ટિ ત્યાં આગળ એ ખંડખંડ આદિ રાગાદિ ભાવ કે અલ્પજ્ઞ આદિ, એમાં જેની બુદ્ધિ પડી છે એ બધા (બહિરાત્મા છે). ઓલામાં કહ્યું હતું ને? પંડિત. ભેદવિજ્ઞાની પંડ્યા. એટલે બુદ્ધિવાળો એમ કીધું ને? અહીં અપંડ્યા લેવું, એમ મારું કહેવું છે. હેં?

પુણ્ય-પાપના રાગભાવ, શરીરભાવ, વાણી, એનાથી ભિન્ન એવું ભેદજ્ઞાન, એવું પરથી ભેદજ્ઞાન, સ્વભાવ તરફની એકતા (જેને થઈ છે) એને પંડિત કહ્યો. એ જીવને અંતરાત્મા કહ્યો, એને આત્મા છે તેવો જાણ્યો, માન્યો કહ્યો. એનાથી વિરૂદ્ધ વિકલ્પ, રાગાદિને પોતાનું સ્વરૂપ માને તેને અપંડ્યો કહ્યો. એટલે એકત્વબુદ્ધિવાળો કહ્યો એટલે અપંડ્યો કહ્યો એટલે મૂરખ કહ્યો, બહિરાત્મા કહ્યો. આ તો વળી ઓલા પંડ્યા ઉપર મગજ ગયું કે, પંડ્યા એટલે શું હશે? એમાં લખ્યું છે, પંડ્યા એટલે બુદ્ધિ. ભેદવિજ્ઞાનની બુદ્ધિ. અને આ (–અજ્ઞાની) અભેદ (માને છે). સ્વરૂપમાં રાગ અને પુણ્ય ભિન્ન છે એને એક માનનારા તે અપંડ્યા, મૂર્ખ અને બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

'सो बहिरप्पा जिणभणिउ' દેખો! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં સેકંડના અસંખ્ય ભાગમાં જ્ઞાનની જ્યોત, કેવળજ્ઞાનપણે પૂર્ણ પ્રગટ થઈ ગઈ, ચૈતન્યસૂર્ય અંદર સત્ત્વ

www.vitragvani.com



આખું પડ્યું છે, સર્વજ્ઞ સ્વભાવી સત્ત્વ. આત્મા એટલે સર્વજ્ઞ–જ્ઞ-સ્વભાવી, જ્ઞ-સ્વભાવી, જ્ઞ સાથે પૂરું જ્ઞ લ્યો તો સર્વજ્ઞસ્વભાવી, એવો ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ આત્મા, એનું અંતર ધ્યાન કરીને જે સર્વજ્ઞ સ્વભાવ જેની દશામાં–અવસ્થામાં પ્રગટ થઈ ગયો એવા સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે, આવા સર્વજ્ઞસ્વભાવી આત્મા સિવાય બીજી ચીજને પોતાના લાભને માટે માને, હિતને માટે માને એટલે પોતાની માને એને બહિરાત્મા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. 'પ્રવીણભાઈ'! ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. એ ભગવાન.. ભગવાન.. ભગવાન કરે એ વિકલ્પ છે, કહે છે. આ વિકલ્પથી આત્માને લાભ માનનારો બહિરાત્મા છે, એમ અહીં કહે છે, લ્યો!

મુમુક્ષુ :– બહુ પાકુ કરાવ્યું આપે.

ઉત્તર :– પાકું કરાવી લેવું છે, એની શૈલી પ્રમાણે બોલે ને! કહો, 'ધીરૂભાઈ'! શું છે આમાં?

એક, બે વસ્તુ છે. એક કોર ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ પોતે પરમસ્વરૂપ (છે). આત્મા એટલે પરમસ્વરૂપ. શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન પરમસ્વરૂપ આત્મા, એને પોતાનું માનવું એ તો સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને ધર્મદશા થઈ. એવું એણે અનંતકાળથી માન્યું નથી. એવા સ્વભાવથી વિરુદ્ધ અલ્પજ્ઞ અવસ્થા, અલ્પદર્શી, અલ્પવીર્ય કે પુણ્ય-પાપના વિકલ્પો કે સંયોગી બાહ્ય ચીજ, એમાં ક્યાંય પણ મને સાધન છે, હિતકર છે, લાભકારક છે, મારા છે, એમાં હું છું, એ મારા છે એવી માન્યતાને 'बहिरप्पा' (કહે છે). એ આત્મા અંતરમાંથી ઉછળીને બહારને પોતાનું માને છે. સમજાણું કાંઈ? હેં? બધું આવી ગયું? મંદિર ને પૂજા ને જાત્રા ને એ બધા વિકલ્પો છે એ મારા છે (એમ માનનારો બહિરાત્મા છે). (એ) હો ભલે, પણ વિભાવ તરીકે હેય છે.

મુમુક્ષુ :– રોજ પૂજા કરે છે બધાય.

ઉત્તર :– કોણ કરતું હતું? કરે છે કે દિ'? કર્યું હતું હમણાં? હમણાં આમાં પૂજા કરી કે નહિ? આજે હતી ને સમવસરણની (પૂજા)? આજે વહેલી માંડી હતી. સવા સાતે (હોય પણ) આજે સાત (વાગે) હતી. એમ કહેતા હતા ને? કો'ક કહેતું હતું? હો, એને કાળે ભાવ હો, પણ એ ભાવ અંતરમાં સ્વરૂપના શાંતિને કે સ્વરૂપની અખંડતાને એ ભાવ કંઈ મદદ કરે છે કે સ્વભાવને લાભ કરે છે, એમ નથી. છતાં એ ભાવ વ્યવહાર તરીકે આવ્યા વિના રહેતો નથી. આરે.. આરે...!

જેમ આત્મા છે, પરિપૂર્ણ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ એક છે. એમ આ શરીરાદિ જડ પણ છે કે નહિ? માટી આદિ છે, આ રજકણો છે કે નહિ? એમ વસ્તુ એકરૂપે પ્રભુ અંતર શુદ્ધ ચૈતન્યનું ભાન થવા છતાં જેમ બીજી ચીજ કંઈ ચાલી નથી જતી, એમ અંદરમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્યાં સુધી પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવા વ્યવહાર ઊભા હોય છે, પણ એ પર તરીકે હોય છે, સ્વ તરીકે ખતવવા માટે હોતા નથી. આહાહા..! 'ચીમનભાઈ'! ભારે વાત આકરી. એ.. 'મોહનભાઈ'! શું પણ ત્યારે આવું કહેશે તો આખો દિ' કોઈ (કંઈ) નહિ કરે. ક્યાં ગયા?

મુમુક્ષુ :– હોંશ ઊડી જાય છે.

ઉત્તર :– હોંશ ઊડી જાય છે! સત્યનું તો સત્ય સ્વરૂપ છે એમ રાખવું જોઈએ. સત્‌ના કાંઈ ખંડ કરવા જોઈએ? સત્ય વસ્તુને વસ્તુ તરીકે રાખો, ફેરફાર કરશો નહિ. આહાહા...! કહો, 'રતનલાલજી'! કેવું છે? આવી આકરી વાત (સાંભળશે) તો 'ઇન્દોર'વાળા બધા રાડ પાડશે.

અહીં તો કહે છે કે, શ્રાવકનો વ્યવહાર આચરણ અને સાધુનો વ્યવહાર આચરણ, એ પણ મને હિતકર છે એમ માનનાર બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. કારણ કે અહીં તો ઉદયભાવમાં રાગ લીધો છે ને? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા. વળી પાછું કર્યા વિના રહે નહિ. કેટલાક વળી એમ કહે છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! એ ભાવ હોય છે, આવે છે. આત્માનું કર્તૃત્વ નથી પણ કમજોરીના કાળમાં એ ભાવ આવે છતાં હિતકારી નથી. હિતકારી નથી તો લાવે શું કરવા? લાવતો નથી, પણ આવે છે. આહાહા..! આહા..હા...! એ.. 'વજુભાઈ'!

'बहिरप्पा जिणभणिउ', 'जिणभणिउ'. વીતરાગ પરમેશ્વરે એમ કહ્યું છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ, વાણીમાં ઇચ્છા વિના આ વાત આમ આવી છે. આહાહા..! એ.. 'કાંતિભાઈ'! આ ભારે વાત, ભાઈ! ઓલા કેટલાક કહે કે, આ 'સોનગઢ'ની (વાત ભારે છે). પણ આ 'સોનગઢ'ની છે કે કોના ઘરની છે આ?

મુમુક્ષુ :– 'સોનગઢ'નું હોય તો વાંધો શું છે?

ઉત્તર :– પણ એ 'સોનગઢ'નું એટલે આવું, એમ એના મનમાં (હોય). એકલું એકાંત.. એમ. અમારું અનેકાંત છે, એમ કહે.

અહીં કહે છે કે, એ બહારના વિકલ્પો છે, ભાઈ! હો, પણ એ કંઈ આત્માનું કલ્યાણ કરનાર છે ને આત્માનું સ્વરૂપ છે, એમ માનવું તે મિથ્યાત્વ છે. મારા સ્વરૂપમાં હું છું અને એ મારામાં નથી. એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. પણ એ હું શુદ્ધ પણ છું અને મલિનભાવ પણ હું છું, એમ અનેકાંત હોઈ શકે? સમજાણું કાંઈ? હું નિશ્ચય સ્વરૂપે શુદ્ધ અખંડ આનંદ છું, તેમ વ્યવહાર સ્વરૂપે વિકલ્પ અને વિભાવ પણ હું છું, એમ કાંઈ હોઈ શકે? સમજાણું કાંઈ? ભારે વાત પણ. એણે કોઈ દિ' અનંતકાળમાં આ વાત લક્ષમાં લીધી નથી. આહાહા..!

'सो बहिरप्पा जिणभणिउ' 'એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.' 'पुणु संसार भमेइ' બસ! ફરીને

www.vitragvani.com



એમ ને એમ પરિભ્રમણ કરશે. અનાદિકાળથી એમ પરને પોતાનું માનતો આવે છે અને પરને એણે છોડવું નથી, તો પરને છોડવું નથી એટલે પરમાં તે પરિભ્રમણ કરશે. 'पुणु संसार भमेइ' જુઓ! વારંવાર. એમ વળી 'पुणु'નો (અર્થ કર્યો). 'સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.' આવો આત્મા અનાદિકાળથી આત્માની મૂળ ચીજને જાણ્યા વિના, અસલી સ્વભાવને જાણ્યા વિના, વિકૃત રૂપને પોતાનું સ્વરૂપ માનીને (પરિભ્રમણ કર્યા કરે છે). કહો, સમજાણું?

એક માણસ હોય, નથી આ રૂપ ધારણ કરતાં? માથે ઓલું કરે ને આમ (કરે). મુસલમાન બહુ કરે. માથે કપડા ઓઢે ને લૂગડું બાંધે ને આમ કરે. એ તો જાણે છે કે હું તો માણસ છું, હું આ નથી. હાથી જેવું રૂપ ધારણ કરે. આમ માથે સોડ નથી તાણતા? હેં? હાથીના ખોળા નાખે. હેં? આમ કરે છે, મેં જોયું હતું. એક ફેરી ત્યાં અપાસરા પાસે નીકળ્યું હતું. અપાસરા પાસે નીકળ્યું હતું. બધું એક એક વાર તો સરખું જોઈ લીધું છે. ઇ માણસ નીકળ્યો હતો ને માથે હાથીનું ઓલું (કરેલું). આ જુઓ! પણ એ માનતો હશે કે, હું હાથી નથી. હેં?

એમ આ શરીરના ખોળા માથે લાલ ચામડાના, આ વાણી ધૂળની અને આ માને કે, મારી. હવે એનું કરવું શું? અને એમાં પુણ્ય ને પાપના ભાવ ઊઠે એ ઝીણા ચામડાના કટકા છે. એ કંઈ આત્માનો સ્વભાવ નથી. વિભાવ.. વિભાવ, વિકાર, સદોષ, ઉપાધિ (છે). એને પોતાનું સ્વરૂપ માને, વિકૃત રૂપને અવિકૃત માને. વિકૃતરૂપ કહ્યું ને? હાથીને, માણસ હતો એને પોતાનું માને. એમ આત્મામાં થતી વિકૃત દશા, શુભાશુભભાવ એના સંબંધ ને એના ફળ, એને પોતાની માનનાર વિકૃતને જ અવિકૃત માને તે વિકૃતને કેમ છોડે? તેથી વિકૃતમાં ફરી ફરીને ભ્રમણ કરશે. લ્યો, એ દસમી ગાથા થઈ.

---

## જ્ઞાનીએ પરને આત્મા ન માનવો જોઈએ.

देहादिउ जे पर कहिया ते अप्पाणु ण होहिं।
इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहिं।।११।।

દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય,
એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ. ૧૧.

અન્વયાર્થ :- (देहादिउ जे पर कहिया) શરીર આદિને પોતાના આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે (ते अप्पाणु ण होहिं) તે પદાર્થ આત્મા થઈ શકતા નથી અને તે રૂપે આત્મા થઈ શકતો નથી. (इउ जाणेविणु) એમ સમજીને (जीव) હે જીવ! (तुहुं अप्पा अप्प मुणेहिं) તું પોતાને આત્મા જાણ, યથાર્થ આત્માનું જ્ઞાન કર.

---

www.vitragvani.com



અગિયારમી (ગાથા). 'જ્ઞાનીએ પરને આત્મા ન માનવો જોઈએ.' ધર્મી સત્.. સત્. સત્ સ્વરૂપનો સ્વીકાર, તેને અસત્માં પોતાપણું માનવું ન જોઈએ. અસત્ એટલે જે સ્વરૂપમાં નથી એવી જે પરવસ્તુ આદિ છે એને પોતાની માનવી ન જોઈએ. ઓલો બહિરાત્મા હતો. આ સવળું લ્યે છે.

देहादिउ जे पर कहिया ते अप्पाणु ण होहिं।
इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहिं।।११।।

બહુ ટૂંકા શબ્દોમાં એકલો માલ ભર્યો છે. 'શરીર આદિને પોતાના આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે...' આ બધી વાત કરી એ. શુભ-અશુભભાવ, આચરણ, ક્રિયા, દેહ, વાણી, મન, કર્મ, લક્ષ્મી બધું. એ 'ભિન્ન કહેવામાં આવ્યા છે તે પદાર્થ આત્મા થઈ શકતા નથી...' શું કહે છે? કે, 'ते अप्पाणु ण होहि' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એ વિભાવ ને શરીર ને વિકલ્પ રૂપે કંઈ બની જતો નથી, એ રૂપે બની જતો નથી. વસ્તુ કંઈ, વિકૃત પર્યાયથી વસ્તુ એ રૂપે બની જતી નથી. શું કહ્યું?

ભગવાનઆત્મા ચિદાનંદની મૂર્તિ અરૂપી અખંડ આનંદકંદ ચિદાનંદ અનાદિઅનંત પોતે વસ્તુ છે, પદાર્થ છે. એ શરીરાદિ જે આત્માથી જુદા કહ્યા, વિકલ્પાદિ, રાગાદિ, પુણ્યાદિ 'તે પદાર્થ આત્મા થઈ શકતા નથી.' 'ते अप्पाणु ण होहि' 'તે પદાર્થ આત્મા થઈ શકતા નથી.' શું કહે છે? એ પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી, કર્મ એ આત્માપણે નથી થઈ શકતા. એ અણાત્માપણે બહાર રહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્માને જે સ્વભાવ સ્વરૂપ એમાં છે, એમાં એ આવી નથી જતા, એમ કહે છે. 'તે પદાર્થ આત્મા થઈ શકતા નથી.' શું કીધું? સમજાણું કાંઈ?

શુદ્ધ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય પ્રભુ, એ રૂપે એ પુણ્ય-પાપના ભાવ, શરીરાદિ એ રૂપે થતા નથી. ચૈતન્યસૂર્ય વસ્તુ એ આ દેહાદિ બાહ્ય ક્રિયા એ આત્મા નથી થતાં, આત્મા થતા નથી. માને ઈ માન્યતા બહિરાત્માની છે, એ થતાં નથી. સમજાણું કાંઈ? એક રાગનો કણ અને રજકણ, રાગનો સૂક્ષ્મ શુભરાગનો કણ અને રજકણ, રાગકણ અને રજકણ એ આત્મા થતા નથી. શું કહે છે? જુઓ!

'તે પદાર્થ આત્મા થઈ શકતા નથી.' ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્ય પ્રભુ, એ રાગનો વિકલ્પ દયા, દાનનો હો કે પરમાણુનો રજકણ હો, એ પરપદાર્થ કંઈ આત્મા થઈ શકે છે? રાગ વિભાવ એ સ્વભાવ થઈ શકે? રજકણ એ જીવ થઈ શકે? સમજાણું કાંઈ? કહો, 'પ્રવીણભાઈ'! આ તો સમજાય એવું છે કે નહિ? જોવું પડે લ્યો, એનેય તે. પણ ભગવાન ચૈતન્યસૂર્ય છે ને અંદર? કહો!

સ્ફટિક રત્ન છે, સ્ફટિક રત્ન. હવે એમાં જોડે કાળા ફૂલ, રાતાં ફૂલ હોય એ કાળા,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાતાં ફૂલ સ્ફટિકપણે થઈ જાય? અને એમાં કાળા, રાતાંની થોડી ઝાંય પડી દેખાય એ પણ કાળી, રાતી ઝાંય સ્ફટિકપણે થઈ જાય? સમજાણું કાંઈ? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે... શ્રી જિનવીરે ધર્મ પ્રકાશ્યો, પ્રબળ કષાય અભાવ રે... જેમ નિર્મળતા રે સ્ફટિક તણી.' જેમ નિર્મળ સ્ફટિક પિંડ છે, એમ ભગવાનઆત્મા નિર્મળ આનંદ ને જ્ઞાનનો કંદ આત્મા છે. સમજાય છે? એમાં જોડે લાલ, કાળા ફૂલ હો તો એ લાલ, કાળ ફૂલ કાંઈ સ્ફટિકપણે થઈ જતા હશે? અને એમાં જરી કાળી, રાતી ઝાંય પડી એ સ્ફટિકપણે થાય છે? એ સ્ફટિકરૂપ ધારણ કરે છે? કાળું, રાતું એ કંઈ સ્ફટિકરૂપ ધારણ કરે છે?

એમ ભગવાનઆત્માથી બાહ્ય પદાર્થ એ આત્મા નથી થઈ શકતા. એ પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિ, સ્ફટિક જેવો ભગવાનઆત્મા, એ રૂપે થઈ શકતા નથી. કોણ? ઓલા વિભાવ ને શરીર ને વાણી. આહાહા..! 'તે રૂપે આત્મા થઈ શકતો નથી.' એ રૂપે આત્મા થઈ શકતો નથી. અરસપરસ નાખ્યું. શું કીધું? એ 'अप्पाणु ण होहि' નાખ્યું છે ને? એટલે તે પદાર્થ આત્મા નથી શકતા અને તે રૂપે આત્મા થઈ શકતો નથી. અરસપરસ. આહાહા..! શું કહ્યું? ભાઈ! આ તો એકલી ભેદજ્ઞાનની વાત છે. સમજાય છે કાંઈ? આ તો માખણ તારવીને આ એકલું મૂક્યું છે.

ભગવાનઆત્મા...! આ દેહાદિ તો રજકણ માટી છે, વાણી માટી છે, અંદર શુભ-અશુભ રાગ (થાય), એ શુભ-અશુભ રાગ આત્મા થઈ શકે? અને આત્મા એ રૂપે થઈ શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પરભાવે મોહ્યો રે આત્મા.. ભૂલ્યો રે ભગવાનને અંદરમાં. પોતે ભગવાનને ભૂલ્યો. સચ્ચિદાનંદ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા આનંદનો કંદ પ્રભુ, કહે છે કે, એ આત્મા શું કાંઈ વિભાવરૂપે થાય? એ આત્મા શું શરીરરૂપે થાય? એ આત્મા વાણીમાં આવે કે થાય? આવે તો થાય ને! અને વિભાવના વિકલ્પમાં આત્મા આવે કે આત્મા વિભાવપણે થાય? આવે એમાં? શુભભાવ દયા, દાનના વિકલ્પમાં એ આત્મા આવે? આત્મા આવે તો આત્મા એ રૂપે થઈ જાય. આત્મા એમાં આવે જ નહિ. એ તો બાહ્ય ચીજ છે. વિભાવ તે સ્વભાવ ન થાય, સ્વભાવ તે વિભાવ ન થાય. એમ બે અરસપરસ વાત લીધી ને અહીંયાં તો? સમજાણું કાંઈ?

'ते अप्पाणु ण होहि' જે શરીરાદિ કહ્યા, ઉદયભાવ કહ્યા તે. એ પંચાચાર-જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, તપાચાર. એવા જે આઠના વિકલ્પો. આઠ (ગુણ્યા) પાંચ, ચાલીશ. જેને એ આઠ હોય એ. સમકિતના આઠ આચાર આવે ને? નિઃશંક ને નિઃકાંક્ષિત ને વ્યવહારના, હોં! અને જ્ઞાનાચારના (વિકલ્પો)-કાળે ભણવું ને વિનયે ભણવું ને... આહાહા..! ઓલો તો કહે છે કે, શાસ્ત્રની સ્વાધ્યાય (કરે તો) નિર્જરા થાય. એમ કાલે આવ્યું હતું. અરે..! સાંભળને, ભગવાન! તને ખબર નથી, બાપુ! બાપુ! એ તો વિકલ્પ ઊઠે છે, ભાઈ! ત્યારે એનું પર

ઉપર લક્ષ છે. એ વિકલ્પરૂપે પ્રભુ થાય છે? અને વિકલ્પ આ રૂપે થાય છે? એ વિકલ્પનું રૂપ સ્વરૂપ ધારણ કરે છે? અને આ સ્વરૂપ વિકલ્પરૂપે આવી જાય છે? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એ 'મલૂકચંદભાઈ'! શું કરવું પણ હવે આમાં? હોંશ ઊડી જશે. મંદિર કરવું છે ને હોંશ ઊડી જશે.

અમે કરી શકીએ એમ માને તો હોંશ રહે. કહો, 'વાસુદેવભાઈ'! શું કરવું હવે આમાં? આહાહા..! અરે પ્રભુ! તું ક્યાં છો? જો તો ખરી. તું જ્યાં છો ત્યાં વિકાર નથી અને વિકાર જ્યાં છે ત્યાં તું નથી. ભાઈ! ન્યાયથી તો સમજવું પડશે.

વિકાર જે પુણ્ય-પાપના વિકલ્પોની વિકાર, વિભાવદશા (થાય છે) ત્યાં ભગવાન ચિદાનંદનો સ્વભાવ એમાં નથી અને એ વિભાવ સ્વભાવરૂપે ત્રણકાળમાં થતાં નથી. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એ... 'જીતુ' શું કીધું? ક્યાં ગયો તારો..? બોલો!

મુમુક્ષુ :– વિભાવ સ્વભાવરૂપે ન થાય.

ઉત્તર :– એટલે? સ્વભાવ એટલે શું? વિભાવ એટલે શું? તારા વતી ઇ આપે? જુઓ! એને જ્યાં-ત્યાં મોટો ઠરાવે છે. પછી શું કીધું?

ભગવાન સ્ફટિક રત્ન જેવો ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, એ પુણ્ય-પાપના મલિનભાવ અને શરીરાદિ અજીવભાવ. પુણ્ય-પાપના આસ્રવભાવ – કર્મ, શરીર અજીવભાવ, એ અજીવભાવ, આસ્રવભાવ એ સ્વભાવભાવ–આત્મારૂપે થતાં નથી અને ભગવાનઆત્મા ચૈતન્યગોળો ધ્રુવ અનાદિઅનંત સત્ત્વ આનંદકંદ, એ પોતે વિભાવરૂપે એટલે આસ્રવરૂપે કે અજીવરૂપે થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રણ તત્ત્વ નિરાળા છે કે નહિ? અજીવ, આસ્રવ અને આત્મા. ચાલો! એ.. 'ધીરૂભાઈ'! અજીવ–કર્મ, શરીર, વાણી બધા ધૂળ અજીવ અને અંદર શુભ-અશુભભાવ ઊઠે તે આસ્રવ. આસ્રવ એટલે નવા આવરણનું કારણ. મલિનભાવ. આ-સ્રવવું. એમાં આત્મા ન આવે. એ તો મલિનભાવ કૃત્રિમ છે. તો કહે છે કે, એ આસ્રવભાવ દયા, દાન, વ્રતના પરિણામમાં આત્મા ન આવે અને એ આસ્રવભાવ આત્મારૂપે થાય નહિ. આત્મારૂપે થયા વિના ઇ લાભ કેમ કરી શકે? કહો, સમજાણું કાંઈ આમાં?

'देहादिउ जे पर कहिया' શબ્દો તો ઇ નો ઇ છે, ઓલામાં (–દસમી ગાથામાં) હતો ઇ. ઇ નો ઇ છે. 'ते अप्पाणु ण होहिं' ઓલામાં 'ते अप्पाणु मुणेइ' હતું. આ 'अप्पाणु ण होहिं' (છે). બસ! એટલો (ફેર છે). 'इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहिं ।।' એમ જાણીને, 'એમ સમજીને...' એમ સમજીને. એવું જ જ્યાં સ્વરૂપ છે, જ્ઞાનસૂર્ય પ્રભુ વિકલ્પના વિભાવરૂપે કદી થયો નથી, અજીવરૂપે કદી થતો નથી, એ વિકારના ભાવ અને અજીવના ભાવ, સ્વભાવરૂપે–ચૈતન્યરૂપે થતાં નથી, એમ જાણીને. કહો, સમજાણું કાંઈ?

'इउ जाणेविणु' 'એમ સમજીને...' શું સમજીને? જુઓ! ભિન્ન પાડી દીધું. ભગવાન

www.vitragvani.com



સચ્ચિદાનંદ પ્રભુ, એ વિકલ્પના વિભાવમાં આવતો નથી અને એ વિભાવ સ્વભાવરૂપે કોઈ દિ' પરિણમતા અને થતાં નથી. જડ રજકણ કર્મ શરીર તે કંઈ આત્મામાં આવતા (નથી), આત્મારૂપે થતાં નથી. ભગવાનઆત્માનું રૂપ, રજકણ કર્મપણે કે શરીરપણે થતાં નથી. આમ સમજીને. આમ સત્ય છે તેમ સમજીને, એમ. આ રીતે જ વસ્તુ છે એમ સમજીને. એ સમજીને (કહ્યું) એ નવી સમજણની પર્યાય થઈ. પર્યાય એટલે અવસ્થા, નવી અવસ્થા થઈ. આ ભગવાન, આ વિકારરૂપે થતો નથી. વિકાર તે સ્વભાવરૂપે થતાં નથી. બે વચ્ચેનું ભેદજ્ઞાન થઈને, સમજીને 'હે જીવ!' 'तुहुं अप्पा अप्प मुणेहि' 'તું પોતાને આત્મા જાણ,...' જુઓ!આ પાછા આમ અંદરમાં લાવ્યા.

ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ, જે વિભાવરૂપે થતો નથી, વિભાવ સ્વભાવરૂપ થતાં નથી. એમ જાણીને તું આત્મા તરફ જો. 'તું પોતાને આત્મા જાણ, યથાર્થ આત્માનું જ્ઞાન કર.' સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ ભગવાન, એના તરફનો ઝુકાવ કરીને જો કે, આ આત્મા! આ આત્મા એકલો જ્ઞાનનો સાગર, આનંદની મૂર્તિ તે આત્મા. એમ બે વચ્ચેની સમજણ કરી આત્માને જાણ, એમ કહે છે. સમજાણું કાંઈ? બે વાત કરી આમ. પછી આમ વળ (એમ કહ્યું).

'હે જીવ!' 'तुहुं अप्पा अप्प मुणेहि' 'તું પોતાને આત્મા જાણ,...' જ્ઞાનાનંદને જ્ઞાનાનંદ જાણ. શુદ્ધ ભગવાનઆત્મા, એને તું આત્મા જાણ. એ તો આમ (અંદર) વળી ગયો. રાગને પરરૂપે જાણ્યા, સ્વભાવ સ્વભાવ છે એમ જાણ્યું. એ જાણીને જ્ઞાન સ્વભાવમાં વળ્યું. આ આત્મા છે તે હું, એમ જાણ. એને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ દશા કહે છે. લ્યો, વળી ત્રણ આવી ગયા. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ. ભારે ઝીણી વાતું. આહાહા..! બીજે જાય તો બધી વાત સમજાય એવી લાગે અને આ (સાંભળે તો એમ લાગે કે આ) શું કહે છે? આ જ સત્ય છે, ઇ તો ઊંધા ગોટા છે. પરની દયા પાળો, એમ કહેનાર પોતા સિવાય પરના કામ કરી શકું છું, એનો અર્થ કે મારાથી એ ચીજ જુદી નથી એટલે કે એ અને અમે બેય એક છીએ માટે હું ત્યાં કામ કરી શકું છું, એટલે એને અને આત્માને બેને એક માન્યા. સમજાણું કાંઈ? આ જુદું અને હું જુદો. એની કોણ દયા પાળે? એની અવસ્થાને કોણ કરે? જે જુદી દશા છે, જે જુદા પદાર્થ છે એ જુદાને જુદા કામ કરે, જુદાને આત્મા કેમ એનું કામ કરે? સમજાણું કાંઈ?

આ શરીરનું, કર્મનું, દેશનું, કુટુંબનું એ પરવસ્તુ છે કે તું છો? તો પર છે તો પરના કામ તું કરી શકે છો? પરના કામ કર તો એનો અર્થ કે તું ત્યાં એકમેક થઈ ગયો. કરનારો કાર્યમાં ભળી ગયો, કરનારો કાર્યમાં ભળી ગયો, પોતાના સત્ત્વનો નાશ કરીને પરરૂપે થઈ ગયો, એમ તેં માન્યું. એ... 'ધીરૂભાઈ'! હેં? આ સંચા-બંચા કોણ કરતું હશે મોટા ન્યાં? ઓલા નાના ભાઈ કહે, ઇ એને પૂછો. આનું કેમ કરવું છે? એમ. બુદ્ધિવાળાને પૂછે કે નહિ? એ..ઇ...! 'ચીમનભાઈ'! ભારે વાત, ભાઈ! ઓલો કહે, ત્યારે પૂછવું શું કરવા? એ..ઇ...!

www.vitragvani.com



મુમુક્ષુ :- બે ભાઈ વચ્ચે તકરાર થાય તો મોટાભાઈ એમ જ કહે કે, મેં કર્યું છે. તું ક્યાં હતો?

ઉત્તર :- તું ક્યાં હતો હમણાનો? રાખવું છે ને! મોટો ભાગ લેવો છે ને એમાંથી. અહીં ઘણા એવા આવ્યા છે, હોં! અમારી પાસે. પણ કાંઈ કર્યું નથી, તું મફતનો શું કરવા મંડ્યો છો? કીધું. મોટો રળતો હોય, પચાસ-પંચાવન થઈ ગયા હોય, હવે કહે કે, નાના ભાઈઓ હોય, સરખા ભાગ પાડો. પણ ભાઈસાહેબ! આ ત્રીસ વર્ષથી હું પીલાઉં છું. એમાં બે-ચાર લાખ ભેગા થયા, તું કહે કે, બરાબર ત્રણ ભાગ પાડો. પણ ત્રણ પાડો તો હવે મારે શું કરવું? ઓલા કહે કે, ક્યાં આપણે અત્યાર સુધી જુદા પડ્યા છીએ? ત્રણે ભેગા છીએ, સરખા ભાગ પાડો. પણ ભાઈસાહેબ! તમે તો હવે રળવાને તૈયાર થયા અને મારી કડ્યું (-કમર) ભાંગી. ત્રણ ભાગ આપો, એમાં બીજું કાંઈ ચાલે એવું નથી હવે. એ.. શેઠ! આવું થાય છે. એ.. 'ધીરૂભાઈ'! અમારી પાસે તો બધા દાખલા સહિત છે, હોં! આહાહા..! અરે...! કાંઈ કર્યું નથી, એમ અહીં કહે છે. એ.. 'મોહનભાઈ'! તમારે તો એકલો છોકરો એટલે શું (હોય)?

અહીં તો કહે છે કે, તું ત્રણે કાળે એકલો જ છો, એમ કહે છે. 'अप्पाणु मुणेइ', 'अप्पाणु मुणेइ' આત્મા તે શું કરે? આત્મા 'मुणेइ', આત્મા શું કરે? રાગને કરે? પરને કરે? પર એનાથી જુદો છે. એ જુદું જુદાનું કરે તો બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..! કેમ હશે, 'ચીમનભાઈ'? હેં? તમે તો બહારમાં બહુ હોંશિયાર કહેવાઓ. કહો, સમજાણું?

'એમ સમજીને હે જીવ! તું પોતાને આત્મા જાણ,...' બહુ ટૂંકામાં પોતે કહ્યું છે ને? જીવને સંબોધવા માટે કહું છું અથવા મારા સંબોધન (માટે કહું છું), છેલ્લું એમ કહેશે. મેં પણ મારા આત્મા માટે આ એના ઘોલન માટે આ શાસ્ત્ર બન્યું છે. હું તો મારું ઘોલન કરું છું, એમ કહે છે. છેલ્લી ગાથા આવે છે ને? 'યથાર્થ આત્માનું જ્ઞાન કર.' લ્યો! અગિયાર (ગાથા પૂરી) થઈ.

## આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે.

अप्पा अप्पउ जइ मुणहि तउ णिव्वाण लहेहि।
पर अप्पा जउ मुणिहि तुहुं तहु संसार भमेहि।।१२।।

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય,
પરરૂપ માને આત્મને, તો ભવભ્રમણ ન જાય. ૧૨.

અન્વયાર્થ :– (जइ) જો (अप्पा अप्पउ मुणहि) આત્મા આત્માને સમજશે (तो णिव्वाण लहेहिं) તો નિર્વાણ પામશે. (जउ) જો (पर अप्पा मुणहि) પર પદાર્થોને આત્મા માનશે (तहु तुहुं संसार भमेहि) તો તું સંસારમાં ભ્રમણ કરીશ.

---

બાર. 'આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે.' બારમી (ગાથા). આત્માના ભાનવાળા, તેને મુક્તિ થાય છે. આત્માના ભાનવિનાવાળાને સંસાર રખડવું થાય છે. એમાં બેય વાત છે.

अप्पा अप्पउ जइ मुणहि तउ णिव्वाण लहेहि।
पर अप्पा जउ मुणिहि तुहुं तहु संसार भमेहि।।१२।।

'જો આત્મા આત્માને સમજશે...' અર્થાત્ ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા એ જ મારું સ્વરૂપ ને એ હું આત્મા. એમ આત્માને પોતાના શુદ્ધ સ્વભાવવાળો સમજશે. ભગવાનઆત્મા એ પોતે શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદાદિ શુદ્ધ સ્વભાવભાળો શુદ્ધ સ્વરૂપે આત્મા (છે) એમ જે સમજશે 'તો નિર્વાણ પામશે.' તો તેમાં એકાકાર થઈને જેને આત્મા જાણ્યો એમાં દૃષ્ટિ માંડીને એકાકાર થઈને પૂર્ણાનંદરૂપી નિર્વાણ નામ મુક્તિને પામશે. સમજાણું કાંઈ? બહુ ટૂંકું.

'अप्पा अप्पउ जइ मुणहि' 'जइ मुणहि' એમ છે ને? 'જો આત્મા આત્માને સમજશે...' જો તું ભગવાનઆત્માને આત્મા તરીકે જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય તરીકે અંદર ભગવાનને જો જો, તું જાણ, સમજ તો ઇ છૂટા તત્ત્વને છૂટું જાણતા અલ્પકાળમાં તદ્દન છૂટું નિર્વાણપદને પામશે. સમજાણું કાંઈ? એમાં ને એમાં ઘોલન કરતાં નિર્વાણને પામશે, એમ કહે છે. સમજાણું આમાં? કે, ભઈ! આત્મા તો જાણ્યો, લ્યો! તો નિર્વાણ પામશે. વચમાં પછી કરવાનું શું? કે, ઇ આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ છે એમ જાણ્યું, આ એમાં ને એમાં જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... રહી ગયું, એ સ્થિર થતાં વીતરાગતાને પામશે. એમાં વચ્ચે વ્યવહાર આવશે એની વાતેય નથી કરી, ભાઈ! આહાહા..! અસ્તિથી જ વાત લીધી છે ને!

ભગવાનઆત્મા, વિકલ્પ પુણ્ય-પાપના વિભાવ વિનાની ચીજ, એવી ચીજને 'अप्पउ' આત્માએ આત્માને જાણ્યો. આહાહા..! બસ! એમાં એ જાણ્યું, આ હું.. આ હું.. આ હું..

www.vitragvani.com



એવી જે દૃષ્ટિ ને સ્થિરતા (થઈ) એ નિર્વાણને પામશે. ઇ આત્માનું સાધન થઈને, આત્માનું સાધન આત્મા જ કરીને, આત્માનું સાધન આત્મા વડે કરીને આત્મા નિર્વાણ નામ મુક્તિને પામશે. કહો, સમજાણું કાંઈ? ઝીણું કાંઈક પડે તો થોડું વિચારવું. થોડું તો હળવે હળવે કહીએ છીએ, કાંઈ એકદમ નથી કહેતા. તમે પ્રોફેસરો તો બહુ એકદમ (બોલો). એ.. 'રતિભાઈ'! હળવે હળવે તો કહીએ છીએ. એમાં થોડો વિચારનો અવકાશ (રહે છે). આહાહા..!

આમ ચૈતન્યપ્રભુ, ચૈતન્યપ્રકાશની મૂર્તિ. આ પ્રકાશનો પ્રકાશક, રાગનો પ્રકાશક, જડનો પ્રકાશક. રાગનો આત્મા નહિ, જડનો આત્મા નહિ. જડ અને રાગનો પ્રકાશક અને પોતાના સ્વરૂપનો પણ પ્રકાશક. સમજાણું કાંઈ? એવા પ્રકાશક સ્વરૂપ ભગવાનઆત્મા(ને) આમ જાણ્યો કે, આ તો પ્રકાશનો પુંજ જ પ્રભુ સ્વપરને પ્રકાશે એ ચીજ છે. પરને પોતાનું માને એ ચીજ છે જ નહિ એમાં. સમજાય છે કાંઈ? અને તે પરને પ્રકાશે છે. એ પર છે માટે પ્રકાશે છે એમેય નથી. એ પોતાનો પ્રકાશક સ્વભાવ સ્વ અને પરને પ્રકાશની સત્તાની હયાતીથી સ્વ ને પરને પ્રકાશે છે. પરની હયાતીને લઈને પરને પ્રકાશે છે, એમ નથી. સમજાણું કાંઈ આમાં? એ..ઇ...! આહાહા..!

કહે છે કે, ધીરો તો થા, ભાઈ! બાપા! તારા ઘર તેં કોઈ દિ' જોયા નથી. પરઘરમાં આથડ્યો જ્યાં-ત્યાં. પરઘરમાં આથડ્યો. આ કર્યું ને આ કર્યું, શુભ-અશુભ વિકલ્પો ઊઠ્યા, વિકાર કર્યા એ બધું પરઘર છે. સ્વઘરને જોયા નથી. ક્યાંક આવ્યું હતું ખરું, ભજન હમણાં આવ્યું હતું. ઓલામાં આવ્યું હતું–'વીરવાણી.. વીરવાણી.' 'વીરવાણી' આવ્યું હતું ને? એમાં મોઢા આગળ એક વાક્ય હતું, પરઘરનું, હોં! એવું હતું. કીધું, હવે બધા બોલવા માંડ્યા છે. સ્વઘર લોકો પણ કહે, હોં! સમજાય છે? હવે અમારે ઘર બાંધવું છે. હવે ક્યાં સુધી (આમ રહેવું)? ઘર બાંધવું હોય તો એમ ને એમ નહિ ચાલે. સમજાણું? એમ અહીં કહે છે, બાપા! તારું ઘર તારે બાંધવું છે કે નહિ? એ રાગ ને વિકલ્પ વિનાનો પ્રભુ એમાં તું દૃષ્ટિ દે તો એ તારું ઘર બંધાણું–એકાગ્ર થયો અને એમાંથી ક્રમે ક્રમે જ્ઞાન પાકું ઘર થઈ જશે. મોક્ષ.. મોક્ષ.. મોક્ષ.

**'अप्पा अप्पउ जइ मुणहि तउ णिव्वाण लहेहि।'** હવે ગુલાંટ ખાય છે. **'पर अप्पा जउ मुणिहि'** હવે આમ કહે છે. પણ 'પર પદાર્થને આત્મા માનશે...' પણ આત્મા સિવાયના વિભાવ, વિકલ્પ ને શરીર, કર્મ, ઉદયભાવ ને ઉદય વિકારાદિ, અશુદ્ધ મલિનભાવ, જે જેની ચીજમાં નથી, ક્ષણિક વિકારી ભાવ કાયમી ચીજ નથી. એવા 'પર પદાર્થને આત્મા માનશે...' એને જે આત્મા માનશે કે, આ પણ હું, આ અસ્તિત્વમાં પણ હું. એ રાગ ને વિકલ્પના હોવાપણામાં હું, એનાથી છૂટશે નહિ. એટલે એ સંસારમાં રખડશે. ભારે ટૂંકું, ભાઈ! ભારે માલ કાઢ્યો છે ને, પ્રભુ!

**'पर अप्पा जउ मुणिहि'** જુઓને ઓલામાં પણ **'जइ मुणहि'**. એમ જો આત્માને

www.vitragvani.com



આત્મા જાણે તો તો મુક્તિ (પામશે). આત્માને પર જાણે, આત્મા આત્મા તરીકે હોવાપણે જ્ઞાનાનંદ શુદ્ધ હોવાપણે જાણ્યો તો હોવાપણે એકલો નિર્મળાનંદ મુક્તિમાં રહી ગયો. આત્મા પરપણે જાણે 'पर अप्पा जउ मुणिहि' (પર) પદાર્થને આત્મા માનશે 'तहु तुहुं संसार भमेहि'. તો તું જેને તું માને છો એ ચીજ સંસાર છે. વિકાર પર એ સંસાર છે. એને પોતાનો માનીને એમાં ને એમાં રહીશ અને સંસારમાં રહીશ. સમજાણું કાંઈ? આરે..! આવી વાતું કઠણ પડે. આવી (વાત) પહેલી સાંભળી હતી? હવે એણે રસ લીધો. અહીં ઓલામાં છોકરા બેઠા. કીધું, ઠીક કર્યું આ. સમજાણું આમાં? એ.. 'વાસુદેવભાઈ'! જુઓ! આ વાત કરે છે. જુઓ, આ!

'पर अप्पा जउ मुणिहि तहु तुहुं' તો તું 'संसार भमेहि'. જો વિકારને, શરીરને, કર્મને જે સ્વરૂપમાં નથી તેને, તેના અસ્તિત્વમાં તારું અસ્તિત્વ માન્યું, બસ! એ છૂટશે નહિ એટલે તેમાં રખડીશ. એનું નામ સંસાર, એનું નામ સંસાર. સમજાણું કાંઈ? મુક્તિ અને સંસાર બેયની વાત એક ગાથામાં સમાડી દીધી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

### ક્રમબદ્ધપર્યાયના ભણકાર!

આચાર્યદેવે પહેલેથી જ ક્રમબદ્ધપર્યાયના ભણકારા મૂકતા આવ્યા છે–

'જીવ પદાર્થ કેવો છે' તેનું વર્ણન કરતાં બીજી ગાથામાં કહ્યું હતું કે 'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ-પર્યાયો અંગીકાર કર્યા છે'. પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે. એમ કહીને ત્યાં જીવની ક્રમબદ્ધપર્યાયની વાત બતાવી દીધી છે.

ત્યાર પછી, ૬૨મી ગાથામાં કહ્યું કે 'વર્ણાદિભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ (અર્થાત્ પર્યાયો) વડે પુદ્ગલદ્રવ્યની સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદતમ્ય જાહેર કરે છે.' અહીં અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ' પામવાનું કહીને અજીવની ક્રમબદ્ધપર્યાય બતાવી દીધી છે.

કર્તાકર્મ અધિકારમાં પણ ગા. ૭૬-૭૭-૭૮માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વિર્ત્ય એમ ત્રણ પ્રકારના કર્મની વાત કરીને ક્રમબદ્ધપર્યાયની વાત ગોઠવી દીધી છે. 'પ્રાપ્ય' એટલે, દ્રવ્યમાં જે સમયે જે પર્યાય નિયમિત છે તે ક્રમબદ્ધપર્યાયને તે સમયે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે-પહોંચી વળે છે, તેથી તેને 'પ્રાપ્ય કર્મ' કહેવાય છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઇચ્છા રહિત તપ જ નિર્વાણનું કારણ છે.

इच्छा रहियउ तव करहि अप्पा अप्प मुणेहि।
तउ लहु पावइ परम गई पुण संसार ण एहि।।१३।।

વિણ ઇચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;
સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩.

અન્વયાર્થ :– (अप्पा) હે આત્મા! (इच्छा रहियउ तव करहि) જો તું ઇચ્છારહિત થઈને તપ કરીશ (अप्प मुणेहि) અને આત્માનો અનુભવ કરીશ (तउ लहु परमगई पावइ) તો તું શીઘ્ર જ પરમ ગતિ પામીશ. (पुण संसार ण एहि) પછી નિશ્ચયથી કદી સંસારમાં નહિ આવીશ.

---

વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૮, શનિવાર
તા. ૧૧-૦૬-૧૯૬૬
ગાથા–૧૩ થી ૧૫. પ્રવચન નં. ૫

---

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' એક મુનિ થયા છે. દિગંબર સંત. એમણે આત્માના અંતર યોગ એટલે વેપાર, એનો સાર વર્ણવ્યો છે. જેનાથી આત્મવેપારથી કલ્યાણ અને મુક્તિ થાય. બાર ગાથા થઈ ગઈ છે. તેરમી. 'ઇચ્છા રહિત તપ જ નિર્વાણનું કારણ છે.' તેરમી ગાથા.

इच्छा रहियउ तव करहि अप्पा अप्प मुणेहि।
तउ लहु पावइ परम गई पुण संसार ण एहि।।१३।।

'अप्पा' નામ આત્મા ઇચ્છા રહિત તપ કરી. કર્તા પોતે આત્મા આત્માને જાણે. શું કહે છે? આત્મા પોતાના શુદ્ધ આનંદ પવિત્ર સ્વરૂપને જાણી અને શુભ ને અશુભ ઇચ્છા જે રાગ, તેને રોકી અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં તપ એટલે લીનતા (કરે). પોતાનું શુદ્ધ પવિત્ર સ્વરૂપ, તેમાં તપવું એટલે લીન થવું, એને અહીંયાં તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઇચ્છા રહિત. ઇચ્છા એટલે શુભાશુભ રાગ રહિત. એટલે કે આત્મા શુદ્ધ પવિત્ર સ્વરૂપ, પુણ્ય-પાપના રાગ રહિત એવા સ્વભાવનું જ્ઞાન કરી અને તે સ્વભાવમાં પુણ્ય-પાપની ઇચ્છાને રોકી સ્વરૂપમાં લીન થાય તેને અહીંયાં તપ કહેવામાં આવે છે. એ તપથી આત્માની મુક્તિ થાય છે.

www.vitragvani.com



મુમુક્ષુ :- ખૂબ કરે છે.

ઉત્તર :- કોણ કરે છે?

મુમુક્ષુ :- આપણા પર્યુષણ આવે ત્યારે કરે છે.

ઉત્તર :- એ બધા લાંઘણું કરે છે. લાંઘણ કરે છે, લાંઘણ. શેઠ! આ પર્યુષણમાં બધા શું કરે છે?

**'इच्छा रहियउ तव करहि'** એ શબ્દ શું છે? કે, આત્મા વસ્તુ સ્વરૂપે ઇચ્છા રહિત છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત આનંદની મૂર્તિ આત્મા છે. એમાં ઇચ્છા જ નથી. તો એમાં ઇચ્છા નથી તો ઇચ્છા જે છે તેના તરફનો આશ્રય, લક્ષ, રુચિ છોડી અને જેમાં ઇચ્છા નથી એવો આત્મા, અનંત જ્ઞાન, દર્શન, આનંદ એની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા, એમાં લીનતા, શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધઉપયોગરૂપી લીનતા, શુદ્ધ સ્વભાવમાં શુદ્ધ આચરણરૂપી તપના, એનાથી સંવર અને નિર્જરા થાય છે. કહો, સમજાણું કાંઈ? અશુભભાવ હોય તો પાપ થાય, શુભભાવ દયા, દાન હોય તો પુણ્ય થાય. એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ?

**'इच्छा रहियउ तव करहि'** તપ નામ આત્માની લીનતા. બીજી ભાષાએ કહીએ તો વીતરાગતામાં લીનતા અને રાગનો અભાવ. સમજાય છે કાંઈ? ઇચ્છા રહિત એટલે સરાગતાનો અભાવ અને તપ એટલે શુદ્ધતામાં લીનતા, શુદ્ધતામાં લીનતા અને શુભાશુભ પરિણામનો અભાવ. એને અહીંયાં મુક્તિનું કારણ તપ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા, ભાઈ! કહો, સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આનંદમૂર્તિ, એના ભાન વિના એકલા અપવાસ આદિ કરે એ તો રાગની મંદતા હોય તો મિથ્યાત્વ સહિત એમાં પુણ્ય બાંધે. જન્મ-મરણના અંત ને ધર્મનું સ્વરૂપ એને કહેવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ?

**'इच्छा रहियउ तव'** નાસ્તિથી વાત કરી પછી તપથી અસ્તિથી કીધી. ભગવાનઆત્મા, આમ કહ્યું ને? **'अप्पा अप्प मुणेहि'** પોતાના શુદ્ધ વીતરાગી એનું વાસ્તવિક સ્વરૂપ, નિર્દોષ અકષાય એનો સ્વભાવ એને જાણે એટલે જાણીને એમાં લીન થાય તેનું નામ ઇચ્છા રહિત તપ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માને જાણ્યા વિના તપ જ ન થાય?

ઉત્તર :- આત્મા એટલે શું પણ? આત્મા એટલે કે રાગરહિત આત્મા. રાગરહિત આત્મા, એના સ્વભાવના જ્ઞાન વિના એમાં ઠરે શી રીતે?

મુમુક્ષુ :- ધર્મ તો છે ને?

ઉત્તર :- ધર્મ કોને કહેવાય? ધર્મ કહેવો કોને? આત્મા પરમાનંદ આનંદનું ભાન હોય એ આનંદમાં ઠરે એનું નામ ધર્મ છે. આત્મામાં આનંદ છે. અતીન્દ્રિય આનંદ, હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું એવું જેને જ્ઞાન નથી એ એમાં ઠરે કેમ? લલચાય કેમ? અતીન્દ્રિય આનંદ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પોતામાં ન ભાસે એ એમાં લલચાયને ઠરે કેમ? જેને પુણ્ય-પાપના પરિણામમાં ઠીક લાગતું હોય એ ત્યાંથી ખસે કેમ? સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? 'રતિભાઈ'!

અસ્તિ-નાસ્તિ કરી, જુઓ! 'इच्छा रहियउ' અને 'तव करहि'. એમ કહ્યું છે ને? 'तव करहि' અસ્તિ છે અને 'इच्छा रहियउ' નાસ્તિ છે. એટલે શું કહ્યું? કે, ભગવાન અસ્તિસ્વરૂપે પહેલું કહ્યું કે, હે આત્મા! 'अप्प मुणेहि'. આત્મા જ્ઞાન, ચૈતન્ય, દર્શન, આનંદ, નિર્દોષ પૂર્ણ અનંત સ્વભાવ પિંડ એવો ભગવાન, એને જાણ. કેમ? કે, એ ઇચ્છા વિનાની ચીજ છે અને ઇચ્છા વિનાની ચીજ છે એમાં ઇચ્છાને ટાળીને સ્વરૂપ એવું શક્તિએ વીતરાગ છે એમાં ઠર. એને અસ્તિરૂપ તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ પડે, ભાઈ! અપવાસ કરવો હોય, ઓળી કરવી હોય તો ઝટ પકડાય પણ ખરું, લ્યો!

મુમુક્ષુ :– શું પકડાય?

ઉત્તર :– આ કંઈક કરીએ છીએ એમ એને લાગે.

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળનું જ્ઞાન હતું એ પરમેશ્વર વીતરાગ તીર્થંકર એમ ફરમાવે છે, ભાઈ! એ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ, પવિત્ર આનંદ સ્વરૂપ, એમાં ઠર, લીન થા એને તપ કહેવાય છે. એમાં લીન થયો એટલે ઇચ્છા રોકાઈ ગઈ. ઇચ્છા રોકાઈ ગઈ, સ્વરૂપમાં લીન થયો આ એને મુક્તિનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કહો, 'રતિભાઈ'! શું કરવું આ?

'इच्छा रहियउ तव करहि' 'करहि'. એ ભગવાનઆત્મા..! બહુ ટૂંકા શબ્દોમાં એકલો સાર જ ભર્યો છે. 'યોગસાર' છે ને? યોગ એટલે સ્વરૂપમાં જોડાણ કરીને ઠરવું. એ ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદની સત્તાનો સ્વભાવ ભરેલો પ્રભુ, એની લાલચમાં દૃષ્ટિ (ગઈ). ઇચ્છાઓની શુભાશુભની વૃત્તિઓને રોકી, રોકી કહેવું એ પણ એક નાસ્તિથી વાત છે, પણ સ્વરૂપમાં.. 'ઇચ્છા રહિત' શબ્દ કહ્યો છે ને? સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકની સત્તાનું ભાન, એમાં દૃષ્ટિ અને સ્થિરતા કરતાં ઇચ્છા રોકાઈ જાય છે અને સ્વરૂપમાં લીનતા થાય છે તેને અહીંયાં તપ અને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તપ એટલે આહાર ન ખાવો ને ફલાણું દૂધ ખાધું ને દહીં ન ખાધું માટે તપ થઈ ગયા એમ છે નહિ. એ બધી લાંઘણું છે. લાંઘણ. અહીં તો ચારિત્રની રમણતા એ તપ છે. સમજાણું કાંઈ?

અનાદિથી આમ રાગમાં રમે છે. પુણ્ય-પાપના રાગના વિકલ્પમાં રમે છે એ સંસાર છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના રાગથી ખસીને જેમાં પુણ્ય-પાપ નથી એવો ભગવાનઆત્માનો સ્વભાવ, એમાં ઠરવું એને ખરેખર મુક્તિનો ઉપાય અને તપ કહે છે.

મુમુક્ષુ :– આત્માને જાણ્યા પછી ઠરવાની વાત છે.

ઉત્તર :– જાણ્યા વિના શી રીતે ઠરે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :- જાણવા માટે તપ કરવું ને?

ઉત્તર :- તપ શું કરે? ધૂળ. જાણવા માટે તપ કરતા હશે? કહો, તમારું નામ જાણવું હોય તો કેટલા અપવાસ કર્યે નામ જણાય? જોડે માણસ ઊભો હોય, મારે પૂછવું નથી, જાણવું નથી. કહો, કેટલા તપે જણાય?

મુમુક્ષુ :- પેલાને વિચાર થાય કે આ કાંઈક માગે છે.

ઉત્તર :- પૂછવું પડે ને એને? પૂછવું પડે ને, તમે કોણ છો? તમારું નામ શું છે? હેં? તડકે ઊભો રહે તો?

મુમુક્ષુ :- પણ લૌકિક તપ અને આ લોકોત્તર જુદી વાત છે ને!

ઉત્તર :- લૌકિકમાં બીજું હોય અને લોકોત્તરમાં બીજું હોય, એમ હશે? આ તો દૃષ્ટાંત છે. કોઈપણ માણસનું જાણવું હોય, એની પીછાણ કરવી હોય તો એ ગુંજામાંથી પાંચ લાખ રૂપિયા આપી દ્યે તો નામ જણાય જાય? કહો, 'રતનલાલજી'! ગુંજામાંથી બીજાને આપી દે તો? ઇ દાને ન થાય. બે-ચાર દિ' મૌન રહી જાય. નામ જણાય જાય? બે-ચાર દિ' ખાય નહિ. એમાં નામ જણાય જાય? સમજાય છે કાંઈ? નામ જણાવાનું તો જે અજ્ઞાન છે તેને જ્ઞાન દ્વારા જ અજ્ઞાન નાશ થાય છે. તમારું નામ શું છે? અત્યારે પૂછે ને, આપનું શુભ નામ શું છે? એમ શું કાંઈક કહે છે ને? હેં? આપનું શુભ નામ, એવી બધી ભાષા છે ને? શું કહે છે? એવું કાંઈક કહે છે ને? આપનું શુભ નામ શું છે? એમ પૂછે. ત્યારે કહે કે, અમારું નામ ફલાણું છે.

અહીં કહે છે, હે આત્મા! તું કોણ છો? એમ અહીં કહે છે. તારું નામ એટલે તું કેમાં રહેલો છો? તું શેમાં રહેલો છો? તને કઈ રીતે ઓળખવો? 'अप्पा अप्प मुणेहि' એમ શબ્દ છે. આત્મા પોતાના આત્માનું જ્ઞાન કરે કે, આ આત્મા.. આ આત્મા. જાણનાર, દેખનાર, આનંદ, શુદ્ધતા, વીતરાગતા એવું જે આત્માનું સ્વરૂપ એ આત્મા. એમ જ્ઞાન ને શ્રદ્ધા, વિશ્વાસ કરીને રાગથી ખસીને સ્વરૂપમાં ઠરે એને અહીંયાં તપ અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- કોઈ અપવાસ નહિ કરે.

ઉત્તર :- કોણ અપવાસ કરતું હતું? અપવાસ કરે છે, અપવાસ-માઠો વાસ. ઉપવાસ ક્યાં છે? ઉપ એટલે આત્મામાં સમીપમાં જઈને ઠરવું એનું નામ ખરેખર ઉપવાસ છે. સમજાણું કાંઈ?

'तउ लहु पावइ परम गई' ભાષા આમ છે. કેમકે જેમાં મોક્ષસ્વરૂપ ભવગાનઆત્મા છે એમાં લીન થયે, 'लहु' નામ શીઘ્ર-અલ્પ કાળમાં 'पावइ परम गई' તે પરમ ગતિને પામે છે. પરમ ગતિ નામ પૂર્ણાનંદ મોક્ષ દશાને પામે છે. એને પછી ચાર ગતિ હોતી નથી અને પરમ ગતિ પામ્યા પછી એને ફરીને અવતરવું પડતું નથી. કહો, સમજાણું કાંઈ? 'तउ लहु पावइ परम गई पुण संसार ण एहि' બે, અસ્તિ-નાસ્તિ કરી. જેણે ભગવાનઆત્મામાં

www.vitragvani.com



શુદ્ધતાના સ્વભાવનો વિશ્વાસ કરી અને વિશ્વાસે તેમાં રમી અને તે દ્વારા પરમ ગતિને પ્રાપ્ત કરી તે સંસાર ફરીને પામતો નથી. 'पुण संसार ण एहि' 'પછી નિશ્ચયથી કદી સંસારમાં નહિ આવીશ.' એમ કહીને જેને પરમ ગતિ પ્રાપ્ત થઈ એને પછી અવતાર હોઈ શકે નહિ. દુનિયાના કહે છે ને, ભઈ! ભક્તોની ભીડ (ભાંગવા) અવતાર ધારણ કરવા પડે. શું કહેવાય? રાક્ષસોને મારવા માટે (અવતાર લે). એવું સ્વરૂપ છે નહિ. એ વસ્તુને સમજતા નથી.

અહીંયાં પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઠરવાથી પાછો ફરતો નથી તે ઠરવાથી પૂર્ણ મુક્તિ થયે ઇ પાછો ખસીને અવતરે, એ ત્રણકાળમાં બને નહિ. કહો, સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની પૂર્ણતામાં લીન થયો એ અતીન્દ્રિય આનંદમાંથી પાછો ખસે? હૈં? માખી જેવું (જંતુ) એક સાકરનું ગળ્યું પડ દેખીને ચોંટે છે તો ખસતું નથી. ભલે એની પાંખ ચોંટી જાય, શરીરમાં થોડું મર્દન (થાય), સાકર લેતા આમ હાથમાં આવી જાય પણ મીઠાશને આડે છોડતું નથી. ન્યાંથી ઊડતી નથી. એમ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એનો જેને પહેલો વિશ્વાસ આવ્યો છે, વિશ્વાસ કેમ (આવ્યો છે)? જ્ઞેય નામ એનું જ્ઞાન કરીને કે, આ આત્મા આનંદ અને શુદ્ધ છે. એમ જ્ઞાન કરીને જેને વિશ્વાસ આવ્યો અને વિશ્વાસ આવીને એમાંથી આનંદ પ્રગટ થશે. એમાં ઠરે છે, લીન થાય છે, તપે છે, લીનતા કરે છે એને અલ્પ કાળમાં મોક્ષસ્વભાવ એવો પોતાનો એ પર્યાયમાં પૂર્ણ દશાને મુક્તને પામે છે. 'संसार ण एहि' સંસાર નહિ પામે. અસ્તિ-નાસ્તિ કરી. પૂર્ણાનંદની દશાને પ્રાપ્ત કરે તે સંસારને પામે નહિ. કહો, સમજાણું કાંઈ?

'શીતલપ્રસાદે' વચમાં જરી એવો અર્થ કર્યો છે, હોં! જુઓ! 'પોતાના જ શુદ્ધ આત્માના શ્રદ્ધાન અને જ્ઞાનમાં તપવું, લીન થવું તે નિશ્ચય તપ છે.' એવું જરીક કર્યું છે. થોડુંક ઠીક કરે છે. ઇ પછી કર્યું છે, એ ખબર છે, એ ખબર છે. 'નિમિત્તનો સંયોગ મેળવવાથી ઉપાદાનની પ્રગટતા થાય છે.' એ બધું એમ જ ચાલે. આપણે તો ઓલું સવળું સવળું લઈ લેવું. સમજાય છે કાંઈ? એને નિમિત્તનું મૂળ હતું ખરું ને! 'નિમિત્તનો સંયોગ મેળવવાથી..' મેળવતો હશે? એ તો એમ કહેવું છે કે, ઓલા બાર પ્રકારના તપનો વિકલ્પ આવે છે ને? એમ આવે છે, એટલું. સમજાણું કાંઈ? પછી તો એની વ્યાખ્યા લાંબી કરી, એનું કાંઈ નહિ. કહો, એ તેર ગાથા થઈ. તેરમી થઈ ને?

## પરિણામોથી જ બંધ અને મોક્ષ થાય છે.

परिणामें बंधुजि कहिउ मोक्ख वि तह जि वियाणि।
इउ जाणेविणु जीव तुहुं तह भावहु परियाणि।।१४।।

બંધ-મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવો જાણ. ૧૪.

અન્વયાર્થ :- (परिणामें बंधुजि कहिउ) પરિણામોથી જ કર્મનો બંધ કહેવામાં આવ્યો છે (तह जि मोक्ख वि वियाणि) તેવી જ રીતે પરિણામોથી જ મોક્ષ જાણ. (जीव) હે આત્મન્! (इउ जाणे विणु) આમ સમજીને (तुहुं तह भावहु परियाणि) તું તે ભાવોને ઓળખ.

---

ચૌદ. 'પરિણામોથી જ બંધ અને મોક્ષ થાય છે.' આ ગાથા જુઓ સમજવા જેવી છે. મોટો ગોટો અત્યારે ઊઠે છે ને?

परिणामें बंधुजि कहिउ मोक्ख वि तह जि वियाणि।
इउ जाणेविणु जीव तुहुं तह भावहु परियाणि।।१४।।

'कहिउ' ભગવાને કહ્યું એમ પાછું સિદ્ધ કરે છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે 'પરિણામોથી જ કર્મનો બંધ કહેવામાં આવ્યો છે...' શું કહે છે? તારા પરિણામ જે છે એ પરિણામથી બંધન થાય છે. કહો, સમજાણું કાંઈ? કોઈ જીવની હિંસા કે દયા (કરે), એનાથી બંધન થતું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં એમ લખ્યું છે.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો નિમિત્તની વાત કરી હોય. શું કરે?

મુમુક્ષુ :- બે કથન માનવા પડે ને?

ઉત્તર :- એક જ કથન યથાર્થ છે એને બીજું કથન ઉપચાર, ઇ જાણવા લાયક છે. આ શું કહ્યું? પરિણામે બંધ ભગવાને કહ્યો છે.

મુમુક્ષુ :- એકાંત થઈ જાય છે.

ઉત્તર :- એકાંત પરિણામે બંધ (થાય) એ સમ્યક્ એકાંત જ છે. કહો, ઇ તો આવ્યું છે ને? આમાં નાખેલું. ઓલામાં આપણે નહિ..? આમાંય ક્યાંક નાખ્યું છે. 'સમયસાર'માં આવે છે ને? 'अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ। एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।' ભગવાન પોતે 'સમયસાર'માં એમ કહે છે કે, કોઈ વસ્તુને આશ્રયે બંધ થતો નથી. પર જીવ મરે, ઇ વસ્તુનો આશ્રય ઇ. જીવ મરે, બચે, લક્ષ્મી એના આશ્રયે બંધ થતો નથી. શરીરની ક્રિયા, શરીરની ક્રિયા, જીવનું બહારનું મરવું કે જીવવું કે લક્ષ્મીનું આવવું કે લક્ષ્મીનું જવું, તે કોઈ પરવસ્તુને આશ્રયે બંધ થતો નથી. સમજાય છે કાંઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– પરને કારણે બંધ ન થાય?

ઉત્તર :– બંધ થતો જ નથી.

મુમુક્ષુ :– એકાંત થઈ જાય છે.

ઉત્તર :– એકાંત જ છે. પરિણામે બંધો. આ શું કહે છે? જેવા તારા પરિણામ–શુભ અને અશુભ, 'પરિણામ' શબ્દે અહીંયા (એમ અર્થ છે). મિથ્યાત્વભાવ અને શુભ-અશુભ પરિણામ, એ તારા પરિણામથી બંધ છે. કર્મના ઉદયથી બંધ છે, એમ નહિ.

મુમુક્ષુ :– 'ગોમ્મટસાર'નું શું કરશું?

ઉત્તર :– 'ગોમ્મટસાર'નું ઇ કરવું. કહો, સમજાણું આમાં? તારા ભાવ, આ સ્વરૂપની સન્મુખતાને છોડી દઈ, શુદ્ધ સ્વભાવની સન્મુખતાને છોડી દઈ પર સન્મુખતાના પરિણામ તે તારા પરિણામ બંધનું કારણ એક જ છે. શું કહ્યું સમજાણું આમાં?

બે વાત–(૧) આત્મા શુદ્ધ સ્વરૂપ છે, એની સન્મુખતાના પરિણામ તે મોક્ષનું કારણ. એના સન્મુખતાથી તારા વિમુખ પરિણામ, કર્મને લઈને એ જીવ મરે (એમ નહિ). અહીં તો પરિણામે બંધ કહ્યો એમાં ક્યાં આવ્યું? 'वत्थुं पडुच्च' ના પાડી. વસ્તુથી નથી. વસ્તુ એટલે કઈ? મરવું, જીવવું તો નથી, એમ એમાં આવ્યું કે નહિ? ભાઈ! સામે જીવ મરે, પૈસા હોય છતાં, આ શરીરનું નિમિત્ત થઈને કોઈ છ કાય જીવ મરે એની સાથે બંધનું કારણ છે જ નહિ. સમજાણું કાંઈ? ભલે એ પરિણામમાં એ ચીજ નિમિત્ત હો, પણ એ બંધનું કારણ નથી. બંધનનું કારણ તો તારા સ્વ-સ્વભાવથી વિમુખપણામાં અને પરસન્મુખથી સન્મુખપણાના પરિણામ, પુણ્ય-પાપના, મિથ્યાત્વના તે એક જ પરિણામ બંધનું કારણ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– બીજે ઠેકાણે બીજું લખ્યું છે.

ઉત્તર :– બીજે લખ્યું જ નથી. બીજે એમ કહે? એક ઠેકાણે આમ કહે અને એક ઠેકાણે આમ કહે, મૂરખ છે? મૂર્ખ હોય એ એવો ઊંધો અર્થ કરે. સમજાણું કાંઈ?

'परिणामें बंधुजि कहिउ' 'कहिउ' (કહ્યું છે), દેખો! પરિણામથી કર્મનું બંધ છે, ભાઈ! પ્રભુઆત્મા શુદ્ધ અખંડાનંદ, એનાથી વિમુખ પરસન્મુખના પરિણામ, એ એક જ પરિણામ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? 'तह जि मोक्ख वि वियाणि' 'તેવી જ રીતે પરિણામોથી જ મોક્ષ જાણ.' એમ, જુઓ! છે ને? એની સાથે સંબંધ છે ને? તેમ જ મોક્ષ 'वि वियाणि' એટલે? જેમ પરિણામ પોતાના અશુદ્ધ, અશુદ્ધ મિથ્યાત્વના, પુણ્ય, શુભાશુભભાવના, અવ્રતના, પ્રમાદના, કષાયના એવા જે તારા પરિણામ પરસન્મુખના ભાવ, એ જ પરસન્મુખને ઉત્પન્ન કરાવનારા, બંધને ઉત્પન્ન કરાવનાર એ ભાવ છે. સમજાણું કાંઈ?

વીતરાગ કહે છે એમ તો આચાર્ય પોતે પોકારે છે. 'तह जि' તેમ જ હે આત્મા! તારા પરિણામથી મોક્ષ એમ 'वियाणि', એમ કહે છે. તારા પરિણામથી તને મોક્ષ છે. પરિણામ

www.vitragvani.com



એટલે? મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો નાશ અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના પરિણામ, એ પરિણામથી તારો મોક્ષ છે. ઓહો..હો...! ઘણું નાખ્યું આમાં તો! સમજાણું કાંઈ? તારા જેવા ભગવાન પ્રભુ(ની) સ્વસન્મુખતાને છોડી અને પરસન્મુખતા અને પોતાની વિમુખતા એવા જે મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિના શુભાશુભ પરિણામ એ જ બંધનું (કારણ છે), પરિણામ બંધનું કારણ છે. એમ ભગવાન તીર્થંકરોએ સો ઇન્દ્રોની ઉપસ્થિતિ, ગણધરોની હયાતીમાં આમ ભગવાન કહેતા હતા. કહો, સમજાણું કાંઈ?

'તેવી જ રીતે પરિણામોથી જ મોક્ષ જાણ.' ભાષા જુઓ! 'तह जि मोक्ख वि वियाणि' એમાં આવી જાય એ તો. સમજાય છે કાંઈ? 'તેવી જ રીતે...' 'જ' છે ને? 'जि'. તેમ જ 'પરિણામોથી જ મોક્ષ જાણ.' ભારે ભાષા! ભગવાનઆત્મા, અહીં તો ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા નિશ્ચય રત્નત્રયના પરિણામ, તે જ મોક્ષનું કારણ (છે), એમ તું જાણ એમ ભગવાન કહે છે. કહો, સમજાણું આમાં? એ..ઇ...! આહાહા!

સન્મુખ, સન્મુખ અને વિમુખ, એક વાત છે. એક વાત છે. ભગવાનઆત્મા પોતાની શુદ્ધ સંપદાને છોડી, એના માહાત્મ્યને મૂકી અને પરવસ્તુની પોતા કરતાં અધિકપણે કિંમત કરવા જાય, આ ઠીક છે અને આ ઠીક નથી, એવા મિથ્યાત્વના પરિણામ અને એની સાથે આ અનુકૂળ ને પ્રતિકૂળ એવા જે ઇષ્ટ-અનિષ્ટ પરિણામ, શુભાશુભ, બસ! એ એક જ બંધનું કારણ છે. બંધન નામ ચાર ગતિમાં રખડવાનું આ એક પરિણામ કારણ છે. નવા કર્મ બંધાય એ તારા પરિણામથી બંધાય છે. એ ક્રિયાથી નહિ. પરજીવ મરે કે પરજીવ બચે કે લક્ષ્મી ઝાઝી રહે કે લક્ષ્મી થોડી રહે કે લક્ષ્મી દાનમાં આપવાની ક્રિયા થાય કે લક્ષ્મી રાખવાની કંજુસાઈથી ક્રિયા થાય તો એ લક્ષ્મીને જીવવું મરવું એ બંધનું કારણ નથી. 'મોહનભાઈ'! તારા તેના તરફના જેટલા રુચિપૂર્વકની આસક્તિના પરિણામ (થાય) તે એક જ બંધનું કારણ છે. આ એક કારણ સિદ્ધ કરવું છે પછી બીજું કારણ નથી. પોતે પરિણામ બંધનું કારણ અને કર્મ પણ બંધનું કારણ (એમ નથી).

મુમુક્ષુ :– કારણ-કાર્ય મિંમાસામાં કીધું છે ઈ નક્કી થાવું જોઈએ ને!

ઉત્તર :– બધું આવી ગયું. આ કારણ છે ત્યાં બીજું ભલે નિમિત્ત કહેવામાં આવે. એ તો 'ફૂલચંદજી'એ બહુ કીધું, પાછળથી કીધું પછી કાયાને નિમિત્ત કહેવામાં આવે છે, એમ થોડું કીધું. શું કરે પણ? ક્યાંક બચાવ કરીને વળી ઘોડો ઓલો થઈ જાય. એણે ઇ નાખ્યું છે. કાયાથી ધર્મ ન થાય અને કાયાથી બંધ ન થાય, એમાં નાખ્યું છે. નિમિત્ત કહેવાય છે, એમ કહ્યું છે ને? એનો અર્થ શું પણ? કહો, 'રતિભાઈ'! આ બધા ઝગડા ચારે કોર છે. હેં? આહાહા..!

શ્રોતા :– ચારે કોર ઝગડા વર્તમાનમાં વર્તે છે.

www.vitragvani.com



કહે છે, ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વભાવને ભૂલી અને ક્યાંય પણ પુણ્ય-પાપના ભાવમાં અને પરમાં સુખ છે, એવી માન્યતાના પરિણામ તેને સંસારના બંધનું કારણ છે અને તે જ પરિણામથી ગુંલાટ ખાતા, ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપે પ્રભુ છે એના સન્મુખના શ્રદ્ધા, જ્ઞાન ને વિશ્વાસના પરિણામ અને સ્થિરતાના પરિણામ, બસ! એ પરિણામ જ મોક્ષનું કારણ છે. કહો, દેહની ક્રિયા મોક્ષનું કારણ નથી, એમ કહે છે. ઓલો કહે, દેહની ક્રિયા મોક્ષનું (કારણ છે).

મુમુક્ષુ :– સિદ્ધ કર્યું છે કે દેહથી મોક્ષ થાય.

ઉત્તર :– ધૂળમાંય થતું નથી. મફતનો.. આવા ને આવા. વ્યવહારનું કથન કર્યું ત્યાં ચોંટીને પડ્યો. આહાહા..! ગળે વળગ્યો, ગળે.

મુમુક્ષુ :– શરીરથી મોક્ષ થાય.

ઉત્તર :– શરીરથી મોક્ષ થાય અને શરીરથી બંધ થાય. ભગવાનને જુઓ ઉદયભાવ છે એ ક્ષાયિકનું કારણ થાય છે. અરે..! સાંભળને. એ તો કહે છે કે, નિર્જરા થઈ ગઈ એ અપેક્ષાએ એને ક્ષાયિક કહ્યું છે.

અહીં તો કહે છે, મોક્ષ પણ આત્માના શુદ્ધ પરિણામથી થાય, દેહની ક્રિયાના નિમિત્તથી નહિ. દેહની ક્રિયાના નિમિત્તથી મોક્ષ થાય નહિ. આહાહા..! સ્વભાવના મહિમાના, વિશ્વાસના સ્વભાવના મહિમાનું જ્ઞાન, સ્વભાવના મહિમાનો વિશ્વાસ અને સ્વભાવના મહિમામાં જ લીન. હેં? તે સ્વ-અભિમુખના પરિણામ, ભગવાનના સન્મુખના પરિણામ એ ભગવાનઆત્માને મુક્તિનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? હવે, આ પૈસા-બૈસા કાંઈ પાંચ-પચાસ લાખ મળે અને બે-પાંચ લાખ ખર્ચે તો એમાંથી કાંઈ મુક્તિ થાય કે નહિ? હેં? અહીંયાં તો કહે છે કે, આ દઉં છું એવો રાગનો મંદ વિકલ્પ છે ને, એ બંધનું કારણ છે. કારણ કે પરસન્મુખના પરિણામ છે. હેં? કહો, 'હરિભાઈ'!

મુમુક્ષુ :– ... ભાવ હોય..

ઉત્તર :– ભાવ પણ એને માને શું? કે, આ બંધભાવ છે. બંધભાવ છે એમ જાણ્યું એટલે થઈ રહ્યું. આ બંધભાવ છે. મારા મુક્તિના થવાના એ પરિણામ નથી. મોક્ષ થવાના, છૂટવાના એ પરિણામ નથી. એ બંધાવાના પરિણામ છે. અબંધસ્વરૂપી ભગવાનને બંધાવાના પરિણામ છે. અબંધસ્વરૂપી ભગવાનઆત્માને સ્વસન્મુખના અબંધ પરિણામ તે જ મુક્તિનું કારણ છે. આહાહા..! અરે...! આ તો બહુ ટૂંકામાં 'યોગસાર' છે ને? આમ સ્વરૂપના સન્મુખનો વેપાર તે પરિણામ મુક્તિનું કારણ અને સ્વરૂપથી વિમુખ પરના દયા, દાન, વ્રતાદિના બધા પરિણામ એ બધું બંધનું કારણ છે. સમજાણું કાંઈ? પછી સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો, બધાને જે પરિણામ બંધના થયા, અશુદ્ધ તે બંધનું જ કારણ છે. (શ્રોતા : પરસન્મુખ થાય તેને)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દૃષ્ટિને પણ જેટલા વ્રતાદિના પરિણામ આવે, એ બધા પરસન્મુખના પરિણામ છે. એટલું એને બંધનું જ કારણ છે. જેટલા સ્વસન્મુખના શુદ્ધ પરિણામ, શ્રદ્ધા, જ્ઞાન અને વિશ્વાસ ઠર્યો, બસ! એ જ પરિણામ પૂર્ણ નિર્મળ પરિણામરૂપી મુક્તિ, પૂર્ણ નિર્મળ પરિણામરૂપી મુક્તિ, મુક્તિ એટલે પરિણામ શુદ્ધ છે, પૂરાં પરિણામ. સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણામ તે શુદ્ધ મુક્તિના પરિણામનું કારણ છે. અશુદ્ધ પરિણામ તે નવા કર્મબંધનમાં નિમિત્ત છે, રખડવાનું કારણ છે. સમકિતીને પણ જેટલા અશુદ્ધ પરિણામ છે એ સંસારનું કારણ છે.

મુમુક્ષુ :- સમકિતીને તો પરપદાર્થથી લાભ છે.

ઉત્તર :- ધૂળમાંય લાભ થતો નથી. લાભ કોને થાય?

મુમુક્ષુ :- ચારિત્ર અપેક્ષાએ, શ્રદ્ધા અપેક્ષાએ તો લાભ થયો.

ઉત્તર :- ચારિત્ર, ચારિત્ર સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર છે. પરથી લાભ થાય છે? સમજાણું કાંઈ?

'इउ जाणेविणु जीव' જુઓ! 'वियाणि' કીધું ને? 'मोक्ख वि तह जि' જાણ. ભગવાનઆત્માના પૂર્ણાનંદના શુદ્ધ મુક્તિના પરિણામ તે શુદ્ધ છે, એ પરિણામથી જ મુક્તિ (છે) એમ તું જાણ. કોઈ નિમિત્તથી ને ક્રિયાકાંડથી મુક્તિ નથી. વ્રતાદિના પરિણામ બંધનું કારણ છે, મુક્તિનું કારણ નથી એમ જાણ. જાણ એમ નહિ પણ વિ-જાણ. સમજાય છે કાંઈ?

'इउ जाणेविणु जीव' એને જાણીને 'હે આત્મન્! આમ સમજીને તું તે ભાવોને ઓળખ.' બેય ભાવની, હોં! બેય ભાવની (ઓળખાણ કર). પરસન્મુખના પરિણામનું જ્ઞાન કર અને સ્વસન્મુખના પરિણામનું જ્ઞાન કર.

મુમુક્ષુ :- ઇ પરિણામ ઓળખાતા હશે?

ઉત્તર :- આ શું કહે છે? જાણવાનું આ શું કહ્યું?

મુમુક્ષુ :- આ કાળે ન જણાય.

ઉત્તર :- લે, આ કાળે ન જણાય તો કોને આ વાત કરે છે? આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ, એના સન્મુખના પરિણામને જાણ અને એનાથી વિમુખ જેટલા પરિણામ થાય એને જાણ. એમ સમ્યગ્દૃષ્ટિને કહે છે. સમજાણું કાંઈ?

જ્ઞાન તો બેય કરવાનું છે કે, આ જેટલા પરિણામ શુદ્ધ સ્વભાવની સન્મુખના, ઇચ્છા રહિતના, શુદ્ધઉપયોગના, શુદ્ધ સમ્યગ્દર્શનના, જ્ઞાનના, શાંતિના એ જ પરિણામ એકલા મુક્તિનું અથવા સંવર, નિર્જરારૂપ છે અને મુક્તિનું કારણ છે. સંવર, નિર્જરા એ પરિણામ છે. જેટલા પરસન્મુખના પરિણામ (થાય) એ આસ્રવ ને બંધરૂપ છે, એ આત્માને હિતકર નથી. એમ વિજાણ, એમ જ્ઞાન કર. સમજાણું કાંઈ? કેટલામી ગાથા ચાલે છે આ? ચૌદમી. આહાહા..! ચૌદમું, ચૌદમું. ચૌદમી ગાથા ચાલે છે, હોં!

www.vitragvani.com



'तुहुं तह' 'તું તે...' 'भावहु परियाणि' એ ભાવની તું ઓળખાણ કર, કહે છે. સમજાય છે? જુઓ! ઓળખાણ કર, એમ કહે છે. જે પરિણામે આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ (થાય) એને જાણ અને જે પરસન્મુખના પરિણામ થાય તેને જાણ. બેયને જાણવાનું કહ્યું છે. જાણી શકતો હશે ત્યારે કીધું છે કે જાણ્યા વિના? સમજાણું કાંઈ? સમકિતીને પણ જેટલા પરિણામ હિંસાના, વિષયના, કામ, ક્રોધના પરિણામ આવે છે, અરે...! દયા, દાનના, ભક્તિ પણ આવે છે એને તું બંધના કારણ જાણ, એમ કહે છે. એને તું બંધના કારણ જાણ, એમ જાણ.

મુમુક્ષુ :- આજ્ઞા કરે છે.

ઉત્તર :– હા, વિજાણ. ઓળખાણ કર, ઓળખાણ. 'तह भावहु परियाणि' 'परियाणि' શબ્દ છે પાછો, જુઓ! આહાહા..! સમજાણું કાંઈ? અરે..! જ્ઞાન શું ન જાણે? ચૈતન્યજ્યોત ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાતવાળું તત્ત્વ એ સાધક સ્વભાવ ને બાધકના પરિણામને કેમ ન જાણે? સમજાણું કાંઈ?

ભગવાનઆત્માના જ્ઞાનની એક સમયની દશા જેને ત્રણકાળ ત્રણલોક એક સમયની પર્યાયમાં સમાઈ ગયા છે, એને જાણતા ત્રણકાળ ત્રણલોક જણાય જાય. એવી જ્ઞાનની દશા, એ સાધકપણામાં સ્વસન્મુખના પરિણામ અને પરસન્મુખના પરિણામ, એને બરાબર જાણી શકે છે. કહો, સમજાણું આમાં? પછી સમકિતી હો કે મિથ્યાત્વી હો. શુભપરિણામથી સમકિતીને પણ બંધ છે અને આત્માના શુદ્ધ સ્વભાવસન્મુખના શુદ્ધભાવથી સમકિતીને સંવર અને નિર્જરા છે. આ રીતે તું જાણ, બીજું છે નહિ.

આ તો જેને ભઈ! જન્મ-મરણથી.. હેં? જન્મ-મરણ રહિત થવું હોય (એને માટે વાત છે). આ ચાર ગતિમાં ધોકા ખાવા હોય (તો) એ તો અનંતકાળથી ખાય છે. મરી ગયો, એમાં શું છે ધૂળમાં? સમજાણું કાંઈ? એક ભવમાંથી બીજે ભવે, બીજા ભવમાંથી ત્રીજે ભવે. જુઓ! રખડ્યા રખડ કરે છે કે નહિ? હેં? આત્મા તો અનાદિનો છે. આ શરીર આ આત્માની સાથે કાંઈ અનાદિનું છે? આ શરીર બીજું હતું, આના પહેલા બીજું હતું, એના પહેલા ત્રીજું, એના પહેલા ચોથું.. એમ અનંતકાળના અનંતા શરીરો આવ્યા ને ગયા, આવ્યા ને ગયા. ધૂળ. હેરાન.. હેરાન થઈ ગયો. એ..ઇ...! 'આશિષ'! બે કલાક જો આમ મૌન રહી ગયો અને કંઈ બોલાય નહિ અને જો પડખું ન ફરે તો હાય.. હાય...! (કરવા માંડે). સમજાણું કાંઈ? અરે..રે...! કાંઈ પડખું ફરાતું નથી, અરે...! મને ક્યાંય હખ (–સુખ) નથી, હોં! અકળામણ.. અકળામણ (થાય છે). અરે...! પણ શેની અકળામણ તને? અકળામણ તો તારા રાગની અકળામણ છે, પડખું ન ફરવાની નથી. એ... 'મોહનભાઈ'! શું હશે? પડખું ફરાતું નથી, સબાકા આવે છે, આમ કરીએ તો આમ છે.. શું છે પણ? એ તો જડ છે. જડને કાંઈક સરખું કરી દે ને! મોટો બડકમદાર છો ને!

www.vitragvani.com



મુમુક્ષુ :- બડકમદાર એટલે?

ઉત્તર :- હોંશિયાર. આમ કહે, અમે કંઈકના કરી દઈએ. કરને તારું કડનું (-કમરનું). એ.. અહીંથી આમ થયું. શું થયું? શું થાય છે ખબર પડતી નથી, એમ કહે. આમ કરવા જઈએ તો આમ થાય ને આમ કરવા જાય તો આમ થાય. કરે કોણ? એ જડની અવસ્થાના સન્મુખના અભિમાનના પરિણામ, એ બંધના કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? તને ખબર નથી.

ભગવાનઆત્મા ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે. એના સન્મુખના પરિણામ તે જ તને એક હિતકર અને કલ્યાણનું કારણ છે. એ સિવાય કોઈ હિતકર, કલ્યાણનું કારણ છે નહિ. પછી અમારે ધંધો કે દિ' કરવો આ? કે દિ' કરી શકે છે ઇ? હેં? 'ચીમનભાઈ'! આ શું કર્યું? આ બધું શું કર્યું? માણસ હોંશિયાર હોય તો પાંચ હજાર, દસ હજાર (કમાઈ) લે, લો! હેં? અમારે 'છોટાભાઈ' છે ને? ક્યાં ગયા? 'ભાવનગર' ગયા? ઇ 'છોટાભાઈ' કહેતા હતા. આપણને ક્યાં ખબર? આપણને કંઈ ખબર પડતી નથી. 'છોટાભાઈ' કહે, એ બેય જણા પાંચ હજાર, આઠ હજાર નભાવ્યા લ્યો. બીજાને વીસ હજાર થાય અને આને બાર હજાર, બેય માળા હોંશિયાર બહુ! એમ થયું હશે કે નહિ? ધૂળમાંય થયું નથી. એ તો થવાનું હતું ને થયું. 'ચીમનભાઈ'! શું કહે છે? લ્યો! તમારું આ મકાન અત્યારે વીસ હજારની કિંમતનું ગણાય. પૂછ્યું ત્યારે 'શાંતિભાઈ' કહે, બાર હજાર. લ્યો! 'શાંતિભાઈ' કહે બાર હજાર. ધણી કહે, બાર હજાર અને ઓલા કહે, વીસ હજાર. એ તો બહારના ઠાઠ ધૂળના છે. એને જરી લાગે, મગજ હોય, ઊભા હોય આમ ધ્યાન રાખે. મોઢા-બોઢા તે વખતે 'ચીમનભાઈ'ને કાળા થઈ જતા હતા. હા, હા. અહીં બપોરે વ્યાખ્યાનમાં આવતા. અત્યારે મોઢું છે એવું મોઢું તે દિ' નહોતું. મોઢું જરી આમ થઈ જતું, કાળું ને લાલ. લોહી ચડતું ને ઊભા રહેવું. ત્યાં ક્યાં છત્રી રાખીને ઊભા રહે? પણ ઇ કશના પરિણામ થયા માટે એ કામ થયું એમ નથી. હાય...હા...! ભારે વાત, ભાઈ! સમજાણું? આહાહા..! ભારે શ્લોકો છે, બહુ ટૂંકા.. ટૂંકા.. ટૂંકા છે, લ્યો! સમજાણું કાંઈ?

કહે છે... વચમાં તો એણે બહુ નાખ્યું છે, હોં! આ મુનિવ્રત, શ્રાવકના વ્રતનો રાગ એ તપનો રાગ, ભક્તિનો રાગ, પઠન-પાઠનનો રાગ અને મંત્રોના જપનો રાગ, એ બધો રાગ બંધનું કારણ છે. ઓલી કોર છે. ૭૦ પાને. સમજાય છે કાંઈ? એમ ઇ થોડું ઠીક નાખે છે. આ માળા અત્યારથી નથી કરતા? બધા કહી દીધા.

મોક્ષના કારણરૂપ ભાવ એક વીતરાગભાવ છે, શુદ્ધોપયોગ છે. નિશ્ચયરત્નત્રય એક જ મોક્ષનું કારણ છે. ભગવાનઆત્મા અંતરના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, નિર્વિકલ્પતા, વીતરાગતા, શુદ્ધતાના પરિણામ પોતાના શુદ્ધ (સ્વરૂપને) અવલંબીને થયા એ એક જ સંવર અને નિર્જરારૂપ છે અને એ પોતે એક જ મુક્તિનો ઉપાય છે. સમજાણું

www.vitragvani.com



કાંઈ? પછી છેવટે (લીધું છે), આ રત્નત્રયધર્મ એકદેશ હોય તોપણ બંધનું કારણ નથી. ઓલો કહે છે ને? રત્નત્રયથી બંધ પણ થાય અને મુક્તિ પણ થાય. એને અનેકાંત કરવું છે. આવા ને આવા, કોણ જાણે જાગ્યા છે. હેં?

ઓલો બહારવટિયો હતો ને? 'જોગા ખુમાણ' શું કહેવાય ઇ? 'જોગીદાસ ખુમાણ'. દરબારનો બહારવટિયો હતો ને? 'ભાવનગર'નો. પછી 'ભાવનગર'માં કોઈક મરી ગયો. 'તખ્તસિંહજી' હાજરી (હતી). એ પોતે ખરખરો કરવા આવ્યા, હોં! રાજાના પાકા બહારવટિયા. આમ માથે થોડું લૂગડું રાખે ને? .... તો આવવું જોઈએ ને? ઇ તો રાજા છે. રાજા આમ બેઠા હતા, એ બોલ્યા, 'એ.. આ જોગીદાસ'. બીજા કહે, પકડો. 'તખ્તસિંહ' કહે, અરે...! આપણા મહેમાન છે. અત્યારે બીજું હોય? અત્યારે તો આપણા મહેમાન છે. બહારવટિયો, હોં! રાજનો પાકો બહારવટિયો. પણ અહીંયાં અત્યારે કેમ આવ્યા છે? આવ્યો છે એમ ન બોલે, હોં! દરબાર પોતે અત્યારે કેમ આવ્યા છે 'જોગી ખુમાણ'? આપ અમારા તો મહેમાન છે. કોઈપણ માણસ પોલીસને સાથે લઈને (નહિ જાય), અહીંથી તે બહાર સુધી કોઈ ન કરે, એની સાથે રહો. એમ કે, કોઈ વિરોધ ન કરે. એને જમાડી, કરી, મહેમાનગતી કરે કોઈ વચ્ચે વિરોધ ન કરે. સમજાણું? બહારવટિયા (ખરા) પણ કયે કામે આવ્યા છે? હેં? ખરખરે આવ્યા એને ન હોય. એટલો વિવેક એને છે.

અહીં કહે છે કે, આત્માના સ્વભાવનું ભાન અને જેટલો વિરોધભાવ ઉત્પન્ન થાય એને પોતે બરાબર જાણે. બંધનું કારણ તું છો. આદર ન આપે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શુભભાવ બહારવટિયો છે?

ઉત્તર :– બહારવટિયો છે. એવો જ યોગ છે ને આ તો? યોગ આવ્યું ને? યોગા ખુમાણ. હમણાં આવ્યા નહોતા? તમારા આમાં કોઈ આવ્યા હતા. ઈ ગામના. હેં? આવ્યા હતા ને? ઇ કહેતા હતા. મહેમાન આવ્યા હતા. એમ આ આત્માના પુણ્ય-પાપના ભાવ બહારવટિયા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– લોકો પુણ્ય કરે છે પાપ છોડીને.

ઉત્તર :– કોણ કરતું ને કોણ છોડતું? મૂઢ મફતનો છે. આ શરીર છૂટશે એટલે ફૂ... થઈને ચાલ્યો જઈશ. કોઈ તારા શરણભૂત નથી. ચાલ્યો જઈશ એમ ને એમ. આ બધા રજકણ એં.. એં... રહી (જશે). સમજાણું કાંઈ?

કહે છે, એકદેશ પણ આત્માની શુદ્ધતાના રત્નત્રયનો અંશ પ્રગટે, નિર્મળ આત્માને આશ્રયે, એ બંધ નથી, એ બંધનું કારણ છે જ નહિ. ખૂબ લીધું છે, હેઠે પણ બહુ સારું લીધું છે. જ્યારે સાધુ ધ્યાનસ્થ હોય ત્યારે નિવૃત્તિમાર્ગમાં ચડી જાય છે. ઠઠ.. ઠઠ બધે લીધું છે, ઘણું લીધું છે. આપણે ઉપરથી વાત આવી ગઈ. કહો, એ ચૌદ થઈ. (હવે) પંદર (ગાથા).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## પુણ્યકર્મ મોક્ષસુખ આપી શકતું નથી.

अह पुणु अप्पा ण वि मुणहि पुण्णु वि करई असेसु।
तउ वि णु पावइ सिद्धसुहु पुणु संसार भमेसु।।१५।।

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;
ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫.

અન્વયાર્થ :- (अह पुणु अप्पा ण वि मुणहि) જો તું આત્માને નહિ જાણ (असेसु पुण्णु वि करइ) અને સર્વ પુણ્ય કર્મ કરતો રહીશ (तउ वि सिद्धि सुहु ण पावइ) તો પણ તું સિદ્ધનું સુખ પામીશ નહિ (पुणु संसार भमेसु) ફરી ફરીને સંસારમાં જ ભ્રમણ કરીશ.

---

'પુણ્યકર્મ મોક્ષસુખ આપી શકતું નથી.'

अह पुणु अप्पा ण वि मुणहि पुण्णु वि करई असेसु।
तउ वि णु पावइ सिद्धसुहु पुणु संसार भमेसु।।१५।।

'अह पुणु अप्पा ण वि मुणहि' જે કોઈ આત્મા પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ, એનું જ્ઞાન અને વિશ્વાસ કરતો નથી અને એ સિવાય 'સર્વ પુણ્ય...' ભાષા જુઓ 'असेसु पुण्णु' અશેષ પુણ્ય એટલે કે બધા પ્રકારના તારા દયાના, દાનના, ભક્તિના, વ્રતના, સાધુના આચરણના ને પંચ મહાવ્રતના, બાર વ્રતના જેટલા આચરણ તું કહે એ બધા 'असेसु पुण्णु वि करइ' જેટલા શુભભાવના આચરણ ઊંચામાં ઊંચા કહેવાય એવા બધા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, શ્રાવક-સાધુના આચરણ.. સમજાય છે? પણ એ સાધક-ફાધક છે નહિ. હેં?

મુમુક્ષુ :- બહારમાં દેખાય છે ને?

ઉત્તર :- બહારમાં શું દેખાય? લોકો તો મૂર્ખા હોય તો કહે. કહો, સમજાણું કાંઈ? જુઓને, શું શબ્દ છે? જુઓ!

'अह पुणु अप्पा ण वि मुणहि पुण्णु वि करई असेसु।' જુઓ! 'असेसु' છે ને? એટલે? 'असेसु' એટલે શું કહે છે? પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ, જાવજીવ બ્રહ્મચર્ય, શરીરથી બ્રહ્મચર્ય રાખવાના પરિણામ, જાવજીવ એક લંગોટી નહિ રાખવાના પરિણામ એમ અહીંયાં 'असेसु' છે ને? બાહ્ય ચીજનો એટલો બધો ત્યાગ કે, છેલ્લામાં છેલ્લો નવમી ગ્રૈવેયક ગયો એવા અશેષ શુભ પરિણામ જેને થયા, પણ એ બધા બંધના કારણ છે. એ આત્માના ભાન વિના એ એકલું પુણ્ય મુક્તિનું કારણ નથી. આત્માના ભાનસહિત

www.vitragvani.com



હોય તો તેને ઓલા નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહેવામાં આવે એટલે કે એ કારણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા પોતાના નિજ સ્વરૂપને, અહો! શુદ્ધ સ્વભાવનો ભંડાર ભગવાન. અરે...! એની એને ખબર ન મળે. અંતર્મુખમાં, અંતર્મુખમાં ઊંડો ભગવાન પૂર્ણાનંદ લઈને પડ્યો છે, એનો જેને વિશ્વાસ, એનું જ્ઞાન, એને જ્ઞેય બનાવ્યું નથી એ જીવ અશેષ કર્મ ગમે તે જાતના પંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણના, બાર-બાર મહિનાના અપવાસ (કરે), છ-છ મહિનાના અપવાસ (કરે) અને ભીક્ષા માટે જાય તો એક મમરા ને પાણી. મમરા કહે છે? શું કહે છે? મુરમુરા. હા, ઇ. ધાણી, ચોખાની ધાણી. અમારે એને મમરા કહે છે અને ધાણી કહે છે જુવારને. જુવારની બનાવે છે ને? જુવાર. હા, એ ચોખાની ધાણી. એ મમરા અને પાણી લ્યે. ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા એક રાગની ક્રિયાનો કર્તા નથી. એવું જેને ચૈતન્યનું અંતર જ્ઞાન, વિશ્વાસ, સ્થિરતા નથી એ આવા અશેષ પુણ્યકર્મ કરે 'तउ वि णु पावइ सिद्धसुहु'. તોપણ તે મુક્તિના સુખને પામતો નથી. એટલે (કે) તેને સંવર, નિર્જરા થતી નથી, એમ કહે છે.

ઇ સંવર, નિર્જરા કે દિ' છે? ઇ તો નિમિત્ત છે. નિમિત્ત ક્યારે કહેવાય? શુદ્ધ ઉપાદાન પોતાના શુદ્ધ સ્વભાવની, પૂર્ણાનંદની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાના સ્વભાવ શુદ્ધ ઉપાદાનથી પ્રગટ કર્યા તો એ વ્રતાદિના પરિણામ બંધના કારણ છે, એને નિમિત્ત તરીકે કહેવાય. છે બંધના કારણ. સમજાણું કાંઈ? નિમિત્ત દેખીને વાત કરી છે, એને વળગ્યા છે, માળા! આહાહા..!

'अह पुणु अप्पा ण वि मुणहि' જેણે ભગવાનઆત્મા ચૈતન્યરત્ન કંદ પ્રભુ, એની જેણે કિંમત ન કરી. અરે...! જેણે આત્માના સ્વભાવની વર્તમાન કિંમત ન કરી એ જીવો પુણ્યના પરિણામની કિંમત કરી, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના ભાવ કરી એની કિંમત કરીને આનાથી અમારું કલ્યાણ થશે, કહે છે કે, 'पुणु पुणु भमइ', 'पुणु संसार भमेसु' ચાર ગતિમાં રખડશે અને કાંઈપણ જન્મ-મરણના અંતનો લાભ નહિ થાય. કહો, સમજાણું આમાં? કહો, 'મનસુખભાઈ'! શું ન્યાં તમારે ચાલે છે કે નહિ હિન્દુસ્તાન સાથે? હિન્દુસ્તાની ઓલા કાંઈક કહે, આ વળી કાંઈક કહે, બેય અંદરમાં ચાલે છે. એક દેરાસરમાં બે. સમજાણું કાંઈ? શું (કહ્યું)? છે કે નહિ એમાં?

'अह पुणु अप्पा ण वि मुणहि' ભગવાનઆત્મા આનંદસ્વરૂપે રાગથી, દેહથી ભિન્ન જેની કિંમતું જ્ઞાનમાં પૂર્ણ થઈ શકે નહિ, તેવો જે પરમાત્માનો નિજ સ્વભાવ, એને જે જાણતો નથી તે 'पुण्णु वि करई असेसु।' ભલે એ શુભભાવ અશેષ–બધી જાતના, હોં! બાર-બાર મહિનાના અપવાસ (કરે). ઘી ન ખાય, દૂધ ન પીવે, પરસ્ત્રીનો ત્યાગ, સ્વસ્ત્રીનો ત્યાગ, ચોવિયાર કરે, બ્રહ્મચર્ય પાળે, જાવજીવના ચોવિયાર. ચોવિયાર એટલે? ચાર. ચાર પ્રકારના આહારનો ત્યાગ. સમજાણું? રાત્રે ન ખાય. એ બધી ક્રિયાઓ અશેષ પુણ્યરૂપે છે. એનાથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જરીયે ધર્મ નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? આકરું પડે માણસને, હોં! અરે... બાપા! અનંતકાળથી જન્મ-મરણના ધોકા ખાધા, ભાઈ!

કહે છે, આવું 'તો પણ...' એમ. આટલું કરવા છતાં પણ, એમ છે ને? 'તો પણ તું...' એમ. 'સિદ્ધનું સુખ પામીશ નહિ.' ભગવાનઆત્મામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદનો વિશ્વાસ તને નથી અને આવા પુણ્ય કરીને એનો વિશ્વાસ કર કે એમાંથી મુક્તિ થાય (તો) 'भमइ' ચાર ગતિમાં રખડીશ પણ સુખ મળશે નહિ. એટલે આત્માના આનંદની પ્રાપ્તિ થશે નહિ. 'तउ वि सिद्धि सुहु ण पावइ' 'તો પણ તું સિદ્ધનું સુખ પામીશ નહિ.'

'पुणु संसार भमेसु' 'ફરી ફરીને સંસારમાં જ ભ્રમણ કરીશ.' લ્યો! સમજાણું? આહાહા..! આ સાધક અને સાધ્ય, 'પંચાસ્તિકાય'માં આવે ને? વ્યવહાર સાધક. પણ કહ્યું છે ને? કીધું, કઈ નય? નયનું અહીં શું કામ છે? નયનું શું કામ છે? અરે...! ભગવાન! બાપુ! ભાઈ! એમ કે, આ વ્યવહારને સાધક કહ્યું છે ને? નિશ્ચય સાધ્ય અને વ્યવહાર સાધક. ભલે તમે એને વ્યવહાર કહો, ચાલો. પણ વ્યવહારને સાધક કહ્યું છે ને? કઈ નયે? નયનું શું કામ છે? કીધું છે કે નહિ? એ..ઇ...! આણે બધું ઊંધું માર્યું લખાણ કરીને. ટીકા પ્રમાણે લખાણ સરખું કર્યું પછી હેઠે બચાવ કર્યો, એમ કહે છે, માળા! તમારા વાંધાઓ માટે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. હેં? આહાહા..! ભગવાનનું વચન, શાસ્ત્રનું વચન છે કે નહિ? પણ વચન છે, બાપુ! ઇ કઈ નયે કહ્યું છે?

અહીં શું કહ્યું છે, જુઓને! કે, આત્માના શુદ્ધ સ્વરૂપના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રગટપણા વિના જે કાંઈ તારા દાન, દયા, વ્રત, ભક્તિ, પૂજા, લાખ (હોય) છેલ્લામાં છેલ્લી જે ક્રિયા કહેવાય, એમ અશેષ કીધી છે ને? છેલ્લામાં છેલ્લા તારા પરિણામ–શુભઉપયોગ જે હોય, (એ) કર તોપણ એ આત્માને સંવર, નિર્જરાનું કારણ નથી, એ બંધનું જ કારણ છે. પંચમકાળે પણ એ અને ચોથે કાળે પણ એ. એ વળી કાળફેરે ફેર છે એમ પણ નથી. ભાવ તો તે બંધનું જ કારણ છે.

'તો પણ તું સિદ્ધનું સુખ પામીશ નહિ.' 'पुणु संसार भमेसु' 'ફરી ફરીને...' 'पुणु'નો અર્થ કર્યો, વારંવાર. 'ફરીને સંસારમાં જ ભ્રમણ કરીશ.' લ્યો! સમજાય છે? જુઓ! નીચે લખ્યું છે. હેઠે (બીજા પેરેગ્રાફની) ત્રીજી લીટી (છે). 'બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. તે દ્રવ્યલિંગી સાધુનું ચારિત્ર પાળે છે. શાસ્ત્રોક્ત વ્રત, સમિતિ, ગુપ્તિ પાળે છે, તપ કરે છે, આત્મજ્ઞાન રહિત તપથી તે મહાન પુણ્ય બાંધીને નવમી ગ્રૈવેયક જઈને અહમિંદ્ર થઈ જાય છે. આત્મજ્ઞાન વિના ત્યાંથી ચ્યવીને સંસાર-ભ્રમણમાં જ ફર્યા કરે છે.'

આત્મા શુદ્ધ ચિદાનંદનો અંતર આનંદનો વિશ્વાસ આવ્યા વિના આ વિશ્વાસે ચડી ગયો, પુણ્યને વિશ્વાસે (ચડી ગયો કે) આના કારણે (મુક્તિ થશે). તારો વિશ્વાસ ન્યાં ગયો. એ તો મિથ્યા વિશ્વાસ છે. સમજાણું કાંઈ? ખોટે વિશ્વાસે ચડી ગયો, ખોટે રસ્તે ચડી ગયો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આહાહા..!

'શુદ્ધઉપયોગ જ વાસ્તવમાં મોક્ષનું કારણ છે.' આણે તો જરી આકરું કર્યું છે, હોં! 'એ સિવાયની મન, વચન, કાયાની સર્વ પ્રવૃત્તિને પોતાનો ધર્મ ન સમજતાં બંધનો કરનાર અધર્મ સમજે છે.' ૭૫ પાને છે. અધર્મ (વાંચીને) ઓલો રાડ નાખે. 'વ્યવહારમાં શુભક્રિયાને ધર્મ કહે છે, પરંતુ નિશ્ચયથી જે બંધ કરે તે ધર્મ હોઈ શકે નહિ.' આહાહા..! ખરેખર તો એણે ત્યાં સુધી લીધું છે, જરી આ તો એના શબ્દો છે, હોં! કે, સમ્યગ્દષ્ટિનો લાભ થાય છે, જ્યારે આત્માને આત્માનું ભાન અને સમ્યગ્દર્શન થાય છે, 'તે સર્વ શુભ પ્રવૃત્તિઓથી અશુભ પ્રવૃત્તિઓની જેમ જ ઉદાસ થાય છે. તે ન મુનિના વ્રત પાળવા ઇચ્છે છે ન શ્રાવકના.' ઓલો પાછો વિકલ્પ છે ને? પાળવા ચાહે છે ઇ.

'પરંતુ આત્મબળની કમીથી જ્યારે ઉપયોગ પોતાના આત્મામાં અધિક કાળ સ્થિર રહેતો નથી ત્યારે અશુભથી બચવા માટે તે શુભ કાર્ય કરે છે...' કરે છે એમ કહેવામાં આવે છે. જુઓ! પહેલી એણે ના પાડી, હોં! 'તે ન મુનિના વ્રત પાળવા ઇચ્છે છે ન શ્રાવકના.' (એ વિકલ્પ) તો રાગ છે. એમ કેટલુંક ઠીક લખ્યું છે. વળી પાછું નિમિત્ત આવે ત્યારે જરી ગુલાંટ ખાય જાય છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અશેષ પુણ્યના જેટલા ભાવ હોય તેટલા કરવામાં આવે છતાં એનાથી ભિન્ન આત્મા ભગવાનનું ભાન ન કરે તો એને પરિભ્રમણ મટે નહિ. ચાર ગતિમાં રઝળવાનું થાય પણ એના અવતાર કદી ઘટે નહિ. લ્યો! પૂરું થઈ ગયું. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## આમાં જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ છે તેથી આ નિયતવાદ નથી!

શ્રોતા :– ગોમ્મટસારમાં તો નિયતવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગોમ્મટસારમાં જે નિયતવાદ કહ્યો છે તે તો સ્વચ્છંદીનો છે. જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી, અંતરમાં વળીને સમાધાન કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા પણ ઓછા કર્યા નથી, 'જેમ થવાનું હશે તેમ થશે' એમ કહીને માત્ર સ્વચ્છંદી થાય છે અને મિથ્યાત્વને પોષે છે એવા જીવને ગોમ્મટસારમાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. પરંતુ, જ્ઞાનસ્વભાવના નિર્ણય પૂર્વક જો આ ક્રમબદ્ધપર્યાયને સમજે તો જ્ઞાયકસ્વભાવ તરફના પુરુષાર્થ વડે મિથ્યાત્વ ને સ્વછંદ છૂટી જાય.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મદર્શન જ મોક્ષનું કારણ છે.

अप्पा दंसण इक्क परु अण्णु ण किं पि वियाणि।
मोक्खह कारण जोईया णिच्छह एहउ जाणि।।१६।।

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. ૧૬.

અન્વયાર્થ :– (जोईया) હે યોગી ! (इक्क अप्पादंसण मोक्खह कारण) એક આત્માનું દર્શન જ મોક્ષનો માર્ગ છે (अण्णु परु ण किं पि वियाणि) અન્ય કાંઈ પણ મોક્ષમાર્ગ નથી, એમ જાણ. (णिच्छह एहउ जाणि) નિશ્ચયથી તું આમ જ જાણ.

---

વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૯, રવિવાર
તા. ૧૨-૦૬-૧૯૬૬
ગાથા–૧૬, ૧૭. પ્રવચન નં. ૬

---

'યોગીન્દ્રદેવ' કૃત 'યોગસાર' છે. 'યોગસાર'નો ખરો અર્થ તો એ છે – યોગ એટલે વેપાર, આત્મસ્વભાવનો વેપાર, એનો સાર. મોક્ષનો માર્ગ ખરેખર. યોગ એટલે જોડાવું. ચૈતન્યસ્વરૂપ એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ એની સાથે જોડાણ કરવું, એમાં એકાગ્ર થવું એને અહીંયાં યોગ કહે છે. એમાં પણ આ સાર એટલે પરમાર્થ મોક્ષના માર્ગની વ્યાખ્યા છે. એમાં પણ આ સોળમી ગાથામાં તો બહુ ઊંચી વાત છે એટલે કે છે એવી સાચી વાત છે. સોળમી ગાથા છે ને આ?

'આત્મદર્શન જ મોક્ષનું કારણ છે.' પુસ્તક મળ્યું બધાને, સૌને? એ શ્લોક, શબ્દનો શું અર્થ થાય છે એટલું ખ્યાલ રાખવું. એમાં તો એકલા શબ્દો છે.

अप्पा दंसण इक्क परु अण्णु ण किं पि वियाणि।
मोक्खह कारण जोईया णिच्छह एहउ जाणि।।१६।।

હે ધર્માત્મા! એમ શબ્દ કહ્યો. 'યોગી' કીધું છે ને? યોગી એટલે હે ધર્મી! 'अप्पा दंसण इक्क' આ આત્માનું દર્શન તે એક જ દર્શન તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આત્મા એક સમયમાં અનંત શુદ્ધ ગુણ સંપન્ન પ્રભુ, એવો આત્મા, એનું દર્શન. 'अप्पा दंसण इक्क' એ આત્મા શાસ્ત્રપદ્ધતિથી પહેલો આત્માને જાણી, શાસ્ત્રની રીતથી સર્વજ્ઞના કથન દ્વારા એ આત્મા કેવો છે એવો જાણી, પછી કરવાનું શું? કે, ભગવાનઆત્મા 'अप्पा दंसण' એ શુદ્ધ અભેદ ચૈતન્યપ્રભુ, એમાં એકાકાર (થવું). મન, વચન ને કાયાની ક્રિયાથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પના રાગથી જુદો અને ગુણી અને ગુણના ભેદ પણ ત્યાં કામ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરતા નથી.

જ્યાં આત્માનું દર્શન એટલે સમ્યગ્દર્શન (છે), ત્યાં મનની પહોંચ નથી, વાણીની ગતિ નથી, કાયાની ત્યાં ચેષ્ટા કામ કરતી નથી. સમજાણું કાંઈ? મનની જ્યાં ગતિ નથી, વાણીનો ત્યાં પ્રયોગ નથી, કાયાની ત્યાં ચેષ્ઠા નથી, વિકલ્પનો ત્યાં અવકાશ નથી અને ગુણી આત્મા અનંત ગુણનો પિંડ, સર્વજ્ઞે જોયેલો, કહેલો એના ગુણી અને ગુણના ભેદ(નું) પણ જ્યાં સ્થાન નથી, અવલંબન નથી, આધાર નથી. એવો આત્મા, અભેદ અખંડ સ્વરૂપ એનું અંતર દર્શન કરવું, પ્રતીત કરવી, એનું નામ એક જ સમ્યગ્દર્શન કહેવાય છે. એનું નામ એક જ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? કહો, 'રતીભાઈ'!

'अप्पा दंसण इक्क' છે ને? એક આત્માનું દર્શન મોક્ષનો માર્ગ. પાછું સમ્યગ્દર્શન એક જ મોક્ષનો માર્ગ છે, એમ. જ્ઞાન ને ચારિત્ર એ અનુભવમાં આવી ગયા. આત્મા દર્શન, અનુભવ. એક સમયમાં પૂર્ણ શુદ્ધ, એને અનુસરીને અભેદનો અનુભવ કરવો એવું જે આત્મદર્શન તે એક, તે એક જ. બીજું સમ્યગ્દર્શન, બીજો પ્રકાર છે એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'अप्पा दंसण इक्क' અત્યારે એટલો શબ્દ પડ્યો છે. ભગવાનઆત્મા 'अप्पा' જેને કહીએ, એક સ્વરૂપે અભેદ ચૈતન્ય, તેને આત્મા કહીએ. એનું દર્શન, એની અંતરમાં અનુભવ કરીને પ્રતીત કરવી તે એક જ 'अप्पा दंसण' – એક જ સમ્યગ્દર્શન છે. બે સમ્યગ્દર્શન નથી, બે માર્ગ નથી. આ સિવાય બીજું બધું મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ?

'अप्पा दंसण इक्क' બહુ ટૂંકામાં કહ્યું છે. જેને આત્મા કહીએ, આત્મા કહીએ ત્યારે બીજી ચીજો છે. અજીવ છે, મન-વચન-કાયાની ચેષ્ટાઓ અજીવની પર્યાય છે, અંદર પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ, (જેનો) આત્મામાં અભાવ છે. એવી ચીજ છે. મન-વચન ને કાયા જેના વિકલ્પના વિચાર વખતે મન પણ છે, વાણીથી કહે છે એ સાંભળવાનું (થાય છે) એ પણ છે. પણ એ બધા આત્મદર્શનમાં કામ કરતા નથી. સમજાણું કાંઈ?

'अप्पा' આ આત્મા એટલે પરમાત્મા પૂર્ણ સ્વરૂપ, એનું દર્શન એટલે સમ્યગ્દર્શન. એક જ સમ્યગ્દર્શન છે. જુઓ! કોઈ કહે ને કે, સમ્યગ્દર્શન બે પ્રકારે છે, જ્ઞાન બે પ્રકારે છે, ચારિત્ર બે પ્રકારે છે. (તો કહે છે), ના. બે પ્રકારે છે જ નહિ. સમ્યગ્દર્શનનું કથન ભલે વ્યવહાર અને નિશ્ચયથી (એમ) બે પ્રકારે આવે. વસ્તુ એક જ નિશ્ચય તે સમ્યગ્દર્શન છે, બીજું સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? ભાષા સમજાય છે ને? ભાઈ! 'મીસરીલાલજી'! થોડી થોડી સમજી લેવી. 'ઇન્દોર'વાળાને તો થોડો ગુજરાતી અભ્યાસ છે. થોડો, થોડો. આહાહા..!

એ શબ્દ તો પડ્યો છે ને? 'अप्पा दंसण इक्क'. 'યોગીન્દ્રદેવ' સંત મુનિ દિગંબર મુનિ મહાધર્માત્મા. છઠ્ઠે-સાતમી ભૂમિકા–ગુણસ્થાનમાં ઝુલવાવાળા. અનાદિ સનાતન વીતરાગમાર્ગમાં અંતર શાંતિની ઉત્પત્તિ જેને થઈ છે (અર્થાત્) ચારિત્ર, એવા સંત એમ કહે છે, આત્માનું દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે. નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ, ભેદવાળી શ્રદ્ધા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ સમ્યગ્દર્શન નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ, છ દ્રવ્યની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ. 'રતીભાઈ'! હૈં? કોઈ દિ' પણ નવરા થાય ત્યારે ને! સાંભળવાને નવરા નહિ, સમજવાને નવરા નહિ. આ 'શાંતિભાઈ' રાતે પોકાર તો કરતા હતા, ક્યાં ગયા 'શાંતિભાઈ'? હૈં? ગયા? ઠીક! કહો, સમજાણું કાંઈ? નવરા થાવ, નવરા. એમ સાંજે કહેતા હતા. પણ નવરા ક્યાં? આ સાંભળવાને હજી નવરા ન મળે. ફુરસદ.. ફુરસદ.

'अप्पा दंसण इक्क' શબ્દ પડ્યો છે, જુઓ! ત્રણ શબ્દ છે. એક આત્મા એટલે કે એક સમયમાં પૂર્ણ ચિદાનંદ અભેદ વસ્તુ તેને આત્મા કહીએ. એનું દર્શન. 'अप्पा' એ દ્રવ્ય છે, દર્શન એ પર્યાય છે. સમજાય છે કાંઈ? ભગવાન અભેદ ચૈતન્યવસ્તુ આત્મા, તેને આત્મદ્રવ્ય કહીએ. અભેદ એકાકાર તે દ્રવ્ય. 'दंसण' એની શ્રદ્ધા, અનુભવમાં પ્રતીત તેને પર્યાય કહીએ. તે 'अप्पा दंसण इक्क'. એ સમ્યગ્દર્શન તે એક છે. એમ ત્રણ શબ્દ થયા. સમજાણું કાંઈ? 'જયંતિભાઈ' નથી આવ્યા? કહો, સમજાણું આમાં? આહાહા..!

'अप्पा दंसण इक्क' અને એ આત્મદર્શન વિના જેટલી ક્રિયાકાંડમાં ધર્મ મનાય એ મિથ્યાદર્શનની પર્યાય છે. હૈં? ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ અભેદ અનંત ગુણનું એકરૂપ એની અંતરમાં સ્વસન્મુખની પ્રતીતના ભાવને દર્શન કહીએ, એ સમ્યગ્દર્શનના પ્રકાશના અભાવમાં જેટલા પુણ્યાદિ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તે ધર્મ છે એમ માનનારને મિથ્યાદર્શન છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયા પછી માને?

ઉત્તર :- સમ્યગ્દર્શન પછી પણ માને જ નહિ ઇ. માને ઇ તો વ્યવહાર વચમાં આવે છે. મન-વચનની ચેષ્ટાની ક્રિયાઓ વચમાં આવે વ્યવહાર, પણ એ વ્યવહાર બંધનું કારણ છે અને અનુકૂળતા કહીએ તો તે અંતર અનુભવની દૃષ્ટિમાં એને નિમિત્ત કહેવામાં આવે છે. અનુકૂળતાથી કહીએ તો નિમિત્ત, પ્રતિકૂળતાથી કહીએ તો બંધનું કારણ. 'ચંદુભાઈ'! શું કહ્યું ઇ? કે, ભગવાનઆત્મા એક સમયમાં જેને આત્મા કહીએ, અહીંયાં પહેલા શબ્દનો અર્થ છે. એકરૂપે પ્રભુ અભેદ ચૈતન્યજ્યોત, એનું દર્શન, એની પ્રતીત, એની અંતર અનુભવમાં 'આ આત્મા' એમ શ્રદ્ધા, એ શ્રદ્ધા સિવાય કોઈપણ વિકલ્પાદિ ઊઠે અને હોય એને ધર્મ માનવો કે બીજી વાતને સમ્યગ્દર્શન માનવું એનું નામ મિથ્યાદર્શનનો પ્રકાશ છે. મિથ્યાદર્શન પ્રસર્યું છે. સમજાણું કાંઈ?

'परु अण्णु ण किं पि वियाणि' ભગવાનઆત્મા, એનું સમ્યગ્દર્શન, એનો અનુભવ એક જ દર્શન, બીજું કોઈ દર્શન છે જ નહિ. બીજો કોઈ માર્ગ નથી, બીજું કોઈ દર્શન નથી, બીજી કોઈ મોક્ષના માર્ગની અનુકૂળતાની રીત નથી. સમજાણું કાંઈ? એવા દર્શન સિવાય 'परु', 'परु' છે ને? આત્માના દર્શન સિવાય. 'परु' એટલે પર. પર.. પર. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદનો રાગ, ષટ્દ્રવ્યની શ્રદ્ધાનો રાગ,

www.vitragvani.com



એ બધું 'परु अण्णु'. પર આત્માના સ્વભાવથી અન્ય, એમ બે વાત કીધી. સમજાય છે કાંઈ? અન્ય પર, એમ.

આત્માના અભેદ સ્વભાવની દૃષ્ટિથી અન્ય જેટલું પર છે, એ 'ण किं पि वियाणि' ન મોક્ષમાર્ગ જાણવો. જરીયે એને મોક્ષમાર્ગ માનવો નહિ. આહાહા..! સમજાણું કાંઈ આમાં? એક એનાથી અનેરાને જરીયે સમ્યગ્દર્શન માનવું નહિ. શુભરાગમાં, દેહની ક્રિયામાં કે કોઈપણ નવ તત્ત્વની શ્રદ્ધાના રાગમાં સમ્યગ્દર્શન અથવા મોક્ષનો માર્ગ જરીયે, થોડો પણ બીજામાં આ સિવાય છે નહિ. 'अण्णु ण किं पि वियाणि' જરીયે પણ આત્માના દર્શન સિવાય, બીજો માર્ગ એમાં દર્શન અને મોક્ષનો માર્ગ જરીયે નથી. કહો, 'મનસુખભાઈ'! આહાહા..! એ..ઇ..! 'હિંમતભાઈ'! સમજાય છે કે નહિ? જુઓ! આ બધા હળવે હળવે આ સાંભળવા આવતા થઈ ગયા છે. આહાહા..! અરે...! ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવના મુખમાંથી નીકળેલી દિવ્યધ્વનિ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, એની વાણીમાં આવ્યું એવું સંતોએ ચારિત્રસહિત અનુભવ્યું. અહીં 'યોગીન્દ્રદેવ' મુનિ છે ને? એમણે જગત પાસે આ મૂક્યું કે, વસ્તુનું સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ?

'अप्पा दंसण इक्क' બે નહિ. અને બીજું અન્ય જે કાંઈ છે એ કાંઈ પણ મોક્ષમાર્ગમાં ગણવામાં આવતું નથી અથવા બીજી મિથ્યા વાતને, આવી શ્રદ્ધા સિવાય કોઈ બીજી વાતથી શ્રદ્ધા માને તેને મિથ્યાદર્શન થાય છે. સમજાણું કાંઈ? આ તો હજી પહેલા એકડાની વાત છે. જૈનના સંપ્રદાયમાં જન્મે પણ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની શું કહે છે, એની ખબરું ન મળે, ખબરું ન મળે અને જિંદગીયુ ગાળે ને થઈ ગયા આપણે કાંઈક ધર્મ કરીએ (છીએ). 'રતીભાઈ'! હેં? એમ જ છે, લ્યો! બે-બે કલાક ન્યાં વાંચે પણ સમજે નહિ, પછી ચાલો થોડું ત્યાં જઈએ. એમાં કંઈ વાત બરાબર પકડાય નહિ. ચાલો હવે પૂરું થઈ જશે. આહાહા..!

'परु अण्णु ण किं पि वियाणि' જરીયે પણ, આત્માના અનુભની દૃષ્ટિ સિવાય સમ્યગ્દર્શન બીજી કોઈ ચીજમાં હોઈ શકે નહિ. કોઈ ચીજ વડે હોઈ શકે નહિ, કોઈ ચીજમાં હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ ગુણી ભગવાન અને ગુણના ભેદ વડે પણ આત્મદર્શન થઈ શકે નહિ. સમજાણું કાંઈ? તો પછી રાગ ને દયા, દાનના વિકલ્પોથી પહેલું આ પાળો પછી સમ્યગ્દર્શન થશે. ધૂળમાંય નથી, સાંભળને! મરી જઈશ હેરાન થઈને, અનંતકાળથી. કહો, સમજાણું કાંઈ?

'अण्णु ण किं पि वियाणि' ગાથા પણ બહુ સરસ આવી, સોળમી છે, દેખો! એ... 'મનસુખભાઈ'! 'मोक्खह कारण जोईया' જોગી એટલે હે ધર્મી! સમ્યગ્દષ્ટિને ધર્મી જ કીધો છે, જોગી કીધો છે. સમ્યગ્દર્શન આત્માના અંતરની રુચિના, અનુભવના જોગ જોડ્યા છે એવા ચોથે ગુણસ્થાને ભલે 'ભરત' ચક્રવર્તી જેવો ચક્રવર્તી હોય, છ ખંડનું રાજ અને છન્નુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હજાર પદમણી જેવી રાણી હોય, પણ એણે જોગ જોડ્યો છે આત્મા સાથે. અભેદ ચિદાનંદ સ્વરૂપની જે દૃષ્ટિ થઈ છે (એટલે) સારા સંસાર(થી) વૈરાગ્ય અને ઉદાસપણું અંદર વર્તે છે. જેને ભોગની રુચિ નથી, ભોગમાં સુખબુદ્ધિ નથી. કેમકે ભગવાનઆત્માનું દર્શન થયું તેમાં આનંદ છે, તેમ રુચિમાં આવ્યું છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવું આત્મદર્શન થયું, એને છન્નુ હજાર નહિ પણ ઇન્દ્રાણીના સુખમાં પણ એને સુખની લાલચ અને સુખબુદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ?

'मोक्खह कारण' અહીં તો ભઈ દર્શનને મોક્ષનું કારણ કહ્યું. અહીં તો ઓલા ત્રણની વાત પણ નથી. જોર દેવું છે ને! અનુભવનું જોર દેવું છે. આત્માનો અનુભવ. તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણે અંશ આવી જાય, એમ કહેવું છે. આહાહા..! ભગવાનઆત્મા શાંત.. શાંત.. ધીરો થઈને અંતરના સ્વભાવની એકતાને અવલંબે, એકતાના સ્વભાવને અવલંબે એવું જે સમ્યગ્દર્શન તેમાં સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણનો ભાવ-ચારિત્રનો અંશ પણ સાથે ભેગો ઉત્પન્ન થાય છે. માટે અહીં એક સમ્યગ્દર્શનને જ મોક્ષનું કારણ કહ્યું. એક કોર 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' (કહે), એક કોર સમ્યગ્દર્શન મોક્ષનું કારણ (કહે). સમજાય છે કાંઈ?

એ ભગવાનઆત્મા, પોતાનો સહજાનંદ સ્વભાવ, એ આનંદની સન્મુખ થઈને જ્યાં દૃષ્ટિ થઈ અને રુચિનું પરિણમન થયું તેમાં શ્રદ્ધા, સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં અંશે આચરણરૂપ રમણતા (થઈ). એ સમ્યગ્દર્શનમાં અથવા અનુભવમાં ત્રણે આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે આ બધા વાંધા કાઢે છે ને? ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. વિદ્વાનોમાં મોટી ચર્ચાઓ ચાલે છે. એક જણ કહે, હોય. બીજો કહે, ન હોય. આહાહા..! આવી હજી ખબર ન મળે. હજી સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ ન હોય, આવી વાતું (કરે). આહાહા..!

ભગવાનઆત્મા પોતાના અંતર્મુખના સ્વભાવ તરફ ઢળ્યો અને પ્રતીત અને જ્ઞાન થયાં તેટલું જ એમાં અનંતાનુબંધીનો પણ અભાવ થઈ, સ્વરૂપની રમણતાનું એટલું આચરણ પ્રગટ્યા વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે તેને અંતરાત્મા કહ્યો. બહિરાત્મા જે હતો એ પુણ્ય-પાપ, વિકલ્પ ને નિમિત્તમાં પોતાપણાનું અસ્તિત્વ સ્વીકારતો. એણે અખંડાનંદ પ્રભુ, અનંત ગુણનો પિંડ, એના અસ્તિત્વનો સ્વીકાર (ન કર્યો). એ સ્વીકારમાં અંતર રમણતા આવ્યા વિના સ્વીકાર થઈ શકે નહિ.

અંતરાત્મા. અંતરાત્મા એટલે શું? અંતરાત્મા. પરમાત્મસ્વરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ પોતાનું, એનો અનુભવ થવો, દૃષ્ટિ થવી એનું નામ અંતરાત્મા. તો કંઈક આત્મામાં અંતરમાં પરમાત્મસ્વરૂપ પોતાનું, એમાં કાંઈક ઠર્યો ત્યારે તેને અંતરાત્મા કહેવામાં આવ્યો. પૂર્ણ ઠરે તો પરમાત્મા થઈ જાય. એકલો રાગમાં ઠરે, એકાકાર (થાય) તો એ બહિરાત્મા છે. સમજાણું

www.vitragvani.com



કાંઈ? ભારે ઝીણી વાતું. આમાં ક્યાંય, શું કહેવું છે અને શું કરવું? સાંભળ્યું ન હોય તો પકડવું કઠણ પડે. આ તે વીતરાગનો માર્ગ આવો હશે? એવો માર્ગ લોકોએ ચૂંથી નાખ્યો છે ને...! સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન આદિ તીર્થંકરો જે કહ્યા એ ભગવાન બિરાજે છે. બધા એક જ આ વાત અનાદિ તીર્થંકરો કહે છે, અત્યારે કહે છે, ભવિષ્યમાં અનંતકાળ અનંત તીર્થંકરો આ કહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

'मोक्खह कारण जोईया' એ મોક્ષનું કારણ તો એક જ છે. આહાહા..! એકાંત થઈ જતું નથી? સમ્યગ્દર્શનને મોક્ષનું કારણ કહેતાં એકાંત થઈ જતું નથી? ભાઈ! અનેકાંત એમાં રહે છે. સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપાચરણ ત્રણે ભેગા છે અને એમાં વિકલ્પાદિના ભાવનો નાસ્તિભાવ છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રય જેને કહીએ કે વ્યવહાર સમકિત કહીએ એ તો રાગ છે. એનો આ નિશ્ચય સમ્યગ્દર્શનમાં અભાવ છે. આના સમ્યગ્દર્શન વિના બીજાને સમ્યગ્દર્શન માને તેને મિથ્યાદર્શનની પર્યાય હોય છે. સમજાણું કાંઈ?

'णिच्छह एहउ जाणि' 'યોગીન્દ્રદેવ', 'યોગીન્દ્રદેવ' આદેશ કરે છે. હે આત્મા! નિશ્ચયથી યથાર્થથી સત્યસ્વરૂપે, નિશ્ચય એટલે સત્યસ્વરૂપે એ રીતે છે એમ તું જાણ, એમ તું જાણ. બાકી બધો વિકલ્પાદિ હોય તેને વ્યવહાર અને નિમિત્ત તરીકે જાણ. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! લોકોને અત્યારે તો આમ એવું થઈ પડ્યું છે. આ સમ્યગ્દર્શન વિનાના ત્યાગ ને વ્રત બધા એકડા વિનાના મીંડા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જેને હજી સમ્યગ્દર્શન કેમ થાય એની ખબરું ન મળે. સમ્યગ્દર્શનની ભૂમિકા કેવી હોય એની ખબર ન મળે અને વ્રત ને તપ ને ચારિત્ર ને વ્રત લઈ લીધા. એકડા વિનાના રણમાં પોક મૂકવા જેવા છે એ બધા. સમજાણું કાંઈ?

'અન્ય કંઈ પણ મોક્ષમાર્ગ નથી,...' જુઓ! એણે અર્થ પણ કર્યો છે ને? 'કંઈ પણ મોક્ષમાર્ગ નથી,...' બીજો મોક્ષમાર્ગ જરીયે નથી. આહાહા..! રાગાદિનો વ્યવહારનો ભાવ, વ્યવહારશ્રદ્ધાનો કે શાસ્ત્રના જ્ઞાનનો ભાવ કે કોઈ કષાયની મંદતાના વ્રતાદિનો એ ભાવ કિંચિત્ છૂટકારાનો માર્ગ નથી. એ તો બંધનનો માર્ગ છે. સમજાણું કાંઈ? 'એમ જાણ. નિશ્ચયથી તું આમ જ જાણ.' એમ. નિશ્ચય નામ સત્ય સ્વભાવની સ્થિતિથી આમ તું જાણ. સત્ય સ્વરૂપના સ્વભાવથી આમ તું જાણ. વ્યવહારનું સ્વરૂપ બીજું ભેદ આદિ છે તે જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. કહો, સમજાણું કાંઈ? જુઓ! અંદર એણે થોડો થોડો અર્થ કર્યો છે.

'વ્યવહાર ધર્મનું સર્વ આચરણ મન, વચન, કાયાને આધીન છે તેથી પરાશ્રય છે.' એમાં વાંધો નહિ. સમજાણું કાંઈ? અને જે કોઈ સ્વઆશ્રયે–આત્માને આશ્રયે છે (એને) આધીન તે જ ઉપાદાન છે. બાકી બધું નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ નિમિત્તમાં માણસ

www.vitragvani.com



ભૂલે છે. પણ એ નિમિત્ત એટલે અહીં જ્યાં ઉપાદાનનું અંતરદર્શન થયું ત્યારે ત્યાં રાગાદિના સંયોગ જે વ્યવહાર છે એને નિમિત્ત તરીકે કહેવાય છે. વિરુદ્ધ તરીકે બંધ કહેવાય, અનુકૂળ તરીકે નિમિત્ત કહેવાય. આમ છે. આહાહા..! ભારે કામ, ભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત વિના કંઈ કોઈ દિ' થાય છે?

ઉત્તર :- પણ થયું છે ત્યારે તેને નિમિત્ત કહે છે. વળી થાય છે શું? અંતર સ્વભાવના દર્શનને દર્શન થયું ત્યારે તો રાગાદિના વ્યવહાર સમકિતને એટલે રાગને નિમિત્ત કહેવામાં આવ્યું. નૈમિત્તિક વિના નિમિત્ત કોનું? સમજાણું કાંઈ? બહુ ઊલટો રસ્તો છે, ભાઈ! તને પૂર્ણ આનંદની મહિમા નથી આવતી અને એ મહિમા વિના જેટલો કોઈ ભેદ અને રાગમાં મહિમા જાય એ બધું મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વીતરાગ પરમેશ્વરનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નહિ તેથી ઊંધે રસ્તે માની બેઠા કે અમે ભગવાનને માનીએ છીએ. ભગવાન તો આમ કહે છે. એમ નથી માનતો અને તું ભગવાનને માને છે એમ કહે છે કોણ? સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? 'કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો? શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે એ છાર પર લીંપણું તે...' આટલી રાખ પાથરી હોય. રાખ તો સમજાય છે ને? રાખ.. રાખોડી. એમાં ઉપર ગાર કરે છે. ગારને (તમારામાં) શું કહે છે? લીંપણ કરે છે ને? લીંપણ. તે ક્યાં લીંપણ ચાલે? રાખ ઉપર લીંપણ ચાલતા હશે? એમ આત્માની ભૂમિકાના દર્શન વિના, શુદ્ધ શ્રદ્ધા વિના, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને સાચી નથી. કેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર તો એ કહે છે. દેવ-ગુરુ અને શાસ્ત્ર આત્માના દર્શનને દર્શન કહે છે. હવે એ દર્શનને દર્શન માનવું નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ (એમ કહે છે તો) એ માન્યતા જ એની જૂઠી છે. સમજાય છે કાંઈ?

એવા આત્મદર્શન વિના, આત્મ શુદ્ધ શ્રદ્ધા વિના, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ સાચી રહેતી નથી અને એ વિના જેટલી ક્રિયાકાંડ કરવામાં આવે, વ્રત, નિયમ, અપવાસ, એ બધા રાખ ઉપર ગાર કરવી, ગાર (સમાન છે). ગાર સમજાય છે ને? લીંપવું. આખા પોપડા ઉખડે. રાખ ઉપર આમ આમ (કરે) ત્યાં એમાં જરીયે લીંપણા થતા નથી. સમજાય છે કાંઈ? લ્યો! એક ગાથા થઈ. બીજી ગાથા.

મુમુક્ષુ :- આદેશ આપતા હશે કે નિમિતથી જાણ.

ઉત્તર :- નિશ્ચયથી જાણવું એ શું કીધું? દરબારમાં શું કહે છે? આદેશ આપે આમ નિમિત્તથી તો એમ કે, બરાબર થાય, એમ ઇ કહે છે. સમજ્યા ને? છે ને?

મુમુક્ષુ :- બે નય છે ને?

ઉત્તર :— ના, ના. આમ કહે છે ને? આમ કહે તો ફેર પડે. કરનો અર્થ તારે કરવું છે કે આને કરવું છે? એમ કહે છે. એ તો એમ કહે છે કે, મારી સામું જોવું મૂકી દે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હું કહું છું તેના તરફનો સાંભળવાનો વિકલ્પ છોડી દે. આ હું શું કહું છું એનું મનન પણ મારા સન્મુખ રહીને કર, એ પણ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આમ કહે છે, ગુરુ આમ કહે છે એવું જે મનન, તે પરસન્મુખનું મનન છે. છોડ એને. એ સાધન નથી. લે, એમ કહે છે. એને જાણ, કહે છે. આમ જાણ. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ પ્રભુ પોતે ફરમાવે છે, ભાઈ! અમારી શ્રદ્ધા તારી (થઈ), તેને સમ્યગ્દર્શન અમે કહેતા નથી. આહાહા..! અમારા કહેલા વાણીના શાસ્ત્રોની શ્રદ્ધા તું કર એને અમે સમ્યગ્દર્શન કહેતા નથી. એમ સર્વજ્ઞની વાણીમાં આવું આવે છે. ત્યારે દર્શન કોને કહેવું? 'अप्पा दंसण इक्क' ભગવાન તારો આત્મા, તેના સન્મુખનો અનુભવ કરીને પ્રતીતનું થવું એ એક જ સમ્યગ્દર્શન છે, બીજું સમ્યગ્દર્શન બીજા પ્રકારનું અમે કહ્યું નથી, અમે કહેતા નથી અને એમ છે નહિ. હેં?

પૂછે રાખો એટલે વધારે સ્પષ્ટ આવે, એમ કહે છે. આહાહા..! ભગવાન તારામાં તું પૂરો પ્રભુ પડયો, તારે કોઈને જરૂર નથી. એ પરસન્મુખના જ્ઞાનની પણ તને જરૂર નથી, એમ કહે છે. પરસન્મુખના પદાર્થની તો જરૂર નથી.. આહાહા..! પરસન્મુખની શ્રદ્ધાની તો જરૂર નથી, પરસન્મુખનો આશ્રય થતાં રાગની મંદતા, દયા, દાનભાવ એની પણ તને જરૂર નથી. એની તો જરૂર પણ ભગવાન આ અને ગુણ આ, એવા મનના સંગથી ઉત્પન્ન થતો વિકલ્પ, એની પણ તને જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ઝીણું છે, 'મનહરભાઈ'! આ એમ ને એમ નથી, ભંગારમાંથી એમ ને એમ પકડાય એવું (નથી). થોડો થોડો વખત લ્યે ત્યારે પકડાય એવું છે, કો'ક દિ' જઈ આવીએ એમાં કાંઈ સમજાય પણ નહિ. કાલે બપોરે વાત ઘણી થાતી (હતી), કીધું આ કાંઈ સમજતા નથી. આખી વાત જ ફેર છે. માણસે વાત જ સાંભળી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

---

## માર્ગણા અને ગુણસ્થાન આત્મા નથી.

मग्गण गुणठाणइ कहिया ववहारेण वि दिटिठ।
णिच्छइणइ अप्पा मुणहु जिय पावहु परमेट्ठि।।१७।।

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર.
નિશ્ચય આતમજ્ઞાન તે, પરમેષ્ઠીપદકાર. ૧૭.

અન્વયાર્થ :– (ववहारेण वि दिट्ठि) કેવળ વ્યવહારનયની દૃષ્ટિથી જ (मग्गण गुणढाणई कहिया) જીવને માર્ગણા અને ગુણસ્થાન રૂપ કહેલ છે. (णिच्छइणइ) નિશ્ચયનયથી (अप्पा मुणहु) પોતાના આત્માને આત્મારૂપ જ સમજ. (जिय परमेट्ठि पावहु) જેથી તું સિદ્ધ પરમેષ્ઠી અથવા અરિહંત પરમેષ્ઠીનું પદ પામી શકે.

---

સત્તરમી ગાથામાં કહે છે, 'માર્ગણા અને ગુણસ્થાન આત્મા નથી.' દેખો! આહાહા..!

**मग्गण गुणठाणइ कहिया ववहारेण वि दिट्ठि।**
**णिच्छइणइ अप्पा मुणहु जिय पावहु परमेट्ठि।।१७।।**

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા ફરમાવે છે એ રીતે સંતો પોતે વિકલ્પ દ્વારા આ લક્ષમાં આવી છે એ વાત વાણી દ્વારા આવી જાય છે. આવી જાય છે. કહે છે, 'ववहारेण वि दिट्ठि' 'કેવળ વ્યવહારનયની દૃષ્ટિથી જ...' આ જીવ કઈ ગતિમાં છે ને કઈ લેશ્યા છે ને ભવિ-અભવિ છે, જ્ઞાન થયું, જ્ઞાનનો પર્યાય છે એવા બધા ભેદોને જાણવા એ વ્યવહારનયનો વિષય જાણવા લાયક છે. સમજાય છે કાંઈ? આદરવા લાયક નથી. આહાહા..!

અહીં તો પાછું જિનેશ્વરે કહેલું, અન્યમતિએ કહેલી વસ્તુ હોય જ નહિ. જિનેશ્વરે માર્ગણા અને ગુણસ્થાન કહ્યા છે. સમજાણું કાંઈ? ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણા. માર્ગણા એટલે ગોતવું. માર્ગવું એટલે શોધવું કે, આ જીવ કઈ ગતિમાં હતો? એને કયો ભાવ હતો? કયો કષાય હતો? કઈ દૃષ્ટિ હતી? ભવિ છે કે અભવિ છે? સમજાય છે? સમ્યગ્દૃષ્ટિ છે મિથ્યાદૃષ્ટિ છે? આ જ્ઞાન છે એમાં મતિ, શ્રુત છે કે કેવળ છે કે અવધિ છે? એમ એને જીવને કોઈપણ ચાર ગતિમાંથી આવા ચૌદ બોલથી શોધીને નક્કી કરવું કે આ જીવ આમ છે. એ બધા ચૌદ બોલ-ગતિ, જાતિ, કાયા, ઇન્દ્રિય, લેશ્યા.. સમજાય છે? જોગ, ઉપયોગ. એ બધી જાણવાની પર્યાયને જાણવા જેવી છે, જાણવા લાયક છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? એ.. 'રતીભાઈ'! આહાહા..!

'કેવળ વ્યવહારનયની...' 'ववहारेण वि दिट्ठि' એમ છે ખરું ને? 'કેવળ વ્યવહારનયની દૃષ્ટિથી જ જીવને માર્ગણા અને ગુણસ્થાન...' ગુણસ્થાન (એટલે) આ પહેલે ગુણસ્થાને છે, આ બીજે છે, આ ત્રીજે છે, આ ચોથે, પાંચમે, છઠ્ઠે અને આ કેવળી છે, લ્યો! એ આ તેરમે કેવળી છે. તેરમે ગુણસ્થાને કેવળી છે, ચોથે ગુણસ્થાને સમકિતી છે, છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે. એ પર્યાયના ભેદવાળી બધી વાત જાણવા જેવી ભલે હો, આદરવા જેવી નથી. એના જ્ઞાન દ્વારા સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ?

જેનું ચૌદ (માર્ગણા) - ગતિ, કાય, ઇન્દ્રિય, લેશ્યા આદિમાં જેની પર્યાયમાં જેની ભૂલ છે એની તો અહીંયાં વાત કરતા નથી અથવા જેને મુનિપણાની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય, મિથ્યાદર્શનની પર્યાય કેવી હોય એવી પર્યાયનો જેને ખ્યાલ નથી એની અહીં વાત કરતા નથી. મુનિપણાની દશા આવી હોય, કેવળજ્ઞાનની આવી હોય, ચોથાની સમકિતની આવી હોય, મિથ્યાત્વની આવી હોય. એવા જીવોને ચાર ગતિમાં શોધતા કાંઈક નક્કી કરે કે આ જીવ આમાં છે. એ બધું જ્ઞાન ભલે હો, જાણવા માટે છે. એટલો ભેદ

www.vitragvani.com



છે એ જાણવા માટે છે, આશ્રય કરવા અને એને આશ્રયે સમ્યગ્દર્શન થાય, એવા ગુણસ્થાન અને માર્ગણાના ભેદના ભેદમાં તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગણા કોને કહેવી ને ગુણસ્થાન કોને કહેવા? એ કોઈ દિ' સાંભળ્યું ન હોય. માર્ગણા શું હશે?

માર્ગણા એટલે કે આ ચોરાશી લાખમાં કોઈપણ જીવને ગોતવો હોય–શોધવો હોય કે, ભઈ! આ ક્યે ગુણસ્થાને છે? ભવિ છે કે અભવિ છે? કેવળી છે કે છઠ્ઠે ગુણસ્થાને છે? એ નારકી છે કે દેવ છે? એ કૃષ્ણ લેશ્યાવાળો છે? જ્ઞાન ઉપયોગવાળો છે કે દર્શન ઉપયોગવાળો છે? એવી વર્તમાન પર્યાયનું અસ્તિત્વ છે. એથી તેને માર્ગણા એટલે શોધવા દ્વારા નક્કી કરે, પણ એ તો વ્યવહાર, કેવળ વ્યવહારદૃષ્ટિથી કથન છે. આહાહા..! પણ એ છે કે નહિ? છે કે નહિ? છે તો નિશ્ચયથી છે, એમ નહિ. છે પણ તે વ્યવહાર છે. ભેદરૂપે અવસ્થામાં જ્ઞાનમાં છે. વસ્તુ છે, વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એને ત્રિકાળ અભેદ દૃષ્ટિની અપેક્ષાએ એ બધા ભેદોને અભૂતાર્થ કહેવામાં આવે છે, અસત્યાર્થ કહેવામાં આવે છે, જૂઠા છે એમ કહેવામાં આવે છે. ઇ છે એ અપેક્ષાએ સત્યાર્થ (છે), પણ ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– બે રીતે લાગુ પડે?

ઉત્તર :– બેય લાગુ પડે.

મુમુક્ષુ :– એને અનેકાંત કહે છે?

ઉત્તર :– બીજું અનેકાંત કોને હશે? ફૂદડીવાદને હશે? આહાહા..!

ભગવાનઆત્મા કઈ પર્યાયમાં છે? કઈ ગતિમાં છે? ભવ્ય છું એમ જે ખ્યાલ આવવો એ બધો વ્યવહારજ્ઞાનનો વિષય છે. પર્યાય છે ને! સમજાણું કાંઈ? આ જ્ઞાન ઉપયોગ છે, આ મતિનો છે ને શ્રુતનો છે ને અવધિનો છે ને કેવળનો છે, આ ક્ષાયિક સમકિત કહેવાય ને આ ક્ષયોપશમ સમકિત કહેવાય અને આ ઉપશમ સમકિત કહેવાય. એ બધા પર્યાયના ભેદો. આ પાંચ ઇન્દ્રિયાવાળો છે ને આ એક ઇન્દ્રિયવાળો છે ને આ બે ઇન્દ્રિયવાળો છે એ બધું એ અવસ્થાદૃષ્ટિએ છે ખરું, હોં! છે અપેક્ષાએ છે, પણ ત્રિકાળ સ્વભાવના અભેદ અવલંબનના આશ્રય કરવાની અપેક્ષાએ તે બધું નથી. મને લાભદાયક નથી તે નથી. મને લાભદાયક નથી તે નથી. મારે લાભદાયક અભેદ છે માટે એ છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? હળવે હળવે (અર્થ) થાય છે, ભાઈ!

'ववहारेण वि दिट्ठि' છે ને પણ એ શબ્દ પડ્યા છે કે નહિ, ઓલી ચોપડીમાં? ચોપડી ઝાઝી નથી. પણ અર્થ કેવો! કેવળ વ્યવહારનય. 'ववहारेण' એમ શબ્દ છે. એનો અર્થ કર્યો, વ્યવહારનય. વ્યવહાર કહો કે વ્યવહારનય કહો. એની દૃષ્ટિથી જ 'જીવને માર્ગણા અને ગુણસ્થાનરૂપ કહેલ છે.' માર્ગણા એટલે આ જીવ અહીં છે, આ જીવ અહીં છે, પર્યાયમાં આ છે એમ કહેવામાં (આવે છે) અને આ ગુણસ્થાનમાં જીવ છે, આ ગુણસ્થાનમાં જીવ

www.vitragvani.com



છે એમ કહેવામાં આવ્યું.

'નિશ્ચયનયથી...' અભેદ સ્વભાવની દૃષ્ટિથી કહેવામાં આવે તો 'अप्पा मुणहु'. 'પોતાના આત્માને આત્મારૂપ જ સમજ.' ભેદ-બેદ નહિ. આ સમકિત પર્યાય છે ને આ જ્ઞાન ઉપયોગ છે ને આ ભવિ છે, એ નહિ. આહાહા..! સમજાણું? આ રાગ હજી એકાદ-બે ભવ કરશે. એ જ્ઞાન જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? એ તો માર્ગણાની દૃષ્ટિએ વ્યવહાર આવ્યો કે, રાગ છે. સમજાય છે? 'અશેષ કર્મનો ભોગ છે' 'શ્રીમદ્' કહે છે ને? 'ભોગવવો અવશેષ રે.. તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...' અમને અત્યારે થોડો રાગ વર્તે છે એથી એમ જણાય છે કે, થોડો કાળ હજુ રાગનું વેદન રહેશે. એથી એમ જણાય છે કે, એકાદ ભવ કરવો પડશે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. સમજાણું કાંઈ? 'અશેષ કર્મનો ભોગ છે' અનુભવ પૂર્ણ ઉગ્રતાનો છે નહિ અને ઉગ્રતા અલ્પકાળમાં થાય એમ હજી ભાસતું નથી. આહાહા! 'અશેષ કર્મનો ભોગ..' કર્મ એટલે રાગ. હજી અલ્પ રાગની વેદનદશા જાણે લંબાય છે એમ લાગે છે. એ વ્યવહારનયનો વિષય છે.

મોક્ષ પણ છે ને! જાય ક્યાં? ભગવાનઆત્મા મોક્ષસ્વરૂપ છે. ચૈતન્ય મહાસત્તા આનંદનો કંદ તે મુક્ત સ્વરૂપ જ છે. જાય ક્યાં ને આવે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એવું જે જ્ઞાન એક દેહ ધારવો છે, હજી એકાદ દેહ મનુષ્યનો થશે. એ બધું પર્યાયનું વ્યવહારું જ્ઞાન હો, આદરણીય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'નિશ્ચયનયથી પોતાના આત્માને આત્મારૂપ જ સમજ.' પર્યાયનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? 'कहिया'. 'कहिया' છે ને? 'कहिया' છે એટલે જાણ. છે. માર્ગણા છે, ગુણસ્થાન છે. ભગવાનની વાણીમાં જે વ્યવહાર આવ્યો એ બધો છે. છે તે ભેદરૂપ છે, અંશરૂપની દશાવાળા ભાવ છે, ઇ જાણવા લાયક છે, આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ? પાછું અન્યમતિથી જુદું પર્યાયનયે પાડ્યું છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જેટલા અજ્ઞાનીઓએ વ્યવહારના વિષય કીધાં એ તો બધા ખોટા છે. પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જે જોયા એના જે ગતિ, માર્ગણા આદિના પર્યાયના ભેદો એમણે કહ્યા એવા છે, એમ તું જાણ તો એ હજી તો વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી આ માર્ગણા (ભેદ) લીધા કે, ગુણસ્થાન ને માર્ગણા ને આ ઠેકાણે ગુણસ્થાન પહેલું, ત્રીજું, ચોથું જે હોય તે. આ જીવ આ ગતિમાં છે ને આ કષાયમાં છે ને આ લેશ્યામાં છે. સમય સમયની પર્યાયમાં ક્યો કયો પર્યાય છે એ જાણવા (લાયક છે). જેવો ભગવાને કહ્યો એવો વ્યવહારનયના વિષયમાં છે. અન્યમતમાં તો એ (છે જ નહિ). વીતરાગ સિવાય, પરમાત્મા સિવાય ક્યાંય છે નહિ. એને કહે છે કે, વ્યવહારનયે 'दिट्ठि मग्गण' ગુણસ્થાન કહ્યા છે. વ્યવહારથી ભગવાનના જ્ઞાનમાં એ કહ્યું છે. નિશ્ચયથી પોતાના આત્માને સમજ – 'अप्पा मुणहु' – ભગવાનને જાણ. ઓહો! જેમાં કેવળજ્ઞાનના કંદ પડ્યા છે, જેમાં અનંત ગુણની રાશિ (પડી

છે). એક એક ગુણમાં અનંત સામર્થ્ય પડ્યું છે એવો પ્રભુ 'अप्पा' એમ કીધું છે ને? ગુણની ક્યાં વાત કરી છે? આત્મા.. આત્મા એકરૂપ ત્રિકાળ અભેદ મહાસત્તા એવો પણ જેમાં ભેદ નથી. સમજાણું કાંઈ? એવા આત્માને 'मुणहु'. 'આત્માને આત્મારૂપ જ સમજ.' એવા આત્માને આત્મારૂપ જાણ.

'जिय परमेट्ठि पावहु' 'જેથી તું સિદ્ધ પરમેષ્ઠી અથવા અરિહંત પરમેષ્ઠીનું પદ પામી શકે.' આહા..! જુઓ! અહીંયાં કહ્યું હવે. એનું ફળ કીધું. પહેલામાં (-સોળમી ગાથામાં) 'अप्पा दंसण मुणहु' કીધું હતું ને? સમજાણું? કીધું હતું ને એમાં? 'अण्णु ण किं पि वियाणि। मोक्खह कारण जोईया णिच्छह एहउ जाणि।।१६।।' ત્યાં કીધું. અહીંયાં ફળ બતાવે છે. જે કોઈ ભગવાનઆત્મા, અંતર અભેદ સ્વભાવ ચિદાનંદનું જ્ઞાન કરશે એનો આશ્રય કરીને જ્ઞાન કરશે એ નિશ્ચયથી અરિહંત અને સિદ્ધપદને પામશે. એ માર્ગણા અને ગુણસ્થાનનો જે નિષેધ કર્યો એ માયલી આ મોક્ષપદની પર્યાય, સિદ્ધપદની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાયને પામશે. સમજાણું કાંઈ?

'जिय परमेट्ठि पावहु' જે વડે, એમ. 'जिय' એટલે 'જેથી તું સિદ્ધ પરમેષ્ઠી...' પોતાના આત્માને જાણવાથી જ સિદ્ધ થઈશ. વ્યવહારના જાણવાથી સિદ્ધ નહિ થા. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ આવ્યો તો એની મુક્તિ થશે. તીર્થંકર પ્રકૃતિ બંધાણી ને? પ્રકૃતિ બંધાણી (તો) મુક્તિ થશે. જૂઠ વાત છે. ઇ તારું જ્ઞાન જ ખોટું છે. સમજાણું? એ 'अप्पा मुणहु'માં ઠરશે ત્યારે કેવળજ્ઞાનનો પામશે. રાગ આવ્યો અને બંધ થયો માટે કેવળજ્ઞાનને પામશે એમ છે નહિ. શું કહ્યું સમજાણું આમાં?

સમ્યગ્દષ્ટિને આત્મામાં વિકલ્પ આવ્યો કે તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. એ વિકલ્પ આવ્યો અને એનું જ્ઞાન પણ આત્માને આશ્રય કરવા લાયક નથી. વિકલ્પ અને પ્રકૃતિનો બંધ એ જાણવા લાયક છે. એનાથી મુક્તિ થશે એમ નથી અને એનું જ્ઞાન કરવા લાયક (છે) માટે એના જ્ઞાનથી મુક્તિ થશે, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એમાં તો એમ આવે છે.

ઉત્તર :- એ તો બધા વ્યવહારના કથનો, નિમિત્તના કથનો છે. એક જ વાત-ભગવાન 'अप्पा मुणहु जिय पावहु परमेट्ठि'. એ વિકલ્પ ઊઠ્યો, ખબર પડી. ભગવાને 'શ્રેણિક' રાજાને કહ્યું. ભગવાને 'શ્રેણિક' રાજાને કહ્યું કે, હે 'શ્રેણિક'! તું ભવિષ્યમાં તીર્થંકર થઈશ. સમજાય છે? સમવસરણમાં ક્ષાયિક સમકિત પામ્યા. એ બધા સ્વભાવને અવલંબીને ક્ષાયિક પામ્યા. અને ક્ષાયિકનું જ્ઞાન અને તીર્થંકર થશે એનું જ્ઞાન, એ જ્ઞાન એને કેવળજ્ઞાનનું કારણ નથી. આહાહા..! 'રતનલાલજી'! ભારે વાત, ભાઈ! લોકોને બિચારાને ડર લાગે એ.. 'સોનગઢ'નું એકાંત (છે). હવે, આ 'સોનગઢ'નું નહિ, આ ભગવાનનું છે, સાંભળ ને! તને ભગવાનના માર્ગની ખબર નથી. સમજાણું કાંઈ? એ.. 'હિંમતભાઈ'! આ ભડકે, માળા! ભડકે.

www.vitragvani.com



એ.. ન્યાં તો આમ થઈ જાય છે. એકલી નિશ્ચયની વાતું, વ્યવહારની તો ઊડાવી દીધો. સાંભળને હવે, તને વ્યવહારની ખબર નથી, નિશ્ચયની ખબર નથી. શેની વાતું કરવા મંડ્યો તું?

અહીં કહે છે, ભગવાન આત્મામાં જેને આત્મદર્શન થયું, સમ્યક્ થયું આ એને તીર્થંકરપણાના બંધનો વિકલ્પ આવ્યો, પ્રકૃતિ બંધાણી. ભગવાને કહ્યું કે, તું તીર્થંકર થઈશ. આહાહા..! એ તીર્થંકર થઈશ તે સંબંધીનું જ્ઞાન કેવળજ્ઞાનને પમાડશે, એમ નહિ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો કહે છે કે, વ્યવહારદૃષ્ટિથી એ જાણવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- એ જ્ઞાનનો મહિમા નહિ.

ઉત્તર :- ઇ એનો મહિમા નહિ.

'अप्पा मुणहु जिय पावहु परमेट्ठि' એમ છે ને? ભગવાન એના ધારાવાહી જ્ઞાનથી કેવળજ્ઞાન, સિદ્ધપદને પામીશ. પ્રકૃતિથી નહિ, વિકલ્પથી નહિ, તેના જ્ઞાનથી નહિ. તેના જ્ઞાનમાં નક્કી આવી ગયું છે કે, ભગવાને કીધું છે માટે હું તીર્થંકર થવાનો. એમ જ્ઞાનમાં આવી ગયું છતાં એ જ્ઞાન આશ્રય કરવા લાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે, ભઈ! 'યોગીન્દ્રદેવ'. યોગ જોડ ત્યાં, અહીં જોડ ક્યાં (જોડે છે)? આહાહા! સમજાણું કે નહિ? એ..ઇ..! 'રતીભાઈ'!

'णिच्छइणइ अप्पा मुणहु जिय पावहु परमेट्ठि' લ્યો! ઓલા 'कहिया ववहारेण वि दिट्ठि' એ તો ફક્ત 'कहिया' એટલામાં લઈ લીધું, બસ! 'कहिया'નો અર્થ એ જાણ, એટલું. વચન કીધું, પણ એ જાણ, એટલું. 'णिच्छइणइ अप्पा मुणहु' ભગવાનઆત્મા એક સમયમાં એકાકાર પ્રભુ, એને જાણતા નક્કી તું કેવળજ્ઞાનને પામીશ, સિદ્ધપદને નક્કી તું પામીશ. ત્રણકાળમાં એ વાત ફરે એવી નથી. આહાહા..! હેં?

મુમુક્ષુ :- વગર ટીકાએ પણ ચોખવટ ઘણી આવે છે.

ઉત્તર :- ટીકા છે ને આમાં શબ્દાર્થ છે. શબ્દાર્થ થોડો છે, પણ ઇ અંદર છે ને? પાઠ બોલે છે કે નહિ?

મુમુક્ષુ :- જ્ઞાન બોલે છે કે નહિ ઇ નક્કી કરો ને, પાઠમાં ગમે તે હોય.

ઉત્તર :- ઇ એમ કહે છે.

વ્યવહાર પરાશ્રિત છે. 'બીજા દ્રવ્યની અપેક્ષાથી આત્માને કાંઈનું કાંઈ કહે છે.' એમ એણે થોડું લખ્યું છે. 'નિશ્ચયનય સ્વાશ્રિત છે. આત્માને યથાર્થ જેમનો તેમ કહે છે. નિશ્ચયનયથી આત્મા સ્વયં અરિહંત અથવા સિદ્ધ પરમાત્મા છે.' સ્વયં અરિહંત અને પરમાત્મા. વસ્તુ વર્તમાન.. વર્તમાન.. વર્તમાન. હું સિદ્ધ પરમાત્મા, હું સદા સિદ્ધ પરમાત્મા વસ્તુએ (છું), એવી અંતરની દૃષ્ટિ, એનું જ્ઞાન એ પર્યાયમાં સિદ્ધપદને પામવાનું કારણ છે. બીજું કોઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાન, બીજી કોઈ શ્રદ્ધા, બીજા કોઈ આચરણો આત્માને મુક્તિને પામવાનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ?

'जिय पावहु परमेट्ठि' દેખો! એ પરમેષ્ઠી થાય. જે પરમેષ્ઠીનું પદ વ્યવહારનયે પહેલું જાણવા લાયક કહ્યું હતું, એને આશ્રયે પરમેષ્ઠી નહિ થવાય. એક ભગવાનઆત્મા એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ, અભેદ ચીજ એની દૃષ્ટિ થતાં, તેનું જ્ઞાન થતાં એ જ્ઞાન અને દૃષ્ટિ સ્વભાવ સાથે અભેદ થઈ એ અભેદપણું સિદ્ધપદની પ્રાપ્તિમાં કારણ છે. બીજું કોઈ કારણ છે નહિ. વ્યવહાર રત્નત્રય આદિ મુક્તિનું કારણ નથી, એમ કહે છે. આ વ્યવહારનું જ્ઞાન પણ મુક્તિનું કારણ નથી, એમ કહે છે. માર્ગણા અને ગુણસ્થાનનું જ્ઞાન એ પણ મુક્તિનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'सुद्धं तु वियाणंतो' પછી એ બધી વાત લીધી છે. ગતિ ને ઇન્દ્રિય ને છે ને ? માર્ગણા, કાય ને યોગ ને વેદ. કયા વેદમાં જીવ છે? કયા કષાયમાં છે? કયા યોગમાં છે? મન-વચન-કાયા. કયા જ્ઞાનમાં, સંયમમાં કયુ સંયમ વર્તે છે? શું દર્શન? કઈ લેશ્યા? સમકિત, સંજ્ઞી એ બધી ભલે જાણવા લાયક છે. વીતરાગમાર્ગમાં એ વ્યવહાર છે એ જાણવા લાયક છે અને ગુણસ્થાનના ચૌદ ભેદ લીધા. એ ચૌદની દરેકની વ્યાખ્યા કરી. એ સત્તર (ગાથાની) વ્યાખ્યા થઈ.

હવે કોઈ એમ કે, ગૃહસ્થમાં આવો માર્ગ હોય કે નહિ? કોઈ કહે, પણ આ માર્ગ તો કોઈ મહા ત્યાગી, મુનિ જંગલમાં જાય એને માટે હોય. તો ખુલાસો કહે છે. આટલી વાત આમ કરી ને? ગુણસ્થાન, માર્ગણાસ્થાનનું જ્ઞાન પણ મોક્ષનું કારણ નહિ. હવે આવો માર્ગ તે કાંઈ ગૃહસ્થાશ્રમમાં હોઈ શકતો હશે કે નહિ? કે મુનિને એકલાને હોય?

૧૮. 'ગૃહસ્થ પણ નિર્વાણ માર્ગ ઉપર ચાલી શકે છે.' લ્યો! એ ગૃહસ્થાશ્રમમાં પણ આ માર્ગ હોઈ શકે છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રાજપાટમાં દેખાય, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં જીવ દેખાય એ ગૃહસ્થી પણ નિર્વાણમાર્ગ ઉપર ચાલી શકે છે. આત્મા છે ને એની પાસે, કહે છે. ભગવાનઆત્મા છે ને! ભગવાનઆત્મા પોતાના પૂર્ણ સ્વરૂપે વસ્તુ તો અખંડ પડી છે. અખંડનો આશ્રય કરનાર ગૃહસ્થાશ્રમમાં પણ નિર્વાણને પામવાને લાયક થઈ જાય છે. આટલા આટલા ધંધા-વેપાર હોય ને? એ એને ઘરે રહ્યા. એ તો જાણવા લાયક છે. સમજાણું કાંઈ? અંતર ભગવાનઆત્મા, એનો આશ્રય કરીને ગૃહસ્થાશ્રમના ધંધા-વેપારમાં વર્તે તો એ પણ નિર્વાણને પામવાને લાયક છે. એ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગૃહસ્થ પણ નિર્વાણ માર્ગ ઉપર ચાલી શકે છે.

गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति।
अणुदिणु झायहि देउ जिणु लहु णिव्वाणु लहंति।।१८।।

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. ૧૮

**અન્વયાર્થ** :– (**गिहिवावार परट्ठिया**) જે ગૃહસ્થના વ્યાપારમાં લાગેલા છે (**हेयाहेउ मुणंति**) તથા હેય ઉપાદેયને જાણે છે (**अणुदिणु जिणु देउ झायहि**) અને રાત દિવસ જિનેન્દ્ર દેવનું ધ્યાન કરે છે (**लहु णिव्वाणु लहंति**) તે પણ શીઘ્ર નિર્વાણ પામે છે.

---

વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૧૦, સોમવાર
તા. ૧૩-૦૬-૧૯૬૬
ગાથા–૧૮, ૧૯. પ્રવચન નં. ૭

---

૧૮મી ગાથા. જુઓ! આ ગાથા (એમ કહે છે) ગૃહસ્થાશ્રમમાં પણ અનુભવ થઈ શકે છે. સમજાણું કાંઈ? એની આ ગાથા છે, જુઓ! 'ગૃહસ્થ પણ નિર્વાણ માર્ગ ઉપર ચાલી શકે છે.' ગૃહસ્થમાં રહેલો જીવ મોક્ષના માર્ગ ઉપર ચાલી શકે છે. એમ નહિ કે સાધુ જ મોક્ષમાર્ગમાં ચાલી શકે. એ વાત અહીંયાં મુખ્ય સ્થાપવા આ વાત કરે છે, જુઓ!

गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति।
अणुदिणु झायहि देउ जिणु लहु णिव्वाणु लहंति।।१८।।

શું કહે છે? ગૃહસ્થમાં વેપારમાં, ધંધામાં લાગ્યો હોવા છતાં, સંસારમાં ગૃહસ્થાશ્રમનો વેપાર, ધંધો હોવા છતાં 'हेयाहेउ मुणंति'. છોડવા યોગ્ય શું છે અને આદરવા યોગ્ય શું છે એનું એને જ્ઞાન હોય છે. શું કહ્યું સમજાણું? ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એના જ્ઞાનમાં ગૃહસ્થાશ્રમીને ધર્મ હોય છે, કઈ રીતે? કે, હેય એટલે પુણ્ય-પાપના રાગ ઉત્પન્ન થાય, વેપારના-ધંધાના કે પૂજા, ભક્તિભાવના, પણ એ હેય છે એવું એને જ્ઞાન વર્તવું જોઈએ. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– કોને વર્તવું જોઈએ?

ઉત્તર :– ગૃહસ્થને.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિને કે મિથ્યાદૃષ્ટિને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- મિથ્યાદષ્ટિની અહીં ક્યાં વાત છે? હેયાહેયનું જ્ઞાન સમ્યગ્દષ્ટિને (વર્તે છે). અહીં તો ગૃહસ્થાશ્રમમાં ધર્મ થઈ શકે છે અને મોક્ષને માર્ગે ચાલી શકે છે એ વાત અહીંયાં સિદ્ધ કરવી છે. એમ નહિ કે ગૃહસ્થાશ્રમમાં આપણે કાંઈ ન કરાય, આપણે કાંઈ ન કરી શકીએ, એ તો મુનિ થાય, ત્યાગી થાય એને હોય, એમ નથી.

મુનિ ઉગ્રપણે અંતરના આનંદના પુરુષાર્થથી વારંવાર આનંદ અતીન્દ્રિયનો લઈ અને શીઘ્રપણે મોક્ષનું ઉત્કૃષ્ટ સાધન કરે છે. ઉત્કૃષ્ટ સાધન કરે છે. ગૃહસ્થાશ્રમમાં એને જોગ આત્માનું ઉપાદેયપણું.. આવ્યું ને? હેય-ઉપાદેય. ગૃહસ્થાશ્રમમાં હો, ધંધામાં હો છતાં એને દરેક ક્ષણે રાગાદિ, પુણ્યાદિ, પાપાદિ ભાવ એ હેય છે, પરવસ્તુ શરીરાદિની ક્રિયા થાય તે હું એનો કર્તા નથી. એવું એને ક્ષણે ક્ષણે સમ્યગ્દષ્ટિને જ્ઞાન વર્તતું હોય છે. પાપના, પુણ્યના ભાવ પણ આવે, દેહની ક્રિયા હો (પણ) એ બધાને હેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? અને ઉપાદેય તરીકે ત્યાગ.

હેય અને ઉપાદેયને – ત્યાગવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્યને જાણે છે. આ આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ સ્વરૂપ છે એ જ મારે આદરણીય અને ધ્યાન કરવા લાયક છે એમ ગૃહસ્થાશ્રમમાં સમકિતી આ પ્રમાણે વર્તન કરી શકે છે. કહો, સમજાણું આમાં? કેટલાક કહે, ગૃહસ્થાશ્રમમાં એ અનુભવ અને આત્મમાર્ગ ન હોય. અહીં તો ગૃહસ્થાશ્રમમાં નિર્વાણ માર્ગ હોય એમ કહે છે.

મુમુક્ષુ :- ઇ આઠમે હોય.

ઉત્તર :- અહીં શ્રાવકને આઠમે ક્યાં હતા?

મુમુક્ષુ :- મુનિને સાતમે હોય.

ઉત્તર :- મુનિનું એને ક્યાં કાંઈ ભાન છે?

અહીં તો નિર્વાણ નામ આત્મા જ નિર્વાણસ્વરૂપ છે. શું કીધું? ભગવાનઆત્મા જ મોક્ષસ્વરૂપ છે. એ તો પોતે છે. હવે એને મોક્ષસ્વરૂપનું સાધન પોતામાં છે એ કેમ ન કરી શકે? સમજાણું કાંઈ? આત્માનો સ્વભાવ ત્રિકાળ (છે). એક સમયનો વિકાર છે એ છોડીને એ હેય છે, એ હેય છે અને આખું સ્વરૂપ અખંડાનંદ પૂર્ણ પ્રભુ અનંત ગુણનો પિંડ તે ઉપાદેય છે. એવું સ્વરૂપ તો પોતાનું છે. પોતાનું એવું સ્વરૂપ છે અને પોતાનું કામ એ ગૃહસ્થાશ્રમમાં ન કરી શકે એમ કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? 'શશીભાઈ'! સમજાણું? ઉપાદેય. આત્મા પોતે ચીજ છે, અનંત આનંદ ગુણનો પિંડ છે હવે એ પોતે છે એ ઉપાદેય છે એમ કેમ ન કરી શકે? 'રતીભાઈ'! ઝીણી વાત છે આ. નજીકની વાત (છે), એમ કહે છે.

ગૃહસ્થાશ્રમી આત્મા છે કે નહિ? ઇ ગૃહસ્થાશ્રમીને પણ આત્મા છે કે નહિ? તો આત્મા છે એ પોતાનો સ્વભાવ શુદ્ધ રાખીને પડ્યો છે. વીતરાગ સ્વરૂપ અને આત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી. એવું પોતાનું સ્વરૂપ છે. એનું ઉપાદેયપણું ગ્રહણ કરીને અને એનું સાધન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ એનામાં છે, એનું સાધન કાંઈ બાહ્ય ક્રિયામાં કે રાગમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ પોતે અનંત આનંદાદિ શુદ્ધ (છે) એને ઉપાદેયપણે ગ્રહણ કરીને સાધન પણ (એનામાં છે). રાગને દૂરથી (છોડીને), રાગાદિ વિકલ્પો અને પરવસ્તુ દૂર (છે), એ દૂર જે ચીજ છે એ સાધન નથી. એમાં નથી એ સાધન નથી, એમાં છે એ સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? 'મનસુખભાઈ'! આ દુકાન-બુકાન, ધંધા એને ઘરે રહ્યા, એમ કહે છે. આ રાગાદિ હોય પણ એને ઘરે, રાગાદિ હેયપણે વર્તે છે. એના અંતરમાં શુદ્ધ પરમાત્મા, હું શુદ્ધ આનંદ છું એવી વસ્તુ જે છે એને ઉપાદેય (કરીને) આ જ હું છું એમ માનવું એનું નામ ઉપાદેય. સમજાણું કાંઈ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ એવું મારું આત્માનું સ્વરૂપ (છે). વીતરાગનું સ્વરૂપ અને મારા સ્વરૂપમાં પરમાર્થે કાંઈ ફેર નથી. એની પર્યાયમાં નિર્મળતા છે પણ એની નિર્મળતા જે પૂર્ણ છે એવો પૂર્ણ મારો વસ્તુનો સ્વભાવ છે. એવી અંતરમાં રુચિ કરીને, દૃષ્ટિ કરીને ઉપાદેય તરીકે આત્માને સ્વીકારવો. એ ગૃહસ્થાશ્રમમાં ક્યાં આત્મા ચાલ્યો ગયો છે કે ન સ્વીકારી શકાય? એમ કહે છે. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં પણ આત્મા તો આત્મા છે. ત્યાં દૂર દૃષ્ટિ હતી, પર ઉપર, રાગ ને પર (ઉપર હતી) એને સમીપમાં કર (કે), આ આત્મા. સમજાણું કાંઈ? અને એનો માર્ગ પણ શુદ્ધ છે. વસ્તુ શુદ્ધ છે તો એની અંતરમાં શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું આચરણ એ પણ સ્વભાવનું સાધન શુદ્ધ છે. એ પણ પોતાના સમીપમાંથી જ આવે છે. એ કાંઈ દૂર (પદાર્થમાંથી) કે રાગમાંથી આવતું નથી. તો ગૃહસ્થાશ્રમમાં આત્માને મોક્ષનો માર્ગ કેમ ન થઈ શકે? એમ કહે છે. એટલે કે થઈ શકે.

વસ્તુ પોતે છે એનું જ્ઞાન કરે અને આ કિંમતી ચીજ છે, બીજી કોઈ ચીજ કિંમતી મારી દૃષ્ટિમાં નથી. રાગ નહિ, અલ્પજ્ઞતા નહિ, પર નહિ. આ મહાન પદાર્થ કિંમતી (છે) એમ જ્યાં દૃષ્ટિમાં ઉપાદેય તરીકે વસ્તુ છે તેને ગ્રહણ કરવાની, આદરવાની, એમાં ઠરવા જેવી આ ચીજ છે એમ જ્યાં દૃષ્ટિમાં ઉપાદેય આવ્યું તો એ કેમ ગૃહસ્થાશ્રમમાં ન થઈ શકે? સમજાણું કાંઈ? અને એનું સાધન પણ અંદર સ્વભાવ છે.

જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવ, એ અંતરમાં પોતાના શુદ્ધ સ્વભાવના એકાગ્રતાનું સાધન પણ એના સમીપમાં, નજીકમાં એમાં છે. 'વજુભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ પોતે છે. ઇ કહે છે. 'गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति' કેમકે ઉપાદેય ચીજ પોતે છે, એને કેમ સાધન તરીકે કરી ન શકે? સમજાણું કાંઈ આમાં? ભગવાનઆત્મા પરમાનંદનું રત્ન છે, એ પરમાનંદનું રત્નસ્વરૂપ પોતે છે એમ એની દૃષ્ટિમાં જ્યાં આદર આવ્યો એટલે સ્વભાવના સાધનરૂપ આત્મા પોતે છે અને એની અંદરમાં એકાગ્ર થતાં સાધનની પર્યાય પ્રગટ થાય એ પણ એના પોતામાં સમીપમાંથી થાય છે, એ કંઈ રાગમાંથી, નિમિત્તમાંથી થતી નથી. હેં?

મુમુક્ષુ :– ધંધાર્થીને કંઈ બાધા નથી.

ઉત્તર :– હા. ધંધાર્થીના ભાવ એ નહિ. એ તો કીધું. ધંધાર્થીનો ભાવ તે હેય છે પણ એ કાળે પણ ધંધાર્થીના જીવની શક્તિનું સત્ત્વ છે કે નહિ? એમ અહીં તો કહે છે. 'गिहिवावार' એટલો શબ્દ છે ને? ગૃહસ્થાશ્રમનો ધંધો અને વેપાર હોવા છતાં, એક વાત. એ 'परट्ठिआ' એમાં રહ્યો છતાં હેય એવા ગૃહસ્થના વેપારને, રાગાદિ ભાવને, અશુભભાવને ધંધાના ભાવને, આ પુણ્યભાવને, આ શરીરાદિની ક્રિયાને હેય જાણે. આ નહિ, આ નહિ અને આત્મા અનંત ગુણનો પિંડ તે હું. કહો, સમજાણું કાંઈ? કહો, 'રતીભાઈ'! તું છો અને તારું ન કરી શકે એનો અર્થ શું? હેં?

હેય-ઉપાદેયને, ત્યાગવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય જાણે છે, જાણે. જ્ઞાનમાં એનો વિવેક વર્તે, વિવેક વર્તે કે, આ પરમાનંદ સ્વરૂપ આત્મા (તે હું છું). પણ એનો ખ્યાલ પહેલો શાસ્ત્રથી, ગુરુગમથી, તીવ્ર જિજ્ઞાસા, એનું પાછું ઉપાદાન, જેવું એનું સ્વરૂપ છે એને પહેલું જાણવું જોઈએ. જાણે ત્યારે એની કિંમતમાં એની દૃષ્ટિ જાય. ઓ..હો...! આ આત્મા, જેમાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ ઠસોઠસ ભર્યો છે, જેમાં જ્ઞાન ને વીર્ય આત્મામાં પૂર્ણાનંદ પડ્યું છે, પૂર્ણ પડ્યું છે, એવા અનંત ગુણસ્વરૂપ ભગવાનઆત્મા તું પોતે છે. તો ગૃહસ્થાશ્રમના વેપારના કાળ વખતે એ આત્મા ચાલ્યો ગયો છે? એ આત્માને ઉપાદેય તરીકે શ્રદ્ધા, જ્ઞાનમાં ગ્રહણ કરે અને રાગાદિને હેય જાણે. ગૃહસ્થાશ્રમમાં એ આત્માનો ધર્મ થઈ શકે છે. કહો, સમજાણું આમાં?

બરકત કે દિ' આવતી હતી? એમાં બરકત કે દિ' આવતી હતી? ધૂળમાં. એ જાણે છે કે જેટલા પુણ્ય હશે એ પ્રમાણે આ આવે છે અને મને આ રળવાનો ભાવ થાય છે એ પાપ છે, હેય છે, દુઃખદાયક છે એમ જાણે છે. સમજાય છે કાંઈ?

હેય જાણે એમાં બરકતનો લાભ વધારે ક્યાંથી થાય? એમ (કહે છે). લાભદાયક માને તો લાભ થાય. એમ લાભદાયક માને તો લાભ થાય. લાભદાયક ન માને તો લાભ શી રીતે થાય? એમ હશે? 'મનસુખભાઈ'! એને પૂછો એને, આ બે બેઠા છે, જુઓ! કાકો, ભત્રીજો બે બેઠા ઇ. બેય મોટા ધંધા કરે છે ન્યાં. સમજાણું કાંઈ?

અહીં તો એટલી વાત છે કે, જે શરીર, વાણી, મનની ક્રિયાઓ થવા કાળે થાય છે એ તો ચૈતન્યની તત્ત્વમાં નથી અને ચૈતન્ય તેને કરતો નથી. એટલે ગૃહસ્થાશ્રમમાં તેનું જ્ઞાન થઈ શકે છે કે આ છોડવા લાયક અથવા લક્ષ કરવા લાયક નથી. હવે ગૃહસ્થાશ્રમમાં જે રાગાદિના ધંધાના પરિણામ થાય એનાથી અધિકાપણે ચૈતન્ય અંદર અનંત ગુણનું ધામ બિરાજે છે, એને ઉપાદેય તરીકે સ્વીકારીને રાગને હેય તરીકે સ્વીકારી શકાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એને રાગમાં રસ ન રહે, ધંધામાં રસ ન રહે, એમ કહે છે.

મુમુક્ષુ :– ધંધામાં રસ ન લે તો રૂપિયા કેવી રીતે કમાવા?

ઉત્તર :– ધૂળમાંય પૈસા કમાતો નથી, કોણ કમાય છે? ઇ કમાય છે? એ તો પુણ્યને

www.vitragvani.com



લઈને આવે, આવવું હોય તો આવે, ન આવવું હોય તો ન આવે. કેમ હશે આમાં? બહુ ધ્યાન રાખે તો આવતું હશે ને ભંગારમાં? નહિ?

મુમુક્ષુ :- એમાં તો ઢગલા મજા આવે.

ઉત્તર :- ધૂળમાં ભૂકા આવે. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે, બે વાત. એક તું અને એક તારાથી વિરુદ્ધનો વિકાર અને બીજી જાત. હવે ગૃહસ્થાશ્રમની અંદર આ બે ચીજો ને ત્રણ છે કે નહિ? ધંધાનો વેપાર હોવા છતાં આત્મા અંદરથી ચાલ્યો ગયો છે? એ ધંધાના પરિણામ તે દુઃખરૂપ છે, હેયરૂપ છે, આદરણીય નથી એમ એનું જ્ઞાન એણે કરવું જોઈએ અને એનાથી રહિત ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ શુદ્ધ છું એનો અંતર્મુખ થઈને આદર કરવો જોઈએ. એવું ગૃહસ્થાશ્રમમાં કેમ ન થાય? ગૃહસ્થાશ્રમમાં ધંધાના કાળમાં પણ આત્મા ભિન્ન પડ્યો છે, એમ કહે છે. એ... 'હરિભાઈ'! ધંધાના કાળના પરિણામમાં અને ક્રિયાના ધંધા કાળે, ધંધાની ક્રિયા જડની, જડની હશે કે શું હશે? 'રતીભાઈ'! એ તો બધી જડની ક્રિયા છે, એ ક્યાં તમે કરો છો? આમ હાલવું, ચાલવું (થાય) એ બધી જડની ક્રિયા છે, આત્મા એને કરતો નથી.

ઇ તો મૂઢ છે, એ તો કહે છે. ગૃહસ્થાશ્રમમાં તું રહ્યો છતાં તું ન માન અને નથી કરી શકતો એને માન, તારાથી દૂર જા તો એ તારી ભૂલને કારણે છે. સમજાણું કાંઈ? અમે આ નામા લખીએ, અમે દુકાનની વ્યવસ્થા કરીએ, દુકાન ચાલે એમાં ધ્યાન રાખીએ તો દુકાન સરખી ચાલે.

મુમુક્ષુ :- એવું ધ્યાન ન રાખીએ તો તૈયાર શી રીતે થાય?

ઉત્તર :- ધૂળમાંય તૈયાર થાતું નથી, એને કાળે થવું હોય તો થાય.

એ તો વાત જ શું કીધું? સમીપ નહિ. અહીં તો ધંધાના પરિણામ કાળે અને ધંધાની ક્રિયાને કાળે, અહીં આત્મા છે કે નહિ? એમ અહીં તો કહે છે. કે એકલું છે ત્યાં? અહીંયાં ધંધાના રાગના અશુભ પરિણામ ભલે (હોય), હિંસા, જૂઠું, વિષય આદિ. અને આ બહાર દેહની ક્રિયા લખવું એ બધું અજીવનું (કાર્ય), એ અજીવ તત્ત્વની અવસ્થાની સત્તા છે કે નહિ? અહીં રાગાદિ ધંધાની સત્તાનો ભાવ વિકારી છે કે નહિ? એની સામે આખી ત્રિકાળી જ્ઞાયક સત્તા છે કે નહિ? સમજાણું કાંઈ? કહો, 'પ્રવીણભાઈ'! આહાહા..!

મહાન પ્રભુ ચૈતન્ય, જ્ઞાનથી ભરેલો સમુદ્ર પ્રભુ, આનંદનો મહાસાગર, એવું આત્મદ્રવ્ય તું પોતે જ છો. હવે જ્યાં તું છો ત્યાં ધંધાના પરિણામ કાળે તું ક્યાં ચાલ્યો ગયો છો? પણ તારી નજર રાગ અને પુણ્ય ઉપર છે તેથી તેને તું આદરણીય અને કરવા યોગ્ય માને છે. પણ તારી નજર રાગ અને પુણ્ય ઉપર છે તેથી તેને તું આદરણીય અને કરવા યોગ્ય માને છે. આ ભગવાન જ્ઞાયકમૂર્તિ આત્મા પૂર્ણાનંદનો નાથ એ હું છું. રાગાદિ થાય, દેહાદિની ક્રિયા તો જડની (ક્રિયા), જડનું અસ્તિત્વ છે, પર સત્તા છે, પર પદાર્થ છે તો

www.vitragvani.com



એની અવસ્થા તો થાય જ છે ને? એ અવસ્થા કંઈ મારાથી થતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આજે તો બહુ ઝીણું આવ્યું.

ઉત્તર :– ઝીણું ક્યાં (છે)? જ્યાં ગૃહસ્થાશ્રમમાં પણ કોઈ કહે કે, છૂટવાનો માર્ગ થઈ શકે નહિ, આ એને માટે આ ખુલાસો છે. છૂટવાનો માર્ગ છૂટેલું તત્ત્વ જ્ઞાયકમૂર્તિ તું છો અને તેના સ્વભાવના સાધન વડે છૂટવાનો ઉપાય થઈ શકે છે. એટલે ધંધાના પરિણામ ને બાહ્ય ક્રિયા વડે આ ન થઈ શકે એમ છે નહિ. 'શશીભાઈ'! આહાહા..! પણ મૂળ નનૂર થઈને એણે ગણ્યું જ નથી. નનૂર.. નનૂર. ઓલા સોટીએ મારે ને? નૂર વિનાનો. એ જોતો (નથી) અને એને કિંમત આવતી નથી. પણ તું પોતે જ એ છો.

જિનેશ્વર કહો કે આત્મા.. અહીં આગળ કહેશે, જિનનું ધ્યાન. જિનનું ધ્યાન એટલે તારું. સમજાણું કાંઈ? તું વસ્તુએ જિનસ્વરૂપે જ છો. આહાહા..! સમજાણું કાંઈ? હવે એને છે તેને દૃષ્ટિમાં ન લ્યે અને જે એનામાં નથી એવા રાગાદિને અને ક્રિયાને દૃષ્ટિમાં લ્યે એ તો એની પોતાની વસ્તુ છે છતાં ભૂલીને ભાવ કરે એ તો એના જ્ઞાનમાં સ્વતંત્ર છે. હવે વસ્તુ જે છે, એક સમયમાં ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ, એનો અંતરમાં સ્વીકાર (થવો) કે, આ આત્મા તે હું. તેનો સ્વીકાર થતાં એનામાં રાગાદિ વિકલ્પ ઊઠે એ એના સ્વરૂપમાં નથી. તેથી તેને હેયબુદ્ધિએ રાખીને, ઉપાદેયબુદ્ધિએ ચૈતન્યને રાખીને બે વચ્ચેનું હેયાહેયનું જ્ઞાન, વિવેક કરી શકે છે. આહાહા..! હેં? આહાહા..! સમજાણું કે નહિ? 'લક્ષ્મીચંદજી' સમજાય છે કે નહિ? આ નથી કરી શકતો, એમ કહે છે.

શું તારો આત્મા ચાલ્યો ગયો છે? 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. સિદ્ધ સમાન આત્મતત્ત્વ છે, તને ખબર નથી. તારી (તને) કિંમત નથી, તારા જ્ઞાનમાં એની મહત્તા આવે નહિ અને પછી કહે, મારે ધર્મ કરવો છે. ક્યાંથી ધર્મ કરે? ધર્મ કરનાર ધર્મી મહાન પદાર્થ છે એવી બુદ્ધિ ગૃહસ્થાશ્રમમાં પણ ઉપાદેયપણે થઈ શકે છે. આહાહા..! એનો અર્થ એ થયો કે, ભગવાનઆત્મા ગૃહસ્થાશ્રમના ધંધાના પર્યાયમાં હો કે બાહ્ય ક્રિયામાં નિમિત્ત તરીકે ઉપસ્થિત દેખાતો હોય છતાં એને હેય જાણી પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપને ઉપાદેય જાણી, એ અંતરના આનંદમાં વર્તી શકે છે. અંતરના આનંદમાં વર્તી શકે છે, એમ અહીં કહે છે, ભાઈ! અંતરના આનંદમાં સ્વીકાર કરી શકે છે, રાગને હેય કરી શકે છે અને કોઈ કાળે તે આનંદના અનુભવમાં વર્તી શકે છે. આહાહા..! 'શશીભાઈ'! ઉપયોગરૂપની વાત કરી.

મુમુક્ષુ :– દરેક સમયે ભોગવે છે.

ઉત્તર :– ઓલી તો છે જ. આ તો આનંદના વર્તનમાં ઉપયોગરૂપે પણ આનંદનું એકલું વર્તન થઈ જાય, એમ કહે છે. ગૃહસ્થાશ્રમમાં પણ નિર્વાણ છૂટવાના માર્ગે પડી શકે છે. ગૃહસ્થાશ્રમમાં બંધાવાનો માર્ગ એક જ છે, એમ નથી. આહાહા..! સમજાણું આમાં? વાત એ છે કે, એ પ્રભુઆત્મા કેવડો છે એ વાત એના ખ્યાલમાં આવવી જોઈએ. મૂંઝાયેલો

www.vitragvani.com



જ પડ્યો છે, અનાદિથી મૂઢ. આ દયા, દાન, વ્રતના પરિણામ, ધંધાના પરિણામ બસ, આપણે કર્યા. આ પૂજા, ભક્તિ કરી. પણ એ તો રાગ છે. સમજાય છે કાંઈ? અને આ પરનું (કાર્ય) થાય એમાં ઊભો હોય ત્યાં (એમ) થાય કે, જુઓ! આ મેં ધ્યાન રાખ્યું માટે આ થયું. આ લોકો ધ્યાન નથી રાખતા તો નથી થતું. લ્યો! એમેય કેટલાક કહે છે ને? હેં? ઇ કો'ક કહેતા હતા, કો'ક કહેતા હતા. એ તો એ વખતે ઊભો હતો કોણ એનું જ્ઞાન કરાવવા માટે (કહ્યું). (બાકી) કોણ રજકણ પણ ફેરવી શકે છે. સમજાણું કાંઈ? ઇ ગયા, કાલે રાત્રે ગયા. આહાહા..!

આ ગાથામાં શું કહે છે? એવી ગાથા એક ૬૫ મી આવશે. સમજાણું? કે, ગૃહસ્થાશ્રમમાં પણ. ગૃહસ્થામશ્રમ એટલે શું? ગૃહસ્થ, ગૃહસ્થ એટલે ઘરમાં રહેવું. એટલે આ ધંધાના પરિણામ, હિંસાના, જૂઠાના પાપ, એમાં એ પર્યાયમાં રહ્યો છે, પણ કોઈ દ્રવ્ય છે કે નહિ આખું ત્યાં? સમજાણું કાંઈ? આખું તત્ત્વ દ્રવ્ય પડ્યું છે કે નહિ? પૂર્ણાનંદનો નાથ જેમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે. એવા આત્માને દૃષ્ટિએ ઉપાદેય કરી આ જ આદરણીય છે, રાગાદિ ચાહે તો પુણ્ય, દયા, દાન, વ્રતના, પૂજા, ભક્તિના પરિણામ હો કે ચાહે તો ધંધાના, હિંસા, જૂઠ, ભોગના હો પણ એ બેય પરિણામ હેય છે, છોડવા યોગ્ય છે. એટલો બધો દૃષ્ટિમાં રાગનો ત્યાગ (થાય), આના આદરમાં રાગનો ત્યાગ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિમાં ભગવાન પૂર્ણાનંદનો સ્વીકાર થતાં આખો પરમેશ્વરને આદર આપ્યો. દૃષ્ટિમાં પૂર્ણ આત્માના સ્વીકારથી આખા પરમેશ્વરને સ્વીકાર્યા. આત્માનો સત્કાર એટલે પરમેશ્વરનો સત્કાર કર્યો. અને રાગાદિના પરિણામ હેય હોવા છતાં દૃષ્ટિમાં તેનો ત્યાગ થઈ ગયો છે. આ નહિ, આ નહિ, આ નહિ. એટલે ગૃહસ્થાશ્રમમાં પણ રાગના ત્યાગરૂપ સ્વભાવના આદરરૂપ ધર્મ થઈ શકે છે. આહાહા! કહો, 'ચીમનભાઈ'! બરાબર છે કે નહિ આમાં? આહાહા..!

જુઓ! અહીં તો એણે જરી લખ્યું છે. 'તેનું સાધન પણ એક માત્ર પોતાના શુદ્ધ આત્મિક સ્વભાવનું દર્શન અથવા મનન છે.' લ્યો! આત્માનો સ્વભાવ ભગવાન જેવો છે એમ અંતરમાં બેસવું, સ્વીકાર જોઈએ ને? એક કોર રાગાદિનો લાભ માને, પૈસાનો લાભ માને તો આ સ્વભાવનો લાભ શી રીતે માની શકે?

ધૂળેય બહારમાં લાભ નથી. ક્યાં લાભ હતો? સમજાણું કાંઈ? પાંચ, પચાસ લાખ થયા, બે કરોડ, પાંચ કરોડ થયા એમાં આત્માને શું? એ તો જડ છે, એ ક્યાં એના આત્મામાં ગરી ગયા છે? મને મળ્યા એવી મમતાનો ભાવ, એ મમતાનો ભાવ એની પાસે છે અને હોવા છતાં સમતાનો પિંડ ચૈતન્ય એક બાજુ છે. એકલો વીતરાગીભાવ. સમતા વીતરાગી અકષાય સ્વભાવસ્વરૂપ આત્મા છે. કહે છે કે, આવી મમતાના કાળમાં પણ સમતાનો પિંડ ચાલ્યો ગયો છે? બસ! તારો સ્વીકાર અહીં જોઈએ અને આનો અસ્વીકાર જોઈએ. સમજાણું કાંઈ?

www.vitragvani.com



'अणुदिणु जिणु देउ ज्ञायहि' જુઓ! 'અને રાત દિવસ જિનેન્દ્ર દેવનું ધ્યાન કરે છે...' જિનેન્દ્રનો અર્થ વીતરાગ. એ વીતરાગભાવનું ધ્યાન (કરે છે), અંદર એની લગની લાગી છે. ગૃહસ્થાશ્રમમાં જિનેન્દ્ર એટલે વીતરાગ આત્મા. વીતરાગ ભગવાન અને આત્મામાં કાંઈ ફેર વસ્તુમાં નથી. એવું સમકિતી ગૃહસ્થાશ્રમમાં, ધંધામાં, હજારો રાણીના વૃંદમાં પડ્યો (હોય). સમજાય છે કાંઈ? છતાં 'अणुदिणु' 'રાત દિવસ જિનેન્દ્ર દેવનું ધ્યાન કરે છે...' વીતરાગ વીતરાગ, એના આદરવામાં સ્વભાવમાં શુદ્ધતા, શુદ્ધતા, શુદ્ધતા આદરણીય છે, અશુદ્ધતા આદરણીય નથી. આવું ન હોય તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જ ન હોય. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં આવું હોય તો ધર્મ થઈ શકે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

સાધન પણ પોતાનું પોતામાં છે. ગોતવા જાવું પડે એમ છે? કે, હવે આનો–મોક્ષનો ઉપાય શું? ઉપાય કોણ? તું. તારી સામું જો અને એમાં ઠર, એ ઉપાય. સમજાણું કાંઈ? પણ વાત એ (છે) કે એને મહિમા આવતી નથી. એને કાંઈક બહારનું આ કરું ને આ કરું ને આ કરું, આ હોય ને આ હોય ને આ હોય. જે એનામાં નથી એ હોય તો મને લાભ થાય. આ જુઓને! હેં? આહાહા..! પૈસા, લક્ષ્મી ખર્ચીએ, દહાડા કરીએ, દેરાસર કરીએ, રથયાત્રા કાઢીએ, પાંચ-દસ લાખ પ્રભાવના કરીએ તો અંદર ધર્મ થાય. પણ એ ચીજ તો પર છે. એમાં તારો કદાચિત્ શુભભાવ થયો તો એ શુભ પર છે, એ આત્મામાં નથી. એટલે પરને પર તરીકે, હેય તરીકે જાણ્યા વિના ઉપાદેય તરીકે ચિદાનંદનું જ્ઞાન એને યથાર્થ થઈ શકે નહિ અને ઉપાદેય તરીકે આને આદરણીય જાણ્યો. રાગાદિ હેય તરીકે વર્તે પછી એમાં લાભનું કારણ કહે તો એ તો નુકસાનનું કારણ છે. શુભ-અશુભભાવ થાય એ નુકસાનનું કારણ છે. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

આ રોટલો એકલો હોય તો તો પછી ખાય જશું તો કાલે ક્યાંથી લાવવો? પણ આ તો ખજાનો ખૂટે એવો નથી, એવો ખજાનો તારી પાસે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ગૃહસ્થાશ્રમમાં એકદેશ, એક ભાગરૂપે તો સાધન થઈ શકે ને? મોટો ભાગ–સાધન મુનિ કરે. મોટા ભાગનું સાધન મુનિ કરે. મુનિ એટલે આ બહારના ત્યાગી એ મુનિ નથી, કહે છે. અંતરના સ્વરૂપમાં શુદ્ધ ચિદાનંદનું ભાન થઈને ખૂબ ઠરે છે અંદર, ઉગ્ર આનંદને વેદે, મોટો ભાગ–સાધન ઇ કરે. આ બાહ્ય ક્રિયાકાંડી છે એ તો સાધુ છે જ નહિ. સમજાણું કાંઈ? અંતરમાં આત્મા શુદ્ધ આનંદકંદનું પૂર્ણાનંદનો આદર કરી એમાં ખૂબ લીનતા (કરે) અને બિલકુલ રાગનો ઘણો અભાવ (થયો હોય) એવી સ્વભાવની દશાને ઊંચા મોક્ષના માર્ગનો ભાગલો કહેવામાં આવે છે. આહાહા..! મોટો ભાગ ઇ લ્યે પણ નાનો ભાગ આને મળે એવો છે કે નહિ? 'શશીભાઈ'! પણ ઇ પણ હજી ખબર નથી. બહારથી નવરા બેઠા હોય, નવરા થાય તો આ..હા..હા...! જુઓને! બિચારા કેવા (ત્યાગી છે)! પણ ઇ બધા રખડનારા

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિ છે, તને ખબર નથી. એ દેહની ક્રિયા હું કરું છું, આ રાગાદિ દયા ભાવ, પુણ્યના,ભક્તિના (ભાવ) આવે એ મને ધર્મ છે એમ માનનારા અનંત વીતરાગી પરમેશ્વર આત્મા, એનો અનાદર કરે છે. એને ત્યાગ એક્કે અંશનો છે નહિ. સમજાણું કાંઈ? 'રતનલાલજી'! આહાહા..!

જ્યાં દૃષ્ટિમાં એકલો ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદનો નાથ જ્યાં આદરણીયમાં પડ્યો છે એને આખો સંસાર ઉદયભાવ દૃષ્ટિમાં ત્યાગપણે વર્તે છે. એ મોટો ત્યાગી થયો. મિથ્યાદર્શનનો ત્યાગ થતાં, આત્માનો આદર થતાં એને બધાનો ત્યાગ થઈ ગયો. આવા ત્યાગ વિના બાહ્યના ક્રિયા, ત્યાગ છોડીને, અંદરમાં રાગનો ભાવ, દયા, વ્રતનો આવે, એનાથી મારું કલ્યાણ થાય, એ મૂઢે આખો ત્યાગ કર્યો છે-આત્માનો. રાગનો નહિ, પાપનો નહિ, એણે ત્યાગ કર્યો છે આત્માનો. 'મોહનભાઈ'! એ ત્યાગ કર્યો છે એણે ભગવાનઆત્માનો. અને જ્ઞાનીએ ત્યાગ કર્યો છે આખા રાગાદિ વિકલ્પ(નો). જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો પણ દૃષ્ટિમાં ત્યાગ છે. આવી ત્યાગ અને ગ્રહણની દૃષ્ટિ(ની ખબર ન મળે). અહીં ત્યાગ-ગ્રહણ કીધું ને? હેય-ઉપાદેય કીધું હતું ને? હેય-ઉપાદેય શબ્દમાં અંદરમાં આટલું પડ્યું છે, હોં! સમજાણું કાંઈ?

અંતરમાં... પ્રભુ અંતરમાં બિરાજે છે અને એનું સાધન પણ રાગથી દૂર (એવું) અંદર સાધન નજીક છે. અંતરમાં એકાગ્ર થવું તે એનું સાધન છે. હવે આવા સાધનને અને આવા સાધનના ધ્યેયને ન જાણે, એને આ હેય અને આ ઉપાદેય તો જ્ઞાનમાં વર્તતું નથી. એટલે એને આત્માનો ત્યાગ વર્તે છે પણ રાગનો ત્યાગ દૃષ્ટિમાં નથી. ધર્મીજીવ ગૃહસ્થાશ્રમમાં પડ્યા, છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં (હોય)... સમજાણું કાંઈ? છન્નુ હજાર સ્ત્રીના ભોગમાં પડ્યો હોય. સમકિતી છન્નુ હજાર પદમણી જેવી સ્ત્રીના ભોગમાં (હોય), એ ભોગને કાળે પણ અંદર દૃષ્ટિમાં (તેનો) ત્યાગ વર્તે છે. મારો આનંદપ્રભુ મારી પાસે છે. અરે..રે...! આ સમાધાન થતું નથી એટલે રાગ આવે છે. એ અસ્થિરતાને હેય તરીકે જાણે છે અને આખો ભગવાન આનંદમૂર્તિ તેને ઉપાદેય તરીકે જાણે છે. અને બીજે જ ક્ષણે ધ્યાનમાં આવી જાય તો અતીન્દ્રિય આનંદનું ધ્યાન પણ કરી લે. આહાહા..! સમજાણું કાંઈ?

એક કોર આમ ભોગની વાસનાના વિકલ્પમાં દોરાય ગયો હતો, છતાં અંદર દોર તો પડ્યો છે, અંદર દોર પડ્યો છે આત્મા ઉપર. આ ભગવાનઆત્મા મારો સચ્ચિદાનંદ પ્રભુ, એ જ મારે આદરણીય છે. સમજાણું કાંઈ? એવા સ્વરૂપમાં ગૃહસ્થાશ્રમમાં પણ સ્વસ્વરૂપ આખું છે એને કોઈ કેમ આદરણીય નથી કરી શકતો? એમ કહે (છે). એ તો પોતાના સ્વરૂપનું એનું માહાત્મ્ય નથી એટલે વિકાર અને પરના માહાત્મ્યમાં એની નજરું ગઈ છે તેથી મિથ્યાત્વમાં પડેલો અનાદિથી પરનું માહાત્મ્ય કરે છે. પણ જ્યાં સ્વના માહાત્મ્ય ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં આવ્યા, આ ભગવાન એક જ મારો અખંડાનંદ પ્રભુ, એ મારે

www.vitragvani.com



ઠરવાનું સ્થાન, વિશ્રામનું ધામ, એ ઠરવાનું સ્થાન, વિશ્રામનું સ્થાન હોય તો આત્મા છે. એમ જેણે અંતર દૃષ્ટિ અને જ્ઞાનમાં નિર્ણય કર્યો એણે આખો રાગાદિ (ભાવ), જે ભાવે પૂજા, ભક્તિ થાય એ ભાવને પણ ત્યાગબુદ્ધિએ દેખે છે. આદરબુદ્ધિએ દેખતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, ભઈ! ઘણો વખત થઈ ગયો, હોં! આટલામાં ચાલીસ મિનિટ થઈ.

અહીં તો કહે છે, પ્રભુ! તું છો કે નહિ? છો તો કેવડો છો? અનંતા ગુણનો દરિયો છો, જ્ઞાનસ્વરૂપે ભરિયો છો, આનંદનો તું કંદ છો, વીર્યની તું કાતળી છો, શાંતિનો તું સાગર છો, અનંત પુરુષાર્થના વીર્યથી ભરેલો પદાર્થ છો, સ્વચ્છતાનું ધામ છો, પ્રભુત્વના પરમેશ્વરના અનેક એવા અનંત ગુણમાં, એક એક ગુણમાં પ્રભુતાથી ભરેલો એ પ્રભુ તું છો. સમજાણું કાંઈ? આવા પ્રભુત્વથી ભરેલા ભગવાનને જેણે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં શ્રદ્ધા, જ્ઞાનમાં જેણે સ્વીકાર કર્યો એ અનંતકાળથી જેનો ત્યાગ વર્તતો (હતો) તેને ગ્રહણ કર્યો. અને અનંતકાળથી રાગાદિ, પુણ્યાદિના પરિણામને ગ્રહણ કરવાયોગ્ય માનતો હતો તેના ત્યાગમાં વર્ત્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'अणुदिणु झायहि' પાછું 'झायहि' શબ્દ છે ને? જિનેન્દ્રદેવનું ધ્યાન કરે છે. એટલે? શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન તો નિરંતર છે પણ કોઈ વખતે ધ્યાનમાં પણ અંદર સ્થિર થઈ જાય છે. જુઓ! આ ગૃહસ્થીને ધ્યાન કીધું. 'अणुदिणु झायहि' ઓલા કહે, ગૃહસ્થીને ન હોય. અહીં જુઓ (શું કહે છે?). 'गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति। अणुदिणु झायहि' રાત-દિન એની પરિણતિ શુદ્ધ વર્તતી હોય છે. શુદ્ધ આત્મા, પૂર્ણાનંદનો આત્મા એ ભગવાન સ્વરૂપે પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાનની શુદ્ધ પરિણતિ એટલે અવસ્થા કાયમ વર્તે અને કોઈ વખતે ધ્યાન પણ નિર્વિકલ્પ થઈ જાય. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ગૃહસ્થાશ્રમમાં પણ ક્યાં આત્મા ફીટીને ગૃહસ્થાશ્રમમાં વિકારમય થઈ ગયો છે? ગૃહસ્થાશ્રમમાં રહેલો આત્મા ક્યાં જડ અને શરીરરૂપે થઈ ગયો છે? તો જે રૂપે થયો નથી તેનો ત્યાગ શું કરવો? હવે રાગરૂપે જરી પર્યાયમાં વિકારપણે થયો છે, એ વિકારથી (ભિન્ન) ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ થતાં, (એ) વિકાર પણ હું નથી એમ દૃષ્ટિ થતાં એમાં વિકારનો દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે. સમજાણું કાંઈ? અને એને ધ્યાન વર્તે છે. ગૃહસ્થાશ્રમમાં પણ ધ્યાન (વર્તે છે). જેને લક્ષમાં લીધો છે, જેનો આદર કર્યો છે, એમાં વારંવાર ઠરવાની નિર્વિકલ્પતા, ધ્યાન પણ એને આવે છે. કેમકે એ પ્રયોગ છે. સામાયિકમાં.. આ સામાયિક લોકોની નહિ, હોં! સ્વરૂપ શુદ્ધ છે એવો અનુભવ થઈને દૃષ્ટિ, જ્ઞાન થયા તો સામાયિકમાં પ્રયોગ કરે છે કે, હું પરમાત્મા છું તો પર્યાયમાં ઉપયોગમાં રહી શકું છું કે નહિ? એનો અજમાયશ અને પ્રયોગ એનું નામ સામાયિક છે અને એ દરરોજની. અને પંદર દિ'એ મહિને પૌષધ એકદમ ચોવીસ કલાકમાં પ્રયોગ કરે કે આત્મા ત્યાં રહી શકે છે કે નહિ? અંદર સ્વરૂપમાં કેટલો (રહી શકે છે)? એની અજમાયશનો પ્રયોગ તેને પૌષધ કહે છે. એ..

www.vitragvani.com



'ભગવાનભાઈ'! હૈં? આ વાત છે. સામાયિક, પૌષધ અને છેલ્લે સંથારો. એ પછી દેહના ત્યાગ કાળે નિર્વિકલ્પમાં આનંદમાં હું ક્યાં રહી શકું છું? તેટલો ભવના અભાવના કાળે ભવના અભાવની ચીજમાં સ્થિરતા કેટલી રહે છે? એટલો પ્રયોગ કરવો તેને સમાધિમરણ કહે છે. સમજાણું કાંઈ? આજે તો બધું ગૃહસ્થાશ્રમનું આવ્યું, હોં! આહાહા..! એ.. 'વજુભાઈ'! આ માળા રાડ્યું પાડે છે ને એટલે.

'गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति' પ્રભુ! તું ક્યાં ખોવાઈ ગયો છો કે જેથી તને હાથ ન આવે. આહાહા..! ભગવાન આખો આત્મા, ચૈતન્યના તેજના પૂરના નૂરથી ભરેલો એવું ચૈતન્યતત્ત્વ ઇ ક્યાં ગયું છે પ્રભુ! કે તારી નજર ત્યાં પડતી નથી? નજર ત્યાં પડતાં એ ચૈતન્યના પૂરનો આદર થતાં એને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે, તે કાળે ગૃહસ્થાશ્રમમાં આ દયા, દાન, વ્રતાદિના પરિણામ ઊઠે તેનો એ દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે. સમજાણું કાંઈ?

ધર્મીજીવને આત્માના શુદ્ધ પરમાનંદના આદરમાં રાગ છતો (હોવા છતાં) સ્વભાવમાં અછતો કહ્યો છે. અજ્ઞાનીને રાગ ને પુણ્યના આદરમાં ભગવાન છતો ત્રિકાળનાથ બિરાજે (છે) તેને અછતો કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'મનસુખભાઈ'! કહો, હવે ગૃહસ્થાશ્રમમાં ધર્મ થઈ શકે કે નહિ? કે, ત્યાગી થાય, બાવા થાય ત્યારે થાય? અરે..! તને ખબર નથી, આત્મા બાવો જ છે. એના સ્વરૂપમાં ક્યો રજકણ પેસી ગયો છે એક્કે? એક્કે રજકણ. પછી આ તો રાગની પર્યાય છે. પણ એક રજકણ, શરીર, વાણી, મનનો કોઈ રજકણ આત્મામાં છે? રજકણ આત્મારૂપે થયો છે? અને આત્મા ગમે એટલો પ્રયત્ન કરે તો રજકણને આત્મારૂપે કરી શકે? કહો. અને રજકણો ગમે એટલા અંદર પલટે તો આત્મારૂપે થઈ શકે? હવે રહ્યો, રાગ. હવે રહ્યો અંદર પુણ્ય અને પાપનો રાગ. એ તો કૃત્રિમ મેલ, ક્ષણિક મેલ છે. એ પૂર્ણાનંદમાં એ મેલ પેસી જાય? અને નિર્મળાનંદ ભગવાન એ મેલરૂપે થઈ જાય? સમજાણું કાંઈ?

શુભ અને અશુભ રાગ જે છે, એ બેય મેલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ શુભરાગ એ મેલ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, એ અશુભરાગરૂપી મેલ છે. એ ભગવાન, એ મેલની પાછળ નિર્મળાનંદ પ્રભુ બિરાજે છે. એ નિર્મળાનંદનો નાથ એ મેલરૂપે થાય? અને મેલનો કણ તે નિર્મળાનંદ, પૂર્ણાનંદમાં પેસી જાય? આહાહા..! એ.. 'રતીભાઈ'! એમ ને એમ ગાડું હંકાવે રાખ્યું છે, અંધારે.. અંધારે. શું આત્મા? શું માર્ગ? ક્યાં કરવો? ક્યાં છોડવું? શું છોડવું? કંઈ વિવેક ન મળે અને કહે કે, અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ધૂળમાંય ધર્મ નથી.

હવે શું કહે છે? 'लहु णिव्वाणु लहंति' અહીં તો હજી ગૃહસ્થાશ્રમનું વજન આપે છે. અહીં ગૃહસ્થાશ્રમની વાત ચાલે છે ને? 'गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति। अणुदिणु झायहि देउ जिणु लहु णिव्वाणु लहंति।।' અલ્પકાળમાં એ ગૃહસ્થાશ્રમમાં રહેલા આત્મજ્ઞાની–

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મી આત્માના ઉપાદેયને જાણનારા, રાગાદિને હેયને જાણનારા એ અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપી નિર્વાણને પ્રાપ્ત કરશે. ગૃહસ્થાશ્રમમાં રહેલા કરશે, એમ કહે છે. આહાહા..! હેં? કહો, સમજાણું? એ અઢારમી (ગાથા પૂરી) થઈ.

એક 'તપ'નો શબ્દ લેવો છે. ઓલા છ બોલ છે ને? છ છે ને? શ્રાવકના કર્તવ્ય. દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, સંયમ ને તપ. એમાં સ્વાધ્યાયમાં 'તત્ત્વજ્ઞાનપૂર્ણ આધ્યાત્મિક શાસ્ત્રો વાંચવા,..' એ લખ્યું. અને તપમાં 'પ્રાતઃકાળે અને સંધ્યાકાળે થોડા સમય સુધી આત્મધ્યાનનો અભ્યાસ કરવો,...' એને તપ કહેવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં તપનું કર્તવ્ય. ગૃહસ્થાશ્રમમાં તપનું કર્તવ્ય એટલે શું? સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને માટે સમકિતી જીવને ષટ્ કર્મના શુભરાગભાવ હંમેશાં આવે છે, એમ ત્યાં શાસ્ત્રમાં વર્ણન છે. દેવપૂજા, ગુરુસેવા.. સમજાણું કાંઈ? સ્વાધ્યાય, સંયમ, તપ ને દાન. તો કહે છે કે, તપ કરે એટલે શું? કે, હંમેશાં જરી ધ્યાનનો પ્રયોગ કરે. વિકલ્પથી પહેલો વિચાર કરે. એ વ્યવહાર ષટ્કર્મ થયું અને અંદરમાં એકાગ્ર થાય. અંદર ધ્યાનનો પ્રયોગ કરે. ગૃહસ્થાશ્રમમાં રહેલો સમકિતી અંતર આનંદના ધ્યાનનો પ્રયોગ કરી અને અતીન્દ્રિય આનંદનું વેદન કરે એ નિશ્ચય આવશ્યક કર્મ થયું. અને હું ધ્યાન કરું એવો વિકલ્પ ઊઠ્યો તો તે વ્યવહાર ષટ્કર્મ થયું. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, એ વાત થઈ. પછી તો ઘણું લાંબુ કર્યું છે, હોં! હવે ૧૯ ગાથા.

---

## જિનેન્દ્રનું સ્મરણ પરમ પદનું કારણ છે.

**जिण सुमिरहु जिण चिंतवहु जिण झायहु सुमणेण।**
**सो झाहंतह परमपउ लब्भइ एक्कखणेण।।१९।।**

**જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;**
**તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯.**

**અન્વયાર્થ :–** (**सुमणेण**) શુદ્ધ ભાવથી (**जिण सुमिरहु**) જિનેન્દ્રનું સ્મરણ કરો, (**जिण चिंतवहु**) જિનેન્દ્રનું ચિંતવન કરો, (**जिण झायहु**) જિનેન્દ્રનું ધ્યાન કરો. (**सो झाहंतह**) એવું ધ્યાન કરવાથી (**एक्कखणेण**) એક ક્ષણમાં (**परमपउ लब्भइ**) પરમપદ પ્રાપ્ત થઈ જાય છે.

---

'જિનેન્દ્રનું સ્મરણ પરમ પદનું કારણ છે.'૧૯, ૧૯.

**जिण सुमिरहु जिण चिंतवहु जिण झायहु सुमणेण।**
**सो झाहंतह परमपउ लब्भइ एक्कखणेण।।१९।।**

હે આત્મા! વીતરાગ પરમેશ્વર અને તારો આત્મા, બેના સ્વભાવમાં કાંઈ ફેર નથી.

www.vitragvani.com



પર્યાય-અવસ્થામાં, હાલતમાં, દશામાં (ફેર છે). ભગવાનની દશા પૂર્ણ નિર્મળ થઈ ગઈ, તારી દશામાં રાગનો મેલ છે, પણ વસ્તુના સ્વભાવમાં અને ભગવાનના સ્વભાવમાં કાંઈ ફેર નથી. આહાહા..! તો કહે છે, 'શુદ્ધ ભાવથી...' જુઓ! 'सुमणेण'નો અર્થ કર્યો. 'શુદ્ધ ભાવથી જિનેન્દ્રનું સ્મરણ કરો,...' ભગવાનઆત્મા...! જેમ સગાંવ્હાલાને યાદ કરે છે ને? પાપ કર્યું હોય તો યાદ કરે છે કે નહિ? પુણ્ય કર્યું હોય તો યાદ કરે છે કે નહિ? કોઈની સાથે બહુ સ્નેહ થયો હોય તો યાદ કરે છે કે નહિ? એમ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પરમેશ્વર કેવળજ્ઞાનીએ આત્મા જોયો છે, એવો જેને શ્રદ્ધા, જ્ઞાનમાં બેઠો, એવા ધર્મીજીવ એનું વારંવાર સ્મરણ કરે છે. રાગનું નહિ, નિમિત્તનું નહિ, સંયોગનું નહિ. સમજાણું કાંઈ?

'શુદ્ધ ભાવથી જિનેન્દ્રનું સ્મરણ કરો,...' જિનેન્દ્ર એટલે આત્મા, હોં! આહાહા..! એ ગાથામાં આવે છે. એ તો કહેવા ઇ માગે છે, ન્યાં ક્યાં પરની વાત છે? જિનેન્દ્ર ભગવાનઆત્મા, એનો સ્વભાવ વીતરાગનો ઇન્દ્ર ઈશ્વર છે. વીતરાગી ઈશ્વર આત્મા. કેમ બેસે? રાંકો થઈને બેઠો, એક બીડી વિના ચાલે નહિ, સરખી અડદની દાળ હદડી ન થઈ હોય તો ચાલે નહિ, હેં? એક આબરૂમાં જરી થોડી ખામી આવે તો હં.. થઈ જાય. 'રતીભાઈ'! હેં? આમ થઈ જાય, નિરાશ થઈ જાય. અરે..! ધક્કો લાગી ગયો, આબરૂમાં ધક્કો (લાગી ગયો). પણ મોટી આબરૂમાં ધક્કો લાગ્યો છે અનાદિનો.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જિનવર સરખો આત્મા, આ એને રાગવાળો માનવો મોટું કલંક લાગ્યું છે તને. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! લખ્યું છે એણે, હોં! 'જિનેન્દ્રના સ્વભાવમાં અને પોતાના આત્માના મૂળ સ્વભાવમાં કોઈ જાતનું અંતર નથી.' 'જિન ચિંતવો...' ચિંતવન કરો. ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર છે. એનું ચિંતવન કર ને! આ રાગ ને દયા, દાન, વ્રતાદિના વિકલ્પ છે એ તો છોડવા લાયક છે. એને વારંવાર યાદ શું કરવા કરે છે? આવે તોય યાદ શું કરવા કરે છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

જિનેન્દ્ર પ્રભુ આત્મા... કેમકે દરેક ગુણ વીતરાગ સ્વભાવના ઈશ્વરવાળા ગુણો છે. એવો જિનેન્દ્ર પ્રભુ આત્મા, સાક્ષાત્ વસ્તુ તરીકે છે. એની દશામાં પ્રગટતા કરવા માટે એવા જિનેન્દ્ર ભગવાનનું એકાગ્ર થઈને ધ્યાન કરવું એ પ્રગટ જિનેન્દ્ર થવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? બીજો જિનેન્દ્ર ભગવાન આપી દેતા નથી, હોં! કોઈ કર્તા નથી તે આપી દ્યે. આહાહા..! ઇ પરઈશ્વર પાસે તારું ઈશ્વરપણું નથી પડ્યું. તારું ઈશ્વરપણું તારામાં પડ્યું છે અંદર. જ્ઞાનઈશ્વર, દર્શનઈશ્વર, આનંદઈશ્વર, સ્વચ્છતાઈશ્વર, પ્રભુતાઈશ્વર, અસ્તિત્વઈશ્વર, વસ્તુત્વઈશ્વર એવા અનંતા ઈશ્વરનો ધણી આત્મા છે. શી રીતે એને (બેસે)? કોઈ દિ' આત્મા શું એની ખબર ન મળે અને આ કરો, આ કરો, આ કરો. પૂજા કરો, ભક્તિ કરો, દયા કરો ને દાન કરો. થઈ જશે ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને હવે. એ તો રાગની મંદતા હોય તો કંઈક પુણ્ય બાંધે અને ચાર ગતિમાં ચોરાશીના ધોકા ખાશે. 'શાંતિભાઈ'! આહાહા..!

www.vitragvani.com



પરમેશ્વર ઘરે બિરાજે અને એનો આદર ન કરે અને એક વાઘરણ આમ સડેલા રોગવાળી હોય એનો આદર કરે, આવ.. આવ.. આવ. ભગવાન બિરાજે. આમ બે ચીજ સામે છે. એક પરમાત્મા બિરાજતા હોય. આહાહા..! 'ઋષભદેવ' લ્યોને! છ મહિના અને બાર મહિને આહાર લેવા આવ્યા ને? 'શ્રેયાંસકુમાર'ને ઘરે. આહાહા..! પ્રભુ! પધારો.. પધારો.. પધારો. અમારા આંગણા ઉજળા (છે). એ વખતે કોઈક વાઘરણ (નીકળે), હલકા ક્ષય રોગવાળી અને સોળ રોગવાળી બાઈ આવી હોય એનો આદર કરે.

એમ ભગવાન ત્રણલોકનો નાથ પરમાત્મા પોતે સમીપમાં પોતે બિરાજે છે. એનો આદર ન કરતાં પુણ્ય ને પાપ, ભિખારી જેવા મેલ વિકાર ને ધૂળ આ શરીરાદિ, એનો સત્કાર કરે એ તે કાંઈ વિવેકી કહેવાય નહિ. સમજાણું કાંઈ?

'જિન સમરો,...' સ્મરણ કરો એટલે એને વારંવાર યાદ કરો. આહાહા..! એ તો પહેલો ભાળ્યો છે ને! ભાળ્યા વિના શું (યાદ કરે)? ભગવાન શુદ્ધ ચૈતન્ય છે, પુણ્ય-પાપના રાગ તે મેલ છે, શરીરાદિ ક્રિયાઓ, આ જડની, માટીની–ધૂળની એમ જેને પહેલો વિવેક સમ્યગ્જ્ઞાનમાં પ્રગટ્યો છે, દર્શન કર્યું, ધારણા થઈ છે એમાંથી સ્મરણ કરે છે, એમાંથી યાદ કરે છે. શું સમજાણું આમાં? આ સ્મરણ એટલે શું? આ જાતિસ્મરણ, એનો અર્થ શું છે? ઇ પૂર્વે ધાર્યું હતું એમાંથી યાદ આવવું. એમ આ આત્માને પહેલો ધાર્યો હતો કે, આ પવિત્ર અને શુદ્ધ છે, વિકાર વિનાનો છે. એવું શ્રદ્ધા ને જ્ઞાનમાં ધાર્યું હતું એને વારંવાર યાદ કરવું એને આત્માનું સ્મરણ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

વીસ વર્ષનો છોકરો આમ બે વર્ષના પરણેતરે મરી ગયો હોય તો પછી એની મા એવી રોવે.. એ.. દીકરા! ક્યાં ગયો? એક મા તો એની પાછળ મરી ગઈ. છ મહિનાના પરણેતરે છોકરો મરી ગયો. ગૃહસ્થ માણસ, દસ લાખના રૂપિયાના આસામી. એની મા છ મહિનાના (પરણેતરે) ઓલો મરી ગયો એટલે રોઈ રોઈ મરી ગઈ. આખો દિ' યાદ કરે. એનો ધણી કહે, પણ શું કામ (રોવે છે)? હવે ગયો, પૈસા છે, ખાવાનું સાધન છે અને બીજો છોકરો આપણે છે. પણ એ બારણું બંધ કરીને અંદર ખાટલામાં રોતી જ હોય. જો કોઈ જોવા જાય (તો) હિબકે હિબકે રોતી હોય. ઇ યાદ કરે, એમ મારું કહેવું છે. એને યાદ કરે. આનું નામ સ્મરણ. હોળી માંડી આની.

આ ભગવાન ચિદાનંદ પ્રભુ નજીકમાં બિરાજે છે ને આનંદનો કંદ પ્રભુ, એના સ્મરણ કર ને વારંવાર! ઓલી હોળીના સ્મરણ કર્યે આવે એવું છે? આનું સ્મરણ કર્યે પ્રગટ થાય એવો છે. 'પ્રવીણભાઈ'! હેં? આ તો બધા ભાવો ભઈ અંદર ઘણા ભર્યા હોય, થોડા થોડા આવે. આ તો આચાર્યોના શબ્દો છે ને! એકદમ માર્મિક છે ને!

વીતરાગભાવને યાદ કર, એમ કહે છે. લ્યો! બીજી લીટી. આ અંદર રાગ ને પુણ્યભાવના આવે એને યાદ ન કર, છોડી દે લક્ષમાંથી. એ યાદ કરવા જેવા નથી. ઝેરને યાદ કરવા

www.vitragvani.com



જેવા નથી. પુણ્ય-પાપના ભાવ એ યાદ કરવા જેવા નથી. આહાહા..! ભગવાનઆત્મા પવિત્રનું ધામ પ્રભુ તે યાદ કરવા જેવું છે, સ્મરણ કરવા જેવું છે. એનું સ્મરણ તને હિતનું કારણ છે. સમજાય છે કાંઈ? 'ચિંતવન કરો,...' બીજો શબ્દ છે ઇ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્ઞાયકસ્વભાવ સમજે તો ક્રમબદ્ધપર્યાય સમજાય!

જુઓ, આમાં જ્ઞાયકસ્વભાવ તરફથી લેવાનું છે. જ્ઞાયક તરફથી લ્યે તો જ આ ક્રમબદ્ધપર્યાયની વાત યથાર્થ સમજાય તેવી છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્માને માટે સમજવા માંગતો હોય તેને આ વાત યથાર્થ સમજાય તેવી છે. બીજા ધીઠાઈવાળા જીવો તો આ સમજ્યા વિના ઊંધું લ્યે છે ને જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધપર્યાયના નામે પોતાના સ્વછંદને પોષે છે. જેને જ્ઞાનની શ્રદ્ધા નથી, કેવળીની પ્રતીત નથી, અંતરમાં વૈરાગ્ય નથી, કષાયની મંદતા પણ નથી, સ્વછંદતા છૂટી નથી ને ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે છે એવા ધીઠ-સ્વછંદી જીવની અહીં વાત નથી. આ ક્રમબદ્ધપર્યાય સમજે તેને સ્વછંદ રહે જ નહિ, તે તો જ્ઞાયક થઈ જાય. ભગવાન! ક્રમબદ્ધપર્યાય સમજાવીને અમે તો તને તારા જ્ઞાયક આત્માનો નિર્ણય કરાવવા માંગીએ છીએ અને આત્મા પરનો અકર્તા છે એ બતાવવા માંગીએ છીએ. જો તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય ન કર તો તું ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

જીવ ને અજીવ બધા પદાર્થોની ત્રણેકાળની પર્યાયો ક્રમબદ્ધ છે, તે બધાને જાણ્યું કોણે?-સર્વજ્ઞદેવે.

'સર્વજ્ઞદેવે આમ જાણ્યું' એમ સર્વજ્ઞતાનો નિર્ણય કોણે કર્યો?-પોતાની જ્ઞાનપર્યાયે.

વર્તમાન જ્ઞાનપર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તેણે સર્વજ્ઞતાનો નિર્ણય કોની સામે જોઈને કર્યો?-જ્ઞાનસ્વભાવની સામે જોઈને તે નિર્ણય કર્યો છે.

આ રીતે જે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ કરે છે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે અને તે જીવ પરનો ને રાગનો અકર્તા થઈને જ્ઞાયકભાવનો જ કર્તા થાય છે. આવા જીવને જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પુરુષાર્થ, સ્વકાળ વગેરે પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૧૧, મંગળવાર
## તા. ૧૪-૦૬-૧૯૬૬
## ગાથા–૧૯, ૨૦. પ્રવચન નં. ૮

'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગસાર' એટલે શું? 'યોગસાર' છે ને? આત્માનું હિત જેમાંથી પ્રગટ થાય એવો આત્મા, એની અંદરની એકાગ્રતાનો ભાવ, એને અહીંયાં 'યોગસાર' કહે છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે, એની એકાગ્રતા, વસ્તુના સ્વભાવમાં એકાગ્રતા, એને અહીંયાં યોગ કહે છે. યોગનો એ સાર છે કે, વીતરાગતા પ્રગટ કરવી અને વીતરાગતા પ્રગટ કરીને પૂર્ણ આનંદ મુક્તિરૂપી દશા પ્રાપ્ત થાય એવા ભાવને 'યોગસાર' કહે છે. સમજાણું કાંઈ?

**जिण सुमिरहु जिण चिंतवहु जिण झायहु सुमणेण।**
**सो झाहंतह परमपउ लब्भइ एक्कखणेण।।१९।।**

'શુદ્ધ ભાવથી જિનેન્દ્રનું સ્મરણ કરો,...' એટલે શું? જિનેન્દ્ર એટલે વીતરાગ પરમાત્મા, જે પૂર્ણ સિદ્ધ ભગવાન થઈ ગયા, એવો જ આ આત્મા જિનેન્દ્ર સ્વરૂપે છે. જિનેન્દ્રનું સ્મરણ કરવું એટલે? એ વીતરાગસ્વરૂપે પૂર્ણ પદની પ્રાપ્તિમાં પહોંચી ગયા, એવું જ મારું જિનેન્દ્રનું અંતર સ્વરૂપ છે. જો એવું સ્વરૂપ ન હોય તો પર્યાયમાં જિનેન્દ્રતા, વીતરાગતા, પૂર્ણ નિર્દોષતા પરમાત્માએ પ્રાપ્ત કરી એ ક્યાંથી આવી?

મુમુક્ષુ :– એવો વિચાર કરવાનો?

ઉત્તર :– રખડવું ન હોય તો વિચાર કરવો. હેં? આહાહા..!

કહે છે કે, 'શુદ્ધ ભાવથી...' એટલે કે હું એક આત્મા વીતરાગી રાગ વિનાની દશા દ્વારા ભગવાનઆત્માનું સ્મરણ કરું (છું), એનું નામ જિનેન્દ્રનું સ્મરણ છે. સમજાય છે કાંઈ? નિમિત્તનો સંગ્રહ કે રાગનો આશ્રય, એ જિનેન્દ્રનું સ્મરણ નથી, એ વિકારનું સ્મરણ છે. સમજાય છે કાંઈ? સંયોગોને સંગ્રહવું કે રાગને હું રાખું એ બધો વિકારીભાવ, એ વિકારનું સ્મરણ છે.

મુમુક્ષુ :– નિમિત્તને શોધવું ઈ (વિકારનું સ્મરણ) ?

ઉત્તર :– સંગ્રહ કરવો, એને ભેગા કરું. મને કાંઈક લાભ મળે. એ તો વિકારનું સ્મરણ છે. એમાં ક્યાં નિમિત્તનું હતું? સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપનો રાગ આવે, એનું સ્મરણ એનો અર્થ કે સદોષતાને સ્મરણ કરવું. એમાં તો જિનેન્દ્રથી વિરુદ્ધ વિકારભાવને સ્મરણમાં કર્યો એ તો સંસાર અનાદિનો છે ઇ છે.

મુમુક્ષુ :– એના શુભભાવથી તો ક્ષાયિક સમ્યગ્દર્શન થાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– ધૂળમાંય થાતું નથી, હવે એને બિચારાને શું કહેવું? એની લાઈન અત્યારે એવી થઈ ગઈ છે. ઓહો! મોટી જવાબદારી હોય છે. જીવ કેટલી જવાબદારી વ્હોરે છે, જુઓને! ઓહોહો..! જુઓને કાલે આવ્યો હતો ને? હું તીર્થંકર છું, તીર્થંકર. ધર્મનો.. હેં?

મુમુક્ષુ :– બહારવટિયો..

ઉત્તર :– બહારવટિયો શું પણ પૂરો વિરોધી. ઓહોહો..! બોલતો હતો, નવો ધર્મ મારે (કાઢવો છે). આખી દુનિયામાં જે ધર્મ છે એમાંથી કાંઈક નવું કાઢું. એટલી દશા ગુંલાટ મારી નાખે જીવને. મેં કીધું, આ થોડું પુણ્ય છે એ બળી જશે, હોં! આહાહા..! પણ કેમ સૂઝે? ભાઈ! શરીર કાંઈક ઠીક હોય, વાણીનું કાંઈક જોર હોય, ઉઘાડમાં કાંઈક વીર્ય અને જ્ઞાનનો ક્ષયોપશમ દેખાતો હોય તો કહે, હું જ પરમેશ્વર છું. પરમેશ્વર બીજો કોણ? એમ. ઓલા સર્વજ્ઞ પરમેશ્વર અને જિનેન્દ્ર છે એની કબુલાત કરે ક્યાંથી? પૂર્ણ સર્વજ્ઞ પરમેશ્વર જગતમાં છે, વીતરાગ પર્યાયે પ્રાપ્ત પરમાત્મા છે એનું, એ સત્તાનો સ્વીકાર શી રીતે કરવો? અમારે તો આ રાગ ને આ ક્રિયા, બસ! બીજાને જમાડવું, આ કરવું, આ કરવું.. એ બધો અમારો ધર્મ, જાઓ! આહાહા!

અહીં કહે છે, ભાઈ! જે કોઈ જીવને સુખી થવું હોય અર્થાત્ જેને સ્વતંત્ર થવું હોય તો એણે તો જિનેન્દ્રનું સ્મરણ કરવું. એટલે કે જિનેન્દ્ર સમાન મારો સ્વભાવ છે એનું સ્મરણ કરવું. એ સ્મરણ ક્યારે કરી શકે? પહેલા નિર્ણય અને ધારણા કરી હોય તો. શું કહ્યું? જિનેન્દ્રનું સ્મરણ કોણ કરી શકે? હું પોતે ભગવાન પરિપૂર્ણ પરમાત્મા હું પોતે છું. મારા સ્વભાવમાં પૂર્ણાનંદ અને પૂર્ણ નિર્દોષતા પડી છે. એવો જેને શ્રદ્ધામાં, ધારણામાં પહેલું આવ્યું હોય એ સ્મરણ કરી શકે. શું કીધું?

જેનો જેને પ્રેમ હોય તે તેને સ્મરે. હેં? લગ્નના વખતમાં પણ (એમ બોલે), આ એક બેન ન આવ્યા, મોટા બેન ન પોગ્યા. આવો લગ્નનો પ્રસંગ, એ ન પોગ્યા, ભાણ્યા ન પોગ્યા. એમ એનો ઓરતો કરે. હેં? એમ જેનો પ્રેમ છે તેને યાદ કરે. તો પહેલો આત્મા શુદ્ધ પરિપૂર્ણ અખંડ પરમાત્માનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે. એમ જેને નિર્ણયમાં પ્રેમ જાગ્યો હોય એ એને વારંવાર સ્મરણ કરે. સમજાણું કાંઈ? વાત જરી એવી છે, ભાઈ!

એનો અર્થ ઈ કે, આત્મા જિનેન્દ્રસ્વરૂપ (છે). જિનેન્દ્રની પર્યાય થાય છે ને? જિનેન્દ્ર એ પર્યાયપણે–અવસ્થાપણે પૂર્ણ થયા એ સિદ્ધ કહો કે અરિહંત કહો. હવે એ દશા પૂર્ણ નિર્દોષ થઈ એ પરમાત્મા, આત્માની દશા છે. તો એ આત્માની પૂર્ણ અનંત ગુણની નિર્મળ દશા આવી ક્યાંથી? એ આત્મામાંથી આવી. કોઈ રાગની ક્રિયાથી, સંયોગના સાધનથી આવી નથી. એમ જેણે નિર્ણય કર્યો કે, આવા પરમાત્મા હોય એને નિર્ણય એવો આવે કે હું પોતે વસ્તુએ પરમાત્મા છું. સમજાણું કાંઈ?

મારું સ્વરૂપ જ વીતરાગ બિંબ છે. વસ્તુમાં સદોષતાનો અંશ નથી, અપૂર્ણતા નથી.

www.vitragvani.com



એવી મારી ચીજ છે, ચીજ છે, વસ્તુ છે. એવો જેણે નિર્ણય કરીને જ્ઞાનમાં ધારણા, જ્ઞાનમાં ધારણા (કરી), આ અનુભવ કરીને આ ચીજ આવી છે, એમ જેનું જ્ઞાન કરીને ધારણા કરી હોય એને વારંવાર સ્મરણમાં આવે. સમજાણું કાંઈ?

જુઓને આ સંસારના સડકા આવે છે કે નહિ? રળવાના, ભોગના, આબરૂના. કેમકે અજ્ઞાનમાં, મૂઢતામાં એનો પ્રેમ છે. વારંવાર (યાદ કરે). હવે છે એમાં દુઃખના ડાળિયા, ચાર ગતિમાં રખડવું.

મુમુક્ષુ :– અત્યારે તો મજા છે ને?

ઉત્તર :– ધૂળમાંય મજા નથી, અત્યારે દુઃખી છે. કષાયના, રાગના અને કષાયના કણમાં દુઃખી છે, ચકરાવે ચડ્યો છે. હોંશ કેટલી પ્રેમ છે તો! આમ રળવું, આમ કમાવું આમ ખાવું, આમ બાયડી-છોકરા, આમ પરણવું. આ છોકરાને પરણાવું... આહા..! એકલી હોળી છે. એકલા દુઃખની ઘાણીમાં પીલાય છે. સાચું હશે? 'રતીભાઈ'!

અહીં તો બીજું કહેવું છે, જેનો જેને પ્રેમ (હોય) તેને તે વારંવાર સંભાર્યા કરે. કારણ કે તેનું તેને ઉલ્લસિત વીર્ય કામ કરે છે, વીર્ય પરમાં કાંઈ કામ કરતું નથી. પણ ઉલ્લસિત વીર્ય (હોય), આમ વીર્ય ઉલ્લાસમાં (હોય). આહા..! મેં આમ કર્યું, મેં આમ કર્યું, હું આમ કરું... સમજાય છે? મેં આમ રળી દીધું, પચાસ લાખ ભેગા કર્યા, એક મહિનામાં પચાસ લાખ પેદા કર્યા. એ..ઇ...! એને–'પારેખ'ને કહીએ છીએ. એમના ભાઈને યાદ કર્યા. એક મહિનામાં પચાસ લાખ. 'હરિભાઈ'ના ભાઈ છે 'કેશુભાઈ'. એક મહિનામાં પચાસ લાખ. ફાટી જાય ને પ્યાલા! દસાશ્રીમાળી વાણિયા (છે). છે ને? એમના નાના ભાઈ છે. સમજાણું કાંઈ? એમાં હોંશ કેટલી આવે! ફટ આમ નાખ્યું. બે લાખ રળ્યો. અત્યારે ભાવ વધી ગયેલો છે. બે લાખના ત્રણ લાખ થયા છે. એ ત્રણ લાખનું આ લ્યો. આમ નાખ્યું ત્યાં એનો ભાવ બીજા ફલાણા દેશમાં વધી ગયો છે. એ દેશમાં વેંચીએ તો ત્રણના પાંચ લાખ થાય. ફડાક મારું આમ વીર્ય કામ કેટલું કરે, લ્યો! મૂઢ છે. એ તો રાગનું વીર્ય છે. ત્યાં ક્યાં આત્માનું વીર્ય પૂર્ણ છે?

મુમુક્ષુ :– એવો રાગ ન કરે તો રૂપિયા ન આવે.

ઉત્તર :– ધૂળમાં, પૈસા તો આવવાના હોય તે આવે જ. રાગને લઈને પૈસા આવે છે? પણ જેનો જેને પ્રેમ (ત્યાં વીર્ય કામ કરે). 'રુચિ અનુયાયી વીર્ય'. જેની જેને રુચિ તેનું વીર્ય ત્યાં કામ કર્યા વિના રહે નહિ. તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા, તેનું વીર્ય, તેનું આચરણ, એમાં કામ કર્યા કરે. દુઃખમાં.. દુઃખમાં.. દુઃખમાં.

એમ અહીંયાં કહે છે કે, જિન સમરો. તને જેની જરૂરિયાત જણાય કે, આ આત્મા પોતે સુખી કેમ થાય? આત્માની જેને દયા આવે. સમજાણું કાંઈ? આત્માની દયા આવે. અરે...! આ આત્મા. આ અનંતકાળથી ચોરાશીના અવતારમાં ક્યાંય કોઈ શરણ નથી. ક્યાંય

www.vitragvani.com



કોઈ આધાર નથી. એકલો દુ:ખી થઈને તરફડે છે, તરફડે છે. ચોરાશીના અવતારમાં તરફડે છે, હોં! આ બધા શેઠિયા-બેઠિયા એ વિકારના દુ:ખમાં તરફડે છે. આહાહા..! કેમ હશે? 'મનસુખભાઈ'! આહાહા..! એમ એને દયા આવવી જોઈએ. અરે...! આત્મા હવે તને કંઈક સુખી થાય એમ રસ્તો લે, ભાઈ! આ બધા દુ:ખના રસ્તા (છે). એ સુખી થવાના રસ્તામાં જિનેન્દ્ર સ્વરૂપ મારું છે, એવો નિર્ણય કરવો એ સુખનું સાધન ત્યાંથી પ્રગટ થાય એવું છે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે.

'યોગસાર'. જોડવું છે ને ત્યાં? કોણ છે? કે, જિનેન્દ્રસ્વરૂપે હું છું. હું જિનેન્દ્રસ્વરૂપ ન હોઉં તો જિનેન્દ્રદશા આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ? પ્રાપ્તની પ્રાપ્તિ છે. મારી ચીજમાં જ બધી પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન જે પ્રગટ થવાના, એ બધા મારી પાસે (છે). હું પોતે પૂર્ણરૂપે પડ્યો છું. એમ જેને શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ધારણામાં ન લ્યે તો એને સ્મરણમાં ક્યાંથી આવે? શ્રદ્ધા, જ્ઞાનમાં એ પહેલું લીધું છે. સમજાય છે? એથી 'શુદ્ધ ભાવથી જિનેન્દ્રનું સ્મરણ કરો, જિનેન્દ્રનું ચિંતવન કરો,...' સ્મરણ કરીને વારંવાર એની એકાગ્રતા કરો, એમ કહે છે. સ્મરણ કરીને એનું ઘોલન કરો.

ભગવાનઆત્મા સારમાં સાર પદાર્થ. બાર અંગમાં કહેલું તત્ત્વ, બાર અંગમાં ભગવાને કહેલો પદાર્થ એ આ જિનેન્દ્ર પ્રભુ આત્મા એ સારમાં સાર છે. સમજાણું કાંઈ? આ એનું ચિંતવન કરો. સ્મૃતિ કરી પછી વારંવાર એમાં એકાગ્ર થાઓ. ભાઈ! એ વસ્તુ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એમાં ચિંતવના કરતાં સુખની, શાંતિની, મોક્ષના માર્ગની પ્રાપ્તિ થાય છે. ચિંતવન કરો એ યોગસાર છે.

'**जिण झायहु**' વિશેષ 'ધ્યાન કરો.' પછી લીન થાઓ, લીન થાઓ. વીતરાગ પરમાત્મા હું પોતે છું. એનું સ્મરણ, ચિંતવન અને ધ્યાન. એની લીનતા કે જેમાં અતીન્દ્રિય આનંદના અમૃતનો સ્વાદ આવે. સમજાય છે કાંઈ? જે આ દુ:ખનો સ્વાદ (આવે છે), ચોરાશીના અવતારમાં એકેન્દ્રિયથી માંડી, આહાહા..! ત્રસની સ્થિતિ, ત્રસમાં રહ્યો છે એ બે હજાર સાગરોપમ માંડ રહે. ત્રસની અંદર સ્થિતિ રહે તો બે હજાર સાગરોપમ રહે. સ્થિતિ પૂરી થાય એટલે લાંબી સ્થિતિએ એકેન્દ્રિયમાં જાય. સમજાણું કાંઈ? એ જિનેન્દ્ર આત્માના સ્મરણ અને ધ્યાન વિના. એ વિકારના સ્મરણ અને ધ્યાન દ્વારા ત્રસ થયો, ત્રસની સ્થિતિ પૂરી થશે (એટલે) એકેન્દ્રિયમાં નિગોદ.. નિગોદ અનંતકાળ જેમાં મનુષ્યનો અવતાર નહિ (થાય). એવા સ્થાનમાં જશે. અંતર્મુહૂર્તમાં કેટલા ભવ કરે છે ઇ! સમજાય છે? એક શ્વાસોશ્વાસમાં અઢાર ભવ. આહાહા..! સમજાણું કાંઈ? એક શ્વાસોશ્વાસમાં! આહાહા..!

કહે છે કે, જેને રાગ ને વિકારના પ્રેમ છે, એના સ્મરણ છે, એના ચિંતવન છે, એના જેને ધ્યાન છે એ તો ક્રમે ક્રમે કદાચિત્ ત્રસમાં આવ્યો હોય પણ વિશેષ જ્યાં એકાગ્રતાની ચીજ છે ત્યાં એ નિગોદમાં જશે. સમજાય છે કાંઈ? આ જિનેન્દ્રના સ્મરણવાળો, ભગવાનઆત્મા

અમૃત અતીન્દ્રિય સ્વરૂપ, મારું સ્વરૂપ જ ત્રિકાળ વીતરાગ છે. એના સ્મરણવાળો, ચિંતવનવાળો, ધ્યાનવાળો. ધ્યાન રાખજો!

'એવું ધ્યાન કરવાથી એક ક્ષણમાં પરમપદ પ્રાપ્ત થઈ જાય છે.' અજ્ઞાનીને રાગના ધ્યાનમાં ત્રસની સ્થિતિ પૂરી થઈ જશે અને એકેન્દ્રિયમાં જાશે, ત્યાં અનંતકાળ પડ્યો રહેશે. એ બંધનના ફળની ઉત્કૃષ્ટ દશા, નિગોદ દશા (છે). 'રતીભાઈ'! સમજાણું કાંઈ? મોટી જેલ. આત્મા ગુલાંટ ખાય છે. અરે... આત્મા! તું પરમાનંદ (સ્વરૂપ) છો ને આ પરિભ્રમણને પંથે ક્યાં ગયો? પરિભ્રમણના પંથનો અભાવ કરવાની તારામાં તાકાત છે. એવો તું આત્મા છો, પરમાત્માએ તેનો અભાવ કર્યો છે. પરમાત્માએ અરિહંતે ભવનો અભાવ કર્યો છે. એ આત્માના ભવના અભાવ કરવાની તાકાતવાળો તે જ હું આત્મા છું. સમજાણું કાંઈ? વાત પણ એવી કંઈ (છે).

એને 'એક ક્ષણમાં પરમપદ પ્રાપ્ત...' (થઈ જાય છે). દેખો! આહાહા..! પહેલું તો ધ્યાન કરતાં જો અલ્પકાળ રહે શ્રાવકદશામાં, મુનિદશામાં રહે તો અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય. થોડા અતીન્દ્રિય આનંદની (પ્રાપ્તિ થાય). ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનમાં પણ અંતરના ધ્યાનમાં ક્ષણવાર પણ રહે તોપણ એને જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર પોતે, એમાંથી એને આનંદની ધારા વહે. આગળ વધતાં સ્થિર થાય તો વિશેષ આનંદ શ્રાવકની દશામાં થાય. આગળ થાય તો મુનિદશામાં વિશેષ આનંદ થાય અને બરાબર લીન થઈ જાય (તો) પૂર્ણ અતીન્દ્રિય આનંદની પરમાત્મદશા પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? આહાહા..! એક ક્ષણમાં પાંચ કરોડ રૂપિયા મળ્યા હોય. એક કરોડનો બંગલો એક ક્ષણમાં કરવો હોય તો કરી શકે? હેં? આ એક ક્ષણમાં કેવળજ્ઞાનનો બંગલો પ્રગટ કરે એવો આત્મા તૈયાર છે. સમજાણું કાંઈ? હેં?

અહીં 'યોગસાર' છે. ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ, એકલી જ્ઞાનની કાતળી, જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનસૂર્ય એ વીતરાગસ્વરૂપે જ આત્મા છે. એનું ધ્યાન કરતાં, એને ધ્યેય બનાવીને લીન થતાં ક્ષણમાં, ક્ષણમાં કેવળજ્ઞાન પામે. જે સાદી અનંતકાળ રહે એવી દશા ક્ષણમાં પામે. એવું સાધન આત્મામાં છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા કેવડો અને કેમ ઇ વાત એને ઘડ બેસતી નથી, ઘડ બેસતી નથી. હેં?

કર્યું નથી, સામું જોયું નથી. એમ ને એમ અવતાર બધા એળે ગાળ્યા. 'શાંતિભાઈ'! આહાહા..! ધૂળ કરી ને આ કર્યા. બહુ તો નવરો થાય તો થોડીક લાવ, પૂજા કરીએ, એક-બે ઘડી સામાયિક કરશે. શેનો સામાયિક પણ? હજી વસ્તુ કોણ છે, ક્યાં છે, કેમાં ઠરવાનું એ તો ખબર ન મળે. તું સામાયિક ક્યાંથી લાવ્યો? સામાયિક એટલે સમતા. તો સમતાનો પિંડ પરમાત્મા પોતે વીતરાગી મૂર્તિ (છે), એવી દૃષ્ટિ થયા વિના એમાં ઠરવાની ક્રિયા થશે કઈ રીતે? સમજાણું કાંઈ? અનાદિથી રાગ ને પુણ્ય ને વિકલ્પને ભાળ્યા છે, જોયા છે, જાણ્યા છે અને આ બહારની ક્રિયા થાય છે એ જોયું છે. ન્યાં ઠરશે, ઇ તો રાગમાં ઠર્યો. ન્યાં

www.vitragvani.com



ક્યાં સામાયિક હતી? સમજાણું કાંઈ? ભગવાનની પૂજા કરી પણ ક્યો ભગવાન? એ ભગવાનની પૂજા કરી એ તો શુભભાવ, રાગ છે. આ ભગવાન વીતરાગ છે અને એ પણ વીતરાગ પરમાત્મા છે. તો વીતરાગતાની પૂજા વીતરાગભાવે થઈ શકે. સમજાણું કાંઈ? એના જાતની ભાતથી એની પૂજા થાય.

ભગવાનઆત્મા...! ત્રણ શબ્દમાં આચાર્યે સમાડી દીધું છે, લ્યો! 'सो झाहंतह' એવું જો ધ્યાન કરે. ભગવાનઆત્માને રુચિમાં લઈ, જ્ઞાનમાં એને જ્ઞેય બનાવી બીજા બધા જ્ઞાનમાં જ્ઞેય બનાવે એને છોડી દ્યે. બીજાનો, રાગનો, નિમિત્તનો વિશ્વાસ છોડી દે. ભગવાનઆત્મા વીતરાગ છું એવો વિશ્વાસ (લાવે) અને તેને જ્ઞેય બનાવીને જ્ઞાન (કરે). આ એનું સ્મરણ અને ચિંતવન (કરી) એમાં ઠરે (તો) ક્ષણમાં કેવળ પામે. આહાહા..! સમજાણું કાંઈ? તો પછી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના અંશમાં પણ સ્વરૂપમાં ઠરે તેટલો એને અમૃતનો આનંદ આવે. એ આનંદ એને આખા જગતને પ્રેમ બતાવે છે, ઓહો..! બધા પરમાત્મા છે ને! આ પરમાત્મા છે, બધા પ્રભુ છે. એની ભૂલ છે એ એક સમયમાં છે. પરમાત્મા છે એટલે કોઈ આત્મા પ્રત્યે એને વિષમભાવ થતો નથી. સમજાણું કાંઈ? એ બધા પરમાત્માના પેટ છે. બધા આત્માઓ પરમાત્મસ્વરૂપે પરમાત્મા છે. એની એક સમયની દશામાં વિકૃતતા (છે) પણ જેણે વિકૃતદશાનો સ્વભાવના આશ્રયે નાશ કર્યો અને સ્વભાવ ચૈતન્ય જિનેન્દ્ર સમાન જાણ્યો, માન્યો એવો જ સ્વભાવ બધા ભગવાનઆત્માનો છે. એટલે કોને કહેવા નાના અને કોને કહેવા મોટા? એ શ્લોક આમાં આવશે. સમજાણું? વીસમાં આવે છે? શેમાં આવે છે? વીસમાં. 'सुद्धप्पा अरु जिणवरहं भेउ म किमपि वियाणि।' સમજાણું?

ગાથાઓ તો સાર સાર મૂકી છે. 'યોગસાર' છે ને! કહે છે, જેની નજરુંમાં વીતરાગતાની કિંમત થઈ, જેના જ્ઞાનમાં, જેની શ્રદ્ધામાં વીતરાગ સ્વભાવ એવો ભગવાનઆત્મા, એની કિંમત થઈ ત્યાં તેને વારંવાર ચિંતવીને યાદ કરી, ચિંતવન કરીને ઠરે છે. અલ્પકાળ ઠરે તો એટલો થોડો આનંદ આવે, વિશેષ કાળ ઠરી જાય તો એને ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય. છે ને? 'सो झाहंतह परमपउ लब्भइ एक्कखणेण।।' પરમપદ, પરમાત્મા એક ક્ષણમાં થઈ જાય. સમજાણું કાંઈ?

'આનંદઘનજી'માં દાખલો આવે છે, આમાં પણ ક્યાંક આવતો હશે. 'ભૃંગી ઇલિકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે રે...' ઇયળ હોય છે ને? ઇયળ. ઓલી હોય છે ને? શું કહેવાય ઇ? ભમરી.. ભમરી. એ ભમરી ઇયળ લઈ આવે. પછી નાખે ઓલામાં, દર કરે છે ને? એમાં નાખે. એને અંદર આમ ડંખ મારે. ઇયળને ભમરી ડંખ મારે. ડંખ મારે એવી એને ધૂન ચડે. ધૂન ચડીને કહે છે.. આ તો એક દૃષ્ટાંત છે, હોં! એ ઇયળ મટીને ભમરી થાય. નથી આવતા ધોળા ઓલા? દર.. દર. ભમરીના દર નથી (હોતા)? આવા ધૂળના. એમાં ઇયળ બહુ આવે. ઇ પછી પાંખ થઈ જાય એટલે ભમરી થઈને ઊડી જાય.

www.vitragvani.com



એમ ભગવાનઆત્મા વીતરાગતાના સ્વભાવથી ભરેલો એવો દૃષ્ટિ ને જ્ઞાનનો ડંખ લાગ્યો એ સ્થિર થતાં એકદમ ઊડી જાય, કેવળજ્ઞાન થઈને પરમાત્મા થઈ જાય. નરનો નારાયણ થઈ જાય, આત્માનો પરમાત્મા થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ડંખ મારે છે.

ઉત્તર :– ડંખ ઝીલવા જેવો છે. પત્થરમાં કંઈ ડંખ વાગે? આમ અંદરથી ધૂન ચડે છે. એકદમ ઇયળનો ભવ ખલાસ, ભમરીનો ભવ થઈ જાય. એમ ભગવાનઆત્મા વસ્તુએ, વસ્તુએ વીતરાગસ્વરૂપ એકલો પરિપૂર્ણ એક આત્મા ભગવાન પરિપૂર્ણ છે. આ તે કંઈ વાત છે વિશ્વાસની! એ વિશ્વાસ કોણ કરે? સમજાણું કાંઈ?

મારું પરમપદ નિજાનંદ પરિપૂર્ણ ભગવાનસ્વરૂપે બિરાજમાન ત્રિકાળ મારું સ્વરૂપ છે. એવો જેને અંતર રુચિમાં, અંતર જ્ઞાન થઈને વિશ્વાસ આવ્યો, કહે છે કે, એની જ્યાં લગની લાગી, જાઓ! પરમાત્મા મુક્તદશા સાદિ અનંત સિદ્ધ (થઈ ગયો). અંદર ભમરીનો ચટકો લાગ્યો. હું પરમાત્મા સમાન છું, પરમાત્મા સમાન છું, પરમાત્મા હું છું, સમાન પણ નહિ. એમ ધ્યાન કરતાં.. કરતાં.. કરતાં પોતે પરમાત્મા થઈ જાય. હું રાગી છું ને રાગનો કર્તા છું ને દેહની ક્રિયાનો કર્તા (છું), એ મૂઢ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ તો વ્યવહારે કર્તા છે.

ઉત્તર :– ધૂળેય કર્તા નથી. કર્તા કે દિ' હતો? કર્તા હોય તો તન્મય થઈ જાય. રાગનો કર્તા અને પરનો કર્તા હોય તો તન્મય એટલે તે રૂપે આત્મા થઈ જાય (પણ) એ રૂપે થયો નથી. સમજાણું કાંઈ? તેથી તો અહીં કહે છે. જિનેન્દ્રનું સ્મરણ પરમપદનું કારણ (છે). ભગવાનઆત્મા વીતરાગસ્વભાવ એ પરમપદનું કારણ છે. લ્યો, એક ગાથા એ થઈ. પછી તો એણે એમાં લાંબું ઘણું લખ્યું છે. હવે વીસ.

---

પોતાના આત્મામાં અને જિનેન્દ્રમાં ભેદ નથી.

सुद्धप्पा अरु जिणवरहं भेउ म किमपि वियाणि।
मोक्खह कारण जोईया णिच्छइ एउ वियाणि।।२०।।

જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગિજન! નિશ્ચયથી એ માન. ૨૦.

અન્વયાર્થ :– (जोईया) હે યોગી! (सुद्धप्पा अरु जिणवरहं किमपि भेउ म वियाणि) પોતાના શુદ્ધાત્મામાં અને જિનેન્દ્રમાં કોઈ પણ ભેદ ન સમજો, (मोक्खह कारण णिच्छइ एऊ वियाणि) મોક્ષનું સાધન નિશ્ચયનયથી એને જ માનો.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'પોતાના આત્મામાં અને જિનેન્દ્રમાં ભેદ નથી.' જુઓ! લ્યો! આ બધા સાર સાર શ્લોક મૂક્યા છે ને. પોતાના આત્મામાં (એટલે) વસ્તુ આત્મા, હોં! એક સમયની દશામાં વિકાર ને અલ્પજ્ઞતા (છે) એ કંઈ આત્માનું પૂર્ણ રૂપ નથી, અસલી આત્મા એ નથી. સમજાણું કાંઈ? એક સમયની અલ્પજ્ઞ દશા, વર્તમાન પર્યાય અને રાગ એ કંઈ આત્માનું અસલ સ્વરૂપ નથી. એ તો વિકૃત અને અપૂર્ણ રૂપ છે. વિકૃત, પુણ્ય-પાપના વિકાર તે વિકૃત છે અને અલ્પજ્ઞ આદિ તે એનું અપૂર્ણ રૂપ છે. શું કીધું?

ભગવાનઆત્મા, એના એક સમયમાં ત્રણ પ્રકાર છે. બહારની વાત એક કોર રહો. શરીર, કર્મ એનામાં છે નહિ, એ તો એક જુદી વાત રહી ગઈ. એનામાં પુણ્ય અને પાપનો વિકાર છે કે ભ્રાંતિ છે કે આ મને ઠીક છે, એ તો વિપરીત ભાવ છે, વિપરીત ભાવ છે. એ કંઈ આત્માનું રૂપ નથી અને એને જાણનારી વર્તમાન પ્રગટ અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, વીર્યતા-જે ઉઘડેલું પ્રગટ વીર્ય, એ તો અલ્પતા છે, અલ્પ છે, અંશ છે. એ કંઈ પરિપૂર્ણ રૂપ નથી. એટલે એ અંશ અને એના આ વિકૃત રૂપ અને અલ્પતા એને પૂરો આત્મા માનતા, એને જ આત્માને પૂરો માનીને તેમાં રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? એટલે એનું અલ્પજ્ઞનું રૂપ અને વિકૃતનું રૂપ, બેની રુચિ છોડી એનું સર્વજ્ઞનું રૂપ અને નિર્દોષ વીતરાગી સ્વરૂપ એનું છે. સમજાણું કાંઈ? જ્યારે એક સમયની પર્યાયમાં અલ્પજ્ઞતા છે ત્યારે પોતે સર્વજ્ઞ છે, પર્યાયમાં જ્યારે રાગાદિ ભાવ છે તો પોતે વીતરાગનો બિંબ છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે, 'પોતાના આત્મામાં...' આવો આત્મા 'અને જિનેન્દ્રમાં ભેદ નથી.' જિનેન્દ્ર ભગવાનનું દ્રવ્ય અને ગુણ પૂર્ણ શુદ્ધ (છે) એવા જ મારા શુદ્ધ (છે). એની પર્યાય શુદ્ધ થઈ ગઈ, અપૂર્ણની પૂર્ણ થઈ ગઈ, વિકારની અવિકારી વીતરાગ થઈ ગઈ. સમજાણું કાંઈ? કર્મ સાથે સંબંધ નથી. પરવસ્તુ સાથે અહીં કાંઈ કામ નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેને અલ્પજ્ઞતા હતી તેની સર્વજ્ઞતા થઈ એ ત્રિકાળ દ્રવ્યના આશ્રયે. અંદર પરમાત્મસ્વરૂપ (છે) એને અવલંબે. રાગના અભાવમાં વીતરાગતા થઈ. એવી જ સર્વજ્ઞતા અને વીતરાગતા એ મારા સ્વરૂપમાં- મારામાં પડી છે. સમજાણું કાંઈ? એકલી સર્વજ્ઞતા અને એકલી વીતરાગતા. એવી આત્મામાં, એવી જિનેન્દ્રમાં. 'રતીભાઈ'! આમાં સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દીવા જેવી વાત છે.

ઉત્તર :- દીવા જેવી વાત છે?

सुद्धप्पा अरु जिणवरहं भेउ म किमपि वियाणि।
मोक्खह कारण जोईया मिच्छइ एउ वियाणि।।२०।।

આહાહા...! એકલા માખણ નાખ્યા છે! સમજ્યા ને? ઘેવર કેવા? ઓલા શું કહેવાય? સાટા, ગળ્યા સાટા પીરસ્યા છે. દાંતની જરૂર ન પડે, લ્યો! છોકરાઓ પણ ખાય, દાંત વિનાના

છોકરા ખાય, દાંતવાળા ખાય, યુવાન ખાય અને વૃદ્ધ પણ ખાય. એવો આ આત્મા છે, કહે છે. સમજાણું કાંઈ? હેં? ચોકઠા-બોખઠા ન્યાં હતા કે દિ'?

सुद्धप्पा अरु जिणवरहं भेउ म किमपि वियाणि।
मोक्खह कारण जोईया मिच्छइ एउ वियाणि।।२०।।

'હે યોગી!' યોગી એટલે ધ્યાની, જ્ઞાની. અરે..! તારા સ્વરૂપની તને કિંમત થઈ છે, એની અહીં વાત કરે છે, હોં! એ તારા સ્વરૂપની તને કિંમત થઈ છે, તારા સ્વરૂપની કિંમત એ અલ્પજ્ઞમાં જે લેવાઈ ગઈ હતી, રાગમાં જે લેવાઈ ગઈ હતી, તેં તારા સ્વરૂપની કિંમત કરી માટે તું યોગી અને ધ્યાની કહેવામાં આવે છે. આહાહા..! જેમાં જેની કિંમતું લાગી તેમાં તેની લગની લાગી. હેં? એક દાગીનો પાંચ લાખનો, પચાસ હજારનો આવે તો કેવા સાચવે? એવા સાચવે.. અહીં રાખજો, ફલાણે ઠેકાણે રાખજો, ઢીંકણે રાખજો. એંસી હજારનો તો હીરો હોય આવડો રતિભાર ને એક રતિના દસ હજાર રૂપિયા. આવે છે ને આટલો હીરો એંસી હજારનો? લાખ-લાખ, બે-બે લાખ, પાંચ-પાંચ લાખના હીરા, એ સાચવો, એને ડાબલીમાં આમ રાખશું, એનું આમ કરવું, એનું આમ કરવું. આહાહા..! એની એને કિંમત થઈ છે એટલે એને સાચવવા વારંવાર વલણ (થાય છે).

ભગવાનઆત્મા શુદ્ધાત્મા, 'હે યોગી!' 'किमपि भेउ म वियाणि' 'પોતાના શુદ્ધાત્મામાં અને જિનેન્દ્રમાં કોઈ પણ ભેદ ન સમજો.' આહાહા..! અંતર વલણ જ્યાં વીતરાગી ચૈતન્યની કિંમત થઈ છે, એ રાગના ભાવથી વીતરાગસ્વરૂપ ભગવાનઆત્માને જુદો જ્યાં જાણ્યો છે, કહે છે કે, એવા આત્માને અને પરમાત્મામાં જરીયે ભેદ ન માન, હોં! આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ પોતાના જ્ઞાનથી બધું જાણે છે. બધું ભિન્ન છે તેમ જાણે છે. હું આ અને આ, એમ ભિન્ન છે તેમ જાણે છે. એમાં અને તારામાં કાંઈ ફેર નથી. તું પણ એક જાણનાર જ્ઞાનસ્વરૂપે અલ્પજ્ઞ ને સર્વજ્ઞને લક્ષમાં લઈને, અલ્પજ્ઞ પર્યાય દ્વારા સર્વજ્ઞપદને લક્ષમાં લઈને, ઇ સર્વજ્ઞથી બધું જાણે છે, તું અલ્પજ્ઞ પર્યાય (દ્વારા) સર્વજ્ઞ પોતાની પર્યાયના લક્ષમાં લઈને આ જાણવાનું કામ કરે એમાં સર્વજ્ઞ અને પરમાર્થ આત્મામાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મહાપુરુષની દૃષ્ટિ તો બહુ વિશાળ અને ઉદાર હોય છે.

ઉત્તર :– ઉદાર હોય નહિ, વસ્તુ સ્વભાવ એવો હોય. વસ્તુ સ્વભાવ એવો છે. અહીં ઇ કહેવું છે. જુઓ! અહીં તો એમ કહ્યું છે, 'सुद्धप्पा अरु जिणवरहं किमपि भेउ म वियाणि' ભેદ ન જાણ. એ જુદા ન જાણ અને જુદા ન પાડ. આહાહા..! 'સમ્યક્‌જ્ઞાન દીપિકા'માં કહે છે, એક ક્ષણ પણ સિદ્ધ પરમાત્માથી જુદો માને તે મિથ્યાદૃષ્ટિ સંસારી છે. કઈ અપેક્ષાએ? એક ક્ષણ પણ સિદ્ધ ભગવાન પરમાત્માથી હું જુદો છું એમ જાણનાર, એણે રાગ અને

www.vitragvani.com



વિકલ્પની એકતા માની છે, રાગનો કર્તા થઈને, પરનો કર્તા થઈને રોકાણો છે, ઇ સર્વજ્ઞના પદથી અહીં જુદો પડ્યો છે. સમજાય છે કાંઈ?

પરમાત્માનું વીતરાગપદ, એમાંથી ક્ષણ પણ જુદો રહ્યો (તો) મૂઢ મિથ્યાદૃષ્ટિ સંસારી નિગોદવાસી છો. કેમ? કે, એ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્ર પણ જાણે.. જાણે.. જાણે.. ભલે પૂર્ણ પર્યાય દ્વારા જાણે. અને તું અલ્પજ્ઞ પણ સર્વજ્ઞ પૂર્ણ પૂર્ણ સ્વભાવને આશ્રયે થઈને જાણે. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ આવે એનો એ કર્તા નથી. જિનેન્દ્ર ક્યાં રાગના કર્તા છે? એને છે નહિ અને કર્તા નથી અને અહીં છે પણ ઇ એના સ્વરૂપમાં નથી. કોઈ કહે કે, વીતરાગને તો રાગ નથી માટે કર્તા નથી. પણ અહીં પણ તું વીતરાગસ્વરૂપ છો એ રાગનો કર્તા છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આહાહા..! ગોટા થાય છે, ચારે કોર બિચારા જાણે ક્યાં ધર્મ અને ક્યાં મોક્ષ મળશે? ધર્મ અને મોક્ષની ખાણ તો તું આત્મા છો. ક્યાંયથી લટકે એવું નથી, ઉપરથી પટકે એવું નથી. એવા જિનેન્દ્ર ભગવાનસ્વરૂપે આત્મા (છે).

'શુદ્ધાત્મામાં અને જિનેન્દ્રમાં કોઈ પણ ભેદ ન સમજો,...' જુદા ન પાડ, જુદા ન થા. એ જુદા થયા એ એક નહિ થાય. આહાહા..! કોઈ કહે ને, જુદા પડ્યા એના મન જુદા. 'અન્ન જુદા એના મન જુદા' લોકો ઇ કાંઈક કહે છે ને? સગા બાપ ને દીકરો જુદા પડે તો અન્ન જુદા, મન જુદા થઈ ગયા. ભઈ! અમારે રોટલા માટે તારી વહુને અને તારી બાને બનતું નથી માટે જુદા પડીએ છીએ, લ્યો! પણ પડ્યા પછી અંદર કંઈક ફેરફાર થયા વિના રહે નહિ. 'રતીભાઈ'! બને છે કે નહિ એમ? ઓલી વહુ આવી હોય બિચારી કંઈક છૂટથી ખર્ચવા માટે, ભઈ! આપણી પાસે બે-પાંચ લાખ છે તો બે-પાંચ-છ હજાર ખર્ચી શકીએ. ઓલી (સાસુ) હોય કંજુસ. ઇ ખર્ચાય નહિ, આપણે એમ હોય નહિ, ખર્ચાય નહિ. એ..ઇ...! ત્યારે આપણે જુદા થઈ જઈએ. ઇ પહેલા મનમાં જરી ઠીક હોય, ઇ જુદા પડ્યા પછી મનમાં મેળ ન રહે. હેં?

એમ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની દશા, એનાથી અહીં જુદો પડે, રાગનો કર્તા થાય તો જુદો થાય તો આત્મા ન રહે ઇ. સમજાય છે ને? જેના અન્ન જુદા એના મન જુદા થઈ ગયા. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરસ્વરૂપે હું આત્મા (છું), એની જેને અંતરમાં પ્રતીત (થઈ) એણે રાગવાળો ને નિમિત્તવાળો આત્મા જાણ્યો નહિ, માન્યો નહિ. એમ માનતા એનાથી જુદો પડ્યો નહિ, પરમાત્માથી જુદો પડ્યો નહિ. અને (જુદો) પડ્યો તો રાગ મારા, નિમિત્ત મારા એ પરમાત્માથી જુદો પડ્યો ઇ જુદામાં જાશે, રખડશે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આખો બહારમાં જ ગરકાવ થઈ ગયો છે

ઉત્તર :- હેં? આખો ક્યાં છે અને ક્યાં ગરકાવ થયો એની એને ખબર નથી. આહા..!

'मोक्खह कारण णिच्छइ एऊ' જુઓ! શું કહે છે? 'મોક્ષનું સાધન નિશ્ચયનયથી એને

જ માનો.' બીજું મોક્ષનું સાધન કાંઈ નથી. એ વીતરાગ સ્વભાવ વીતરાગનો, પરમાત્માનો, સિદ્ધ ભગવાનનો, અરિહંતનો (છે) એવો જ મારો સ્વભાવ (છે). એવું અંતરમાં ધ્યાન કરીને એમાં એકાકાર થવું એ જ મોક્ષનું સાધન છે, બીજું કોઈ મોક્ષનું સાધન નથી. કહો, મોક્ષસ્વરૂપે પણ પોતે અને એના સાધનના સ્વભાવપણે થવું એ પણ પોતે. આહાહા..!

અહીં તો 'मोक्खह कारण णिच्छइ एऊ' દેખો! કારણ આ એક જ આપ્યું. ઓલો વ્યવહાર રત્નત્રય મોક્ષનું કારણ છે, નિમિત્ત મોક્ષનું કારણ છે ને ગુરુ મોક્ષના કારણમાં છે ને બધું અહીં તો ખંખેરીને કાઢી નાખ્યું. હેં?

મુમુક્ષુ :– હોય ઈ કઢાયને? છે ખરું ને?

ઉત્તર :– હતું ને, બીજું નથી? એને ઘરે રહ્યું, અહીં ક્યાં છે?

અહીં તો પરમાત્મા અને આત્માને જુદા ન જાણવા એટલે કે એ સર્વજ્ઞ વીતરાગી પર્યાયવાળા પૂર્ણ પરમાત્મા છે, હું પણ સર્વજ્ઞ પર્યાય ભલે પ્રગટ નથી પણ સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય એવી મારી તાકાત છે, એવો હું વીતરાગીસ્વરૂપ છું. એના આશ્રયે પ્રગટેલી જે દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ સ્વરૂપનું સાધન છે, મોક્ષનું એ સાધન છે. રાગ-બાગ વચ્ચે આવે એ સાધન-ફાધન નથી. આહાહા..! વીતરાગભાવે આત્માને જોવો, જાણવો, જ્ઞાતા-દૃષ્ટાપણે જાણવો અને જોવો, એ જ મોક્ષનું સાધન છે. રાગવાળો અને રાગનો કર્તા ને મેં વ્યવહાર કર્યા ને વ્યવહારથી સાધન થયા, એ મોક્ષનું સાધન નથી. હેં?

મુમુક્ષુ :– મોટો વર્ણવીને મોટો બનાવી દીધો.

ઉત્તર :– વર્ણવીને નહિ, છે એવો વર્ણવ્યો. એવો મોટો છે એને વાણીમાં વર્ણવ્યો. એ વાણીમાં પૂરો ક્યાં આવતો હતો? આહાહા..! એની મહિમા તો ઇ જાણે ત્યારે જાણે. જાણે ઇ માણે અને માણે ઇ એમાંથી પાછા ખસે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? 'મનહરભાઈ'! ન્યાં સૂરત-બુરતમાં કાંઈ સમજાય એવું નથી. ધૂળમાં ક્યાંય નથી ન્યાં. આ ભંગાર આડે નવરાશ મળે નહિ. એ..ઇ...! 'મનસુખભાઈ'! એ વળી નવરો થાય તો કો'ક દિ' થોડું વાંચતો હોય પણ એમાં આ રીતની સમજણ સમજાય નહિ. ઇ તો એની યોગ્યતા એવી હોય ત્યારે જ સમજાય.

અહીં તો 'मोक्खह कारण' એમ કીધું, ભાઈ! આહાહા..! એ વીતરાગ પરમાત્મા અને તારા ભાવમાં, બેમાં ફેર ન પાડ એ જ મોક્ષનું કારણ છે. (ફેર ન પાડ) તો મોક્ષનું કારણ છે. ફેર પાડ કે, હું રાગનો કર્તા ને હું કર્મવાળો ને રાગવાળો ને આ વાળો. ફેર પડ્યો ઇ મોક્ષનું કારણ, સાધન નથી. એ બંધનના સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયે– નિશ્ચયથી એટલે સત્યથી તેમ જાણ. ખરેખર સત્ય તેમ જ છે. ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જેમ વિકલ્પનો કર્તા વીતરાગ નથી, એમ આ પણ કર્તા નથી. એ સિદ્ધ ભગવાન નિમિત્તને મેળવતા નથી, છોડતા નથી, જાણે છે. એમ હું પણ નિમિત્તને મેળવું ને છોડું એ મારામાં

www.vitragvani.com



નથી, હું તો જાણનાર-દેખનાર છું. એવા જાણનાર-દેખનારને સર્વજ્ઞ પરમાત્મા જેવો જાણતા એ જ મોક્ષનું કારણ થાય છે. આહાહા..!

હવે આવી વાત ઉઘાડી પણ... આહાહા...! અરે..! અનંતકાળથી ભૂલ્યો, ભાઈ! આહાહા..! અને ભૂલને ભાંગવાના ટાણા આવ્યા ત્યાં ઉંહુ.. કરીને બેઠો (કે), ઇ નહિ, એમ નહિ. અરે..! ઠીક બાપા! ભાઈ! નડશે તને ભાઈ! સમજાય છે? આવા ટાણે આ ટાણું જાય છે, હોં! એ ટાણા ગયા પછી અનાજ ઠરી જશે અને પછી તને નહિ ભાવે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અને પરમાત્મામાં કાંઈ આંતરો નથી, એની નાત ને જાતનો હું છું. સમજાણું કાંઈ? 'આનંદઘનજી'એ કહ્યું ને ધર્મમાં? 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગમાં પડશો રે ઓ પ્રીત જિનેશ્વર.. બીજો મનમંદિર આણું નહિ, એ એમ કૂળવટ રીત જિનેશ્વર.. ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું.. ધર્મ જિનેશ્વર શરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું.' 'આનંદઘનજી' થઈ ગયા છે, 'શાંતિભાઈ'! સાંભળ્યું છે ક્યાં? ધંધા આડે નવરાશ ક્યાં છે પણ કાંઈ?

ભગવાનઆત્મા...! એમ કહે છે, નાથ! 'ધર્મ જિનેશ્વર ગાઉં...' ધર્મ જિનેશ્વર હું છું. મારા ગાણા, જિનેશ્વરના ગાણા હું મારા ગાઉં છું. 'ભંગમાં પડશો રે પ્રીત પ્રભુજી' પ્રભુ! મારી એકતામાં ભંગ ન પડશો. મારા સ્વરૂપમાં વીતરાગપણું છે એની શ્રદ્ધા, જ્ઞાનમાં ભંગ ન પડો. 'ભંગમાં પડશો રે પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ' રાગ ને વિકાર ને સંયોગને મારા સ્વભાવમાં હું એકત્વપણે ન લાઉં. 'એ અમ કૂળવટ રીત જિનેશ્વર' હે તીર્થંકર! તારા કૂળના વટની રીતમાં આ આવે છે, કહે છે. તેં રાગ ને સંયોગને સ્વભાવમાં મેળવ્યા નહિ, ભેળવ્યા નહિ. એમ પરમાત્મા અમે તારા ભગત છીએ. આહાહા..! અમે પણ રાગના વિકલ્પ દયા, દાન, વ્રતના વિકલ્પ ને સંયોગને આત્મામાં નહિ આવવા દઈએ, એકપણે થવા નહિ દઈએ. અમે તારા જેવા, એકપણે કેમ થવા દઈએ? આહાહા..! 'રતીભાઈ'! આહાહા..! પણ કોઈ દિ' વાત શું છે? એની મર્યાદા ચૈતન્યની શું છે? વીતરાગતાની શું છે? પર્યાયની અલ્પતાની મર્યાદાની હદ શું છે? વિકારના સ્વરૂપની સ્થિતિ શું છે? એના મૂળ પત્તા લીધા વિના આ પત્તો ક્યાંથી આવે? આહાહા..!

મુમુક્ષુ :- રોકાઈ ગયો બહારમાં

ઉત્તર :- 'રતનલાલજી'! ઓલા રાડ્યું પાડે. અરે..! 'સોનગઢ'વાળા.. અરે..! ભગવાન! સાંભળ રે, સાંભળ, પ્રભુ!

ભાઈ! એ તારા સ્વરૂપની પૂર્ણતામાં અપૂર્ણતા કેમ કહેવી? તારા સ્વરૂપને વિકારવાળું કેમ કહેવું? તારા સ્વરૂપને સંયોગમાં રહ્યો એમ કેમ કહેવું સંબંધવાળું? સમજાણું કાંઈ? એ સંબંધ વિનાનો, વિકાર વિનાનો, અલ્પજ્ઞતા વિનાનો, એવો આત્મા પરમાત્માનો સ્વભાવ એવો મારો સ્વભાવ, નિશ્ચયનયથી તું સત્યાર્થપણે તેમ જ જાણ. એમ જાણતાં તને વીતરાગતા

www.vitragvani.com



પ્રગટ થશે, વીતરાગતાથી તને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાશે, એમાં ફેર છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'णिच्छइ एऊ वियाणि' અંદર થોડા છ કારક નાખ્યા છે. સિંહનો દાખલો આપ્યો છે. 'જેમ કોઈ સિંહનું બાળક સિંહ હોવા છતાં પણ દીન પશુ બની રહે...' લ્યો! એ સિંહનું બચ્ચુ બકરામાં પહેલેથી ઉછર્યું. સિંહનું બચ્ચું બકરા ભેગું નાખ્યું તો (એમ માનવા લાગ્યું) આપણે બધા એક જાતના છીએ. એક સિંહ જ્યાં આવ્યો, ત્રાડ મારી, ઇ ત્રાડે આ ભાગ્યું નહિ. ઓલા ભાગ્યા, બકરા ભાગ્યા. આમ જ્યાં ત્રાડ આવી ત્યાં ભાગ્યા. ઇ કેમ ઊભું રહ્યું? તું તો આની સાથે છો ને? તમારી ત્રાડમાં મને કંઈ ત્રાસ ન લાગ્યો. તું મારી નાતનો છો, હોં! તારું મોઢું જો જોવું હોય તો. બકરાના મોઢા જોવે છે કે નહિ? પાણીમાં જો, જો. તારું મોઢું મારા જેવું છે કે બકરા જેવું છે? સમજાણું કાંઈ? અરે...! તું બકરાના ટોળામાં ન હો. આવી જા સિંહના ટોળામાં, ભાઈ!

એમ રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં પડ્યો, અમે રાગી ને દ્વેષી ને અજ્ઞાની, એકેન્દ્રિયની જાતના અને સંસારની જાતના છીએ. ભેળસેળ બકરામાં થઈ ગયો, માળો! ત્રાડ પડી પરમાત્માની, તું પરમાત્મા મારી નાતની જાતનો. હા..! હું નથી એમ નથી. સમજાણું કાંઈ? જો તો ખરો તારી ચીજને. મારામાં પૂર્ણતા પ્રગટી એવી પૂર્ણતા પ્રગટવાની તારામાં તાકાત છે કે નહિ? સામું તો જો અંદર. આહાહા..!

'શ્રીમદ્' હતા ને? 'શ્રીમદ્'. તે એક ફેરી જંગલ જતા હતા. જંગલ.. દિશા. એમાં ભરવાડ ઊભો હતો. આમ જોતાં જોતાં જોતાં ભરવાડ જોયા જ કરે. ક્યાં જાય છે? આમ શાંત, ઠરેલ. બીજા વેપારીની રીત કરતા આની રીત જુદી, ચાલવાની લાઈન જુદી, વિચારથી, મંથનથી ચાલતા હોય. આ ક્યાં જાય છે? એમ ને એમ જોયા કરે. પછી એને થયું કે, નક્કી અનુકરણ કરવાની આ ભરવાડોને ટેવ છે. (એટલે કહ્યું), ભાઈઓ! હું કહું એમ કરો. હું એક પરમેશ્વર છું એમ આંખ મીંચીને ધ્યાન કરો. આ વાણિયા-બાણિયા સાધારણ હોય (ઇ એમ કહે), ભાઈસાહેબ! અરે..રે...! પરમેશ્વર કહે છે. અત્યારે પરમેશ્વર હોઈએ?

'શ્રીમદ્દે' કહ્યું કે, અરે...! ભાઈઓ! પરમેશ્વર છો, ભાઈ! તારું સ્વરૂપ (પરમેશ્વરસ્વરૂપ છે). હું પરમેશ્વર છું એમ આંખી વીંચીને વિચારો, બસ! પછી અનુકરણ કરવાની બુદ્ધિ હતી એટલે આ પરમેશ્વર નથી, કેમ હોય? એ ભેદનો કાંઈ વિચાર જ નહિ. એમ ત્રણલોકના નાથનો અવાજ આવ્યો કે, તું મારી જેવો મારી નાતનો છે. કર વિચાર અંદર. એલા પણ.. ભાઈસાહેબ! આટલા આટલા કર્મ નડ્યા છે. આટલા આટલા અમારે રાગ કર્યા છે. એ.. નિકાચિત કર્મ બાંધ્યા છે. અહીંયાં રાડ્યું પાડતા પાડતા (કહે), નિકાચિત કર્મ પડ્યા છે. પણ કોણે કીધું તને નિકાચિત? જો તો ખરો તું. કર્મ જડમાં રહ્યા, રાગ રાગમાં રહ્યો, અલ્પજ્ઞતા પર્યાયમાં રહી. પૂર્ણ સ્વરૂપમાં અલ્પજ્ઞાન, વિકાર ને કર્મ-ફર્મ આવતા નથી. આહાહા..! ટેવાઈ

www.vitragvani.com



ગયો છે ને, ટેવાઈ. જો તો ખરો, બકરાના ટોળામાં છો. તારી આંખે ચામડા છે આમ જોઈ છે કોઈ દિ'? આમ આમ જોયા કર્યું છે. આ બકરા છે એવો હું છું. બકરાના ટોળામાં ઉછર્યો છું. ત્રાડ આવી એટલે ત્રાસ ન થયો. સાંભળ તો ખરો. મારી નાતનો છો. ત્રાડ આવી ને ત્રાસ ન થયો અને આ બકરાને ત્રાસ થયો. જાતફેર છે કે નહિ? એટલી ખબર નથી પડતી? ત્યારે કહે, આખું શરીરફેર છે કે નહિ? તો આમ શી રીતે જોવે? પાણીમાં જો. હા..! મારું મોઢું આની જેવું લાગે છે.

એમ ભગવાનના ચૈતન્યના પાણીના તેજ અંદર ભર્યા છે એને તું એકવાર વિશ્વાસ દ્વારા પરમાત્મા અને મારામાં કાંઈ ફેર નથી (એમ જો). આહાહા! સમજાણું કાંઈ? ઇ મારા પરમાત્માની દશાનો કર્તા હું, સાધન હું, કાર્ય મારું, હું જ પરમાત્મા થઈને મારી દશાને હું આપું, મારા વડે આપું અને મારા આધારે કરનાર હું પરમાત્મા છું. રાગ ને નિમિત્ત ને કોઈને આધારે મારું કાર્ય થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક કાર્યમાં બે કારણ નથી આવતા.

ઉત્તર :- કારણ આવ્યા હવે, આખો ભગવાન આવ્યો. ભગવાન જેની પાસે ઊભો એને બીજાની જરૂર શું છે પણ? એમ અહીં તો કહે છે. ભેદ ન જાણ. હેં?

મુમુક્ષુ :- બકરું બેં.. બેં.. કરવા..

ઉત્તર :- ઇ તો બકરું બેં.. બેં.. કર્યા જ કરશે. સિંહ અંદર આવ્યો હોય એ એમાં નહિ રહી શકે. સમજાણું કાંઈ? આહાહા..! ઊંચા કર્યા છે ને! ઊંચાં! એના રૂંવાટાં ઊંચા કરી નાખે. સાંભળ તો ખરો, માળા! કોણ છો તું? કોની નાતનો છો? દશાશ્રીમાળી વાણિયો હોય, પાંચ કરોડ કે દસ કરોડનો માણસ હોય, લગ્નમાં છોકરો પરણતો હોય. (અને બીજો) વાણિયાનો દશાશ્રીમાળીનો ભલે ગરીબ માણસ હોય, પાંચ-પચાસનો પગાર લાવતો હોય તોપણ એના માંડવામાં ગરી જશે. માંડવામાં ગરી જશે. મારી નાતનું જમણ છે, અમે એક નાતના છીએ. હેં... ભાઈ! વાઘરીનો દીકરો હોય, ઘરે બંગલા હોય (પણ) અંદર નહિ ગરે. ખારેકનું મન થઈ ગયું, લાવને ખારેક લઈ આવને. બારણા ઊભો રહેશે, બારણા પાસે ઊભો રહેશે. ખારેક લઈને ચાલી જશે, ઓલો અંદર ગરી જાય.

એમ સિદ્ધ ભગવાનના મંડપમાં પેસનારા અમે આત્મા છીએ, કહે છે. અમે છેટે રહીએ, આઘા રહીએ, બારણે રહીએ એવા અમે નથી. એકવાર તો નક્કી કર. આહાહા..! અમે રાગ કરીએ, દયા પાળીએ, કાંઈક ભક્તિ કરીએ, કાંઈક વ્રત પાળીએ તો ભગવાનઆત્મા હાથ આવે. મરી ગયો, માળા! હવે સાંભળને! રાગમાં આત્મા હાથમાં આવતો હશે? તું રાગ છો? તું રાગ છો? તું પર છો? તું વિકાર છો કે એમાંથી હાથ આવશે? સમજાણું કાંઈ? એ.. 'પ્રવીણભાઈ'! રામ.. રામ.. રામ.. રામ.. (કરે).

www.vitragvani.com



અહીં તો ઘણી બધી લાંબી વાત લીધી છે. થોડું તપ લીધું છે, હોં! ઓલી કોર, જુઓ! પાનું ૧૧૨ છે ને. 'સિદ્ધ ભગવાન પોતા વડે જ પોતાની સ્વાનુભૂતિની તપશ્ચર્યા નિરંતર તપતાં થકાં પરમ તપધર્મના ધારક છે.' ઓલા દસ ધર્મ લીધા છે ને? ઇ. ભગવાન! આ તપધર્મ સિદ્ધમાં પણ તપધર્મ છે અને મારામાં પણ છે. કયો તપ? 'સિદ્ધ ભગવાન પોતા વડે જ પોતાની સ્વાનુભૂતિ...' પોતાના આનંદનો અનુભવ સિદ્ધ ભગવાન કરે છે એવી તપસ્યા આનંદથી નિરંતર તપી રહે. એ પરમતપના ધરનાર છે. હું પણ એવો છું. 'હું પણ સ્વાત્માભિમુખ થઈને પોતાની જ સ્વાત્મરમણતાની અગ્નિમાં નિરંતર પોતાને તપાવતો પરમ ઇચ્છારહિત તપ ગુણનો સ્વામી છું.' સિદ્ધ સાથે મેળવ્યું છે, સિદ્ધ સાથે. આ છે ને, એના જેવો તું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં અને સિદ્ધાત્મામાં કાંઈ ફેર નથી એમ ફેર કાઢી નાખ (તો) સિદ્ધ થયા વિના રહીશ નહિ. એ જ તારા મોક્ષનું સાધન છે, બીજું કોઈ સાધન છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**આત્માનું જ્ઞાયકપણું ન માને તે કેવળી વગેરેને પણ માનતો નથી!**

સમયે સમયે પોતાના ક્રમબદ્ધ પરિણામપણે જીવ ઊપજે છે. જીવમાં અનંતગુણો હોવાથી એક સમયમાં તે અનંતગુણોના અનંત પરિણામો થાય છે. તેમાં દરેક ગુણના પરિણામ સમયે સમયે નિયમિત ક્રમબદ્ધ જ થાય છે. આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન સ્વસન્મુખ થઈને અકર્તાપણે-સાક્ષીભાવે પરિણમ્યું; ત્યાં સાધકદશા હોવાથી હજી અસ્થિરતાનો રાગ પણ થાય છે પરંતુ જ્ઞાન તો તેનુંય સાક્ષી છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તેની ક્રમબદ્ધપર્યાય એવી જ છે કે તે સમયે જ્ઞાયકને જાણતાં તેવા રાગને પણ જાણે. આવું જ્ઞાયકપણું જે ન માને તે પર્યાયના ક્રમમાં ફેરફાર કરવાનું માને તો તે જીવ આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી, કેવળીભગવાનને પણ તે નથી માનતો, કેવળીભગવાને કહેલાં શાસ્ત્રોને પણ તે નથી માનતો અને કેવળજ્ઞાનના સાધક ગુરુ કેવા હોય તેને પણ તે જાણતો નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતિ કરીને જેણે પોતાના જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો તેને સમ્યગ્દર્શનાદિ થયા છે અને તેણે જ ખરેખર કેવળીભગવાનને, કેવળીના શાસ્ત્રોને તથા ગુરુને માન્યા છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**આત્મા જ જિન છે, એ જ સિદ્ધાંતનો સાર છે.**

**जो जिणु सो अप्पा मुणहु इह सिद्धतंहु सारु।**
**इउ जाणेविण जोयइहु छंडहु मायाचारु।।२१।।**

**જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;**
**એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧.**

**અન્વયાર્થ :–** (**जो जिणु सो अप्पा मुणहु**) જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો. (**इह सिद्धंतहु सारु**) આ જ સિદ્ધાંતનો સાર છે (**ईउ जाणेविण**) આમ જાણીને (**जोयइहु**) હે યોગીજનો! (**मायाचारु छंडहु**) માયાચાર છોડો.

---

**વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૧૨, બુધવાર**
**તા. ૧૫-૦૬-૧૯૬૬**
**ગાથા–૨૧ થી ૨૩. પ્રવચન નં. ૯**

---

૨૧. 'આત્મા જ જિન છે, એ જ સિદ્ધાંતનો સાર છે.' જુઓ! આ ગાથામાં ચારેય અનુયોગનો સાર શું છે એ આ બતાવે છે. સર્વ સિદ્ધાંતનો સાર. સર્વજ્ઞના મુખમાંથી જે દિવ્યધ્વનિ (નીકળી), સર્વજ્ઞ વીતરાગ થયા પછી દિવ્યધ્વનિ નીકળી એ દિવ્યધ્વનિનો સાર શું છે એ આમાં કહેવામાં આવે છે.

**जो जिणु सो अप्पा मुणहु इह सिद्धतंहु सारु।**
**इउ जाणेविण जोयइहु छंडहु मायाचारु।।२१।।**

'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો.' ભગવાનની વાણીમાં એવું આવ્યું, ચારે અનુયોગમાં, પ્રથમાનુયોગમાં પણ એ આવ્યું. ભલે કથાનુયોગમાં એ આત્માએ શુદ્ધ આત્માનું સાધન કરતાં એને રાગાદિ કેટલો રહ્યો અને ક્યાં સ્વર્ગમાં ગયા એની વાર્તાઓ ત્યાં છે. પ્રથમાનુયોગમાં પણ આત્માના શુદ્ધ સ્વરૂપને (બતાવે છે). કારણ કે જિનેન્દ્રએ ધ્વનિ દ્વારા કહ્યું એ તો વીતરાગપણું કરવાનું એમણે કહ્યું. પોતે સર્વજ્ઞ ને વીતરાગ થઈને વાણી આવી તો એ વાણીમાં અમે જે છીએ તેટલો તું છો અને તું છો તે અમે છીએ, સ્વરૂપે, હોં! પરમેશ્વરના સ્વરૂપમાં અને આત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી. વસ્તુ ભલે ભિન્ન હો પણ ભાવમાં કંઈ ફેર નથી.

મુમુક્ષુ :– પુરાણમાં પણ એમ લખ્યું છે?

www.vitragvani.com



ઉત્તર :– પુરાણમાં એ લખ્યું છે. પુરાણમાં લખવાનો સિદ્ધાંતનો સાર શું કીધું અહીંયાં? ‘इह सिद्धंतहु सारु’ પુરાણમાં કહ્યું હોય તોપણ જે આત્માઓ પોતાના સ્વરૂપને વીતરાગ જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ જાણી, ભેદનું લક્ષ છોડી દઈ અભેદ ચૈતન્યનું સાધન કર્યું એની કથાઓનું વર્ણન તેને પુરાણ કહે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવોનું એમાં વર્ણન છે. પણ એ પુરુષે વર્ણનમાં કર્યું શું? કહ્યું શું? અને શું કરવા કહ્યું? એ બધા વર્ણનમાં એ આત્માઓ, શલાકાપુરુષો, તીર્થંકરો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવો, પ્રતિવાસુદેવ વગેરે, એમણે મૂળ આત્માના અંતર સ્વરૂપનું (સાધન કર્યું). વીતરાગ જેવો જ હું આત્મા છું. સમજાય છે? એમને મોક્ષ પ્રગટ થઈ ગયો, મારે મોક્ષ સ્વભાવમાં પડેલો છે. એવા આત્મતત્ત્વને વીતરાગ પરમાત્મા જેવો પોતાને જાણવો એ જ અનુયોગમાં–પ્રથમાનુયોગમાં કહેવાનો સાર છે. કહો, સમજાણું કાંઈ?

બીજો, કરણાનુયોગ. કરણાનુયોગમાં પણ એ સાર છે કે, જુઓ! ભઈ! કર્મ નિમિત્ત છે, એના નિમિત્તે વિકાર થાય. એની અવસ્થાઓ અનેક જાતની થાય પણ એ કર્મ ને એ કહીએ છીએ એનો સાર ઇ કે એનાથી રહિત આત્મા છે. સમજાણું કાંઈ? કરણાનુયોગમાં કહેવાનો આશય તો એ છે કે, કર્મ એક ચીજ છે, એના લક્ષે જીવની અવસ્થાઓ અનેક થાય છે અને એના પરિણામ કેવા હોય એને બતાવે છે, પણ એ બધા વિકારી પરિણામ અને કર્મ એ વ્યવહારે વસ્તુ છે. એ બતાવવાનો આશય તો એનાથી રહિત તું છો એમ બતાવવું છે.

મુમુક્ષુ :– કર્મથી દુઃખી થયો એમ નથી બતાવવું?

ઉત્તર :– એમ નથી બતાવવું, એનાથી સહિત છો એમ નથી બતાવવું. રહિત છે તો રહિત થા એ માટે બતાવવું છે. સમજાણું કાંઈ? કર્મનું, વિકારનું સહિતપણું બતાવવાનો હેતુ એ કે વસ્તુને વર્તમાન પર્યાયે સંબંધ છે, વસ્તુના સ્વભાવમાં એનો સંબંધ નથી એ બતાવવા એ વાત કરી છે. સમજાણું કાંઈ? કરણાનુયોગમાં પણ સાર તો એ છે કે આવા પરિણામ આવા હોય, શુભ-અશુભ, અશુદ્ધ. સમજાય છે? એમાં નિમિત્ત કોણ હોય? એકમાં–શુદ્ધમાં નિમિત્તનો અભાવ હોય. એ બતાવીને બતાવવું છે તો આત્મા વીતરાગ પરમાત્મા સમાન (છે). પરમાત્માએ કહેલું તત્ત્વ પરમાત્મા થવા માટે જ કથન હોય. સર્વજ્ઞ અને વીતરાગ થઈને પછી કથન આવ્યું એનો અર્થ શું થયો? કે, તું સર્વજ્ઞ અને વીતરાગ થા એ માટે કથન આવ્યું. આહા..! તો ચારે અનુયોગમાં એ કથન એના સારમાં આવે છે. કહો!

ભગવાનઆત્મા પરમાત્મા સમાન છે, ભાઈ! અમે સહિત કહ્યું છે ઇ રહિત બતાવવા માટે. એના સહિતપણું વસ્તુમાં નથી એ બતાવવા માટે સહિતપણું બતાવ્યું છે. સમજાણું કાંઈ? તાત્પર્ય તો વીતરાગતા છે કે નહિ? તો વીતરાગતા ક્યારે આવે? જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું એમ બતાવ્યું, એટલે? તું જ્યારે જ્ઞાનની અવસ્થા હિણી કર ત્યારે જ્ઞાનાવરણી નિમિત્ત છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ બતાવવાનો હેતુ એ હિણતાની દશા અને નિમિત્તપણું, તેનો આશ્રય છોડ. રાખવા માટે કહ્યું છે? વીતરાગતા બતાવવા માટે કહ્યું છે કે પરમાત્મ થવા માટે કહ્યું છે કે ત્યાં રોકાવા માટે કહ્યું છે? પૂજા કરવા માટે કહ્યું છે?

મુમુક્ષુ :- અંતરાયકર્મની પૂજા, જ્ઞાનાવરણીયકર્મની પૂજા..

ઉત્તર :- અંતરાયની પૂજા શું પણ? અલ્પજ્ઞ પરિણમનના આદર માટે નથી કહ્યું. અલ્પજ્ઞ દશા તારી તારાથી થાય, અલ્પ દર્શન થાય, અલ્પ વીર્ય થાય એ બતાવીને પૂર્ણાનંદ અખંડ પરમાત્મ સમાન આત્મા છો અને હું પરમાત્મા થયો તે તું થઈ શકે એવો છો. એમ બતાવવા માટે કરણાનુયોગમાં એ કથન છે. શું કહે છે? જુઓને!

'जो जिणु सो अप्पा मुणहु' જે મોક્ષતત્ત્વ પ્રાપ્ત ભગવાન (છે), એવો આત્માને જાણ. લ્યો! કોઈ કહે, મોક્ષનું અમારે શું કામ છે? સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન સર્વજ્ઞની જાણે, અમારે શું કામ છે? આહાહા..! એનો અર્થ શું? સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાન એવું બતાવનારા ભગવાન પણ કહે છે કે, તું ત્રિકાળી જ્ઞાન જ છો. ત્રણકાળ ત્રણલોકને જાણનાર જ તું વર્તમાન છો. રાગનો કર્તા કે સંબંધમાં લક્ષ જાય એ કંઈ વાસ્તવિક સ્વરૂપ નથી. એ બતાવવા સર્વજ્ઞપદ, જિનપદ ને મોક્ષપદ બતાવ્યું છે. સમજાણું કાંઈ? પહેલા વાંધા આખા. સર્વજ્ઞ છે કે નહિ? સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે. અરે...! ભગવાન!

અહીં તો કહે છે, 'જિન સો હી આત્મા'. ઇ સર્વજ્ઞે જે બતાવ્યો એવો જ આ આત્મા (છે). પોતાને જાણવા જ માગતો નથી, એની દરકાર જ નથી. એ વાતમાં શલ્ય એવા હોય છે, સૂક્ષ્મ શલ્ય એવા રહ્યા હોય છે. આ તો બહુ સ્થૂળ છે, પણ અનંતકાળમાં નવમી ગ્રૈવેયકે ગયો એવા સૂક્ષ્મ શલ્ય અંદર મીઠાશના રહી ગયા કે એનો પત્તો એને હાથમાં આવ્યો નહિ. સમજાણું કાંઈ? ક્યાંક ક્યાંક અધિકપણે રાગને, વિકલ્પને, પુણ્યને, નિમિત્તને સ્વભાવમાંથી અનાદર કરીને ક્યાંક ક્યાંક અધિકપણું માન્યું, મનાવ્યું એવી દૃષ્ટિમાં રોકાણો પણ જિન તે આત્મા એમ એણે જાણ્યું નહિ. સમજાણું કાંઈ? જુઓને સાર સાર વાત ભરી છે.

'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે...' 'તે જ આ આત્મા છે...' એવો, એમ. 'એમ મનન કરો.' એમ મનન કરો. કરણાનુયોગમાં પણ એ જ કહ્યું છે અને ચરણાનુયોગમાં પણ એ કહ્યું છે કે, શ્રાવકના, મુનિના વ્રતો કેવા હોય? ક્યાં? કે જ્યાં શુદ્ધાત્મા જિન સમાન છે એમ જાણ્યો છે એની શુદ્ધતા પ્રગટ થઈ છે, એ ભૂમિકાના પ્રમાણમાં રાગના આચરણનો ભાવ કેવો હોય એ ત્યાં બતાવ્યું છે. એકલા રાગના આચરણ ખાતર રાગ બતાવ્યો છે? સમજાણું કાંઈ?

વીતરાગ પરમાનંદ પ્રભુ રાગ ને અલ્પજ્ઞનો આદર છોડી, નિમિત્ત, રાગ ને અલ્પજ્ઞનો આદર છોડી સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞ થયા. એમ (તારે) સર્વજ્ઞ થવું હોય તો અમારા જેવું તું કર, અમારા જેવો તું છો એમ પહેલું સ્થાપ. હું વસ્તુએ પૂર્ણ પરમાત્મા વીતરાગ છું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અલ્પજ્ઞતા છે, રાગ છે એ આદરવા લાયક નથી. એમ ચરણાનુયોગની અંદર પણ એ કહ્યું છે. આવું વર્તન શ્રાવકનું, મુનિનું વ્યવહારે હોય. તે વ્યવહાર હોય ક્યાં? કે, નિશ્ચય આવી શુદ્ધતા હોય ત્યાં. કેવી શુદ્ધતા? હું વીતરાગ સમાન પરમાત્મા છું. એકલો જ્ઞાતા-દૃષ્ટા આત્મા પરિપૂર્ણ છું એવા ભાનની ભૂમિકામાં બાકી રહેલા આચરણનો રાગ કેવો હોય તે ચરણાનુયોગમાં બતાવવામાં આવ્યું છે. એટલે એમાં સાર તો આત્મા જ છે. સાર, એ રાગની ક્રિયા એ સાર નથી. ભેદથી બતાવ્યો છે તો અભેદ. ભેદ સાર નથી. વ્યવહારથી બતાવ્યો છે નિશ્ચય, વ્યવહાર સાર નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારના આચરણથી બતાવ્યું કે ત્યાં નિશ્ચય કેવો હોય એ બતાવ્યું છે.

અહીં તો ચોખ્ખી વાત કરે છે. જુઓ! 'जो जिणु सो अप्पा' અહીં તો વીતરાગ તે આત્મા, એમ. કો'કને એમ થઈ જાય, અમે બે આત્મા એક હશે? એનો અર્થ કે, સર્વજ્ઞ પરમાત્મા કંદ, શુદ્ધ ચિદાનંદ પડ્યા છે, એવો જ તું કંદ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાનો કંદ તેને આત્મા કહીએ છીએ. 'जो जिणु सो अप्पा' આત્મા તદ્દન વીતરાગનો પિંડ જ છે. પરમાત્મા પર્યાયે વીતરાગ પિંડ થઈ ગયા. આ વસ્તુએ વીતરાગ પિંડ જ છે. એ જાણવા-દેખવાની ક્રિયા સિવાય એની કોઈ ક્રિયા છે જ નહિ. એમ તું આત્માને જિન સરખો જાણ.

દ્રવ્યાનુયોગમાં તો ઇ જ ચાલે છે. આ તો દ્રવ્યાનુયોગની વ્યાખ્યા છે. સમજાય છે? ત્રણ અનુયોગની વાત થઈ. દ્રવ્યાનુયોગમાં તો આત્માને શુદ્ધ બતાવવો (છે), અભેદ બતાવવો છે. ભેદથી બતાવે તો પણ બતાવવો છે ભેદ? વ્યહારથી વ્યવહાર બતાવ્યો છે? બતાવ્યો છે અભેદ. આ વસ્તુ પરમાત્મા પૂર્ણ છે. વિશ્વાસ એને ક્યાં છે? મહાસત્‌સ્વરૂપ ભગવાન ચિદાનંદ પરમાત્મા અનંતા પરમાત્મા જેને ગર્ભમાં પડ્યા એનો પ્રસવ કરવાની તાકાત એ આત્મામાં છે. રાગને પ્રગટ કરે એ આત્મા નહિ, એ આત્મામાં છે નહિ. અલ્પજ્ઞતા રહે એ આત્મામાં છે નહિ, એમ કહે છે. આહાહા..! કહો, 'પ્રવીણભાઈ'! આવી વાતું સાંભળી નથી.

મુમુક્ષુ :– આપની વાત લક્ષમાં લેવા માટે કેટલી લાયકાત જોઈએ.

ઉત્તર :– કેટલી લાયકાત (જોઈએ), ઠીક ને? એય! આહાહા..! શું કહે છે? પણ સામે શબ્દ પડ્યો છે કે નહિ? ચોપડી છે કે નહિ સૌના હાથમાં? નામા મેળવે કે નહિ? વાણિયા મેળવે ને? આ દિવાળી આવે ત્યારે નથી મેળવતા? આ દિવાળી આવ્યાના ટાણા, કેવળજ્ઞાન પામવાના ટાણા છે. આહાહા..! સમજાણું કાંઈ? સંસારનો સંકેલ, સંસારનો સંકેલ, મોક્ષનો વિસ્તાર. આહાહા..!

સિદ્ધાંત સાર આ છે, જુઓને! પાઠ તો કેવો શબ્દ મૂક્યો છે! ચાર અનુયોગના સિદ્ધાંતનો સાર એ સંસારનો અભાવ અને મોક્ષની ઉત્પત્તિ. એવો આત્મા પરમાત્મા સમાન છું એમ જાણ્યા વિના એને સ્વભાવનો આશ્રય નહિ થાય અને અલ્પજ્ઞ અને રાગનો આશ્રય નહિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ટળે તો સર્વજ્ઞ અને વીતરાગ નહિ થાય. આહાહા..! એ (ફક્ત) વાત નથી, એ વસ્તુ છે. સમજાય છે? ભગવાનઆત્મા એક સમયમાં જેવા પરમેશ્વર જિનેન્દ્ર ત્રણલોકના નાથ અનંત ગુણની સમૃદ્ધિએ વ્યક્તપણે પ્રગટ્યા એવા જે પરમાત્માના ટોળા સિદ્ધ નગરીએ બિરાજે છે. સમજાય છે? સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. એવો જ ભગવાનઆત્મા.. સમજાય છે? આના પછી કહેશે કે નહિ ઓલું? અસંખ્ય પ્રદેશ ક્યાં કહે છે? ઇ ક્ષેત્ર લેશે, પછી ૨૩ માં લેશે. ૨૩ માં છે, ૨૪ માં એક છે. ઇ પાછું ક્ષેત્ર બતાવવું છે એને. બધા ગુણો ક્યાં રહ્યા? અને એવડો તું છો. એ બતાવવું છે. આહાહા..!

ભાઈ! તું નજરને જરી બહારથી સંકેલ. પરમાત્મા સર્વજ્ઞ થયા એણે બહારથી સંકેલો કર્યો અને અંદરનો વિસ્તાર કર્યો હતો. સમજાય છે કાંઈ? એટલી અનુભવની દૃષ્ટિ થઈ કે હું તો પૂર્ણ અભેદ પરમાત્મા જ છું. મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી. એમ ફેર નથી એમ કરનારને ફેર છૂટી જશે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો 'યોગસાર' છે. સંતો, દિગંબર સંતોના કોઈપણ શાસ્ત્ર લ્યો, નાની ગાથા લ્યો, મોટી ગાથા લ્યો, કોઈ (પણ) લ્યો પણ અલૌકિક સંતોની કથન શૈલી છે. સનાતન વીતરાગ પરમેશ્વર ત્રણલોકના નાથ એણે જે ધર્મ કહ્યો એ દિગંબર સંતોએ ધારીને ઢંઢેરો પીટ્યો. ધર્મ ધુરંધર ધર્માત્મા. જુઓ! 'યોગીન્દ્રદેવ' પોકાર, પોકાર (કરે છે), અરે...! આત્મા પરમાત્મા જેવો. જિન અને તારામાં ફેર પાડે છે? ફેર પાડે છે? ફેર પાડે તો ફેર કે દિ' છૂટશે? સમજાણું કાંઈ?

'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો.' હું રાગવાળો, નિમિત્તવાળો, અલ્પજ્ઞવાળો એમ મનન નહિ કરો. આહાહા..! અરે...! હું અલ્પજ્ઞ, અરે..! આવી તાકાત તે મારામાં હોય? એ રહેવા દે. સમજાણું કાંઈ? હું તો પૂર્ણ પરમાત્મા થવાને લાયક નહિ પણ પરમાત્મા અત્યારે હું છું. આહાહા..! હું પોતે દ્રવ્ય સ્વભાવે પરમાત્મા છું. એ વીતરાગ અને (હું) બેમાં મારે ફેર નથી. એવું મનન કર. 'આ જ સિદ્ધાંતનો સાર છે.' જુઓ! ચારે અનુયોગ અને લાખો કથનમાં આ સાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'इह सिद्धंतहु सारु' ઓહોહો..! સારા શબ્દોના શાસ્ત્રો, વીતરાગી બધી વાણીના શાસ્ત્રો કે દિવ્યધ્વનિ એ બધાનો સાર તો આ છે. પરમાત્મા સમાન જાણવો એનો અર્થ કે, નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞ તરફની રુચિ છોડી દે અને સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપે હું આત્મા પરમાત્મા છું એમ અંદર દૃષ્ટિ કર. તું પરમાત્મા થયા વિના પર્યાયમાં રહીશ નહિ. તું પછી રહી શકીશ નહિ. ઇ છે કે નહિ? એ..ઇ...!

છતાને અછતું પછી નહિ ગોઠે. પૈસાવાળા ઝાઝા હોય ને, એ છોકરાના લગ્ન થાતા હોય ત્યાં ચું.. ચેં.. કરતો હશે? અને એકનો એક છોકરો હોય ને પચાસ લાખની મૂડી હોય તો (એમ બોલે) એ.. ખર્ચો પાંચ લાખ અત્યારે. અને છોકરો કમાઉ હોય, પૈસા આવતા હોય, કન્યા કરોડ રૂપિયા લાવતી હોય, કન્યા લાવતી હોય. દશ હજાર નહીં. સુમનભાઈ

www.vitragvani.com



તો દશ હજાર લાવે છે. ઓલા તો કરોડ રૂપિયા કન્યા લઈને આવતી હોય, પાંચ કરોડ તો અહીં હોય. અને છોકરો લાખો, કરોડો કમાતો હોય. લાવો, પાણી. ઓહોહો! અને વીસ વર્ષનો જુવાન છોકરો હોય. કહો, એમાં ઇ ખામી રાખતા હશે? છતાને અછતું શોભતું હશે? એમ ભગવાન આખો પરમાત્મા જેવો છતો (છે), એને અલ્પજ્ઞ અને રાગ શોભતો હશે? સમજાય છે કાંઈ? શું કહે છે ઇ? આહાહા..!

'जो जिणु सो अप्पा मुणहु' માર ધડાક પહેલેથી. પામર છો કે તું પ્રભુ છો? શું તારે સ્વીકારવું છે? પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય. પ્રભુપણે સ્વીકાર્યે પામરપણું ઊભું નહિ રહે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા હું પોતે દ્રવ્યે પરમેશ્વર સ્વરૂપ જ છું. એમ જ્યાં પરમેશ્વર સ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો વીતરાગ જેવો થયા વિના રહે નહિ. દૃષ્ટિમાં વીતરાગ થયો એ સ્થિરતાએ થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે, એમ અહીંયાં વાત કરે છે. સમજાણું કાંઈ? અરે...! અમે ક્યારે થાશું? અરે..! શું થાશે? હવે મૂકને પણ લપ. માળા, ક્યારે શું થશે શું? છે. છે, ભગવાન આખો પરમાત્મા પૂર્ણાનંદ જિનેશ્વર જેવો આત્મા (છે) એવા બધા ભગવાન છે, હોં! બધા ભગવાન છે. એને જો ને! રાગ અને અલ્પતા એ કાંઈ આત્મા છે? અલ્પતા (છે) એ તો વ્યવહાર આત્મા થયો. રાગાદિ તો પરતત્ત્વ થયું, કર્મ આદિ તો અજીવ તત્ત્વ થયું. જે આત્મા છે એને તું જો ને! તો આત્મા છે ઇ તો અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત વિનાનો છે. સમજાણું કાંઈ? એ જિનને જેમ અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત નથી એમ મારે પણ અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત નથી. હું સર્વજ્ઞ સમાન છું. આહાહા..! સમજાણું?

'इउ जाणेविण जोयइहु' એમ જાણીને હે ધર્મી જીવ! 'मायाचारु छंडहु'. શું કહે છે? આ અલ્પ રાગ ને આ રાગ કરીએ છીએ ને ફલાણું કરીએ છીએ ને ફલાણું કરશું એમ કરતાં કરતાં થાય એવી માયા છોડી દે. ભગવાન આખો સીધો સરળ પડ્યો છે. સમજાય છે કાંઈ? રાગ કરશો તો આમ થાશે, આમ પુણ્યની ક્રિયા લોકોને બતાવી. આ..હા...! ભારે ક્રિયા! શું કરવું છે તારે? રાગ કરીને બતાવવું છે કે હું સાધુ છું? આ કરીને બતાવવું છે તારે કે આ કરીને બતાવવું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? સાધુની ક્રિયા ને રાગની ક્રિયા.. જુઓ! આમાં બરાબર આમ નિર્દોષ કરી છે, આમ કરી છે, આમ કરી છે. શું છે તને? આહાહા..! માયાચાર શબ્દે ચારિત્રવંત છે ને? એને ત્રણ શલ્ય હોતાં નથી. માયા, નિદાન અને મિથ્યાત્વ–ત્રણ શલ્ય જ ન હોય. ભગવાનને શલ્ય હોય તો તને શલ્ય હોય. સિદ્ધ ભગવાનને છે? તો જિન સો હી આત્મા. 'શ્રીમદ્દે' કહ્યું નથી કંઈક? 'જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ' એ તો 'બનારસીદાસે' લખ્યું છે. 'એ હી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.' 'જિન સો હી હૈ આત્મા અને અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.' લ્યો! વળી એ આવી ગયું. જુઓ! આની સાથે મેળ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હૈં? એ 'બનારસીદાસ'માં છે. જુઓ! અહીં એ કહ્યું. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.' આહાહા..! ભગવાન પણ એને મોટો કરવા જાય તો કહે, ના, ના. ના, ના. ભાઈસાહેબ! એમ નહિ, હોં! એવડો મોટો હું નહિ, એવડો મોટો હું નહિ. ખરચ દેવું પડે માટે? બહુ પૈસાવાળા ઠરાવો તો તમારે પૈસાને લૂંટવા માટે મોટો મોટો કહો છો? એમ કહે. તમે તો બહુ પૈસાવાળા છો, તમે તો આવા છો. એમ કહીને અમારી પાસેથી કંઈ લેવું છે? મોટો ઠરાવીને અમારે શું કરવું છે? એ મોટો ઠરાવીને નાનાપણું લૂંટવું છે, સાંભળને! પૈસા લૂંટવા નથી ન્યાં તારી પાસેથી.

મુમુક્ષુ :- વેવલાપણું અહીંયાં કામ આવે એવું નથી.

ઉત્તર :- વેવલો-ફેવલો અહીં છે જ નહિ. વાણિયા વેવલા જેવા, અહીં વેવલા ક્યાં આત્મામાં હતા? એ.. 'છગનભાઈ'! 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ.' 'ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા, ચંચલ નારી કો નૈન છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા.' રાજા સાધુ થાય તો એનું ટાલકું અછતું રહેતું હશે? આ તો મોટો પુણ્યવંત પ્રાણી લાગે છે. વૈભવ છોડીને (આવ્યા છે), વૈભવી માણસ લાગે છે. સમજાણું? એમ આત્મા ભગવાન પોતાના રણક્ષેત્રે ચડ્યો. આહા..! હું તો પરમાત્મા અને મારામાં કાંઈ ફેર નથી. આહાહા! એમ પોતાની દૃષ્ટિમાં ભગવાનઆત્માને સમભાવી વીતરાગપણે પૂર્ણાનંદ તરીકે દેખતો, વીતરાગમાં અને આત્મામાં ક્યાંય ફેર ન દેખતો સિદ્ધાંતના સારને માયાચાર રહિત થઈને પામી જાય છે. સમજાણું કાંઈ? આ અંતર સ્વરૂપ ભગવાન જેવો છે ત્યાં જઈને ઠર ને! બહારના આચરણ વડે હું કંઈ મોટો છું એમ બતાવવા માગે છો? સમજાણું કાંઈ? નગ્નપણું થયું તો મોટા થયા, અઠ્ઠાવીસ મૂળગુણ પાળવાથી મોટા થયા. એનાથી મોટો છો? માયા છે, માળા! સમજાણું કાંઈ? જેનાથી અંદર ભગવાન મોટો થાય છે એની મોટપથી તને તું દેખ ને! એની શોભાથી તું શોભને! પરની શોભાથી શોભીને બીજાને દેખાડવું છે? તારે શું કરવું છે? સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મધોરી ધૂરંધરા મહાવિદેહ ક્ષેત્રમેં વિચરે. શું કીધું પહેલું? ધર્મકાળ અહો વર્તે. ધર્મક્ષેત્ર વિદેહમાં. જુઓ! પહેલો કાળ લીધો, ક્ષેત્ર લીધું. ધર્મધૂરંધર (ઇ) દ્રવ્ય લીધું. ધૂરંધર શું કીધું? વીસ વીસ જહાં ગર્જે ધોરી ધરૂમ. આહાહા..! ઇ વસ્તુ લીધી. કાળ, એનું ક્ષેત્ર, એનું દ્રવ્ય. એનો ભાવ તો એની પાસે અંદર છે. એવા ભગવાન. ધોરી ધર્મ ધૂરંધરા. ધોધમાર! આણે કર્યું છે, હોં! જુઓ! 'તીર્થંકરો દ્વારા જે દિવ્યધ્વનિ પ્રગટ થાય છે, તે જ સિદ્ધાંતનું મૂળ સ્ત્રોત છે.' સિદ્ધાંતનું મૂળ સ્ત્રોત ત્યાંથી આવ્યું. પહેલી લીટી છે, ભાઈ! 'તે જિનવાણીને ગણધરાદિ મુનિઓ ધારણામાં લઈને બાર અંગની રચના કરે છે...' અને બાર અંગનો સાર એમાં બતાવ્યો છે. દિવ્યધ્વનિમાં જ કહ્યો છે. આહાહા..!

વીતરાગ થયેલા, સર્વજ્ઞ થયેલા અલ્પજ્ઞમાં રાખવા માટે વાત કરતા હશે? રાગના કર્તવ્યમાં રાખવા માટે વાત કરતા હશે? નિમિત્તનું લક્ષ રાખજે અને મોક્ષ ટાંકજે! એના માટે ભગવાનની

www.vitragvani.com



વાણી છે. આહાહા..! નિમિત્તનું લક્ષ રાખજે! નિમિત્ત ઇ આવે તો કામ થાય? અહીં ત્રિકાળ પડ્યો છે ત્યાં એકાગ્ર થાય તો કામ થાય. એમ ન્યાં જા. વીતરાગની વાણીમાં એમ આવ્યું છે. ભારે પણ, પામરતાને એવી પીંખી નાખી છે. પામરતાને પીંખી નાખી. પ્રભુતા તો એક કોર પડી રહી. સલવાઈ ગયો, સલવાઈ તે ક્યાંય.

કહે છે, આહાહા..! 'इउ जाणेविण जोयइहु छंडहु मायाचारु।।' એ રાગ દ્વારા, વિકલ્પ દ્વારા મોટપ માનવી છોડી દે. સમજાય છે? આ વાણીના ઉપદેશ દ્વારા કે બહુ વાણી મળી અને સમજાવવાનો રાગ (આવ્યો) માટે એ વડે મારી મોટપ (છે). (એ વાત) છોડી દે. આહાહા..! એ તો માયાચાર છે. મૂકને પડતી. માળા! મોટપ તો અહીં અંદર પ્રભુતા બિરાજે છે. એના શરણમાં જતાં તારી શાંતિ અને વીતરાગતા પ્રગટ થશે. અમને બહુ આવડ્યું, હજારો માણસ અમે આમ કર્યાં, અમે લાખો પુસ્તકો બનાવ્યા. એ તે કંઈ તારા આચરણ છે? એ તારા આચરણ છે તે એનાથી શોભા, મોટપ મનાવે છો? શું કહે છો? મેં ઘણાને શિષ્યો બનાવ્યા. બનાવ્યા, ધૂળમાં.. કોણ બનાવે? કોણ બનાવે? અને કોના બનાવવાથી કોણ બને? ભગવાન પોતે પરમાત્મા સમાન છે એવું અંતર જાણીને ઠરે (તેને) પોતાને મોટપને લાભ મળે છે. બાકી ધૂળધાણી (છે). સમજાણું કાંઈ?

'छंडहु मायाचारु' મુનિને માયાચાર છાંડવાની જરૂર પડી? હા, એનો અર્થ ઇ. વિકલ્પની જાળ દ્વારા ને શરીરની સ્થિતિ દ્વારા મોટપ ન માનીશ, એનાથી મોટપ ન કરીશ. આ મને બહુ કહેતા આવડે છે, સમજાવતા આવડે છે, મોટા આચાર્ય થયા છીએ. સમજાય છે? અમને પદવી મળી છે. જુઓ! અમારી નીચે પાંચસો-પાંચસો સાધુઓ મોટા કરીને બેસાડ્યા છે. એવાથી મોટપ ન માનીશ, રહેવા દે. એ.. 'હરિભાઈ'! આહાહા..! ભારે વાત, ભાઈ! કહો! એ ૨૧ ગાથા (પૂરી) થઈ.

---

## હું જ પરમાત્મા છું.

जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु।
इउ जाणेविणु जोइआ अण्णु म करहु वियप्पु।।२२।।

જે પરમાત્મ તે જ હું, જે હું તે પરમાત્મ;
એમ જાણી હે યોગિજન! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨.

અન્વયાર્થ :– (जोइआ) હે યોગી! (जो परमणा सो जि हउं) જે પરમાત્મા છે તે જ હું છું (जो हउं सो परमप्पु) તથા જે હું છું તે જ પરમાત્મા છે (इउ जाणेविणु) એમ જાણીને (अण्णु वियप्प म करहु) બીજો કાંઈ પણ વિકલ્પ ન કર.

---

www.vitragvani.com



૨૨. હવે પોતે જ આવ્યો. ઓલું (-૨૧ ગાથામાં) જિન સો હી પરમાત્મા (કહીને) એમ જરી મેળવ્યું હતું. હવે મૈં હી પરમાત્મા હૂં. એમ અનુભવ કર મૈં હી પરમાત્મા હૂં. વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં, ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રની ઉપસ્થિતિના સમવસરણમાં લાખો, કરોડો દેવોની હાજરીમાં ભગવાનની વાણીમાં આવ્યું, તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર. ઓ..હો..હો..! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો. એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે? કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ. આહાહા..! જુઓ! ફેરવી વાત.

जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु।

इउ जाणेविणु जोइआ अण्णु म करहु वियप्पु।।२२।।

આહાહા..! જુઓ આ! કહે છે કે, ભાઈ! હે ધર્મીજીવ! 'જે પરમાત્મા છે તે જ હું છું...' પરમાત્માને વિકલ્પ નથી, પરમાત્મા બોલતા નથી, પરમાત્મા બોલવામાં આવતા નથી, એવો જ હું આત્મા પરમાત્મા છું એમ અનુભવ દૃષ્ટિમાં લે. આહાહા..! અહીં તો વિશેષ કહે છે કે, 'अण्णु म करहु वियप्पु'. બીજા જેટલા વિકલ્પો કરે, બીજાને સમજાવવાના, આ શાસ્ત્ર રચવાના, એનાથી તું મોટપ માનીશ (તો) એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? હવે બધી શાસ્ત્ર-બાસ્ત્ર ચર્ચા છોડીને આ કર, એમ કહે છે. ક્યાં સુધી તારે શાસ્ત્રની ચર્ચાઓ મથવી છે? આ શાસ્ત્રમાં આમ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે. એ તો બધી વિકલ્પની ઝાળ છે. આહાહા..!

'जो परमप्पा सो जि हउं' હું છું, એમ. 'सो जि हउं' એ પરમાત્મા તે જ હું છું. વળી ઓલા પરમાત્મા જેવો જાણ, એમ નહિ. અહીં તો કહે છે, પરમાત્મા જ હું છું. પહેલું એની સાથે મેળવ્યું હતું. અહીં તો પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ગુણનો પિંડ પ્રભુ, પિંડલો ભગવાન તે જ હું છું. એમ અંતરમાં નિશ્ચયમાં અનુભવમાં લાવ અને એનો અનુભવ કરવો એ તારા લાભમાં જાય છે. બાકી જેટલા વિકલ્પ કરવા ને વાણી-ફાણી એ બધું, શાસ્ત્રની ચર્ચાઓ ને વાદવિવાદ ને શાસ્ત્રચર્ચા કરવી એ બધું લાભમાં નથી, એમ અહીં તો કહે છે. હેં? સમજાણું કાંઈ?

એણે કહ્યું છે, 'વ્યવહારની કલ્પનાઓ છોડીને કેવળ એક શુદ્ધ નિશ્ચયનયથી પોતાના આત્માને ઓળખ.... શાસ્ત્રોનું જ્ઞાન સંકેત માત્ર છે. શાસ્ત્રના જ્ઞાનમાં જ જે અટવાયા કરશે તેને પોતાના આત્માનું દર્શન નહિ થાય.' આહાહા..!

મુમુક્ષુ :- કલ્પનાઓ કરી બધી વ્યવહારની.

ઉત્તર :- કલ્પના જ છે ને પણ વ્યવહારની. (તો કહે), નહિ, કલ્પના નહિ. હવે સાંભળને!

www.vitragvani.com



મુમુક્ષુ :– એનાથી તો સંવર, નિર્જરા થાય છે, સાહેબ!

ઉત્તર :– ધૂળ થાય છે. ભગવાન ચિદાનંદ બિરાજે છે ને તું વ્યવહાર રાંકાથી (લાભ માને). પરમેશ્વર થયો રાંકો. ભિખારી પરમેશ્વર થયો. એલા.. પરમેશ્વર પરમેશ્વર થાય કે ભિખારી પરમેશ્વર થાતો હશે? વ્યવહારનો રાગ ભિખારી છે, રાંક છે. નાશ થવાને લાયક છે એ પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? સમજાણું કાંઈ? શાસ્ત્રની ચર્ચાઓ અને કલ્પનાઓ, એ કલ્પના પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવો શાસ્ત્રની કલ્પના (–ચર્ચા) કરે. મૂક, આ કલ્પના છૂટ્યે, સ્થિર થયે કેવળજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો વીરોના માર્ગ છે, ભાઈ! આહાહા..! '....' એ આચાર્યનો ટૂકડો પહેલા ખૂબ લેતા. ઇ બધા તમે લખ્યા હતા. (સંવત) ૧૯૮૨ની સાલમાં, ખબર છે? 'વઢવાણ'. 'વીરવાણી.. વીરવાણી' આવતી ને? 'વીરવાણી'. (સંવત) ૧૯૮૨ની સાલમાં ચોમાસુ હતું. ૧૯૮૨માં ઇ બધા ટૂકડા લખતા. '....' ભગવાન ફરમાવે છે કે, અરે... આત્મા! તારો માર્ગ તો અફરગામીનો માર્ગ, ભાઈ! જે રસ્તે ચડ્યો ત્યાંથી ન ફર એવો તારો માર્ગ છે. આચાર્યના ટૂકડા છે. '...'માં. '...' પણ મહાપુરુષાર્થે આચરણમાં મૂકાય એવો તારો માર્ગ છે. એ કંઈ રેંજીફેંજી, પાવૈયા, હિજડાનો માર્ગ નથી. જે માર્ગે તું ચડ્યો (એ) અફર માર્ગ છે. નિજ અવ્યક્તગામી પાછો ન ફર એવો તારો રસ્તો છે. કેવળજ્ઞાન લીધે છૂટકો, એવો તારો માર્ગ છે. એ..ઇ...! 'વીરવાણી'માં લખતા, પછી પાછળથી છપાવતા. (સંવત) ૧૯૮૨-૮૩માં તે દિ' આમ કહેતા, હોં! તે દિ' પણ. સભા હોય, આ શું કહે છે પણ? આચારંગનો ટૂકડો છે. નમો લોએ સવ્વસાહુણંએવા ટૂકડા ૨૫-૫૦ એવા છે. નમો લોએ સવ્વસાહુણં ભગવાન કહે છે, હે વીર! દુનિયાના માર્ગ સાથે મારા વીતરાગમાર્ગને મેળવીશ નહિ. પ્રરૂપણા કરીશ નહિ. દુનિયા શું માને છે? ફલાણા શું માને છે? મોટા પંડિતો શું માન છે? હવે મૂકને પડતી. એ બધા હોળી કરે છે. નમો લોએ સવ્વસાહુણં અમારો વીતરાગનો માર્ગ પૂર્ણાનંદના પંથે વહેલા, લોકના સાથે એના માર્ગને મેળવતા નથી. લોક સાથે ક્યાંય મેળ ખાય (નહિ), બિલકુલ મેળ નહિ ખાય. લોકો તો મૂઢ છે, માળા! ઘણા જણાં હોય તો શું થઈ ગયું? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા હું પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય મહા પરમાત્માના અંતર સ્વરૂપે ભરેલો ઇ પરમાત્મા જ હું છું. અરે..! 'जो हउं सो परमप्पु' 'તથા જે હું છું તે જ પરમાત્મા છે...' લ્યો! 'જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે જ પરમાત્મા છે...' અરસપરસ લઈ લીધું. હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું. આ તે ક્યા પુરુષાર્થે કબુલાત આવે? 'મોહનભાઈ'! આહાહા! ભાઈસાહેબ! અમને બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, એક જરી આબરૂ થોડી ઠીક ન પડે તો આંચકો ખાય જાય, એને તમે પરમાત્મા કહો? અરે..! છોડને. એ કે દિ' તારા સ્વરૂપમાં હતા? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ પરમેશ્વરને પર્યાયમાં વિકલ્પની આડમાં ભગવાન પડ્યો છે આખો પરમેશ્વર, તેં ગોપવી દીધો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. વિકલ્પની આડમાં ગોપવી દીધો. નિર્વિકલ્પનાથ ભગવાન નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે, એ નિર્વિકલ્પ દશાથી જ પ્રાપ્ત થાય એવો છે. સમજાણું કાંઈ? આહાહા..!

જે પરમાત્મા છે તે જ હું છું. 'इउ जाणेविणु' 'એમ જાણીને...' 'अण्णु वियप्प म करहु' એમ કરીને (કહે છે), બીજો વ્યવહાર, શાસ્ત્રના ભણતરના વિકલ્પો, પંચ મહાવ્રતના વિકલ્પો, નવ તત્ત્વના ભેદના વિકલ્પો, મહાવ્રતના વિકલ્પો, નવ તત્ત્વના ભેદના વિકલ્પોએ બધું હવે ન કર, ન કર, કરવાનું તો આ છે.

મુમુક્ષુ :- પોતે મહાવ્રત કરે છે ને મહાવ્રતના વિકલ્પ છોડ, એમ કહે છે?

ઉત્તર :- છોડ, છોડ, છોડ એમ કહે છે. જુઓ! આ પોતે કહે છે.

મુમુક્ષુ :- પોતે કહે છે?

ઉત્તર :- આ શું કહે છે? છોડ. છોડવા જેવું છે તે છોડ, આદરવા જેવું છે ત્યાં ઠર. આહાહા..! પોતાની અંદર વસ્તુ આમ અનંત આનંદ અને અનંત ગુણથી ભરેલું આખું તત્ત્વ, એકલો પરમાત્માનો પોતે પિંડ છે. પરમ સ્વરૂપનો પિંડ ભગવાનઆત્મા છે, એનો આશ્રય (લે). એ જ હું. વિકલ્પ છોડી દે. શાસ્ત્રના ભણતરના વિકલ્પ છોડી દે. બીજાને સમજાવું તો મને લાભ થાય, એ તો એની માન્યતામાં હોય જ નહિ. પણ બીજાને સમજાવવાનો વિકલ્પ પણ મને લાભદાયક નથી. આહાહા..! એ.. 'રતનલાલજી'! આ વીતરાગમાર્ગ. આહાહા..! લાખો માણસ સમજી જાય, આહાહા..! તારે શું છે પણ? તું ક્યાં ત્યાં વિકલ્પ ને વાણીમાં છો? જ્યાં તું છો ત્યાં વિકલ્પ અને વાણી નથી, એ તો પરમાત્મસ્વરૂપ ચિદાનંદ અખંડ જ્ઞાતા-દૃષ્ટા નથી. ત્યાં એ વિકલ્પ, વાણી નથી. હવે તારે ન્યાંથી લાભ લેવો છે? સમજાણું કાંઈ? વિકલ્પ અને વાણી છે ત્યાં અજીવ તત્ત્વ અને બંધ તત્ત્વ છે. બંધ તત્ત્વમાં અબંધ ભગવાન બિરાજે છે? આહાહા..!

અબંધસ્વરૂપી પ્રભુ મોક્ષસ્વરૂપી આત્મા. વસ્તુ એટલે અબંધસ્વરૂપ. વસ્તુ એટલે કે મોક્ષસ્વરૂપ. વસ્તુ એટલે પૂર્ણ આનંદના પ્રગટ પ્રગટ શક્તિરૂપ આખું તત્ત્વ. એવા પરમાત્મા તે હું અને હું તે પરમાત્મા, એમ જાણીને હે આત્મા! બીજા વિકલ્પો છોડ, ભાઈ! છોડ. આહાહા..!

ઓલો કહે, નહિ. હજી શુભ વિકલ્પો કરશો તો ક્ષાયિક સમકિત થાશે. અરે...! કાળા કેરના કરી નાખ્યા તેં. પરમાત્માને લૂંટાવી નાખ્યો તેં, માળા! સમજાય છે કાંઈ? બાપા! એ નિગોદના ફળ તને આકરા પડશે, ભાઈ! આ દુનિયા તો બિચારી અત્યારે ઝીલશે કે, હા. આપણને તો કેટલું (મળે છે)! કેવો માર્ગ કહે છે! આહાહા..! શુભમાં તો ધર્મ થાય. ધૂળમાંય થોડો (ન થાય). શુભમાં ભગવાન પડ્યો છે? શુભથી પાર આત્મા છે. એવા આત્માનું અંદર શ્રદ્ધા, જ્ઞાન કર્યા વિના આના વડે મને મળશે, મૂઢ પામર થઈ જઈશ, નિગોદમાં જઈશ. હીણો પડતાં પડતાં પડતાં હું આત્મા છું કે નહિ, એ શ્રદ્ધા ઊડી જશે. આત્મા છું એવો

www.vitragvani.com



વ્યવહાર, અંદર અંશે શ્રદ્ધા છે તે ઊડી જશે. આહાહા..!

આળ ન દે, આળ ન દે, ભગવાનઆત્માને આળ ન દે. આળ દીધા (તો) આળ ચડી જશે તારા ઉપર. આહાહા..! એ એક શબ્દ આવતો હતો, નહિ? જે બીજાને આળ આપે છે તે પોતાને આળ આપે છે. એવો શબ્દ છે. તે દિ' વ્યાખ્યા કરતા. એ બધા લખાણ તમારી 'વીરવાણી'માં આવ્યા છે. ભાઈ ભેગા હતા? એમ. ત્યાં હતા તો ખરા, પણ આ લખવામાં ભેગા હતા? કો'ક વખતે.

જે કોઈ પોતાની આત્મસત્તા આવી પરમાત્મસત્તાને આળ આપે છે કે, હું એવડો નહિ, હું રાગવાળો ને અલ્પજ્ઞ ને નીચવાળો. એ આળ આપનારાઓ, આત્મામાં હું નહિ એમ એને એકવાર આળ આપશે. જગતમાં હું આત્મા જ નથી. હું નથી, હું નથી. ક્યાં હું ક્યાં છું? સમજાણું? આંધળો થઈ જઈશ. હું આત્મા જ, પરમાત્મા જ છું. અલ્પજ્ઞ અને રાગ નહિ, હું પરમાત્મા જ છું. એ સિવાય વિકલ્પને છોડી દે. એ બીજા વિકલ્પોથી કંઈક લાભ થશે, કંઈક લાભ થશે (એ છોડી દે). હેં? તીર્થંકર ગોત્ર બાંધે અને તીર્થંકર ગોત્ર બાંધે એને અલ્પ ભવમાં મુક્તિ થાય, લ્યો! 'શ્રીમદ્' કહે છે, એક જીવને પણ જો બરાબર સમજાવે તો તીર્થંકર ગોત્ર બાંધે. પણ બાંધે ને? એમ કહે છે. છૂટ્યો ક્યાં એમાં? અન્ય વિકલ્પ ન કર. અહીં તો તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ પણ છોડી દે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ છે ને, પ્રભુ! અરે..! તારે ખજાને ખોટ ક્યાં છે કે તારે બીજાનું શરણું લેવું પડે? આહાહા..!

મુમુક્ષુ :– પાંચમાં આરામાંય એવું છે?

ઉત્તર :– પાંચમા આરામાં ક્યાં, આરામાં આત્મા જ નથી. આરામાં આત્મા નથી, આત્મામાં આરો નથી. એ બે ભાઈઓ 'વીરવાણી' લખતા. સમજાણું કાંઈ? આ સિદ્ધાંતો ચાલે છે ને પાધરા! આહાહા..!

'अण्णु म करहु वियप्पु' ભગવાન! આહાહા..! કોણ કહે છે? સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. અહીં મુનિ કહે છે. સમજાય છે? મુનિરાજ દિગંબર સંત 'યોગીન્દ્રદેવ' જંગલવાસી, જેને એક કપડાનો તાણો નહોતો. જંગલમાં રહેતા. એકલા કપડાનો તાણો (નહોતો), એમ નહિ. એક વિકલ્પની લાગણીનો તાણો મારામાં નથી, એવા એ હતા. જે ભાવે મહાવ્રત વિકલ્પ ઊઠે એ મારામાં નથી, એવા એ હતા. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, 'इउ जाणेविणु जोइआ' એ સ્વરૂપમાં એકાગ્ર કરનાર જીવ! એ એકાગ્ર સિવાયના વિકલ્પો છે, ચાહે જેવો હોય, પંચ મહાવ્રતના હો, વ્યવહાર સમિતિ, ગુપ્તિના હો, વ્યવહાર પરને સમજાવવાના હો, શાસ્ત્ર વાંચવાના હો. હવે વાંચી વાંચીને ક્યાં સુધી વાંચવા છે તારે? એમ કહે છે. એ.. 'પ્રવીણભાઈ'! વાંચીને શું વાંચ્યા કરવું છે? કે ઓલો (–ભગવાન) વાંચવો છે અંદર?

અહીં તો કહે છે કે, એ વાંચેલા જ્ઞાનથી પકડાય એવો નથી, એવો ઇ છે. એ..

www.vitragvani.com



'ન્યાલભાઈ'! આરે...! એ શાસ્ત્રના જાણેલા જ્ઞાનથી પકડાય એવો નથી. શાસ્ત્ર ને શાસ્ત્ર તરફનું જ્ઞાન એ પરાલંબી જ્ઞાન છે. છોડ તેની મહિમા, તે વિના આત્માનો પત્તો નહિ લાગે, એમ કહે છે. આહાહા..! અહીં તો વિકલ્પની વાત કરી પણ એ વિકલ્પ છે. ભેદ છે, પર તરફનું જ્ઞાન એ આત્માના સ્વભાવનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઊંચો થઈ જાય, પાવૈયો હોય તો ન થાય. પાવૈયાને પાના ન ચડે. સમજાણું?

માતા 'દેવકી', 'શ્રીકૃષ્ણ' ત્યાં ઉછર્યા હતા ને? બીજે ઉછર્યા હતા ને? ગોવાળને ત્યાં. જ્યાં માતાને દેખીને પ્રેમ આવ્યો અને માતાના સ્તનમાં દૂધ આવ્યું. કુદરતે દૂધ આવ્યું. આમ જન્મ આપ્યો છે ને એણે! આ શું? કહે છે. ભરવાડને ત્યાં જન્મ આપ્યો ને આ મારી માતા લાગે છે. આને દૂધ શું આવ્યું આ? આ મારી જનેતા લાગે છે. ભરવાડને ત્યાં તો મને મૂક્યો લાગે છે. વાસુદેવ હતા ને! મહાવિચિક્ષણ બુદ્ધિવાળા હતા. 'દેવકી'ને કેમ દૂધ આવ્યું? આ મારી માતા લાગે છે. હું પણ આમ જોઉં તો બળ ને શરીરની બધી સ્થિતિ આવી લાગે છે. જ્યાં હું ભરવાડમાં ઉછર્યો હતો એ નાતની જાતનો હું નથી લાગતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમ નજર કરે ત્યાં રાણીને કહે, રાણીના દેદાર પણ જુદી જાતના, પુણ્યશાળી છે ને! દેવકી તો પુણ્યશાળી! આહા..! એ દેદારના પેટનો હું લાગું છું. આ નહિ, આ નહિ. માટે એના સ્તનમાં દૂધ આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! એમ આત્મા એ વિકલ્પની જાતનો નથી. નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાનઆત્મા નિર્વિકલ્પદૃષ્ટિથી પકડાય એવો છે, એમ કહે છે. સમજાણું આમાં?

'अण्णु म करहु वियप्पु' પંચ મહાવ્રતના વિકલ્પ પણ છોડી દે. ભગવાન તો એમ કહે છે કે, અમને સાંભળવું છોડી દે. આ પ્રભુ શું કહે છે પણ આ? એ..ઇ..! ભગવાન ફરમાવે છે કે, અમારી સામું જોવું છોડી દે. અમારી સામે જોવે તારો ભગવાન હાથ નહિ આવે. આહાહા..! દિવ્યધ્વનિ કહે છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું, ત્રિલોકનાથ સમવસરણમાં ફરમાવતા હતા, અરે.. આત્મા! તું પરમાત્મા છો, અંતરની ચીજમાં પરમાત્મા ન હો તો પર્યાય કાળે પરમાત્મા ક્યાંથી આવશે? શું બહારથી આવે એવો છે? ભગવાન પરમાત્માનું સ્વરૂપ જ તારું છે. ગર્ભમાં રહ્યો એ વાંદરો અને જન્મે બાળક? એમ બનતું હશે? ગર્ભમાં માણસનું બાળક તે પણ એવું હોય એનું એનલાર્જ થઈને બહાર આવે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્માનું રૂપ જ આત્માનું છે. આહાહા..! એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા, નિર્ગ્રંથતા એવા બધા ગુણોથી ભરેલો ભગવાન પરિપૂર્ણ પ્રભુ આત્મા તું છો. તને તું જો અને આત્મા જાણ ને માન, મારી સામું ભગવાન કહે છે કે, જોવું રહેવા દે. તાકવું રહેવા દે કે, મારાથી કંઈક મળશે, એમ કહે છે. આહાહા..! સમજાણું આ? એ વીતરાગની વાણીમાં આ હોય, પામરની વાણીમાં એ ન હોય. ભગવાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ લેવું નથી તમારે? કાંઈક ફળ તો લ્યો. આ ઉપદેશ આપી દીધો. શાસ્ત્રના ફળ ન થાય તો એની પર્યાયમાં, મારે શું છે? હું તો કેવળજ્ઞાની છું. મારે કંઈ લેવું નથી ને અધૂરું પૂરું કરવું નથી એને લઈને. સાધક જીવને અધૂરું પૂરું કરવું હોય તો કાંઈક વિકલ્પ ને પરને સમજાવવાથી થાતું નથી. અધૂરું પૂરું (કરવું હોય તો) પૂર્ણ પરમાત્માને દેખવામાં એકાકાર થાય તો અધૂરું પૂરું થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, શબ્દોથી સમજાતું નથી. છે? એ..ઇ..! મન અને વિચારમાં આવતો નથી. ભગવાન મનમાં વિચારવામાં આવે ઇ? પરમાત્મા અખંડ આનંદનો રસકંદ છે. અનાકુળ શાંતરસનું પોતે બીડલું, બીડલું, બીડું આખું પડ્યું છે. ખોલ દૃષ્ટિમાંથી, કહે છે. આહાહા..! એવા ભગવાન મનમાં વિચારમાં નથી આવતો. શબ્દ તો ક્રમ ક્રમથી બતાવે છે એમાં આત્મા ક્યાં આવ્યો? કહે છે. બધી શાસ્ત્રની ચર્ચાઓને છોડ. ગુણસ્થાન, માર્ગણાસ્થાનના વિચારને બંધ કર. લ્યો! એવું એણે ઘણું બધું લાંબું લખ્યું છે. સમજાણું કાંઈ? ફળનો દાખલો આપ્યો છે. ઠીક છે, કહો! એ બે ગાથા થઈ.

---

## આત્મા અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે.

सुद्धपएसह पूरियउ लोयायास पमाणु।
सो अप्पा अणुदिण मुणहु पावहु लहु णिव्वाणु।।२३।।

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશ પ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩.

અન્વયાર્થ :– (**लोयायासपमाणु सुद्धपएसह पूरियउ**) જે લોકાકાશ પ્રમાણ અસંખ્યાત શુદ્ધ પ્રદેશોથી પૂર્ણ છે (**सो अप्पा**) તે જ આ પોતાનો આત્મા છે. (**अणुदिण मुणहु**) રાતદિવસ એવું જ મનન કરો, અનુભવ કરો (**जिव्वाणु लहु पावहु**) અને શીઘ્ર જ નિર્વાણને પ્રાપ્ત કરો.

---

હવે આવી ત્રીજી. હવે ભગવાનનું સ્થળ બતાવે છે. ક્યા સ્થળમાં ભગવાન બિરાજે છે? આ ભગવાનઆત્મા ક્યા સ્થળમાં (રહે છે)? એનું ક્ષેત્ર ક્યાં? એનું ઘર ક્યાં છે એ ભગવાનનું? આહાહા..! 'આત્મા અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે.' ભગવાનઆત્મા..! આ (શરીર) તો માટીના ધૂળના રજકણો છે, ઇ કંઈ આત્મા નથી. અંદર રાગ, દ્વેષના પરિણામ થાય એ કંઈ આત્મા નથી. કર્મના રજકણ ધૂળ માટી પડી છે એ કર્મ જડ (છે), એ આત્મા નથી. આત્મા અંદર અસંખ્ય પ્રદેશી (છે). એક પ્રદેશ એને કહીએ કે જેનો એક પરમાણુ પોઈંટ ગજ સમાનનું માપ કરતાં જેની પહોળાઈ દેખાય તેને પ્રદેશ કહીએ. એવો ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી સ્થળમાં પડ્યો છે. એવા અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણનું ધામ પડ્યું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્ષેત્ર શું કરવા બતાવે છે? કોઈ એમ કહે કે, લોકવ્યાપક આત્મા છે. (પણ) એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, આમ એકાગ્ર થવા માગે છે ત્યારે એકાગ્ર થાય કે આમ એકાગ્ર થાય? હૈં? બસ! એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, આ દેહ પ્રમાણે દેહથી ભિન્ન, દેહ પ્રમાણે દેહથી ભિન્ન. દેહ પ્રમાણે ભલે હો. તેથી કંઈ દેહનું પ્રમાણ અહીં આત્મામાં આવી ગયું? એ તો અસંખ્ય પ્રદેશી ભગવાન લોકપ્રમાણ છે. લોકના જેટલા પ્રદેશ છે તેટલી સંખ્યાએ પ્રદેશમાં આત્મા બિરાજે છે. રાગમાં ક્યાંય એ બિરાજતો નથી.

**सुद्धपएसह पूरियउ लोयायास पमाणु।**
**सो अप्पा अणुदिण मुणहु पावहु लहु णिव्वाणु।।२३।।**

'लहु', 'लहु', 'लहु' ઘણી વાર આવે છે. મોક્ષ કર, મોક્ષ કર. મોક્ષ તો તારું ઘર છે. આહાહા..! સંસારમાં ક્યાં મરી ગયો રખડી રખડીને? ચોરાશીના અવતારમાં હોથા નીકળી ગયા તોય મૂકવાનો તને હરખ નથી આવતો? આહાહા..! ઘર તો આવ, ઘર તો આવ. આ પરઘર રખડીને મરી ગયો, કહે છે. ક્યાં ઘર રહ્યું તારું? 'લોકાકાશપ્રમાણ અસંખ્યાત શુદ્ધ પ્રદેશો...' દેખો! અંતર વસ્તુ અસંખ્ય પ્રદેશનું દળ છે. પ્રભુ અરૂપી પણ દળ છે. રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની અસંખ્યપ્રદેશી પહોળી દળવાળી ચીજ છે. દળ પુષ્ટવાળી ચીજ છે. એ અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય પ્રદેશો શુદ્ધ રત્ન સમાન નિર્મળ છે. અસંખ્ય પ્રદેશો શુદ્ધ રત્ન સમાન નિર્મળ છે. એમાં અનંતા અનંતા ગુણો નિર્મળપણે એ ક્ષેત્રમાં બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહેવાય ઓલા?

એક ઓઝલમાં બાઈ હોય ને? ભલે ઠેકાણા વિનાની (હોય પણ તેને) જોવાનું મન કરે છે. ક્યાં રહે છે? એ.. ઓલામાં રહે છે, ઓલા બંગલામાં. જરીક માથેથી પડદો આડો ખસીને બહાર નીકળે તો કહે, જુઓ આ નીકળ્યા! હૈં? માથે મેડીનો પડદો જરી ખસી ગયો તો એ રાણીસાહેબ નીકળ્યા.. એ.. રાણીસાહેબ નીકળ્યા. શું છે? હોય તોય સમજવા જેવું છે બધું. હૈં? રાણીસાહેબ નીકળ્યા, રાણીસાહેબ નીકળ્યા. 'ભાવનગર' દરબારના રાણી પહેલા નીકળ્યા ત્યારે લોકોને થયું શું નીકળ્યું? પહેલો ઓઝલ છોડ્યો છે ને? જ્યારે પહેલો ઓઝલ છોડ્યો ત્યારે મોટરમાં નીકળ્યા હતા. એ ગામ ઊછળી ગયું હતું. રાણીસાહેબ આજે ઓઝલ મૂક્યો, રાણીસાહેબે ઓઝલ મૂક્યો. એલા.. એના ચામડાને જોવા નીકળ્યો, ભગવાનને જોવા તો નીકળ એકવાર. ઓઝલ મૂકી દે. રાગની, વિકલ્પની એકતાની ઓઝલ છોડી દે. ભગવાન બિરાજે છે અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ. આહાહા..! અરે..! પણ વાત એને સાંભળવી.. શું આ હશે? હું આવડો હોઈશ? એને અતિરેક જેવું લાગે, અતિરેક જેવું લાગે. જે વસ્તુની સ્થિતિ છે એને અતિરેક શું કહેવાય? અતિશયોક્તિ (લાગે). આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહે છે, એ તારા પ્રદેશો અસંખ્ય સત્તા પ્રભુ ભગવાન છે. સમજાય છે? જે વસ્તુ હોય એને કંઈ પણ આકાર હોય. આત્મા વસ્તુ છે કે નહિ? તો આકાર હોય કે નહિ? વસ્તુ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તાને આકાર હોય કે નહિ? સત્તાને ક્ષેત્ર હોય કે નહિ? એમ સિદ્ધ કરે છે. એ.. 'પ્રવીણભાઈ'!

આ વસ્તુ છે, દેખો! આ વસ્તુ છે કે નહિ? તો એની સત્તા છે કે નહિ? છે ને? તો એનું ક્ષેત્ર છે ને? કેટલું? કે, આટલું. જેનું હોવાપણું છે એને ક્ષેત્ર હોય કે નહિ? જેનું હોવાપણું છે એને ક્ષેત્ર હોય કે નહિ? એમ આત્માનું હોવાપણું છે (તો) એનું ક્ષેત્ર છે કે નહિ? અસંખ્ય પ્રદેશ એનું સ્થળ–ક્ષેત્ર છે. એક એક પ્રદેશ પૂર્ણાનંદ, પૂર્ણ નિર્મળાનંદથી ભરેલા છે. જેમાં અનંતા આનંદ પાકે એવું એનું અસંખ્ય ક્ષેત્ર છે. એ અસંખ્ય ક્ષેત્રનું તારું ક્ષેત્ર એવું છે (કે) એમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ પાકે એ ક્ષેત્ર છે. કળથી પાકે એવું એ ખેતર નથી. આહાહા..! કળથી સમજાય છે? હલકી કળથી હોય છે ને? અનાજ થાય છે. કળથી સામાન્ય જમીનમાં થાય છે અને ઊંચા ચોખા હોય છે ને? ચોખા ઊંચી જમીનમાં થાય છે. તો આ તો આત્મા ઊંચી ચીજ, સિદ્ધની પર્યાય પાકે એવો આત્મા છે. સમજાય છે કાંઈ? સંસાર પાકે એ આત્મા નહિ. આહાહા..! રાગ-દ્વેષ પાકે એ આત્મક્ષેત્ર નહિ. આહાહા..!

આ શબ્દ લીધો છે ને? 'सुद्ध' શુદ્ધ પ્રદેશ છે. ભગવાનઆત્માના અસંખ્ય પ્રદેશ શુદ્ધ છે. જેમાં અનંત ગુણ બિરાજમાન છે. 'लोयाया' લોકના આકાશના પ્રદેશ પ્રમાણે એનું ક્ષેત્ર છે. 'सो अप्पा अणुदिण मुणहु' 'રાતદિવસ એવું જ મનન કરો,...' 'अप्पा अणुदिण' દિન-દિન, રાત્રે. રાત ને દિન એમ. 'मुणहु पावहु लहु' એવો અસંખ્ય પ્રદેશી ભગવાન અંદરમાં બિરાજે છે ત્યાં નજર કર, ત્યાં નજર કર, એ ક્ષેત્રમાં નજર કર. 'अणुदिण' એનું ધ્યાન કર તો અલ્પકાળમાં તેને કેવળજ્ઞાનરૂપી નિર્વાણદશા પ્રાપ્ત થાય, એ વિના બીજી રીતે કોઈ થાય એવી નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## કથંચિત્ ક્રમ-અક્રમપણું કઈ રીતે છે?

કોઈ એમ કહે છે કે 'જીવની પર્યાયમાં કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે; તેમજ શરીરાદિ અજીવની પર્યાયમાં પણ કેટલીક ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમરૂપ છે'. તે બધી વાત વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિપરીત છે, જ્ઞાનસ્વભાવથી વિપરીત છે અને કેવળીથી પણ તે વિપરીત છે. વસ્તુમાં એવું ક્રમ-અક્રમપણું નથી પરંતુ પર્યાય અપેક્ષાએ ક્રમબદ્ધપણું ને ગુણો સહવર્તી છે તે અપેક્ષાએ અક્રમપણું - એ રીતે વસ્તુ ક્રમ-અક્રમસ્વરૂપ છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

## વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૧૩, ગુરુવાર
## તા. ૧૬-૦૬-૧૯૬૬
## ગાથા–૨૩ થી ૨૬. પ્રવચન નં. ૧૦

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' કરેલું. ૨૩ મી ગાથા જરી થોડી ચાલી છે. ફરીને થોડી લઈએ.

सुद्धपएसह पूरियउ लोयायास पमाणु।
सो अप्पा अणुदिण मुणहु पावहु लहु णिव्वाणु।।२३।।

ભગવાનઆત્મા, આ દેહમાં અસંખ્ય પ્રદેશ શુદ્ધથી પરિપૂર્ણ પડ્યો છે. ક્ષેત્ર લીધું છે ને? એટલે એનું રૂપ અહીંયાં અસંખ્ય પ્રદેશમાં જ પૂર્ણ છે, એમ કહે છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે. એક પરમાણુ જેટલી જગ્યાને રોકે એટલા ભાગને પ્રદેશ કહે છે. એવા અસંખ્ય પ્રદેશી શુદ્ધ પ્રદેશ છે અને તેથી એ પરિપૂર્ણ છે. એટલામાં આત્મા દેહ, વાણી, મન, ક્ષેત્ર બીજા કર્મનું ક્ષેત્ર બીજું વિકારનું, અસંખ્ય પ્રદેશનો પુંજ પ્રભુ પરિપૂર્ણ ક્ષેત્રમાં એ પરિપૂર્ણ આત્મા એટલામાં છે. સમજાણું? એને 'તે જ આ પોતાનો આત્મા છે.' એ અસંખ્ય પ્રદેશમાં પરિપૂર્ણતા એટલાજ ક્ષેત્રમાં અને એક ક્ષેત્રમાં અનંતા શુદ્ધગુણોથી અસંખ્ય પ્રદેશ અસંખ્ય અંશો અનંતગુણોથી ભરેલાં પરિપૂર્ણ છે. એવા આત્માને રાત-દિન, દિન-રાત એનું મનન કરો. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ? રાતદિવસ એમ જ 'मुणहु'. જાણો મૂળ તો છે, અનુભવ કરો.

અસંખ્ય પ્રદેશમાં એટલામાં પરિપૂર્ણ ક્ષેત્રમાં એટલામાં જ આખો આત્મા ભરેલો અનંત ગુણનો પિંડ એટલામાં જ છે. કોઈ એમ કહે કે, બહાર વ્યાપક છે, એ વાત જૂઠી છે. એ વાત કહેવા અહીંયાં શુદ્ધ અસંખ્ય પ્રદેશી પૂર્ણ આત્મા છે (એમ કહ્યું). સમજાણું કાંઈ? એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં જ પૂરું પડે છે, વધારે બીજે લાંબુ છે નહિ. સમજાણું કાંઈ? કોઈ લોકવ્યાપક જીવને કહે છે, અનંતમાં અનંત ભળી જાય. બધા અનંત આત્માઓ, એકના બધા અંશરૂપ છે, એમ નથી. ભગવાનઆત્મા અસંખ્ય અંશોરૂપ પ્રદેશથી પરિપૂર્ણ શુદ્ધ ભરેલો છે. એનું 'अणुदिण मुणहु'. દિન દિન, રાત-દિવસ એનો અનુભવ કરો. જુઓ! આ મોક્ષમાર્ગ.

આત્મા અખંડ અનંત ગુણનો પિંડ, એને અનુસરીને અનુભવ કરો, આત્માનું વેદન કરો, આત્માની શાંતિને વેદો. એનું નામ ધર્મ અને મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? અહીં તો તાજો ચોખ્ખો માલ વર્ણવ્યો છે. આમ પુણ્ય-પાપના વિકલ્પો ભલે હો, એની સાથે અહીં કાંઈ કામ નથી. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશના પૂરથી ભરેલો પૂરો (છે). એનો અનુભવ

www.vitragvani.com



કરવાથી 'जिव्वाणु लहु पावहु' 'અને શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરો.' પોતાના સ્વરૂપની પૂર્ણ શુદ્ધતારૂપી નિર્વાણ, પોતાના આત્માની પૂર્ણ શુદ્ધતારૂપી નિર્વાણ, એને પ્રાપ્ત કરો. આ ઉપાય દ્વારા. બીજો કોઈ ઉપાય નથી. કહો, સમજાણું આમાં? આમાં મન-વચન ને કાયાની ક્રિયા ને બધું બહુ કાલે આવ્યું હતું. આહાહા..!

અહીં બંધની વાતેય નથી. બંધ તે પોતે પોતાના સ્વરૂપને ભૂલે તો બંધ થાય છે. પોતાના સ્વરૂપને સાવધાની(થી) સંભાળે તો મુક્તિ થાય છે. બાકી બીજી બધી વાતું છે. પોતાનો અસંખ્ય પ્રદેશી સ્વભાવ, અનંત ગુણથી ભરેલો એને ભૂલે અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ ને પરક્ષેત્રમાં મારી સત્તા છે એવી માન્યતા કરે તો એ પરિભ્રમણ કરે. કર્મ સાથે શું કામ છે એને? સમજાણું કાંઈ? એનાથી આ ગુલાંટ મારીને વાત છે. ભગવાનઆત્મા..! જેમ કોઠીમાં માલ પડ્યો હોય ને? માલ આખો. એમ આ અસંખ્ય પ્રદેશમાં આત્માનો બધો માલ પડ્યો છે.

મુમુક્ષુ :– કોઠીનાની ને માલ ઝાઝો?

ઉત્તર :– માલ અનંતો! ક્ષેત્ર થોડું હોય એનું અહીં શું કામ છે? ભાવ અનંત છે. અહીં નથી ખબર પડતી? અહીં જ્ઞાનની એક સમયની પર્યાય, એક સમયની પર્યાય અનંતને ખ્યાલમાં લ્યે છે. ક્ષેત્ર તો આટલું નાનું છે. લ્યો! આંખનું ક્ષેત્ર કેટલું? દેખો! આ તો વળી જોવાનું આટલું (મોટું). જોનાર તો આંખેથી જોવે છે. આમ પચીસ-પચાસ યોજન સુધી ડુંગર ઉપર કેટલી બધી નજર જાય! એને નાના ક્ષેત્રમાં રહેલું નાનું જ જાણે એવું કાંઈ નથી. નાના ક્ષેત્રમાં રહેલો અનંત ક્ષેત્રને પોતાના અસ્તિત્વમાં રહીને જાણે. એવી એની પોતાની સ્વભાવ સામર્થ્યતા છે. એવા ભગવાનઆત્માને અંતરમાં જો, કહે છે. તારું ઘર અસંખ્ય પ્રદેશી છે, એમ કહે છે. તારું ઘર કર્મ, શરીર, વાણી, મન-વચન છે એ તારું ઘર છે નહિ.

પરમાત્મા ભગવાન હોય તો એનું ઘર તારાથી જુદું છે. એનાથી તારું ઘર તો અહીં એટલામાં જ છે. સમજાણું? અસંખ્ય પ્રદેશનો પિંડ પ્રભુ, શુદ્ધ અનંત ગુણથી ભરેલો, એવા આત્માનું ધ્યાન કરો. આહાહા..! બહુ ટૂંકું. આ તો 'યોગસાર' છે ને! સમજાણું? 'શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરો.' લ્યો! એ વાત કાલે આવી હતી. થોડીક લીધી. હવે ચોવીસમી ગાથા.

www.vitragvani.com



## વ્યવહારથી આત્મા શરીરપ્રમાણ છે.

णिच्छइ लोयपमाण मुणि ववहारइ सुसरीरु।
एहउ अप्पसहाउ मुणि लहु पावहु भवतीरु।।२४।।

નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪.

અન્વયાર્થ :– (**णिच्छइ लोयपमाण ववहार सुसरीरु मुणि**) આત્માને લોકપ્રમાણ અને વ્યવહારનયથી પોતાના શરીર પ્રમાણે જાણો. (**एहउ अप्पसहाउ मુणि**) આવા પોતાના આત્માના સ્વભાવનું મનન કરતાં (**भव तीरु लहु पावहु**) આ જીવ સંસારનો કિનારો શીઘ્ર પ્રાપ્ત કરી લે છે. શીઘ્ર જ સંસારસાગર તરી જાય છે.

---

'વ્યવહારથી આત્મા શરીરપ્રમાણ છે.' નિશ્ચયથી લોકપ્રમાણ છે. ઓલા અસંખ્ય પ્રદેશ કીધાં ને? એ પ્રમાણે.

णिच्छइ लोयपमाण मुणि ववहारइ सुसरीरु।
एहउ अप्पसहाउ मुणि लहु पावहु भवतीरु।।२४।।

'लहु' શબ્દ બહુ આવે છે આમાં. અહીં તો ભવનો અભાવ કરવાની વાત છે. ભવ મળે એ કંઈ વસ્તુ નથી, એ તો અનાદિ સંસારી(ને છે), એ પછી કહેશે. પછીના શ્લોકમાં કહેશે. સમજાણું? ચોરાશી લાખ ફર્યો, પછી કહેશે. આત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત કરે અને ભવનો અભાવ કરે એ વાત છે. ભવ પ્રાપ્ત કરે અને એમાં રખડે એ તો અનાદિનો સંસારભાવ છે, એમાં એણે નવું શું કર્યું? એથી કહે છે, '**णिच्छइ लोयपमाण ववहार सुसरीरु मुणि**' નિશ્ચયથી આત્મા લોક પ્રમાણે છે. લોક પ્રમાણે એટલે? લોકના જેટલા અસંખ્ય પ્રદેશ છે એટલો નિશ્ચયથી અસંખ્ય પ્રદેશી (આત્મા) અહીં છે, એમ કહે છે. લોકપ્રમાણે પહોળો એમ નહિ. લોકના – આકાશના જેટલા અસંખ્ય પ્રદેશ છે એટલો અસંખ્ય પ્રદેશી અહીં લોકપ્રમાણે નિશ્ચયથી ભગવાન પોતાના ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. એ પરમાણુમાં આવતો નથી, કર્મમાં આવતો નથી, રાગમાં પણ આવતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

અસંખ્ય પ્રદેશમાં રહેલું તત્ત્વ, એ નિશ્ચયથી એમાં રહેલો છે. અને વ્યવહારથી પોતાના શરીર પ્રમાણ. આ નિમિત્તપણે અહીંયાં ગણો તો શરીરના આકાર પ્રમાણે ત્યાં રહેલો છે. એ તો પરદ્રવ્યની નિમિત્તની અપેક્ષાએ વ્યવહાર એટલામાં (રહ્યો છે). નિશ્ચય પોતાના અસંખ્ય પ્રદેશમાં (રહ્યો છે). નિશ્ચયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં, વ્યવહારથી તે શરીરના પ્રમાણમાં નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– ઇ અસંખ્ય પ્રદેશી જ એમાં લંબાઈ-પહોળાઈ નહીં.

ઉત્તર :– ઇ અસંખ્ય પ્રદેશ એ જ એનું ક્ષેત્ર, એટલું પહોળું ક્ષેત્ર છે. આ ઘર ને મકાન ને બાયડી ને છોકરા, મકાન એના નથી એમ કહે છે.

મુમુક્ષુ :– બે ફૂટ, પાંચ ફૂટ કે દસ ફૂટ એમ નહીં.

ઉત્તર :– એ નહિ, અસંખ્ય પ્રદેશી. પછી હજાર જોજનમાં વ્યાપે કે આટલા સાડા સાત હાથમાં મોક્ષ જાય એની વાત લેવી છે ને અહીં? અસંખ્ય પ્રદેશમાં રહેલો ભગવાનઆત્મા છે. એ અસંખ્ય પ્રદેશ એનું ક્ષેત્ર છે. એ વળી ક્ષેત્ર કેવું હશે? સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ આત્માનું ક્ષેત્ર છે. એવા અસંખ્ય પ્રદેશમાં આખા શરીર પ્રમાણે જુદું, જુદું, જુદું, જુદું (છે). જેમ પાણીનો કળશો હોય, (એમાં) એ કળશાનો આકાર અને અંદર પાણીનો આકાર ને પાણીનું સ્વરૂપ, એ પાણીનું ક્ષેત્ર પણ કળશાના આકારે હોવા છતાં પોતાને જ આકારે પોતામાં છે. એમ આ શરીર પ્રમાણે આત્મા અંદર હોવા છતાં પોતે પોતાને જ કારણે અસંખ્ય પ્રદેશી પોતાના આકારમાં રહેલી સત્તા છે. સત્તા છે, હોવાવાળું તત્ત્વ છે તો એને કોઈ આકાર, અવગાહન, પહોળાઈ હોય કે નહિ? એ પહોળાઈ કેટલી? કે, એ અસંખ્ય પ્રદેશી પહોળાઈ છે. એટલું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ જેમાં અનંત ગુણ ભર્યા છે એનાથી ત્યાં પૂરું ક્ષેત્ર પડે છે. એનું ક્ષેત્ર કર્મનું નહિ, રાગનું નહિ, શરીરનું નહિ, આ બાયડી, છોકરા, કુટુંબ એ એનું ક્ષેત્ર નહિ. આ ખેતર એના છે એ ખેતર એના નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? એ બધા ખેતર આત્માના નથી. આત્માનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ. એ બંગલામાં ભગવાન અનંત ગુણે બિરાજમાન છે. ત્યાં પૂરો આખો પડ્યો છે. વ્યવહારે શરીર પ્રમાણે છે એમ કહેવાય છે. નિમિત્ત છે એટલે.

**'एहउ अप्पसहाउ मुणि'** એવા પોતાના સ્વભાવને **'मुणि'** (અર્થાત્) જાણો. ભગવાનઆત્મા અનંત શાંતરસથી ભરેલો મહા પૂર્ણ આનંદસાગરથી ભરેલો, એમાં ડૂબકી માર. ન્હાવા જાય છે ને? ન્હાવા. શું કહેવાય તમારે? બાથરૂમ. આમ દરિયો ભર્યો છે આખો. ચૈતન્ય રત્નનો અસંખ્ય પ્રદેશમાં દરિયો ભર્યો છે. સમજાણું કાંઈ? કહે છે, એવા સ્વભાવને તું જાણ, એને જાણ અને **'भव तीरु लहु पावहु'**. અહીં તો **'मुणि'** જાણવાથી ભવતીરને પામે છે. એક જ વાત લીધી છે. આહાહા..!

વસ્તુની કિંમત કરી. ભગવાનઆત્મા આવું જ્ઞાનમૂર્તિ સ્વરૂપ, આનંદમૂર્તિ સ્વરૂપ, શાંત સ્વરૂપ, પૂર્ણાનંદનો નાથ અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન ભગવાન, એની શૂરતા લગાવીને, એની શૂરતા લગાવીને, એનું ધ્યાન કરીને. **'मुणि'**નો અર્થ જ એટલો કર્યો છે. એને જાણવું એટલે આમ જાણવું જે છે, આમ જાણવું જે છે રાગનું, નિમિત્તનું (જાણવું) આમ (થાય છે), આમ જાણ એટલે આમ (અંદરમાં) વળ્યો. સમજાણું કાંઈ? આહાહા..! આ શું કરવું ધર્મીએ? એમ કહે છે. બહુ ટૂંકું આ તો કરી નાખ્યું.

www.vitragvani.com



એણે કરવું આ ભગવાન અસંખ્ય પ્રદેશમાં નિશ્ચયથી બિરાજે છે, અનંત ગુણનો રસ લઈને, અનંત ગુણની શક્તિ-સામર્થ્ય લઈને (બિરાજે છે). એવા ભગવાનની સામું જો, એને જાણ. બસ! એને જાણવું એનું નામ મોક્ષનો માર્ગ છે. એકાગ્ર થા, 'लहु'.

મુમુક્ષુ :- આમાં ચારિત્ર ન આવ્યું.

ઉત્તર :- ચારિત્ર ન આવ્યું? શું આવ્યું? આ વસ્તુ આ જાણ એટલે જાણ્યું, એને શ્રદ્ધયું અને એમાં ઠર્યો. ત્રણે જાણવામાં આવ્યું. આ વસ્તુ એમ જાણ્યું, એ શી રીતે જાણ્યું? ઠર્યા વિના જાણ્યું? અને શ્રદ્ધ્યા વિના જાણ્યું? અને જાણ્યા વિના શ્રદ્ધા? જાણ્યા વિના સ્થિરતા? સમજાણું કાંઈ?

આ ચારિત્ર શું છે? અહીં તો એટલું કીધું, 'एहउ अप्पसहाउ मुणि भव तीरु लहु पावहु'. જુઓ! પાઠ શું છે? 'યોગસાર', 'યોગીન્દ્રદેવ' એમ કહે છે કે, આવો ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી નિશ્ચયે (છે) એને તું 'अप्पसहाउ' આત્માના સ્વભાવને જાણ. જાણ એ જ 'भव तीरु लहु पावहु'. એમાં તો એક જ શબ્દ છે. સમજાણું કાંઈ? એ જાણવાનો અર્થ કે, આત્મા પૂર્ણાનંદ એના તરફ જ્યાં જાણવા વળ્યો ત્યાં સ્થિરતા પણ થઈ, શ્રદ્ધા પણ થઈ. આખો આત્મા પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો પિંડ પ્રભુ જ્યાં જ્ઞાનમાં જણાણો એને ક્યો ગુણ પ્રગટ થયા વિના બાકી રહે? સમજાણું કાંઈ? આખી ચીજ પૂર્ણ, એના સન્મુખમાં વળતાં, ઢળતાં ક્યા અનંત ગુણનો (અંશ), પિંડ અસંખ્ય પ્રદેશમાં, ક્યા ગુણના અંશના અંકુર ફૂટ્યા વિના રહે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લખાણમાં વર્તમાન બધી વાત કરી. ટૂંકાણમાં બધું સમજી જાય.

ઉત્તર :- ઇ સમજી જશે, એવો જ (શિષ્ય) અહીં લીધો છે. આ સાંભળનાર, મોક્ષ જોવે છે એ કેવા હોય? સમજાણું કાંઈ? જેને આત્માનું હિત કરવું (છે), એવા શિષ્ય અહીં લીધા છે. એ જ સમજવાને કામી છે, બીજા કામી કે દિ' છે? સમજાણું કાંઈ? શબ્દ તો બહુ થોડા મૂક્યા છે. આહાહા..!

કહે છે કે, અસંખ્ય પ્રદેશી પ્રભુ, એ હજાર જોજનના મચ્છમાં રહે તોય અસંખ્ય પ્રદેશી છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં આત્મા જાય, એક હજાર જોજનનો મચ્છ છે ને? છે અસંખ્ય પ્રદેશી. અંગૂલના અસંખ્ય ભાગમાં એટલામાં રહે તોય અસંખ્ય પ્રદેશી (છે). અસંખ્ય પ્રદેશમાં ઓછાવત્તા થતા નથી. એ તો એનું પોતાનું ક્ષેત્ર આમ પહોળું થયું. સંખ્યા વધી નથી, સંખ્યા ઘટી નથી. સમજાણું કાંઈ? એવા આત્માને અંતરમાં ધ્યાન કર, કહે છે, લ્યો! સમજાણું? (પછી) સમુદ્દઘાતની વાત કરી છે, 'ઇષ્ટોપદેશ'નો છેલ્લો શ્લોક આપણે આવ્યો હતો, ૨૧મો, એને આપ્યો છે. આ છે ને?

स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।
अत्यंत सौख्यवानात्मा लोकालोकविलोकनः।।२१।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– 'तनुमात्रो' છે ખરું ને?

ઉત્તર :– હા, એની સાથે મેળ કરવા (આપ્યો છે). 'આ આત્મા લોકાલોકને દેખનાર...' છેલ્લે લીટી છે. 'અત્યંત સુખી...' સમજાણું કાંઈ? ભગવાનઆત્મા કેવો છે? કે, લોકાલોકને દેખે તેવું તેને સ્વરૂપ છે. એનો સ્વભાવ જ લોકાલોકને દેખવાનો એનો સ્વભાવ છે. એને આત્મા કહીએ. અત્યંત સુખી છે. સુખી એટલે ભગવાન અનંત સૌખ્યસ્વરૂપ છે. અનંત આનંદસ્વરૂપ આત્મા, એને આત્મા કહીએ. એમાં રાગ-દ્વેષ ને દુઃખ એમાં નથી. આહાહા..! અનંત અતીન્દ્રિય આનંદના ચોસલા અંદર પડ્યા છે, કહે છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત આનંદ એવો અંતરમાં છે. એ સ્વરૂપે જ અનાદિ એમ જ છે અને તે નિત્ય છે. વસ્તુએ નિત્ય છે. સ્વાનુભવથી તેનું દર્શન થાય છે. જુઓ! આની સાથે મેળવ્યું છે. ઓલું 'मुणहु' છે ને? 'मुणहु'. એ આત્મા સ્વાનુભવ અંતરના અનુભવથી જ તેના દર્શન થાય છે. આહાહા..! કોઈ મન, વચનની ક્રિયા કે દયા, દાન, ભક્તિના વિકલ્પો એ દ્વારા આત્માનો અનુભવ થતો જ નથી. અરે..! ભગવાન! એને એમ લાગે છે કે.. અર..ર...! અરે..! ભાઈ! પણ કરવાનું આ છે, બાપા! એ વિના તારા બધાં થોથા છે. સમજાણું કાંઈ? અરે..! અમારો વ્યવહાર ક્યાં જાશે? હજી એને વ્યવહાર જાય ત્યાં ગોઠતો નથી. પણ વ્યવહાર એનામાં નથી. એ વ્યવહાર હોય તો આ બધું રહેશે, વાળો રહેશે. (નહિંતર) વ્યવહાર સમાપ્ત થઈ જશે. સમાપ્ત થાય તો સારું, સાંભળને! એમાં સમાશે. આહાહા..! અરે...! અમારા વેરી સામે ન રહે તો અમે સમાપ્ત થઈ જશું! કહો, સમજાણું આમાં? ચૈતન્યમૂર્તિ ભગવાન અનંત આનંદનો પિંડ પ્રભુ, એનાથી વિરુદ્ધ જેટલા વિકલ્પો છે એ તો વેરી છે. એ વેરી ન રહે તો અમારું શું થશે? વેરી ન રહે તો સંપ્રદાયનું શું થશે? શું કરવું છે તારે પ્રભુ? આહાહા..!

મુમુક્ષુ :– શું જોઈએ છે એ ભૂલી ગયો હશે?

ઉત્તર :– ખબર જ નથી શું જોવે? એક નામ ધાર્યું છે, ધર્મ કરવો, ધર્મ કરવો એક શબ્દ પકડ્યો. સમજાણું? બે વર્ષના છોકરાને કહે ને કે, જો આપણા મોટાભાઈ પરણે છે, પરણવું છે તારે? ત્યારે કહે, હા. પરણવું એટલે શું એની એને કિંમત ન મળે. એની જવાબદારી શું છે એની ખબર ન મળે. જો, આપણો ભાઈ પરણે છે, મોટાભાઈ, હોં! મોટાભાઈ પરણે છે, તારે પરણવું છે? તો કહે, હા. કે દિ' લગ્ન કરવા છે? આજે? તો કહે, હા. કહો, એને નથી ખબર લગ્નની, નથી ખબર કાળની. લગ્ન એટલે શું અને એમાં શું થતું હશે એની કાંઈ ખબર ન મળે. એમ આને કહે કે, તારે ધર્મ કરવો છે? તો કહે, હા. ક્યાં? ઇ છોકરાની જેવું છે. હેં? આહાહા..! ભાઈ! ધર્મ ક્યાં થાય? ધર્મ શું હશે? ધર્મના ફળ શું છે? એ ધર્મ કેટલા ક્ષેત્રમાં રહેલો થાય? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ તો સાર, સાર વસ્તુ છે.

ભાઈ! તું અનંત આનંદનો પિંડ પ્રભુ છો ને! એ અનંત આનંદ એમાં નિત્ય છે. આ

www.vitragvani.com



એમાં નજર કર તો તારી મુક્તિ થાય. ઇ નજરમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી ગયા. 'मुणहु' છે ને? આહાહા..! અને એ આત્મા 'स्वानुभूत्या चकासते'. એ પોતાના અનુભવની ક્રિયાથી જ પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે. એ વ્યવહારના વિકલ્પો, દયા, દાન, વ્રતના વિકલ્પથી આત્મા પ્રસિદ્ધ થાય એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! અરે! ક્યાં એને નાખવો છે? સમજાય છે?

ત્રણલોકનો નાથ બાદશાહ પરમાત્મા, એને આવા વિકલ્પો હોય તો એને કાંઈક લાભ થાય, શુભ-અશુભ વિકલ્પ હોય તો કાંઈક અંદરમાં પ્રવેશ થાય. અરે..! આ તો જેને છોડવા છે અને જેનો આદર કરવો છે, એ આદર કરવો એમાં એ વિકલ્પ છે નહિ અને જેને છોડવા છે એને લઈને અંદર પ્રવેશ થઈ શકશે? સમજાણું કાંઈ? એક વાત નિમિત્ત તરીકે છે પણ એ નિમિત્ત તરીકે ક્યારે કહેવાય? ભગવાન અનંત આનંદની મૂર્તિ છે, અસંખ્ય પ્રદેશી પરિપૂર્ણ પ્રભુ છે. આ એનું અંતરમાં 'मुणहु' એટલે ધ્યાન કરવું. એના તરફનું ધ્યેય કરી, તેનું જ્ઞેય કરી, તેમાં ઠરવું એનું નામ આત્માને જાણવું એમ કહેવામાં આવે છે.

અરે..! એને ચાર ગતિના દુઃખ નથી લાગ્યા. સમજાણું કાંઈ? એ વ્યવહારના વિકલ્પો પણ ભગવાન દુઃખરૂપ છે. પ્રભુ સુખરૂપ છે. આત્મા તો આનંદરૂપ છે, એ આનંદરૂપ ઓલા દુઃખરૂપથી પ્રાપ્ત થાય? સમજાણું કાંઈ? એથી અહીં કહે છે કે, એ તો સ્વાનુભવથી જ જણાય એવો છે. એ રાગથી ને વિકલ્પથી જણાય એવો નથી. આહાહા..! શું થાય? એને અનાદિથી લૂંટવા દીધો છે. લૂંટવા દીધો છે. લૂંટ, લૂંટ આત્માને લૂંટ. અજ્ઞાનભાવથી લૂંટાઈ ગયો. કાંઈ રહ્યું નહિ. એનું શું સ્વરૂપ છે એ ક્યાંય લક્ષમાં રહ્યું નહિ. ભગવાનઆત્મા કહે છે, ભાઈ! એક સ્વસંવેદનથી જ જણાય એવી એની શક્તિ ને એનું સત્ત્વ ને એનું સ્વરૂપ જ એવું છે. એનું સ્વરૂપ એવું છે એનાથી વિરુદ્ધ તું કરવા જા તો શી રીતે અંદરની પ્રાપ્તિ થશે? સમજાણું કાંઈ?

અરે...! ત્રણલોકના નાથ પરમેશ્વર કેવળજ્ઞાની આમ ફરમાવે છે, ભાઈ! તું તો અનંત આનંદસ્વરૂપ છો ને! અને તે પણ તું તારાથી વેદીને અનુભવી શકાય એવી તારી ચીજ છે. તને એવા પામર વિકલ્પની જરૂર નથી. એ ભિખારા પામર રાગ એની તને જરૂર નથી, ભાઈ! એના ટેકાની તને જરૂર નથી. આહાહા..! પણ માળો કહે, ના, ના, ના, ના.

મુમુક્ષુ :- પહેલા એમ હોય ને.

ઉત્તર :- શું પણ પહેલા પછી હતું કે દિ'? અહીં ઇ તો વાત કરે છે. આહાહા..! આમાં સમજાય છે?

ઇ આમાં આવે છે, શ્વેતાંબરમાં એક કથા આવે છે ને? 'સુકુમારિકા', હેં? 'સુકુમાળિકા', 'દ્રૌપદિ'નો જીવ, પૂર્વે. ઓલા મુનિને આહાર આપ્યા હતા ને? એવું આવે છે. ઝેરનો આહાર આપ્યો હતો, કડવા તુંબડાનો. ફરતા-ફરતા શરીર એવું મળ્યું, ઝેર જેવું મળ્યું. શરીર. કોઈ

www.vitragvani.com



એનો હાથ ઝાલે તો અગ્નિ લાગે. વિષયવાસનાથી હાથ ઝાલે તો અગ્નિ લાગે. પછી એના બાપે કો'ક ગમે એવો સાધારણ ભિખારી નીકળ્યો હશે. જુવાન માણસ હતો, માખ્યું ગણગણે ને ભિખારી. એને આમ અંદર (થયું કે) આને પરણાવીએ. પછી મોટા મોટા કરોડોપતિ (છે) પણ આને શું કરવા બોલાવે છે? આવ, આવ, શેઠ બોલાવે છે. પણ શું કરવા? ઘરમાં જમાઈ કરવા બોલાવે છે. અંદર નાખ્યો ત્યાં ઓલા મેલાં કપડા હતા ને? લાકડા, ટોપી, લાકડી, ફૂટલું હાંડલું. શેઠે હુકમ કર્યો કે, નાખી દે. નાખી દે એને. ઓલા નાખી દેવા મંડ્યા તો આ રાડ પાડવા માંડ્યો. એને એમ કે, અર..ર...! આટલું પણ જાય છે મારું. આ તો મળે ત્યારે ખરું. પોતાની દીકરી પરણાવતા હતા. લગ્ન કરેલા, પણ લગ્ન કરેલો ચાલ્યો ગયેલો. કારણ કે અગ્નિ જેવું લાગે તો ભાગી ગયો. એટલે પછી આ એક ગરીબ માણસ હતો, જુવાન માણસ નીકળ્યો (એને) બોલાવ્યો. નોકર(ને કહ્યું), આને લઈ જાવ. શેઠ બેઠા હતા. ત્યાં ઓલું ફૂટલી હાંડલી ને શંકોરુ, એને નાખી દ્યો. આપણે હવે તો અહીં સોનાના, રૂપાના થાળે જમાડવા છે. નાખતા (હતા ત્યાં) રાડ પાડી. એટલે પછી શેઠે આમ જોયું, કેમ રાડ પાડે છે? એને વિશ્વાસ નથી આવતો. એને રાખો ખૂણે. એને એના ખૂણામાં રાખો. જુઓ! આ લખણ પહેલેથી. એટલે પછી જ્યાં બાઈને પરણાવી, સારા લૂગડાં પહેરાવ્યા, લાખ-લાખ રૂપિયાના કપડા, પણ આમ હાથ જ્યાં મેળવ્યો, અગ્નિ.. અગ્નિ. હાય.. હાય..! હવે? રાત્રે આમ ફળિયામાં સૂવા ગયા ત્યાં પડખું આમ જ્યાં કરે ત્યાં અગ્નિ. ઓલી સૂતી હતી ત્યાં ભાગ્યો. લૂગડાં-બૂગડાં ઉતારીને, હોં! નહિતર પાછા પકડશે. સાંભળ્યું છે? 'જ્ઞાતાસૂત્ર'માં આ આવે છે. ઓલું બધું મૂકી દીધું, પછી ઓલું ખૂણામાં મૂક્યું હતું એને લઈને ભાગી ગયો.

એમ આ અનાદિનો ભિખારી, ભગવાન બોલાવે છે કે, એલા... તને અનુભવની પરિણતિએ પરણાવીએ, હાલ.. હાલ. પણ એને (થાય કે), મારા વિકલ્પ ચાલ્યા જાય ને મારો વ્યવહાર ચાલ્યો જાય. અરે..! નહિ જાય, સાંભળને હવે. 'મલૂકચંદભાઈ'! ભાઈસાહેબ! મારા વ્યવહારના ઓલા વિકલ્પનું શું કરવું? વ્યવહારથી પમાય એ વિકલ્પ? ભગવાન કહે, ભઈ! રાખ, રાખ, રાખ. પણ હવે એને રાખીને એની દૃષ્ટિ છોડી અહીં આવ. આવવાની દરકાર છે નહિ, ઓલા ઉપર પ્રેમ છે. ન્યાં પ્રેમ તો છોડ્યો નથી એટલે અંદરમાં જઈ શકતો નથી. થઈ રહ્યું, ધોયેલ મૂળા જેવો એમ ને એમ રાગ ને વ્યવહાર લઈને ચોરાશીના અવતારમાં ચાલ્યો ગયો. 'જ્ઞાતાસૂત્ર'માં ઇ આવે છે. અહીં તો બધી કથા વ્યાખ્યાનમાં વાંચેલી ને? આહાહા..!

મુમુક્ષુ :– વાંચેલી ને લડાવેલી.

ઉત્તર :– લડાવેલી. અહીંથી ત્યાં બધી લડાવેલી, હોં! એટલું ફૂટલું હાંડલું એને છોડવું ગોઠતું નથી. એને એના પૈસા ઉપજાવવા છે અરે..! પણ એટલે પહેલા જ તારા પાપના ઉદય લાગે છે. એમ આને, વ્યવહાર નહિ હોય, વ્યવહાર વિના પમાય છે? અરે..રે...! ત્યારે કહે, વ્યવહાર સાધન છે, સાધન. (ત્યારે એને એમ થાય કે), હાશ. પણ એ સાધન નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાંભળને, સાધન કીધું એ તો એને છોડીને સ્વભાવમાં એકાગ્ર થા તો એને વ્યવહાર સાધન કહેવાય. આહાહા..! રાડ નાખે છે બિચારા, પોકાર, પોકાર, 'સોનગઢ' સામે પોકાર. એની સામે પોકાર. ભગવાન! આ વાત નહિ ફરે, તને ખબર નથી. આ તો ત્રણકાળ ત્રણલોકમાં સિદ્ધ થયેલી સર્વજ્ઞથી આવેલી વાત છે. અહીં શું પોકાર કરે છે? જુઓને!

કહે છે કે, આત્મા 'પરમાનંદપદ પોતાના શુદ્ધ આત્મદેવને શરીર પ્રમાણ આકારધારી માનવો અને તેનું ધ્યાન કરે...' દેખો! સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપનું ધ્યાન કર, ભાઈ! પણ પાધરું ધ્યાન? પાધરું એટલે સમજ્યા? સીધું. કાંઈ કરવાનું તો કહો. પણ કરવાનું (નથી), અહીં મૂકવાનું છે. આહાહા..! હવે કહે છે, જુઓ! ૨૫મી (ગાથા).

---

## જીવ સમ્યક્ત્વ વિના ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરે છે.

**चउरासीलक्खह फिरिउ काल अणाइ अणंतु।**
**पर सम्मत्त ण लध्धु जिउ एहउ जाणि णिभंतु।।२५।।**

**લક્ષ ચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત;**
**પણ સમકિત તે નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫.**

અન્વયાર્થ :- (अणाइ काल) અનાદિકાળથી (चउरासी लक्खह फिरिउ) આ જીવ ૮૪ લાખ યોનિઓમાં ભટકતો ફરતો રહ્યો છે. (अणंतु) અને અનંતકાળ સુધી પણ સમ્યક્ત્વ વિના ફરી શકે છે. (पर सम्मत्त ण लध्धु) પરંતુ હજી સુધી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. (जिउ) હે જીવ! (णिभंतु एहउ जाणि) નિઃસંદેહપણે આ વાત જાણ.

---

અરે..! 'જીવ સમ્યક્ત્વ વિના ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરે છે.' એ ચોરાશી લાખ યોનિમાં એક આત્માનો સીધો અનુભવદૃષ્ટિ લીધા વિના, આનાથી થાશે ને આનાથી થાશે ને આનાથી થાશે, હોળી કરી. વિકલ્પથી થાય છે ને શુભભાવથી ધર્મ થાશે એમ માનીને આત્માના સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન ન કર્યું. ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કર્યા.

**चउरासीलक्खह फिरिउ काल अणाइ अणंतु।**
**पर सम्मत्त ण लध्धु जिउ एहउ जाणि णिभंतु।।२५।।**

'અનાદિકાળથી આ જીવ ૮૪ લાખ યોનિઓમાં ભટકતો ફરતો રહ્યો છે.' સ્વર્ગમાં

www.vitragvani.com



અનંતવાર ગયો. ચોરાશીમાં આવ્યું કે નહિ? સ્વર્ગમાં. આહાહા..! ભાઈ! તને આત્માનું અંતર ધ્યાન, સીધું રાગને છોડીને સમ્યગ્દર્શન, સ્વરૂપના અભેદની દૃષ્ટિ કરવી એવું જે સમ્યગ્દર્શન, એના વિના અનંતકાળમાં એક યોનિ કોઈ ખાલી નથી રાખી. નરકની અંદર દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો છે. દસ હજાર ને એક સમયની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો છે. સમજાણું કાંઈ? દસ હજાર. થોડામાં થોડી દસ હજારની સ્થિતિ નરકમાં છે. નારકી, નરકમાં છે ને? પહેલી નરક. દસ હજાર વર્ષે ત્યાં અનંતવાર ઊપજ્યો. એ ઉષ્ણ વેદના. એના એક સમય અધિકના અનંતા ભવ, બે સમયના અધિકના, ત્રણ સમય... (એમ) કરતાં કરતાં અંતર્મુહૂર્ત. એક એક સમયના અનંતા અનંતા ભવ કર્યા. એવું જાઓ, એક સાગરોપમ. એના જેટલા સમય છે તે તે સમયના અનંતા ભવ (કર્યા). જાઓ, ૩૩ સાગરોપમ. સાતમી નરક. આહાહા..! પણ અનંતકાળ ગયો, બાપુ! તારું અભેદ ચિદાનંદ સ્વરૂપ સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શન એટલે કે મોક્ષનો માર્ગ હાથ આવી ગયો. (ત્યારે કહે છે), એ.. નહિ, નહિ. આ વિના નહિ, મારે આ વિના નહિ (ચાલે). મરી ગયો પણ એમાં ને એમાં. અભેદ ચિદાનંદમૂર્તિને સીધી પકડ.

એવા સમ્યગ્દર્શન વિના નરકના ભવ અનંતા કર્યા, સ્વર્ગના (અનંતા કર્યા). સ્વર્ગમાં પણ દસ હજાર વર્ષના અનંતા ભવ કર્યા. ન્યાં પણ ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું આયુષ્ય છે, હોં! ભવનપતિ, વ્યંતરમાં. એક સમય અધિક, બે સમય અધિક... એવા અનંતા ભવ. જાઓ, વૈમાનિક સ્વર્ગ. એક સાગર, બે સાગર એના વચલા જેટલા સમય (છે) એટલા અનંતા અનંતા ભવ. નવમી ગ્રૈવેયક સુધી ૩૧ સાગરોપમમાં અનંતા ભવ (કર્યા). કેમ?

**'चउरासीलक्खह फिरिउ काल अणाइ अणंतु'** અનંત એટલે એનો એ શબ્દ આવ્યો, જુઓ! એ અનંતકાળ રખડ્યો. ગયા કાળ રખડ્યો. એની વાત કહેવી છે ને? અહીં ક્યાં ભવિષ્યની વાત ક્યાં છે? ભલે અર્થ એણે કર્યો છે. સમજાણું કાંઈ? 'સમ્યક્ત્વ વિના ફરી શકે છે.' એમ કરીને 'અનંત'નો અર્થ કર્યો. એ તો અનાદિકાળમાં, અંત નથી એવા કાળમાં અનંત ભવ તેં કર્યા, એમ અહીં તો કહેવું છે. આહાહા..! અરે..! કીડીના અનંતા ભવ, કાગડાના અનંતા ભવ, કસાઈના અનંતા ભવ, વેરીના અનંતા ભવ.. આહાહા..!

આ વીજળીનું હમણાં ન કીધું? 'મુંબઈ'માં. આમ ત્રાસ થઈ જાય માણસને. પણ એવા ભવ તો અનંતા કર્યા છે. તને એમ લાગે છે કે, આને આમ (થયું). તેં અનંતા એવા ભવ કર્યા છે. સમજાણું કાંઈ? ઘાણીમાં અનંતવાર પીલ્યો. વીંછીના આકરા કરડવામાં અનંતવાર મરી ગયો, આકરા લાગની ઝાંય મારે. હાય.. હાય..! મરી ગયો. એવા મનુષ્યના, એવા ઢોરના (અનંતા ભવ કર્યા). ભાઈ! તને ખબર નથી. ચોરાશી લાખના અવતારમાં કોઈ બાકી નથી. એક સમ્યગ્દર્શન વિના. જુઓ! શું કીધું?

**'पर सम्मत्त ण लध्धु'** ચોરાશીના અવતાર સ્વર્ગના કર્યા એનો અર્થ શું થયો? નવમી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગ્રૈવેયક અનંતવાર ગયો. તો કેવા પુણ્યથી જાય? પાપથી નવમી ગ્રૈવેયક જાય? પાપ કરીને નવમી ગ્રૈવેયક ૩૧ સાગર જાય? પંચ મહાવ્રત એવા હોય, શુક્લલેશ્યા એવી હોય, એવી શુક્લ લેશ્યા, પંચ મહાવ્રત, બ્રહ્મચારી.. એવા પરિણામ વડે નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો (પણ) સમકિત ન પામ્યો. એવા પરિણામથી સમકિત ન પામ્યો એ બીજા પરિણામથી સમકિત પામીશ? એમ અહીં કહે છે. આહાહા..!

એ નહિ, અહીં તો રખડે છે, અનાદિની વાત છે ને! સમજાણું કાંઈ?

કહે છે, એક સમકિત પામ્યા વિના. ઓલાની આંકડાની વાત શું કરવી? અનાદિકાળથી અનંતકાળમાં, ગયા કાળમાં, હોં! 'सम्मत्त ण लध्धु' 'હજી સુધી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી.' એનો શું અર્થ કર્યો? કે, નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો એના કેટલા પરિણામ હતા? ત્યાગના, વૈરાગ્યના, બહારના સાધનના, પંચ મહાવ્રતના, હજારો રાણી છોડી, હજારો રાણી છોડીને ત્યાગ કરેલા. અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર પાળેલા. એવા અઠ્યાવીસ મૂળગુણ પાલનથી સમકિત ન પામ્યો, હવે તારે સાધારણ શુભભાવથી સમકિત પામશે, એમ કહેવું છે? સમજાણું કાંઈ? એ ભગવાનના અખંડાનંદના આદર વિના સમકિત ન પામ્યો. ફલાણાથી ન પામ્યો એમ નહિ, એમ કહે છે. શું કીધું? નવમી ગ્રૈવેયક આદિ અનંતા ભવ કર્યા, ભગવાન! ભાઈ! તારી નજરું પોગે નહિ. શું થાય? આમ આદિ ન મળે, આદિ ન મળે, આદિ ન મળે. આહાહા..! સમજાણું?

હમણા કો'ક કહેતું હતું, નહિ ઓલા? પંદર દિ' પહેલા અહીં કાંઈક નાટક થાતું હતું ને? નહિ? બે છોકરા જાતા હતા. એક દશ વર્ષનો છોકરો. 'જીથરી'. ઓલાને રૂપાના બટન હતા ઇ લઈ લીધા ને નાખ્યો કૂવામાં. ત્યાં કૂવામાં પાણી નહિ, પથરા (હતા) અને એક મોટો ફણીધર સર્પ બેઠો હતો. કહો? બે-ચાર કલાકે, દોઢ વાગે નીકળ્યા. રાડે રાડ પાડે, રાડે રાડ પાડે. હાય..! આમ નીકળાય નહિ. સર્પ સામે. ચાર કલાક, પાંચ કલાક રાડેરાડ પાડી. સવાર પડી (ત્યારે) કો'ક નીકળ્યું હશે (એને થયું) આમાં છોકરું લાગે છે. રૂપાના બટન હશે ને સાથે નીકળ્યા હશે. હવે એવા નાના કૂવામાં રાડ્યું (નાખે), આ ચોરાશીનો મોટો કૂવો (છે એની બીક નથી). આહાહા..! તારા મિથ્યાત્વભાવે નાખ્યો કૂવામાં અનંતવાર. સમજાણું કાંઈ? કાળા નાગ જેવા મિથ્યાત્વભાવ, એ પુણ્યથી ધર્મ થશે ને ક્રિયાથી ધર્મ થશે ને રાગથી લાભ થશે. ભગવાન વિના સમ્યક્ નહિ થાય એમ તેં માન્યું નથી. રાગ વિના ને ફલાણા વિના નહિ થાય, એમ માનીને અનંતા ભવ તેં કર્યા. એમ કહે છે. સમજાણું કાંઈ?

'पर सम्मत्त ण लध्धु' આવા ભવ કર્યા ને સમકિત ન પામ્યો? એ ભવના કારણ સેવ્યા ને સમકિત ન પામ્યો. ત્યારે એનું કારણ કે, જે ભાવના કારણે ભવ મળ્યા એ કારણે સમકિત ન મળે. કહો, સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક ગયો. અઠ્યાવીસ મૂળગુણ (એવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પાળ્યા કે) ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવી તો જેની ક્રિયા હોય ત્યારે નવમી ગ્રૈવેયક જાયે. એલા.. આવું કર્યું છતાં સમકિત ન પામ્યો તો એનો અર્થ, એ બીજી ચીજ છે. આ વડે, આ ભાવ ને આનાથી પમાય એવી નથી. એમ કહે છે. 'યોગસાર'નું વર્ણન છે ને! ઇ સાર નહિ, યોગ નહિ, ત્યાં જોડાણ કર્યા એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

બાદશાહી છોડી, જંગલમાં અનંતવાર રહ્યો. શું થયું પણ? ચૈતન્ય બાદશાહને અંદર ઓળખ્યો નહિ. આવી ક્રિયા કરશું અને આપણું કલ્યાણ થશે. આવો ત્યાગ કર્યો ને શરીરના બ્રહ્મચર્ય પાળ્યા (એટલે) કલ્યાણ થાશે. મરી ગયો, એમાં ને એમાં, કહે છે. આહાહા..! જુઓ! આ 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ, 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ જંગલવાસી આ જગત પાસે આ વાત મૂકે છે. 'યોગસાર' આત્માના સ્વભાવનો આશ્રય કરી જે સમકિતનો નિર્મળ યોગ પ્રગટ થાય તે તેં અનંતકાળમાં પ્રગટ કર્યો નથી. સમજાણું કાંઈ? ધર્મધ્યાનના કાઉસગ્ગમાં પણ આવે છે. આ લોકોમાં સ્થાનકવાસીમાં નથી આવતું? એક સમકિત વિના આવું અનંતવાર કરી ચૂક્યો, ફલાણું કર્યું. આવે છે કે નહિ? એ.. 'ભગવાનભાઈ'! સમકિત કે દિ' હતું એને? ભાન નથી. હજી વાડાની રીતની ખબર નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એની ખબરું નથી. શેની દીક્ષા ને શેના સાધુ? સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે આવી રીતે ગયો તોપણ મિથ્યાત્વ ટળ્યું નથી, કેમકે ઇ પરભાવ ભાવ છે. અહીં તો સાધારણ અત્યારે કોઈ દયા, દાનના સાધારણ પરિણામ કરે (તો) એને ધર્મ થઈ ગયો? આહાહા..!

**चउरासीलक्खह फिरिउ काल अणाइ अणंतु।**
**पर सम्मत्त ण लध्धु जिउ एहउ जाणि णिभंतु।।२५।।**

એમ નિર્ભ્રાંત જાણ. નક્કી કર કે અનંતા ભવમાં અનંતા ભાવ કર્યા પણ એ ભાવ વડે સમકિત પામ્યો નહિ. સમકિત તો અંદર ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ, એનો આશ્રય કરતા સમકિત પમાય છે, બીજો કોઈ આશ્રય કરતા પમાતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એને પણ કહે છે કે, એને પરની કિંમત લાગી છે અને સ્વની કિંમત આવી નથી. પોતે અનુભવ થવાને લાયક પોતાથી છે, પરના અવલંબનથી નહિ. રાગ ને વ્યવહારના અવલંબનથી અનુભવ થવાને લાયક એ ચીજ આત્મા નથી. એવી આત્માની કિંમત કર્યા વિના અનંતવાર રખડીને મર્યો. અહિંસા પાળી ને દયાઓ પાળી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી. તપસ્યાઓ (કરી), બાર-બાર મહિનાના અપવાસ, બાર-બાર મહિનાના અપવાસ. ભીક્ષા માટે જાય તો એકલા મમરા (અને) પાણી–જલ (ભળ્યા). શું થયું?

ભગવાનઆત્મા એક સ્વરૂપ સીધો અનુભવ થવાને લાયક (છે) એની એણે કિંમત કરી નથી. સમજાણું કાંઈ? કહો, 'હરિભાઈ'! આ પૈસાની કિંમતું ને આ ધૂળની કિંમતુ.

www.vitragvani.com



આહાહા..! જુઓને! કેવું જુદી જાતનું આવ્યું છે કે નહિ? સીદી હાથમાં રાખે એવું છે. આ નવું આવ્યું છે. નવી જાતનું આવે તો નવી જાતનું એનું ભૂંગળું પકડવાનું છે ને? એવા જગતના મોહ! હેં? નવી ફેશન હોય ત્યારે લોકોને કિંમતી લાગે. એમાંથી સમજે તો તો ધર્મી પાસે સાંભળવા જ ન જાય. આનાથી જો પામી જાય તો. સમજાણું કાંઈ? આહાહા..!

પણ સમકિત વિના ચોરાશીમાં ભમી શકે છે. 'પરંતુ હજી સુધી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી, હે જીવ! નિઃસંદેહપણે આ વાત જાણ.' અને ભવિષ્યનું લેવું હોય તો, જ્યાં સુધી આત્માનો – ભગવાનઆત્માનો સીધો અનુભવ થવાને લાયક, 'स्वानुभूत्या चकासते'. વીતરાગી પર્યાયથી અનુભવ થઈ શકે એવો આત્મા (છે). એને પામ્યા વિના અનંતકાળ ભવિષ્યમાં પણ રખડશે. સમજાણું કાંઈ? એ જાણ 'णिभंतु' જુઓ! પોતે કહે છે, હોં! એક સમકિત પામ્યો નથી. ચારિત્ર પામ્યો નથી, એમ કીધું છે? સમકિત હોય ત્યારે ચારિત્ર હોય, તે વિના ચારિત્ર હોય નહિ. આ બધા ક્રિયાકાંડ એ ચારિત્ર છે? અનંતવાર એ તો એણે કર્યું છે.

મુમુક્ષુ :– એ તો અચારિત્ર છે.

ઉત્તર :– અચારિત્રને અનંતવાર કર્યા.

જુઓ! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એ શ્લોકની થોડી ટીકા કરી છે, જુઓ!

न सम्यक्त्वसमं किंचित् त्रैकाल्ये त्रिजगत्यपि।
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम्।।३४।।

એ 'રત્નકરંડ શ્રાવકાચાર' 'સમંતભદ્રાચાર્યદેવે' કરેલું છે. એનો શ્લોક આપ્યો છે. છે ને ઓલી કોર? 'ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન સમાન જીવનું કોઈ પણ હિતકારી નથી...' કોઈપણ હિતકારી નથી એટલે ચારિત્ર હિતકારી છે, એમ નથી કહેવું, હોં! અહીં તો સમ્યગ્દર્શન વિના બીજા પરિણામ કોઈપણ આત્માને હિતકારી નથી, એમ કહેવું છે. વળી પાછું એને સિદ્ધ કરે.

મુમુક્ષુ :– પંચમહાવ્રતના પરિણામ તો હોય.

ઉત્તર :– ઇ ચારિત્ર તો મહા હિતકારી છે. અહીં તો બીજા પરિણામ અનંતવાર કર્યા. દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વિકલ્પ, રાગ, પંચ મહાવ્રત અનંતવાર કરી ચૂક્યો. એની કાંઈ કિંમત નથી. ત્રણ લોક અને ત્રણ કાળમાં (એ હિતકારી નથી). 'સમંતભદ્રાચાર્યદેવ' 'રત્નકરંડ શ્રાવકાચાર' વ્યવહાર આચરણનો જે ગ્રંથ (છે), એના ગ્રંથમાં પહેલી ભૂમિકા આ બાંધે છે કે આ વિના તારા વ્રત-ફ્રત પછી અમે કહેશું એ હોય નહિ.

'મિથ્યાદર્શન સમાન જીવનું કોઈ પણ અહિત કરનાર નથી.' લ્યો! એક સામી વાત નાખી, જોયું! (અહિત કરનાર), કીધું. ભગવાનઆત્મા પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એ સમ્યગ્દર્શન સિવાય કોઈ જગતમાં કોઈ હિતની ચીજ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહો, સમજાણું કાંઈ? અને મિથ્યાત્વ સમાન કોઈ જીવનું બૂરું કરવાવાળું નથી. શુભ પરિણામ હોય કે અશુભ પરિણામ એટલું બૂરું ન કરે. અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વિષયવાસનાના અશુભ પરિણામ છે, એ એટલું બૂરું ન કરે, પણ મિથ્યાશ્રદ્ધા એનાથી અનંતગુણું બૂરું કરનાર છે. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના સ્વભાવનો આશ્રય લઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંતકાળમાં ન કરી. (જીવને) એની કોઈ કિંમત જ નથી, કહે છે. ત્રણ લોક, ત્રણ કાળમાં એના જેવી કોઈ ચીજ નથી. મિથ્યાત્વ (અર્થાત્) ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એનાથી વિરુદ્ધ એક શુભરાગના કણથી પણ કલ્યાણ થશે, આ દેહની ક્રિયા મને સહાય થાય તો મારું કલ્યાણ થશે, એવી મિથ્યાત્વની માન્યતા જેવી જગતમાં કોઈ બૂરી ચીજ નથી. કહો, 'રતનલાલજી'! આહાહા..! ખબર નથી પણ હજી સમકિત કોને કહેવું? કાંઈક આધાર, કાંઈક આધાર (લેવા માગે છે). નિરાલંબી નિરપેક્ષ ચીજને સાપેક્ષથી થાય એમ માનવું (એ) વાત ખોટી છે, એમ અહીં કહે છે. ભલે વ્યવહાર હો, હોય તો શું છે?

ભગવાનઆત્મા સીધો આત્મા છું, એના ઉપર તો વાત છે. જાણ્યો નથી, સીધો ભગવાન જ્ઞાયકસ્વરૂપ પરમાત્મા, એને કોઈ રાગ ને નિમિત્ત ને ગુરુ ને કોઈ શાસ્ત્ર, કોઈ ક્ષેત્ર, કોઈ આધાર, કોઈની જરૂર નથી. એવો ઇ નિરાલંબી ભગવાન પડ્યો છે. એની અંતરમાં શ્રદ્ધા અને જ્ઞાન વિના (બધું થોથાં છે). એની શ્રદ્ધા અને જ્ઞાનની શું કિંમત? ત્રણ લોક, ત્રણ કાળમાં એના જેવું કોઈ હિતકર છે જ નહિ. સમજાણું કાંઈ? અને રાગના કણને પણ લાભદાયક માનવો, પરના આશ્રયે કંઈક કલ્યાણ (થશે), હળવે હળવે કંઈક કરશું, પરનું કંઈક કરશું તો પામશું. કરશું, રાગ કરશું તો પામશું. એવી જે મિથ્યાશ્રદ્ધા, રાગ કરશું તો આત્મા પામશું એવી મિથ્યાશ્રદ્ધા સિવાય જગતમાં કોઈ બૂરું કરનાર નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા!

જુઓ! 'સમ્યગ્દર્શન શુદ્ધ પાલન કરનાર જીવ પાંચ અહિંસાદિ વ્રતોથી રહિત હોવા છતાં પણ મરીને નારકી, પશુ, નપુંસક, સ્ત્રી, નીચ કુળના, અંગરહિત, અલ્પ આયુષ્યવાળા કે દરિદ્રી થતા નથી,...' લ્યો! એકલા સમકિત સહિત મરે, પંચ મહાવ્રત વિના, તોપણ એ આટલામાં હલકામાં જાય નહિ. હલકી ગતિમાં નહિ ઊપજે, એમ કહે છે. સ્વરૂપનું ભાન થયું એની ગતિ હલકી નહિ થાય. આહાહા..! મોક્ષને પંથે પડ્યો એને બહારમાં ગતિ હલકી નહિ થાય. એમ. સમજાણું કાંઈ? 'જો સમ્યક્ત્વ થયા પહેલાં નરક, તિર્યંચ કે અલ્પ આયુષ્ય બાંધ્યું હોય તો પહેલા નરકમાં..' જાય. એ તો ઠીક. સમજાણું કાંઈ? એવી એની વ્યાખ્યા કરી, લ્યો! '**चउरासी लक्खह फिरिउ पर सम्मत्त ण लध्धु**'.

www.vitragvani.com



## શુદ્ધ આત્માનું મનન જ મોક્ષમાર્ગ છે.

सुद्ध सच्चेयणु बुद्धु जिणु केवलणाण सहाउ।
सो अप्पा अणुदिणु मुणहु जइ पाहउ सिवलाहु।।२६।।

શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬.

અન્વયાર્થ :– (जइ सिवलाहु चहद) જો મોક્ષની પ્રાપ્તિની ઇચ્છા થાય તો (अणुदिणु सो अप्पा मुणहु) રાત દિવસ તે આત્માનું મનન કરો જે (सुद्ध) શુદ્ધ વીતરાગ નિરંજન કર્મ રહિત છે (सच्चेयणु) ચેતના ગુણધારક છે અથવા જ્ઞાન ચેતનામય છે (बुद्धु) જે સ્વયં બુદ્ધ છે (जिणु) જે સંસાર વિજયી જિનેન્દ્ર છે (केवलणाण सहाउ) અને જે કેવળ જ્ઞાનપૂર્ણ નિરાવરણ જ્ઞાન સ્વભાવનો ધારક છે.

---

૨૬. 'શુદ્ધ આત્માનું મનન જ મોક્ષમાર્ગ છે.' એ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અંદર નિર્વિકલ્પપણે અનુભવવો એ એક જ મોક્ષનો માર્ગ (છે). સમજાણું કાંઈ? કહે છે કે, શુદ્ધ આત્મા. સમજાણું કાંઈ? આ પવિત્ર આત્મા અંદર છે, આ શરીર, વાણી, મન તો માટી જડ છે, આ તો ધૂળ છે. અંદર આઠ કર્મના રજકણ છે એ માટી ધૂળ છે અને આત્મામાં પુણ્ય અને પાપના બે ભાવ થાય એ મલિન વિકાર છે. એ વિનાનો ભગવાન અંદર બિરાજે આત્મા, એ તો સચ્ચિદાનંદ, આનંદકંદ સિદ્ધ સમાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવા શુદ્ધ ભગવાનઆત્માની એકાગ્રતાનું મનન એ જ મોક્ષનો માર્ગ (છે), બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

सुद्ध सच्चेयणु बुद्ध जिणु केवलणाण सहाउ।
सो अप्पा अणुदिणु मुणहु जइ पाहउ सिवलाहु।।२६।।

અરે..! ભગવાનઆત્મા જો મોક્ષનો લાભ ચાહતો હો, જો પરમાનંદરૂપી મોક્ષની દશા ચાહતો હો તો રાત-દિવસ આ આત્માનું મનન કરો. આહાહા..! અરે..! આ જવાબદારી, શરત એટલી કે, જો તને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષની ઇચ્છા હોય તો. શરત આટલી. હેં? પુણ્ય જોઈતું હોય, પૈસા જોઈતા હોય, સ્વર્ગ જોતું હોય તો એને માટે આ વાત નથી. એ તો રખડનારા અનંતકાળથી રખડે છે. આહાહા..! કહે છે, બહુ ગાથા ઊંચી છે, હોં! જરી એક એક શબ્દ સારા ઊંચા છે.

'सिवलाहु चहद' ભગવાન! શિવ એટલે મોક્ષ. પરમાનંદની આત્માની દશા. આત્માની પૂર્ણ શુદ્ધ આનંદ દશા એનું નામ મોક્ષ, એવી મોક્ષની દશા. આત્મામાં શુદ્ધતા તો પરિપૂર્ણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પડી છે, એની વર્તમાન દશામાં પરિપૂર્ણ શુદ્ધ અને આનંદની પરિપૂર્ણતાની પ્રાપ્તિ થવી તેનું નામ મુક્તિ. એવી મુક્તિનો લાભ જે ચાહતો હો, એ શરત. તો **'अणुदिणु सो अप्पा मुणहु'** રાત દિન ભગવાન શુદ્ધ પરમાત્મા નિર્મળાનંદ છે, આ એનું ધ્યાન કર. આહાહા..! હેં? કહો, 'ન્યાલભાઈ'! ન્યાલ થવું હોય તો આ કર, એમ અહીં કહે છે. આહાહા! અરે.. ભગવાન! પણ તું મોટો પડ્યો છો ને, પ્રભુ! મહાશુદ્ધ સ્વરૂપ છે ને! ૨૬મી ગાથા છે ને? આ ગાથા છે, આમાં અર્થ નથી. આ તો ઉપરથી અર્થ (થાય છે)

આ આત્મા અંદર બિરાજે છે એ તો મહાશુદ્ધ પવિત્ર છે. એને આત્મા કહીએ. શરીર, વાણી, મન આ તો માટી–ધૂળ, ધૂળ છે, આ તો રાખ (છે). અંદર આઠ કર્મ જેને કહીએ એ તો જડ છે અને આ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ થાય એ તો પાપ છે અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ થાય એ પુણ્ય છે. ઇ બેય ભાવ મલિન વિકાર છે. બેય વિકારની પાછળ ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા છે. આહાહા..! ખબર નથી, કોઈ દિ' સાંભળ્યો નથી, કેવડો હું? કેવડો હું એ સાંભળ્યો નથી. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જ્ઞાનમાં જણાણાં, પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પ્રગટ્યો, એની વાણીમાં આવ્યું કે, અરે.. આત્મા! તું તો શુદ્ધ છો ને પ્રભુ! પહેલો 'શુદ્ધ' શબ્દ છે. શુદ્ધ વીતરાગ નિરંજન કર્મરહિત છો. (એવી) ચીજ છે એનું મનન કર. રાગનું મનન, પુણ્યનું, વ્યવહારનું મનન (છોડ). સમજાણું કાંઈ? જો તારે મુક્તિ–મોક્ષનો લાભ જોઈતો હોય તો, રખડવાનો લાભ અનંતકાળથી કરે છે એમાં કાંઈ નવી વાત નથી. ચોરાશીના ઘોદા અનંતકાળથી ખાધા જ કરે છે. તને આત્માની શાંતિની પૂર્ણતાની પ્રાપ્તિ એવી જે મુક્તિ, એવા શિવનો–મોક્ષનો લાભ જો જોતો હોય (તો) આ શુદ્ધનું મનન કર.

પરમાનંદની મૂર્તિ પ્રભુ, પુણ્ય-પાપથી રહિત છે, કર્મ, શરીરથી રહિત છે. પોતાના અનંત પવિત્ર ગુણથી સહિત છે. એવા ભગવાનનું તું મનન કર, ભાઈ! આ રાગ ને પુણ્યના મનને પ્રભુ પ્રગટે એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તારા દયા, દાન ને વ્રતના શુભ પરિણામથી ભગવાન જણાય એવો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ નાથ, સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ અંદર પૂર્ણ અનંત ગુણથી ભરેલું તત્ત્વ છે. એની તારે પ્રાપ્તિ કરવી હોય તો એનું મનન કર. શરીર, નિમિત્ત આવ્યું તો ઠીક, આનાથી મળશે (એ) મનન કરવું રહેવા દે, એમ કહે છે. આવા નિમિત્ત હોય તો ઠીક, આવો શુભરાગ હોય તો ઠીક, આવા કષાયની મંદતાના પરિણામ હોય તો ઠીક, એ મનન તો તેં રાગનું કર્યું. સમજાણું? એ મનન તો તેં અનાદિકાળનું કર્યું છે. એનાથી સંસાર અનાદિથી ફળે છે, હવે તારે મુક્તિ કરવી છે કે નહિ? (કે) ઘોદા ખાવા છે ચોરાશીના? કેમ હશે, 'મલૂકચંદભાઈ'! પૈસા-બૈસામાં સુખ હશે કે નહિ? નહિ? ધૂળમાંય નથી. ન્યાં ધૂળમાં ક્યાં સુખ હતું? એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો માટીના પરમાણુ ધૂળ છે. આ એના ઉપરનું લક્ષ કર એ તો રાગ અને મમતા, પાપ છે. એને ઘટાડવાના કદાચિત્ દાનના પરિણામ કરે તો એ શુભરાગ છે. એનું મનન છે? એ આત્માનું કલ્યાણ છે? આહાહા..!

અહીં તો કહે છે, અહિંસાના, સત્યના, દત્તના, દાનના શુભભાવનું તારે મનન કરવું છે? એ મનન કરીને તો અનંતકાળ રખડ્યો છો. આહાહા..! શુદ્ધ વીતરાગ નિરંજન, ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, શુદ્ધ નિરંજન-કર્મનું અંજન નથી અને વીતરાગ. કર્મ રહિત છે, પ્રભુ! એની ઉપર દૃષ્ટિ કર. એ સત્તા બિરાજમાન પ્રભુ આત્મા છે. અનંત ગુણનો પિંડ છે. એવી મહાસત્તા પ્રભુ, એના ઉપર દૃષ્ટિ કર અને એનું મનન કર. એ એક જ એનું મનન અને એકાગ્રતા તે જ મુક્તિનો ઉપાય છે. કહો, બરાબર હશે? બે માર્ગ હશે? આ પણ માર્ગ હશે અને કોઈ દયા, દાન, વ્રતથી પણ મુક્તિ થતી હશે. ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? એ તો પુણ્યબંધના કારણ છે. ભગવાનઆત્મા શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ.. એનું મનન કર, એનું ધ્યાન કર અને એની એકાગ્રતા કર તો તને પરંપરા કલ્યાણ, કેવળજ્ઞાન થશે અને મુક્તિનો લાભ થશે. બીજા ઘણા બોલ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

### ભયનું સ્થાન નહિ પણ ભયના નાશનું કારણ!

શ્રોતા :- ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા જતાં ક્યાંક સ્વછંદી થઈ જવાશે- એવો ભય છે, માટે એવા ભયસ્થાનમાં શા માટે જવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અરે ભાઈ! ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એટલે તારા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. તે કાંઈ ભયનું કારણ નથી, તે તો સ્વછંદના નાશનું ને નિર્ભય થવાનું કારણ છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર હું પરને ફેરવી દઉં- એવી કર્તાબુદ્ધિથી સ્વછંદી થઈ રહ્યો છે તેને બદલે, પદાર્થોની પર્યાય તેના પોતાથી જ ક્રમબદ્ધ થાય છે, હું તેનો કર્તા કે ફેરવનાર નથી, હું તો જ્ઞાયક છું - એવી પ્રતીત થતાં સ્વછંદ છૂટીને સ્વતંત્રતાનું અપૂર્વ ભાન થાય છે. આ ક્રમબદ્ધપર્યાયની સમજણ તે ભયનું સ્થાન નથી, ભય તો મૂર્ખાઈ અને અજ્ઞાનમાં હોય. આ ભયના ને સ્વછંદના નાશનું કારણ છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૧૪, શુક્રવાર
## તા. ૧૭-૦૬-૧૯૬૬
## ગાથા–૨૬ થી ૨૮. પ્રવચન નં. ૧૧

આ 'યોગસાર' ચાલે છે. ૨૬મી ગાથા. 'યોગસાર' એટલે આ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમય અનંત ગુણનો પિંડ છે, એમાં એકાગ્ર થઈને એનું ધ્યાન કરવું. એ મોક્ષના માર્ગનો સાર છે. યોગ એટલે આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે એમાં સન્મુખ થઈને એકાગ્રતાથી આત્માનું ધ્યાન અથવા આત્માના સ્વભાવ સન્મુખનો વેપાર (થવો) એ જ સાર અને મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એથી કહે છે,

सुद्ध सच्चेयणु बुद्ध जिणु केवलणाण सहाउ।
सो अप्पा अणुदिणु मुणहु जइ पाहउ सिवलाहु।।२६।।

જો કોઈ પૂર્ણાનંદ પૂર્ણ આનંદરૂપી અતીન્દ્રિય આનંદની દશા પૂર્ણરૂપી મુક્તિ, એના લાભને ઇચ્છતા હોય તો એની પ્રાપ્તિ–શિવલાભ, પૂર્ણ કલ્યાણમૂર્તિ આત્માની નિર્મળ પર્યાય, એવો મુક્તભાવ (જો) ચાહતો હોય તો 'जइ सिवलाहु चहद' તો શુદ્ધ 'अप्पा अणुदिणु मुणहु'. બધા વિશેષણ કહેશે. આ આત્મા શુદ્ધ છે, તદ્દન વીતરાગ છે, નિર્દોષ છે, પૂર્ણ પવિત્ર પરમાત્મા છે એમ એણે આત્મા તરફનું દિન-દિન હંમેશાં 'मुणहु' આત્માને અનુભવવો. કહો, સમજાણું આમાં? શુદ્ધ છે એમ અનુભવવો, એ મોક્ષના લાભના કામીનું આ કામ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– લાભ શું થાય એમાં?

ઉત્તર :– આ લાભ છે ને આ? લાભ સવાયા, કીધું ને? 'सिवलाहु' નિરુપદ્રવ પૂર્ણ કલ્યાણમૂર્તિ આત્માની પર્યાય, આત્માની શુદ્ધ પરિપૂર્ણ પ્રગટ પર્યાય, એનું નામ મુક્તિ. એવા મુક્તિના લાભને ઇચ્છતો હો તો શુદ્ધ ભગવાન પૂર્ણ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ વીતરાગ નિર્દોષ સ્વભાવ (છે) એને એણે અનુભવવો. એ શિવલાભનો હેતુ આ છે, બીજો કોઈ હેતુ નથી. આ તો સાર કહે છે ને? સાર. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'યોગસાર', 'ગોમ્મટસાર' બધા સાર છે. આહાહા..!

આ તો પરમાર્થે તત્ત્વ શું કરવા જેવું છે? મોક્ષાર્થીને શું કરવા જેવું છે? અને ક્યા કર્તવ્યે મોક્ષની પ્રાપ્તિ થાય છે? (તેની વાત છે). એ શુદ્ધ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એનું અંતર ધ્યાન કરવું, અનુભવ કરવો, એને અનુસરીને અંદર ઠરવું, એ એક જ મુક્તિનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



'सच्चेयणु' એ સચેતન જ્ઞાનમૂર્તિ છે. એ આત્મા તો જ્ઞાનચેતનામય છે. જેમાં પુણ્ય-પાપનું કરવું એવી કર્મચેતના અને હર્ષ-શોકનું ભોગવવું એવી કર્મફળચેતના, એ વસ્તુસ્વભાવમાં નથી. વસ્તુ તો ચેતનમય છે. એ ચેતન કહી અને જ્ઞાનચેતનાને વેદે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનને વેદે, જ્ઞાનને અનુભવે, જ્ઞાનના આનંદના સ્વાદને લ્યે એવો એ આત્મા છે. એ પુણ્ય-પાપના સ્વાદને લે કે હર્ષ-શોકના અનુભવને લે, એવો આત્મા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એટલે? એ તો ચેતનામય વસ્તુ છે, પરને કાંઈ કરે કે પરથી લે એવું એનું સ્વરૂપ નથી. તેમ એ રાગને કરે અને વેદે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો સચેતન જાગૃતસ્વરૂપ, ચેતનાર, ચેતનાર, ચેતનાર જાગૃત (સ્વરૂપ છે). અગ્નિને ચેતે છે ને? ચેતાવો અગ્નિ. (એમ) નથી કહેતા કંઈ? ચૂલામાં પડી હોય તો. આ તો ચેતવાનો સ્વભાવ જ એનો છે. આનંદને વેદવું, જ્ઞાનને વેદવું, પ્રત્યક્ષ જ્ઞાનને વેદવું એ જ એનું–આત્માનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પરમાર્થમાર્ગની વાત ચાલે છે ને?

મુમુક્ષુ :- માર્ગ એક છે ને!

ઉત્તર :- માર્ગ બે હોય ક્યાંથી પણ? બીજો છે નહિ ને. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

ભગવાનઆત્મા જે શુદ્ધ-બુદ્ધ સ્વરૂપ છે એમાં ચેતનમૂર્તિ, ચેતનાને વેદે, ચેતનાને વેદે, ચેતનાને કરે એવું ચૈતન્યસ્વરૂપ છે. રાગને કરે કે હરખને ભોગવે એ વસ્તુસ્વરૂપ જ નથી. સંસારના ભાવને કરે કે સંસારભાવે હરખથી વેદે એ વસ્તુ, એ આત્મા જ નથી. સમજાણું કાંઈ? અતીન્દ્રિય ભગવાનઆત્મા, એને આત્મા કહીએ કે જેમાં એકલી ચેતના ભરેલી છે. એ તો ચેતવાનું, જાણવાનું, દેખવાનું, વેદવાનું, અનુભવવાનું કામ કરે એવો એ આત્મા છે. એવા આત્માને તું 'मुण' – જાણ. રાગને, ફલાણાંને કરે એ આત્મા નથી, એ તો અનાત્મા છે. સમજાણું કાંઈ?

વ્યવહારના રત્નત્રયના વિકલ્પો ઊઠે કે કરે કે વેદે એ આત્મા નથી. એ આત્મા નથી. આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, એ જ્ઞાનમાં જામીને જ્ઞાનને અનુભવે, જ્ઞાનને વેદે, જ્ઞાનમાં જ્ઞાનની એકાગ્રતાપણાનો અનુભવ કરે, એવો એ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :- આ રીતે જ સાંભળ્યા કરીએ એમ થાય છે.

ઉત્તર :- એમ? આહાહા..! અહીં તો કહે છે કે, બોલે ઇ આત્મા નહિ.

મુમુક્ષુ :- સાંભળે ઇ?

ઉત્તર :- સાંભળે ઇ આત્મા નહિ. આહાહા..! અરે..! ભગવાન! વિકલ્પથી સાંભળે એ આત્મા નહિ. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા ચેતનસ્વરૂપ, એ તો ચેતનાનું કામ, વેદવાનું કામ, જાણવાનું કામ એ

www.vitragvani.com



કરે તેને આત્મા કહે અને તે આત્માને 'मुण' – અનુભવ. એ આત્માનો અનુભવ કર, શિવના લાભનો એ હેતુ છે. પૈસાના લાભનો ને ધૂળના લાભનો દુનિયા પ્રયત્ન કરે છે. નિરુપદ્રવ કલ્યાણમૂર્તિ મુક્ત પર્યાય, એના લાભ માટે આ એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી. આહાહા..! બહુ સાર સાર ભર્યું છે.

'बुद्धु' એ તો બુદ્ધ છે, બુદ્ધદેવ છે, સત્યબુદ્ધ છે, ઇ સાચો બુદ્ધ છે. સમજાણું કાંઈ? આ આત્મા ભગવાન સત્યબુદ્ધ છે. એ એનું સત્યપણું એનું બુદ્ધપણું જાણવું. એ પોતે દેવ છે. સત્યબુદ્ધ પોતે દેવ છે. એવા દેવને તું જાણીને અનુભવ. આહાહા..! સમજાણું કાંઈ? આવો દેવ છે માટે તું જાણીને બીજાને કાંઈક કહેજે, એવો એ આત્મા છે જ નહિ, એમ કહે છે. આહાહા..! આવો આત્મા જાણીને બીજાને કહેજે, બીજાને સમજાવજે, ઘણાને લાભ થશે, એ આત્મા એવો છે જ નહિ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રભાવના થાય..

ઉત્તર :– પ્રભાવના કોની? ક્યાં થાતી હશે? (શ્રોતા : અંતરમાં) સમજાણું કાંઈ?

એ જ્ઞાન જ્ઞાનને અંતર 'बुद्धु' સત્યબુદ્ધ ભગવાન. ભગવાન બુદ્ધદેવ પોતે સત્ય છે, એ બુદ્ધદેવ જ સત્ય છે. 'बुद्धं शरणं' આવતું નથી એમાં? આવે છે કે નહિ? 'बौद्धं देवं शरणामि, बुद्धम गच्छामि' એવો કંઈક શબ્દ આવે છે. છોકરાઓ બોલતા હતા, નહિ? 'અકલંક-નિકલંક' નાટકમાં બોલતા. હેં? હમણાં કો'કે પાડ્યું હતું કે નહિ? પહેલા એક ફેરી 'ધીરુભાઈ'એ પાડ્યું હતું, નહિ? 'बौद्धं देवं शरणामि' ઓલા કહે, 'अरिहंतं शरणामि, अरिहंत शरणामि' 'बुद्धं शरणं गच्छामि'.

અહીં કહે છે કે, બુદ્ધં દેવં શરણં ગચ્છામિ. આ હું બોધદેવ છું, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે, ભાઈ! તું તો સત્યબુદ્ધ છો ને! એમાં સત્યબુદ્ધનો આખો પિંડ છે, સાચો બુદ્ધ (છો). સાચું બુદ્ધપણું, સત્યદેવપણું એ તું છો. એને જાણીને અનુભવ કર, એ જ મોક્ષના લાભનો હેતુ અને કારણ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ! બીજાના પ્રશ્નના ઉત્તર દે, સમાધાન કરે તો કેટલું કલ્યાણ થાય! એ..ઇ...! ધૂળેય નહિ થાય, સાંભળને! એ ક્યાં મોક્ષના માર્ગ હતા? આહાહા..! સમજાણું કાંઈ?

સત્યબુદ્ધ ભગવાન ચિદાનંદની મૂર્તિ, એનો સ્વભાવ, એનો અનુભવ કર એ જ મુક્તિના લાભનો હેતુ (છે), બીજું કોઈ કારણ છે નહિ. આહાહા..! એ ઠરેલો ઠાર, ઠરેલો ભગવાન છે એમાં ઠર. બાકી કોઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! લોકોને ભારે (લાગે), આવું પણ આ બધો વ્યવહાર... વ્યવહાર. હવે સાંભળને! વ્યવહાર હતો કે દિ' એમાં? (એ) વ્યવહાર જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! બીજાથી સાંભળવું અને બીજાને સંભળાવવું એવું વસ્તુના સ્વરૂપમાં નથી. એ..ઇ...! 'ન્યાલભાઈ'! આહાહા..!

www.vitragvani.com



એ તો સત્યનો સાહેબો બુદ્ધદેવ પરમાત્મા પોતે છે. એવો આત્મા, તેને અંતર્મુખ થઈને 'मुणहु' – જાણ, એટલે કે અનુભવ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઠરેલામાં ઠર, એવું તો આપ જ સમજાવી શકો.

ઉત્તર :– એ ઠરેલું તત્ત્વ, સ્થિર સ્થિર તત્ત્વ છે. કાલે ત્યાં નહોતું આવ્યું? અવિચળ આવ્યું હતું. બપોરે આવ્યું હતું, બપોરે આવ્યું હતું. અવિચળ રહેઠાણ સ્થાન ભગવાન છે. એ ઉપશમરસને અકષાય શાંતરસને વીતરાગના રસથી ઢીમ જામેલું એ આત્મતત્ત્વ છે. વીતરાગના અકષાયરસથી જામેલું ઢીમ છે. એમાં વિકલ્પ ઊઠાવવો કે હું બીજેથી સમજું ને બીજાને સમજાવું, એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વાહ..! 'बुद्धु' એ ભગવાન બુદ્ધ છે, સત્યબુદ્ધ છે. પોતાથી પોતે જાણવાવાળો છે. પોતાનું જ્ઞાન પોતાથી જાણે અને વેદે એવો એ આત્મા છે. બીજા કોઈ પડખે આત્માની સ્થિતિને માન તો એ આત્મા એવો નથી. સમજાણું કાંઈ? જાણપણાના વિશેષ બોધ વડે બીજાઓને સમજાવે તો એ અધિક છે, તો એ આત્માનું સ્વરૂપ એમ છે જ નહિ. શું કીધું સમજાણું? જાણપણાના વિશેષ બોલે, બીજાને સમાધાન કરે એવા આત્મા છે, એ આત્મા એવો છે જ નહિ. એ.. 'છોટાભાઈ'! આહાહા..! ભગવાનઆત્મા સત્યસાહેબ પ્રભુ, એકલો બુદ્ધ પિંડ પ્રભુ છે. એમાં એ વિકલ્પનો અવકાશ ક્યાં છે? જે જાણેલું તત્ત્વ છે એને કહું, એવો વિકલ્પ એ વસ્તુનું સ્વરૂપ ક્યાં છે? એવો આત્મા જ નથી. એવો હોય તો સિદ્ધ ભગવાન બોલવા જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..!

'जिणु' એ પોતે જિન છે, દેવ–જિનદેવ છે. ઓહોહો..! સાચો જિન એ ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? એ સમવસરણમાં લક્ષ્મીમાં બિરાજમાન (છે) એ તો તારે માટે વ્યવહાર જિન છે. તારે માટે તારો જિન વીતરાગી બિંબ એ પોતે જિન છે, પરમેશ્વર છે. એનો જિન પણ અંદરમાં પરમાત્મસ્વરૂપ એ જિન છે. સમવસરણ ને એ (બધું) જિન-બિન છે નહિ. સમજાણું કાંઈ? વાણી–ધ્વનિ નીકળે અને સમવસરણમાં ઇન્દ્રો ભેગા થાય એ જિનપણું નહિ. આહાહા..! એને અને આત્માને કાંઈ સંબંધ નહિ. સમજાણું કાંઈ? જિન, તું પોતે સાચો જિન છો. રાગાદિ કર્મના શત્રુને હણવાવાળો (છે). એટલે? એ પણ વ્યવહારથી છે. વસ્તુ સ્વરૂપે વીતરાગી બિંબ ભગવાન છે. એને જાણીને અનુભવ, બસ! સમજાણું કાંઈ?

આ તો સાર માર્ગ છે, એકલો માખણ માર્ગ છે. આહાહા..! આવા આત્માને જિન તરીકે સ્વીકાર, વીતરાગી બિંબ આત્મા પ્રભુ પોતે હું છું, એને તું અનુભવ. એમાં કંઈ પણ રાગ, વાણી, વાંચન, લેવું, દેવું, શરીરના પુણ્ય પ્રકૃતિના ફળો, એમાં જો કંઈ અધિકાઈ મનાઈ ગઈ તો જિનસ્વરૂપને અધિકપણે માન્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન જિનસ્વરૂપ પોતે જ છે, હવે એ જિનસ્વરૂપ સિવાયનો જેટલો બોલ ઊઠે, એ બધો જિનસ્વરૂપે નથી. તો જિનસ્વરૂપની મહિમા કરવી છે એને ઠેકાણે એ સિવાયના વિકલ્પો, વાણી ને જાણપણાના

www.vitragvani.com



વ્યવહાર ને એનો મહિમા ને અધિક પોતાને જણાઈ જાય અને કાં બીજો એવો હોય એને આવી રીતે અધિકપણે માને (તો) ઇ ભૂલમાં પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો 'સંસાર વિજયી જિનેન્દ્ર છે...' જુઓ! અર્થ કર્યો છે, હોં! સંસાર વિજયી જિનેન્દ્ર છે. એ તો વિકલ્પ અને એના અભાવસ્વરૂપ જિનેન્દ્ર છે. આહાહા..! અરે..! શાસ્ત્રના ભાનવાના ભાવથી પણ એ મુક્ત એવો જિનેન્દ્ર છે. સમજાણું કાંઈ? એવો ભગવાન જિનેન્દ્ર પ્રભુ, એનું નિર્વિકલ્પ દૃષ્ટિથી ધ્યાન કરવું, એને નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા એને જ્ઞેય કરવું, આ એને અંદરમાં આવો વીતરાગ બિંબ તે હું છું, એમાં ઠરવું તે શિવલાભનો હેતુ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભઈ! એક જણ કહેતો હતો, એકલો તો કૂતરો પણ પેટ ભરે છે. આહાહા..! બીજાને કરીએ, સમજાવીએ, બીજાને સમજે ત્યારે એનો લાભ અને જૈનશાસન કહેવાય. અરે...! સાંભળ... સાંભળ કીધું માળા! તારું નામ 'સુખસાગર' ને આ લાકડું ક્યાં ખોસ્યું? એનું નામ 'સુખસાગર' હતું. નહિ? ઘણું કરીને ત્યાં છે. બોર્ડ લખ્યું છે. ઘણા વર્ષ પહેલા 'હીરાભાઈ'ના મકાનમાં આવેલા. લ્યો, આત્મા.. આત્મા.. આત્માનું કરવું. એ તો કૂતરા પણ પેટ ભરે છે. આહાહા..! આવા આવા મૂર્ખા તે કાંઈ જુદા હશે? બીજાનું કરવું. અહીં કહે છે કે, બીજાના કરવાનો વિકલ્પ ઊઠાવ્યો એ આત્મા નહિ. સાંભળને હવે. કરવાની તો ક્યાં વાત રહી? કોણ કરે પરનું? એ.. 'ન્યાલભાઈ'! આ તે વાતું..! બીજાનું કરવું. એ સત્તરગચ્છમાં છે, નહિ? ઘણું કરીને એમાં છે. હેં? ઇ તે દિ' તો એવું બોલ્યો હતો. મેં કીધું, આ શું કહે છે આ?

અહીં તો કહે છે, ભાઈ! એ તો જિનસ્વરૂપે ભગવાન આત્મા છે. એ આત્મા, એનું લક્ષ કરી જિનસ્વરૂપે એમાં ઠરવું, વીતરાગી પર્યાયે ઠરવું એ જૈન, એ જિનના સ્વરૂપનો આરાધક (છે) અને એ શિવલાભનો હેતુ કરનાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**केवलणाण सहाउ**'. એ તો સંપૂર્ણ જ્ઞાનનો ધણિ છે. આહાહા..! પૂર્ણ નિરાવરણ જ્ઞાનનો પિંડ છે, સ્વતઃ જ્ઞાનનો પિંડ છે, જે જ્ઞાન પરથી આવતું નથી. પરને દેતું નથી, પરથી આવતું નથી. સમજાણું કાંઈ? એવો એકલો ચૈતન્યનો પૂંજ ભગવાન (છે). જ્ઞાન–નિરાવરણ કેવળજ્ઞાનનો સ્વભાવ જ એનો એ છે. એકલો પૂર્ણ, એકલો પૂર્ણ જ્ઞાનસ્વભાવ તે ભગવાન છે.

જુઓ! રાગ તો નહિ, શરીર તો નહિ, અપૂર્ણ નહિ. સમજાય છે કાંઈ? એ પૂર્ણ આત્મા, આત્મા જ એને કહીએ. ચાર જ્ઞાનનો વિકાસ, એ ખરેખર આત્મા નહિ. કહો. આહાહા..! સમજાણું કાંઈ? ગણધરની પદવી, ચૌદ પૂર્વ રચ્યા. બાર અંગની રચના કરી. કેટલી અધિકતા! (તો કહે છે), ના. કોણે કીધી તને? એકલો જ્ઞાનસ્વભાવ છે એમાં વળી આ રચવું ને આ વિકલ્પ, વસ્તુમાં છે ક્યાં? અહીં તો ઉઘડેલી ચાર જ્ઞાનની પર્યાય છે એ ખરેખર આત્મા નથી. ખરેખર આત્મા નથી, વ્યવહારુ આત્મા છે. સમજાણું કાંઈ? એવો '**केवलणाण सहाउ**

www.vitragvani.com



सो अप्पा'. લ્યો! તે આત્મા. આને આત્મા કહીએ. આ સિવાય ઓછું-વત્તું, વિપરીત અંદરમાં નાખશે એ આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'सो अप्पा अणुदिणु' 'अणुदिणु' એટલે હંમેશાં. હંમેશાં, એમ. રાત ને દિન નામ હંમેશાં આવા આત્માને (ધ્યાવ). હંમેશાં કેમ? પણ ચોવીસ કલાકમાં કો'ક દિ' કાંઈક તો કો'કનું કરજે. કો'કના કરવા માટે, બાપુ..! એક જણો કહેતો હતો, બે-ત્રણ ભવ અમારે થાય તો વાંધો નહિ. કીધું, બે-ત્રણ નહિ, ચોખ્ખા સરખાઈના અનંતા થશે. એક પણ ભવના ભાવની ભાવના કરે છે એને અનંતા નિગોદના ભવ એના કપાળમાં પડ્યા છે. ભલે એક-બે ભવ થાય પણ આપણે તો દુનિયાનું કલ્યાણ (કરવું). અહીં ઓલો શબ્દ છે ને? જગતનું કલ્યાણ કરવું. નથી? આ બરાબર છે, (એમ) કહે. સમજાણું કાંઈ? કોણ કરે? જગતનું કરે કોણ? કલ્યાણ કરે કોણ? વિકલ્પ કરે કોણ? વિકલ્પ વસ્તુમાં નથી. સમજાણું? આવ્યો એ તો અણાત્મસ્વરૂપ નુકસાનકારક છે. એનાથી સ્વને લાભ માને એ આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ?

આવો 'अप्पा अणुदिणु मुणहु' કોઈ સમયમાં બીજું આવવું ન જોઈએ, એમ કહે છે. આવો ભગવાનઆત્મા અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી અનુભવવો. બસ! એ જ આત્માનું સ્વરૂપ અને મોક્ષના લાભનો હેતું, બાકી બધી વાતું. સમજાણું કાંઈ? ઓલા આવે ને દસ પ્રકારના ધર્મ? રાત્રે ક્ષમાનો વિચાર આવ્યો. ત્યાગ ધર્મ નથી આવતો? ત્યાગ આવે એમાં ઓલું લખે, એને પુસ્તક આપવા, આમ દેવું. અરે..! ભાઈ! સાંભળને એ તો વિકલ્પની વાતું છે. એ..ઇ..! 'છોટાભાઈ'! દસ પ્રકારના ધર્મમાં આવે છે કે નહિ? બીજાને પુસ્તક આપવા, બીજાને આ દેવું, એને વાંચણી દેવી, એને આ દેવું એ મહાજ્ઞાનનું આરાધન છે. અરે..! સાંભળને! એ તો વિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ? એ તો પાછળ અંદરમાં જ્ઞાનાનંદની એકાગ્રતાની ભાવનાની ઉગ્રતા વર્તે છે એના નિમિત્ત દ્વારા ઓળખાવ્યું છે. આ વિકલ્પ દ્વારા ઓળખાવ્યું, જુઓ! આને રાગનો ત્યાગ વર્તે ને આ ત્યાગ (વર્તે છે). એમ કરીને અંદરમાં સ્થિરતા શું છે એને ઓળખાવી છે. એ પોતે ચીજ નથી. સમજાણું કાંઈ? આવે છે, શાસ્ત્રમાં એવા લખાણ આવે, હોં!

આ વાત છે. ભગવાનઆત્મા શુદ્ધ ચેતનમૂર્તિ, બુદ્ધ, જિન એકલો પૂર્ણ જ્ઞાનસ્વભાવ (છે), એનું વારંવાર હંમેશાં. વળી વારંવાર એટલે એકવાર અને પછી, એમ વારંવાર નહિ. એક ધારાવાહી એવા ભગવાનને અનુભવવો. આહાહા..! વચમાં વિકલ્પો હો, એને અનુમોદીશ નહિ કે આ મને હિતકારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'जइ पाहउ सिवलाहु' લ્યો! 'जइ पाहउ सिवलाहु' શિવના લાભને ઇચ્છતો હો તો આ છે. નિશ્ચય જિનરાજ તો તું છો. ભગવાન સમવસરણમાં બિરાજે એ આત્મા જિનરાજ છે. એ સમવસરણ જિનરાજ નથી, એની વાણી એ જિનરાજ નથી, ૐધ્વનિ એ જિનરાજ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નહિ, દિવ્યધ્વનિ એ જિનરાજ નહિ, પરમ ઔદારિક શરીર એ જિનરાજ નહિ. જિનરાજ તો વીતરાગનું બિંબ અંદર ઠરી ગયેલું તે જિનરાજ છે. એ.. દેવાનુપ્રિયા! એ ૨૬ (ગાથા પૂરી) થઈ, લ્યો!

---

## નિર્મળ આત્માની ભાવના કરીને જ મોક્ષ થાય છે.

**जाम ण भावहु जीव तुहुं णिम्मलअप्प सहाउ।**
**ताम ण लब्भइ सिवगमणु जहिं भावहुं तहिं जाउ।।२७।।**

**જ્યાં લગી શુદ્ધ સ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;**
**ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭.**

**અન્વયાર્થ :–** (जीव) હે જીવ! (जाग तुहुं णिम्मल अप्प सहाउ ण भावहु) જ્યાં સુધી તું નિર્મળ આત્માના સ્વભાવની ભાવના કરતો નથી, (ताम सिवगमणु ण लब्भई) ત્યાં સુધી તું મોક્ષ પામી શકતો નથી (जहिं भावहु तहि जाउ) જ્યાં ચાહે ત્યાં તું જા.

---

૨૭. 'નિર્મળ આત્માની ભાવના કરીને જ મોક્ષ થાય છે.' ભારે પણ! સાર ફરીને વિશેષ (લ્યે છ). ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ સચેત અસંખ્ય પ્રદેશે જાગૃત સ્વભાવનો પિંડ, એની ભાવના. 'ભાવના' શબ્દે સ્વરૂપમાં એકાગ્રતા. નિર્વિકલ્પ એકાગ્રતા. જુઓ! આ 'ભાવના' શબ્દ મૂક્યો છે, હોં! છે ને? 'जहिं भावहु' એમ છે ને? ચોથા પદમાં છે. 'भावहु' એટલે ભાવના કરીને મોક્ષ થશે.

ભગવાનઆત્મા..! આ તો ભાવનાનો ગ્રંથ છે, એને પુનરુક્તિ લાગુ ન પડે, એને પુનર્ભાવના લાગુ પડે. વારંવાર એકાગ્રતા. એકાગ્રતા.. એકાગ્રતા. સ્વસન્મુખના શ્રદ્ધા, જ્ઞાન ને ઠરવું એ એક જ મોક્ષનો માર્ગ છે. વ્યવહાર-ફ્યવહારના વિકલ્પો મોક્ષનો માર્ગ નથી. આહાહા..! શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં નિર્જરા થાય, આ થાય. અરે..! ભગવાન! આત્માના સ્વાધ્યાય અંતરમાં કરતાં નિર્જરા થાય. આહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક જ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અભેદ સ્વભાવ, એની એકાગ્રતા કરતાં જ મોક્ષ થશે, બીજી રીતે મોક્ષ થશે નહિ. ભ્રમના ભૂલાવામાં ન પડ, એમ કહે છે. આહાહા..! ભ્રમણાના સ્થાન ઘણા, ભ્રમણાના સ્થાન ભટકવાના ઘણા અને ભ્રમણાના મૂકાવાનું સ્થાન એક ભગવાનઆત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

**जाम ण भावहु जीव तुहुं णिम्मलअप्प सहाउ।**
**ताम ण लब्भइ सिवगमणु जहिं भावहुं तहिं जाउ।।२७।।**

www.vitragvani.com



તારે કરવું હોય ઇ કર, પણ આ છે. કહે છે. સમજાણું કાંઈ? 'હે જીવ!' 'जाग तुहुं णिम्मल अप्प सहाउ ण भावहु' શું કહે છે? 'જ્યાં સુધી નિર્મળ આત્માના સ્વભાવની ભાવના કરતો નથી,...' લાખ તારા વ્રત ને નિયમ ને પૂજા ને ભક્તિ ને આ વિકલ્પો શાસ્ત્રના શ્રવણ ને દેવા ને લેવાના વિકલ્પની જાળું જ્યાં સુધી કર ત્યાં સુધી આત્માનો મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ? 'જ્યાં સુધી નિર્મળ આત્માના સ્વભાવની ભાવના કરતો નથી,...' એ બધી વિકલ્પની જાળો, એને છોડી ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ અભેદ ચૈતન્યમાં અનુભવ ન કર ત્યાં સુધી 'ताम सिवगमणु ण लब्भई' 'ત્યાં સુધી તું મોક્ષ પામી શકતો નથી.' મોક્ષમાં ગમન નહિ કરીશ, એમ કહે છે. મોક્ષમાં ગમન 'ण लब्भई'. પૂર્ણાનંદ તરફ તારું ગમન-પરિણમન નહિ થાય. આહાહા..! બહુ વાત કરી છે, ભાઈ!

કેટલા લોકો તો બિચારા બહારની પ્રભાવના માટે જિંદગી ખોઈ બેસે છે. હેં? આપણે કરીએ ને, ઘણાને લાભ થાય, ઘણાને લાભ થાય. ધૂળેય લાભ નથી, સાંભળને હવે! બહાર માટે મરીફીટીને જિંદગી ખોઈ જાય. સમજાય છે કાંઈ? પણ 'जाम ण भावहु जीव'. જ્યાં લગી ભગવાન સ્વભાવનો પિંડ પ્રભુ, એના તરફની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની ભાવનાની શુદ્ધતાની નિર્વિકલ્પતાની એકતા ન કરો... સમજાય છે કાંઈ? ત્યાં સુધી મોક્ષ નથી પામી શકતો. એ લાખ તારા બહારના વિકલ્પો દ્વારા વ્યવહાર દ્વારા, મુક્તિ નહિ પમાય. સમજાણું કાંઈ? આ તો બધું સ્થપાય જાય છે. એ..ઇ..! 'બાબુભાઈ'! (લોકો) રાડ પાડે છે, કહે છે. ભગવાન તારો સ્વભાવ આવો છે ને પણ. આહાહા..!

દિવ્યધ્વનિ એ જૈનશાસન નહિ. આહાહા..! વિકલ્પ ઊઠે એ જૈનશાસન નહિ, પંચ મહાવ્રતના પરિણામ ઊઠે એ જૈનશાસન નહિ. આહાહા..! બીજાને સમજાવવામાં રોકાવું, (એનો) વિકલ્પ તે જૈનશાસન નહિ. 'ન્યાલભાઈ'! ભારે માર્ગ પણ આવો, ભાઈ! આહાહા..! જ્યાં એકલું ઠરેલું શાંત વીતરાગીરસનું તત્ત્વ આત્મા, એમાં આવા વિકલ્પોને અવકાશ ક્યાં છે? અને હોય તો તે શિવપંથના કારણમાં કેમ ભળે છે? શિવપંથના ગમનમાં, પંથે ગમનમાં તો શુદ્ધ ભગવાનઆત્મા, એના તરફની અનુભવની દૃષ્ટિ, અનુભવજ્ઞાન, અનુભવની સ્થિરતા એક જ 'सिवगमणु' એ મોક્ષના પંથનું ગમન અને પરિણમન છે.

આ જુઓને, નાનો ગ્રંથ છે, લ્યો! ૧૦૮ શ્લોક. હેં? ઓલા 'પૂજ્યપાદસ્વામી' લ્યોને, ૫૧ શ્લોક. હેં? શું કહ્યું ઇ? 'ઇષ્ટોપદેશ'. આહાહા..! દિગંબર સંતો, એની વાણી આખા મોક્ષમાર્ગને ખોલી નાખે છે. વીતરાગી મુનિઓ હતા, વીતરાગી મુનિઓ. સમજાય છે? ભલે નગ્ન શરીર આદિ હતું. એ વાણી અને શરીરમાં અમે નથી. વાણી ને નગ્ન શરીર ને વિકલ્પમાં અમે નથી, અમે જ્યાં છીએ ત્યાં એ નથી. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા, એને કહે છે કે, નિર્મળ સ્વભઆવની જ્યાં સુધી સ્વભાવની એકાગ્રતા ન કરે અને બહારમાં વિકલ્પની જાળમાં ફર્યા કરે ત્યાં સુધી 'सिवगमणु ण लब्भइ'.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્યાં તને ભાવ હોય ત્યાં જા. આ સ્વભાવમાં મુક્તિ જોઈતી હોય તો સ્વભાવ તરફની એકતા કર, નહિતર વિકલ્પમાં ગયો છે અને એનાથી લાભ માને (છે) એ તો અનાદિનું પડ્યું છે. એ તું કરે છો એમાં અમારે કહેવું શું? 'जहिं भावहु तहि जाउ' ઓહોહો..! 'જ્યાં ચાહે ત્યાં તું જા.' મોક્ષનો લાભ ચાહતો હો તો એ સ્વભાવ તરફ એકાગ્ર થા. સમજાણું? એ બધા પ્રપંચના વિકલ્પની જાળ છોડી દે. ભગવાનઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપે (બિરાજે છે તેનું) ધ્યાન કર, બસ! એક જ ઉપાય છે. આહાહા..! કહો, સમજાણું?

ઓલું બહાર મીઠું કેવું લાગે? ભલે અમારા એક-બે ભવ વધે. સમજ્યા ને? એ તો બે-ત્રણ ભવ કહેતો હતો. એ તો એમ સાંભળ્યું કે, ભઈ! એકાદ ભવ કરવો પડે પણ જગતનું જો કલ્યાણ થઈ જાય તો ભલે આત્માને એકાદ ભવ થાય. કાંઈ વાંધો નથી. એક ભવની ભાવના એ અનંતા ભવની ભાવના છે. ભવ કરવાનો ભાવ તો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભાવના બીજાને કલ્યાણનું નિમિત્ત થાય? મૂઢેય ન થાય. મૂઢ, મૂઢ મુંઝાઈ જશે. મૂંઢાઈ જશો, મૂંઢાઈ જશો કીધું. દુનિયાના મીઠા ઝેર જેવા લાગે, આમ સારા.. આહાહા..! કેટલો પરોપકારી લાગે છે આ! તમારા ખાતર અમારે એક-બે ભવ કરવો પડે તો ભલે કરવો પડે પણ અવતાર તમારે માટે અમારે જન્મ લઈને ઉદ્ધાર કરવા (છે). આહાહા..! ઓલાને એવું લાગે કે, આહાહા..! ઓલા મૂઢ જેવા હોય. ભિખારા હોય ને ઓશિયાળાના દીકરા.. આહા..! આપણે માટે અવતાર લઈને પણ ઉદ્ધાર કરવાની ભાવના કરે છે, હોં!

મુમુક્ષુ :– આપણો મોટો નાતીલો છે.

ઉત્તર :– ના, ના. ઓલા મૂર્ખા તો એમ માને કે, આ ખરો ધર્મી (છે). ખરો લાગે છે. પોતાનું ભલે ગમે તે થાય એ પોસાય. સમજાય છે? અમારી જેને દરકાર છે. આહાહા..! 'શ્રીમદ્દે' એક ઠેકાણે લખ્યું છે ને? કે, અમુકે એમ માન્યું કે, અમારું ગમે તેમ થાઓ પણ જૈનશાસન અને જૈનધર્મને લાભ થવો જોઈએ. એમ બને નહિ કોઈ દિ', એમ અહીં તો કહે છે. આહાહા..! કોને લાભ થાય? થાશે તો અંદરમાં એને કારણે એને લાભ થાશે. તારે કારણે થશે? અને તેં વિકલ્પ ઉઠાવ્યો માટે એને લાભ થશે? વિકલ્પ ઉઠાવ્યો માટે તને જરીયે લાભ છે? આહાહા..! સમજાણું?

'કોઈ અજ્ઞાની વ્યવહાર ધર્મમાં જ ફસાઈ રહે,...' એમ લખાણ લખ્યું છે બિચારાએ, હોં! લખાણ ઠીક કર્યું છે. વ્યવહાર ધર્મમાં જ સદા ફસાઈ રહે. આ પૂજા ને આ ભક્તિ ને આ વ્રત ને સમજાવવું ને સાંભળવું ને વાંચવું ને વિચારવું. ચોવીસ કલાક સંસાર. અજ્ઞાની પંડિતનો સંસાર–શાસ્ત્ર. એને માને કે આ અમે કંઈક આગળ જઈએ છીએ, અમે કાંઈક આગળ જઈએ છીએ. ક્યાં આગળ જાય છે? ધૂળ. સમજાણું કાંઈ? 'વ્યવહાર ધર્મમાં જ ફસાઈ રહે છે, નિશ્ચય ધર્મનું લક્ષ છોડી દે...' હેઠે વળી વધારે લાંબું નાખ્યું છે. સમજાણું? બધું લાંબું કર્યું છે. આમ કરવું ને આમ કરવું. આમ કરવું ને.. એની ક્યાં વાત છે આમાં?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ત્રિલોકપૂજ્ય જિન આત્મા જ છે.

**जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु।**
**णिच्छयणइ एमइ भणिउ एहउ जाणि णिभंतु।।२८।।**

**ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;**
**નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાન્તિ ન આણ. ૨૮.**

**અન્વયાર્થ** :– (**जो तइलोयहं झेउ जिणु**) જે ત્રણ લોકના પ્રાણીઓ દ્વારા ધ્યાન કરવા યોગ્ય **જિન છે** (**सो अप्पा णिरु वुत्तु**) તે આ આત્મા જ નિશ્ચયથી કહેવાય છે. (**णिच्छयणइ एमइ भणिउ**) નિશ્ચયનય આમ જ કહે છે (**एहउ णिभंतु जाणि**) આ વાત સંદેહરહિત જાણ.

---

હવે 'ત્રિલોકપૂજ્ય જિન આત્મા જ છે.' ૨૮. ત્રણલોકમાં પૂજ્ય હોય તો એ ભગવાન પોતે જ છે. પોતાને માટે પોતાનો આત્મા જ પૂજ્ય છે. આહાહા..!

**जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु।**
**णिच्छयणइ एमइ भणिउ एहउ जाणि णिभंतु।।२८।।**

આહાહા..! 'જે ત્રણલોકના પ્રાણીઓ દ્વારા ધ્યાન કરવા યોગ્ય જિન છે...' એ ભક્તોને ધ્યાન કરવા લાયક હોય તો ભગવાનઆત્મા છે. કહો, સમજાણું કાંઈ? પણ ઓલો ભગવાનને પૂજવાનો, મૂર્તિ પૂજવાનો વ્યવહાર વચ્ચે આવે ને? આવો, એ કંઈ પૂજ્ય પરમાર્થે નથી. પરમાર્થે પૂજ્ય હોય તો ન્યાંથી લક્ષ ખસીને અંદરમાં લક્ષ લાવવાની જરૂર પડે નહિ. આહાહા..! ન્યાં ને ન્યાં ભગવાનને અને પ્રતિમાને જોયા કરે. ત્યાંથી કલ્યાણ છે? આ ઓલો કહે છે, ભગવાનના દર્શનથી નિદ્ધત અને નિકાચિત (કર્મને તોડે). ભગવાનની મૂર્તિના દર્શન કરે એ નિદ્ધત, નિકાચિત તોડે. અરે..! એમ નથી. ત્રણલોકનો નાથ પૂજ્ય ભગવાનઆત્મા છે, એના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના ભૂક્કા ઊડી જાય. એવો ભગવાનઆત્મા છે. પરમેશ્વર અને એની મૂર્તિને દેખવાથી સમ્યગ્દર્શન થાય નહિ. વ્યવહારના લખાણ આવે, હોં! કે, એનાથી થાય. એ તો અહીંથી થાય ત્યારે બાહ્યમાં નજીકમાં નિમિત્ત કોણ (હતું) એનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! સમજાણું?

ત્રણલોકના પ્રાણીઓને ધ્યાન કરવા લાયક જિન છે તે આત્મા છે. ભગવાન પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો જિન, પોતે પરિપૂર્ણ પરમાત્મા છે. એ જ ભક્તજનોએ આત્માની ભક્તિ કરનાર જીવોએ આત્માનું ધ્યાન કરવા લાયક છે. એનો ત્રણ લોકનો નાથ આત્મા જ એને પૂજ્ય છે. ભગવાન તીર્થંકર આદિ પૂજ્ય (છે) એ વ્યવહારે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બહુ ટૂંકાં શ્લોક! પોતે કહે છે કે, મારે માટે બનાવ્યા છે, છેલ્લે એમેય અંદર લખ્યું છે. છે ને?

**'सो अप्पा णिरु वुत्तु'** 'તે આ આત્મા જ નિશ્ચયથી કહેવાય છે...' એટલે શું કહે છે? જેને ખરેખર આત્મા કહ્યો તે જિન છે, પૂજ્ય છે, એમ કહે છે. જેને ખરેખર આત્મા નિશ્ચયથી કહ્યો, એમ. એકલો શુદ્ધ, બુદ્ધ, જ્ઞાનઘન, આનંદકંદ એકલો વર્તમાન ભલે હો, ત્રિકાળ લંબાય એનું કાંઈ નહિ. સમજાણું? વર્તમાન એકલો શુદ્ધ, બુદ્ધ, ઘન, એકલો અખંડાનંદ ધ્રુવ, એને નિશ્ચયથી આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? **'सो अप्पा णिरु'** **'णिरु'** એટલે નિશ્ચયથી. **'वुत्तु'** નિશ્ચયથી તો એને આત્મા કહ્યો. દેહની ક્રિયા, વાણીની ક્રિયા તો જડ, પુણ્ય-પાપના પરિણામ આસ્રવ, વર્તમાન પર્યાયની અલ્પતા એ વ્યવહાર આત્મા (છે). ખરેખર આત્મા તો ત્રિકાળી બુદ્ધ ચિદ્‌ઘન ધ્રુવ (છે). એકલો સદૃશ ચૈતન્યનો ધ્રુવ પિંડલો તે ખરેખર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'णिच्छयणइ एमइ भणिउ'** 'નિશ્ચયનય આમ જ કહે છે.' દેખો! જુઓ! **'एमइ भणिउ'** છે ને? સત્ય વાત કહેનાર વાણી અને જ્ઞાન એમ કહે છે. ત્રણલોકનો નાથ પૂજ્ય પ્રભુ તો તું છો. આહાહા..! ભગવાન સર્વજ્ઞદેવ ને પ્રતિમા એ વ્યવહારે પૂજ્ય. આ તારો પર્યાય, એક સમયનો ઉઘાડ એ બહુમાન દેવા લાયક વ્યવહારે (છે). મોક્ષનો માર્ગ પૂજ્ય એ પણ વ્યવહારે, એમ અહીં તો કહે છે. પૂર્ણ શુદ્ધ ભગવાન ચૈતન્યનો પિંડલો જ્યાં નમવા જેવું છે, જ્યાં વળવા જેવું છે, જ્યાં અંતર સન્મુખ થવા જેવું છે, એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ ત્રણલોકનો પૂજ્ય પોતે આત્મા પોતાને પૂજ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો આત્મા! એને એમ (થાય કે) આવો આત્મા? આવો આત્મા? ભાઈ! આત્મા એવો છે. નવ તત્ત્વ કે સાત તત્ત્વની અંદરમાં આત્મા આવો છે. સમજાય છે કાંઈ?

'નિશ્ચયનય આમ જ કહે છે...' **'एहउ णिभंतु जाणि'** પાછી ભાષા જોઈ? નિર્ભ્રાંત નિઃસંદેહ, સંદેહ ન કર. આ કોણ? અમે પણ આવા આત્મા? ત્રણલોકનો ભક્ત પૂજ્ય એવો આત્મા? ભક્ત તો ભગવાનને પૂજે? પોતાને આત્માને? આવડું મોટું આ તત્ત્વ! ભ્રાંતિ ન કર. સમજાણું કાંઈ? આહાહા..! સાર સાર સાર સાર.. માખણ મૂક્યું છે. એને પૂજે છે, એને ધ્યાવે છે, એને માને છે. સો ઇન્દ્રમાં પણ એ પ્રસિદ્ધ છે કે, આત્મા જ પૂજ્ય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે ઓલો પાછો વ્યવહાર આવ્યો માટે એ.. વ્યવહાર તમારો ખોટો, વળી પાછા એમ કહે. ઇ વ્યવહાર તરીકે વ્યવહાર છે. વ્યવહાર નથી એમ નહિ. પણ વ્યવહારને નિશ્ચયથી પૂજ્યપણું સ્વીકારી દે તો એ વાત ખોટી છે. વચ્ચે એવો વ્યવહાર (આવે). ભગવાનને વંદન, પૂજા, નામ સ્મરણ, પૂજા, ભક્તિ એ શુભરાગ હોય છે. વ્યવહાર હોય છે. પણ એ જાણવાલાયક છે, પૂજવા લાયક ખરેખર તો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે કહે, માળા! વાતો તો આવી કરે છે. એમ કેટલાક કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'કાનજીસ્વામી' વાત તો બહુ ઊંચી કરે છે. પણ પાછા આવા મકાનો ને મંદિરો ને હાથી ને આ બધું કરાવે છે. વરઘોડાને અરે..! સાંભળ તો ખરો, ભાઈ! એ તો અજીવની પર્યાયને કાળે અજીવ થાય. ભક્તિવંતના ભાવ શુભ હોય છે, એ કાળે એ જાણવા લાયક છે. ખરેખર વ્યવહારે આદરવા લાયક કહેવાય, નિશ્ચયથી આદરવા લાયક નથી. વ્યવહારે તો આદરવા લાયક કહે ને? ભગવાનને પગે લાગે, હે પ્રભુ! હે નાથ! હે દેવ! પૂજ્ય છે ને! આમ કહે, હે નાથ! પ્રભુ! ત્રણલોકના નાથ. એ વ્યવહારે પૂજ્ય છે, જાણવા લાયક છે. એને કાઢી નાખે તો વીતરાગ થઈ જાય અને કાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? 'રતનલાલજી'! 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો' માણસને કેટલો રસ ચડી જાય, લ્યો! એ.. 'બાબુભાઈ'! બે હાથ ઝાલીને આમ ચારે કોર ફરતા હોય. આહાહા..! શું છે આ તે? લોકો એમાં મહિમા માની લ્યે. સમજાણું? અને કરનારને મહિમા આવી જાય કે, આહાહા..! આપણે પણ કાંઈક પ્રભાવના કરી. 'છગનભાઈ'! બધું મુંડી નાખ્યું છે.

એક જણ કહેતા હતા, 'ટોડરમલજી'એ તો સજાયો લઈને બધાનું મુંડી નાખ્યુ. એક વાત આવી હતી. સજાયો સમજો છો? અસ્ત્રો, અસ્ત્રો હોય છે ને? 'ટોડરમલજી'એ અસ્ત્રો લઈને બધાને મુંડી નાખ્યા છે. એમ અહીં નિશ્ચય પૂજ્યમાં તો બધાનું મુંડન કરી નાખ્યું. ત્રણલોકનો નાથ પૂજ્ય? તો કહે, વ્યવહારે. આહાહા..! સમવસરણમાં આમ ઇન્દ્રો પણ પૂજે. પ્રભુ! આહાહા..! વ્યવહારના લખણ જ એવા છે. વ્યવહારુ જ્ઞાન, વ્યવહારનો વિકલ્પ, પરપદાર્થનું લક્ષ હો. હોય પણ એ કંઈ ખરેખર આત્મા નહિ અને એ ખરેખર પૂજ્ય નહિ. એ..ઇ..! હવે તો મંદિર-બંદિર થઈ ગયા છે. એકને બાકી રહ્યું છે ને?

મુમુક્ષુ :- 'મલૂકચંદભાઈ' કરે તે દિ' થાય.

ઉત્તર :- લ્યો, આ તમારા મામા કરે ને? બાકી રહ્યું છે ઇ કરે તો થાય એવું છે. પૈસા એના છોકરા પાસે પડ્યા છે ને? આહાહા..! ભારે વાતું, ભાઈ! હેં? કહેવું કાંઈક, માનવું કાંઈક પાછું (એમ) કહે છે.

ભાઈ! એવા વિકલ્પો હોય છે, એ બંધનું કારણ છે. આવ્યા વિના રહેતા નથી. કેમ? કે, અબંધસ્વભાવી આત્મા અબંધ પૂર્ણ પરિણામને ન પામે ત્યાં સુધી એવા ભાવ હોય. એટલે વ્યવહાર છે ખરો. ન માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે અને વ્યવહારથી પૂજ્ય કીધું એને પરમાર્થે પૂજ્ય માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિલોકપૂજ્ય પરમાત્મા જિનેન્દ્ર છું, લ્યો! ત્રણલોકના પ્રાણી જેને ધ્યાવે છે, પૂજે છે, વંદે છે તે જ પરમાત્મા તે આત્મા છે. હું છું, હું ત્રિલોકપૂજ્ય પરમાત્મા જિનેન્દ્ર છું. ઓહોહો..! એમ ભ્રાંતિરહિત નિશ્ચયથી જાણવું જોઈએ. અરે..! પણ હું ભગવાન? હું ભગવાન? આહાહા! હું ભગવાન, ભાઈસાહેબ! એવું વસ્તુસ્વરૂપ છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવા સ્વરૂપના શુદ્ધ ભગવાનઆત્મા ત્રણલોકમાં પૂજ્ય પુરુષોને પણ પૂજ્ય છે. સમજાય છે કાંઈ?

ગણધરો આદિ સંતો જે પૂજ્ય છે એને પણ પૂજ્ય આત્મા છે. આહાહા..! સમજાણું? નમન કરવા લાયક જે મુનિઓ આદિ છે એને પણ નમન કરવા લાયક તો એ આત્મા છે. એવો પરમાત્મા પૂર્ણ પ્રભુ, ત્રણલોકમાં જેની સાથે કોઈ જોડ કરી શકાય નહિ એવું અદ્વૈત તત્ત્વ ભગવાન પોતાનું એ પૂજ્ય છે, એ વંદનીય છે, માનવા લાયક છે, આદરવા લાયક છે, ધ્યાન કરવા લાયક છે. આહાહા..!

---

## મિથ્યાદષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી.

**वयतवसंजममूलगुण मूढह मोक्ख णिवुत्तु।**
**जाम ण जाणइ इक्क परु सुद्धउभाउ पवित्तु।।२९।।**

**જ્યાં લગી એક ન જાણિયો, પરમ, પુનીત શુદ્ધ ભાવ;**
**મૂઢ તણા વ્રત-તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯.**

**અન્વયાર્થ :–** (**जाम इक्क परु सुद्धउ पवित्तु भाउण जाणइ**) જ્યાં સુધી એક પરમ શુદ્ધ અને પવિત્ર ભાવનો અનુભવ થતો નથી. (**मूढह वयतवसंयम मूलगुण मोक्ख णिवुत्तु**) ત્યાં સુધી મિથ્યાદષ્ટિ અજ્ઞાની જીવો દ્વારા કરવામાં આવેલા વ્રત, તપ, સંયમ અને મૂળગુણોના પાલનને મોક્ષનો ઉપાય કહી શકાતો નથી.

---

૨૯. 'મિથ્યાદષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી.' આવા આત્માના બહુમાન, શ્રદ્ધા, જ્ઞાન, ભાન વિના ભગવાવ સ્વરૂપે પરમાત્મા પોતે, એની અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વિના એટલે પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે પોતાના આદર સિવાય, જેટલા એ વ્રત, નિયમ, વિકલ્પ, તપસ્યા, પૂજા, ભક્તિ, દાન કરે, જાત્રાઓ કરે એ બધા એના ધર્મ માટે નહિ – મોક્ષમાર્ગ માટે નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે, 'સમેદશીખર' એકવાર જાત્રા કરે તો.. 'એકવાર વંદે જો કોઈ' લાખ વાર વંદન કર સમ્મેદશિખરની (તોપણ) એક ભવ ઘટે નહિ, લે! એમ અહીં કહે છે. એ.. 'બાબુભાઈ'! આહાહા..! ત્રણલોકના નાથ સાક્ષાત્ પરમેશ્વરને ક્રોડ વાર વંદન કર તોપણ એક ભવ ઘટે નહિ. કેમકે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લક્ષે ઉત્પન્ન થતો રાગ જ ઉત્પન્ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? જેની આત્મદષ્ટિ નથી અને જેણે એ વિકલ્પમાં લાભ માન્યો છે, જેણે વિકારની ક્રિયાઓ થાય તેમાં લાભ માન્યો છે, જેમાં... લ્યો! ઓલા વળી એમ કહે છે, આપણે ઉપદેશ દેવો. એમાં નિર્જરા થાય છે. તેરાપંથી. આહાહા..! અ.રે..! ક્યાં ભૂલ્યા, ક્યાં ભટક્યા? આપણે બીજાને ઉપદેશ દેવો, એમાં લાભ થાય, નિર્જરા થાય. આહાહા..! સમજાણું કાંઈ?

www.vitragvani.com



અહીં તો ભગવાન અખંડાનંદનો નાથ પ્રભુ, એના આશ્રય સિવાયના કોઈપણ વિકલ્પો ઊઠો એ મોક્ષના માર્ગની કળામાં એ પ્રવેશ કરી શકતું નથી. કહો, સમજાણું? નિર્દોષ આહાર આપે અને ખાય તો બેયને નિર્જરા (થાય). 'દશવૈકાલિક'ની ગાથા છે. પાંચમા અધ્યયનની. એ વારંવાર બોલતા. નિર્દોષ દાતા, નિર્દોષ આહાર-પાણી દેનારા મુનિઓને દાતા દુર્લભ છે અને નિર્દોષ લેનારા દુર્લભ છે. જીવનારા. નિર્દોષ આહાર-પાણી જીવનારા દુર્લભ છે. એવો એમાં પાઠ છે. એ પાંચમું સૂત્ર (છે). એની આ છેલ્લી કડી છે. 'ભગવાનભાઈ'! અહીં કહે છે, પરને નિર્દોષ આહાર-પાણી દેવાથી હરામ સંવર, નિર્જરા થતા હોય તો. એ..ઇ...! અમારે તો 'હીરાજીમહારાજ' તો જ્યાં જ્યાં ત્યાં એ જ બોલે, હોં! ગામડામાં. કોઈ એને માટે આહાર ન કરે એ ખાતર આ જ વાત કરે. આહાહા!

કહે છે, જેની દૃષ્ટિ આ પર ઉપર (છે), આ પર આશ્રયમાંથી કાંઈક લાભ માને છે, એવા મિથ્યાદૃષ્ટિના વ્રતાદિ જે છે એ નિર્જરામાં નથી. નિર્જરામાં મોક્ષમાર્ગ એટલે સંવર, નિર્જરામાં નથી, બંધમાર્ગમાં છે. એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## અમુક પર્યાયો ક્રમે ને અમુક પર્યાયો અક્રમે-એમ નથી!

દરેક દ્રવ્યની ત્રણકાળની પર્યાયોમાં ક્રમબદ્ધપણું છે. તેને જે ન માને તે સર્વજ્ઞતાને માનતો નથી, આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી; કેમ કે આત્માના જ્ઞાનસ્વભાવની જો યથાર્થ પ્રતીતિ કરે તો તેમાં ક્રમબદ્ધપર્યાયની પ્રતીત પણ જરૂર આવી જાય છે.

અહીં ક્રમબદ્ધપર્યાય કહેવાય છે તેમાં અનાદિ અનંતકાળની બધી પર્યાયો સમજી લેવી. દ્રવ્યની અમુક પર્યાયો ક્રમબદ્ધ થાય ને અમુક પર્યાયો અક્રમે થાય એમ એ ભાગલા નથી. કોઈ એમ કહે કે અબુદ્ધિપૂર્વક પર્યાયો તો જ્ઞાનમાં પકડાતી નથી એટલે તે તો ક્રમબદ્ધ થાય પરંતુ બુદ્ધિપૂર્વકની પર્યાયોમાં ક્રમબદ્ધપણું લાગુ ન પડે, તે તો અક્રમે પણ થાય. એ વાત સાચી નથી. અબુદ્ધિપૂર્વકની કે બુદ્ધિપૂર્વકની કોઈ પણ પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. જડ ને ચેતન બધા દ્રવ્યોની બધી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે. વળી, કોઈ એમ કહે કે 'ભૂતકાળની પર્યાયો તો થઈ ગઈ એટલે તેમાં હવે કાંઈ ફેરફાર ન થઈ શકે, પરંતુ ભવિષ્યની પર્યાયો હજી થઈ નથી એટલે તેના ક્રમમાં ફેરફાર કરી શકાય.' આમ કહેનારને પણ પર્યાયનો ક્રમ ફેરવવાની બુદ્ધિ છે, તે પર્યાયબુદ્ધિ છે. આત્મા જ્ઞાયક છે એની પ્રતીત કરવાની આ વાત છે. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો 'મેં આનું કામ કર્યું ને આનું આમ કર્યું ને આનું આમ ન થવા દીધું' એવી કર્તાબુદ્ધિની બધી વિપરીત માન્યતાઓનો ભૂક્કો ઊડી જાય છે ને એકલું જ્ઞાયકપણું રહે છે. (આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૧, રવિવાર
## તા. ૧૯-૦૬-૧૯૬૬
## ગાથા–૨૯ થી ૩૨ પ્રવચન નં. ૧૨

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' એક મુનિ થયા છે. દિગંબર સંત. અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ભગવાને કહેલો માર્ગ, એને અહીંયાં 'યોગસાર' તરીકે વર્ણવે છે. ૨૯મી ગાથા. ૨૮મો શ્લોક છે ને? 'મિથ્યાદૃષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી.'

**वयतवसंजममूलगुण मूढह मोक्ख णिवुत्तु।**
**जाम ण जाणइ इक्क परु सुद्धउभाउ पवित्तु।।२९।।**

શું કહે છે? જ્યાં સુધી આ આત્મા, દ્રવ્ય–વસ્તુ અને એનો ભાવ પરમ શુદ્ધ છે. શરીર, વાણી, મન તો આ પર જડ છે. અંદર શુભ-અશુભભાવ થાય છે એ વિકાર મલિન છે. એનાથી રહિત આત્માનો સ્વભાવ, આત્મવસ્તુ એ તો પરમ શુદ્ધ, પરમ નિર્મળ, એનો પવિત્ર ભાવ અંદર સ્વરૂપમાં છે, એવા આત્મભાવનો અનુભવ ન કરે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્દ્ઘન આત્મા પવિત્ર આનંદકંદ છે. એવા આત્માનો અંતર્મુખ થઈને, આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને એ આત્માનું આચરણ–અનુષ્ઠાન જ્યાં સુધી આવો અનુભવ ન કરે ત્યાં સુધી મૂઢ જીવના, અજ્ઞાની જીવોના કરેલા વ્રત, એ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળતો હોય એ બધા નિરર્થક રાગની મંદતાનો એક શુભરાગ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો એવો આ આત્મા તદ્દન પવિત્ર શુદ્ધ આનંદ, સચ્ચિદાનંદ અને જ્ઞાયક અનાકુળ શાંતરસથી ભરેલું એ આત્મતત્ત્વ છે. એવા ભગવાનઆત્માની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનો અનુભવ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી અજ્ઞાની મૂઢ જીવના, મૂઢ એટલે સ્વરૂપના અજાણ જીવના,... સમજાણું કાંઈ? આત્મા વીતરાગમૂર્તિ છે. સ્વરૂપે શુદ્ધ અવિકારી સ્વભાવ આત્મા છે, એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ ન કરે અને મૂઢ જીવ વ્રત પાળે, વસ્તુના સ્વભાવના અજાણ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે એ મોક્ષમાર્ગ નહિ. એ બંધમાર્ગ છે, એ સંસારમાં રખડનારા જીવ છે. સમજાણું કાંઈ? વ્રત, તપ.

આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ રસ આનંદકંદ, એવી ચીજનો જ્યાં અંતર્મુખ અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન નથી અને એ પોતે અનશન, ઉણોદરી કરે, આહાર છોડે, મહિના-મહિનાના અપવાસ કરે, રસ છોડી દ્યે, દૂધ, દહીં, ખાંડ–સાકર ન ખાય, એ બધા એના તપ નિરર્થક છે. સમજાણું કાંઈ? એ આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ભગવાન પરમેશ્વરે જે પર્યાયમાં પ્રગટ કર્યો,

અવસ્થામાં-દશામાં પ્રગટ થયો. શું કહ્યું? આ આત્મા દેહમાં બિરાજમાન ચૈતન્યરત્ન, જેમાં અનંતા ગુણનું શુદ્ધપણું ભર્યું છે, એવા આત્માનો જેને અંતર સન્મુખનો અનુભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન નથી એવા જીવો. 'મૂઢ' શબ્દ વાપર્યો છે ને? મૂઢ. વસ્તુ જ્ઞાતા-દૃષ્ટા અનંત આનંદાદિ શુદ્ધ સ્વરૂપે ભરેલો, એનું ભાન નથી એથી મૂઢ જીવ પછી ભલે એ વ્રત, તપ કરે, વિનય કરે, દેવ-ગુરુ-શાસ્ત્રનો બહુ વિનય કરે, જાત્રા કરે, ભક્તિ કરે, પૂજા કરે એ બધા એના ધર્મને ખાતે નથી. એ બધા શુભભાવ બંધન ખાતર છે, સંસાર ખાતે છે. સમજાણું કાંઈ? કેમકે પરમાત્મા નિજ સ્વરૂપમાં આનંદ અને શુદ્ધતા પડી છે. એને સ્પર્શે નહિ, એને સ્પર્શે નહિ અને મૂઢ પોતાના નિજ સ્વભાવના અજાણ, આવા વિનય કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય, પૂજા, નામ સ્મરણ કરે એ બધા શુભરાગરૂપી પુણ્ય છે, ધર્મ નહિ. એને ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? એ દેવ-ગુરુ-શાસ્ત્રની વૈયાવચ્ચ કરે, સેવા કરે પણ જેને આત્મસેવાની ખબર નથી કે હું એક જ્ઞાનાનંદ ચિદાનંદ શુદ્ધ ધ્રુવ અનાદિઅનંત પવિત્ર અનંત શાંતિની ખાણ ખજાનો આત્મા છું. પૂર્ણ આનંદ જે પરમાત્માને સર્વજ્ઞદેવને પ્રગટ થયો એ પૂર્ણાનંદનું ધામ આત્મા સ્વભાવે છે. એવા અતીન્દ્રિય આનંદનો જેને સ્પર્શ, સ્પર્શ નથી-અનુભવ નથી, અડતો નથી, સન્મુખ નથી એવા મૂઢ સ્વભાવના અજાણ જીવના દેવ-ગુરુ-શાસ્ત્રની સેવાનો ભાવ પણ એને સંવર અને નિર્જરામાં નથી, બંધમાં છે. એમાં બંધ થઈને એ ચાર ગતિ સંસારમાં રખડવાનો છે. 'રતનલાલજી'! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સત્ સત્ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની ખાણ પ્રભુઆત્મા છે. અતીન્દ્રિય આનંદના ભાન અને સ્પર્શ વિના જે કંઈ શાસ્ત્રના સ્વાધ્યાયો કરે, આ તપના બોલમાં આવે છે. રાત્રે એનો જરીક ચાલ્યો હતો. આ ઓલા કહે ને કે, અમે સજ્ઝાય કરીએ છીએ ને! અરે..! ભગવાન! ભાઈ! સાંભળ રે પ્રભુ! એ ચિદાનંદની મૂર્તિ શાશ્વત આનંદની ખાણ આત્મા છે. શાશ્વત-અણકરેલો અણનાશ એવું તત્ત્વ અનંત સ્વભાવના, શુદ્ધ સ્વભાવથી ભરેલો ભંડાર ભગવાન છે. એવા આત્માને અંતર્મુખમાં સ્પર્શ્યા વિના, બહિર્મુખની આટલી લાગણીઓ. શાસ્ત્રના સ્વાધ્યાય કરે, અગિયાર અંગ નવ પૂર્વ ભણે. સ્વાધ્યાય (કરે), રાત-દિન શાસ્ત્ર.. શાસ્ત્ર.. શાસ્ત્ર. એ બધા વિકલ્પો પુણ્ય રાગ છે, એ ધર્મ છે નહિ.

મુમુક્ષુ :- ધર્મ ભલે નહિ, પણ નિર્જરા તો ખરી ને?

ઉત્તર :- ધર્મ નહિ પછી નિર્જરા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? સંવર, નિર્જરા નથી. જુઓ! વ્રત, તપ કીધા છે કે નહિ?

ભગવાનઆત્મા..! ભાઈ! એ ચૈતન્યરત્ન છે, પ્રભુ! એને ખબર નથી. આ દેહ, વાણી, મન તો માટી જડ ધૂળ છે. કર્મ અંદર છે, આઠ કર્મ જેને નસીબ કહે એ ધૂળ માટી જડ છે. અને આ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના, વિનયના આવા વિકલ્પ ઊઠે તે પુણ્ય છે. એ કંઈ આત્મા નથી. એવા પુણ્ય-

www.vitragvani.com



પાપના રાગરહિત ભગવાનઆત્મા વસ્તુ શાશ્વત નિત્ય ધ્રુવ (છે), એને સ્પર્શ્યા વિના મૂઢ જીવ આવા સ્વાધ્યાય કરે અને વિનય કરે, સમજાણું કાંઈ? એના મૂઢના બધા વ્રત છે. વૃથા છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વસન્મુખના ભાન વિના પરસન્મુખથી થયેલા બધા વિકલ્પની જાળ, પુણ્ય કે પાપ એ બેય બંધનું જ કારણ છે. 'રવાણી'! આહાહા..!

કહે છે કે, 'ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની...' મૂઢ મૂઢ કીધો છે ને? એને વ્રત, એના તપ.. લ્યો! પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન કરે. આંખ્યું વીંચીને ધ્યાન (કરે). શેનું ધ્યાન પણ? આંખ્યું વીંચીને બેસે. પણ આત્મા એક સમયમાં અખંડાનંદ પ્રભુ, સત્‌ની ખાણ છે. સત્‌ શાશ્વત અનાદિઅનંત અણકરાયેલું શાશ્વત પદાર્થ–તત્ત્વ છે. એમાં શાશ્વત શાંતિ અને આનંદ શાશ્વત અંદર પડ્યા છે. સમજાણું કાંઈ? એવો શાશ્વત ભગવાનઆત્મા અને શાશ્વત એનો શાંતિ અને આનંદનો જે ભાવ, એના સ્પર્શના ભાન વિના જેટલા એ બધા સ્વાધ્યાય આદિ કરે.. સમજાય છે કાંઈ? વાંચણી આપે, પૂછે, પ્રશ્નો કરે. સમજાણું કાંઈ? પર્યટના કરે, વારંવાર કરે, આંખ વીંચીને બેસે. બધા એના એકલા પુણ્યબંધનું કારણ છે. ભગવાનઆત્મા વસ્તુએ અબંધસ્વરૂપ છે, એના આવા પરિણામથી તેને બંધન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! ભારે આકરું. એમાં અત્યારની આ હા.. હોની હરિફાઈમાં બધા એમ ને એમ ચાલ્યા છે ને! ધર્મને નામે ગાડા હંકાર્યા છે. આહાહા..!

ભગવાન આ વસ્તુ છે ને પ્રભુ! આત્મા છે ઇ શાશ્વત છે ને? અને એના સ્વભાવો શાંતિ, આનંદ એ ધ્રુવ શાશ્વત છે ને? એના ગુણો જે છે, એ પોતે શાશ્વત ધ્રુવ અને એના ગુણો પણ શાશ્વત ધ્રુવ. એમાં ગુણમાં તો જ્ઞાતા-દૃષ્ટા, આનંદ ને વીતરાગતાથી ભરેલો એ ભગવાન છે. એના અંતર સ્પર્શ વિના, એની સન્મુખતાની દૃષ્ટિ વિના મૂઢ એના સ્વભાવના અજાણથી જેટલી ક્રિયાકાંડ આવા વ્રત, તપાદિ કરે... સમજાય છે? એ મોક્ષનો ઉપાય નથી. એ આત્માને છૂટવાનો ઉપાય નથી, એ બંધાવાનો અને રખડવાનો ઉપાય છે. આહાહા..! 'પ્રવીણભાઈ'! 'મહાવીર.. મહાવીર.. મહાવીર.. મહાવીર.. મહાવીર.. મહાવીર.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન..' (કરે). કેટલાકને ટેવ પડી ગઈ હોય. એ તો એક રાગ, વિકલ્પ છે, ભાઈ! શુભરાગ છે, પરલક્ષી વૃત્તિ છે. સ્વરૂપ અંદર શુદ્ધ છે એના ભાન વિનાના આવા ભાવ, એને સંવર, નિર્જરાનું કારણ નથી, બંધનું કારણ છે.

મુમુક્ષુ :– અભિમુખ થવાના સાધન તો ખરા ને?

ઉત્તર :– જરીયે અભિમુખ થવાનું સાધન નહિ. કહો. એ રાગની દિશા પર તરફની છે અને સ્વભાવની દિશા અંતર્મુખની સ્વની છે. એટલે પર તરફની દિશાના ભાવ સ્વ તરફની દિશામાં મદદ કરે એ ત્રણકાળમાં બને નહિ. શું કહ્યું વળી?

ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ શાશ્વત આનંદમૂર્તિ! આહાહા..! જેમાં– ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. એવા આનંદને સ્પર્શ્યા વિના, એવા

www.vitragvani.com



આનંદને જાણીને, અનુભવીને પ્રતીત કર્યા વિના જેટલા આવા ભાવ વ્રત, નિયમના આદિ થાય એ બિલકુલ આત્માને પર તરફની વલણની વૃત્તિઓ અંતર્મુખમાં જવા માટે જરીયે મદદગાર નથી. કહો, સમજાણું કે નહિ? ઉપર મેડીએ જાવું હોય. હોલ હોય ને હોલ વચમાં? ઉપર મેડી અને હેઠે ભોંયરું. ઉપર જાવું હોય તો થોડું ભોંયરે ઊતરે ઇ ઉપર જવામાં કંઈ મદદ કરે કે નહિ? સમજાણું કાંઈ? વચમાં હોલ, નીચે ભોંયરુ, નીચે મેડી. મેડી ચડવાના દાદરે કે થોડું ચડવામાં હેઠે ઊતરે ઇ મદદ કરે કે નહિ?

મુમુક્ષુ :- પેલા પગથિયા તો..

ઉત્તર :- ઇ તો ઓલા પગથિયા, ઇ તો સ્વસન્મુખના આવ્યા. ઇ તો સ્વસન્મુખની દૃષ્ટિ, સ્વસન્મુખનું જ્ઞાન અને સ્વસ્વરૂપની રમણતા, એ પગથિયાં આવ્યા. આહાહા..! ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ, એને અડ્યા વિના, સ્પર્શ્યા વિના આવી રાગની ક્રિયાઓ કહે છે કે, મોક્ષમાર્ગ નથી.

'શુદ્ધોપયોગની ભાવના ન ભાવતાં અને શુદ્ધ તત્ત્વનો અનુભવ ન કરતાં જે કાંઈ વ્યવહારચારિત્ર છે તે મોક્ષમાર્ગ નથી.' દેખો! એણે લખ્યું છે, 'શીતલપ્રસાદે'. 'સંસારમાર્ગ છે,...' આહાહા! ભારે વાત, ભાઈ! પણ બાયડી, છોકરા માટે કરતા હોય, દુકાન માટે કરતા હોય એ તો પાપ. હેં? તો તો સંસારમાર્ગ (કહો) ઠીક (છે). પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ? પણ ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ બહિર્મુખ વલણવાળી વૃત્તિઓ, લાગણી છે. અંતર્મુખ પરમાત્મા પોતે નિજાનંદથી ભરેલો (છે), એના સન્મુખથી વિમુખ છે. એ વિમુખ વૃત્તિઓના ભાવથી આત્માને પુણ્ય ને સંસાર જ છે. કહો, 'વલ્લભદાસભાઈ'! શું કરવું આ? વાંધા ઉઠાવ્યા બધાએ. પુણ્યબંધનું કારણ છે. સમજાણું?

આ એના અઠ્ઠાવીસ મૂળગુણ, સાધુ થાય ને અઠ્ઠાવીસ મૂળગુણ પાળે. એકવાર આહાર, ઊભા ઊભા આહાર (લે), નગ્નપણું, અચેલપણું, સામાયિક, છ આવશ્યકના વિકલ્પો, એવા અઠ્ઠાવીસ મૂળગુણ પાળે તોપણ એ સંસાર અને પુણ્યવર્ધક છે. આહાહા..! ભગવાન તારી પાસે ક્યાં મૂડી ઓછી છે? જ્યાં આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનપણાને પામે, અનંત આનંદાદિ દશાને અરિહંત, સિદ્ધપણે પામ્યા એ બધી નિર્મળ દશાઓની ખાણ તો આત્મા છે. એ દશા કંઈ બહારથી આવતી નથી.

ભગવાનઆત્મા એક સમયમાં સત્.. સત્.. સત્.. સત્.. ચિદ્આનંદ, ચિદ્આનંદ, જ્ઞાન, આનંદાદિ અનંત શક્તિઓનો રસકંદ, એનો જ્યાં અંતર આદર નથી, સન્મુખતા નથી, સાવધાની નથી, રુચિ નથી, તેનું જ્ઞેય કરીને જ્ઞાન નથી, તેમાં જ્ઞેય કરીને ઠરતો નથી ત્યાં સુધી બધા બહારના વ્રત, તપાદિ ચાર ગતિના રખડવાના છે. સમજાણું કાંઈ?

'સમયસાર'માં કહ્યું છે ને? ઇ દાખલો આપ્યો છે. 'वदसमिदी गुत्तीओ सीलतवं जिणवरेहिं पण्णत्तं।' 'બંધ અધિકાર'માં આવે છે ને? અભવી કરતો છતો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. એવા

www.vitragvani.com



વ્રત પાળે, તપ કરે. ભાઈ! એ તપની વ્યાખ્યા શું? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી શોભિત તત્ત્વ છે, તત્ત્વ છે એની અંતરમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો, શાંતિનો સાગર અંદરથી ઉછળે અને ગેરુથી જેમ સોનું ઓપે–શોભે એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા, એની એકાગ્રતાથી એની દશામાં અતીન્દ્રિય આનંદની પર્યાયમાં–અવસ્થામાં ભરતી આવે, એનું નામ ભગવાન તપ કહે છે. સમજાણું કાંઈ? વ્યાખ્યા કેવી આ બધી! એ..ઇ...! સમજાણું કાંઈ?

જે જાતનો આત્માનો ભાવ છે તે જાતનો ભાવ તેની દશામાં પ્રગટ થાય તેને મોક્ષનો માર્ગ કહે છે. એ જાતના ભાવથી વિપરીત ભાવ (થાય) એ બધાં સંસાર ખાતે, પુણ્ય ખાતે છે. સ્વર્ગ મળો કે આ શેઠાઈ ધૂળની મળો, બધા રખડનારા છે.

મુમુક્ષુ :– બરાબર.

ઉત્તર :– શું બરાબર? હેં? નગ્ન સત્ય છે. આહાહા..! સમજાણું આમાં?

એક કોર રામ અને એક કોર ગામ. એક કોર પ્રભુ અનંત ગુણનો આતમરામ, અનંત ગુણનો આતમરામ. એની સન્મુખતા, એનું સન્મુખતાનું જ્ઞાન, એની પ્રતીત અને સન્મુખતાના સ્વરૂપનું આચરણ, આ એક જ મોક્ષનો માર્ગ છે. એ સંવર અને નિર્જરા છે. એનાથી જેટલા વિમુખ ભાવ (થાય), સમ્યગ્દષ્ટિના પણ જેટલા વિમુખ ભાવ (થાય) એ પણ બંધનું કારણ છે. અહીં તો મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે. કેમકે વસ્તુનો અજાણ, એમ લેવું છે. 'મૂઢહ' કીધું છે ને? સમજાણું કાંઈ? મૂઢ. ગાથામાં 'મૂઢ' શબ્દ પડ્યો છે ને?

ઓહોહો! બધું જાણ્યું પણ તેં ભગવાન જાણ્યો નહિ. મહાપ્રભુ બિરાજે છે, ચૈતન્યપ્રભુ, ચૈતન્યરત્નાકર. ચૈતન્યમાં અનંતા રત્નો (છે). દરિયામાં જેમ રત્નના ઢગલા પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં તો એકલા રત્ન ભર્યા છે. વેળુ ને બદલે રત્ન (છે). પણ ત્યાં કામના કોને છે? ન્યાં લેવા પણ કોણ જાય? એમ આ ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં વસ્તુ તરીકે અરૂપી આનંદઘન દળ, ચૈતન્યદળ છે. એમાં અનંત શાંત અને વીતરાગતાના રત્નો અનંત ભર્યા છે. એવા ચૈતન્યરત્નની અનુભવદૃષ્ટિ વિના એટલે કે તેની કિંમત અને બહુમાન અંતર્મુખ કર્યા વિના બાહ્યમાં જેટલા વ્રત, તપાદિ કરવામાં આવે એ સંસાર ખાતે છે. સમજાણું કાંઈ? પૈસા-બૈસા આ ધૂળ મળે, ભૂતડા દેવ-બેવ થાય, ચાર ગતિમાં રખડશે. કહો, સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! આહાહા..!

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને પર્યાયમાં, અવસ્થામાં, હાલત, દશામાં સ્વભાવના અંતર આશ્રય વડે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ, ત્યારે ભગવાનની ઇચ્છા વિના વાણી નીકળી. એ વાણીમાં આ આવ્યું. એમ સંતો અહીંયાં ફરમાવે છે. સમજાણું કાંઈ? 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ, જંગલવાસી વનમાં રહેતા હતા. એમણે કહ્યું કે, ભાઈ! એ તારી ચીજનો અજાણ અને પરચીજના વલણવાળા તારા ગમે તેવા પુણ્યના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવ હો, એ તારા આત્માને બંધનને માટે અને રખડવા માટે છે. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :- એક મોક્ષ ન મળે.

ઉત્તર :- બસ! મોક્ષ ન મળે, આ રખડવું મળે, એમ કહે છે આ. આ ધૂળ મળે. એક મોક્ષ ન મળે. એ.. 'ન્યાલભાઈ'! આ કહે છે, એક મોક્ષ ન મળે, બાકી તો બધું મળે ને! આત્માની શાંતિ ન મળે બાકી તો અશાંતિના ઢગલા મળે ને! એમ. આહાહા..! અરે..! તારા ઇન્દ્રના, દેવના દેવાસન એ બધા દુઃખના કારણ છે. તારા પૈસા ધૂળના ઢગલા, આ મારા એના ઉપર લક્ષ જાવું, (એ) આકુળતા છે. ધૂળ છે. ન્યાં ક્યાં (શાંતિ છે)? એક મોક્ષ ન મળે, બાકી બધું રખડવાનું મળે. એક મોક્ષ ન મળે એટલું ને? હળવેથી હાંડલું કાઢી નાખે. દલાલ છે, દલાલ. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં ગયા 'પોપટભાઈ' ગયા? ગયા લાગે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! એ ૨૯મી ગાથા થઈ.

જુઓ! શબ્દાર્થમાંથી તમારે પાઠ હોય ને એમાંથી કાઢીએ, જુઓ! 'વ્રત, તપ..' આ કરી ઇ વ્યાખ્યા. 'સંયમ..' ઇન્દ્રિયદમન અને 'મૂળગુણ...' એક વાર આહાર લેવો આદિ. 'मूढह' પણ જે આત્માના સ્વભાવ શુદ્ધ ચિદાનંદના અજાણ છે. એ શબ્દાર્થ ચાલે છે. છે ને શ્લોક છે, પુસ્તકમાં છે. 'मोक्ख णिवुत्तु' એને મોક્ષ નથી કહ્યો. એને સંવર, નિર્જરા કહ્યાં નથી. `जाम ण जाणइ इक्क' જ્યાં સુધી ભગવાનઆત્મા પોતાની મૂળ ચીજને ન જાણે. 'परु' પ્રધાન. 'सुद्धउभाउ पवित्तु' મહા શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર છે. એનું સમ્યગ્દર્શન અને અનુભવ ન હોય ત્યાં સુધી આ બધા એના ફોગટ એકડા વિનાના મીંડાં રણમાં મૂકવા જેવા છે. એની પોક કોઈ સાંભળે નહિ અને એનું રોવાનું બંધ થાય નહિ. સમજાણું કાંઈ?

---

## વ્રતીએ નિર્મળ આત્માનો અનુભવ કરવો યોગ્ય છે.

जो णिम्मल अप्पा मुणइ वयसंजमु संजुत्तु।
तो लहु पावइ सिद्ध सुहु इउ जिणणाहह वुत्तु।।३०।।

જે શુદ્ધાતમ અનુભવે, વ્રત-સંયમ સંયુક્ત;
જે શુદ્ધાતમ ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦.

અન્વયાર્થ :- (जो वयसंजमु संजुत्तु णिम्मल मुणइ) જે વ્રત, સંયમ સહિત નિર્મળ આત્માનો અનુભવ કરે (तो सिद्ध सुहु लहु पावइ एक जिणणाहह वुत्तु) તે સિદ્ધ કે મુક્તિનું સુખ તુરત જ પ્રાપ્ત કરે એમ જિનેન્દ્રનું કથન છે.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૩૦. 'વ્રતીએ નિર્મળ આત્માનો અનુભવ કરવો યોગ્ય છે.' ૩૦મી ગાથા.

जो णिम्मल अप्पा मुणइ वयसंजमु संजुत्तु।
तो लहु पावइ सिद्ध सुहु इउ जिणणाहह वुत्तु।।३०।।

પુસ્તક છે ને? ભાઈ પાસે છે કે નથી? એમાં છે શ્લોક, એ શ્લોકમાં છે. અહીં તો શ્લોકમાંથી અર્થ (કરીએ છીએ). ૩૦મો. 'जो णिम्मल अप्पा मुणइ' છે ને? જે કોઈ આત્મા નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાનઘન આત્માને જે 'मुणइ' નામ જાણે છે, અંતર નિર્મળ વસ્તુ શુદ્ધ ચિદ્‌ઘન છે, એને અનુસરીને નિર્વિકલ્પથી આત્માને અનુભવે છે. નિર્વિકલ્પ એટલે રાગના મલિનતાના વિકલ્પની મિશ્રિત દશા વિના. ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ, એને નિર્મળ અનુભવથી જે અનુભવે છે. 'मुणइ' 'अप्पा मुणइ' એટલે અનુભવે છે. 'वयसंजमु संजुत्तु' અને એમાં પણ એને વ્રત ને સંયમનો ભલે વ્યવહાર હો, પણ આ વસ્તુ સહિત છે તો એનો વ્યવહાર નિમિત્ત તરીકે ત્યાં કહેવામાં આવે છે. શું કીધું?

મુમુક્ષુ :- મદદ કરે.

ઉત્તર :- મદદ કોણે કીધી?

શુદ્ધ આત્મા પોતાનું શુદ્ધ ઉપાદાન, એ શુદ્ધ ઉપાદાન એટલે જેમાંથી નિર્મળતા ગ્રહી શકાય છે, એવો આ ભગવાન નિર્મળ આત્માનો જે અનુભવ, એ એનું શુદ્ધ ઉપાદાન, મોક્ષનું ખરું કારણ એ છે. તે કાળે એને વ્રત, નિયમનો, નિમિત્તનો વ્યવહાર હોય છે તો એને નિમિત્ત તરીકે યથાર્થ લાગુ પડે છે. સમ્યગ્દર્શન અનુભવ વિનાના જે વ્રતાદિ હતા એ તો નિમિત્તપણે પણ કહેવામાં આવ્યા નથી. અહીં એને નિમિત્તપણું છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

જે કોઈ વ્રત, સંયમ 'संजुत्तु णिम्मल मुणइ'. 'વ્રત, સંયમ..' (એટલે) ઇન્દ્રિયદમન 'સહિત નિર્મળ આત્માનો અનુભવ કરે...' 'तो सिद्ध सुहु लहु पावइ' 'तो लहु पावइ सिद्ध सुहु' 'लहु' નામ અલ્પકાળમાં, 'लहु' નામ શીઘ્ર કાળમાં 'पावइ' નામ પામે. 'सिद्ध सुहु' (અર્થાત્) સિદ્ધ પરમાત્માનું સુખ. એ પોતે આત્માના અંતર અનુભવમાં શુદ્ધ ચૈતન્યને અનુભવે એની સાથે એને વ્રત, નિયમના નિમિત્તરૂપે વિકલ્પો વ્યવહાર હોય છે તો ક્રમે ક્રમે એ બધો વ્યવહાર છોડી પોતાના શુદ્ધ સ્વરૂપને, સિદ્ધ સુખને એ પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ?

આ બધી કિંમતું જાય છે આત્મામાં. હવે એ આત્મા કેવો એની એને ખબર ન મળે. જે કિંમત કરવા લાયક ચૈતન્યરત્ન, (એ) એને કાંઈ નહિ. આ દેહ, વાણીની ક્રિયા અને દયા, દાનના પરિણામ જે કાંઈ કિંમત કરવા લાયક નથી. આહાહા..! એની એને કિંમત અને એની એને મહિમા, મહિમા. પણ ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ અનંત આનંદને પ્રાપ્ત થયા એ બધી નિર્દોષ દશાઓ પ્રાપ્ત થઈ તે પરમાત્મ સ્વરૂપમાં અંદર આત્મામાં પડી છે, એવો આત્મા કીધો ને અહીંયાં?

www.vitragvani.com



'णिम्मल अप्पा मुणइ' એવો નિર્મળ ભગવાનઆત્મા વર્તમાન શાશ્વત ભાવ સ્વભાવ પવિત્ર વર્તમાન શાશ્વત (છે). વર્તમાન કેમ કહ્યું? શાશ્વત એટલે પછી (એમ નહિ). અહીંયાં વર્તમાન શાશ્વત ધ્રુવ નિર્મળ ભાવ પડ્યો છે. એને જે 'मुणइ' નામ અનુભવે છે. એનું અંતર દૃષ્ટિ અને આચરણ છે એ ભલે વ્રત, સંયમ નિમિત્ત તરીકે હો. વ્યવહાર આચરણ એને રાગની મંદતા આદિ હો પણ ઓલું મોક્ષનું ખરું કારણ એ છે અને આ સાથે હોય છો તો આને ક્રમે છોડી દઈને કેવળજ્ઞાનને પામશે, સિદ્ધસુખને પામશે. સમજાણું કાંઈ?

નિમિત્તપણું હોય છે. હોય (એમ) અહીં સિદ્ધ કર્યું છે. સ્વરૂપના શુદ્ધ ઉપાદાનના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણની ભૂમિકામાં પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ નથી તેથી થોડી અશુદ્ધતાનો તે ભૂમિકાને યોગ્ય વ્યવહાર રાગની મંદતા હોય છે એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. માલ નાખે એનો કોથળો. માલ નાખ્યા વિના કોથળો કોનો કહેવો? શણનો. ઇ કોથળો દાળ, ચોખાનો ન કહેવાય. માલ નાખે તો કહેવાય કે, આ દાળનો કોથળો છે, આ શું તમારે ઓલા મોટા પતરા થાય છે ને? હેં? પતરા મોટા રાખે છે ને હવે તો, અનાજના? ઢોલ.. ઢોલ. ઢોલમાં પોલ મોટી. ઢોલ રાખે છે કે નહિ મોટા? આમ હારબંધ (પડ્યા હોય). દાળ ને ચોખા ને ફલાણું ને ઢીકણું, પૂંછડું. એ બધું હમણાં એ થઈ ગયું છે. પણ શેનો? હેં? બધું જોયું છે ને બધું જોયું છે. શેનો (કોથળો)? કે, નાખ એનો. શેનો શું? ન્યાં ક્યાં નામ લખ્યું છે? ચોખા નાખ તો ચોખાનો ને દાળ નાખ તો દાળનો અને સાકર નાખ તો સાકરનો. એમ માલ આત્મા અખંડાનંદ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનો માલ હોય તો જોડે વ્યવહાર વ્રતાદિના વિકલ્પને કોથળો, બારદાન કહેવામાં આવે છે. આહાહા..! એ.. દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- આમાં તો શરત મૂકી છે.

ઉત્તર :- કીધી ને, શરત મૂકી છે ને! ઉપાદાને આવું નિમિત્ત હોય તો મુક્તિ પામે. શુદ્ધ ઉપાદાનની વૃદ્ધિ કરીને. એમ. સમજાણું કાંઈ? એનું કારણ છે. એ મૂક્યું છે કે, જ્યાં આગળ આત્મઅનુભવ તો ચોથે-પાંચમે પણ હોય, પણ આ વિશેષ અનુભવ, સ્થિરતા છે ત્યાં આવા વિકલ્પો હોય ત્યાં સ્થિરતા વિશેષ (હોય) એ બતાવવું છે. સમજાણું કાંઈ? નહિતર સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને પણ આત્મઅનુભવ હોય, પણ જ્યાં વ્રત, નિયમના પરિણામ છે એને તો સ્થિરતા અનુભવ ઘણો હોય છે, એવા ઘણાને વજન આપવા એની જોડે વ્રતસહિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! જોર ઇ આપે છે.

જ્યાં આત્મા પોતાના પંથે અંદર પડ્યો, શુદ્ધ ભગવાનઆત્માના અંતર રસ્તે ચડ્યો પણ એ રસ્તે ચડ્યો પણ જ્યાં સુધી એને વ્રતના પરિણામ, જે વિકલ્પ જોઈએ એવી ભૂમિકા યોગ્ય સ્થિરતા નથી થઈ... સમજાય છે? ત્યાં સુધી એને ઉગ્ર આચરણરૂપી સાધુપણું હોતું નથી. અને એ ઉગ્ર આચરણ જ્યાં હોય ત્યાં આવા વિકલ્પો હોય છે, એમ વાત સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ તે કેવો આ? આવો વીતરાગનો

www.vitragvani.com



માર્ગ હશે? હેં? આ તો અત્યાર સુધી સાંભળ્યું કે, ચોવિયાર કરવા, રોટલા ન ખાવા, આઠમ, ચૌદસે અપવાસ કરવા, કંદમૂળ ન ખાવા, બટાકા ન ખાવા, શક્કરકંદ ન ખાવા. લ્યો! આવી વાતું એક્કે વાત આવી? આ પોણો કલાક થવા આવ્યો. એ.. 'શશીભાઈ'! હેં?

મુમુક્ષુ :– ભગવાન આમ કહે છે.

ઉત્તર :– ભગવાન આમ કહે છે, જુઓ! ઇ કહે છે, જુઓ! 'जिणणाहह वुत्तु' છે ને? જુઓ! એમાં છે. 'सिद्ध सुहु लहु पावइ इउ जिणणाहह वुत्तु' એવું જિનેન્દ્રનું કથન છે. છે? ૩૦માં. તેથી તો આચાર્ય શબ્દ નાખતા જાય છે કે, જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ, સો ઇન્દ્રના પૂજનીક, સમવસરણના નાયક.. સમજાય છે કાંઈ? લાખો સંતોના સૂર્ય, ચંદ્ર. લાખો સાધુરૂપી તારા, એમાં તીર્થંકર જે ચંદ્ર, એના મુખમાં આ વાણી (આવી) છે. આહાહા..! ભારે પણ, બાપુ! (અમે તો અત્યાર સુધી એવું સાંભળ્યું છે કે), આ કરો, આ ખાવ ને આ પીવો ને આ છોડો ને આ મૂકો. કોણ છોડે, મૂકે? સાંભળને! પરવસ્તુ કે દિ' પકડી છે તે છોડે? સમજાણું કાંઈ?

અહીં તો અજ્ઞાનભાવ, સ્વરૂપનું અભાન અને રાગ-દ્વેષની અસ્થિરતા જે પડી છે, આ એને સ્વભાવના ભાને ટાળી શકાય છે. શું ભગવાનભાઈ! બરાબર, હવે બરાબર થયું. નહિતર તો ભાગતા હતા. આવે ખરા અમારા દાંતને લઈને. હેં? દાંતને લઈને આવે, વેવાઈને લઈને. ડાહ્યા માણસ છે, ચાલે. અને અહીં વળી પ્રેમ પણ ખરો થોડો. પણ બેસે નહિ અંદરથી. ઇ કહે, સામાયિક ને પોષા ને પડિકમ્મણા ને અપવાસ કરીએ એ કંઈ ધર્મ ન હોય, એમ હોય? અરે..! બાપુ! ભાઈ! તને ખબર નથી. સામાયિક ક્યાં રહેતી હશે ઇ ખબર છે એને? સામાયિક એક શબ્દ થયો. તો સામાયિકનો ભાવ ક્યાં રહેતો હશે? ખબર છે? અને એ ભાવ શું હશે? વસ્તુ હશે? શક્તિ હશે? અવસ્થા હશે? વિકાર હશે? અવિકાર હશે? એનો કાળ કેટલો હશે? ભગવાન જાણે. આમ બેઠા ઇ (સામાયિક). ઇ સામાયિક નથી, સાંભળને હવે! એ બધી મૂઢની, અજ્ઞાનીની સામાયિક છે. કહો, સમજાણું આમાં? આહાહા..! સમજાણું?

(અહીંયાં ચાલતા વિષયમાં) એ નિમિત્તની વ્યાખ્યા કરી છે. 'णवि एस मोक्खमग्गो' પાછળ આધાર આપ્યો છે. ૩૦ મી ગાથાનો મૂળ તો આ છે કે, 'जिणणाहह वुत्तु'. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે સમવસરણ સભામાં આમ ભગવાન કહેતા હતા. આહાહા..! કહો, સમજાણું કાંઈ? છે ને? 'जिणणाहह' જિનનાથ. વીતરાગના નાથ એટલે તીર્થંકરદેવ. એમ 'वुत्तु' આમ કહેતા હતા. 'वुत्तु' એટલે કહેવું. એમ કહેતા હતા કે જેને ભગવાનઆત્મા અનંત ચૈતન્ય આનંદના રસથી ભરેલો પ્રભુ, એનો જેને અંતરમાં અનુભવની ઉગ્રતાની ચારિત્રદશા રમણતા હોય એની સાથે આવા નિમિત્તો, એ વખતે ઉગ્ર ચારિત્રમાં નિમિત્ત તરીકે વ્રતાદિના પરિણામ હોય તો એ ક્રમે રાગનો અભાવ કરી, શુદ્ધતાને વધારી અને પૂર્ણ સિદ્ધિના સુખને, મુક્તિના સુખને પામશે, એમ જિનનાથે વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



## એકલું વ્યવહાર ચારિત્ર નકામું છે.

वयतवसंजमु सीलु जिय ए सव्वे अकइच्छु।
जाणइ ण जाणइ इक्क परु सुद्धउ भाडण पवित्तु।।३१।।

જ્યાં લગી એક ન જાણિયો, પરમ, પુનીત, શુદ્ધ ભાવ;
વ્રત-તપ-સંયમ શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧.

અન્વયાર્થ :- (जिय) હે જીવ! (जाम इक्क परु सुद्धउ पवितु भाउ ण जाणइ) જ્યાં સુધી એક ઉત્કૃષ્ટ શુદ્ધ વીતરાગ ભાવનો અનુભવ ન કરે (वय तव संजमु सीलु ए सव्वे अकइच्छु) ત્યાં સુધી વ્રત, તપ, સંયમ, શીલ એ સર્વનું પાલન નિષ્ફળ છે, મોક્ષને માટે નથી. પુણ્ય બાંધીને સંસાર વધારનાર છે.

---

૩૧. 'એકલું વ્યવહાર ચારિત્ર નકામું છે.' જોયું? ઓલામાં નિમિત્ત નાખ્યું હતું. હવે એકલો વ્યવહાર નકામો છે, એમ કહે છે.

वयतवसंजमु सीलु जिय ए सव्वे अकइच्छु।
जाणइ ण जाणइ इक्क परु सुद्धउ भाडण पवित्तु।।३१।।

'હે જીવ!' 'जिय' શબ્દ પડ્યો છે ને? 'जिय'. એ 'जिय' એટલે જીવ થાય છે. 'હે જીવ!' 'जाम इक्क परु सुद्धउ पवितु भाउ ण जाणइ' 'જ્યાં સુધી એક ઉત્કૃષ્ટ શુદ્ધ વીતરાગ...' 'जाणइ' 'इक्क परु सुद्धउ पवितु भाउ ण जाणइ' જ્યાં સુધી, એમ. જ્યાં સુધી. 'जाम' છે ને? 'जाम' એટલે જ્યાં સુધી, એમ જોઈએ મૂળ તો. આમાં 'जाणइ' અર્થ કર્યો છે. 'जाम' જોઈએ. સમજાણું કાંઈ? 'जाम' નામ જ્યાં સુધી 'ण जाणइ इक्क परु' આત્માનો એક શુદ્ધ વીતરાગભાવ, એક ભગવાનઆત્માનો વીતરાગભાવ, શુદ્ધભાવ આનંદભાવ એવો એક આત્માનો અંતર ભાવ, શુદ્ધ ધ્રુવ સ્વભાવ શાશ્વત આનંદ વીતરાગભાવ, એવાને ન જાણે. એ પછી 'ण जाणइ' આવ્યું. સમજાણું કાંઈ? 'जाणइ ण जाणइ'. જ્યાં સુધી ભગવાનઆત્માના વીતરાગ સ્વભાવ, એવા શુદ્ધભાવને ન જાણે, શુદ્ધભાવને ન જાણે, શુદ્ધઉપયોગ પ્રગટ ન કરે ત્યાં સુધી બધા એના વ્યવહાર વ્રતાદિ ફોગટ ફોગટ છે. સમજાણું કાંઈ?

ઓલામાં (-૩૦મી ગાથામાં) આવ્યું હતું ને? 'मुणइ वय'. તો પછી (એમ અર્થ થયો કે), જ્યાં ઉગ્ર શાંતિ (અને) અનુભવ છે ત્યાં વ્રત, નિયમ કીધો, પણ હેઠે એકલાં વ્રત (ઇ) ધર્મ અને ઉપર અનુભવ ધર્મ, ભાઈ! એમ ન આવ્યું એમાં? આવ્યું કે નહિ, ૩૦મી ગાથામાં? આ બે ભેગા છે ને? તોપણ એમ કહ્યું, 'णिम्मल अप्पा मुणइ वयसंजमु संजुत्तु'

www.vitragvani.com



એમ કીધું. બે સાથે આમ કીધાં. એમ ન કીધું કે, વ્રત, તપનો પહેલો ધર્મ અને નિર્મલ અનુભવનો પછીનો ધર્મ. હેં? આહાહા..! એમ હોય જ નહિ, પણ કેટલાક પંડિતો કહે છે. અત્યારના શીખ્યા (આમ કહે છે). અરે.. ભગવાન! વાડ વેલાને ખાય. એ વેલુંને ક્યાં જાવું? સમજાણું? વાડ વેલાને ખાય. વેલો ચડવા વાડની ઓથ લે. વેલો ચડવા વાડની ઓથ લે. વાડ ગળી જાય વેલાને. એમ ઉપદેશકો કેવા? લાવો, આપણે સાંભળીએ, કાંઈક કહે. એ જ આખું બધું ઊંધું મારે. સાંભળનારને ચડવાનો વેલો જાય ક્યાં ઇ? એ એ બિચારા કહે એ પ્રમાણે, જય પંડિતજી! સાચી વાત તમારી. 'રતનલાલજી'! આમ જ થાય છે. આહાહા!

અરે..! વાડ વેલાને ખાય. 'દામોદરભાઈ'એ કહ્યું હતું. 'જેતપુર'! ઓલા સાધુ હતા ને? વેદાંતની શ્રદ્ધા, હોં! વેદાંતની. 'લીંબડી'... પછી આને જૈનની શ્રદ્ધા ખરી ને? વસ્તુ ભલે ફેરવાળી દૃષ્ટિ હતી. એટલે એ કહેવા માંડ્યો, આ સાધુ સુધર્યો દેખાય ને? મોટા શેઠિયા હતા ને? દસાશ્રીમાળીમાં દસ લાખ રૂપિયા પચાસ વર્ષ પહેલા કોઈને નહોતા. એ અહીં 'દામનગર' હતા. અને પોતે શેઠિયા માણસ જરી ગરાસિયા જેવા. પેલાને એમ કે મારા જેવી વાત આને રુચશે. નિશ્ચયની આવી વેદાંતની વાત કરવા માંડ્યા, શેઠ આમ છે, શેઠ આમ છે. શેઠે સાંભળ્યું, હોં! પછી બોલ્યા, અરે..! મહારાજ! અરે..! વાડ વેલાને ખાય, વેલાને ક્યાં જાવું? હોંશિયાર હતો. અરે..! આવા જૈનના વેશમાં રહી, મુંહપત્તિમાં રહી તમે વેદાંતની વાત કરો? આ લોકો જૈનોને ક્યાં જાવું? બિચારા દુઃખી તમે જાણો કે, આ માર્ગ હશે, હા પાડી દેશે. અરે..! શું કરો છો તમે? ખબર ન મળે, કાંઈ ખબર ન મળે. પછી માથે બેઠો ઇ દીધે રાખે. 'કાંતિભાઈ'!

ઇ ઘણા વર્ષની વાત છે, હોં! આ તો ઘણા વર્ષની વાત (છે). 'જેતપુર' ગયેલા. શેઠને ઓલા 'નાગજી'એ આ વેદાંતની વાત કરવા માંડી. એક આત્મા અદ્વૈત છે ને વ્યાપક છે. આ જાણે (કે), સુધરેલ છે, દેખાય શેઠિયા માણસ, સુધરેલ છે વળી ગામમાં મોટા ગૃહસ્થ એમ લાગે. (ત્યારે શેઠ કહે), અરે..! મહારાજ, વાડ વેલાને ખાય, હોં! મોઢે કીધું. અરે..! તમે સાધુ આ મુંહપત્તિ લઈને બેસો હાથમાં રજોહરણું અને તમે અદ્વૈત આત્માની વાત કરો? આ ભગવાને કહેલા અનંત આત્મા, ભગવાને કહેલા અનંત પરમાણુઓ, આ બધા છ દ્રવ્ય ને આ બધું ક્યાં ગયું? 'વલ્લભદાસભાઈ'! હેં?

ચાલે, ભાઈ! આ તો અનંત સંસાર અનંતકાળથી એમ જ ચાલે છે. આહાહા..!

'वय तव संजमु सीलु' દેખો! આટલા શબ્દ લીધા છે. વ્રત પાળે, વૈયાવચ્ચ કરે, દેવ-ગુરુનો વિનય કરે, શાસ્ત્રનો સ્વાધ્યાય કરે, ઇન્દ્રિયનું દમન કરે (ઇ) સંયમની વ્યાખ્યા છે, 'सीलु' નામ કષાયની મંદતાનો સ્વભાવ. કૂણો.. કૂણો.. કૂણો.. કૂણો રાગ મંદ સ્વભાવ, શીલ, બ્રહ્મચર્ય પાળે. 'जिय ए सव्वे अकइच्छु' એ બધું અકૃતાર્થ છે. એનાથી તારું કાંઈ કાર્ય સિદ્ધ થાય એવું નથી. 'जाणइ ण जाणइ इक्क'. ભગવાનઆત્મા, જેમાં પવિત્રતાનું ધામ,

www.vitragvani.com



પવિત્ર ભગવાનઆત્મા, એ પવિત્ર આત્માના પવિત્ર શુદ્ધભાવને. ભાવ છે ને? જુઓને! 'सुद्धउ भाउ पवित्तु' જુઓ! 'परु सुद्धउ भाउ पवित्तु'. એ ભગવાનઆત્મા વીતરાગભાવ, આનંદભાવ, શાંતભાવ, અકષાયભાવ, સ્વચ્છભાવ, પ્રભુતાભાવ, પરમેશ્વરભાવ એવા અનંતા ભાવનું શુદ્ધથી ભરેલો ભગવાન, એવા શુદ્ધભાવને જ્યાં સુધી અંતર્મુખ થઈને ન જાણે ત્યાં સુધી અજ્ઞાનીના વ્યવહાર ચારિત્ર તે વૃથા છે. કોરે કાગળે એકડા વિનાના મીંડા, રણમાં પોક મૂકવા જેવા છે. આહાહા..! સમજાણું કાંઈ? 'રતીભાઈ'! આ ભણતર કેવી જાતનું?

'પુણ્ય બાંધીને...' જુઓ! એણે નીચે અર્થ કર્યો છે, થોડો હોં! 'પુણ્ય બાંધીને સંસાર વધારનાર છે.' ૩૧ ગાથા. હેઠે અર્થ કર્યો છે. 'પુણ્ય બાંધીને સંસાર વધારનાર છે.' એણે તો વળી ત્યાં સુધી લખ્યું છે, હેઠે. 'સમ્યગ્દર્શન વિના મંદ કષાયને પણ વાસ્તવમાં શુભોપયોગ કહી શકાતો નથી.' નીચે (છે). ખરેખર શુભઉપયોગ ન કહેવાય. ભગવાનઆત્મા, ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ ભાવ, એના ભંડારની જ્યાં સુધી ચાવી ખોલે નહિ ત્યાં સુધી એના એ શુભભાવના, એ શુભરાગની ક્રિયાને શુભઉપયોગ પણ કહેવાતો નથી. દૃષ્ટિ મિથ્યાત્વ છે તે ખરેખર અશુભ જ પરિણામ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'इक्क परु सुद्धउ' છે ને? ઉત્કૃષ્ટ છે ને? ઉત્કૃષ્ટ શુદ્ધ વીતરાગભાવ. આત્માનો સ્વભાવ, આત્માનું અંતર સ્વરૂપ ઉત્કૃષ્ટ વીતરાગભાવ (છે) અને એનો અનુભવ શુદ્ધઉપયોગરૂપ ભાવ, શુદ્ધઉપયોગી ભાવ. આવો ભાવ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી 'वय तव संजमु सीलु ए सव्वे अकइच्छु' એ બધું અકૃતાર્થ છે. મોક્ષ માટે અકાર્ય અકાર્ય અકાર્ય છે. એ અકાર્ય કર્યું પણ કાર્ય કાંઈ કર્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

નીચે થોડું કર્યું છે. 'બાહ્ય આલંબન કે નિમિત્તને ઉપાદાન માનવું તે મિથ્યાત્વ છે.' એ..ઇ...! એ વ્યવહાર વ્રતાદિ બાહ્ય આલંબન છે. એ આલંબનને કે નિમિત્તને ઉપાદાન માનવું. એ આલંબન પણ નિમિત્ત છે. એને ઉપાદાન માનવું, પોતાનું શુદ્ધ સ્વરૂપ એને માનવું (એ) મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કેટલુંક ઠીક લખ્યું છે, પછી નિમિત્ત આવે ત્યારે જરી ગોટો વાળે છે. 'કોઈ કરોડો જન્મો સુધી વ્યવહાર ચારિત્ર પાળે તો પણ તે મોક્ષનો માર્ગ નથી.' સમજાણું કાંઈ? કરોડો જન્મ સુધી કોઈ પાળે, વ્રત, નિયમ ને આવી બાહ્ય તપસ્યાઓ કરે પણ ભગવાનઆત્માનો અંતર અનુભવ અને સમ્યગ્દર્શન વિના એ ચાર ગતિમાં રખડવાના પંથે ઇ પડ્યો છે. સમજાણું કાંઈ?

જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા કરી છે. 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા (છે). એ વ્યવહારનયનું ચારિત્ર છે. નિશ્ચય સ્વરૂપની દૃષ્ટિ અને ચારિત્ર હોય તો અશુભથી નિવર્તેલો એવા શુભભાવને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામથી નિવૃત્તિ અને ભગવાનઆત્માની દૃષ્ટિ સહિતનો શુદ્ધઉપયોગની રમણતા કરે એનું નામ ખરું ચારિત્ર. અને એની સાથે અશુભથી નિવર્તીને શુભભાવ હોય એને વ્યવહારચારિત્ર (કહે છે). વ્યવહારચારિત્ર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બંધનું કારણ, નિશ્ચયચારિત્ર સંવર, નિર્જરાનું કારણ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ક્રિયા કરવાથી અમુક ભવેતો લાભ થતો હશે ને?

ઉત્તર :– ના, ના. અનંત ભવ સુધી. અનંત ભવ સુધી આત્માના સન્મુખ વિનાની ક્રિયા અનંતવાર કરે તો એને કાંઈ લાભ થાય નહિ. આ કરોડ તો એક આંકડો મૂક્યો. કોરે કાગળે ગમે એટલા મીંડા મૂક્યા કરે તો એકડો આવે નહિ. પછી કરોડ મીંડા લખો એમ કહો કે અનંત મીંડા લખો એમ કહો (બધું એકાર્થ છે). સમજાણું કાંઈ? 'મોક્ષપાહુડ'ની ગાથા આપી છે, ઇ જરી ઠીક છે. ઓલી 'સમયસાર'ની આપી છે ઇ સારી આપી છે. ઇ આપી છે, ઇ બરાબર છે.

આત્માનો સ્વભાવ છે, આત્માનો દ્રવ્ય સ્વભાવ છે એ દ્રવ્ય સ્વભાવે પરિણમવું એ મોક્ષનું કારણ છે અને રાગાદિ તો પરદ્રવ્ય સ્વભાવ છે. વિકલ્પ, પંચ મહાવ્રત, દયા, દાન આદિના વિકલ્પો એ તો પરદ્રવ્ય સ્વભાવ છે. પરદ્રવ્ય સ્વભાવ એ તો દુર્ગતિ છે, બંધન છે. સ્વદ્રવ્ય સ્વભાવે સ્વગતિ છે. (મોક્ષપાહુડમાં કહ્યું છે કે)

जो पुण परदव्वरओ मिछ्छआदिट्ठी हवेइ सो साहू।
मिच्छत्त परिणदो उण वज्झदि दुटुटुकम्मेहिं।।१५।।

ઓહો! લ્યો! આચાર્યોએ તો શાસ્ત્રમાં ઘણું કામ મૂક્યું છે! ગણે ત્યારે ને પણ. હેં? નિંભર થઈ ગયો, નિંભર. મુનર થઈ ગયો, મુનર નથી કહેતા? હેં? આમ ઉંહકારો કરે નહિ. પણ ઉંહ.. તો કર. એમ એને ગમે એટલી સત્યની વાત કાને આવે પણ માળો અંદર હલતો નથી, હલતો નથી. નહિ, આમ થાય, નહિ, આમ થાય. એમ કહે. ના, ના એ આમ થાય. એ જૂઠું ઠરાવવા માગે (છે). આહાહા..! અરે.. પ્રભુ! તું ક્યાં જાઈશ? ભાઈ! આહાહા..! માર્ગ તો 'એક હોય ત્રણકાળમાં' 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' બે માર્ગ હોય કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે કહેલો નિશ્ચય સ્વાશ્રય માર્ગ તે એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? પરાશ્રિત તે મોક્ષમાર્ગ નથી.

---

## પુણ્ય અને પાપ બંને સંસાર છે.

पुण्णि पावइ सग्ग जिउ पावइ णरयणिवासु।
वे छंडिवि अप्पा मुणइ तउ लब्भइ सिववासु।।३२।।

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરક નિવાસ;
બે તજી જાણે આત્માને, તે પામે શિવવાસ. ૩૨.

અન્વયાર્થ :– (जिउ पुण्णि सग्ग पावइ) આ જીવ પુણ્યથી સ્વર્ગ પામે છે (पावइ

www.vitragvani.com



**णरयणिवासु**) પાપથી નરકમાં જાય છે (**वे छंडिवि अप्पा मुणइ**) પુણ્ય-પાપ બન્નેની મમતા છોડીને જે પોતાના આત્માનું મનન કરે (**तउ सिववासु लब्भइ**) તો મોક્ષના મહેલમાં નિવાસ પામે.

---

૩૨. 'પુણ્ય અને પાપ બંને સંસાર છે.'

**पुण्णि पावइ सग्ग जिउ पावइ णरयणिवासु।**
**वे छंडिवि अप्पा मुणइ तउ लब्भइ सिववासु।।३२।।**

**'पुण्णि पावइ सग्ग'** આ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ કરે તો પુણ્યથી સ્વર્ગ મળે, આ ધૂળ, સ્વર્ગની, દેવની ધૂળ. સમજાણું કાંઈ? અને **'पावइ णरयणिवासु'** જો પાપ કરે તો નરકમાં જાય. નીચે નરકયોનિ છે. પાપ કરે તો નરકમાં જાય, પુણ્ય કરે તો સ્વર્ગમાં જાય. સમજાણું કાંઈ? શુભભાવ એવા વ્રત, તપ, નિયમ, શીલ, સંયમ કીધાં ને? એવા ભાવ કરે તો સ્વર્ગમાં જાય. આ શેઠિયાઓ પાંચ, દસ કરોડના, એના થકી ઉજળો દેખાય જરી. પણ છે તો બધી ધૂળ ને ધૂળ, ત્યાં પણ. હેં? બે-પાંચ કરોડવાળા શેઠિયાઓ ઉજળા લાગે ને? આહાહા..! ફાલ્યા ફૂલે માય નહિ. આગળ બેસાડે. એને ક્યાં પૈસા છે? એના દીકરા પાસે છે, આને ક્યાં છે? ઇ તો અહીં રસોઈના અધિકારી (છે) માટે મોઢા આગળ છે. એ..ઇ...! શેઠિયો તો એનો દીકરો શેઠિયો છે. એની પાસે બે કરોડ રૂપિયા છે, છોકરા પાસે બે કરોડ (છે). આને તો બે છોકરાઓ થોડો ભાગ આપતા હશે. કહેતા હતા, બાપુજીનો ભાગ છે. બે છોકરા જુદા પડી ગયા છે. એક પાસે બે કરોડ અને એક પાસે એક કરોડ. આ ભાઈસાહેબના. આ એનો બાપ છે. છોકરાના બાપા 'પુનમચંદ મલૂકચંદ', 'મુંબઈ'. બે કરોડ રૂપિયા. ઇ આ 'મલૂકચંદ'. એના બાપ આ 'છોટાલાલ'. ધૂળમાંય નથી. બધા દુઃખીના દાળિયા છે. હેરાન.. હેરાન છે.

ઓલા 'પોપટભાઈ' ગયા નહિ હમણાં? કીધું નહિ? કેવા? 'ગોવા'. 'શાંતિલાલ ખુશાલદાસ' આપણા દશાશ્રિમાળી, હોં! ચાલીસ કરોડ રૂપિયા નગદ. પચાસ હજારની એક દિ'ની પેદાશ. ધૂળમાંય હખ નથી, હેરાન.. હેરાન.. બિચારા આખો દિ'. હેં? આ કહે છે કે, પુણ્યથી સ્વર્ગ મળે કાં ધૂળ, શેઠાઈ મળે. એના પુરુષાર્થથી નહિ, હોં! એ જાણે કે મેં પુરુષાર્થ કર્યો માટે અમને સરખા મળ્યા. એણે ધૂળમાંય મહેનત કરીને મરી જાય તો પાંચ હજાર પણ મળતા નથી અને ઓલાને કરોડો રૂપિયા સામા આવીને ભટકાય છે. એ તો પૂર્વના પુણ્યના રજકણોનો પાક આવે એટલે સોગઠી ગોઠવાય જાય. ઓલો મૂઢ જાણે કે મેં મહેનત કરી માટે મળ્યું. મૂઢમાં મોટો બળદ છે. એ..ઇ..! આહાહા!

ભગવાન આચાર્ય કહે છે, બાપુ! પુણ્ય કરીશ તો આ ધૂળ મળશે, લે! સ્વર્ગ ને શેઠ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ પાપ કરીશ તો 'णरयणिवासु'. હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના, કામ, ક્રોધ, મહાવિષય વાસના, વિકાર, પરસ્ત્રી લંપટપણા, દારૂ, માંસના ખાવા એવા ભાવ હશે તો નરકમાં જઈશ. 'छंडिवि' પણ બેયને છોડી આત્માનું શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરીશ તો મોક્ષે જઈશ. બે વડે મોક્ષ જવાતું નથી. એની વાત કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં પુરુષાર્થવાળાને જ નિર્મળપર્યાય થાય છે!

જુઓ, આમાં આત્માના જ્ઞાયક સ્વભાવના પુરુષાર્થની વાત છે. 'ક્રમબદ્ધપર્યાય'નો એવો અર્થ નથી કે જીવ ગમે તેવા કુધર્મને માનતો હોય છતાં તેને સમ્યગ્દર્શન થઈ જાય! અથવા ગમે તેવા વિષયકષાયોમાં વર્તતો હોય કે એકેન્દ્રિયાદિ પર્યાયમાં વર્તતો હોય છતાં તેને પણ ક્રમબદ્ધપણે તે પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ થઈ જાય-એમ કદી બનતું નથી. જે કુધર્મને માને છે, તીવ્ર વિષય-કષાયમાં વર્તે છે કે એકેન્દ્રિયાદિમાં પડ્યા છે તેને ક્યાં પોતાના પુરુષાર્થની કે ક્રમબદ્ધપર્યાયની ખબર છે? પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં શુદ્ધસ્વભાવના પુરુષાર્થ વિના શુદ્ધપર્યાય કદી થતી નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતનો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય છે અને જે તેવો પુરુષાર્થ નથી કરતો તેને ક્રમબદ્ધ મલિન પર્યાય થાય છે. પુરુષાર્થ વગર જ અમને સમ્યગ્દર્શનાદિ નિર્મળ દશા થઈ જશે એમ કોઈ માને તો તે ક્રમબદ્ધપર્યાયોનું રહસ્ય સમજ્યો જ નથી. જે જીવ કુદેવને માને છે, કુગુરુને માને છે, કુધર્મને માને છે, સ્વછંદપણે તીવ્ર કષાયોમાં વર્તે છે-એવા જીવને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ થઈ નથી. ભાઈ! તારા જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વગર તે ક્રમબદ્ધપર્યાયને ક્યાંથી જાણી? જ્યાં સુધી કુદેવ-કુધર્મ વગેરેને માને ત્યાં સુધી તેની ક્રમબદ્ધપર્યાયમાં સમ્યગ્દર્શનની લાયકાત થઈ જાય એમ બને નહિ. સમ્યગ્દર્શનની લાયકાતવાળા જીવને તેની સાથે જ્ઞાનનો વિકાસ, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ યોગ્ય જ હોય છે. એકેન્દ્રિયપણું વગેરે પર્યાયમાં તે પ્રકારના જ્ઞાન, પુરુષાર્થ વગેરે હોતા નથી, એવો જ તે જીવની પર્યાયનો ક્રમ છે. અહીં તો એ વાત છે કે પુરુષાર્થ વડે જેણે તે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને સમ્યગ્દર્શન થયું એટલે પરનો તેમજ રાગાદિનો તે અકર્તા થયો અને તેણે જ ક્રમબદ્ધપર્યાયને ખરેખર જાણી છે. હજી તો કુદેવ અને સુદેવનો નિર્ણય કરવાની પણ જેના જ્ઞાનમાં તાકાત નથી તે જીવમાં જ્ઞાયકસ્વભાવનો ને અનંત ગુણોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવાની તાકાત તો ક્યાંથી હોય? ને યથાર્થ નિર્ણય વગર ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતા થાય - એમ બનતું નથી.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૨, સોમવાર
## તા. ૨૦-૦૬-૧૯૬૬
## ગાથા-૩૨ થી ૩૪ પ્રવચન નં. ૧૩

પુણ્ય-પાપ સંસાર છે, એમ બતાવે છે. એના પહેલા ૩૧ (ગાથામાં) આવ્યું હતું ને? વ્યવહાર ચારિત્ર નિરર્થક છે, એટલું કહ્યું હતું. આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના એકલા એ વ્યવહાર તપ એ બધા અકૃતાર્થ છે. એ કંઈ કાર્ય નથી, નિરર્થક છે, એમ ૩૧માં કહ્યું હતું. આમાં આગળ છે, એના પહેલાં ૩૦માં પણ નિશ્ચય-વ્યવહાર સાથે કહ્યા હતા. જ્યાં નિર્મળ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ હોય ત્યાં વ્રતાદિ નિમિત્તરૂપે હોય છે, સાથે હોય છે એમ ત્યાં ૩૦ માં સિદ્ધ કર્યું છે. ૨૯ માં એમ કહ્યું હતું કે, વ્રતાદિ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. મોક્ષમાર્ગ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિના પરિણામ એ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. સમજાણું? ૨૮ માં શું કહ્યું હતું? ૨૮ માં 'ત્રિલોકપૂજ્ય જિન આત્મા જ છે.' આ આત્મા જ ત્રણલોકમાં આત્માને આદરણીય અને મોક્ષનું કારણ છે. પછી એ કહ્યું કે, એ સિવાયના વ્રતાદિ બધાં નિરર્થક છે, નિરર્થક એટલે મોક્ષમાર્ગ નથી એટલું ૨૯ માં કહ્યું. ૩૦ માં બે સાથે હતા. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, અનુભવ અને વ્રતાદિના પરિણામ સાથે હતા. ૩૧ માં કહ્યું કે, એ વ્યવહાર ચારિત્ર અકૃતાર્થ છે. અકૃતાર્થ એટલે અકાર્ય છે. એમાં કાંઈ કાર્ય નથી. એટલું કહીને હવે એનું ફળ અહીં ૩૨ માં બતાવે છે.

**पुण्णि पावइ सग्ग जिउ पावइ णरयणिवासु।**
**वे छंडिवि अप्पा मुणइ तउ लब्भइ सिववासु।।३२।।**

જીવ પુણ્યથી તો સ્વર્ગ પામે. વ્યવહાર વ્રતાદિથી સ્વર્ગ પામે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતાદિના પરિણામ, શીલ, સંયમ એ બધા ભાવ સ્વર્ગનું કારણ છે એટલે કે સંસારનું કારણ છે, એમ કહ્યું. અને 'पावइ णरयणिवासु' પાપથી નરકમાં નિવાસ થાય છે, નરકમાં જાય છે. એ સંસાર (છે). બેય સંસાર છે. પાપથી નરકમાં અને પુણ્યથી સ્વર્ગમાં (જાય). બેય સંસાર છે, એમાં ક્યાંય આત્મા આવ્યો નહિ, એમાં ક્યાંય મોક્ષ ન આવ્યો. સમજાણું કાંઈ? એ સંસાર બધો દુઃખરૂપ જ છે. સંસાર વળી સુખરૂપ કેવો? લોકોને વ્યવહારથી એમ લાગે કે, આ પુણ્ય કર્યા (તો) સ્વર્ગ મળ્યું, આ શેઠાઈ મળી, પૈસા મળ્યા. એ બેય છે તો સંસાર, બેય ભાવે મુક્તિ નથી. એમ ચોખ્ખી વાત કરી નાખી. ક્રમે ક્રમે લેતાં (કહી દીધું). સંસાર મીઠો છે? હેં? સંસાર એટલે ઝેર. ભગવાનઆત્મા અને મુક્તિ એટલે અમૃત. એને માટે અહીંયાં ખુલાસો કર્યો છે.

'छंडिवि अप्पा मुणइ' દેખો!શુભ-અશુભ ભાવ છોડીને, રુચિ છોડીને, આશ્રય છોડીને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'अप्पा मुणइ' આત્માને અનુભવે. આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપને અનુભવે, એના સન્મુખ થઈને એનો આશ્રય લઈ અને એનો અનુભવ કરે તો 'लब्भइ सिववासु'. લ્યો! નરકવાસુ હતું. નિવાસ. આમાં શિવવાસ (કહ્યું). મોક્ષપર્યાયને પામે. નિર્મળ અવસ્થાને પામે. કહો, 'लब्भइ सिववासु'. શિવમહેલમાં વાસ આવે. એમ કહ્યું. શિવરૂપી મહેલ આત્માની મુક્તદશા. પરમાનંદરૂપી દશા. એ પુણ્ય-પાપને છોડીને આત્માનો અનુભવ કરે તો મુક્તિ પામે. પુણ્યની ક્રિયાકાંડથી કંઈ મુક્તિ-બુક્તિ નથી. છતાં એને બતાવ્યું ખરું કે નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય છે. સાથે બતાવવા કારણે. પણ પહેલો વ્યવહાર હોય અને પછી નિશ્ચય હોય, એમ નથી કહ્યું કાંઈ. સમજાણું કાંઈ? એકલો વ્યવહાર તો નિરર્થક કહ્યો, અકૃતાર્થ કહ્યો. એમાં કાંઈ ખોટું કરે છે? સંસારનું કારણ છે. અહીંયાં સંસાર સીધો બતાવ્યો. એકલો વ્યવહાર દયા, દાન, વ્રતાદિના પરિણામ (એ સંસાર છે). (પહેલા) નિમિત્ત તરીકે કહ્યું હતું, નિશ્ચય હોય તો. આત્માનો શ્રદ્ધા સ્વભાવ આદિ નિર્મળ પર્યાય પ્રગટ્યો તો ઓલા વ્યવહારને નિમિત્ત તરીકે કહેવાય, પણ એકલો વ્યવહાર તો સંસારનું જ કારણ છે. એ છે તો એકલું બંધનું કારણ. નિશ્ચય સાથે રહેલો વ્યવહાર. પણ એને નિમિત્ત તરીકે કહીને, શુદ્ધિની વૃદ્ધિ આગળ થઈ છઠ્ઠી ભૂમિકાએ હતી તેથી કહ્યું કે, એ બે હોય તો મુક્તિને પામે, એમ કહ્યું હતું. બેથી થાય છે એમ કહેવાય છે ને? થાય છે તો એકથી, પણ આનાથી થાય એમ કહેવામાં આવે. કહો, સમજાણું આમાં? મોટા વાંધા આમાં, લ્યો! ઓલો કહે, નહિ. ચોથેથી સાતમા સુધી તો વ્યવહાર રત્નત્રય જ હોય, અહીં કહે કે, વ્યવહાર રત્નત્રય બંધનું કારણ (છે), એકલા હોય તો એને નિરર્થક કહેવામાં આવે છે. નિમિત્ત પણ નહિ, નિમિત્ત પણ નહિ. નિમિત્ત તો અહીં ઉપાદાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્વઆશ્રય ચૈતન્યનો અનુભવ હોય તો એવા ભાવને નિમિત્ત તરીકે કહેવાય. નૈમિત્તિક હોય તો નિમિત્ત કહેવાય ને? વસ્તુ ન હોય ને નિમિત્ત કોને કહેવું?

અહીં નિમિત્તનું ફળ કીધું. એકલું નિમિત્ત હોય, દયા, દાન, વ્રતાદિ, પૂજા, ભક્તિના પરિણામ (હોય) તો સ્વર્ગમાં જાય અને આ પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી (હોય તો) નરકમાં જાય. આ બેય છોડે તો શિવમહેલમાં જાય. કહો, સમજાણું? બેય કર્મ સંસાર અને ભ્રમણનું કારણ છે. લ્યો ઇ વાતમાં ઠીક લખે છે. પુણ્યકર્મ.. છે ને? આપણે પુણ્ય અધિકારમાં આવે છે. 'શાતા વેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર છે, એનો બંધ પ્રાણીમાત્ર ઉપર દયાભાવ,..' દયાભાવથી કરે છે. શાતાવેદનીયનો બંધ, શુભ આયુષ્ય, શુભ નામ, ઉચ્ચ ગોત્ર એ આપણે પુણ્ય અધિકારમાં આવે છે. એ દયાભાવ, આહાર, ઔષધ, અભય અને વિદ્યા દાન, એ ચાર પ્રકારનું દાન આપે તો શાતા વેદનીય આદિ બાંધે છે. શાતા વેદનીય, શુભ આયુ એ.

'શ્રાવક અને મુનિનું વ્યવહાર ચારિત્ર..' એ શ્રાવક અને મુનિના વ્યવહાર ચારિત્ર પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્યબંધનું કારણ છે. ઇ વાતમાં ઠીક ઠીક ખુલાસો કર્યો છે. નિમિત્ત આવે ત્યાં વળી જરી ગોટો વાળે છે. નિમિત્ત મેળવવું એવું આવે છે. સમજાણું? જુઓ! અહીં તો કહે છે કે, 'ક્ષમાભાવ, સંતોષ, સંતોષપૂર્વકનો આરંભ, અલ્પ મમત્વ, કોમળતા, સમભાવે કષ્ટસહન, મન વચન કાયાનું સરળ કપટરહિત વર્તન, પરગુણપ્રશંસા, આત્મદોષોની નિંદા, નિરભિમાનતા, આદિ શુભ ભાવોથી થાય છે.' એ બધા શુભભાવથી થાય છે અને શુભભાવ સ્વર્ગનું કારણ છે. જુઓ! આમાં તો ક્ષમાને નાખ્યું. ક્ષમા કરું છું, એવો વિકલ્પ છે ને? બધો શુભભાવ લીધો છે. સમજાણું? સંતોષ, સંતોષપૂર્વક આરંભ અથવા અલ્પ આરંભ, મંદ રાગ એ બધા શુભભાવ છે. એનાથી શાતા વેદનીય આદિ બંધાય. શુભઆયુ કીધું ને માથે?

અશાતાવેદનીય એ અશુભભાવથી બંધાય. અશાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ, નીચ ગોત્ર, જ્ઞાનાવરણીય ચાર કર્મ, એ પાપકર્મ. 'તેમનો બંધ જ્ઞાનના સાધનમાં વિઘ્ન કરવાથી,...' જ્ઞાનમાં વિઘ્ન કરવાથી, 'દુઃખિત અને શોકાકુળ થવાથી,..' શોક કરવાથી 'રુદન કરવાથી, બીજાને કષ્ટ પહોંચાડવાથી, પરનો ઘાત કરવાથી સાચા દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવાથી, તીવ્ર કષાય કરવાથી, અન્યાયપૂર્વક આરંભ કરવાથી, ઘણી મૂર્છા (મમતા) રાખવાથી, કપટપૂર્વક આચરણ કરવાથી,..' કપટથી આચરણ અને વર્તન કરવાથી. કહો, સમજાણું? 'મન-વચન-કાયાને વક્ર રાખવાથી, ઝઘડા કરવાથી,...' એ બધી વાત નાખી (છે), શાસ્ત્રમાં હોય ને? 'પરનિંદા અને આત્મપ્રશંસાથી, અભિમાન કરવાથી, દાનાદિમાં વિઘ્ન નાખવાથી, બીજાનું બૂરું ચિંતવવાથી, કઠોર અને અસત્ય વચનથી અને પાંચ પાપોમાં વર્તન કરવાથી થાય છે.' લ્યો! શું એનાથી થાય? અશાતા વેદનીય બંધાય, અશુભ આયુ બંધાય, અશુભ નામ બંધાય અને નીચ ગોત્ર બંધાય. બંધાય. અબંધ થાય નહિ. સમજાણું કાંઈ?

'વ્રત, તપ, શીલ, સંયમના પાલનમાં શુભ રાગ થાય છે,...' લ્યો! છે ને? મોક્ષનું કારણ એક શુદ્ધઉપયોગ છે, બીજું કોઈ કારણ નથી. એક સીઢી નાખી છે પણ મેળ નથી. આ બાજુમાં સીઢી નાખી છે. વ્યવહારને સીઢી (તરીકે) રાખી છે. 'જેમ મેડી ઉપર પહોંચ્યા પછી પગથિયાને કોણ યાદ કરે છે? પગથિયાં તો ઉપર આવવા માટે નિમિત્ત હતાં.' એ અહીં સીઢી-ફીઢી છે જ નહિ. એ તો એક છે ખરું, એટલી વાત. ન્યાં નિમિત્ત આવી ગયું. ત્યાં ગોટો વાળ્યો. સીઢી-ફીઢી નથી, એ તો એક છે, એટલી વાત. એને છોડીને અને તે પણ અહીં નિશ્ચય હોય છે ત્યારે એવો વ્યવહાર હોય છે અને એ પણ એના વિનાનો હોય છે. સમજાણું? વ્યવહાર વિનાનો નિશ્ચય હોય છે. આત્માને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ (પ્રગટ્યા એ) વ્યવહાર વિનાના હોય છે. વ્યવહાર છે માટે અહીં આવે છે, એમ નથી. સીઢી-ફીઢી નથી. કહો, સમજાણું? 'સમયસાર'નો થોડો આધાર આપ્યો છે. શુભકર્મને સુશીલ કેમ કહીએ? એમ. એ પાઠની વાત છે. બન્ને જીવને બાંધે છે, અશુભ અને શુભ બેય બાંધે. એ તો 'સમયસાર'ની ગાથા આપી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## નિશ્ચય ચારિત્ર જ મોક્ષનું કારણ છે.

वउतउ संजमुसील जिय इय सव्वइ ववहारु।
मोक्खह कारण एक्क मुणि जो तइलोयहु सारु।।३३।।

વ્રત-તપ-સંયમ-શીલ જે, તે સઘળાં વ્યવહાર;
શિવકારણ જીવ એક છે, જે ત્રિલોકનો સાર. ૩૩.

**અન્વયાર્થ** :– (जिय) હે જીવ! (वउतउ संजमुसील इय सव्वई ववहारु) વ્રત, તપ, સંયમ, શીલ એ બધું વ્યવહાર ચારિત્ર છે (मोक्खह कारण एक्कु मुणि) મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્રને જાણો. (जो तइलोयहु सारु) તે જ ત્રણ લોકમાં સાર વસ્તુ છે.

---

૩૩. 'નિશ્ચય ચારિત્ર જ મોક્ષનું કારણ છે.' લ્યો! આત્માને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય એ એક જ મોક્ષનું કારણ છે. વ્યવહાર ચારિત્ર તે બંધનું કારણ છે. અત્યારે આ મોટા વાંધા, ઝઘડા (ચાલે છે). ઓલો કહે, વ્યવહાર ચારિત્ર પહેલો મોક્ષનો માર્ગ છે. પંચ મહાવ્રત 'કુંદકુંદાચાર્યે' શું કરવા પાળ્યા? એમ કહે છે. ક્યાં પાળ્યા હતા? હતા. નિમિત્તરૂપે હતા એને બંધનું કારણ જાણીને એ હેય જાણતા (હતા). ખરેખર તો આત્મા 'वउतउ संजमुसील जिय इय सव्वइ ववहारु' લ્યો! એ બધો વ્યવહાર છે. 'सव्वइ ववहारु मोक्खह कारण एक्क मुणि जो तइलोयहु सारु' દેખો! એ વ્યવહાર મોક્ષનું કારણ નથી એમ સિદ્ધ કરે છે. છે ને એમાં? શબ્દ છે?

'હે જીવ! વ્રત,..' પંચ મહાવ્રત, બાર વ્રત. 'તપ,..' પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય વગેરે. સજ્જાય આદિ બધું, હોં! 'સંયમ,...' છ કાય જીવને ન મારવા આદિ. 'શીલ,...' કષાય મંદ અથવા શરીરનું બ્રહ્મચર્ય. 'એ બધું વ્યવહાર ચારિત્ર છે.' એમ કરીને એને મોક્ષનું કારણ ન કહ્યું. એક વ્યવહાર છે, એમ કહ્યું. એ વ્યવહાર ચારિત્ર છે, એમ કહ્યું.

'मोक्खह कारण एक्क' લ્યો! 'મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્રને જાણો.' વ્યવહારને મોક્ષનું કારણ ન કહ્યું. શું વાંચતા હશે? આમાં મોટા ઝઘડા (ચાલે છે). 'સોનગઢ' એકાંત કરે છે, 'સોનગઢ' એકાંત કરે છે. વ્યવહારથી કાંઈ લાભ ન થાય એમ માને છે. એમ ઇ કહે છે. આ આચાર્ય શું કહે છે? 'वउतउ संजमुसील जिय इय सव्वइ ववहारु' એમ કહ્યું કે, એ વ્યવહાર છે. છે, એમ કીધું. પણ મોક્ષનું કારણ તો નિશ્ચય આત્માનો આશ્રય કરવો તે જ છે. સમજાણું? ત્રણલોકમાં સાર વસ્તુ હોય તો મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્ર જાણો. ભગવાનઆત્મા, એનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન તો છે જ. અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? એ સહિત સ્વરૂપમાં આશ્રય કરીને સ્થિરતા, વીતરાગતા, નિર્વિકલ્પ શાંતિની

www.vitragvani.com



ઉગ્રતા (પ્રગટે) એ નિશ્ચય ચારિત્ર. એ ત્રણલોકમાં સાર છે. સાર જ વીતરાગતા છે. ચારિત્ર સાર છે. કહો, સમજાણું? એ મોક્ષનું કારણ તો એક નિશ્ચય આત્માનું ચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર છે એમ સિદ્ધ કર્યું પણ મોક્ષનું કારણ નથી. એક કીધું. 'मोक्खह कारण एक्क', બે નહિ. આ 'ટોડરમલ' પણ એમ કહે છે. મોક્ષકારણ બે નથી. બેનું કથન છે. બે માને કે મોક્ષમાર્ગ બે છે અને બેય ઉપાદેય માને તો ભ્રમ છે, ભ્રમણા છે, એમ કીધું. ત્યારે ઓલા કહે, બે સરખા ન માને એને ભ્રમણા છે. લ્યો, આમાં ક્યાં અથડામણ થઈ? 'ટોડરમલ'ની સાથે વિરોધ. અને જે વાત કાળલબ્ધિની એને ઠીક પડે એ વળી 'ટોડરમલ'માંથી લ્યે. જુઓ! કાળલબ્ધિ કાંઈ વસ્તુ નથી (એમ કહ્યું છે). અરે..! કઈ અપેક્ષાએ કહેવા માગે છે? કાળલબ્ધિ તો બરાબર જે સમયે જે પર્યાય કાળનો છે તે તો ત્યારે જ છે. સમજાણું? પણ તે કોઈ નવી ચીજ નથી. એ તો સ્વભાવનો પુરુષાર્થ કર્યો તે સમયે કાળલબ્ધિ પાકી છે, આ કાળ પાક્યો, એમ જાણ્યું છે, બસ! એ વાત લીધી અને આ વાત છોડી દીધી.

'ટોડરમલજી' કહે છે, વ્યવહાર અને નિશ્ચય બે માર્ગ છે? કથન છે, બે માર્ગ નથી. તેમ બેય ઉપાદેય નથી. બેય આદરણીય નથી. આદરણીય તો એક જ છે, ખરેખર માર્ગ તો એક જ છે. ઇ અહીં કહે છે, જુઓ! આ શાસ્ત્રમાં શું આધાર છે? યોગીન્દ્રદેવનો 'मोक्खह कारण एक्क' આત્માની પવિત્ર વીતરાગ દશા અને કેવળજ્ઞાન, એને પામવાને એક જ કારણ– આત્માના આશ્રયથી જ ચારિત્ર પ્રગટ થાય. વ્યવહાર વ્રત, નિયમના, વિનય, ભક્તિ આદિના ભાવ તો પરાશ્રિત ભાવ છે. પરાશ્રિત ભાવ વ્યવહાર છે એમ કીધું, સિદ્ધ કર્યું, હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય (ત્યાં) એવો વ્યવહાર હોય છે, પણ એ વ્યવહાર (હેય છે). બીજી ભાષાએ કહ્યું કે, ત્રણ લોકમાં સાર આ છે. ઓલો વ્યવહાર સાર નથી, એમ કહ્યું. હેં?

મુમુક્ષુ :– અનાદિકાળથી વ્યવહારમાં ઊભો છે.

ઉત્તર :– ઊભો છે, ઊભો રાખીએ નહિ. છે તે જણાવ્યો. પડખે ઊભો રાખ્યો, એમ કહે છે. બે-ત્રણ બોલથી તો ચાલ્યું આવે છે. ૨૮ (ગાથાથી) ચાલ્યું નથી આવ્યું? કીધા ને? આ ક્રમ લીધો ને? ૩૦માં એકસાથે કહ્યું, ૩૧માં નિરર્થક કહ્યું, ૩૨માં ફળ કહ્યું. ઓલામાં નિરર્થક કહ્યું હતું, આમાં ફળ કહ્યું, છે એનું ફળ સંસાર છે. સમજાય છે? જુઓ! ક્રમસર બધું લીધું છે, બરાબર લીધું છે. ૨૮માં એમ લીધું, ત્રિલોકપૂજ્ય આત્મા લીધો હતો, પછી ૨૯ માં ન્યાંથી એમ લીધું કે એ વ્યવહાર મોક્ષમાર્ગ નથી. મિથ્યાદૃષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. નથી એટલેથી અટકાવ્યું નહિ, કેમકે જ્યાં સુધી આત્માનો અનુભવ ન કરે ત્યાં સુધી આ બધાં મોક્ષમાર્ગ નથી એમ કહીને ૩૦ માં એમ કહ્યું કે, બે સાથે હોય છે. વાત સિદ્ધ કરી. આત્મા પોતાનું સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી સાધે છે ત્યારે એવો સંયુક્ત વ્યવહાર સાથે હોય છે. એમ કરીને જ્ઞાન કરાવ્યું. પછી અહીં ઊડાડી દીધું. એકલો વ્યવહાર (નિરર્થક છે). આ નિશ્ચય હોય તો એને નિમિત્તપણું લાગુ પડે છે, નહિતર તો

www.vitragvani.com



એકલો વ્યવહાર અકૃતાર્થ છે, કાંઈ કાર્ય કરતું નથી. આત્માનું કાંઈ કાર્ય કરતું નથી, એમ. ત્યારે કરે છે શું? કે, સંસાર. ૩૨ માં ખુલાસો કર્યો. હૈં?

મુમુક્ષુ :- હોય છે એમ ઊભો રાખ્યો છે.

ઉત્તર :- ઊભો રાખ્યો છે (એટલે) જણાવ્યો છે, એમ. ઊભો રાખ્યો એટલે? છે એમ જણાવ્યું. ઊભો રાખ્યો એટલે છે, એમ. (એની) કિંમત નહિ, એ છે એને જણાવ્યો. વ્યવહારે અનુકૂળતા, વ્યવહારે અનુકૂળતા, હોં! નિશ્ચયથી પ્રતિકૂળ છે. વ્યવહારે અનુકૂળ (એવા) કષાયની મંદતા, શુભરાગના એવા ભાવ હોય છે, બરાબર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય પણ વ્યવહાર છે. એ વિનય હોતો નથી? નિશ્ચય હોય ત્યાં એવો વિનય, સજ્ઝાય, શાસ્ત્રની સ્વાધ્યાય, એવો ભાવ હોય છે પણ એનું ફળ પુણ્યબંધ છે, સ્વર્ગ ફળ છે. સમકિતીને એનું ફળ સ્વર્ગ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- મોક્ષનું કારણ નથી.

ઉત્તર :- નથી. કીધું ને? 'मोक्खह कारण एक्क'. આ સાર છે, ત્રણલોકમાં સાર છે. (વ્યવહાર) ત્રણલોકમાં સાર છે જ નહિ. આહાહા..!

આ તો 'યોગસાર' છે. 'યોગસાર' એટલે સ્વરૂપની એકાગ્રતાના જોડાણનો સાર. મોક્ષમાર્ગનો સાર. મોક્ષમાર્ગ આ એક જ છે, એમ કહ્યું. આ 'યોગસાર'. સમજાણું કાંઈ? 'યોગસાર' એટલે આત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ એક જ 'યોગસાર' (છે). 'યોગસાર' એક જ મોક્ષનો માર્ગ છે. આ 'યોગસાર'માં ઇ કહેવાણું. સમજાણું કાંઈ? ઠીક, થોડો થોડો અર્થ એણે કર્યો છે.

'ત્રણ લોકમાં સાર વસ્તુ મોક્ષ છે જ્યાં આત્મા પોતાનો સ્વભાવ પૂર્ણપણે પ્રગટ કરી લે છે, કર્મબંધથી મુક્ત થઈ જાય છે, પરમાનંદનો નિત્ય ભોગ કરે છે. શું મોક્ષનો ઉપાય પણ ત્રણ લોકમાં સાર છે?' એમ. મોક્ષ સાર કીધો ને? તો એનો ઉપાય પણ ત્રણલોકમાં સાર છે. ઉપાય કોણ? કે, ચારિત્ર. ચારિત્ર એટલે દર્શન, જ્ઞાન સહિત સ્વરૂપમાં રમણતા તે. ઓલા કહે, ચારિત્ર એટલે આ વ્રતાદિ ચારિત્ર. એ નહિ. સમજાણું? 'એ ઉપાય પણ પોતાના જ શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને તેમાં જ આચરણ છે. નિશ્ચય રત્નત્રયરૂપ સ્વસમય, સ્વરૂપ સંવેદન અથવા આત્માનુભવ છે.' ત્રણની એક વ્યાખ્યા. આત્માના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિશ્ચય રત્નત્રય કહો, સ્વસ્વરૂપ સંવેદન કહો કે આત્માનો અનુભવ કહો.

'આ જ એક એવો નિયમરૂપ ઉપાય છે.' દેખો! એકમાંથી કાઢ્યું. 'આ જ એક એવો નિયમરૂપ ઉપાય છે, જેવું કાર્ય કે સાધ્ય હોય છે તેવું જ તેનું કારણ અથવા સાધન હોય છે.' કાર્ય નિર્મળ તો એનું સાધન પણ નિર્મળ. ઓલા વ્રતાદિ છે એ તો મલિનભાવ છે. સમજાણું? સાધન મલિન અને સાધ્ય નિર્મળ, એ કાંઈ યથાર્થ ઉપાય નથી. સમજાણું? 'એક

www.vitragvani.com



એવો નિયમરૂપ ઉપાય..' પરમ પવિત્ર મોક્ષદશા, એનું કારણ પણ પવિત્રતાના પરિણામ નિશ્ચય સ્વસંવેદન, નિશ્ચય રત્નત્રય એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું?

'વ્યવહાર ચારિત્ર કરવામાં આવે છે તે માત્ર વ્યવહાર છે, નિમિત્ત છે. જો કોઈ વ્યવહાર ચારિત્ર જ પાળે તો ભ્રમ છે. તે નિર્વાણનું સાધન કરતો નથી.' એકલા પંચ મહાવ્રતાદિ પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે બાળવ્રત પાળે તો એનાથી મુક્તિ નથી. (મુક્તિ માને તો) ભ્રમ છે. 'ટોડરમલજી'એ એવું નાખ્યું. નિર્વાણનું સાધન છે નહિ. લ્યો! 'મન-વચન-કાયાની ક્રિયાને મોક્ષનો ઉપાય ન જાણ.' હમણાં મોટી ચર્ચા આવી છે. એ..ઇ..! દેવાનુપ્રિયા. આ મન-વચન-કાયાની ક્રિયાથી મોક્ષ નથી, એમ અહીં 'સોનગઢ'વાળાએ લખ્યું છે ને? ઓલા ૨૧ ઉત્તરમાં. તો કહે, નહિ. ખોટી વાત છે. મન-વચન-કાયાની ક્રિયા મોક્ષમાર્ગ છે. ક્રિયા હજી, હોં! ઓલા પરિણામ ને યોગ નહિ. આહાહા..! મન-વચન-કાયા યોગઃ. એની ક્રિયા તે યોગ કહ્યો છે, પણ યોગ એટલે કંપન થાય છે એ. અંદર કંપન થાય એ યોગ છે. ઓલી બહારની ક્રિયા તો નિમિત્ત છે. મન, વચન ને કાયાના પુદ્ગલો તો જડ છે, એમાં પ્રદેશ કંપે છે તે યોગ છે અને એ યોગ બંધનું કારણ છે. એ યોગ બંધનું કારણ છે. એ કંઈ મોક્ષનું કારણ નથી. જુઓ! અહીં ચોખ્ખું લીધું, જોયું? આ 'શીતલપ્રસાદજી'ને ઊડાડે. એણે પણ વાંચ્યું નહોતું ને? પોતાને આખો ઊડાડ્યો એનું એને ભાન ન મળે. આહાહા..!

'વ્યવહાર ચારિત્રને વ્યવહાર માત્ર સમજ.' છે ને? 'નિશ્ચય ચારિત્ર વિના તેનાથી મોક્ષમાર્ગમાં કોઈ લાભ નથી. મુનિનો કે શ્રાવકનો વ્યવહાર સંયમ બરાબર રીતે શાસ્ત્રાનુસાર પાળીને પણ એવો અહંકાર ન કર કે, હું મુનિ છું,...' વ્યવહારથી પાંચ મહાવ્રત પાળીને કહે, હું મુનિ છું. વ્યવહારથી પાળીએ છીએ, હું મુનિ છું, હું ક્ષુલ્લક છું. એ વ્યવહારનું અભિમાન છે, એમ કહે છે. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે, બાર વ્રત પાળે તો કહે, અમે શ્રાવક છીએ, અમે મુનિ છીએ, અમે બ્રહ્મચારી છીએ, ધર્માત્મા ગૃહસ્થ છીએ.

'એમ કરવાથી તેના વેશ અને વ્યવહારમાં જ મુનિપણું અથવા ગૃહસ્થપણું માની લીધું તે ઠીક નથી.' વ્યવહારનું પાળવું એ તો અભિમાન છે, મિથ્યાત્વ છે, રાગ છે એમ કહે છે. રાગ પાળે અને એમ કહેવું કે, અમે મુનિ છીએ. રાગ એ મુનિપણું છે? વ્યવહારના વ્રતાદિ મુનિપણું છે? બંધનું કારણ છે. શું કહેવું? એ ધૂળનું કારણ છે. આ નિશ્ચય વસ્તુ નથી તો એકલો વ્યવહાર બંધનું કારણ છે, એમ માનવું જોઈએ. બાર વ્રત પાળે, પંચ મહાવ્રત પાળે.. સમજ્યા ને? આગમ પ્રમાણે શુભ ક્રિયા આદિ કરે અને માને કે અમે સાધુ છીએ, શ્રાવક છીએ તો મૂઢ છો, કહે છે. વ્યવહારની ક્રિયામાં મુનિપણું, શ્રાવકપણું ક્યાંથી આવ્યું? સમજાણું? એ તો પુણ્યબંધનું કારણ છે.

'શુદ્ધાત્માનુભવ જ મુનિપણું છે, તે જ શ્રાવકપણું છે, તે જ જિનધર્મ છે એમ સમજીને જ્ઞાનીએ શરીરાશ્રિત ક્રિયામાં અહંકાર ન કરવો જોઈએ.' કેટલાક અર્થ તો ઠીક કર્યા છે.

www.vitragvani.com



મુમુક્ષુ :– ચોથા ગુણસ્થાને અનુભવ થાય છે.

ઉત્તર :– હા, થાય છે ને, શ્રાવકને અનુભવ થાય છે. એ તો પહેલા જ લખે છે.

આત્માના સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ રૂપ અનુભવ, એક જ મોક્ષનો માર્ગ ચોથેથી શરૂ થાય છે. જેટલા વ્યવહારના વિકલ્પો આ બધા હોય, એ તો વાત કરી, એ હોય છે. પૂર્ણ નથી તો હોય. પણ એમાં અહંકાર કરવો કે આ મારા, અભિમાન કર્યું કે, અમે કરીએ છીએ. વિકારને અમે કરીએ છીએ એમ માનવું તો નિર્વિકારી ચીજ તો આખી રહી ગઈ. સમજાણું? અહંકાર ન કરવો. 'ભાવપાહુડ'નો દાખલો મૂક્યો છે. હેં?

મુમુક્ષુ :– નિશ્ચયની આંગળી ઝાલીને ચાલે છે.

ઉત્તર :– બિલકુલ આંગળી ઝાલીને ચાલતો નથી. નિશ્ચય છે તો વ્યવહાર છે એમ નથી અને વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. બેય સ્વતંત્ર છે. વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. સ્વાશ્રયપણું ભિન્ન છે, પરાશ્રયપણું ભિન્ન (છે), બેય ચીજ સ્વતંત્ર છે. આંગળી ઝાલીને લાવે ને? જુદેજુદા (છે) એમાં આંગળી ઝાલે કોણ?

ખરેખર તો આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન થયું એટલે સમ્યગ્દૃષ્ટિ આ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર છે ખરો, જેમ પરદ્રવ્ય છે એમ એ છે પણ એનાથી મુક્ત છે, એ મારામાં નથી. આહાહા..! પોતામાં નથી એને કરીને માનવું કે અમે આ મુનિ ને શ્રાવક છીએ (એ) મિથ્યાદૃષ્ટિ છે, એમ અહીં તો કહે છે. સમજાણું કે નહિ? જે પોતાના સ્વરૂપમાં નથી, સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય છે. એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પણ નિર્મળ છે. એમાં વ્યવહાર વ્રતાદિના જે રત્નત્રય કર્યા એ એમાં તો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો આત્મા ઉપર છે. રાગ વ્યવહાર ઉપર છે? આ તો વ્યવહાર ઉપર દૃષ્ટિ છે. વ્યવહાર આચરણ એ અમારી ક્રિયા, અમે સાધુ. અમને સાધુ માનો. અમે મનાવીએ. અઠ્યાવીસ મૂળગુણ પાળે. ઇ પાળે તો, અત્યારે તો અઠ્યાવીસ મૂળગુણ પણ નથી. આ તો અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પંચ મહાવ્રત હોય, બાર વ્રત હોય તો કહે, અમે મુનિ છીએ. એ મૂઢ છે. વ્યવહારમાં મુનિપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ તો રાગની ક્રિયા છે. રાગની ક્રિયામાં મુનિપણું, શ્રાવકપણું, સમકિતપણું મોક્ષનો માર્ગ ક્યાંથી આવ્યો?

'जीवविमुक्को सबओ दंसणमुक्को य होइ चलसवओ' દાખલો આપ્યો. ઓલી કોર છેલ્લી ગાથા છે. 'જીવ રહિત શરીર મડદું છે.' 'ભાવપાહુડ'નો 'મોક્ષ અધિકાર' છે. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, જીવ રહિત તો બધા મડદાં છે. શરીર. એમ સમ્યગ્દર્શન આત્માના ભાન વિના જીવનું જીવન જ નથી. એ મડદાં છે. આત્મા શુદ્ધ અખંડાનંદની પ્રતીત, અનુભવ વિના એ તારા શુભ આચરણની ક્રિયાઓ બધા મડદાં છે. એમાં જીવન નથી, એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

www.vitragvani.com



जीवविमुक्को सबओ दंसणमुक्को य होइ चलसवओ।
सवओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसवओ।।१४३।।

શું કીધું? જેમ જીવ વિનાનું શરીર જે અપૂજ્ય છે, મડદાં છે એમ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ એના સમ્યગ્દર્શન, જ્ઞાન વિના એ વ્યવહાર વ્રતાદિ બધાં મડદાં છે અને એ પૂજ્ય છે નહિ. જીવ વિનાનું મડદું જેમ પૂજ્ય નથી એમ સમ્યગ્દર્શન વિનાના એકલા વ્રતાદિ, તપાદિ ક્રિયાકાંડ એ બધાં મડદાં છે. એ લોકમાં અપૂજ્ય છે. આહાહા..! ભારે કરી, ભાઈ!

'મડદું લોકમાં માનનીય ગણાતું નથી,...' શું કહે છે? ભગવાનઆત્માનું જીવન-કારણ પ્રભુ, કારણજીવ, એનો આશ્રય લીધા વિના, એની દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર કર્યા વિના એકલા વ્રત, પંચ મહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણ આદિ આગમ પ્રમાણે પાળે તોય એ બધાં માનનીય નથી. આહાહા..! હેં?

મુમુક્ષુ :- આનો અર્થ તો સ્પષ્ટ છે જ ને!

ઉત્તર :- ઇ સ્પષ્ટતાથી માને ત્યારે ને? તમારી પાસે ચોપડી નથી? આ શાસ્ત્રનો આધાર છે. એ 'ભાવપાહુડ'ની ૧૪૩મી ગાથા. 'કુંદકુંદાચાર્યદેવ'નું 'ભાવપાહુડ'. જુઓ! ગાથા આપી છે ને? આમાં તો ન્યાય, ભાવ શું મૂક્યો? ભાઈ! કે જ્યાં આત્મસ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર શુદ્ધતા નથી ત્યાં એકલા વ્રત, નિયમ આદિ બધાં મડદાં અમાન્ય, અપૂજ્ય છે, મડદાં છે. સમજાણું કાંઈ? એ ગાથાઓ છે. 'ભાવપાહુડ' ૧૪૩.

'આગે સમ્યગ્દર્શનકા નિરૂપણ કરતે હૈં, પહિલે કહતે હૈં કિ, સમ્યગ્દર્શનરહિત પ્રાણી ચલતા હુઆ મૃતક હૈ.' ચાલતાં મડદા છે. ચૈતન્યપ્રાણ, ભાવપ્રાણ, આનંદપ્રાણ જેના આત્માના છે એવા પ્રાણની પ્રતીત, જ્ઞાન ને રમણતા પ્રગટ કરી છે એ જીવતો જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી ૪૭ શક્તિમાં જીવત્વ શક્તિ પહેલી લીધી છે ને? જીવતર શક્તિ ભગવાનઆત્મામાં છે. ચૈતન્ય, દર્શન, જ્ઞાન, સુખ, સત્તા પ્રાણ એવા પ્રાણનો સ્વીકાર થઈને શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ્યા છે એને અહીંયાં જીવતો જીવ કહેવાય છે. એ વિનાના એકલા પંચ મહાવ્રતના પરિણામ, અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન, બાર વ્રતના વિકલ્પ, શરીરનું બ્રહ્મચર્ય પાળવું એવા બધા શુભભાવને તો, (જેમ) જીવ વિનાનું શરીર એમ ચૈતન્ય શુદ્ધ નિશ્ચય વિનાનું એ મડદું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'जीवविमुक्को सबओ' 'લોકમેં જીવરહિત શરીર કો શબ કહતે હૈં, મૃતક યા મુરદા કહતે હૈં, વૈસે હી સમ્યગ્દર્શનરહિત પુરુષ ચાલતા મડદાં છે.' ચાલતા મડદાં. ઓલા મડદાં ઉપાડીને ચાલે, આમ. ઠાઠડી, ઠાઠડી કહે છે ને? અહીં તો એ સિદ્ધ કરવું છે કે, 'મૃતક તો લોકમેં અપૂજ્ય હૈ, અગ્નિસે જલાયા જાતા હૈ...' આહાહા..! 'પૃથ્વીમેં ગાડ દિયા જાતા હૈ ઔર દર્શનરહિત ચલતા હુઆ મુરદા લોકોત્તર જો મુનિ-સમ્યગ્દૃષ્ટિ ઉનમેં અપૂજ્ય હૈ,

www.vitragvani.com



વે ઉનકો વંદનાદિ નહીં કરતે હૈં.' એકલા વ્યવહાર વ્રતાદિના પાળનારને ધર્માત્મા વંદન કરવા લાયક માનતા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું આ?

'મુનિવેશ ધારણ કરતા હૈ તો ભી ઉસે સંઘકે બાહર રખતે હૈં...' જેને સમ્યગ્દર્શનનું ભાન નથી, આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનું ભાન નથી, એવા સમ્યગ્દર્શનના જીવન વિનાના એકલા પાંચ મહાવ્રત ને બાર વ્રતાદિ કે એને યોગ્ય જે ક્ષુલ્લકપણાના ભાવ લ્યોને, એ પાળતા હોય તો એ બધા મડદાં છે, જૈનશાસનના સ્તંભમાં મળતા નથી, જૈનશાસનના સ્તંભમાં મળતા નથી. ન્યાં તો જીવતા જીવ મળે છે. આહાહા..! એવા મડદાં એમાં હાથ આવતા નથી. ભેગા મળતાં નથી. સમજાણું કાંઈ? બે ગાથા મૂકી છે, હોં!

जह तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।
अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं।।१४४।।

દેખો! શ્રાવક અને મુનિમાં મુખ્ય ધર્મ તો સમ્યગ્દર્શન છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડાનંદકંદ, એનું અંતર અનુભવનું સમ્યગ્દર્શન એ શ્રાવક અને મુનિના ધર્મમાં મુખ્ય તો આ છે. સમજાણું કાંઈ? 'મુનિ અને શ્રાવક બન્નેના ધર્મમાં સમ્યગ્દર્શન શોભે છે.' લ્યો! સમજાણું?

આત્મા પરમ પવિત્ર પ્રભુ, શુદ્ધ ભાવથી ભરેલો પદાર્થ, શુદ્ધભાવથી ભરેલો ભગવાન, એની શુદ્ધ સ્વભાવની દૃષ્ટિનો અનુભવ, એની દૃષ્ટિ, એનું આત્માનું જ્ઞાન અને એમાં રમણતા અથવા દર્શન અને જ્ઞાન, બેની અહીંયાં મુખ્યતા લીધી છે. એવા આત્મ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન, એ વિનાના જીવો એકલા પંચ મહાવ્રત પાળતા હોય, બાર વ્રત પાળતા હોય, બ્રહ્મચર્ય પાળતા હોય, દયા પાળતા હોય, દાન કરોડોના કરતા હોય એ બધા ભાવ મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધો રાગ ભાગ છે, મરી ગયેલા મડદાં છે. 'રતનલાલજી'! ભારે વાત, ભાઈ! આહાહા..!

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ પ્રભુ જોયો છે, એમાં એ પુણ્ય-પાપના વિકાર વિનાનો આત્મા છે. શરીરની ક્રિયા વિનાનો આત્મા છે. એવા આત્માને, પૂર્ણ શુદ્ધ સ્વરૂપના ભાવને અંતર દર્શન ને જ્ઞાન દ્વારા જે અનુભવે અને પ્રતીત કરે એને અહીંયાં શ્રાવક અને મુનિ કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન વિના આત્મા શુદ્ધભાવના ભાન વિના, શુદ્ધ શ્રદ્ધાના જ્ઞાન વિના એકલા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, બાર વ્રત, દયા, દાન, ભક્તિ આદિની ક્રિયાકાંડ પૂજા, શ્રાવકના છ આવે છે ને? ષટ્ કર્તવ્ય. એ બધા નિરર્થક, નિરર્થક મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વરના માર્ગમાં આત્મા વીતરાગસ્વરૂપ પરમાનંદમૂર્તિ, એની વીતરાગી દૃષ્ટિ, અંદર નિર્વિકલ્પ વીતરાગી જ્ઞાન, એના જીવનને જીવન કહેવામાં આવે છે. એ જીવને જીવતો

www.vitragvani.com



જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલા પૈસાવાળા પણ મડદાં હશે? આ વકીલો-બકીલો પણ?

મુમુક્ષુ :– એના બાપ-દાદા પણ.

ઉત્તર :– એના બાપ-દાદા નહિ. બાપ-દાદામાં ક્યાં તમારા જેવી તેવડ હતી? માણેકચંદ ભાઈની. એ..ઇ...! બાપ-દાદા નહિ. એ વકીલાતનું ભણતર એ બધાં મડદાં (છે), એમ કહે છે. 'માણેકચંદભાઈ'માં ક્યાં વકીલાત હતી? એ.. 'હરિભાઈ'! તમારા બાપ પાસે કેટલા પૈસા હતા? અને અત્યારે પચાસ લાખ કે સાંઈઠ લાખ થઈ ગયા. હરિભાઈ! કેશુભાઈ વખતે ક્યાં ધૂળ પણ એને લઈને થયું શું? મડદાં છે બધા, મડદાં. સાચી વાત છે?

ભગવાનઆત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે પવિત્ર આત્મા અનંત શુદ્ધભાવથી ભરેલો ભગવાન જોયો આત્મા, એવા શુદ્ધભાવની અંતર શ્રદ્ધા-જ્ઞાન, એ જીવના જીવન છે. એવા જીવના જીવન વિના લક્ષ્મીથી મોટા માનીને જીવે એ તો બધાં મરી ગયેલા મડદાં છે. એ તો મડદાં પણ પંચ મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, જાવજીવનું શરીરનું બ્રહ્મચર્ય, સમજાણું કાંઈ? એવા ભાવવાળા, પણ આ શુદ્ધભાવની શ્રદ્ધા, જ્ઞાન વિનાના એ બધાં મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– આકરી દવા છે.

ઉત્તર :– આકરી દવા છે, કહે છે. આકરો રોગ હોય તો ઇંજેક્શન એવું મોટું લાંબું આપે છે. જોયું છે? ગળે ન ઉતરે તો મોટું આવું ચડાવે? શું કહેવાય તમારે? ગ્લુકોઝનો આવડો બાટલો ચડાવે. એમ ભગવાન આ બાટલો ચડાવે છે. ઇંજેક્શન મૂકે છે, માળા! મરી ગયો છો તું?

ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડલો પ્રભુ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણની ખાણ એવો આત્મા, એની તને અંતર્મુખ થઈને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન નથી અને તને પુણ્યના, દયા, દાન, વ્રતના પરિણામથી અમારા જીવન (છે) અને અમે કાંઈક કરીએ છીએ, મરી ગયેલો મડદું છો. કોણ તને જીવ કહે? આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– મડદાંને જીવતા કરે એવી આ દવા છે.

ઉત્તર :– મડદાં મરીને બીજે ભવે થાય ત્યારે જીવતા થાય. એ ભવે થાય? એ શુભભાવ મડદાંમાંથી જીવ ન થાય, એમ અહીં કહે છે. સમજાણું? ભારે વાત.

ભાઈ! આમાં તો એમ સિદ્ધ કર્યું.. સમજાણું? કે એક આત્માનો શુદ્ધ સ્વભાવ, એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાના પરિણામ એ શુભભાવ (છે), એ વિનાના આત્માની અંતર નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, આત્માની શાંતિ એ એક જ ધર્મ અને એ જ મોક્ષનું કારણ છે. એ ન હોય અને એકલા વ્રતાદિ બાળ બ્રહ્મચર્ય આદિ આવા ભાવ પાળે તો કહે છે કે, અમાનનીય છે, અપૂજનીય છે, મડદાં છે, સંતોથી તે કાઢી નાખવા લાયક છે. મડદાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઘરમાં રખાય નહિ, કાઢી નાખ. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

આ વીતરાગ પરમેશ્વરની વાત છે, આ કાંઈ કોઈના ઘરની વાત નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એની વાણીમાં આવ્યું, પરમાત્માની વાણીમાં (આવ્યું). કહો, સમજાણું આમાં? અનંત તીર્થંકરો થયા, વર્તમાન મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન તીર્થંકર બિરાજે છે. એની વાણીમાં આ આવે છે, એ આવ્યું છે. અરે..! ચૈતન્યની જાતને તેં ઢંઢોળીને જગાડ્યો નહિ અને એકલા વિકલ્પની દયા, દાન, વ્રતના પરિણામને તેં રાખ્યા, મડદું છો, કહે છે. આહાહા..! કહો, 'પ્રવીણભાઈ'! શું કહે? લાકડ્યું મારતા હશે કાંઇ? સમજ્યા?

ત્રણલોકમાં સાર હોય તો ઇ છે, ઓલો સાર નથી. ઓહોહો..! એમાં તો કેટલાય ન્યાય આપ્યા. ત્રણલોકમાં પૂજ્ય છે ને? ભાઈ! એની અપેક્ષાએ કાઢ્યું, ૩૩ મી ગાથા. ત્રણ લોક સાર. આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ, એની દૃષ્ટિ અંદર અનુભવ, જ્ઞાન અને એમાં રમણતા– ચારિત્ર, એ ત્રણલોકમાં સાર અને પૂજ્ય છે. એ વિનાનું આ ભાન વિનાના એકલા વ્રતાદિ, એકલા તપાદિ ક્રિયાકાંડના શુભભાવ એ બધાં જૈનશાસનને માન્ય નથી. એ અપૂજનીય મડદાં છે, એ કાઢી નાખવા લાયક છે, એ જીવમાં ભેળવવા લાયક નથી. પણ એ રાગ–મડદાં ચૈતન્યમાં ભળી શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'શશીભાઈ'! ભારે વાતું આકરી કહે છે.

આ સમજે, કેમ ન સમજી શકે? સમજી શકે, એની પોતાની ઘરની ચીજ છે, ઘરમાં છે, ઘરમાં છે ત્યાં ઘરમાં સહજ સાધન વડે પ્રાપ્ત થાય છે. એને કોઈ બીજાની મદદની જરૂર નથી. અહીં તો વિકલ્પ થાય, રાગ એની પણ એને જરૂર નથી એટલો તો સ્વાધીન અને સ્વતંત્ર છે. ઇ કહે કે, મને સમજાય નહિ. આ બધું ઊંધું અનાદિનું સમજાય. સમજાણું કાંઈ? એ સાર છે ને, એમાં દાખલો આપ્યો છે. હવે ૩૪મી ગાથા.

---

પોતા વડે પોતાનું ધ્યાન કરો.

अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ।
सो पावइ सिवपुरिगमणु जिणवर एउ भणेइ।।३४।।

આત્મસ્વભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય. ૩૪.

અન્વયાર્થ :– (जो परभाव चएइ) જે પરભાવને છોડી દે છે (जो अप्पइ अप्पा मुणइ) અને જે પોતા વડે જ પોતાના આત્માનો અનુભવ કરે છે, (सो सिवपुरि गमणु पावइ) તે જ મોક્ષનગરમાં પહોંચી જાય છે. (जिणधर पउ भणेइ) શ્રી જિનેન્દ્રદેવે આ કહ્યું છે.

---

www.vitragvani.com



૩૪ મી ગાથા. ‘પોતા વડે પોતાનું ધ્યાન કરો.’ જુઓ! એ વ્યવહાર વ્રતાદિના વિકલ્પો, દયા, દાન એ બધો શુભરાગ છે. એનાથી આત્માનું જીવન જીવાતું નથી. ત્યારે પોતા વડે પોતાનું ધ્યાન કરો. ભગવાન ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો એવો અંદર આત્મા આનંદમૂર્તિ, આત્માનું આત્માથી ધ્યાન કરો, રાગ-બાગને લક્ષમાંથી છોડી દ્યો. સમજાણું કાંઈ? એ મડદાંને છોડી દ્યો, કહે છે. એ મડદાં જીવતા નહિ થાય. એ જીવતો જીવ હશે એ જીવતો થાશે.

अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ।
सो पावइ सिवपुरिगमणु जिणवर एउ भणेइ।।३४।।

દેખો! ‘जिणवर एउ भणेइ’ જિનવર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનવર એમ ભણે છે નામ કહે છે કે, ‘जो अप्पइ अप्पा मुणइ’ આત્મા આત્માને જાણે. ભગવાનઆત્મા શુદ્ધ આનંદભાવથી ભરેલો, એને શુદ્ધભાવથી આત્માને જાણે, સમજાણું કાંઈ? અને ‘परभाव चएइ’ જે વ્યવહાર કહ્યો હતો—મડદાં. સ્વભાવનો આશ્રય લઈ આત્મા નિર્વિકલ્પ શુદ્ધ છે, પરમાનંદ છે એનો આશ્રય લઈ શુદ્ધભાવથી આત્માને જાણે ત્યારે અંતર્મુખ થતાં એ વિકલ્પો જે વ્યવહારના છે એ છોડે. એ મડદાં છે, આત્માને અંતર સાધકમાં બિલકુલ સહાયક નથી. સમજાણું કાંઈ? આ તો ‘યોગસાર’ છે ને! ‘યોગસાર’ છે. મોક્ષમાર્ગનો સાર. યોગ એટલે આત્મામાં જોડાણ. આત્મામાં જોડાણ, એનો સાર. સમજાણું કાંઈ?

‘अप्पा अप्पइ जो मुणइ’ ‘જે પરભાવને છોડી દે છે...’ શુભ-અશુભ ભાવ, વિકાર એને દૃષ્ટિમાંથી છોડી દે છે અને ‘जो अप्पइ अप्पा मुणइ’ ‘અને જે પોતા વડે જ પોતાના આત્માનો અનુભવ કરે છે,...’ આહાહા..! શુભભાવ, પહેલો ધર્મ થાય અને પછી આ ધર્મ થાય એમ નથી કહ્યું. એ શુભભાવ છોડ્યે આત્માનો અનુભવ કરે તો ધર્મ થાય. એને રાખીને થાય? આહાહા..! ભારે વાતું જગતને આકરી (પડે). વીતરાગ પરમેશ્વરની વીતરાગી વાતું. રાગના લોભિયાને વીતરાગની વાત આકરી પડે. હેં? આહાહા..!

મુમુક્ષુ :- એને રુચે નહીં. શુભભાવ છાંયો લાગે છે.

ઉત્તર :- છાંયો જ છે આ, તડકો ક્યાં હતો? પુણ્ય અને પાપ બેય તડકા છે. ભગવાનઆત્મા શાંત શીતળરસથી ભરેલો, એ પુણ્ય-પાપના બેય ભાવ પાપ છે, અગ્નિ છે, ઝેર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ‘સમાધિશતક’નો દાખલો (આપ્યો) છે. તડકે ઊભો (રહે) ઈ કરતાં છાંયે ઊભો છે ને! કહો, સમજાણું? ઊભો છે પણ જે શુદ્ધભાવમાં રહ્યો છે એ જ પંથ છે. એ ન્યાં છાંયે ઊભો અને પુણ્યમાં ઊભો માટે પંથ છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ઓહોહો! અનંતકાળનો જન્મ-મરણનો ભાવ, એના મટાડવાનો ભાવ તો કાંઈક અપૂર્વ

જ હોય ને! અહો..! અનાદિકાળના.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. ક્યાંય નજરું નાખ્યા નજરું પોગે નહિ, નજરને અંત આવે નહિ. એટલો અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. રખડીને થોથાં ઊડી ગયા એના, ભવ કરી કરીને. અનંતા અનંતા અનંતા અનંતા અનંતાને અનંતા ગુણો તોય અનંતા. એટલા ભવો કર્યા, ભાઈ! આત્માના ભાન વિના, એક સમ્યગ્દર્શન વિના આવા ભવ કર્યા. એમાં વ્રત, નિયમ, તપ પાળીને નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, એ તો શુભભાવ હતો. સમજાણું કાંઈ?

આચાર્ય ફરમાવે છે, 'अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ' જોયું? વ્યવહારને છોડીને. વ્યવહારને છોડીને આત્માનો અનુભવ કરે. 'सो पावइ सिवपुरिगमणु' લ્યો! 'તે જ મોક્ષનગરમાં પહોંચી જાય છે.' એ મોક્ષનગરી, પરમાત્મા સિદ્ધ ભગવાન, ણમો સિદ્ધાણં. એ સિદ્ધપદને (પામે છે). એ આત્માના શુદ્ધભાવનો અનુભવ કરે, પરભાવ પુણ્ય-પાપના ભાવને અંતરથી છોડે, સ્વરૂપમાં સ્થિર થાય એ મુક્તિપુરીને પામે. એમ 'શ્રી જિનેન્દ્રદેવે આ કહ્યું છે.' દેખો! આચાર્યને નાખવું પડ્યું, ભઈ! આ અમે નથી કહેતા, ભગવાન આમ કહે છે.

ત્રણલોકના નાથ ઇન્દ્રોના પૂજ્ય પુરુષ સમવસરણમાં ધર્મસભામાં ભગવાન એમ દિવ્યધ્વનિમાં કહેતા હતા. આહાહા..! ભાઈ! તું ધીરો થા, ધીરો થા. તારા સ્વરૂપમાં અંદર અનંત આનંદ પડ્યો છે. તારા સ્વભાવમાં અનંતા આનંદના સાગર ડોલે છે. આહાહા..! એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનથી જીવને સ્થિરતા (થતાં) અલ્પકાળમાં મુક્તિનગરી એને મળશે. આ વ્યવહાર છોડ તો મળશે, એમ કહે છે. એ વ્યવહાર વડે, એની મદદ વડે આગળ મુક્તિએ જવાશે એમ છે નહિ. એમ જિનવર, જિનવર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવ એમ 'भणेइ', એમ 'भणेइ'. 'भणेइ' એટલે એમ પ્રરૂપે છે, એમ કહે છે. લ્યો! આચાર્યે એમ દાખલો આપ્યો.

'યોગીન્દ્રદેવ' પણ સિદ્ધ ભગવાનને એમ કહે છે, 'કુંદકુંદાચાર્યદેવ'ની જેમ. ભગવાન આમ કહે છે. ત્રણલોકના નાથ ઇન્દ્રોની સમક્ષ, ગણધરોની હાજરીમાં, ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે, આ આત્મા પરમાનંદની મૂર્તિ છે. એને પુણ્ય-પાપના ભાવ થાય એમાંથી દૃષ્ટિને છોડ. છોડી દે એને, છોડીને સ્વરૂપમાં સ્થિર થા (તો) અલ્પકાળમાં મુક્તિ થશે, બીજો કોઈ ઉપાય નથી. એ પુણ્યભાવ તને મદદ કરે, એમ નથી. અટકાવનારા વચમાં આવે છે, એમ કહે છે. માટે છોડ. આહાહા..! આવી વાતું જગતને બેસવી કઠણ ભાઈ!. સમજાણું?

આત્માને આત્મા દ્વારા, એમ છે ને? 'अप्पा अप्पइ' છે ને? આત્મા આત્મા દ્વારા. એટલે શું? ભગવાનઆત્મા અનંત આનંદ અને શુદ્ધ ચૈતન્યની મૂર્તિ, એને આત્મા આત્મા દ્વારા. આત્મા દ્વારા એટલે ઓલા વ્યવહાર દ્વારા નહિ. દયા, દાન, વ્રત, કષાયના મંદ (પરિણામ) એ આત્મા નથી. એ તો અણાત્મા, આસ્રવતત્ત્વ છે. આત્મા આત્માને દ્વારા. ભગવાનઆત્મા પોતાના નિર્વિકલ્પ રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન દ્વારા પરભાવ છોડીને. એ દયા, દાન, વ્રતના

www.vitragvani.com



પરિણામ એ બંધના કારણ છે. એને છોડીને જિનવર એમ ભણે છે, તો તે શિવપુરને પામે છે. નહિતર મોક્ષમાં જાતો નથી. ચાર ગતિમાં રખડશે, પહેલું કીધું હતું ઇ. ૩૩માં કહ્યું હતું ને? કે, પુણ્યથી સ્વર્ગમાં, પાપથી નરકમાં અને બે છોડે તો શિવવાસમાં (જાય). એ શિવવાસની આ વ્યાખ્યા વિશેષ કરી. કહો, સમજાણું કાંઈ?

'લાખ વાતની વાત એક નિશ્ચય ઉર આણો' 'છ ઢાળા'માં આવે છે કે નહિ? ભગવાનઆત્મા, એનું નિધાન ચૈતન્યરત્નાકર પ્રભુઆત્મા છે. એમાં અનંતા રત્નો આનંદ અને શાંતિના ભર્યા છે. ભગવાન જાણે, એની ધૂળમાં ભર્યું એને દેખાય અને આ દેખાય નહિ. કહો, 'હરિભાઈ'! પાંચ, દસ લાખ રૂપિયા, પચાસ લાખ થાય ત્યાં તો આહા..હા...! હું પહોળો ને શેરી સાંકડી.

મુમુક્ષુ :- કોઈ દિ' જોયા ન હોય પછી એમ જ થાય ને!

ઉત્તર :- ધૂળમાંય જોયા નથી. આખી દુનિયા દેખાય, એમાં તારે બાપને શું આવ્યું? સમજાણું કાંઈ? એ.. 'મોહનભાઈ'! ઓલા પૈસાવાળા બધા છે ને? કહે છે ને? વાળા છે ને બધા? કેટલા વાળા? પૈસાવાળા, છોકરાવાળા, બાયડીવાળા, આબરૂવાળા, મકાનવાળા, ફલાણા કેટલા વાળા વળગ્યા એને? એક વાળો હોય તો ખાઈ જાય. ઓલો આવે છે ને પગમાં? વાળો હેં? કેટલા વાળા?

અહીં તો કહે છે, ભગવાન રાગ વિનાનો, દેહ વિનાનો, મન વિનાનો, વાણી વિનાનો. વાળો નથી એ તો વિનાનો છે. સમજાણું કાંઈ? એવા આત્માની – સ્વભાવની આત્મા દ્વારા શ્રદ્ધા અને સ્વભાવની સ્થિરતા કર. અલ્પકાળમાં મુક્તિ થાય એ પંથ મોક્ષનો છે. વચમાં વ્યવહાર આવે એને છોડતો જા, છોડતો જા, આદરતો જા નહિ. એની મદદ લેતો આગળ વધ, એમ નહિ. એમ કહે છે, જોયું? આહા..! પછી ઘણી વાત (લીધી છે). લ્યો, ઇ ૩૪ (ગાથા પૂરી) થઈ.

હવે, વ્યવહારમાં નવ પદાર્થનું જ્ઞાન હોય છે, એમ કહે છે. આ એકની વાત કરીને? આત્માની. આત્મા અનંત ગુણનો પિંડ, એનું ભાન, એની શ્રદ્ધા, એનું જ્ઞાન એ મોક્ષનો માર્ગ. હવે એવા સ્થાનમાં એને ભગવાને છ દ્રવ્ય કહ્યા. છ દ્રવ્ય ભગવાને કહ્યા. અનંત આત્મા, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. એના પેટા ભેદ નવ. એ નવ તત્ત્વ વ્યવહારરૂપે છે એનું એણે જ્ઞાન કરવું જોઈએ. કારણ કે વીતરાગમાર્ગ સિવાય આવા નવ તત્ત્વો અન્યમાં હોતા નથી. સમજાણું કાંઈ? જુઓ! એ ગાથામાં એમ કહે છે, હોં! 'વ્યવહારમાં નવ પદાર્થનું જ્ઞાન આવશ્યક છે.' એટલે હોય છે. પ્રયત્નથી, કીધું છે ને? પ્રયત્નથી જાણજે. એનું કારણ છે કે, આત્માના જ્ઞાનનો એક સમયનો પર્યાય એ છ દ્રવ્યને જાણવાની તાકાત રાખે છે. છ દ્રવ્ય ભગવાને જે કીધાં, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. પરમાણુ આ રજકણ, પોઈંટ, આ ધૂળ. એથી અસંખ્ય કાળાણુ આદિ. એ બધાને

www.vitragvani.com



(જાણે એવી) આત્માના ગુણની એક પર્યાય તાકાત રાખે છે. પરસન્મુખવાળી એક પર્યાય તાકાત રાખે છે. આ એને પર્યાયનું જ્ઞાન યથાર્થ થવા, એને નવ તત્ત્વનું જ્ઞાન બરાબર હોવું જોઈએ. એમાંથી તારવીને એકલું આત્માનું જ્ઞાન કરે એનું નામ મોક્ષમાર્ગ છે. એ માટે આ નવ તત્ત્વની વ્યાખ્યા કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## 'જ્ઞાયક'ના લક્ષ વગર એક પણ ન્યાય સાચો ન આવે!

પાણીના લોઢનો જે પ્રવાહ છે તે આડોઅવળો થતો નથી, પહેલાંનો પ્રવાહ પાછળ ને પાછળનો પ્રવાહ આગળ એમ બનતું નથી; તેમ દ્રવ્ય પોતાના અનાદિ-અનંત પર્યાયોના પ્રવાહક્રમને દ્રવે છે - પ્રવહે છે, તે પ્રવાહક્રમમાં જે જે પર્યાયને તે દ્રવે છે તે તે પર્યાયની સાથે તે અનન્ય છે. જેમ મકાનના બારીબારણા નિયત છે, નાના-મોટા અનેક બારીબારણામાં જે ઠેકાણે જે બારી કે બારણું ગોઠવવાનું હોય તે જ બંધ બેસતું આવે; મોટું બારણું કાપીને નાના બારણાની જગ્યાએ ગોઠવી દે તો તે મોટા બારણાની જગ્યાએ શું મૂકશે? મોટા બારણાને ઠેકાણે કાંઈ નાનું બારણું બંધ બેસતું નહીં આવે. ત્યાં તો સૂતાર દરેક બારીબારણા ઉપર નંબર લખી રાખે છે. જો તે નંબરમાં આઘું પાછું થાય તો બારી-બારણાનો મેળ તૂટી જાય છે. તેમ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને પદાર્થો તેના જ્ઞેય છે, તે પદાર્થોની ક્રમબદ્ધપર્યાયમાં જે પર્યાયનું જે સ્થાન (-સ્વકાળ) છે તે આઘુંપાછું કરવા જાય તો કાંઈ વ્યવસ્થા જ નહિ રહે કેમ કે એક પર્યાય ફેરવીને બીજે સ્થાને મૂકી તો બીજા સ્થાનની પર્યાયને ફેરવીને વળી ત્રીજા સ્થાને મૂકવી પડશે-એ રીતે આખું દ્રવ્ય ચૂંથાઈ જશે એટલે કે તે તો સિદ્ધ જ નહિ થાય. 'હું જ્ઞાયક છું' - એ વાતનું જ્યાં સુધી લક્ષ ન થાય ત્યાં સુધી એક પણ ન્યાય સાચો સમજાય તેમ નથી. આત્મા જ્ઞાયક અને બધા પદાર્થો જ્ઞેય - આમ જ્ઞાન અને જ્ઞેય બંને વ્યવસ્થિત છે. જેવા પદાર્થો છે તેવું જ્ઞાન જાણે છે ને જેવું જ્ઞાન જાણે છે તેવા પદાર્થો છે; છતાં કોઈને કારણે કોઈ નથી - આવું વસ્તુસ્વરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ જાણીને જે જ્ઞાતા થયો તે રાગનો પણ જ્ઞાતા જ છે ને તે રાગ પણ તેના જ્ઞાનનું જ્ઞેય થઈને રહે છે. પદાર્થોની વ્યવસ્થાનો જ્ઞાયક ન રહેતાં ફેરફાર કરવાનું માને છે તેને પોતાના જ્ઞાનનો જ વિશ્વાસ નથી.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



વ્યવહારમાં નવ પદાર્થોનું જ્ઞાન આવશ્યક છે.

छहदव्वह जे जिण कहिआ णव पयत्थ जे तत्त।
ववहारे जिणउत्तिया ते जाणियह पयत्त।।३५।।

ષટ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫.

અન્વયાર્થ :– (जिण जे छह दव्वह णव पयत्थ जे तत्त कहिआ) જિનેન્દ્ર દેવે જે છ દ્રવ્ય, નવ પદાર્થ અને સાત તત્ત્વ કહ્યા છે (ववहारे जिण उत्तिया) તે બધા વ્યવહારનયથી કહ્યા છે. (पयत्त ते जाणियसि) તેમને પ્રયત્ન કરીને જાણવા યોગ્ય છે.

---

વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૩, મંગળવાર
તા. ૨૧-૦૬-૧૯૬૬
ગાથા–૩૫ થી ૩૮ પ્રવચન નં. ૧૪

---

આ 'યોગસાર' છે. યોગસાર એટલે આત્માના મોક્ષનો ઉપાય, એમાં સાર શું એ બતાવે છે. સમજાણું? એમાં ૩૪ ગાથા થઈ ગઈ. ૩૫ મી.

छहदव्वह जे जिण कहिआ णव पयत्थ जे तत्त।
ववहारे जिणउत्तिया ते जाणियह पयत्त।।३५।।

શું કહે છે? 'જિનેન્દ્ર દેવે...' 'जिण कहिआ' એમ છે ને? જિનેન્દ્ર પરમેશ્વરે છ દ્રવ્ય, નવ પદાર્થ અને સાત તત્ત્વ કહ્યા છે. સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન આત્મામાં પ્રકાશમાન થયું, એવા ભગવાને છ દ્રવ્ય કહ્યા છે એ છ વસ્તુ. એના નવ તત્ત્વો–પદાર્થ અને સાત તત્ત્વ. એને વ્યવહારે 'जिण उत्तिया' આમ શબ્દ પડ્યો છે. ભગવાને એને વ્યવહારે કહ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એટલે નથી ને કહ્યા છે, એમ?

ઉત્તર :– નથી અને કહ્યા એમ નથી. ઇ જ કહે છે. વ્યવહારે કહ્યા એટલે કે આત્માથી ભિન્ન છે અને ભેદરૂપ તત્ત્વ છે તેથી તેને વ્યવહારે નવ તત્ત્વ આદિ કહેવામાં આવ્યા. આત્મા નિશ્ચયથી તો અભેદ અખંડ આનંદની મૂર્તિ છે. એનો આશ્રય કરવો અને એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે, એ નિશ્ચય છે, પણ નિશ્ચયમાં જેનો નિષેધ થાય છે એ ચીજ શું? સમજાણું કાંઈ?

નિશ્ચય આત્મા, નિશ્ચયથી તો આત્મા અનંત શુદ્ધ ગુણનો પિંડ એકરૂપ વસ્તુ (છે).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ સત્ય અને એ નિશ્ચય (છે) કે જે આત્માનો અંતર આશ્રય કરવાથી આત્માને સમ્યગ્દર્શન અને આત્માનો સાક્ષાત્કાર થાય. એ તો વસ્તુ નિશ્ચય (થઈ), પણ જ્યારે નિશ્ચય આમ છે ત્યારે બીજો વ્યવહાર છે કે નહિ? એમ. તે ભગવાને કહ્યો પાછો. કીધું ને? 'ववहारे जिण उत्तिया' અને 'जिण कहिआ' છ દ્રવ્ય. એ છ દ્રવ્યો છ પ્રકારના પદાર્થ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, અનંતા પરમાણુ, પુદ્ગલ અનંતા અને જીવ, એમ એક સ્વરૂપના નિશ્ચયની અપેક્ષાએ એ બધા છ દ્રવ્યો ભેદરૂપ અથવા અનેકરૂપ થયા માટે તેને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર છે. 'जिण उत्तिया' વીતરાગે કહ્યો છે. ઇ છ દ્રવ્ય, નવ પદાર્થ કે નવ તત્ત્વ કે સાત તત્ત્વ એમાંથી તારવીને કાઢવો છે તો એક. કોણ અને શેમાંથી જુદો પડે છે? અજીવ, આસ્રવ, બંધથી જુદો પડે અને સંવર, નિર્જરા અને મોક્ષ તો ભેદરૂપ દશા (છે). અભેદરૂપ ત્રિકાળ કોણ? સમજાણું કાંઈ? સમજાતું નથી?

મુમુક્ષુ :– ચોખ્ખુ સમજાય એવું છે.

ઉત્તર :– એમ ને? ઇ કહે (છે), ચોખ્ખુ સમજાય એવું છે.

આત્મા નિશ્ચયથી તો એકરૂપ અભેદ સ્વભાવ આત્માનો, તે એનું સત્ય અને નિશ્ચય. પણ એ નિશ્ચયના અભેદમાં આવવું ત્યારે ક્યો વ્યવહાર નિષેધમાં ગયો? વ્યવહારનો અભાવ થયો એ વ્યવહાર કોઈ ચીજ છે કે નથી? તો કહ્યું કે, 'ववहारे जिण उत्तिया'. વીતરાગે છ દ્રવ્ય, નવ તત્ત્વ, સાત પદાર્થ આદિ ભગવાને કહ્યા છે. એ વ્યવહારે કહ્યા (છે). વ્યવહારે કહ્યાનો અર્થ કે, ભેદરૂપ. એકરૂપમાંથી ભેદરૂપ અને એકરૂપમાંથી અન્યરૂપ, એવાને ભગવાને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર ન જાણે એને નિશ્ચય હોય નહિ અને નિશ્ચય છે એ અભેદસ્વરૂપ છે ત્યારે ભેદ શું છે? અને ચૈતન્યથી અન્ય શું છે? કહો, સમજાણું કે નહિ આમાં?

ભગવાન અભેદ જ્ઞાયકમૂર્તિ એ નિશ્ચય, એ સત્ય, એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન. ત્યારે એનાથી અન્ય અજીવ આદિ છે, પુદ્ગલો આદિ (છે), એ અન્ય છે. આથી અન્ય છે. આ જુદો, આ જુદો એનું જ્ઞાન તો કરવું પડે ને? અને આત્મા શુદ્ધ અભેદ છે ત્યારે એમાં પુણ્ય-પાપનો આસ્રવભાવ, અટકેલો બંધભાવ, એ આત્માથી વિપરીતરૂપ ભાવ અન્ય છે તો એનું પણ જ્ઞાન કરવું જોઈએ. અને આત્મા અભેદસ્વરૂપની દૃષ્ટિ કરતાં એમાં સંવર, નિર્જરા અને મોક્ષ પણ એક સમયની પર્યાય, ભેદ છે. એ ભેદ 'जिण उत्तिया' (અર્થાત્) વીતરાગે તેને કહ્યા છે અને એ છે. સમજાણું કાંઈ? છ દ્રવ્ય,..

મુમુક્ષુ :– પ્રયત્નપૂર્વક જાણે.

ઉત્તર :– પ્રયત્નપૂર્વક ન જાણે? વ્યવહારને પ્રયત્નપૂર્વક જાણવો નહિ? પ્રયત્નપૂર્વક આદરવો નહિ. અહીં જાણવાની વાત છે કે નહિ?

મુમુક્ષુ :– ઇ વ્યવહારને નિશ્ચય ન હોય એમ તો કહી દીધું.

www.vitragvani.com



ઉત્તર :- વ્યવહાર આ છે ત્યારે નિશ્ચય થયો, એમ. નિશ્ચય થયો એટલે? અભેદપણું છે એમાં આ નથી. ત્યારે એનું જ્ઞાન જોઈએ ને? જેનાથી જુદો પડું છું કે અંશરૂપે હું નથી, એ અંશરૂપ અને જુદો છે, એ ચીજ શું? સમજાણું કાંઈ? તેથી બે શબ્દ વાપર્યા. છ દ્રવ્ય આદિ, નવ પદાર્થ, સાત તત્ત્વ જિને કહ્યા છે, પણ એ જિને વ્યવહાર કહ્યો, પાછું એમ લઈ લીધું. સમજાણું? એ નિશ્ચય નહિ.

હા, 'जिण उत्तिया' એમ કીધું. વ્યવહાર કહ્યો. સમજાણું?

'ते जाणियह पयत्त' નિશ્ચયમાં, વીતરાગે નિશ્ચયમાં એમ કહ્યું, એકરૂપ ભગવાન તારો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, અનંત અનંત ગુણનું એકરૂપ, એવો આત્મા તે નિશ્ચય છે. એમ જિને કહ્યું છે. ત્યારે આ વ્યવહાર જિને કહ્યો એ કેવો? સમજાણું કાંઈ? એ છ દ્રવ્ય બરાબર જાણવા જોઈએ. કારણ કે જ્ઞાનની-આત્માની જ્ઞાનદશાની એક પર્યાયમાં એ છ દ્રવ્ય જાણવાની તાકાત છે, એ વ્યવહાર છે, એ જાણવું એ વ્યવહાર છે અને સ્વને જાણવું એ નિશ્ચય છે. સ્વને જાણવું નિશ્ચય તો વ્યવહાર છે કે નહિ? અને એનું જ્ઞાન હોવું જોઈએ કે નહિ? પ્રયત્નપૂર્વક હોવું જોઈએ કે નહિ? એમ કહે છે. સમજાણું?

'તેમને પ્રયત્ન કરીને જાણવા યોગ્ય છે.' જે છ દ્રવ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ-ચાર અરૂપી (દ્રવ્ય), પુદ્ગલ રૂપી. બીજા અનંત જીવો પણ અરૂપી. એ બધાં છ દ્રવ્યોને જેમ છે તેમ એના દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિ, એની અવસ્થાઓ જેમ છે તેમ વ્યવહારે જાણવી જોઈએ. જ્યારે છ દ્રવ્ય કીધા ત્યારે એનો અર્થ એ થયો કે, છએ દ્રવ્યો સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે. જો છ દ્રવ્યની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય એમ જે જાણવું હજી એનું નામ તો વ્યવહારજ્ઞાન છે, વ્યવહાર છે. સમજાણું કાંઈ? છ દ્રવ્ય છે એમ કહેતાં તે પોતે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી છે. છ વસ્તુ છે તે પોતાના વસ્તુથી છે, શક્તિથી છે, અવસ્થાથી છે. એમાં કોઈની અવસ્થાથી કોઈ (હોય) તો ઇ છ દ્રવ્ય રહ્યા નહિ. સમજાણું કાંઈ?

'जाणियह' કીધું ને? जाणियह पयत्त વસ્તુ નથી? વ્યવહારનો વિષય નથી? વિષય ન હોય તો પછી નિશ્ચય નથી. કોણે નિષેધ કર્યો? કોનો એમાં અભાવ થયો? કે, અન્યનો અભાવ થયો? આસ્રવ અને પુણ્ય-પાપના બંધનો અભાવ થયો. સંવર, નિર્જરા, મોક્ષની અભેદ પર્યાયમાં એનો અભાવ થયો. અભેદમાં એ ભેદ છે નહિ. એક અન્ય, એક વિપરીત અને એક ભેદ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રયત્નપૂર્વક જાણવા યોગ્ય છે?

ઉત્તર :- જાણવું. જાણવું એટલે એની મેળાએ જણાઈ જશે, એમ નહિ. એમ કહે છે. જાણવું કે છ દ્રવ્ય છે, શુભ વિકલ્પથી એ જાણવાનો પ્રયત્ન કરવો. શુભ વિકલ્પ છે ને અહીંયાં? સમજાણું કાંઈ? હેં? સાંભળવું, ગુરુ ઉપદેશથી સાંભળવું, શાસ્ત્ર વાંચવા. સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં વાત તો બીજી કહેવી છે કે, જગતમાં છ વસ્તુ છે એટલી જે હજી વ્યવહારે ન જાણે તો તો એનો આત્મા નિશ્ચય, અભેદ, એકાકાર એવી અનંતી પર્યાયનો પિંડ (તેને કેમ જાણે?). એક પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત, એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને (જાણવાની) તાકાત. એટલો પણ જે વ્યવહાર, અહીં પર્યાય છે તે ભેદ છે, છ દ્રવ્ય છે તે અન્ય છે, પણ એટલો વ્યવહાર તરીકે જે ન જાણે, એ એનો નિષેધ કરીને અભેદમાં શી રીતે આવશે? સમજાણું કાંઈ? અન્યથી જુદો અને એક સમય જેટલો નહિ. વ્યવહારની વાતું આવે ત્યાં આકરી પડે છે. ઓલો નિશ્ચયમાં ઠીક (પડે) ને એક ગોટો ઉપાડીને કાઢી નાખે. પણ એને જાણવું જોઈએ.

છ દ્રવ્યને 'जिण कहिआ'–વીતરાગદેવે કહેલા છે અને એ વીતરાગદેવ કહે છે કે, અમે 'ववहारे जिण उत्तिया'. નવના ભેદરૂપે કથન એ વ્યવહાર છે, ભગવાન એમ કહે છે. એ નવ છે માટે નિશ્ચય છે, એમ નહિ. સમજાણું કાંઈ? નવમાં જીવ આવ્યો, જીવ કેવો છે? અજીવ કેવો છે? એમ નવનું જ્ઞાન. દયા, દાન, વ્રતાદિના પરિણામ પુણ્ય છે. હિંસા, જૂઠા આદિના પરિણામ પાપ છે. એ બેને આસ્રવ કહે છે. વસ્તુ એમાં અટકે માટે ભાવબંધ કહે છે. આત્મામાં આસ્રવ અને બંધથી નીકળીને સ્વભાવ તરફ જતાં જે શુદ્ધ સંવર, નિર્જરા, શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિની પૂર્ણતા (થાય). એ બધી પર્યાયો નવ તત્ત્વમાં વ્યવહાર તરીકે આવે છે. ભગવાને એને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? માણસને ઝીણું પડે. આ તો વ્યવહાર આવ્યો તોપણ ઝીણું પડે, લ્યો!

'વ્યવહારનયથી કહ્યા છે.' એ નવ છે એ નિશ્ચયથી નહિ. નિશ્ચયથી એટલે નથી એમ નહિ, પણ છે, પણ એ ભેદરૂપ છે, અન્યરૂપ છે માટે તેને ભગવાને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? આણે તો લાંબુ ઘણું કર્યું છે. 'પરનો આશ્રય લઈને આત્માનું કથન વ્યવહારનયથી જ કરવામાં આવે છે.' છે એમાં, સમજ્યા ને?

મુમુક્ષુ :– વ્યવહાર વસ્તુ નથી.

ઉત્તર :– વસ્તુ નથી, એમ હોય? વ્યવહાર નથી? વ્યવહારનય તો જાણનાર છે, તો એનો વિષય નથી?

ભગવાનઆત્મા એક સમયમાં અભેદ પૂર્ણ સ્વરૂપ, એ પોતાનું નિજ તત્ત્વ અખંડ, તેને અહીં નિશ્ચય કહીએ. ત્યારે નિશ્ચયની અપેક્ષામાં એની નિર્મળ અવસ્થાઓના ભેદ પડે, શુદ્ધિ, વૃદ્ધિ અને પૂર્ણ એ પણ વ્યવહાર. 'जिण उत्तिया ववहार' વીતરાગને તેને વ્યવહાર કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? સંવર કેમ થાય? શુદ્ધિ અંશ કેમ ઉત્પન્ન થાય? શુદ્ધિની વૃદ્ધિ કેમ થાય? અને પૂર્ણતા (કેમ થાય?). એ બધી દશાઓ છે, એ બધી દશાઓ વ્યવહારમાં જાય છે. ચૌદ ગુણસ્થાન વ્યવહારમાં જાય છે. સમજાણું કાંઈ? એકલું અભેદનું નિશ્ચયનું કથન હતું ઠીક એ ઠીક રહે. પણ એ વ્યવહાર છે કે નહિ? એની સમયની પર્યાય છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કે નહિ? ઓલો અભેદ નિશ્ચયમાં તો પર્યાય પણ ત્યાં તો ન આવી. સમજાણું કાંઈ?

એકરૂપ ભગવાનઆત્મા નિશ્ચયસ્વરૂપે એકરૂપ છે. વ્યવહારથી એને ગણો તો એની અવસ્થાઓના પ્રકાર, નિર્મળ અવસ્થાના પ્રકાર, મલિન અવસ્થાના પ્રકાર અને અન્ય દ્રવ્યના પ્રકાર. એ બધા એણે વ્યવહારના પ્રયત્નથી બરાબર જાણવા જોઈએ. આદરવાની વાતનો અહીં પ્રશ્ન નથી. જ્ઞાન કરવા લાયક છે કે નહિ? વ્યવહારનયના વિષયનું જ્ઞાન કરવા લાયક છે કે નહિ?

મુમુક્ષુ :– આદરવા લાયક નથી પછી જ્ઞાન કરવાથી શું ફાયદો?

ઉત્તર :– સમજ્યા વિના? ખાધા વિના ખોરું કરી નાખ્યું?

એ જાણે તો ખરો કે આ ભગવાનઆત્મા એકરૂપ ચિદાનંદ અભેદ છે તો એમાં સંવર, નિર્જરા અને મોક્ષની દશા.. મોક્ષ ભલે સાદિઅનંત (રહે) પણ એક ભેદ છે ને? ભેદ છે એને 'जिण उत्तिया ववहार'. ભગવાને એને વ્યવહાર કહ્યો છે, તો એને બરાબર જાણવો જોઈએ. આસ્રવ, બંધ, પુણ્ય-પાપને ભગવાને વ્યવહાર કહ્યો છે. ભેદ છે ને? મલિન છે. એને જાણવો જોઈએ. એમ આ આત્મા સિવાય બીજા અનંત આત્માઓ છે, એ સિવાય આ અનંત કર્મ છે કે નહિ? (એ) જો નિશ્ચયમાં અભેદમાં થયો, શુદ્ધમાં દૃષ્ટિ (ગઈ) ત્યારે અશુદ્ધ છે કે નહિ? અશુદ્ધનું જ્ઞાન જોઈશે કે નહિ એને? અશુદ્ધ છે તો અશુદ્ધમાં પરચીજ કર્મ આદિ નિમિત્ત છે કે નહિ? એ પરદ્રવ્ય છે એનું જ્ઞાન કરવું જોઈશે. સમજાણું કાંઈ?

અહીં તો આપણે વધારે ખૂબી કહેવી છે કે, 'ववहारे जिण उत्तिया' એમ અહીં વધારે વજન છે. આ શ્લોકમાં એ નવ, સાત કે છ, ભગવાને વ્યવહારે એને કહ્યા છે. એનો અર્થ કે, ભગવાને નિશ્ચયે આ બીજું કીધું છે. સમજાણું કાંઈ? એ છે માટે એને નિશ્ચય કહ્યા છે, છે માટે નિશ્ચય છે, ઇ જુદું, પણ જેમાં પ્રયોજન સિદ્ધ કરવા માટે આત્મા અભેદ છે તે નિશ્ચય છે અને આ બધા ભેદો તેને વીતરાગે વ્યવહાર કહ્યો છે. વીતરાગ પરમેશ્વરે એને વ્યવહાર કહ્યો છે તો એને જાણવો જોઈએ.

'ववहारे जिण उत्तिया' સમજાય છે? વજન અહીં છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે (કહ્યા એવા) જગતમાં છ દ્રવ્ય છે, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. એ છ દ્રવ્યનું જ્ઞાન કરવું જોઈએ. એ છ દ્રવ્ય એ વ્યવહારે જિન ભગવાને કહ્યા. કેમકે એમાં નિશ્ચય તો એકરૂપ આત્મા કાઢવો એને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? કહો, 'પ્રવીણભાઈ'! વ્યવહારે ખોટું એટલે આશ્રય કરવા લાયક નહિ, ત્રિકાળ રહેનાર નહિ, પ્રયોજનમાં એનો આશ્રય કર્યે પ્રયોજન સિદ્ધ થાય નહિ, એમ વાત (કહેવી છે). પણ વસ્તુ નથી? સમજાણું કે નહિ?

નવ તત્ત્વ. છ દ્રવ્ય અને નવ તત્ત્વ. જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવે છે એને ભગવાને વ્યવહાર કહ્યો છે. નવને ભગવાને વ્યવહાર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહ્યો છે. એમાંથી એકરૂપ આત્માનો આશ્રય કરવો તે નિશ્ચય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને સાત તત્ત્વ. લ્યો! એ સાતમાં ઓલા પુણ્ય-પાપ આસ્રવમાં ભળી જાય છે. એ સાતે કહ્યા તેને ભગવાને વ્યવહાર કહ્યો છે. નવ તત્ત્વને કે સાત પદાર્થને કે સાત તત્ત્વને કે નવ પદાર્થને વ્યવહાર કહ્યો છે. કેમકે વ્યવહાર એટલે કે ભેદરૂપ, અન્યરૂપ. સમજાણું? ઓહો..!

એ વસ્તુ છે. 'યોગસાર' છે ને? એટલે આત્મા એક સ્વભાવે અંતર અખંડ છે, એનો આશ્રય કરવો નિશ્ચય વસ્તુ છે. એ પ્રયોજન સિદ્ધ થવામાં વસ્તુ (છે). પણ એ સિદ્ધ થવું ક્યારે? કહે છે, બીજી કોઈ ચીજ નિષેધ કરવા લાયકનું જ્ઞાન કર્યું છે કે નહિ? તો કહે, સાતનું જ્ઞાન, નવનું જ્ઞાન, છનું જ્ઞાન, ભગવાને તેને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? માટે વ્યવહારે બરાબર છ દ્રવ્યને (જાણવા જોઈએ). એ સર્વજ્ઞ ભગવાન સિવાય બીજે હોતા નથી. વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાન સિવાય છ દ્રવ્ય અન્યમાં ક્યાંય હોતા નથી. ત્યારે એ છ દ્રવ્ય, છ દ્રવ્યને જાણનારી જ્ઞાનની એક સમયની પર્યાય એવડો આત્મા એક સમયના સામર્થ્યવાળો, એવું અન્ય દર્શનમાં ક્યાંય હોતું નથી. સમજાણું કાંઈ? અને એક સમયમાં છ દ્રવ્ય જણાય છતાં છ દ્રવ્યનો નિષેધ, એક સમયની પર્યાય જાણે એનો નિષેધ. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અભેદ નિશ્ચયનો આશ્રય તે નિશ્ચય કહેવાય છે. તે સત્યદૃષ્ટિ કહેવાય છે. વ્યવહારનું જ્ઞાન કરવા લાયક છે, વ્યવહાર આશ્રય કરવા લાયક નથી. ભેદનો, સંવર, નિર્જરા, મોક્ષનો, આસ્રવ તત્ત્વ, પુણ્ય-પાપનો કે અજીવનો આશ્રય કરવા લાયક નથી. પણ એને જાણવા લાયક છે. કહો, સમજાણું કાંઈ?

આણે (–અર્થ કરનારે) તો પહેલું કહ્યું કે, સાધકે પહેલું જાણવું જોઈએ. શાસ્ત્રો કેટલા એમ કહ્યું બધું. 'ગોમ્મટસાર'માં કહ્યું છે, જુઓ! કે, 'છ દ્રવ્ય, પંચાસ્તિકાય...' '**अत्थाणं जिणवरोवइट्ठाणं**' ભગવાને કહેલા તેને. જુઓ! '**आणाए अहिगमेण**' ભગવાનની આજ્ઞાએ છ દ્રવ્યને જાણવા. '**अहिगमेण**' અને પોતાના જ્ઞાનથી, યુક્તિથી જાણવા. એક એક પરમાણુમાં અનંત ગુણ છે. આણે ચોખ્ખું કહ્યું છે. ઓલો કહે, એને સમકિત કહેવું. આ કહે કે, વ્યવહાર છે. ઇ વાત સાચી છે. સમજાણું કાંઈ?

આ શ્લોકમાં આવ્યું કે નહિ? '**ववहारे जिण उत्तिया**'. છ દ્રવ્યની શ્રદ્ધા તે વ્યવહાર છે, નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર છે, નવ તત્ત્વ અને છ દ્રવ્યનું જ્ઞાન તે વ્યવહાર છે. એની સાથે લાગુ પાડવું જોઈએ ને પાછું? એમાં છે ઇ. એનો અર્થ કે, ભેદવાળું છે કે નહિ? ભેદ છે કે નહિ? છ દ્રવ્ય, પંચાસ્તિકાય. સમજાણું? પછી એટલાની પોતે સાધારણ વ્યાખ્યા કરી.

કહે છે કે, નિશ્ચયથી જોઈએ તો ભગવાન આખો નિર્મળાનંદ પરથી જુદો દેખાય અને નિશ્ચયથી જોઈએ તો એક એક રજકણ પણ પરના સંબંધ વિનાનું દ્રવ્ય, રજકણ છૂટું દેખાય.

www.vitragvani.com



સમજાણું? છૂટું દેખાયનો અર્થ કે, અભેદની દૃષ્ટિ થતાં રજકણ પણ છૂટો દ્રવ્ય છે એમ એને જ્ઞાનમાં આવે. સમજાણું કાંઈ? ઇ ૩૫ મી ગાથા (પૂરી) થઈ. આપણે અહીં સાર સાર લેવો છે ને? પાઠના ભાવમાંથી. બાકી બધું ઘણું લખ્યું હોય.

મુમુક્ષુ :- કેટલુંક તો મેળ વગરનું.

ઉત્તર :- એટલે આખુ ક્યાં વાંચીએ છીએ?

મુમુક્ષુ :- આ બધું જાણવાનો પ્રયત્ન ન કરે અને ઢીંગ ઘણી માથે ધારી લ્યો તો?

ઉત્તર :- એમાં ક્યો ઢીંગ ધણી હાલે, એનું લઈને આવ્યા છે ઇ. ન્યાં એમ કહે છે. 'ઢીંગ ધણિ માથે કિયો રે કોણ ગંજે નરખેત' પણ ઢીંગ ધણિ શું કરવા જુદો? સર્વજ્ઞ પરમાત્મા બીજા દેવો કરતાં, બીજા ગુરુ કરતાં, બીજા તત્ત્વો કરતાં એ તત્ત્વનું સ્વરૂપ સાચું કહેનાર છે, એમ જુદું કેમ પાડ્યું? હેં? ભિન્ન કેમ એને કહેવાણા? કે, બીજા કરતાં આનું જુદું. બીજા આમ કહે છે, બીજા ભેદથી કહે છે, એકલાને કહે છે. સાત તત્ત્વ સહિત, નિશ્ચય સહિતના વ્યવહારને કહે છે. એવા ભગવાનનું જ્ઞાન ભેળવાળું રહ્યા વિના ઢીંગ ધણિ ધારી શકાય નહિ. કોણ ધણિ? તારે એવો છે કોઈ? ભગવાન એકલા ધાર તો એ છ દ્રવ્યમાં આવે છે, એમ કહે છે, લ્યો! ભગવાન પણ તેં જો (ધાર્યા હોય તો તે વ્યવહારે છે). 'जिण उत्तिया ववहारे' આ ભગવાન જગતમાં છે, દેવ-ગુરુ-શાસ્ત્ર છે એનું જ્ઞાન વ્યવહારે જ્ઞાન છે, નિશ્ચય નહિ. સમજાણું કાંઈ?

નિશ્ચયમાં તો સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન અખંડાનંદ પ્રભુ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે, એકરૂપ તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. નિશ્ચયમાં કંઈ સત્ય ફળ આવવું જોઈએ. વ્યવહારમાં જાણવાનું આવે, એમાં શું? રાગ આવે. એમાં કંઈ સત્ય ફળ આવતું નથી. સમજાણું કાંઈ? બહુ આમ ન્યાયથી વાત મૂકી છે. ભાષા કેવી કહી? ઇ છ દ્રવ્યનું કથન ભગવાને કહ્યું છે. એને ભગવાને વ્યવહાર કહ્યો છે, હોં! ભગવાને એ કહ્યા અને ભગવાને એને વ્યવહાર કહ્યો. હેં? ઓલા ગોટા વાળે છે ને? ભાઈ! બીજા. 'ગોમ્મટસાર'નો અર્થ એમાંથી જ ખોટો કાઢે છે. એવું હોય? કાઢે છે ને, ખબર છે ને. આ લખ્યું એમાં. એ તો ભેદવાળી વાત છે.

એકરૂપ ભગવાનઆત્મા નિર્વિકલ્પ વસ્તુ, આત્મા નિર્વિકલ્પ છે. સમજાણું કાંઈ? એવા આત્માનો અંતર આશ્રય નિર્વિકલ્પ દૃષ્ટિથી કરે ત્યારે તેને નિશ્ચય કહેવામાં આવે છે. આ બધા વ્યવહાર છે. વ્યવહાર જાણવા જેવો છે, એનું જ્ઞાન કરવા જેવું છે. ત્યાં ઊભી રહેવા જેવું નથી. આહાહા...!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## સર્વ પદાર્થોમાં ચેતનાર એક જીવ જ છે.

सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु।
जो जाणेविण पममुणि लहु पावइ भवपारु।।३६।।

શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;
જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬.

અન્વયાર્થ :– (सव्व अचेयण जाणि) પુદ્‌ગલાદિ સર્વ પાંચેય દ્રવ્યોને અને તેમનાથી બનેલા પદાર્થોને અચેતન અથવા જડ જાણો (एक्क जिय सचेयण सारु) એકલો જીવ જ સચેતન અને સારભૂત પરમ પદાર્થ છે. (परम मुणि जो जाणेविण लहु भवपारु पावई) પરમ મુનિ આ જીવ તત્ત્વનો અનુભવ કરીને શીઘ્ર જ સંસારથી પાર ઉતરી જાય છે.

---

'સર્વ પદાર્થોમાં ચેતનાર એક જીવ જ છે.' લ્યો! કાઢ્યું એમાંથી.

सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु।
जो जाणेविण पममुणि लहु पावइ भवपारु।।३६।।

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે કે, હે જીવ! 'પુદ્‌ગલાદિ સર્વ પાંચેય દ્રવ્યોને...' એક પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. એ બધા અચેતન છે. સમજાણું કાંઈ? આ શરીર, અંદર કર્મ, આ વાણી આ બધું અચેતન છે, જડ છે. એમાં ચૈતન્ય ભાવ નથી. ચૈતન્યભાવ સર્વજ્ઞ પ્રભુ આત્મામાં છે. જેમાં ચૈતન્યભાવ છે એ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. સમજાણું કાંઈ? 'सव्व अचेयण जाणि' ભગવાનઆત્મા સિવાય કર્મના રજકણો, શરીર, વાણી, આ દાળ, ભાત, શાક, મકાન બધું જડ અચેતન છે, એમાં ચૈતન્યનું હોવાપણું નથી. 'અને તેમનાથી બનેલા પદાર્થોને અચેતન અથવા જડ જાણો.'

'एक्क जिय सचेयण सारु' ભગવાનઆત્મા સચેતન છે. જુઓ! ઓલું વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. હવે જેમાં ચેતનપણું ભર્યું છે, ચેતનપણું ભર્યું છે એટલે કે જેમાં જ્ઞ-સ્વભાવ ભર્યો છે એટલે કે જેમાં સર્વજ્ઞ સ્વભાવ ભર્યો છે એ એક જ આ આત્મા છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું? એ બધા છે, એને જાણનારું જ્ઞાન પર્યાયનું છે, પણ એને આખો આત્મા જાણવાની તાકાત જેમાં સર્વજ્ઞપદ પડ્યું છે. એ બધાને જાણે. એ (બધા) અચેતન છે પણ એને જાણે એ જ્ઞાનની દશા છે, પણ એ જ્ઞાનદશા એવી અનંતી જ્ઞાનદશાનો ચૈતન્યપિંડ એકલો આત્મા છે, એ સચેતન, સચેતન સર્વજ્ઞ આત્મા છે, એને તું આત્મા જાણ.

બીજું શું લક્ષમાં આવ્યું કે, આત્મા સિવાય સર્વ જે છે, બીજા બધા અચેતન, પેલા આત્માઓ ભલે બીજા હો, પણ તારે માટે સચેતન નથી. તારા સિવાયના બધા આ ચેતન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમાં ક્યાંય નથી. સમજાણું? આ એક ચેતનસ્વરૂપ ભગવાનઆત્મા, બધા જીવને ચેતનસ્વરૂપને જુઓ તોપણ એ જીવ જાણનાર સર્વજ્ઞ સ્વભાવ છે એવું એને દૃષ્ટિમાં આવશે. બધાઓમાં જ્ઞાન નથી અને બધાનું જેને જ્ઞાન છે એવો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. શું કીધું? બધાઓમાં જ્ઞાન નથી. પાંચ જડ, પરમાણુ, શરીર આ તો બધા માટી, ધૂળ છે. આમાં બધાઓમાં, અનંત પરમાણુઓ, અનંત આત્માની સંખ્યા કરતાં અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુ, એ બધામાં જ્ઞાન નથી ત્યારે એ બધાનો જાણનાર છે એ ચૈતન્યસ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી આત્મા (છે), તેને આત્મા જાણ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક સચેતન. 'सारु' શબ્દ મૂક્યો છે ને પાછો? સારભૂત પરમપદાર્થ ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભઈ, યોગસાર છે. સ્વરૂપની એકતા કરવી એનું સાર સ્વરૂપ શું એની વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા કહે છે કે, જે એનામાં ચૈતન્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ (છે) એ સાર (છે), પાછો. એ સાર છે. સમજાય છે? બીજામાં એ કાંઈ છે નહિ. અનંત પરમાણુ, પુદ્ગલો, જડ માટી ધૂળ, અનંતગુણા પદાર્થો, એક જીવ કરતાં જડ ઘણા, અનંતગુણા.. અનંતગુણા.. અનંતગુણા. ત્રણકાળના સમય અનંતગુણા, એ બધું જડ છે. સમજાણું કાંઈ? ક્ષેત્ર આકાશ બધું જડ છે. મોટું મોટું લાંબુ ક્ષેત્ર. કાળ આમ લાંબો જડ છે. પુદ્ગલની સંખ્યા અનંતી, એ બધી જડ છે. એ બધાનો જડ છે, અચેતન છે ત્યારે તે બધા જડને, ત્રણકાળના કાળરૂપી જડને અને અનંત આકાશ એવા જડને જાણનારું આ ચૈતન્ય તે સર્વજ્ઞ સારસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'सव्व अचेयण जाणि' જુઓ! 'जाणि' લીધું છે ને? 'सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु' આહાહા..! આચાર્યોના કથન છે. પેટમાં અંદર એટલું ભર્યું છે ને! 'सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु' એ બધાને જાણ, એ પણ નહિ. પણ આ સચેતન સાર, એ સાર છે. સમજાણું કાંઈ? એક ભગવાન જીવ જ સચેતન છે, જાણનાર-દેખનાર (છે). જુઓ! જીવ રાગવાળો છે કે પુણ્યવાળો છે કે આસ્રવવાળો, એ જીવ નહિ. સમજાણું કાંઈ? એ બધાને જાણનારો (છે એમ કહેવું) એ પણ વ્યવહાર થઈ ગયો, ભાઈ! આહાહા..!

આમ બધું અચેતન. કાળ, ક્ષેત્ર, દ્રવ્ય-અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, ત્રિકાળ કાળ, પુણ્ય-પાપ અચેતન બધા ભાવ. બધા અચેતનને જાણ અને જાણનારો એક ચૈતન્ય સાર છે એમ જાણ. સમજાણું કાંઈ? આહાહા..! આ તો મુનિઓની અંદર ઘણી મસ્તીની વાણી છે. થોડામાં ઘણું ભર્યું છે પણ એની ટીકા ન મળે. ટીકા હોય ત્યારે થાય ને! સમજ્યા ને? 'सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु' આહાહા..! એક જાણનાર.. જાણનાર.. જાણનાર.. સાર છે. એવા આત્માને જાણ તો તારું કલ્યાણ થશે, એ સિવાય તારું કલ્યાણ નથી.

'जो जाणेविण पममगुणि' એ જીવતત્ત્વને અનુભવ કરીને. જાણીને નામ અનુભવ

www.vitragvani.com



કરવો. 'जो जाणेविण पममुणि' એ ભગવાનઆત્માથી અનેરા અચેતન, એને જાણ અને જાણનારને સાર જાણ, સાર જાણ. એકલો સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા છે. ચેતનસ્વભાવ, ચેતનસ્વભાવ. જડમાં બિલકુલ ચેતનનો અંશ નહિ. ત્યારે આ ચેતનસ્વભાવ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો ચૈતન્ય સાર, કહે છે, 'जाणेविण' આત્મા જ્ઞાનાનંદને અનુભવીને હે આત્માઓ! પરમમુનિ 'लहु पावइ भवपारु' અલ્પકાળમાં ભવનો પાર સંતો પામી જાય છે. આહાહા..!

'जाणेविण' આનો અનુભવ કરીને. ભગવાનઆત્મા વસ્તુ છે, એને જાણવું એ વ્યવહાર કહ્યો. આ સાર ચૈતન્ય, એને જાણવું એટલે અનુભવવું. એના અનુભવ દ્વારા પરમસંતો ભવને પાર પામી ગયા છે. સંસારનો અંત લાવવાનો, ભગવાનઆત્માના સ્વરૂપનો અંતર્મુખ અનુભવ કરવો એ જ ભવને પાર લાવવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એટલે એમ પણ વચ્ચે કહી દીધું કે, વચ્ચે કંઈક પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પો આવે એ કંઈ મુક્તિનો ઉપાય નથી, ભવપારનો ઉપાય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ નજરે દેખાય છે ને. આંખ્યું ઉઘાડે તો દેખાય. કે ઉઘાડ્યા વિના દેખાય? સોનાના નળિયા થયા, કહે. લ્યો! સવારમાં આઠ વાગ્યા. એ.. જુઓ! સોનાના નળિયા થયા. ગોદડામાં એક ગાદલું એમાં ત્રણ ગોદડા ઓઢ્યા, આંખને ચીપડા વળ્યા. જુઓ! નળિયા સોનાના થયા. સૂરજ ઊગ્યો, એમ. શી રીતે દેખવું? નજરે દેખાતું હોય તો ઠીક, (તો તો) માનીએ. પણ આંખ ઉઘાડે તો દેખાય કે આંખ ઉઘાડ્યા વિના? સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાન ચૈતન્યસૂર્ય આત્મા છે. આ દેહમાં બિરાજમાન આત્મા, એ ચૈતન્યસૂર્ય (છે). એટલે ચૈતન્યસૂર્ય-સચેતનમાં બીજું પછી અચેતનપણું ન જાણે એવું આવે નહિ. એવો સર્વજ્ઞ ભગવાનઆત્માનો અનુભવ કરીને અલ્પકાળમાં મુનિઓ મોક્ષને પામે છે.

એણે દાખલો આપ્યો છે. 'જેમ સાકર અને અનાજ ભેગા કરીને નવ (પ્રકારની) મીઠાઈ બનાવવામાં આવે...' એવો દાખલો આપ્યો છે, છે ને? જેમ સાકરને આહાર સાથે મેળવી અને નવ પ્રકારની મીઠાઈ બનાવે. એમાં ને એમાં નીચે છે, ભાઈ! ૩૬ ગાથા ચાલે છે એની નીચે. એક સાકરની સાથે નવ (મીઠાઈ) મેળવે. 'તોપણ તેમાં સાકરને જોનાર પુરુષ સાકરને જુદી જુએ છે.' આપણે તો મીઠાનો દાખલો આપ્યો. આ સાકરનો ઠીક છે. સાકર નાખી નાખીને નવ મીઠાઈ મેળવે, નવ મીઠાઈ કરે. પણ સાકરનો દેખનાર સાકર.. સાકર.. સાકર દેખે. એ સાકર જ દેખે. ઓલામાં ચણાનો લોટ હોય, ઘઉંનો લોટ હોય, ફલાણું હોય, ઇ નહિ. સાકર.. સાકર.. સાકર.. સાકર.. સાકર... એમ આખી દુનિયામાં જ્યાં જોવે તો ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર તે હું. જણાઈ જાય બીજી વસ્તુ તો શું? હું તો જાણનાર છું. જડનું જ્ઞાન, સંવરનું જ્ઞાન, નિર્જરાનું જ્ઞાન, મોક્ષનું જ્ઞાન, બીજા જીવનું જ્ઞાન, અજીવનુ (જ્ઞાન), પણ જ્ઞાન જ્ઞાન એ હું છું. સમજાણું કાંઈ? વાતોને પકડવી કઠણ પડે. મૂળ વાત કોઈ દિ' સાંભળી નથી. અનંતકાળથી ઉપર ને ઉપર ચાલ્યો

www.vitragvani.com



ગયો છે. મૂળીયા શું ચીજ છે એને પકડવા કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. એમ ને એમ ચાલ્યો ગયો, મૂઠ્યું વાળીને. કાંઈક ધર્મ કરીએ છીએ. સામાયિક કર્યા ને પોષા કર્યા, પડિક્કમણા કર્યા, જાત્રા કરી આવ્યા. શું છે? ધૂળેય નથી ત્યાં. સાંભળને! ભગવાનઆત્મા એક સમયમાં સર્વજ્ઞસ્વભાવી આત્માની દૃષ્ટિ અને અનુભવ ન કરે ત્યાં સુધી તેને કિંચિત્ ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા!

પછી બધી લાંબી લાંબી વાતું કરી છે. પછી થોડું નાખ્યું છે વળી, 'વજ્રવૃષભ નારાચ સંહનન હોવું જરૂરી છે. એના વિના... એવું વીર્ય પ્રગટ થતું નથી.' વળી લાકડું ખોસ્યું છે. ૧૫૮ પાને છે. અહીં તો કહે છે, આ ભગવાનઆત્મામાં.. દેખો! બાહ્ય ચારિત્ર તો નિમિત્તમાત્ર છે. હેઠે છે. ૧૫૮ માં એ દયા, દાન, વ્રત, ભક્તિ તો બાહ્ય નિમિત્તમાત્ર છે. 'શુદ્ધ અનુભવરૂપ પરમ સામાયિક અથવા યથાખ્યાત ચારિત્ર ઉપાદાન કારણ છે.' ભગવાનઆત્માના આનંદસ્વભાવનો અનુભવ કરવો એ મૂળ ઉપાદાન છે. એ ૩૬ ગાથા થઈ, ચાલો.

---

## વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે.

**जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु।**
**जिण सामिउ एमइ भणइ लहु पावहु भवपारु।।३७।।**

**જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર.**
**જિનપ્રભુજી એમ જે જાણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭.**

અન્વયાર્થ :– (**जिणसामी एमइ भणई**) જિનેન્દ્ર ભગવાન એમ કહે છે (**जइ सहुववहारु छंडवि णिम्मलु अप्पामुणहि**) જો તું સર્વ વ્યવહાર છોડીને નિર્મળ આત્માનો અનુભવ કરીશ તો (**लहु भवपारु पावहु**) શીઘ્ર ભવથી પાર થઈશ.

---

૩૭. 'વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે.' જોયું? ત્યાં (૩૫ ગાથામાં) કહ્યું હતું કે, 'ववहार उत्तिया' સમજ્યા ને? એને જાણવો (એમ કહ્યું). અહીં છોડવાની વાત કરે છે.

**जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु।**
**जिण सामिउ एमइ भणइ लहु पावहु भवपारु।।३७।।**

આવા શબ્દો બહુ આવે છે. શીઘ્ર.. શીઘ્ર.. શીઘ્ર.. શીઘ્ર.. મોક્ષ.. મોક્ષ.. મોક્ષ. આહાહા..! 'जइ णिम्मलु अप्पा मुणहि' શું કહે છે? 'જિનેન્દ્ર ભગવાન એમ કહે છે...' જિનસ્વામી, એમ કહ્યું. જિનસ્વામી એમ કહે છે. જિનેશ્વર ત્રિલોકના નાથ પરમેશ્વર તીર્થંકરદેવની વાણીમાં

www.vitragvani.com



હુકમ આવ્યો છે. આહાહા..! 'जिणसामी एमइ भणई' એ ત્રણલોકના નાથ પરમેશ્વર સમવસરણમાં એમ હુકમ, આજ્ઞા કરતા હતા. શું?

'जइ सहुववहारु छंडवि णिम्मलु अप्पामुणहि' એ વ્યવહારનું જ્ઞાન કરવું (એમ) જે અમે કહ્યું, વ્યવહાર છે એને જાણવું, પણ એની દૃષ્ટિ છોડ. વ્યવહારને છોડ અને એક આત્માનો આશ્રય કર, એમ જિનસ્વામીનો હુકમ છે. સમજાણું કાંઈ? આ બધા અત્યારે વાંધા ઉઠ્યા. ઓલા કહે, વ્યવહારથી થાય. અરે..! સાંભળને વ્યવહાર છોડવાની ભગવાનની આજ્ઞા છે. ઝાઝા માણસોની સંખ્યા છે ને કીડીઓ જેવી મોટી. આહાહા!

'जिणसामी एमइ भणई' આહાહા..! એ વીતરાગરૂપી સિંહ, વીતરાગના સિંહની ત્રાડ એવી વાણી આવી છે કે, સિંહનાદ આવ્યો, જુઓ! કહે છે. 'जइ सहुववहारु छंडवि' એમ 'जइ' પાછું હોં! 'जइ' એટલે જો તું સર્વ વ્યવહાર છોડીશ, એમ કહે છે. વ્યવહાર છે, રાગાદિ, પુણ્યાદિ, નિમિત્ત આદિ હો પણ જ્યારે તું 'વ્યવહાર છોડીને નિર્મળ આત્માનો અનુભવ કરીશ...' ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ, એની અંદરમાં એકાગ્રતાનો આત્મઅનુભવ કરીશ. જો વ્યવહાર છોડીશ, અનુભવ કરીશ તો મુક્તિ થશે. જ્યારે વ્યવહાર છોડીશ ત્યારે. તું કહે કે, વ્યવહાર.. કંઈક વ્યવહાર. અરે..! સાંભળને! સમજાણું કાંઈ?

'તો શીઘ્ર ભવથી પાર થઈશ.' ભગવાનની આજ્ઞા છે. ભગવાને આજ્ઞાને ઉપદેશ કહ્યો, નિર્મળ આત્માનો અનુભવ કરો. 'આ અનુભવ ત્યારે જ થાય જ્યારે સર્વ પરના આશ્રયરૂપ વ્યવહારનો મોહ ત્યાગવામાં આવે.' લ્યો! એ બરાબર છે. 'પર પદાર્થનો પરમાણુ માત્ર પણ હિતકારી નથી. વ્યવહાર ધર્મ, વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જેટલો વિષય છે તે બધો છોડવા યોગ્ય છે.' સમજાણું કાંઈ? એ ગાથાનો નીચે અર્થ છે. વ્યવહાર ધર્મ–દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વ્યવહારધર્મ પુણ્ય છે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહાર સમ્યગ્દર્શન (એટલે) નવ તત્ત્વની શ્રદ્ધા, ભેદવાળી શ્રદ્ધા, ભગવાનની શ્રદ્ધા વ્યવહાર સમ્યગ્દર્શન. શાસ્ત્રનું જ્ઞાન વ્યવહારજ્ઞાન. પંચ મહાવ્રતના પરિણામ વ્યવહારચારિત્ર. અને એનો જે વિષય તે બધું ત્યાગવા યોગ્ય છે. સમજાણું કાંઈ? છે ને? પાઠ છે કે નહિ?

'सहुववहारु छंडवि' સર્વ વ્યવહાર, એમ એમાં શબ્દ પડ્યો છે ને? સર્વ વ્યવહારમાં તો ઘણી સૂક્ષ્મ વાત લીધી. પર વસ્તુ છૂટી, રાગ છોડ. સમજાય છે? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ છોડ, આ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડ. એ બધો વ્યવહાર છે. 'जइ' અને 'सहु' બે શબ્દ પડ્યા છે ને? ભારે નાખ્યું છે, હોં! આહાહા..! 'સમ્યગ્દૃષ્ટિ ચાહે ગૃહસ્થ હોય કે સાધુ હોય, કેવળ પોતાના શુદ્ધાત્માને જ પોતાના હિતકારી જાણે છે. શેષ સર્વને ત્યાગવા યોગ્ય પરિગ્રહ જાણે છે.' કહો, સમજાણું આમાં? આ પરિગ્રહ છે ને?

'સર્વ કાર્યોને વ્યવહાર ધર્મ જાણીને છોડવા યોગ્ય સમજે છે કેમકે વ્યવહારની સાથે રાગ કરવો તે કર્મબંધનું કારણ છે.' ઠીક! પછી, જુઓ! ત્યાં સુધી લીધું. 'સિદ્ધોનું ધ્યાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરે છે તોપણ સિદ્ધોને પર માનીને તેમનું ધ્યાન પણ છોડવા જેવું છે એમ જાણે છે.' 'સર્વ' શબ્દ પડ્યો છે ને? ભગવાન સિદ્ધ સમાન છું, સિદ્ધ ભગવાન જેવો (છું), એ પણ એક વિકલ્પ છે. હેં?

મુમુક્ષુ :– ઘણું જાણવાની ગાથા છે.

ઉત્તર :– ઘણું પકડવાની ગાથા છે. 'સર્વ' શબ્દ પડ્યો છે એટલે પછી એનું સ્પષ્ટીકરણ થવું જોઈએ ને? જેટલા વ્યવહારના ભેદ એ બધા છોડવા જેવા છે. એનો–વ્યવહારનો કોઈ અંશ આશ્રય કરવા લાયક નથી. પછી નિમિત્ત હો, દયા, દાનના પરિણામ હો, એક સમયની અવસ્થારૂપ ભેદ હો, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ હો, કોઈ પણ વિચાર આદિ હો એ બધા છોડવા જેવા છે. ત્યારે અંતર આત્માની દૃષ્ટિ અને અનુભવ થઈ શકશે. આવું ભગવાનનું ફરમાન છે. આ આજ્ઞાથી વિરુદ્ધ માને એને ભગવાનની આજ્ઞાની શ્રદ્ધા નથી, ભગવાનના ઉપદેશની શ્રદ્ધા નથી. કહો, સમજાણું આમાં? આમ તો કહે, હે ભગવાન! તમે પણ ઇ કહ્યું છે શું ઇ તો તને ખબર નથી. એણે એ કહ્યું છે કે, વ્યવહાર છોડીને નિશ્ચય આદર. એ એની આજ્ઞા અને ઉપદેશ છે. બાર અંગ અને ચૌદ પૂર્વના કથનનો સાર–માખણ આ છે. બાર અંગ અને નવ પૂર્વની અંદરમાં સાર આ છે.

ભગવાનઆત્મા એક સમયમાં અનંત આનંદનો કંદ પ્રભુ, તેનો અંદર આશ્રય કરીને અનુભવ કર. જેટલો વ્યવહાર છે, જ્યાં સુધી અંદર વ્યવહારનો વિકલ્પ રહેશે ત્યાં સુધી અંતર અનુભવ નહિ થઈ શકે. એમ ભગવાનની આજ્ઞા અને ઉપદેશ છે. જ્યાં સુધી તારું ભેદ ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર, વિગેરે ગુણ-ગુણીના વિચાર ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી ભગવાનની આજ્ઞા છે (અને) તેવું સ્વરૂપ છે, ભગવાનની આજ્ઞા છે અને એવું એ સ્વરૂપ છે કે, જ્યાં સુધી એવા વ્યવહારનું લક્ષ રહેશે ત્યાં સુધી નિશ્ચયમાં અંતરમાં જવાશે નહિ. એવું એનું સ્વરૂપ છે, એવી ભગવાનની આજ્ઞા છે. કેવડું કીધું? કેવડું શું અનંતગુણું પાકું છે ઇ. ઠીક, આ જૂના માણસ એટલે જરી અંદર નાખ્યા કરે. જુઓ!

'સિદ્ધોનું ધ્યાન ધરે છે તો પણ સિદ્ધોને પર માનીને તેમનું ધ્યાન પણ છોડવા જેવું છે એમ જાણે છે, કેમકે ત્યાં પણ શુભ રાગનો અંશ છે. બીજું તો શું પણ ગુણ-ગુણી ભેદનો વિચાર પણ પરિગ્રહ છે, વ્યવહાર છે, ત્યાગવા યોગ્ય છે. કેમકે આ વિચારમાં વિકલ્પ છે, વિકલ્પ છે ત્યાં શુદ્ધ ભાવ નથી.' આહાહા..! 'જો કે આ વિચારનું આલંબન બીજા શુક્લધ્યાન સુધી છે તો પણ સમ્યગ્દૃષ્ટિ આ આલંબનને પણ ત્યાગવા યોગ્ય જાણે છે.' ઠીક કર્યું છે. આવે છે ને? અવલંબન આવે, ૪૨ ભેદ આદિ. પણ તે ત્યાગવા યોગ્ય છે, અંતરમાં આ આદરવા યોગ્ય છે, એમ કહે છે. ભેદ પડ્યો માટે એ ધ્યાન છે, એમ નહિ. આલંબન છોડાવ્યું. નિમિત્ત છોડવા યોગ્ય છે, અંદરમાં સ્વભાવ તરફની અભેદતામાં, એકરૂપતામાં જાવું એ આજ્ઞા છે અને વસ્તુ પણ એવી છે. એવા ભેદથી કોઈ રીતે અંતર

www.vitragvani.com



પકડી શકાશે નહિ. એ ચીજ એવી છે માટે ભગવાનની આજ્ઞા એવી છે (કે), અંતર સ્વભાવનો આશ્રય કરી અનુભવ કરો. એ અનુભવ એક જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? વળી બીજું થોડુંક નાખ્યું છે.

'સમ્યગ્દૃષ્ટિના દેવ, ગુરુ, શાસ્ત્ર, ઘર, ઉપવન બધું જ એક પોતાનો જ શુદ્ધાત્મા છે,...' શું કીધું? એ ધર્મીજીવનો દેવ આત્મા. લ્યો! શું? ધર્મીજીવનો ગુરુ આ આત્મા. એનું શાસ્ત્ર પણ એ આત્મા. દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે ને? વ્યવહારથી જુદું પાડ્યું. પર લેવું છે ખરું ને! આ ઘર આત્મા. આ આત્માનું ઘર અંદર આત્મા. આ ઘર-બર કેવા? શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા. આ તો ધૂળ છે. બહારના માટીના ઘર તો ક્યાંય રહી ગયા. એ તો જડના ઘર હતા. આ માંસના પૂતળા, આ ક્યાં આત્માનું ઘર છે? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવો આત્મા, એનું ઘર અંદર આત્મા છે. આહાહા..! આમ ભગવાનનું ફરમાન છે. કહો, આ તમારા બાવીસ-બાવીસ માળના મકાન, એ ઘર નહિ, કહે છે. હેરાન થઈને ચાલ્યો જશે. હેં? આહાહા..!

ઉપવન. આહાહા..! કહે છે કે, લોકો ફરવા જાય છે ને? ઉપવન, વનમાં. ધર્મીનું ઉપવન કોણ? આત્મા ઉપવન છે. ફરીને ન્યાં હૃદય જાય છે. આહાહા..! બાગબગીચામાં ફરે ને? 'મુંબઈ'માં શું કહે છે? 'હેંગિંગ ગાર્ડન'! હવા એટલી ટાઢી હતી. અમે ગયા ત્યારે. ત્યાં તો શરદી થઈ ગઈ હતી. આ કહે કે, ત્યાં શું છે? અમારે તો સવારે ફરવા જાવું છે. ધૂળમાંય નથી, કહે છે. આત્મા ઉપવન છે. આહાહા..! સમજાણું?

'બધું જ એક પોતાનો જ શુદ્ધાત્મા છે,...' શુદ્ધાત્મા, હોં! અશુદ્ધ પર્યાય, રાગાદિ, નિમિત્ત આદિ બધું છોડવા લાયક છે. 'તે જ આસન છે,...' દેખો! એ આસન લગાવો, સારું આસન ગોતીને. એ આસન આત્મા છે. ભઈ! સારું આસન લગાવો. શેનું? જડનું. આ તો માટી છે. અંદર આસન જ્ઞાનાનંદ ભગવાનને દૃષ્ટિમાં લેવો, ત્યાં ઠરવું એ એનું આસન છે. 'આસન મારી સૂરત દગ ધારી, દેખ્યા અલખ દેદાર' આસન અંદરમાં મારી, અંદરમાં અસંખ્ય પ્રદેશમાં સ્થિર થાય એ એનું આસન છે. શરીર-ફરીર આમ કરવું, આમ કરવું ધૂળેય નથી. એ તો જડ છે. આમ રાખો (એમ કહે). એ ગમે એમ રહે, એ તો જડ છે.

'તે જ શિલા છે,...' સારી શિલા ગોતીને જંગલમાં જઈને ધ્યાન કરવું, હોં! પથ્થર શીલા મોટી લાંબી હોય, ઊંચી આટલી હોય તો વળી આમ પડી જાય તો? થોડી આમ લાંબી હોય, થોડી આમ લાંબી હોય તો પડી જાય તો વાંધો ન આવે. આટલું હોય તો પાછું આમ કરતાં આમ થઈ જાય તો? લાંબી શિલા આમ હોયને. શિલા આત્મા છે, કહે છે. હેં?

'તે જ પર્વતની ગુફા છે,...' ઓલો વ્યવહાર છોડવાનું કહ્યું છે ને? આવો વ્યવહાર છોડવાનું કહ્યું એટલે આ બધા વ્યવહાર નહિ, એમ કહે છે. મૂળ તો એની સાથે સંબંધ

www.vitragvani.com



છે, ભાઈ! ઓલો વ્યવહાર છોડવાનું કહ્યું છે ને? આ બધો વ્યવહાર છે, એમ કહે છે. 'તે જ સિંહાસન છે, તે જ શય્યા છે. આવો અસંગભાવ અને શુદ્ધ શ્રદ્ધાન જેને હોય છે તે જ સમ્યગ્દષ્ટિ જ્ઞાની છે,...' કહો? તે જ જીવ 'નૌકા ઉપર આરૂઢ થયેલ છે.' આત્માના અંતર એકાગ્રતા ને અનુભવની નૌકા ઉપર આરૂઢ છે. તે સંસાર સાગરથી પાર કરનારી છે. આહાહા..!

'વ્યવહારના મોહથી કર્મનો ક્ષય નહિ થાય. જે અહંકાર કરે કે હું મુનિ,..' છું, હું પંચ મહાવ્રતધારી છું. એ બધો અહંકાર મિથ્યાત્વ છે. 'હું તપસ્વી છું, તે વ્યવહારનો મોહી મોક્ષમાર્ગી નથી.' વ્યવહારની સાવધાનીવાળો મોક્ષમાર્ગી નથી. નિશ્ચયની સાવધાનીવાળો મોક્ષમાર્ગી છે, એમ કહે છે. પાઠમાં છે ને? 'जइ सहुववहारु छंडवि' એકલો ભગવાનઆત્મા. 'अप्पामुणहि' છે ને? આત્મા જ જાણે, આત્માને જ બધું જાણે, એમ. 'મુનિનો નગ્ન વેશ અને શ્રાવકને વસ્ત્રસહિતનો વેશ નિમિત્ત કારણ છે તો પણ મોક્ષનો માર્ગ તો એક રત્નત્રય ધર્મ જ છે.' બીજો મોક્ષમાર્ગ છે નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો, એ ૩૭ ગાથા (પૂરી) થઈ.

---

**જીવ અજીવના ભેદ જાણો.**

**जीवाजीवहँ भेउ जो झाणइ तिं जाणियउ।**
**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ।।३८।।**

**જીવ-અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;**
**કહે યોગીજન યોગી હે! મોક્ષ હેતુ એ જાણ. ૩૮.**

**અન્વયાર્થ :–** (जोई) હે યોગી! (जोइहिं भणिउ) યોગીઓએ કહ્યું છે (जीवाजीवहँ भेउ जो जाणइ) કે જે કોઈ જીવ તથા અજીવનો ભેદ જાણે છે (तिं मोक्खहँ हे कारण जाणियउ) તેણે જ મોક્ષનો માર્ગ જાણ્યો છે (एउ भणई) એમ કહેવામાં આવ્યું છે.

---

૩૮. 'જીવ અજીવના ભેદ..' જુઓ! હવે પાછા ટૂંકામાં લાવ્યા, ભેદજ્ઞાન. એક કોર અજીવ અને એક કોર જીવ, બેયનું જુદું જ્ઞાન કર.

**जीवाजीवहँ भेउ जो झाणइ तिं जाणियउ।**
**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ।।३८।।**

આમાં સોરઠા નાખ્યા, બીજામાં શું હતું? દેશી ગાથા નથી નાખી. અહીં નાખ્યું પાછું. સોરઠા નાખ્યું છે? હેં? ફેર હશે, પણ બીજામાં ક્યાંય લખ્યું નથી.

**जीवाजीवहँ भेउ जो झाणइ तिं जाणियउ।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ।।३८।।**

હે ધર્મી. 'યોગીઓએ...' તીર્થંકરોએ, સંતોએ, કેવળીઓએ જીવાજીવનો ભેદ જાણ (એમ કહ્યું છે). જીવ અને અજીવનો ભેદ જાણવો એમ ભગવાને કહ્યું છે. બેમાં લાવ્યા હવે, નવમાં અને સાતમાંથી કાઢીને બે. એક કોર વ્યવહાર અને એક કોર નિશ્ચય. એક કોર અજીવ અને એક કોર જીવ. સમજાણું કાંઈ?

'જે કોઈ જીવ તથા અજીવનો ભેદ જાણે છે...' 'तिं मोक्खहँ हे कारण जाणियउ' 'તેણે જ મોક્ષનો માર્ગ જાણ્યો છે...' જીવ એટલે જ્ઞાયક સ્વભાવ અભેદ તે જીવ. બાકી બધું અજીવ. સમજાણું કાંઈ? આ જીવ તે બીજા જીવ નહિ, આ જીવથી બધા જડ તે (જીવ) નહિ, રાગ, પુણ્ય તે જીવ નહિ, આ એક સમયનો ભેદભાવ પણ ખરેખર અખંડ જીવ નહિ.

'જીવ તથા અજીવનો ભેદ જાણે છે...' ભગવાનઆત્મા જ્ઞાયકભાવરૂપ સર્વજ્ઞસ્વભાવી જીવ આખો અને એ સિવાય બધું જીવનું આખું સ્વરૂપ નહિ. સમજાય છે? એ અપેક્ષાએ બધાને અજીવ કહેવામાં આવે છે. એ વ્યવહાર પણ અજીવ! આહાહા! દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ એ અજીવ. એક સમયની પર્યાય પણ આખો જીવ નહિ. વ્યવહારે જીવ, તે પણ નિશ્ચયથી અનાત્મા. સમજાણું કાંઈ? એવા જીવ-અજીવનું ભેદજ્ઞાન તેને મોક્ષનું કારણ જાણ. જાણ, એમ ભગવાને કહ્યું છે. જોયું? છે ને? 'एउ भणई' એમ ભગવાને કહ્યું. માથે આવી ગયું બધું. ભગવાન તીર્થંકર એમ કહે છે. ટૂંકા શબ્દમાં ઓલો શબ્દ ભેગો ન (લીધો હોય). સમજાણું કાંઈ?

બંધ અને મોક્ષ, બે થયું. બંધ અને મોક્ષ. બંધમાં સંબંધ અજીવનો છે, મોક્ષનો સંબંધ અહીં સ્વભાવ સાથે છે. એ બેને એણે જાણવું જોઈએ. બેનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. એ ભેદજ્ઞાનની પ્રધાનતાથી વાત છે. સમજાણું? એટલે જેને સંસાર, રાગ, બંધ એ પર છે અને આત્મા જ્ઞાયક સ્વ છે, એનું જ્યાં ભેદજ્ઞાન થાય એને જ મુક્તિનું કારણ થાય છે, બીજાને મુક્તિનું કારણ થતું નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

### વજ્રભીંત જેવો નિર્ણય!

ભાઈ! તારા જ્ઞાનને અંતરમાં વાળીને એકવાર વજ્રભીંત જેવો યથાર્થ નિર્ણય તો કર! વજ્રભીંત જેવો નિર્ણય કર્યા વગર મોક્ષમાર્ગ તરફ તારું વીર્ય ઉપડશે નહિ. આ નિર્ણય કરતાં તારી પ્રતીતમાં જ્ઞાનની અધિકતા થઈ જશે ને રાગ તે જ્ઞાનનું જ્ઞેય થઈ જશે. આ સિવાય પરને હું કરું ને પરને હું ફેરવું - એવી બુદ્ધિ તે તો સંસારભ્રમણના કારણરૂપ છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૪, બુધવાર
## તા. ૨૨-૦૬-૧૯૬૬
## ગાથા-૩૮ થી ૪૨ પ્રવચન નં. ૧૫

૩૮ (ગાથા) થોડી બાકી છે. 'જીવ અજીવના ભેદ...' 'યોગસાર'.

**जीवाजीवई भेउ जो झाणइ तिं जाणियउ।**
**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ।।३८।।**

હે ધર્મી! એમ સંબોધન કરીને કહે છે, 'હે યોગી!' 'યોગસાર' છે ને? આત્મા.. જડ અને ચૈતન્ય બન્ને તદ્દન જુદાં છે. એમ જો ભેદજ્ઞાન કરે તો આત્માને પોતાને શુદ્ધ જ્ઞાન અને આનંદમય જોવે અને અજીવને રાગ-દ્વેષ, કર્મ આદિ સ્વરૂપે જોવે. સમજાણું કાંઈ?

'जीवाजीवई भेउ जो झाणइ' જીવાજીવનો જે ભેદ જાણે. જીવ તે જ્ઞાન, શુદ્ધ આનંદ આદિ સ્વરૂપે છે. અજીવ એ બધો રાગાદિ, શરીરાદિ, કર્મ એ બધા અજીવ છે. બેનો સંબંધ ન હોય તો બંધ ન હોય અને બેનો સંબંધ છૂટે ત્યારે મુક્તિ થાય. તેથી એ બેનું જ્ઞાન એને બરાબર કરવું જોઈએ.

'मोक्खहँ कारण एउ' એ જ મોક્ષનું કારણ છે, એમ ભગવાને કહ્યું છે. જીવાજીવનું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.' ભેદજ્ઞાન એટલે આત્મા અને જડ બે ચીજ છે ને? ન હોય તો એને આ સંબંધનો બંધ અને બંધના અભાવરૂપી મુક્તિ એ કોઈ રીતે સિદ્ધ થતી નથી. એથી આત્મા અને અજીવ બેના લક્ષણો જુદા છે, બેનું સ્વરૂપ જુદું છે, બેના ભાવ જુદા છે એમ બરાબર બેને જો ભિન્ન જાણે તો એને મોક્ષનું કારણ પરથી જુદું સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની દશા પ્રગટ થાય. તો એને લઈને.. 'હે યોગી!' ભગવાને તને એમ કહ્યું છે, એમ કહે છે. જીવાજીવનું ભેદજ્ઞાન થાય તો એને મોક્ષકારણ થાય, એમ ભગવાને કહ્યું છે. એમાં ઘણું બધું આવી ગયું છે.

છેલ્લે 'સમયસાર'નો શ્લોક પણ આપ્યો છે. 'જીવ અને અજીવ લક્ષણથી જ ભિન્ન છે તેથી જ્ઞાનીજન પોતાને સર્વ રાગાદિ અને શરીરાદિથી જ ભિન્ન જ્ઞાનમય પ્રકાશમાન એકરૂપ અનુભવે છે.' પરથી જુદો અને સ્વસ્વભાવથી એક આત્મા. પોતાના શુદ્ધ સ્વભાવથી એક અભેદ આત્મા અને રાગાદિથી પર, એવું ભેદજ્ઞાન કરે તો એને સ્વભાવ સન્મુખની એકતા થાય અને પર સન્મુખતા એમાંથી જાય, તો નક્કી એને અનુભવ કરતાં મોક્ષ થાય. એને મુક્તિ એટલે નિર્મળાનંદ શુદ્ધ રાગથી ભિન્ન છે એમ અંતર ભાસતા એકતા થતાં રાગથી છૂટીને વીતરાગપદને પામે. હવે સાર કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મા કેવળજ્ઞાન સ્વભાવનો ધારક છે.

केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुँ।
जइ चाहहिं सिव-लाहु भणइ जोइ जोइहिं भणिऊँ।।३९।।

યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;
કેવળજ્ઞાનીસ્વભાવી આ, આત્મતત્ત્વને જાણ. ૩૯.

**અન્વયાર્થ** :– (जोइ) હે યોગી! (जोइहिं भणिउँ) યોગીઓએ કહ્યું છે (तुहुँ केवलणाण सहाउ सो अप्पा जीव मुणि) કે તું કેવળજ્ઞાન સ્વભાવી જે આત્મા છે તેને જ જીવ જાણ. (जह सिव लाहु चाहहिं) જો તું મોક્ષનો લાભ ચાહતો હો તો. (भणइ) આમ કહેવામાં આવ્યું છે.

---

૩૯. 'આત્મા કેવળજ્ઞાન સ્વભાવનો ધારક છે.' પહેલા જીવ-અજીવ બે જુદું પાડ્યું ને? ત્યારે હવે જીવની ઓળખાણ આપે છે. પહેલા સામાન્ય વાત કરી હતી. ગ્રંથકાર આચાર્ય પોતે કહે છે.

केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुँ।
जइ चाहहिं सिव-लाहु भणइ जोइ जोइहिं भणिऊँ।।३९।।

'હે યોગી! યોગીઓએ કહ્યું છે...' સર્વજ્ઞ પરમેશ્વરે અથવા સંતોએ કહ્યું છે કે 'तुहुँ केवलणाण सहाउ सो अप्पा जीव मुणि' તું કેવળજ્ઞાનસ્વભાવી આત્માને જાણ. કેવળજ્ઞાન એટલે ઓલી કેવળજ્ઞાન પર્યાયની અહીં વાત નથી. કેવળજ્ઞાન–એકલો જ્ઞાન સ્વભાવ, એકલો જ્ઞાનસ્વભાવ. એમાં સર્વજ્ઞ સ્વભાવ આવી ગયો. પણ એકલો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ આત્મા. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાયનું કેવળજ્ઞાન, (એનું) અહીંયાં કામ નથી.

આ તો આખો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' આવે છે ને? 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીયે, વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' સ્વરૂપની સ્થિરતાનું ધ્યાન કેમ વર્તે? એમ. બાકી દર્શનમોહ જીવ અને અજીવની એકતાબુદ્ધિનો નાશ થતાં આત્મા દેહથી ભિન્ને એકલો – કેવળજ્ઞાનની મૂર્તિ છે એમ અનુભવમાં આવવો જોઈએ. સમજાણું કાંઈ?

એકલો આત્મા જ્ઞાનસ્વરૂપ, દેહથી ભિન્ન ચૈતન્ય. દેહથી ભિન્ન અથવા દેહ નામ રાગાદિ બધા પરમાં જાય છે. એનાથી એકલું ચૈતન્ય સ્વરૂપ છે એ કેવળજ્ઞાન સ્વભાવનો ધરનાર છે. એકલો જ્ઞાનસ્વભાવ, એમ. કેવળ એટલે એકલા જ્ઞાનસ્વભાવનો ધરનાર છે. એ શરીરને

www.vitragvani.com



ધારતો નથી, કર્મને ટાળતો નથી, વિકારના ભાવને ઝીલતો નથી, પોતામાં મેળવતો નથી. એકલો કેવળજ્ઞાન ચૈતન્યસ્વરૂપ જાણક સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, એનો ધરનાર કેવળજ્ઞાનસ્વભાવી શબ્દ લીધો ને? પછી એણે 'ધરનાર' શબ્દ વાપર્યો છે.

**'केवलणाण सहाउ'** એનો સ્વભાવ જ એકલો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે. એમ અંતરમાં જીવનું ભાન, જ્ઞાન થતાં **'मुणि जीव तुहुँ। जइ चाहहिं सिव-लाहु'** જો મોક્ષનો લાભ ચાહતો હો અર્થાત્ નિર્મળ આનંદની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને ઇચ્છતો હો તો આ કેવળજ્ઞાન સ્વભાવ ધરનાર આત્માને તું જાણ. જુઓ! અહીં બીજા શાસ્ત્રને જાણ, એ કંઈ વાત નથી કરી. સમજાણું કાંઈ?

જો તું મોક્ષનો લાભ ચાહતો હો. મોક્ષ એટલે પૂર્ણ પવિત્રતા. પૂર્ણ પવિત્રતાની પર્યાયને પ્રગટ કરવા ઇચ્છતો હો, એમ. કેવળજ્ઞાન ને કેવળદર્શન, પરમાનંદ, એવી દશાને પ્રગટ કરવાની ભાવના હો તો ભગવાન જ્ઞાનસ્વભાવ, એકલો જ્ઞાનસ્વરૂપી છે એનો અનુભવ કર. એકલા જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી તને મુક્તિ મળશે. કહો સમજાણું આમાં? લ્યો, આમાં કેવળજ્ઞાનસ્વભાવી **'मुणि'** જાણવું. એ તને મોક્ષના લાભને માટે કારણ છે. જાણવું આવ્યું એમાં ચારિત્ર તો ન આવ્યું. ઓલા કહે કે, જ્ઞાન જ્ઞાન આવ્યું, પણ આમાં ચારિત્ર આવ્યું નહિ. પણ જે આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ સૂર્ય છે એમ જાણતાં પ્રતીત ને સ્થિરતા ને આનંદનો અંશ બધા ભેગા આવ્યા છે. અહીંયાં બહુ ટૂંકું કહ્યું છે. જીવાજીવની વ્યાખ્યા ૩૮માં કરી, પછી (૩૯માં) જીવ છે તે આવો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એકલી ચૈતન્યમૂર્તિ, કેવળની મૂર્તિ છે. એમાં પુણ્ય અને પાપ, રાગાદિ, શરીર, કર્મ-ફર્મ કાંઈ નથી. કાંઈ નથી એ તો પર નથી અને છે તો એકલો જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણતાથી ભરેલો આત્મા છે. એવા જ્ઞાનસ્વભાવને **'मुणि'** જાણ, જાણ. એ જાણમાં મુક્તિ આવી ગઈ. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા છે એવી શ્રદ્ધા તે સમકિત. એકલો જ્ઞાનમય આત્મા તેનું જ્ઞાન તે જ્ઞાન અને એકલો જ્ઞાનમય આત્મા, તેની રમણતા તે ચારિત્ર. કહો, સમજાણું આમાં?

'દરેક આત્માને જ્યારે નિશ્ચયનયથી જોવામાં આવે...' પુદ્ગલને સ્વભાવથી જોવામાં આવે. 'ત્યારે જોનારની સામે એકલો એક આત્મા સર્વ પરના સંયોગ રહિત ખડો થઈ જશે.' એમ કહે છે. પરથી ભિન્ન દેખશે તો એકલો આત્મા દેખાશે. એમાં બેકલું-બીજું ભેગું હશે નહિ. એમ જરી લાંબી વાત કરે છે. આઠ કર્મથી રહિત, શરીરથી રહિત, રાગ-દ્વેષ ને ભાવકર્મથી રહિત દેખે છે. એવા આત્માનો અનુભવ કરો. આત્માના અનુભવથી આ બધી ચીજ જુદી છે. સમજાણું કાંઈ?

એના ગુણોનું વર્ણન કર્યું છે. આત્મામાં એક પ્રધાન ગુણ જ્ઞાન છે. એને જ કેવળજ્ઞાન સ્વભાવ કહે છે. એ ગુણથી જ બીજા ગુણોનો પ્રતિભાસ થાય છે, એમ કહે છે. આત્મામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાન છે, એ જ્ઞાનથી બીજા ગુણોનું ભાન થાય છે. બીજા ગુણોના ભાનથી જ્ઞાનનું ભાન, એમ ન થાય એમ કહે છે. એને અહીં કેવળજ્ઞાન સ્વભાવી વિશેષ કેમ કહ્યો? કે, જ્ઞાનસ્વભાવને જાણવાથી એ જ્ઞાન બીજા આનંદને, શ્રદ્ધાને, અસ્તિત્વને, વસ્તુત્વને (એવા) અનંતા ગુણનો પ્રતિભાસ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? બીજા ગુણો હયાતી રાખે છે પણ એ ગુણો નથી જાણતા પોતાને, નથી જાણતા જ્ઞાનને. એ જ્ઞાનગુણ એવો છે કે જે જ્ઞાન પોતાને જાણતા બીજા ગુણો આવા છે એમ પોતે જાણે છે. સમજાણું કાંઈ? આનંદનો અનુભવ થાય પણ એ આનંદનો અનુભવ જ્ઞાન જાણે છે કે, આ આનંદ છે. સમજાણું કાંઈ?

એમ જ્ઞાનસ્વરૂપી આત્મા, એની શ્રદ્ધા–સમ્યગ્દર્શન (થાય) એ જ્ઞાન જાણે છે કે આ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન જાણતું નથી. જ્ઞાન જાણે છે કે હું અસ્તિત્વ ત્રિકાળ છું. જ્ઞાનમાં એ પ્રતિભાસ થાય છે. જ્ઞાનમાં એવો સ્વભાવ છે, પ્રતિભાસ થાય છે કે, આ અસ્તિ ત્રિકાળ છે. ત્રિકાળ અસ્તિ છે એ પોતે જ્ઞાન નથી કરતું. કારણ કે એમાં જ્ઞાનસ્વભાવ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન છે તે ત્રિકાળ અસ્તિત્વ છે, આ ત્રિકાળ છે એવા અસ્તિત્વની સત્તાનો બોધ જ્ઞાન વડે થાય છે. સમજાણું કાંઈ?

'અન્ય ગુણોનો પ્રતિભાસ થાય છે. એને જ સર્વજ્ઞપણું કહે છે.' લ્યો! 'દરેક આત્મા સ્વભાવે સર્વજ્ઞ છે.' દરેક આત્મા સ્વભાવથી તો સર્વજ્ઞ સ્વરૂપી છે. સર્વજ્ઞ એટલે જ્ઞાન સ્વભાવ કહ્યો તો અહીં જ્ઞાનમાં બધા ગુણોનું જ્ઞાન આવી ગયું અને એ સર્વજ્ઞ સ્વભાવી થઈ ગયો. એ બધા ગુણનો જાણનાર અને પોતાનો જાણનાર એવો આત્માનો સ્વભાવ તે સર્વજ્ઞ સ્વભાવ છે. ભારે વાત, ભાઈ! આમાં કરવું શું પણ ક્રિયા? ઓલા કહે કે, તમારે વાતું કરવાની. એમ કેટલાક વાતું કરે છે. કોણ કહેતું હતું? કાલે કો'ક (કહેતું હતું). રાણપરવાળા ઓલા 'લલ્લુ ગોવિંદજી'વાળાને? આહાહા..! ભાઈ! ક્રિયાની વ્યાખ્યા શું? આ આત્મા જ્ઞાનસ્વરૂપે છે એવું જાણવું એ ક્રિયા નથી? એ જાણવું એ ક્રિયા છે. આ જ્ઞાનસ્વરૂપી આત્મા અનંત ગુણને જાણનાર એવું જ્ઞાન, એની નિર્વિકલ્પ પ્રતીત કરવી એ પ્રતીત કરવી એ ક્રિયા નથી?

મુમુક્ષુ :– બહાર ફેરફાર દેખાય નહિ ને.

ઉત્તર :– બહારમાં ફેરફાર શું દેખાય? બહારમાં ક્યાં એ ચીજ હતી? બહારમાં એ ચીજ ક્યાં હતી કે એનો ફેરફાર બહારમાં દેખાય? શું કીધું? સમજાણું કાંઈ? શું કીધું? એ જ્ઞાનસ્વરૂપી ભગવાન બહારમાં ક્યાં છે? શરીરમાં, વાણીમાં એમાં નથી તો એમાં નથી તો એનો ફેરફાર બહારમાં ક્યાં દેખાય? સમજાય છે કાંઈ? એનો ફેરફાર તો એમાં જ્યાં પોતે છે ત્યાં દેખાય.

જ્ઞાનસ્વરૂપી આત્મા માન્યો નહોતો, જાણ્યો નહોતો ત્યારે (એ) રાગને એકત્વપણે જાણી, માનીને ઠરતો. હવે એ ફેરફાર ક્યાં થાય? શરીરમાં થાય? પરમાં થાય? કારણ કે વિકારની અવસ્થા પણ એનામાં થઈ હતી. હેં? એનામાં થઈ હતી, એ ફર્યું તો ફેરફાર તો એનામાં

www.vitragvani.com



થાય. શરીર, વાણી, મનમાં થાય? બહારમાં ફેરફાર થાય? કહો? મંદિરમાં ઇ ક્યાં બેઠો છે? ઇ બેઠો છે જ્ઞાનમાં. હવે એ જ્ઞાનમાં બેઠો છે કે જ્ઞાનમાં એકત્વ રાગ કરીને બેઠો છે એનો નિર્ણય તો અંદરમાં છે કે બહારમાં છે? ન્યાં બેઠા 'સ્વાધ્યાય મંદિર'ના બાહ્ય ક્ષેત્રમાં એ આવ્યો નથી, એ તો આવતો નથી. એ આત્મા તો પોતાના જ્ઞાનક્ષેત્રમાં છે. હવે એ જ્ઞાનક્ષેત્રમાં છે એ બાહ્યક્ષેત્રમાં બેઠો દેખાય (એ) અંદરમાં શું કરે છે એ તો અંદરની વાત રહી. હેં? કે, હું અહીંયાં આવ્યો માટે મને નિવૃત્તિ મળી, હું અહીંયાં આવ્યો માટે મારે રાગ ઘટ્યો. એ તો માન્યતા બધી અંતરમાં એકાગ્ર કરે છે. એ માન્યતા મિથ્યાદૃષ્ટિ છે. એ તો બાહ્યલક્ષથી નિર્ણય કરે છે.

અંતરમાં આત્મા જ્ઞાનસ્વભાવ છે, ચૈતન્યબિંબ છે, એવો જે નિર્ણય થવો, એની જે ક્રિયાઓનો પલટો થવો એ તો એની દશામાં થાય. તો એ દશાનો જાણનાર (હોય), એને દશાની ખબર પડે. કહો, સમજાય છે કાંઈ? બીજા પરમાણુ, શરીરાદિ તો પરપદાર્થ છે. એનું અવસ્થાનું બદલવું, ઘટવું, ઓછું થવું એના માપે આત્મામાં નિવૃત્તિનું માપ આવ્યું એ ક્યાંથી આવ્યું? છૂટા જ પડ્યા છે, કે દિ' અંદર ભેગા થઈ ગયા હતા? રજકણે રજકણ જુદાં છે. એની સત્તા હોવાપણે તો જ્ઞાનસ્વરૂપે હોવાપણું છે. હવે એવું હોવાપણું (છે), એમ ન માનતા હું આ કાંઈક કરું છું, રાગ કરું છું, આ કરું છું આ કરું છું, આ કરું છું, આ કરું છું.. તો જે કરું છું એવી સત્તાવાળો માન્યો. હવે બહારમાં ભલે 'સ્વાધ્યાય મંદિર'માં બેઠો હોય કે હાથ આમ કરીને બેઠો હોય, પણ બેઠો છે અંદરમાં બાહ્યમાં. સમજાણું કાંઈ? 'હરિભાઈ'!

જ્ઞાનસ્વભાવી ભગવાન, અહીં તો ઇ કીધું ને? જ્ઞાનસ્વભાવી આત્મા. દેખો! એક મૂળ સ્વભાવ એણે લીધો. મૂળ પાઠમાં ખરું ને? 'भणइ जोइ जोइहिँ भणिऊँ' હે યોગી! યોગીઓએ એમ કહ્યું છે, સંતોએ એમ કહ્યું છે. તો એનો અર્થ કે તું જ્ઞાનસ્વભાવ છો એવી જે દૃષ્ટિ પલટે અને રાગાદિ નહિ, એવી જે દૃષ્ટિ થાય, એનો ફેરફાર તો એની દશામાં થાય, અરૂપીમાં થાય. એ જાણનારો જાણે, જ્ઞાનથી જાણે કે આ ફેરફાર થયો (કે) ન થયો. એ બહારથી ક્રિયાથી કેમ જણાય એમાં? સમજાણું કાંઈ?

અંદરમાં ફેરફાર થયો. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, રાગનો કણ પણ નહિ એવી દૃષ્ટિ થઈ, એ ફેરફાર તો પર્યાયમાં થયો. એ અરૂપી જ્ઞાને જાણ્યું. હવે એ બહારની ક્રિયામાં તો લડાઈમાં ઊભો દેખાય. લડાઈમાં ઊભો દેખાય છતાં અંતરમાં આખો પલટો ખાધો છે કે જેમાં એકલો જ્ઞાનસ્વભાવી આત્માનો સ્વામી થાય છે અને રાગ અને આનો સ્વામી થતો નથી, એ અંદરની દશામાં જણાય કે બહારથી જણાય?

એક (જીવ) બાહ્યથી તદ્દન ત્યાગ લઈને બેઠો છે. લ્યો! બાયડી નહિ, છોકરા નહિ, નગ્ન થઈને બેઠો છે. પણ એ તો બાહ્ય ચીજો સંયોગમાં ઓછી દેખાણી. પણ અંદરમાં સંયોગભાવને પોતાના સ્વભાવ સાથે માને છે, રાગાદિ વિકારભાવ સંયોગી છે એને સ્વભાવભાવ

www.vitragvani.com



ચૈતન્યનો ત્રિકાળ ભાવ છે એની સાથે માને છે તો એને સંયોગ કોઈપણ છૂટ્યા નથી., જરીયે છૂટ્યા નથી, તદ્દન સંયોગના વિભાવમાં જ પડ્યો છે. ઇ માપ તે બહારથી થાય કે અંદરથી થાય? બહારમાં એ ક્યાં આવે છે તો બહારથી થાય? કહો, સમજાણું આમાં? પોતાનું નક્કી કરે ને પછી બીજાનું કામ. બીજાનું શું કામ છે એને? એવો જ્ઞાનસ્વભાવ આત્માનો છે.

એવો એનામાં એક દર્શન સ્વભાવ એની સાથે એણે લીધો છે. એમ સુખસ્વભાવ છે, વીર્યસ્વભાવ છે, ચૈતન્યનો અમૂર્ત સ્વભાવ છે. એટલા મૂળ સ્વભાવ એણે વધારે લીધા છે. શાસ્ત્રના બીજા આધાર આપીને પણ લીધા છે.

---

## જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે.

को सुसमाहि करउ को अंचउ, छोपु-अछोपु करिविको वंचउ।
हल सहि कलहु केण समाणउ, जहिं कहिं जोवउ तहिं अप्पाणउ।।४०।।

કોણ કોની સમતા કરે, સેવે, પૂજે કોણ;
કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ?
કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦.

અન્વયાર્થ :– (को सुसमाहि करउ) કોણ સમાધિ કરે (को अंचउ) કોણ અર્ચા કે પૂજન કરે (छोपु अछोपु करिवि) કોણ સ્પર્શ અસ્પર્શ કરીને (को वंचउ) કોણ વંચના કે માયાચાર કરે? (केण सहि हल कलहु समाणहु) કોણ કોની સાથે મૈત્રી અને કલહ કરે! (जहिं कहिं जोवउ तहिं अप्पाणउ) જ્યાં ક્યાંય જોશો ત્યાં આત્મા દૃષ્ટિગોચર થાય છે.

---

૪૦ ગાથા. 'જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે.' આ દેહમાં બિરાજમાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ (છે). આ દેહાદિ, વાણી આદિ તો જડ છે, આ તો માટી છે. રાગાદિ ભાવ થાય એ તો વિકાર, દોષ છે, એ આત્મા નથી. તો આત્માના જાણનારને બધે આત્મા જ ભાસે છે. એ વાત અહીંયાં વધારે કહે છે.

को सुसमाहि करउ को अंचउ, छोपु-अछोपु करिविको वंचउ।
हल सहि कलहु केण समाणउ, जहिं कहिं जोवउ तहिं अप्पाणउ।।४०।।

જુઓ! અહીં જોર છે. જ્યાં જોઈએ ત્યાં આત્મા દેખાય છે. 'કોણ સમાધિ કરે, કોણ અર્ચા કે પૂજન કરે...' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે, એમ જ્યાં અંતરમાં ભાસ્યું, હવે એને સમાધિ કરું એ ક્યાં રહ્યું? સ્વરૂપ જ જ્ઞાન છે. હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી આત્મા છું. એમ જ્યાં ભાસ્યું ત્યાં એને બીજા બધા આત્મા પણ જ્ઞાન અને આનંદમય

www.vitragvani.com



છે એમ ભાસે છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આ શરીર, વાણી તો જડ છે, માટી છે. દયા, દાન, કામ, ક્રોધના શુભ-અશુભભાવ થાય એ તો વિકાર છે. એ વિકાર વિનાનો આત્મા અંતર જ્યાં જાણ્યો, કહે છે કે, એણે હવે શું કરવું રહ્યું? સમજાણું કાંઈ? હવે 'કોણ સમાધિ કરે...' સમાધિ એટલે આમ સ્થિર થાઓ. જાણ્યું કે આત્મા છે, એમાં સ્થિર થયો જ છે. સમજાણું કાંઈ?

'કોણ અર્ચા કે પૂજન કરે...' પોતે ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ, એનું જ્યાં ભાન થયું, એ આત્મા હું જ પોતે પરમાત્મસ્વરૂપનો ધરનાર, કોની અર્ચા, પૂજા કરવી એને હવે? પૂજા અને અર્ચા પરની જે કરતો એ તો શુભભાવ હતો. ભગવાનની પૂજા અને અર્ચા એ તો શુભ પુણ્યભાવ હતો. એ પુણ્યભાવ જ્યાં હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા છું એમ ભાન થતાં એ કોની પૂજા કરે? એ તો પોતાની પૂજા કરે છે. આહાહા..! અર્ચા.. અર્ચા છે ને? કોને અર્ચે? ભગવાન અર્ચે છે ને? પૂજા કરે છે. એ તો શુભભાવ હોય છે ત્યારે હોય. પણ જ્યાં આત્મા જ શુભભાવથી ભિન્ન ભાસ્યો, ચૈતન્યસ્વરૂપે ભાસ્યો અને એમાં ઠર્યો તો એ પોતે પોતાનું પૂજન કરે છે, પોતે પોતાને અર્ચે અને બહુમાન આપે છે. હવે એને બીજાનું પૂજન કરવાનું રહ્યું નહિ. સમજાણું કાંઈ?

'કોણ સ્પર્શ અસ્પર્શ...' કરે. સમજાણું? આ અમુક હાથનો સ્પર્શ કરવો છે, અમુક હાથનો સ્પર્શ નહિ કરવો. આ સ્પર્શ કરવા યોગ્ય છે, આ અસ્પર્શ કરવા યોગ્ય છે, આ અડવા યોગ્ય નથી. આ અડવા યોગ્ય નથી, આ અડવા યોગ્ય છે. પણ વસ્તુનું જ્ઞાનસ્વરૂપમાં એ છે ક્યાં? કોને સ્પર્શે અને કોને અસ્પર્શે? સ્પર્શ-અસ્પર્શની બુદ્ધિ તો બાહ્ય લૌકિકમાં છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનું સ્વરૂપ જ્યાં પોતે જ આત્મા સચ્ચિદાનંદ છે, એમ અંતરમાં ભાનના ભાસ અને ભાવ પ્રગટ્યા (તો) કહે છે કે, કોની સાથે સ્પર્શ-અસ્પર્શ? પછી આ ચીજને અડાય નહિ, આ માંસને અડાય નહિ. પાણીને અડાય, ચોખ્ખી ચીજને (અડાય). એ વસ્તુમાં ક્યાં રહ્યું છે? સમજાણું કાંઈ? 'छोपु अछोपु करिवि' છે. કોણ સ્પર્શ કરે? વસ્તુ જ ભગવાનઆત્મા પોતાના ચૈતન્યમંદિરમાં બિરાજમાન છે, એને જ્યાં અંતર જાણ્યો, જોયો, અનુભવ્યો એવા આત્માને હવે સ્પર્શ-અસ્પર્શ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ?

'को वंचउ' 'કોણ વંચના કે માયાચાર કરે?' ભગવાનઆત્મા જાણનાર-દેખનાર ચિદબિંબ છે, એમ આત્માનું ભાન થયું તો બીજા આત્માઓ પણ એવા છે. બીજા દેહમાં બિરાજમાન આત્મા પણ દેહ, વાણીથી જુદાં, આ માટીથી જુદાં છે અને એ રાગ-દ્વેષથી પણ જુદો અંદર ચૈતન્ય આનંદ છે. કોને ઠગું અને કોને ઠગું નહિ? એવું કાંઈ એમાં રહેતું નથી. આહાહા..! 'કોણ વંચના કે માયાચાર કરે?' કોની સાથે માયાચાર કરે? બધા ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત પ્રભુ આત્મા છે, આનંદની મૂર્તિ તે આત્મા છે. વિકાર અને શરીર તે આત્મા નથી. એમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેણે આત્માને જાણ્યો (એ) કોને ઠગે? કોની સાથે માયા કરે? બધા ભગવાન ભાળે એમાં માયા કોની સાથે કરે? એમ કહે છે. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ..! આ 'યોગસાર' છે. ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ (છે) એમ જ્યાં યોગ નામ પોતાના ભાવનું જોડાણ જ્યાં સ્વભાવ સાથે થયું, હવે એ બીજાની સાથે માયાચાર, વંચના કરવાનું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? એ આત્માને જાણતો નહોતો ત્યાં સુધી એ માયાચાર કરતો. કાંઈ દોષનું ગોપવું, આને આમ બતાવું, આને આ બતાવું, એ તો આત્માને જાણતો નહોતો કે, આત્મા એવો છે જ નહિ. રાગ-દ્વેષ ને માયા–કપટ એ માયા આત્માનું સ્વરૂપ જ નથી. એ આત્માને જાણતા કોણ માયાચાર કરે?

'કોણ કોની સાથે મૈત્રી અને કલહ કરે?' શત્રુ.. શત્રુ. ઓહોહો..! આ આત્મા દેહના રજકણથી જુદો અને પુણ્ય-પાપના રાગથી જુદો, એમ જ્યાં જ્ઞાનસ્વરૂપી આત્માનું ભાન (થયું) એ કોની સાથે મૈત્રી કરે? બધા પરમાત્મા છે, મૈત્રી કોની સાથે કરવી? કહો, 'પ્રવીણભાઈ'! કોનું ભજન કરવું? એમ કહે છે. એ ભજન કરનારો ભગવાન જાગ્યો, ચૈતન્યમૂર્તિ હું છું. આનંદનો કંદ, એ અતીન્દ્રિય આનંદના મણકા અંદર ફેરવે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેહથી, આ રજકણો માટી ધૂળ, રાગ મેલ (છે). નિર્મળાનંદ પ્રભુ આત્મા તે હું એમ જ્યાં અંતરમાં ભાસ્યુ એને તો નિર્મળ જ્ઞાન અને આનંદના મણકા પર્યાયમાં ફરે છે. કોને ફેરવવા? કઈ માળા એણે ગણવી? કોની માળા ગણવી? આહાહા..! કોની સાથે મૈત્રી કરવી? સમજાણું કાંઈ? કોની સાથે ક્લેશ કરવો?

'कलहु' એટલે શત્રુતા. કોની સાથે ક્લેશ કરે? ભગવાનઆત્મા શાંત આનંદ જ્ઞાનમૂર્તિ તેને આત્મા કહીએ. એવો શાંત સ્વભાવ જ્યાં જણાણો (ત્યાં) કોની સાથે ક્લેશ (કરે)? પોતા સાથે ક્લેશ નથી, પોતામાં ક્લેશ નથી. પરની સાથે ક્યાં ક્લેશ (કરે)? પર-આત્મામાં ક્લેશ ભાળતો નથી. પરના આત્મામાં ક્લેશ છે નહિ, એ તો ક્લેશરહિત આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? કોની સાથે ક્લેશ કરે?

'जहिं कहिं जोवउ तहिं अप्पाणउ' વજન અહીં છે, હોં! 'જ્યાં ક્યાંય જોશો ત્યાં આત્મા દૃષ્ટિગોચર થાય છે.' એનો અર્થ એવો નથી કે બધા આત્મા એક જ છે, એમ અહીં નથી કહેવું. જ્યાં જોવે એની દૃષ્ટિમાંથી રાગ-દ્વેષ અને શરીરથી ઊઠી ગઈ છે, રાગ-દ્વેષના ભાવથી, શરીરથી ઊઠીને (હું) આત્મા જ્ઞાન છું, એમ થઈ ગઈ છે એટલે એવો જ આત્મા જેમ પોતાને દેખે છે એમ બીજાના આત્માને પણ એવો દેખે છે. આત્મા બીજાનો છે એવો દેખે છે. રાગાદિ, શરીર તો અજીવમાં જાય છે. સમજાણું કાંઈ?

પહેલા જીવાજીવનો ભેદ કહ્યો, પછી કેવળજ્ઞાન સ્વભાવી જીવ કહ્યો. એવું જાણ્યું એને બીજા સાથે કલહ કરવો ક્યાં રહ્યો? બીજાનું પૂજન કરવું ક્યાં રહ્યું? પોતે પૂજવા યોગ્ય

www.vitragvani.com



એવો આત્મા પોતાના જ્ઞાનમાં જણાણો એને બીજા સાથે ક્લેશ, શત્રુતા કે પૂજન એ કંઈ રહેતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

'जहिं कहिं जोवउ तहिं अप्पाणउ' જ્યાં જ્યાં દેખે ત્યાં ભગવાનઆત્મા (દેખે છે). આહાહા..! ધર્મી જીવ પોતાના આત્માને વિકાર અને શરીરના સંયોગ વિનાનો જોવે છે, તો જેવી દૃષ્ટિએ પોતાને જોવે છે એવી જ દૃષ્ટિએ બીજાના આત્માના જોવે છે. સમજાણું કાંઈ? બીજાનો આત્મા એ રાગવાળો આત્મા ભાળે? રાગ તો વિકાર છે. શરીરવાળો આત્મા ભાળે? શરીર તો અજીવ છે. સમજાણું કાંઈ? બીજાના આત્માને પણ, આત્મદૃષ્ટિએ પોતાને જેમ જોયો, રાગ અને વિકાર વિનાનો, શરીર વિના એ આત્મા, એવું જ્યાં ભાન થયું, એવી દૃષ્ટિ બીજા આત્માને પણ આત્મા આત્મા દેખે છે. જ્યાં જોવે ત્યાં આત્માની પર્યાય પોતાની (જેવી) ભાળે છે. બીજી રીતે એમ છે. ઝીણી વાત મૂકી છે.

'जहिं कहिं जोवउ तहिं अप्पाणउ' એનો અર્થ શું? આત્મા બીજા છે એમ દેખે છે, આ પરમાણુ આદિને દેખે તોપણ તેમાં જ્ઞાન ભાળે છે કે એને હું જાણનારો છું, એ તો જડ છે. સમજાણું કાંઈ? રાગાદિને જાણે છે તો જાણનારું તો જ્ઞાન છે, એ જ્ઞાનને જાણે છે. શરીરને જાણતા જ્ઞાન છે એ જ્ઞાનને જ્ઞાન જાણે છે. એટલે આત્મા જ જ્યાં હોય ત્યાં જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાની મોજૂદગીમાં તો જ્ઞાનસ્વરૂપે આત્મા છે એમ જાણ્યું તો બીજાની મોજૂદગીને જોતા પણ તેનું જ્ઞાન જ પોતાનું તેમાં થાય છે, એ જ્ઞાનને જ પોતે દેખે છે. એટલે જ્યાં દેખો ત્યાં આત્મા, આત્મા ને આત્મા. એ પોતાનું આત્માનું જ્ઞાન જ દેખે છે. ભારે વાત, ભાઈ! આવો તે ધર્મ કઈ જાતનો? એણે કોઈ દિ' સાંભળ્યો નથી.

અનંતકાળમાં રખડી રખડીને મરી ગયો, ચોરાશીના અવતારમાં ભૂક્કા (નીકળી) ગયા. અનાદિનો આત્મા કંઈ નવો છે? આત્મા કંઈ નવો થાય? અનાદિનો (છે), પણ અનાદિનો એ પોતે કોણ તત્ત્વ છે એનું જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, ચૈતન્ય જ્ઞાન (છે) એમ કોઈ દિ' જાણ્યું નથી. આ તો રાગ તે હું, શરીરની ક્રિયા તે હું, પરનું કરી દઉં હું, પરથી મારામાં કાંઈ થાય તે હું, એ બધું આત્માને અનાત્માને તરીકે માન્યો. સમજાણું?

કોઈ ફલાણા ભાઈ નથી, બધા આત્મા છે એમ જાણે. એ વખતે જાણનારનું જ્ઞાન જાણનારના જ્ઞાનપણે જ્ઞાતાપણે પરિણમે છે એને જાણે એમ નિશ્ચયની અહીં વાત કરી છે. એ જેમ છે એમ જાણે. સમજાણું? એની પર્યાય પણ જેવી છે એમ જાણે. પણ એ પર્યાયનું જ્ઞાન થતાં જ્ઞાન પોતાનું થાય છે ને? સામાના દોષનું જ્ઞાન થયું પણ એ જ્ઞાન થયું ને? એમાં જ્ઞાન થયું (એ) તો પોતામાં થયું છે અને પોતાનું જ્ઞાન થયું છે, દોષનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? બીજાના આત્માઓ, જડને જોતા જોનાર જેની મુખ્યતામાં જ્ઞાન ન હોય તો આ છે એમ નક્કી કોણે કર્યું? એ તો પોતે જાણે છે, એ તો પોતે જાણે. જ્યાં હોય ત્યાં

www.vitragvani.com



મારું જ્ઞાન, જ્યાં હોય ત્યા મારું જ્ઞાન. હેં? પોતાનું જ્ઞાન દેખાય છે, એમ કહે છે.

મારું જ્ઞાન, આવ્યું હતું કે નહિ? ઓલી ચોપડી નથી, નહિ? મારું જ્ઞાન કીધું હતું ને? હેં? હમણાં મૂકી દીધી લાગે છે. 'શેઠિયા'નું છે ને? મારું જ્ઞાન, મારું જ્ઞાન ત્યાં કહ્યું છે ને? હેં? દીકરો મરી ગયો, છોકરાનો છોકરો (મરી ગયો). મડદું પડ્યું (હતું). એની માને કહે, શું છે? હું ગાયન બનાવું એ બોલ. રોવાનું શું? કોના રોવા આમાં માંડવા? 'રોનારા નથી રે રહેનાર રે...' રોનારા રહેનાર નથી, કોની માંડવી આમાં? સમજાણું? 'શેઠિયા' છે, હોં! 'સરદારશહેર'ના ગૃહસ્થ માણસ (છે). અંતર અરિહંત ધ્યાય, સમ્યક્ સૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન, મારા જ્ઞાન..' આ બાયું રોવે ત્યારે કહે ને, મારું પેટ, મારા પેટ. હવે પેટ મૂક ને, પેટ કે દિ' તારું હતું? છોકરો મરી જાય તો કહે, મારું પેટ.. મારા (પેટ). એમ બાયડી બોલતી હોય. આવું થોડું થોડું સાંભળ્યું છે. હેં? એવી એની મલાવવાની બધી રીત હોય. મૂઢની!

અહીં કહે છે કે, પણ 'ગુણીજન સમ્યક્ સિદ્ધ પ્રભુ નિત ધ્યાય, ચેતનસૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન,..' મારું જ્ઞાન, મારા જ્ઞાન, મારા જ્ઞાન. 'રતનલાલજી'! 'દીપચંદ શેઠિયા' છે ને? 'દીપચંદ શેઠિયા' 'સરદારશહેર'ના. આખો દિ' એના ઘરમાં આવી જ વાતું કરે. ગૃહસ્થ માણસ છે, પાંચ-સાત લાખ રૂપિયા છે. ગૃહસ્થ માણસ. બસ! આ બધાને (કહે). મરી ગયો છોકરો, દીકરાનો દીકરો. ઘરમાં મડદું પડ્યું છે. મોટું બિલ્ડીંગ છે, પૈસાવાળા છે. છોકરાની વહુને કહે, શું કરવું છે? રોવું છે? ના, બાપુજી! આપ કહો પછી ગાયન બનાવ્યું. મડદા પાસે આ ગાયન બોલ્યા. પછી સગાવહાલા, બધા માણસ આવ્યા. બધા ભેગા ગાયન બોલવા મંડ્યા. રોવા શેના? કોના રોવા આમાં? સમજાય છે? આ ગાયન તે દિ' ત્યાં બોલેલા, હોં! હેં?

'ગુણીજન અર્થ ગ્રાહી ઉપયોગ, ગુણીજન..' પદાર્થ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારો આત્મા અર્થ વસ્તુ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારી ચીજ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, તેને ગ્રહણ કરનારો મારો ઉપયોગ છે. 'ચેતન નિજ પ્રાણ છે જી,' સમજાણું? 'ગુણીજન જ્ઞાયક જ્યોત જગાય, દેખો તો શાંતિ જીવમેં, જી..' કોની માંડવી આમાં? એ..ઈ...! 'મોહનભાઈ'! ત્રણ-ત્રણ વર્ષનો છોકરો મરી ગયો. ઓલા ગૃહસ્થ માણસ એટલે મૂકો પોક. શેના પોક મૂકો? એ તો આત્મા છે, હવે અહીંથી ચાલ્યો ગયો. આટલા દિ' અહીં શરીરમાં રહ્યો (હવે) બીજે ગયો? ન્યાં ક્યાં આત્મા નાશ થાય એવો છે? આહાહા..! સમજાણું કાંઈ?

એ ધર્મીના જીવનમાં ક્ષણે ક્ષણે વૈરાગ્ય હોય છે, એમ કહે છે. આહાહા..! એવા પ્રસંગમાં હોય, કુટુંબમાં હોય છતાં મારું જ્ઞાન, મારું જ્ઞાન. એ ક્ષણે હું તો જાણનાર-દેખનાર એ મારું જ્ઞાન. બાકી એ (પુત્ર) મારો નહિ, રાગ મારો નહિ, કોઈ મારું નહિ. સમજાણું કાંઈ? ખરે ટાણે કામ આવે કે નહિ? વાતું કરે (કામ ન આવે). પણ જ્યારે મરણ થાય, ઘરમાં ૨૦

www.vitragvani.com



વર્ષનો (છોકરો) મરી ગયો હોય પછી ખબર પડે. હેં? અરે..! ભાઈ મરી ગયો. કોણ મરી જાય? આત્મા મરતો હશે? શરીર મરતું હશે? આ તો માટી છે. એ તો પર્યાય-અવસ્થા પલટી. બીજી થઈ ગઈ, રાખની થઈ. અહીં હતીં (હવે) રાખની થઈ. મરે કોણ?

આત્મા ત્રિકાળી સનાતન શુદ્ધ ચૈતન્ય છે, એના ભાનમાં કહે છે. જુઓ! સમજાણું? જુઓ! આ છેલ્લું આવ્યું. 'ગુણીજન જડ સુખ છે જી ઝંઝાળ' એ કલ્પના માંડી કે આમાં સુખ છે ને આ છોકરામાં સુખ છે, પૈસામાં સુખ છે. ધૂળ છે માળા! 'ગુણીજન જડ સુખ છે જી ઝંઝાળ, આનંદઘન આપ છે જી..' હું આનંદઘન આત્મા છું. આનંદનો ઘન આત્મા. એ ખરે ટાણે એની કસોટી હોય. 'ન્યાલભાઈ'! આ વીસ વર્ષનો મરી જાય અને બાયડી મૂકીને બેસી જાય અને ઓલા રોવા મંડે. હાય.. હાય...! શું છે પણ? શેની માંડી? મહાણ છે અહીં? અહીં તો આત્મા છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ છે એમ જ્યાં અંતર ભાન થયા, કહે છે કે, (એ) બધે જ્ઞાન જ ભાળે છે. જ્ઞાન એટલે અહીં આત્મા. સમજાણું? આહા! 'એક અદ્વૈત આત્માનો જ અનુભવ આવી રહ્યો છે. અનુભવના સમયે તો પોતાનામાં જ લીન થાય છે.' અનુભવના કાળમાં અમને જાણનાર દેખ એમ કહે છે. 'અનુભવની માતા ભાવના છે.' એમ કરીને ઘણું લાંબુ કર્યું છે. દાખલો આપ્યો છે, જરી! માળે ઠીક કહ્યું છે. 'જેમ કોઈ ખેતરમાં જાય...' આ ચણા પાકે કે નહિ? ચણા. ખેતરમાં ચણા પાકે છે ને? ચણા. એની નજર ચણા ઉપર હોય. કેટલા ચણા થયા? એમ (નજર) હોય. પાંદડાં અને મૂળિયા ઉપર ન હોય. ખેતર હોય ને બે-પાંચ? એની નજર ત્યાં (ચણા ઉપર હોય). અહીં તો ચણા કેમ લીધા છે? ચણા ખાવામાં તરત જ મીઠાશ લાગે છે ને? કાચો પણ સારો લાગે અને પાકો પણ સારો લાગે. ઇ ચણા જોવા જાય ને ઓલા લૂમખા થયા હોય ને? એ ચણા ઉપર એની નજર હોય, ઓલા પાંદડાં ઉપર નહિ. કેટલા પાક્યા છે? ચણા કેટલા થયા છે? આખા ખેતરમાં ફરે તો ચણા ઉપર નજર (હોય). પાક સારો આવ્યો છે, ચણાનો પાક સારો આવ્યો છે, એમ કહે. સમજાણું? 'તે છોડ, પાંદડાં, મૂળને દેખતો નથી અને કહે છે કે આ ખેતરમાંથી પાંચ મણ ચણા નીકળશે.' એમ કહે, લ્યો! આ એક વીઘામાં પાંચ મણ ચણા (નીકળશે). ચણા આવશે, એમ કહે. પાંદડાં આવશે એમ ઇ કહે છે?

બીજો દાખલો આપ્યો છે, સોનામાં મણિ જડેલા હોય. સુવર્ણમાં મણિ જડ્યા હોય ને? 'જ્યારે ઝવેરી પાસે વેચવા લઈ જાવ છો ત્યારે તે કેવળ મણિને જ દેખે છે,...' ઊંચા ઝવેરી અંદર મણિ મણિ ભાળે. સોનું શું કરવા (જોવે)? એને તો મણિ લેવાના છે. મણિ, મણિ, મણિ... મણિ સોના ઉપર નજર નહિ. અને સોનાવાળા પાસે જાઓ તો મણિ ન દેખે, એ સોનું સોનું દેખે. વાત બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ ભગવાનઆત્મા જ્યાં જોવે ત્યાં હું જાણનારો.. જાણનારો.. જાણનારો.. મારા

www.vitragvani.com



જાણનારમાં જ્ઞાનનો પાક જાણવાનો આવ્યો છે, એને એ દેખે છે. સમજાણું કાંઈ? દાખલો ઠીક આપ્યો છે માળાએ. એ લોકોને કાંઈક ચાલતું હશે. ચણા, ચણા. ચણા દેખે. મીઠા સરસ લાગે. ચણા ઉપર નજર છે ઇ ચણા જોવે. એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ જેને આત્માની શ્રદ્ધા અને ભાન થયા, એ જ્યાં હોય ત્યાં આત્માનો જ પાક ભાળે છે. હું જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર. બીજું મારામાં છે નહિ, મેં બીજું જાણ્યું-દેખ્યું નથી. હું જ મને જાણનાર-દેખનાર છું. કહો, સમજાણું કાંઈ? એ બધું (લીધું છે). 'વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ અસત્ય છે,...'

કોની સાથે મૈત્રી અને કોની સાથે (ક્લેશ) કરવા? સમજાણું. એક દાખલો 'સર્વાર્થસિદ્ધિ'માં આપ્યો છે, એ જરી ઠીક લાગે છે. સામાયિકનો. એ આત્માની સામાયિક કોને કહીએ? કે,

**एकत्वेन प्रथमं गमनं समयः, समय एव सामयिकं,**

**समय प्रवर्तानमस्येति वापिगृह्य सामायिकं ।।अ. ७, सू.२१।।**

'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.' સામાયિક આ લઈને બેસે છે ને? ઇ સામાયિક ક્યાં (છે)? આત્માનું ભાન તો કાંઈ ન મળે. સામાયિક કરીને બેઠા, શેની? ધૂળની સામાયિક. આત્મા જેણે જ્ઞાનાનંદ સ્વરૂપને જોયો, જાણ્યો છે એ જ્ઞાનમાં લીન થઈ જાય છે તેને સામાયિક કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? સામાયિક– સમ–સમતાસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનમાં જ્ઞાનની લહેરમાં, લહેરમાં લીન થઈ ગયો. જે સમતાસ્વરૂપે કાયમ છે એની અંદરમાં વર્તમાન પર્યાયથી સમતામાં લીન થઈ ગયો, એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? ઘણા આ સામાયિક કરે છે કે નહિ? અમે સામાયિક કરીએ છીએ. એય 'શોભાચંદજી'! આ બધા કરે. આ બધા પડિમાધારી નામ ધરાવીને. સામાયિક કરીએ છીએ, સવાર-બપોરે સામાયિક કરીએ છીએ. શેની સામાયિક? આત્મા જાણ્યા વિના ક્યાંથી થશે? પહેલો આત્મા જ કોણ છે એની ખબરું વિના એકાગ્ર શેમાં થશે? એ બધા એવા ને એવા. આહાહા..!

મુમુક્ષુ :– હલ્યા ચાલ્યા વિના સ્થિર રહે છે.

ઉત્તર :– હલ્યે ચાલે કોણ? શરીર ચાલે નહિ એમાં એના બાપનું શું ગયું? આત્મા અંદર હલચલ કરે છે. ખદબદાટ. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠાવીને મારા છે અને એની ઉપર દૃષ્ટિ પડી છે, એ બધો ખદબદાટ થઈ રહ્યો છે. નવકાર ગણતો હોય કે ભગવાનના ભજનનો વિકલ્પ ઊઠતો હોય, એ વિકલ્પ મારા છે (એમ) દૃષ્ટિ ત્યાં પડી છે. વસ્તુ આમ ભિન્ન છે એનું તો ભાન નથી. ભાન નથી અને વિકલ્પ ઉપર દૃષ્ટિ છે. તો એ સામાયિકમાં છે કે મિથ્યાત્વમાં છે? મિથ્યાત્વ જ છે. એય 'ભગવાનભાઈ'!

શ્રોતા :- નવા માણસ છે.

www.vitragvani.com



ઉત્તર :- આવી ગયા ને હવે. ચોપાટમાં આવી ગયા હવે.

આત્મા કૈસા હૈ આત્મા કોણ છે એ જાણ્યા વિના એની સાથે એકમેક કોણ થાય? એમ કહે છે. એમ કહ્યું ને? સામાયિકની વ્યાખ્યા કરી ને? 'સર્વાર્થસિદ્ધિ' હોં! 'પૂજ્યપાદસ્વામી'. આહા..! 'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.' આત્મા પહેલો સમ્યગ્જ્ઞાનમાં, દર્શનમાં ભાસ્યા વિના એકમેક થવું ક્યાંથી થાય? આ તો દેહની ક્રિયા હું કરું, આમ બેઠો તો (માને કે) હું બેઠો. રાગ કાંઈક થાય એ મારો આત્મા છે એમ માને છે એ તો. અનાત્માને આત્મા માને તો ઠરે શેમાં? (અનાત્મામાં) એકાગ્ર થાય. આત્મા રાગ વિના અને શરીર વિનાની ચીજ છે એનું જ્ઞાન હોય તે તેમાં ઠરે એને સામાયિક કહેવાય. એ ૪૦ (ગાથા પૂરી) થઈ.

---

## આત્માને ન જાણનાર કુતીર્થોમાં ભટકે છે.

ताम कुतिथ्थिइ परिभमइ धुत्तिम ताम करेइ।
गुरुहु पसाए जाम णवि अप्पा देउ मुणेइ।।४१।।

સદ્ગુરુ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે કપટના ખેલ. ૪૧

અન્વયાર્થ :– (गुरुहु पसाएं जाम अप्पादेउ णवि मुणेइ) ગુરુ મહારાજની કૃપાથી જ્યાં સુધી એક પોતાના આત્મારૂપી દેવને ઓળખતો નથી (ताम कुतिथ्थिइ परिभमइ) ત્યાં સુધી મિથ્યા તીર્થોમાં ભટકે છે (नाम धुत्तिम करेइ) અને ત્યાં સુધી જ ધૂર્તપણું કરે છે.

---

'આત્માને ન જાણનાર કુતીર્થોમાં ભટકે છે.' 'કુતીર્થ' શબ્દ વાપર્યો છે, પછી બીજો વાપરશે.

ताम कुतिथ्थिइ परिभमइ धुत्तिम ताम करेइ।
गुरुहु पसाए जाम णवि अप्पा देउ मुणेइ।।४१।।

'ગુરુ મહારાજની કૃપાથી જ્યાં સુધી એક પોતાના આત્મારૂપી દેવને ઓળખતો નથી...' ભગવાનઆત્મા દેહદેવળમાં આત્મા પોતે સચ્ચિદાનંદ દેવ છે. આ હાડકા ને ચામડા, માટી ને ધૂળ છે. ભગવાન અંદર આત્મા દેહદેવળમાં બિરાજમાન પોતાના દેવના સ્વરૂપને ન જાણે 'ત્યાં સુધી મિથ્યા તીર્થોમાં ભટકે છે.' એ શબ્દ વાપર્યો છે ને? 'ताम कुतित्थिइ' શબ્દ વાપર્યો છે, પહેલો ભાઈ! 'કુતીર્થ' શબ્દ વાપર્યો છે, હોં! પછી ઓલામાં લેશે. પછી આ દેવને લેશે. બહાર ક્યાં તારો ભગવાન છે? ઇ પછી (લેશે). પણ પહેલા તો કુતીર્થ (લેશે).

www.vitragvani.com



આત્માનું જ્ઞાન જેને નથી, આત્મા દેવસ્વરૂપે છે એનું જ્યાં ભાન નથી એ જ્યાં ત્યાં ભટક્યા કરે છે. નદી, સાગરમાં સ્નાન કરે છે. છે ને? નદી ને સાગરમાં સ્નાન કરવા જાય. ન્યાં સ્નાન કરવાથી કલ્યાણ (થાય)? ન્યાં ઘણા માછલા સ્નાન કરે છે. સમજાણું કાંઈ? અહીં ન્હાવા જાઓ, ન્યાં આપણું કલ્યાણ થશે. 'શેત્રુંજય'માં ન્હાવા જાઓ, કલ્યાણ થશે. ધૂળમાં (નહિ થાય). ન્યાં તો માછલા બહુ ન્હાય છે. કલ્યાણ ત્યાં ન્હાયે થતા હશે? જ્યાં ત્યાં કુતીર્થમાં 'રેતી અને પથ્થરના ઢગલા કરવાથી...' પથરા લગાવે છે ને? બે-બે, ત્રણ-ત્રણ. દેવી ને દેવલા ને. 'પર્વત ઉપરથી પડવાથી, અગ્નિમાં બળીને મરવાથી ભલું થશે...' એમ માને છે ને?

હમણા કો'કે કહ્યું કે, એક માણસ મર્યો છે. માથું આપ્યું. હેં? શંકર પાસે માથું આપ્યું. રાજ લેવા માટે. મરી ગયા, આવા ને આવા, મૂઢ જીવો. ધૂળમાંય ત્યાં રાજ મળતા નથી. આવા કુતીર્થમાં આત્માના દેવને જાણ્યા વિના, પાપ છે પુણ્યલાભ નથી. 'લોકમૂઢતા છે.' ઇ લોકમૂઢ છે. સમજાણું?

'જ્યાં સુધી આ જીવ અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, સંસારમાં આસક્ત છે ત્યાં સુધી તેને ઇન્દ્રિયોના ઇષ્ટ વિષયોની પ્રાપ્તિની કામના રહે છે અને તેના બાધક કરાણો મટાડવાની લાલસા રહે છે.' એમ કહે છે. 'મિથ્યા માર્ગના ઉપદેશકો દ્વારા જે કોઈની ભક્તિપૂજાથી અને જ્યાં ક્યાંય જવાથી વિષોયની પ્રાપ્તિમાં મદદ થવાનું જાણે છે તેની ભક્તિપૂજા કરે છે...' જુઓને! કુતીર્થમાં કરે છે કે નહિ? અહીં તો ભગવાનને નામે કરે છે, અત્યારે તો. 'મિથ્યા દેવોની, મિથ્યા ગુરુઓની, મિથ્યા ધર્મોની અને મિથ્યા તીર્થોની ખૂબ ભક્તિ કરે છે.' નદી, સાગરમાં સ્નાન કરે, ઇસ્લામ માને. 'ખેલ તમાશામાં વિષયને પોષતાં ધર્મ માની લે છે.' ઇ મૂઢતા છે, કહે છે. સમજાણું? વગેરે વાત છે. લ્યો!

'આત્માનુભવને જ નિશ્ચય ધર્મ માનવો તે સમ્યગ્દર્શન છે.' ભગવાનઆત્માને શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનુભવવો એ આત્મદેવ અને એનું નામ સમ્યગ્દર્શન (છે). એ દેવની પૂજા છે. કુતીર્થમાં જ્યાં ત્યાં ભટક્યે કાંઈ મળે એવું નથી. ગંગામાં સ્નાન કરીએ તો મેલ જાશે. શરીરનો મેલ જાય, આત્માનો મેલ ન જાય. તુંબડી, તુંબડીનો દાખલો નથી આવતો? કડવી તુંબડી. સાથે લઈ જજો, ઓલાને કીધું. આવે છે ને? તીર્થ જાત્રાએ નીકળ્યા હતા તો સાથે કડવી તુબંડી આપેલી. આને પણ ભેગી સ્નાન કરાવજો. કરાવતા, કરાવતા બધામાં ન્હાયા અને તુંબડીને સ્નાન કરીને આવ્યા. તીર્થ કરેલી તુંબડી લાવો, કાપો, કટકા કરો. (કટકા થયા પછી કહે), કડવી છે. એલા આટલા આટલા સ્નાન કર્યા (તોપણ) તુંબડીની કડવાશ તો મટી નથી અને તમે આટલા આટલા તીર્થ કરવા (ગયા) અને આત્માના ભાન વિના તમારી કડવાશ તો મટી તો દેખાતી નથી. તીર્થ કરી કરીને આ બધી ભ્રમણા દેખાય છે. એવો દાખલો આવે છે. તુંબડીને બધે તીર્થ કરાવી, પણ તુંબડી તો કડવી (રહી). ઉપરથી મેલ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નીકળ્યો, અંદર તો કડવાશ રહી. એમ બહારથી સ્નાન કરે, જ્યાં-ત્યાં પડે, પણ ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે એમ ન માનતા એને દયા, દાનના વિકલ્પથી લાભ થાય અને આ પરથી મને લાભ થાય, મને લાભ મળે અને આનાથી કાંઈક પ્રતિકૂળતા ટળે. વાંઝિયા મેણું ટળે, દીકરો થાય ને પૈસા મળે. આ બધી ભ્રમણા તો પડી છે. ભ્રમણાના ઝેર તો તારા ઉતર્યા નથી. શેના તેં તીર્થ કર્યા? સમજાણું કાંઈ? એ તો પછી આ વ્યવહારથી ક્રિયા છે એ નિમિત્તરૂપે છે, એમ કહેશે. હવે ૪૨.

## પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે.

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु।
देहादेवलि देउ जिणु एहउ जाणि णिरुतु।।४२।।

તીર્થ-મંદિરે દેવ નહિ-એ શ્રુતકેવળી વાણ;
તન-મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨.

અન્વયાર્થ :- (सुइकेवलि इम वुत्तु) શ્રુત કેવળીએ એમ કહ્યું છે કે (तित्थहिं देवलि देउ णवि) તીર્થક્ષેત્રોમાં અને દેવમંદિરમાં પરમાત્મા દેવ નથી (णिरुतु एहउ जाणि) નિશ્ચયથી આમ જાણ કે (देहादेवलि जिणु देउ) શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.

'પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે.' આ અંદરનું આવ્યું હવે.

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु।
देहादिवलि देउ जिणु एहउ जाणि णिरुतु।।४२।।

શ્રુતકેવળી ભગવાન, જે જ્ઞાનમાં પૂરા સર્વજ્ઞ આદિ અથવા શ્રુતકેવળીઓએ 'તીર્થક્ષેત્રોમાં અને દેવમંદિરમાં પરમાત્મા દેવ નથી...' એમ કહ્યું છે. પણ 'णिरुतु' હોં! 'णिरुतु' એટલે નિશ્ચયથી. સમજાણું કાંઈ? શ્રુતકેવળી અને ભગવાન, સંતોએ બહાર દેવાલયમાં દેવ નથી, પરમાત્મા ત્યાં નથી (એમ કહ્યું છે). નિશ્ચયથી પરમાત્મા નથી. નિશ્ચયથી પરમાત્મા દેહદેવળમાં તારો આત્મા બિરાજે છે. સમજાણું કાંઈ?

'નિશ્ચયથી એમ જાણ...' જોયું? નિશ્ચયથી છે ને પાઠ? 'णिरुतु' એવું જાણ, એમ. 'देहादेवलि जिणु देउ' 'શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.' ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મા છે, એને તું ઓળખ અને એની પૂજા કર, એ દેવની પૂજા છે. સમજાણું કાંઈ? ઓલા કુતીર્થને લઈને હવે અહીં થોડું બહારનું નાખ્યું છે. ન્યાં ને ન્યાં ભટક્યા કરે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'સમેદશીખર' ને આ અહીં છે ને 'શેત્રુંજય', ન્યાં જાણે ભગવાન છે. ત્યાં તો ભગવાનની સ્થાપના છે. ખરા ભગવાન પણ ત્યાં નથી, ઇ પર ભગવાન પણ ખરા ત્યાં નથી, એમ કહે છે. શું કીધું? જે ભગવાનની સ્થાપના કરી છે એ ખરા ભગવાન પણ ત્યાં નથી. ખરા ભગવાન તો સમવસરણમાં બિરાજમાન તીર્થંકરપણે એ ખરા ભગવાન છે અને ત્યાં તો એને જોઈશ તો શરીર ને વાણી તને એકલા દેખાશે. ભગવાન નહિ દેખાય. એનો આત્મા નહિ દેખાય. એ આત્મા ક્યારે દેખાય? કે તું તારો દેખીશ તો એનો આત્મા તને જણાશે. એના આત્માનું જ્ઞાન ક્યારે થાય કે આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે? એ રાગરહિત તારા આત્માનું જ્ઞાન તું કર ત્યારે આ ભગવાનઆત્મા છે એમ તને ખ્યાલ આવશે. નહિતર તો શરીર, વાણી દેખાશે. સમવસરણ દેખાશે, માણસો દેખાશે, ઇન્દ્રો દેખાશે. આહાહા..! ઉપરથી આવ્યા જાણે, ગંગાધર ને વિદ્યાધર ને... સમજાણું? સાક્ષાત્ પરમાત્મા બિરાજતા હોય તો ત્યાં તને શું દેખાશે? પરમાત્મા, એનો આત્મા દેખાશે? એનો આત્મા ક્યારે દેખાશે? કે, તું પોતે જ્યારે એને રાગની આંખ્યું છોડી દઈ, પરને જોવું છોડી દઈ અને સ્વને જોવા જા ત્યારે તારો આત્મા જણાશે (અને ત્યારે) પરમાત્મા આવા હોય (એમ જણાશે). સમજાણું કાંઈ?

'શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.' બહારમાં તો વ્યવહાર છે. શુભભાવ, પુજા, ભક્તિનો શુભભાવ વ્યવહાર (છે) પણ પરમાર્થે ત્યાં દેવ છે (એમ નથી). તારો એ નથી અને પરમાર્થે ભગવાન બિરાજે (છે), જે આત્મા, એ આત્મા અહીં નથી. એ તો સ્થાપના નિક્ષેપ છે. અને સ્થાપના નિક્ષેપમાં પણ સ્થાપનામાં ભગવાનના ગુણ ગાય છે ને? કે મૂર્તિના ગુણ ગાય છે? ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા. પણ એ આત્માની દૃષ્ટિ હોય તો એને આવા શુભભાવના ભાવને વ્યવહાર કહેવામાં આવે. પણ જેને આત્મદૃષ્ટિ નથી અને એકલું ત્યાં જ ભાળે છે એને કહે છે કે, આત્મા દેવ અહીં છે, ન્યાં બહારમાં ક્યાંય નથી. તારો દેવ મૂકીને બીજા દેવને પૂજવા જા, એ પૂજન સાચું નહિ થાય. સમજાણું કાંઈ? એની વિશેષ વ્યાખ્યા કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્ઞાયકના નિર્ણયમાં જ સર્વજ્ઞનો નિર્ણય!

ભગવાન સર્વના જ્ઞાયક છે એવો નિર્ણય કોણે કર્યો? ક્રમબદ્ધપર્યાયની સન્મુખ થઈને પોતે જ્ઞાયક થયો ત્યારે જ ભગવાનના જ્ઞાયકપણાનો યથાર્થ નિર્ણય થયો.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૫, ગુરુવાર
## તા. ૨૩-૦૬-૧૯૬૬
## ગાથા-૪૨ થી ૪૫ પ્રવચન નં. ૧૬

ખરેખર શરીર જ તીર્થ અને મંદિર છે. સમજાણું કાંઈ? આ શરીર જ આત્માને તીર્થ અને મંદિર (છે). કેમકે આત્મા અહીં વસે છે. બાહ્ય મંદિરમાં કંઈ આ આત્મા વસતો નથી. આત્માને જોવો અને જાણવો, અનુભવવો હોય તો કંઈ (એ) મંદિરમાં નથી. પ્રતિમામાં નથી તેમ સાક્ષાત્ ભગવાન છે એમાં પણ આ આત્મા નથી. સમજાણું કાંઈ? આ આત્માને જોવો હોય, જાણવો હોય તો આ શરીરરૂપી તીર્થ અને મંદિરમાં એ દેખાશે. એ આત્મા ક્યાંય ભગવાન પાસે નથી. સમવસરણમાં નથી કે ત્યાં એની સામું જોયે આ આત્મા દેખાય.

મુમુક્ષુ :- નમૂનો તો સાચો છે.

ઉત્તર :- નમૂનો અહીં હોય કે ન્યાં હોય?

મુમુક્ષુ :- મંદિરમાં નહીં?

ઉત્તર :- ના, ના. એમાં બિલકુલ નહિ. આ આત્મા ત્યાં છે કે અહીં છે? નમૂનો અહીં છે કે ત્યાં છે? કહો. ઇ તો અહીં ૪૨ (ગાથામાં) સિદ્ધ કરવું છે. સમજાણું?

'तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु।' શ્રુતકેવળી ભગવાન, શ્રુતકેવળી ભગવાન એમ કહે છે. આ નિશ્ચયની વાત છે ને? 'देहादिवलि देउ जिणु एहउ जाणि णिरुत्तु।' દેહરૂપી દેવાલયમાં આ જિનેશ્વર બિરાજે છે. જુઓ! આ વાસ્તવિક તત્ત્વ. એ તો ભગવાન છે એ કંઈ ભાવનિક્ષેપે ત્યાં નથી. પ્રતિમા અને મંદિર છે ઇ ત્યાં ભાવનિક્ષેપે ભગવાન છે? એ તો સ્થાપના છે.

અહીંયાં શરીર અને આ તીર્થ છે. આ શરીર એ મંદિર છે કે જેમાં ભગવાન પોતે અંદરમાં જાય તો તીર્થ થાય, તરવાનો ઉપાય મળે. કહો, સમજાણું આમાં? મોટા વાંધા આમાં આવ્યા હતા ને? 'લાલનજી' ને આ ગાથામાં એને સંઘે બહાર કર્યા હતા. આવો અર્થ પહેલા કર્યો ત્યારે. વાડામાં રહેવા દ્યે? એ..ઇ...! અરે...! અમારું મંદિર.. અમારે મંદિર..! પણ ઇ મંદિરમાં તારો આત્મા ન્યાં ક્યાં છે? તારા આત્માના દર્શન ને આત્માને જોવો અને આત્માનું તીર્થ કરવું છે કે પરનું કરવું છે તારે? હેં?

મુમુક્ષુ :- ઘણા વર્ષો સુધી દેરાસરમાં હતા સ્થાનકવાસી છે ઇ.

ઉત્તર :- ઇ હતા. બધી ખબર છે. બધી ખબર છે, કેટલા વર્ષ પહેલાની ખબર છે. 'લાલન' અમારી પાસે રહ્યા હતા ને!

www.vitragvani.com



શ્રુતકેવળી પાછી ભાષા છે, હોં! ૪૨. શ્રુતકેવળી એમ કહે છે. 'वुत्तु... वुत्तु'. કે, દેહદેવળમાં 'देउ जिणु' એમ જાણ. 'णिरुतु' આ દેહદેવાલયમાં ભગવાન છે. એમ કરીને સિદ્ધ કરે છે કે, ભાઈ! તારો આત્મા તો અહીં છે. આત્મા પૂર્ણાનંદનો નાથ અખંડ આનંદ, એ આ શરીરમાં બિરાજે છે એની સામું તું અંદર જો તો તને આત્મા મળશે કે ત્યાં મંદિરમાં દેખ્યે આત્મા મળશે? સમજાણું કાંઈ? શું છે આમાં? 'ચીમનભાઈ'! કોયડો કઠણ થાતો જાય છે. આ બધું છે ઇ ઉથાપાય જાય છે. એમ કહે છે. ક્યાં ગયા? પણ ઇ તો શુભભાવમાં એ ભગવાન કેવા હતા એ સ્મરણ કરવામાં એ નિમિત્ત છે. સ્મરણ કરે તો. પણ સ્મરણ ભગવાન કેવા હતા ઇ. અને એ ભગવાન કેવા હતા એવો હું છું, એવું જાણવાનું તો અહીં આત્મામાં છે. કહો, સમજાણું આમાં? 'રતનલાલજી'!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવા હતા એનું સામે એક પ્રતિબિંબ છે (કે) આવા ભગવાન. એ ભગવાનનું સ્મરણ. પર ભગવાન, હોં! સમજાણું કાંઈ? એમાં શુભભાવમાં એ નિમિત્ત હતું. આત્મા ન્યાંથી પ્રાપ્ત થાય છે કે ભગવાન સાક્ષાત્ બિરાજતા હોય ન્યાંથી આત્મા પ્રાપ્ત થાય છે? એ.. 'ન્યાલભાઈ'! ભારે વાતું. એક કોર મૂર્તિ સ્થાપવી, મંદિરો થાવા અને વળી કહે કે, એમાં ભગવાન નથી. હેં? ત્યાં ભગવાન હોય તો પછી અહીં અંદર જોવાનું રહેતું નથી. આમ જ જોયા કરે. આમ જોયે આ આત્મા દેખાય એવો છે? એમ અહીં તો કહે છે. ન્યાં જોયે કે ભગવાનની સામું જોયે, સાક્ષાત્ ભગવાન હોય, ન્યાં જોયે આ ભગવાન દેખાય એવો છે? આ દેહ દેવાલયને તીર્થ અને મંદિર કહેવામાં આવે છે, જ્યાં ભગવાનઆત્મા બિરાજે છે, પરમાનંદ નિજ પરમાત્મા. એને જોવાને માટે આ શરીર જ તીર્થ અને મંદિર છે. એવો વ્યવહાર છે, શુભભાવ છે.

મુમુક્ષુ :– તો તો પછી ઉદાસીન ને પ્રેરકમાં કોઈ ફેર રહે જ નહીં.

ઉત્તર :– બધા અહીં ઉદાસીન જ છે. પ્રેરક-ફેરક કોઈ છે જ નહિ. પ્રેરક તો એની ગતિવાળું હોય કે ઇચ્છાવાળું હોય તો એ અપેક્ષાએ પ્રેરક કહેવાય. બીજાના કાર્ય માટે કોઈ પ્રેરકમાં ફેર છે એમ છે નહિ. અમારા પંડિતજી તો કાંઈ બોલે નહિ, આ બતાવ્યું તોપણ. સાંભળી લીધું. આ બે થઈને એક નાખ્યું આણે ઉદાસીન પ્રેરક. ઉદાસીન પ્રેરક વળી શું? કરાવે કાંઈક, એનાથી થાય, શાસ્ત્રના વાક્યથી કાંઈક જ્ઞાન થાય. અહીંથી અહીં (જ્ઞાન) થાય? ધૂળમાંય થતું નથી. સાંભળને. એ તો પર સંબંધીનું જે જ્ઞાન થાય એ પણ તારાથી થાય તેમાં નિમિત્ત કહેવાય છે. એમાં સ્વસંબંધીનું જ્ઞાન દેહ સંબંધી થતું જ નથી. શાસ્ત્રના વાક્યો એ નિમિત્તરૂપે થાય કે મંદિર આદિ નિમિત્તરૂપે થાય એ તો પરસંબંધીના જ્ઞાનમાં સ્મરણમાં નિમિત્તરૂપે છે. ઉપાદાન તો ત્યાં પોતાનું છે. સમજાણું કાંઈ? અને પોતાના સ્મરણને માટે એ નિમિત્ત ઉપર લક્ષ કરે ત્યારે સ્મરણ થાય પોતાનું? શાસ્ત્રવાક્ય હોય તોપણ એ વાક્ય આમ છે એમ જણાવે છે એ તો પરસંબંધીનું જ્ઞાન, એ હજી પરલક્ષીજ્ઞાન છે, એમાં

www.vitragvani.com



પણ ઉપાદાન તો પોતાનું જ છે. વાક્ય નિમિત્તમાત્ર છે.

ભગવાન આવા હતા, મંદિરમાં જઈને (જોવે કે) ભગવાન આવા હતા એના સ્મરણમાં સ્મરણ તો પોતાનું ઉપાદાન છે. એમાં એ નિમિત્ત છે. આ ઉપાદાનના સ્મરણમાં આ આત્મા આવે છે? સમજાણું કાંઈ? અહીંયાં આટલી વાત સિદ્ધ કરવી છે અને પછી બીજા શ્લોકમાં બીજી રીતે સિદ્ધ કરવી છે.

ભગવાનઆત્મા, દેખો! 'ન મંદિરમાં, ન તીર્થક્ષેત્રમાં, ન ગુફામાં, ન પર્વત પર, ન નદીના તટ પર,...' ક્યાંય આ આત્મા નથી. છે આત્મા ક્યાંય? તો જ્યાં નથી તેને પરમાર્થ મંદિર અને તીર્થ કેમ કહેવાય? છે તો આ શરીરમાં છે. એને મંદિર અને આને તીર્થ કહેવાય કે જે અંદરમાં જોતાં આત્માનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? 'અત્યાર સુધીમાં જેણે પરમાત્માને જોયા છે તેણે પોતાની અંદર જ જોયા છે.' લ્યો! ઓલી કોર લખ્યું છે. ૧૭૪ પાને. સમજાણું કાંઈ? ૧૪૨નું છે ને! જે અત્યાર સુધી અનંતા આત્માઓ જે થયા, એણે આત્માને દેખ્યો એટલે અંદરમાં દેખ્યો છે. કે બહાર દેખ્યો છે? કે બહાર વડે દેખ્યો છે? કહો, સમજાણું કાંઈ? અહીં તો ઉથાપે છે એ તો શુભમાં ભગવાન કેવા હતા એના સ્મરણમાં નિમિત્તમાત્ર (છે), પણ ત્યાં જ માની લ્યે કે, આ ભગવાન છે અને આનાથી મારો આત્મલાભ થાશે, તો આત્મા તો અહીં છે, ન્યાં ક્યાં હતો? સમજાણું કાંઈ? તીર્થ ને મંદિરે ભટક્યા ભટક (કરે છે). જાણે ન્યાંથી મોક્ષ મળી જશે. જાણે આત્મા ન્યાંથી આવી જશે. સમ્યગ્દર્શન, જ્ઞાન. સમ્યગ્દર્શન, જ્ઞાન તો અંતર દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય એવું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સમજાય છે? એ તો પછી બીજી વાત કરી છે.

અહીં તો આપણે એટલું (લેવું છે કે), 'વર્તમાનમાં પરમાત્માનું દર્શન કરનાર પણ પોતાના શરીરની અંદર જ દેખે છે, ભવિષ્યમાં પણ જે કોઈ પરમાત્માને જોશે તે પોતાના શરીરરૂપી મંદિરમાં જ જોશે.' ત્રણકાળની વાત સિદ્ધ કરી. આપણે સાર સાર એમાંથી (લઈએ છીએ). સમજાણું કાંઈ? અનંત કાળમાં જેટલા આત્માઓ થયા, મોક્ષને પામ્યા કે સમ્યગ્દર્શન, જ્ઞાનને પામ્યા એ અંદર આત્માની ભીતરમાંથી-અંતરથી પામ્યા છે. કહો, બરાબર હશે? હેં? અને વર્તમાન પામે તે પણ અંતરમાં દર્શન કર્યે પામે છે. ભવિષ્યમાં પામશે તો અંતરમાં આ આત્માને જોયે અંદર આત્મા મળશે. આ આત્માને કોઈ ભૂતકાળમાં બહારથી દેખીને માન્યા, વર્તમાનમાં વળી અંદરથી દેખીને પામે અને ભવિષ્યમાં વળી બીજી રીતે પામે, એમ હશે? સમજાણું કાંઈ?

ચાહે તો તીર્થ હોય 'સમેદશીખર' ને ચાહે તો 'શેત્રુંજય' ને ચાહે તો મંદિર (હોય), બધા ભગવાન સર્વજ્ઞ પરદ્રવ્ય કેવા હતા એના સ્મરણ માટે નિમિત્ત છે. સમજાણું કાંઈ? આત્માનું સ્મરણ, એટલે સ્મરણ ક્યારે થાય? કે, પહેલો એનો અવગ્રહ, વિચારધારા થાય ત્યારે ને? તો એને પકડીને વિચારધારા ક્યાંથી પ્રગટે? અંદર લક્ષ કરે ત્યારે પ્રગટે કે બહારના

www.vitragvani.com



લક્ષે પ્રગટે? હેં? તો શેના આ બધા મોટા મંદિર કરાવો છો? આ ત્રણ-ત્રણ લાખના મંદિર! સારું થાય છે. 'રામજીભાઈ' કહે છે, તમારે 'અમદાવાદ'માં સારું થશે, હોં! મોટા શેઠિયા કહેવાઓ છો. ભલે એના છોકરાના બાપ તો કહેવાઓ. કહો, સમજાણું કાંઈ? સાધારણ ન પાલવે. પ્રમુખ તમારા છે કે નહિ? ઇ તમને કહે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! સમજાય છે કાંઈ?

આ આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ સંપન્ન છે, તો આ આત્માની પ્રાપ્તિ આત્મા સામું જોઈને થાય એવું છે કે પર સામું જોઈને થાય એવું છે? આ આત્મા અંતરમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો આત્મા બિરાજમાન અહીં છે. હવે એ આત્માને સામું જોવું હોય તો ક્યાં જોવું? આમ (બહાર) જોવું? અંતરમાં અંદર દેખ્યે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે, એ તો અંતરમાં દેખ્યે એ ભાવ જણાય એવો છે. માટે ખરેખર આત્માને આ દેહ એ જ દેવાલય છે, દેહ એ જ દેવાલય છે અને દેહ એ જ તીર્થ છે કે જ્યાં આત્મા પ્રાપ્ત થાય છે. બીજા દેહ અને દેવાલયમાં ન્યાં કંઈ આત્મા પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..! ભારે વાત કરી છે. ભાઈ!

મુમુક્ષુ :- છ આવશ્યકમાં દેવ દર્શન તો પહેલું આવે છે.

ઉત્તર :- દેવદર્શન છે ને. પરદેવને? કે આ દેવ? કયા (દેવ)? આ શું ચાલે છે? આ ૪૨ મી ગાથામાં શું કીધું? જુઓ! 'तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि' તીર્થમાં, દેવમાં આ દેવ નથી. તીર્થમાં અને દેવાલયમાં આ દેવ નથી એમ શ્રુતકેવળી કહે છે.

મુમુક્ષુ :- એતો પર છે ને તેથી.

ઉત્તર :- એ તો પર છે. ન્યાં ક્યાં આ આત્મા હતો? એ માટે તો માંડી છે અહીં.

યોગ-અંદર આત્માનો યોગ. આમ જોડાય એ આમ જોડાય? મંદિર ને તીર્થમાં જોયે આત્મા જોવાતો હશે? સમજાણું કાંઈ? આહા! ભારે વાત.

'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત છે. એ પોતે ૪૨ માં કહે છે. એલા, શરીર ખરેખર તીર્થ નથી. બધું બહાર ઊડાડી દીધું. અહીં જા અને અંદર જો, એમ કહે છે. 'રતનલાલજી'! લોકોને રાડ પડી જાય. હાય.. હાય..! સાંભળને! એ તો ભગવાન કેવા હતા એનું જ્ઞાન પરોક્ષ કરવા સ્મરણમાં એ નિમિત્ત છે. સમજાણું? અથવા જ્યાં જ્યાં ભગવાન મોક્ષ પધાર્યા ત્યાં આગળ ઉપર બિરાજે છે. એનું સ્મરણ (થાય) કે, ઓહોહો..! પણ એ તો પરના દ્રવ્યના પરમાત્માના સ્મરણમાં એ નિમિત્ત છે. આ ભગવાનઆત્માના સ્મરણ માટે તો અંદરમાં જાય તો સ્મરણ થાય એવું છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :- પોતાના હિત માટે પણ નિમિત્ત સામું જોવું જ નહીં?

ઉત્તર :- નિમિત્ત સામું જોયે, આને જોયો નથી, એમ છે. આ 'યોગસાર' છે. યોગ એટલે આત્મા શુદ્ધ ચિદાનંદમાં જોડાવું, એકાકાર થવું. એ આમ (બહારમાં) એકાકાર થયે

www.vitragvani.com



આમ (અંદર) એકાકાર થાય એમ છે નહિ. એ. 'ન્યાલભાઈ'! પહોંચ્યા તો ત્યાં વળી ચોંટ્યા, ત્યાં મુક્તિ અને મોક્ષ છે. એ તો એક શુભભાવ હોય છે ત્યારે સ્મરણમાં ભગવાનના સ્મરણ માટે આવા ભગવાન હતા, એ સ્મૃતિને પાછી વાળવી છે અંદરમાં. એ સ્મૃતિ તો પરલક્ષી થઈ છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ પરમેશ્વર, એવો હું છું એવું એને અંતરમાં જાય તો એની શક્તિની પ્રતીત થાય. કે બહારમાં દેખ્યે પ્રતીત થતી હશે? 'સમેદશીખર' દેખે ને 'શેત્રુંજય' દેખે. બે હજારના જૂના દેવળ છે ને પાંચ હજારની જૂની પ્રતિમા છે, એનાથી પણ લાખ વર્ષ જૂની હોય. તો શું છે? પણ આ અનંતકાળનો જૂનો આ આત્મા છે ઇ? હેં? આહાહા..!

જ્યારે જે જીવો અનંત થયા, એણે આ આત્મામાં અંતર જોયું. આત્મા અનંત આનંદકંદ છે. એમ અંતર જોયું ત્યારે આત્માની પ્રાપ્તિ થઈ. કોઈ દિ' બહાર દેખીને આત્માની પ્રાપ્તિ થાય એવું ભૂતકાળમાં કોઈ જીવનું બન્યું નથી. વર્તમાનમાં બનતું નથી, ભવિષ્યમાં બનશે નહિ. જે જીવ, આત્મા અખંડાનંદ પ્રભુ, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય(માં) અંતર યોગ કરશે, જોડશે ત્યારે એનું જ્ઞાન થશે અને ત્યારે એનું કલ્યાણ થશે. આહા..! કહો, સમજાણું કાંઈ? પછી તો એણે લાંબી વાતું કરી છે, એનું કાંઈ નહિ.

'કોઈ સાધુની મૂર્તિ જોઈને પ્રશ્ન...' કરે. લ્યો! સાધુની મૂર્તિને દેખીને કોઈ પ્રશ્ન કરે તો એ સાચી વાત છે? એ મૂઢ છે કે નહિ? ન્યાં ક્યાં સાધુ હતા? (એ તો) સાધુની મૂર્તિ છે. સમજાણું કાંઈ? મૂર્તિ દેખીને પૂછે કે, મહારાજ! આનું શું? તું મૂઢ છો. ન્યાં ક્યાં સાધુ હતા? એ તો સ્થાપના છે. એમ ભગવાનની સ્થાપના (કરી હોય એમાં) ક્યાં ભગવાન ન્યાં હતા? સમજાણું કાંઈ? એટલું થોડું થોડું ઠીક છે. કોઈ કોઈ બોલ હવે ૪૩.

---

## દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી.

देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएह।
हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ।।४३।।

તન-મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩.

અન્વયાર્થ :- (जिणु देउ देहा देवलि) શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે. (जणु देवलिहि जिएइ) અજ્ઞાની જીવ મંદિરોમાં જોયા કરે છે (महु हासउ पडिहाइ) મને હસવું આવે છે (इहु सिद्धे भिक्ख भमेइ) જેમ કોઈને આ લોકમાં ધનાદિની સિદ્ધિ હોવા છતાં પણ તે ભીખ માગતો ફરે તેમ.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી.' જાઓ! ઓલામાં (-૪૨ ગાથામાં) આ તીર્થ અને મંદિર છે એમ કીધું. હવે દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી (એમ કહે છે). એ તો પરોક્ષ વ્યવહાર દેવ છે.

મુમુક્ષુ :- બીજા સંપ્રદાયવાળા આ ગાથાનો આધાર નિષેધ માટે આપે છે.

ઉત્તર :- આપે છે. આ નિષેધ માટે આ તારણસ્વામીવાળા, આ સ્થાનકવાસી લોકો આનું આપે. જોયું આ? આ તો આત્માનો અંદર (ઉપયોગ) પ્રયોગ કરે ત્યારે આ સાધન અંતરમાં હોય છે. પણ જ્યારે અંદર ઠરી શકતો નથી ત્યારે ભગવાન પરમાત્મા, મંદિર, દેવ એનો શુભભાવ હોય છે, હોય છે. એ નથી એમ માને તોપણ મૂઢ છે અને એનાથી થાય એમ માને તોપણ મૂઢ છે. અરે...! સમજાણું કાંઈ? બાહ્ય તીર્થ ને મંદિર ને ભક્તિ, પૂજાનો ભાવ હોય જ નહિ, એમ માને તો એ વ્યવહારને માનતો નથી. વ્યવહાર છે ખરો પણ એનાથી આત્માની પ્રાપ્તિ થાય એમ માને તો વ્યવહાર અને નિશ્ચય એક થઈ ગયા. મૂઢ થઈ ગયો. સમજાણું કાંઈ? ૪૩.

देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएह।
हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ।।४३।।

'શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે.' આ જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે. આ જિનેન્દ્રદેવ, હોં! પોતાનો છે ને? ત્યાં ('સમયસાર'માં) ૩૧ મી ગાથામાં કેવળીની સ્તુતિમાં આત્મા નાખ્યો છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીની સ્તુતિ કેમ થાય? એમ ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને પ્રશ્ન કર્યો. 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું કે, આ આત્માની અંદર અતીન્દ્રિયનો અનુભવ કરે ઇન્દ્રિયાતીત થઈને તો એ કેવળીની સ્તુતિ કરી કહેવામાં આવે. સમજાણું કાંઈ?

'શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે.' આ જિનેન્દ્ર અહીં છે. 'जणु देवलिहि जिएइ' 'અજ્ઞાની જીવ મંદિરોમાં જોયા કરે છે.' ન્યાં આ ભગવાન બિરાજે છે એમ માને છે. ન્યાં તો ભગવાનની સ્થાપના છે. ત્યાં તો સાક્ષાત્ ભાવનિક્ષેપે ભગવાન ત્યાંય નથી. પર ભગવાન પણ ત્યાં નથી. હેં? વિવેક વિના ન્યાં જ આની સામું જોયે મારું કલ્યાણ થઈ જશે અને અંદરનું સમ્યગ્દર્શન થઈ જશે અને સમ્યગ્જ્ઞાન થઈ જશે, (એમ માને તો) મૂઢ છે. એમ અહીં કહે છે.

અજ્ઞાની 'जणु देवलिहि जिएइ' મંદિરોમાં જોવે છે. ન્યાં ભગવાન છે, ન્યાં ભગવાન છે, ન્યાં ભગવાન છે. હે ભગવાન! આપી દ્યો મને, આપી દ્યો. શિવપદ મને દેજો રે મહારાજ! તારું શિવપદ ત્યાં છે? તારું શિવપદ તો અહીં છે. જે હોય એ તો વાત લેવી ને? તમારે મંદિર થાતું હોય તો શું? નવું થાય છે એટલે જાણે...

મુમુક્ષુ :- તો પછી દર્શન કરી વખતે ત્યાં શું કહેવું?

ઉત્તર :- કહેવું ન્યાં શું? આમ બોલે ભલે, પણ એનો વિવેક જોઈ ઇ કંઈ આપે એવા નથી. મારું શિવપદ તો મારી પાસે છે, આ તો એક ભક્તિનો ભાવ છે. આહાહા..! બાહ્ય ભક્તિ તો..... અંતરની ભક્તિ તો અંદરમાં ઊતરે ઇ ભક્તિ છે. જ્ઞાનાનંદ સ્વરૂપ, એની અંદરમાં એકાકાર થઈને અનુભવ કરવો એ આત્માની ભક્તિ છે. જેની સામું જોઈને ઠરે એની ભક્તિ ઇ છે. સામું જોઈને એમાં ઠરે તો એ પરભક્તિ છે, વ્યવહાર છે. હોય છે વ્યવહાર, વ્યવહાર નથી એમ નહિ. પૂર્ણ વીતરાગ ન થાય એટલે એવો વ્યવહાર હોય છે, પણ કોઈ એમ માને કે એ વ્યવહાર દ્વારા અંદરમાં નિશ્ચય થશે, એ વાત ખોટી. એ વાત અહીંયાં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, 'मह हासउ पडिहाइ' અરે..! 'મને હસવું આવે છે.' મોટો રાજા 'આ લોકમાં ધનાદિની સિદ્ધિ હોવા છતાં તે ભીખ માગતો ફરે છે...' મોટો રાજા હોય ને ભીખ માગે, ભાઈસાહેબ! કાંઈક દેજો, રોટલી દેજો. એમ ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન અહીં બિરાજે અને માંગે પર પાસે. પરદેવાલયમાં અને મંદિરમાં માગે કે, મને મોક્ષ આપજો. ઇ છે એમાં? 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવ.' છે કે નહિ એમાં? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! અહીં તો 'યોગસાર' છે ને? યોગ નામ પોતામાં જોડાણ થાય ત્યારે યોગ કહેવાય કે પરમાં જોડાણ થાય ઇ 'યોગસાર' કહેવાય? પોતામાં, જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમાં એકાકાર થવાથી યોગસાર કહેવામાં આવે છે. યોગ સાર નથી, યોગ છે ભલે વ્યવહાર, સાર નથી. સાર તો આ યોગસાર છે. સમજાણું કાંઈ? આહાહા..! બીજી રીતે કહીએ તો એ યોગ તો અસત્ય છે, આ યોગ જ સત્ય છે. એ યોગ વ્યવહાર છે, આ યોગ નિશ્ચય છે. વ્યવહાર યોગ અસત્યાર્થ છે, નિશ્ચય યોગ સત્યાર્થ છે. સમજાણું કાંઈ? અરે...!

મુમુક્ષુ :- બીજો રંગ..

ઉત્તર :- બીજો રંગ હોય, શુભભાવનો હોય. બીજું શું છે? જ્યારે હોય ત્યારે શુભભાવ હોય ત્યારે ભગવાન આમ છે. એમ પણ કહે, હે પ્રભુ! તમારી ભક્તિથી... જુઓને! 'શ્રીમદ્'નું એક વાક્ય નથી? 'ભજીને ભગવંત ભવ અંત લહો, ભજીને ભગવંત ભવ અંત લહો' એ... 'ન્યાલભાઈ'! 'ભજીને ભગવંત..' બીજા એમ બોલે કે, ઓલા ભગવાનને ભજીને ભવ અંત વળી ગયો. શબ્દ આવા છે. આવે છે ને? 'શુભ શીતળતામય છાંય...' ભાષા તો ઠીક. ભવ અંતની જ વાત લ્યે છે. પાછું ઓલું (આવે છે), 'ભજીને ભગવંત..' આ ભગવાનને ભજીને. એ ભગવાન એમ કહે છે, એનું ભજન ત્યારે વ્યવહારે કહેવાય કે ઇ એમ કહે છે કે તારા સ્વરૂપનું ભજન કર ત્યારે ભવનો અંત આવશે. સમજાણું કાંઈ? અમારા સ્મરણ કર્યા કરે, અમારી સામું જોઈને મરી જાય તો કંઈ તારું કલ્યાણ થાય એવું નથી.

હે વીતરાગમાર્ગ! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞનો માર્ગ એવો છે, જગતને આમ એકાંત માનીને બેસી જાય છે કે, ન્યાંથી અમારો મોક્ષ થશે, એ મૂઢ છે. તેમ આત્માના સ્વરૂપનો

www.vitragvani.com



આશ્રય કરીને પૂર્ણ સ્થિરતા ન થાય ત્યાં સુધી એવું સ્મરણ અને ભક્તિનો ભાવ આવ્યા વિના રહે નહિ. અશુભથી બચવા માટે (આવે છે). સ્થિરતાનો શુદ્ધ ઉપયોગ ન હોય (ત્યારે) અશુભથી બચવા એવો શુભભાવ હોય છે. પણ એ વ્યવહારથી અંદરમાં કલ્યાણ થશે એમ માની લ્યે એ વાત (ખોટી). આહાહા..! સામું જોવું છોડી અંદરમાં જોશે, એ ભગવાન અંદરમાં પૂર્ણાનંદનો નાથ બિરાજે (છે). 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એ અંદરમાં જોશે ત્યારે એનું કલ્યાણ થશે. જ્ઞાનથી જોવે, શ્રદ્ધાથી માને, સ્થિરતાથી ઠરે. એમાં ઠરે અને એને જોવે. એને માને, ઠરે કે બહારથી આવતા હશે? આહાહા..! કહો, સમજાણું કાંઈ? જે વાત હોય એ સ્પષ્ટ તો આવવી જોઈએ કે નહિ?

લોકમાં મોટો ધનાઢ્ય હોય અને ઘરના.. અહીં કહેવાનો આશય એવો છે કે, પુંજી છે ઘરમાં... સમજાય છે? પુંજી સમજાય ને? લક્ષ્મી છે ઘરમાં અને માંગવા જાય ત્યાં. એમ આ લક્ષ્મી અહીં અંદરમાં પડી છે. અનંત કેવળજ્ઞાનાદિ લક્ષ્મી તો અહીં છે, ભીખ માંગે ભગવાન પાસે, બહારના ભગવાન પાસે. હે ભગવાન! આપજો, કાંઈક આપજો. ઇ ભગવાન કહે છે કે, તારી પાસે છે, મારી પાસે નથી. સમજાણું કાંઈ? જુઓ!

'અહીં એ વાત ઉપર લક્ષ દોર્યું છે કે જે લોકો ફક્ત જિનમંદિરોની બાહ્ય ભક્તિથી જ સંતુષ્ટ થાય છે અને પોતાને ધર્માત્મા સમજે છે તથા એ બાબતનો બિલકુલ વિચાર નથી કરતા કે આ મૂર્તિ શું શીખવે છે અને આપણા દર્શન, પૂજન કરવાનો હેતુ શું છે,...' કાંઈ સમજે નહિ. 'કાંઈક શુભભાવથી પુણ્ય બાંધી લે છે પરંતુ તેમને નિર્વાણનો માર્ગ દેખાતો નથી. અંતરંગ ચારિત્ર વિનાનું બાહ્ય ચારિત્ર તે રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયોગ છે.' બાહ્ય ચારિત્ર છે ને એ બધું? પૂજા, ભક્તિ આદિ બાહ્ય ચારિત્ર છે, વ્યવહાર છે. વિકલ્પ. એ અંતરંગ વિના ચારિત્ર, અંતરમાં રમણતા વિના એ બહારનું ચારિત્ર 'રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયોગ છે.' રેતીમાંથી તેલ કાઢવું. 'સમ્યગ્દર્શન વિના...' એટલે શું કહે છે? પોતાનું જે સ્વરૂપ છે તેને અંતર્મુખથી પ્રતીત કર્યા વિના 'બધાય શાસ્ત્રનું જ્ઞાન અને બધું જ ચારિત્ર મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે.' કહો, સમજાણું આમાં? આહાહા..! એમ કરીને ઘણી વાત લીધી છે.

થોડુંક છેલ્લું લીધું છે. ૧૭૯ માં. 'જેણે આત્મદેવને શરીરની અંદર જોઈ લીધો તેને પછી બહારની ક્રિયામાં મોહ થઈ શકતો નથી.' બાહ્ય ક્રિયા આવે ખરી પણ મોહ નહિ. 'કારણવશ અશુભથી બચવા માટે તે બાહ્ય ક્રિયા કરે છે તોપણ તેને નિર્વાણનો માર્ગ માનતો નથી.' આ સાવ સાર છે. લક્ષમાં હોય એ બધું આવી જાય છે. બાકી બધી લાંબી વાત ઘણી છે. 'સમયસાર'નો દાખલો આપ્યો છે. 'જે પરમાર્થથી બાહ્ય છે...' 'સમયસાર' છે ને? **'परमट्ठबाहिरा'** પરમાર્થ ભગવાનઆત્મા. (ત્યાં) પુણ્યનો અધિકાર છે એટલે પુણ્યભાવ તો શુભભાવ છે અને શુભભાવમાં લક્ષ તો પર ઉપર જાય છે. સ્વભાવ ચૈતન્યસ્વરૂપ, જેને

www.vitragvani.com



એની દૃષ્ટિ નથી, એનો આશ્રય નથી એવા પરમાર્થથી બાહ્ય જીવો, 'નિશ્ચયધર્મને જાણતા નથી.' સાચા ધર્મને સમજતા નથી. 'મોક્ષના માર્ગને નહિ જાણતા થકા અજ્ઞાનથી સંસારભ્રમણના કારણરૂપ પુણ્યને જ ઇચ્છે છે,...' એ શુભભાવની ભાવના જ હોય છે. એનાથી મુક્તિ થાશે એમ માને છે. 'પુણ્યકર્મનો બંધ કરનાર ક્રિયાને નિર્વાણનું કારણ માની લે છે.'

બીજો દાખલો આપ્યો છે. મોક્ષમાર્ગનો સમયસારનો 'કોઈ ઘણા કષ્ટથી મોક્ષમાર્ગથી વિરુદ્ધ અસત્ય વ્યવહારરૂપ ક્રિયાઓ કરીને કષ્ટ ભોગવે તો ભોગવો...' મિથ્યાદૃષ્ટિ અન્ય અને કોઈ જૈનમાં રહેલા 'જૈનોના મહાવ્રત અને તપના ભારથી પીડિત થતા થકા કષ્ટ ભોગવે તો ભોગવો, પરંતુ તેમનો મોક્ષ નહિ થાય.' પર તરફના લક્ષમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપથી ક્યારેય મુક્તિ થતી નથી. અરે! વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર... વ્યવહાર છે ખરો પણ એનાથી નિશ્ચય પમાતો નથી એમ અહીં સિદ્ધ કરવું છે. પરના યોગે સ્વયોગ પમાતો નથી. 'યોગીન્દ્રદેવ' (એમ કહે છે), શ્રુતકેવળી એમ કહે છે, શ્રુતકેવળી એમ નિશ્ચયથી કહે છે. સમજાણું? ઇ ૪૩ (ગાથા પૂરી) થઈ.

---

સમભાવ રૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખો.

मूढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति।
देहा-देवलि देउ जिणु सो बुज्झहि समिचिति।।४४।।

નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ, ચિત્ર;
તન-મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪.

અન્વયાર્થ :– (मूढा) હે મૂર્ખ! (देउ देवलि णवि) દેવ કોઈ મંદિરમાં નથી (सिलि लिप्पइ चित्ति णवि) ન દેવ કોઈ પાષાણ લેપ કે ચિત્રમાં છે (जिणु देउ देहा-देवलि) જિનેન્દ્ર પરમાત્મા શરીરરૂપી દેવાલયમાં છે. (समचित्ति सो बुज्झहि) તે દેવને સમભાવથી ઓળખો અથવા તેનો સાક્ષાત્કાર કરો.

---

૪૪. 'સમભાવ રૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખો.' ઓલા બેમાં નકાર કર્યો ને? હવે અહીં દેખવામાં સાધન શું? એમ કહે છે. આ તીર્થ ને મંદિર આ છે એમ કહ્યું. દેવાલયમાં દેવ નથી. અજ્ઞાની માને છે, એમ કહ્યું. ત્યારે હવે અહીં દેખવામાં કરવું શું? ક્યા ભાવે આત્મા દેખાય? સમજાણું કાંઈ?

मूढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति।
देहा-देवलि देउ जिणु सो बुज्झहि समिचिति।।४४।।

www.vitragvani.com



વજન અહીં છે. ઓલા પર દેવ, દેવાલયમાં તો શુભરાગ છે, શુભ વિકલ્પ છે, પરનું સ્મરણ છે. ભગવાનઆત્માને અંદર દેખવામાં 'समचित्ति' સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન એ દ્વારા આત્મા જણાય એવો છે. કહો, સમજાણું કાંઈ? 'समचित्ति' કેમ કીધું? બહારના પરમુખમાં તો શુભરાગ થાય. દેવાલય, દેવ, મંદિર, દર્શન, ભક્તિ એમાં શુભરાગ છે. શુભરાગથી ચૈતન્યમૂર્તિ દેખાતી નથી.

ચૈતન્યમૂર્તિ ભગવાન રાગથી રહિત સમભાવ અરાગી જ્ઞાન, અરાગી શ્રદ્ધા, અરાગી સ્થિરતા દ્વારા અંતરમાં અવલોકન થાય છે. સમજાણું કાંઈ? એ 'समचित्ति' યોગ છે. સ્વભાવ પૂર્ણાનંદનું માહાત્મ્ય આવીને જે સ્થિરતા, અંદરમાં એકાગ્રતા (થાય) એ એકાગ્રતાને અહીં સમભાવ કહેવામાં આવે છે. બહારની અંદરમાં એકાગ્રતા થાય એને તો વિષમભાવ શુભરાગ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિજ પ્રભુ આત્મા એ બિરાજે છે, એને જોવામાં તો સમભાવ જોઈએ. પરને જોવામાં તો રાગ હોય, શુભભાવ હોય છે. સમજાણું કાંઈ?

'હે મૂર્ખ! દેવ કોઈ મંદિરમાં નથી, ન દેવ કોઈ પાષાણ લેપ કે ચિત્રમાં છે...' સમજાણું કાંઈ? 'जिणु देउ देहा-देवलि' 'જિનેન્દ્ર પરમાત્મા શરીરરૂપી દેવાલયમાં છે.' જુઓ! એ જિનેન્દ્ર એટલે આત્મા. 'जिणु' કહ્યું છે ને? 'जिणु'. એ જિનદેવ તો આ આત્મા છે. 'जिणु देउ' જિનદેવ તો 'देहा-देवलि' શરીરરૂપી દેવાલયમાં ભગવાન અહીં બિરાજે છે. તારો જિનેન્દ્ર તો અહીં બિરાજે છે. વીતરાગમૂર્તિ આત્મા, આત્મા જ જિનેન્દ્ર છે. જિનેન્દ્ર નામ વીતરાગનો ઇન્દ્ર છે. એટલે આત્મા જ પોતાના વીતરાગી સ્વભાવનો જ ઈશ્વર છે. પોતાનું ત્રિકાળ વીતરાગ સ્વરૂપ છે, અકષાય સ્વરૂપ છે, અનાકુળ સ્વરૂપ છે, બેહદ શાંત સ્વરૂપ છે. એવો વીતરાગ એનો ઈશ્વર એ આત્મા પોતે જ જિનેન્દ્ર છે. સમજાણું કાંઈ? અરે..! ભાઈસાહેબ! હું જિનેન્દ્ર હોઉં? તું જિનેન્દ્ર ન હો તો જિનેન્દ્ર થાઈશ ક્યાંથી? પર્યાયમાં–અવસ્થામાં જિનેન્દ્ર આવશે ક્યાંથી? જિનેન્દ્ર ભગવાનઆત્મા પોતે સ્વરૂપે ન હોય તો પર્યાયમાં–અવસ્થામાં જિનેન્દ્ર થશે ક્યાંથી?

મુમુક્ષુ :– હે ભાઈ! હે સખા! હે ભવિ... એમ આવે છે ને

ઉત્તર :– એ તો બધું સંબોધન ગમે ઇ કરે. હે ભવિ! એમાં સંબોધનો ગમે તેમ કરે એનું કાંઈ નહિ.

'समचित्ति सो बुज्झहि' 'તે દેવને સમભાવથી ઓળખો અથવા તેનો સાક્ષાત્કાર કરો.' લ્યો! આ સાર અહીં છે. ન્યાં 'પરમાત્મા દેવ ઇંટ અને પાષાણના બનેલા મંદિરમાં નહિ મળે.' ન્યાં પરમાત્મા નહિ મળે. કહો? 'નહિ પરમાત્માના દર્શન કોઈ પાષાણ કે ધાતુ કે માટીની મૂર્તિમાં થાય, કે નહિ કોઈ ચિત્રમાં થાય..' લ્યો! 'પોતાનો આત્મા જ સ્વભાવે પરમાત્મા જિનદેવ છે.' અહીં નાખ્યું. અહીં જ છે. ભગવાનઆત્મા વીતરાગી પિંડ આત્મા ધ્રુવ, શાશ્વત ચિદાનંદ મૂર્તિ છે. એ પોતે જ જિનેન્દ્રનું સ્વરૂપ છે. જિન અને જિનવરમાં કાંઈ ફેર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એવો આ જીવ તે પોતે જિનેન્દ્ર છે એના દર્શન અંતરમાં સમભાવથી થાય છે. સમભાવ એટલે પર તરફના વલણવાળો રાગ, તેને છોડી સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન જે સમભાવરૂપ છે, એનાથી ભગવાન જિનેન્દ્ર દેખાય છે. એનાથી શ્રદ્ધાય છે, એનાથી જણાય છે. આહાહા..!

'યોગીન્દ્રદેવ' મુનિ હતા, દિગંબર સંત જંગલમાં વસતા હતા. એણે દુનિયાને આ કહ્યું છે. જૈનધર્મનું રહસ્ય આ છે. સમજાણું કાંઈ? એ રહસ્યનો ધરનાર ભગવાન તું છો. તારી સામું જોયે તું પરમાત્મા થા એવો છો. પરની સામું જોયે તું પરમાત્મા થા એવો નથી. ઓશિયાળાને (એમ થાય) આમ થશે, ધર વિના મારે ચાલે નહિ, પર વિના ચાલે નહિ. પરના લક્ષ વિના ચાલે નહિ, પરના જ્ઞાન વિના ચાલે નહિ, પરના આધાર વિના ચાલે નહિ. એ પામર થઈ ગયો એટલે એને પોતાની સ્વતંત્રતાનું ભાન નથી. સમજાણું કાંઈ? એ તો એકાંતમાં શુભભાવનું નિમિત્ત છે, એમ કહે છે. એટલું. સમજાણું? બાકી લાંબી લાંબી વાત કરે છે. એ તો બધું ચાલે. હવે ૪૫ (ગાથા).

---

## જ્ઞાની જ શરીરરૂપી મંદિરમાં પરમાત્માને દેખે છે.

तित्थइ देउलि जिणु सव्वु वि कोइ भणेइ।
देहा-देउलि जो मुणइ सो वुहु को वि हवेइ।।४५।।

તીર્થ-મંદિરે દેવ જિન, લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ. ૪૫.

અન્વયાર્થ :- (सव्वु वि कोइ भणेइ) સર્વ કોઈ કહે છે કે (तित्थइ देउलि देउ जिणु) તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે. (जो देहा देउलि मुणइ) જે કોઈ દેહરૂપી મંદિરમાં જિનદેવને દેખે છે, માને છે (स को वि बुहु हवेइ) તે કોઈ જ્ઞાની જ હોય છે.

---

'જ્ઞાની જ શરીરરૂપી મંદિરમાં પરમાત્માને દેખે છે.' શરીરરૂપી આત્માનું મંદિર, એ આત્મા ત્યાં દેખે છે. કોઈ બીજા મંદિરમાં આ આત્મા દેખાતો નથી. અહીં 'દેખે'થી ઉપાડ્યું છે. ઓલું નહોતો દેખતો એમ હતું. સમજાય છે? નહોતો દેખતો, આમ છે, આમાં દેવ છે હવે દેખે છે અહીં, એમ કહે છે.

तित्थइ देउलि जिणु सव्वु वि कोइ भणेइ।
देहा-देउलि जो मुणइ सो वुहु को वि हवेइ।।४५।।

'સર્વ કોઈ કહે છે કે તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે.' અજ્ઞાનીઓ બધા એમ કહે છે કે, ભગવાન ત્યાં બિરાજે છે. ઓલા આક્ષેપ કરે, જુઓ! તમારામાં આમાં લખ્યું

www.vitragvani.com



છે. અરે...! સાંભળને હવે, ભાઈ! આ તો સ્થાપના નિક્ષેપને આત્મા ત્યાં માની લ્યે છે. ઓલો ભાવનિક્ષેપ માને એ તો ભૂલ છે. સ્થાપનામાં ભાવ ભગવાન છે એમ માને એ ભૂલ છે, પણ એ સ્થાપનામાં આ આત્મા માને તો એ મોટી ભૂલ (છે) એમ કહે છે, અહીં તો ઇ વાત છે. સમજાણું કાંઈ? અને સ્થાપના નથી એમ માને તો પણ ઇ મૂઢ જીવ છે. વસ્તુ નથી કંઈ? પોતાને જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા ભાષાએ વ્યવહાર (આવે છે), બાકી તો શુભભાવ એ કાળે એ જાતનો હોય છે. એ જાતનો, હોં! ભક્તિનો, એમ. દયાનો રાગ હોય ત્યારે દયાનો, સ્મરણનો હોય ત્યારે સ્મરણનો, ભક્તિનો એ જાતનો રાગ તે કાળે આવે છે, હોય છે પણ અહીં તો કહે છે કે, ત્યાં તું આત્માને જોવા માંગીશ તો ત્યાં આત્મા નહિ મળે. સમજાણું કાંઈ? એનો ઓલો (તો) એકાંત ત્યાં માનીને આત્મા પ્રાપ્ત થશે, ત્યાંથી મને સમકિત થશે (એમ માને છે). સમકિત તો સ્વભાવ સન્મુખ થવાથી થાય છે. એ પરના સન્મુખથી તો વ્યવહાર સમકિત, (ત્યાં) શ્રદ્ધાનો વિષય પર છે.

મુમુક્ષુ :– વ્યવહાર સમકિત તેને નહીં થાય.

ઉત્તર :– બિલકુલ ન થાય, એ માટે તો અહીંયાં વાત કરે છે. આમ જોયે આમ નહિ થાય, છતાં એ જોવું એ છે ખરું. જ્યાં સુધી પૂર્ણ પોતાના સ્વરૂપમાં ઠરે નહિ ત્યાં સુધી એવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. વ્યવહારને ન માને (અને) એકાંત નિશ્ચય માને તો એ મૂઢ છે અને એ વ્યવહાર દ્વારા આત્માને જોશે એમ માને તોપણ મૂઢ છે. કહો?

'સર્વ કોઈ કહે છે કે તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે. જે કોઈ દેહરૂપી મંદિરમાં જિનદેવને દેખે છે, માને છે તે કોઈ જ્ઞાની જ હોય છે.' જ્ઞાની, કોઈ ધર્માત્મા (દેહરૂપી) મંદિરમાં આત્મા દેખે (છે). સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ, એને આ દેહ દેવાલયમાં દેખે છે એ જ્ઞાની છે. ઓલો અજ્ઞાની ન્યાં ભગવાન દેખે છે એ અજ્ઞાની છે એમ કહે છે. વ્યવહાર તરીકે જાણે એ જ્ઞાની છે. વ્યવહાર તરીકે જાણે કે, ભક્તિ છે, શુભ વ્યવહાર છે, ભગવાનની સ્થાપના છે, ભગવાન અહીંયાં સાક્ષાત્ બિરાજતા નથી. અમારા ભગવાનનો મને ઉપકાર વર્તે છે, અમારે ઉપકારીનો ભાવ પ્રસિદ્ધ કરવા ભગવાનની મૂર્તિની ભક્તિ છે. એમ જાણે તો એ અજ્ઞાની નથી, પણ એનાથી મારું કલ્યાણ, કેવળજ્ઞાન અંદર થઈ જશે કે સમકિત થશે એમ ન્યાં ભગવાનને માને તો એ મૂઢ અજ્ઞાની છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, 'ભગવાનભાઈ'!

(સંવત) ૧૯૮૨માં કહ્યું હતું. એક ભાઈ હતા ને? ઓલા કેવા, 'મણિલાલ સુંદરજી' કે શું નામ (હતું)? 'મણિલાલ સુંદરજી' 'વઢવાણ'વાળા. વૈદ્ય, વૈદ્ય હતા. ૧૯૮૨માં 'વઢવાણ' ચોમાસુ હતું ને? 'વઢવાણ'. પછી રાત્રે બેઠા હતા. પાંચ-સાત-દસ જણા બેઠા હતા. પછી કીધું, જુઓ! ભાઈ! એવી વાત છે. એક જણાએ (બીજાના) બાપને સો રૂપિયા આપેલા.

www.vitragvani.com



હવે ઇ આપેલા (એટલે) નામામાં ઉપરટપકે લખેલું, બહુ વિસ્તાર નહિ. પછી બેય મરી ગયા. ત્યારે (જેણે) સો રૂપિયા આપેલા (એણે કહ્યું), મારા બાપે તારા બાપને દસ હજાર આપ્યા હતા. સો ઉપર બે મીંડાં ચડાવ્યા. સો રૂપિયા આપ્યા હતા પછી બે મીંડાં ચડાવીને દસ હજાર (કર્યા અને કહ્યું), તારા બાપને મારા બાપે દસ હજાર આપ્યા હતા, લાવો. ઓલો છોકરો કહે કે, હું ચોપડા જોઈશ. ચોપડામાં જોયું (તો) સો નીકળે છે. પણ જો સો કબુલવા જઈશ તો (સામે) દસ હજાર માગે છે. (એટલે એણે કહ્યું), સો પણ નથી (આપવાના નીકળતા). ઓલાએ બે મીંડા ચડાવ્યા, ઓલાએ કાઢી નાખ્યા. એમ કીધું, આ શ્વેતાંબરે એટલા બધા માથે દાગીના (ચડાવીને) ભગવાનને મીંડાં ચડાવી દીધા. સ્થાનકવાસી પાસે માંગ્યું (તો) એણે મૂળમાંથી કાઢી નાખ્યું. એ..ઇ...! 'હરિભાઈ'!

(સંવત) ૧૯૮૨ની વાત છે. ચાલીસ વર્ષ થયા. અપાસરામાં રાત્રે બેઠા હતા. 'મણિલાલ સુંદરજી' હતા. જુઓ! ભાઈ! મૂર્તિ તો છે, કહો શું કહેવું છે તમારે? પણ મૂર્તિ જોઈએ સાદી. શ્વેતાંબર હતા. ખબર છે, શ્વેતાંબર હતા. 'વડવા' જાતા. આવતા હતા, રાત્રે આવ્યા હતા, ત્યાં આવ્યા હતા અમારી પાસે. જુઓ! મૂર્તિ છે પણ મૂર્તિમાં આવું ન હોય. આ તો વધારી નાખ્યું. વધારી નાખીને સ્થાનકવાસી પાસે માંગ્યુ તો એ કહે, મૂળમાં (જ) નથી. કીધું, આવું બન્યું છે. વાત સાંભળો, કીધું. પાંચ-સાત જણા રાતની ચર્ચામાં હતા. એ વખતે એવી કંઈ ચર્ચા નહોતી. મહારાજ કંઈ કહેતા હશે, એમાં કંઈ સંદેહનું સ્થાન (ન હોય), એ કાંઈક કહેતા હશે, એમ કરીને કાઢી નાખે. પણ આ તમારું ખોટું પાડી દે છે.

અહીં તો કહે છે, 'જગતમાં વ્યવહારને જ સત્ય માનનારા ઘણા છે.' શું? એ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવાલય, મંદિર આદિ પરમાત્મા એ જ જાણે સાચા છે, એ વ્યવહારને જ સત્ય માનનારા બહુ જીવો છે. 'બધા એમ જ કહે છે કે ઘડો કુંભારે બનાવ્યો.' જુઓ! ઇ જરી ઠીક છે, ભાઈ! ઘડાને કુંભારે બનાવ્યો (એમ અજ્ઞાની જોવે છે પણ) 'ઘડો માટીથી બન્યો છે...' આખી દુનિયા કહે કે, કુંભારે ઘડો બનાવ્યો, કુંભારે ઘડો બનાવ્યો. વ્યવહારને સત્ય માની લ્યે છે. એ તો વ્યવહાર છે, એને સત્ય માની લ્યે છે. સમજાય છે? એમ ભગવાન, તીર્થ અને દેવાલય તો વ્યવહાર છે. એનાથી સત્ય આત્મા માની લ્યે છે, માળા! મૂઢ છે એમ કહે છે. સમજ્યા ને? 'ઘડો માટીથી બન્યો છે એમ કોઈ નથી કહેતું.' કહે છે કોઈ? ઓલામાં આવે છે કે નહિ? તારું નામેય કોણ યાદ કરે છે? ઓલા ઉપાદાનને કહે. જ્યાં હોય ત્યાં પૂછો તો અમારી વાત છે. ઘડો કુંભારે કર્યો, રોટલી બાયડીએ કરી, પાણી ભરી આવ્યા. આ લસોટવાનું (કર્યું), આ ફલાણા પથરા વડે સારું લસોટ્યું. લસોટ્યું એટલે ઝીણું કર્યું. એ બધી વાતું આ નિમિત્તથી તો આખી દુનિયા બોલે છે અને તું ઉપાદાનની વાત ક્યાં પૂછવા જાય છે? ઓલો કહે કે, પણ ઉપાદાન ભગવાન પાસે છે, હોં! સમ્યગ્જ્ઞાની પાસે ઉપાદાન(નું) પૂછીએ તો એ ઉપાદાનથી કહેશે.

www.vitragvani.com



અહીં કહે છે, ખરેખર ઘડામાં માટીનો આકાર છે. શું કહે છે? ઘડામાં માટીનો આકાર આવ્યો છે. કુંભારનો આકાર આવ્યો છે? શકલ સમજ્યા ને? આકાર. એની આકૃતિ. માટીમાં કુંભારની આકૃતિ આવી છે? કે માટીની આવી છે? 'માટીને ઢગલો જ ઘડારૂપે થયો છે.' માટીનો જે ઢગલો હતો, એ ઘડારૂપે થયો. કે કુંભાર ઘડાના રૂપમાં થયો છે? 'કુંભારના યોગ અને ઉપયોગ માત્ર નિમિત્ત છે. એવી જ રીતે તીર્થસ્વરૂપ જિનપ્રતિમાઓ કેવળ નિમિત્ત છે. તેમના દ્વારા પોતાના શુદ્ધ આત્મા જેવા પરમાત્મા અરિહંત અને સિદ્ધનું સ્મરણ થઈ જાય છે.' એટલું. પરમાત્મા આવા આત્મા હતા, એવું સ્મરણનું એક નિમિત્ત છે.

'વાસ્તવમાં તે ક્ષેત્ર, પ્રતિમા, મંદિર એ બધું અચેતન જડ છે તોપણ ચેતનનું સ્મરણ કરાવવા માટે નિમિત્ત છે.' એટલે સ્મરણ કરે તો નિમિત્ત કહેવાય છે. તે જ એનું સ્મરણ, હોં! પરમાત્મા ભગવાનનું નહીં. 'તેથી તેમની ભક્તિ દ્વારા પરમાત્માની ભક્તિ કરવામાં આવે છે.' એની ભક્તિ દ્વારા (એટલે) પરમાત્મા સર્વજ્ઞની, હોં! 'મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ વિચાર નથી કરતો કે ખરી વાત શું છે? તે મંદિર અને મૂર્તિને જ દેવ માનીને પૂજે છે, એથી આગળ વિચાર નથી કરતો કે પ્રતિમા તો અરિહંત અને સિદ્ધપદના ધ્યાનમય ભાવનું ચિત્ર છે. તે ભાવની સ્થાપના છે.' કોના ભાવની? ભગવાનના ભાવની. 'તે સાક્ષાત્ દેવ નથી.' એ સાક્ષાત્ દેવ પણ નથી તો આ આત્મા દેવ ન્યાં ક્યાંથી આવ્યો? કહો, સમજાણું કાંઈ?

પછી એને જરી એમ લીધું છે, ભક્તો કંઈ પથ્થરના ગુણ નથી ગાતા. ભગવાન ભાવનિક્ષેપે કોણ છે એના ત્યાં ગુણ ગાય છે. મૂર્તિને દેખીને (કહે છે), ભગવાન તમે આવા છો, આવા છો, આવા છો. લ્યો! સમજાણું?

'સમ્યગ્દૃષ્ટિ સદાય જાણે છે અને સદાય અનુભવ કરે છે કે જ્યારે હું મારી અંદર શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી દેખું છું તો મને મારો આત્મા જ પરમાત્મા જિનદેવ દેખાય છે.' પોતાનો આત્મા દેખવામાં તો અંતરદૃષ્ટિ કરે તો દેખે તો જિનદેવ તો અહીં છે. રાગને જીતનાર વીતરાગ થનાર તો ભગવાનઆત્મા પોતે છે. જિનદેવ તો આત્મા છે. આ જિનદેવ પરમાં રહેતા નથી. કહો, સમજાણું કાંઈ? 'મારે મારી અંદર મને મારા વડે જ દેખવો જોઈએ. આ જ આત્મદર્શન નિર્વાણનો ઉપાય છે.' આત્માનું દર્શન નિર્વાણનો ઉપાય છે, કંઈ ભગવાનનું દર્શન નિર્વાણનો ઉપાય નથી. બહારની ભક્તિ નિર્વાણનો ઉપાય નથી.

દાખલો આપ્યો છે. 'સિંહની મૂર્તિને સાક્ષાત્ સિંહ માનીને પૂજા કરે કે આ સિંહ મને ખાઈ જશે તો તેને અજ્ઞાની જ કહેવાય.' સિંહ ખાઈ જશે? એમ ભગવાન તારી દેશે? એમ અહીં કહે છે, ભાઈ! સિંહ જોઈને ખાઈ જશે એમ માને તો મૂઢ છે. એ તો સ્થાપના છે, એમ આ ભગવાન મને તારી દેશે અંદરનો ભાવ, એ મૂઢ છે. ન્યાં ક્યાં તારો ભાવ હતો? સાંભળે છે ને આટલા વર્ષથી? ૩૧ વર્ષ થયા. હેં? એનું પાકું હૃદય કઠણ છે. કહો, સમજાણું આમાં? 'જ્ઞાની જાણે છે કે સિંહની મૂર્તિનો આકાર તેની ક્રૂરતા અને ભયંકરતા બતાવવા

www.vitragvani.com



માટે એકમાત્ર સાધન છે,...' સિંહના સ્વરૂપને દેખાડવા માટેનું એક નિમિત્ત (છે), ઓલા સિંહનું સ્વરૂપ, હોં! 'તે સાક્ષાત્ સિંહ નથી. એનાથી બીવાની જરૂર નથી.' સાક્ષાત્ સિંહનો લાભ નથી. 'સિંહનું સ્વરૂપ બતાવવા માટે સિંહની મૂર્તિ પરમ સહાયક છે.' નિમિત્ત છે. 'જે શિષ્ય સિંહના આકાર અને તેની ભયંકરતાથી અજાણ છે તેમને સિંહનું જ્ઞાન કરાવવા માટે સિંહની મૂર્તિ પ્રયોજનવાન છે.' એ નિમિત્ત. 'એવી જ રીતે જ્યાં સુધી પોતાની અંદર પરમાત્માનું દર્શન ન થાય ત્યાં સુધી આ જિનમૂર્તિ પરમાત્માનું દર્શન કરાવવા માટે નિમિત્ત કારણ છે.'

એ બધું ખાઈ જશે, એમ આ મને તારી દેશે. ઓલા કહે છે ને? ગાય કાંઈ દૂધ આપે? સિંહ કાંઈ મારે? ગાય ક્યાં છે ન્યાં? એ તો સ્થાપના છે. સમજાણું કાંઈ? સ્થાનકવાસી આ દાખલો આપે છે. ગાય કાંઈ દૂધ આપે નહિ, સિંહ કાંઈ મારે નહિ અને ભગવાન કાંઈ તારે નહિ. ત્રણે આપે છે, ત્રણ (વાત) કહે છે. કોણ કહે છે કે ઇ ગાય સાચી છે. અને કોણ કહે છે કે, ન્યાં સાચા ભગવાન છે. ઇ તો નિમિત્ત થયું. ઇ ભગવાનનો આત્મા કેવો જાણવાનું નિમિત્ત થયું અને પછી એવો જ આત્મા હું છું, એવું અંતર્મુખ જોવે તો થાય છે. સમજાણું કાંઈ? 'વાદવિવાદ કરે સો અંધા'. હેં?

મુમુક્ષુ :- કેમ જોવું એ શીખડાવે છે.

ઉત્તર :- આત્મા કેમ જોવો એમ શીખવે છે. કહો, સમજાણું કાંઈ?

'મૂર્તિને મૂર્તિ માનવી, પરમાત્મા ન માનવા તે જ યથાર્થ જ્ઞાન છે. વ્યવહારમાં જે મગ્ન રહે છે તે મૂળ તત્ત્વને ઓળખતા નથી.' છે ને? એ વ્યવહારમાં ન્યાં ને ન્યાં મગ્ન રહે તો ઇ આત્માને નહિ જોવે. ઇ ભગવાન તારી દેશે. સાંજ, સવાર, બપોર ત્રણ-ત્રણ કલાક ન્યાં ને ન્યાં ભગવાન પાસે (બેઠો રહે), જય ભગવાન, જય ભગવાન (કરે). ન્યાં નહિ, અહીં અંદર જો. સમજાણું કાંઈ? વ્યવહારથી નિશ્ચય નહિ પમાય, એમ કહે છે. છતાં વ્યવહાર છે ખરો, સમજાણું? હેં?

મુમુક્ષુ :- આ યોગસાર કોઈ દિ' વંચાણું નથી.

ઉત્તર :- ના, કોઈ દિ' વંચાણું નથી. પહેલુંવહેલું વંચાય છે.

'વ્યવહાર વાસ્તવમાં અભૂતાર્થ અને અસત્યાર્થ છે. જેવો મૂળ પદાર્થ છે, તેવો એને કહેતો નથી.' ઓલી કોર છે, ભાઈ! ૧૮૫ માં. વ્યવહાર તો ખરેખર અસત્યાર્થ છે. ન્યાં ભગવાન છે આત્મા? એ તો અસત્યાર્થ છે આત્મા, આ આત્મા પોતે સત્યાર્થ અહીં છે. સમજાણું? દાખલો હજી આપ્યો છે. 'વ્યવહારમાં જીવ નારકી, પશુ, મનુષ્ય, દેવ કહેવાય છે. નિશ્ચયથી આમ કહેવું અસત્ય છે.' આત્મા નારકી, મનુષ્ય અને પશુ છે? એ તો વ્યવહારથી જણાવ્યું છે. ખરેખર તો જૂઠું છે. 'આત્મા ન તો નારકી છે, ન પશુ છે, ન મનુષ્ય છે, ન દેવ છે. શરીરના સંયોગથી વ્યવહારનયે આત્માના ભેદ વ્યવહાર ચલાવવા માટે કરવામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવ્યા છે.' વ્યવહારનયના વ્યવહાર ચલાવવા માટે ભેદ કરવામાં આવ્યા છે, નિશ્ચય માટે નહિ.

'જેમ તલવાર લોઢાની હોય છે પણ જો તે સોનાના મ્યાનમાં હોય તો તેને સોનાની તલવાર, ચાંદીના મ્યાનમાં હોય તો ચાંદીની તલવાર અને પિત્તળના મ્યાનમાં હોય તો તેને પિત્તળની તલવાર કહેવામાં આવે છે. આમ કહેવું સાચું નથી.' સત્ય છે? એ તો નિમિત્તથી વાત છે. 'બધી તલવારો એક જ છે. તેમાં ભેદ કરવા માટે સોનાની, ચાંદીની અને પિત્તળની તલવાર એમ કહેવું પડે છે.' એવી બધી ઘણી લાંબી વાત છે.

'પરમાત્માદેવને જ પોતે દેખે છે.' લ્યો! 'એવી જ રીતે જે પોતાના દેવરૂપી મંદિરમાં વિરાજિત પરમાત્મદેવને જ પોતે દેખે છે, પોતાને મનુષ્યરૂપ નથી દેખતા.' પોતાને મનુષ્યરૂપે તો નથી દેખતા, પણ પરસ્વરૂપ જે પરમાત્મા એ રૂપે આત્મા નથી દેખતો. પોતાના સ્વરૂપે અખંડ જ્ઞાયકમૂર્તિ છે એમ દેખે છે. એને સાચું જ્ઞાન અને સત્ય જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો!

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ઓલો દાખલો આપ્યો છે ને? 'નિશ્ચયનય વસ્તુને યથાર્થ બતાવે છે, વ્યવહારનય વસ્તુને યથાર્થ બતાવતો નથી.' જુઓ! નિશ્ચયનય વાસ્તવિક તત્ત્વનું સત્ય સ્વરૂપ કહે છે. વ્યવહારનય એ સત્ય સ્વરૂપને (નથી કહેતું), એ તો ઉપચારથી કથન કરે છે. 'સર્વજ્ઞદેવ નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહે છે.' સર્વજ્ઞ પરમેશ્વર વ્યવહારને અસત્યાર્થ અને નિશ્ચયને સત્યાર્થ કહે છે. 'ઘણું કરીને બધા જ સંસારી જીવ આ ભૂતાર્થ નિશ્ચયના જ્ઞાનથી દૂર છે.' ભગવાનઆત્મા સ્વસ્વરૂપથી પ્રાપ્ત થાય છે એવા નિશ્ચયજ્ઞાનથી બહુ પ્રાણી દૂર છે. મોટો ભાગ વ્યવહારને, નિમિત્તને વળગ્યો છે. ભગવાનઆત્મા...! વ્યવહાર, નિમિત્ત છે ખરું. મોટો ભાગ એને વળગ્યો (કે) આનાથી નિશ્ચય (પ્રાપ્ત થશે), અસત્યથી સત્ય પમાશે. આત્માના શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ એ બધું આમાં નથી માટે અસત્ય છે. વ્યવહાર છે એ ઉપચાર છે. લોકો ઘણા જીવો ત્યાં વળગ્યા છે. ભૂતાર્થ ભગવાનઆત્મા અંતરમાં અખંડાનંદ પ્રભુ, એને જોવાનું નિશ્ચયનું જ્ઞાન કરનારા થોડા છે. સમજાણું કાંઈ?

'જે બાળકે સિંહ જોયો નથી તે બિલાડીને જ સિંહ માની લે છે...' મિંદડી. 'બિલાડો બતાવીને તેને આ સિંહ છે એમ કહેવામાં આવ્યું હતું, તેવી જ રીતે જે નિશ્ચયતત્ત્વને નથી જાણતા તે વ્યવહારને જ નિશ્ચય માની લે છે...' લ્યો! નિશ્ચય સમજ્યા વિના વ્યવહારને નિશ્ચય માની લ્યે, એ તો મૂઢ છે. બે તત્ત્વ જુદી જાતના છે. વ્યવહાર તે ઉપચાર અને વ્યવહાર છે અને આ તો નિશ્ચય અને યથાર્થ છે. 'વ્યવહારને જ નિશ્ચય માની લે છે તે કદી પણ સત્યને પામતા નથી.' લ્યો! સમજાણું? એટલી ગાથાઓ તો મંદિરની થઈ. ૪૨ થી ઉપડી હતી ને? હેં? ૪૨ થી ત્યાં સુધી કહ્યું. ૪૧ માં બીજું હતું ને? ૪૧ માં કુતીર્થનું હતું. ૪૧ માં કુતીર્થમાં ભમવાથી મુક્તિ થાય, એમ માને છે. અને આ પોતાના ભગવાન

www.vitragvani.com



સાચા છે ત્યાં ગયે મુક્તિ થાય, એમ માને છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીઓ આ ગંગા નદીમાં ન્હાવું ને આમાં સ્નાન કરવું ને આમાં આ કરવું, તીર્થ ભમવું ને ભટકવું, જે વાસ્તવિક વ્યવહાર તીર્થ પણ સાચા નથી. એવા કુતીર્થમાં ભમવાથી આત્માનું કલ્યાણ થશે એમ માનનારાઓ મૂર્ખ છે, એમ કહ્યું. પછી અહીં કહ્યું કે, વ્યવહાર તીર્થ દેવ, દેવાલય, મંદિર આદિ જૈન શાસ્ત્રમાં છે, ગીરનારની જાત્રા વિગેરે એનાથી નિશ્ચય પમાશે એમ કહેનારા પોતામાં અંદર ભૂલ્યા છે. કહો, સમજાણું આમાં? આહાહા..! ઇ ત્યાં ક્યાં ભગવાન હતા? 'ગિરનાર'માં 'નેમિનાથ' ભગવાન છે? 'નેમિનાથ' ભગવાન તો મોક્ષ પધાર્યા. ત્યાં 'નેમિનાથ' ભગવાનને જોવા જાય તો મૂર્ખ છે. એ તો એની સ્થાપના છે. એના સ્મરણમાં આવા 'નેમિનાથ' ભગવાન હતા, આવા હતા. ઓ..હો...! વાસુદેવ અને બળદેવ, ભગવાન 'નેમિનાથ' જ્યારે બિરાજતા (ત્યારે) વંદન કરવા આવતા. સાક્ષાત્ ભગવાન બિરાજતા. બળદેવ, વાસુદેવ જેના ભગત હતા. એવું સ્મરણમાં નિમિત્ત છે, શુભભાવ છે, ભક્તિનો ભાવ તો મુનિઓને પણ હોય છે. મુનિઓને હોય છે. 'કુંદકુંદાચાર્યદેવ' વંદન કરવા ગયા હતા કે નહિ? ગયા હતા. હોય છે, પણ કોઈ એમ માની લ્યે કે, ત્યાંથી-આમથી આમ અંદરમાં જવાશે અને મુક્તિ થાશે, એ વાતમાં સાર નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

## આ સમજે તો બધા ગોટા નીકળી જાય.

અત્યારે ઉપાદાન-નિમિત્તના ને નિશ્ચય-વ્યવહારના ઘણા ગોટા ચાલે છે. જો આ ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ બરાબર સમજે તો તે બધા ગોટા નીકળી જાય તેમ છે. 'દ્રવ્ય પોતાના ક્રમબદ્ધ પરિણામપણે ઊપજે છે'. એમ કહ્યું તેમાં તે તે પર્યાયનું ક્ષણિક ઉપાદાન આવી જાય છે. એકેક સમયની પર્યાય પોતપોતાના ક્ષણિક ઉપાદાનથી જ ક્રમબદ્ધપણે-નિયમિતપણે ઊપજે છે. પોતાના પરિણામોથી જ એટલે કે તે સમયની ક્ષણિક લાયકાતથી જ ઊપજે છે, નિમિત્તથી ઊપજતાં નથી. દરેક ગુણમાં પોતપોતાના ક્ષણિક ઉપાદાનથી ક્રમબદ્ધપરિણામ ઊપજે છે. એ રીતે અનંત ગુણોના અનંત પરિણામો એક સમયમાં ઊપજે છે. આ જે ક્રમબદ્ધપણું કહેવામાં આવે છે તે 'ઉદ્ધર્વતાસામાન્ય' અપેક્ષાએ એટલે કે કાળપ્રવાહની અપેક્ષાએ કહેવાય છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મ રસાયણ પીવાથી અમર થવાય છે.

जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि।
धम्म-रसायणु पियहि तुहूँ जिम अजरामर होहि।।४६।।

જરા-મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મોષધિ પાન. ૪૬.

અન્વયાર્થ :– (जिय) હે જીવ! (जई जरमरण करालियउ) જો તું જરા અને મરણના દુઃખોથી ભયભીત છો તો (तो धम्म करोहि) ધર્મ કર. (तुहुं धम्मरसायणु पियहि) તું ધર્મ રસાયણનું પાન કર. (जिम अजरामर होहि) જેથી તું અજર અમર થઈ જઈશ.

---

વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૬, શુક્રવાર
તા. ૨૪-૦૬-૧૯૬૬
ગાથા–૪૬ થી ૪૯ પ્રવચન નં. ૧૭

---

'યોગીન્દ્રદેવ' મુનિ, દિગંબર મુનિ થયા એમણે આ 'યોગસાર' બનાવ્યું. 'યોગસાર'નો અર્થ આત્માનો સ્વભાવ શુદ્ધ અને આનંદ છે, એમાં એકાગ્રતાનું થવું એનું નામ યોગ કહેવાય છે. એમાં સાર એટલે નિશ્ચય સ્વભાવની સ્થિરતા (થાય) એને યોગસાર કહે છે. ૪૫ ગાથા થઈ ગઈ છે.

૪૬. 'ધર્મ રસાયણ પીવાથી અમર થવાય છે.' ધર્મરૂપી ઔષધ પીવાથી અમર થવાય છે. આ ગાથામાં એમ કહે છે.

जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि।
धम्म-रसायणु पियहि तुहूँ जिम अजरामर होहि।।४६।।

'હે જીવ! જો તું જરા અને મરણના દુઃખોથી ભયભીત છો...' જરા, મરણ અને દુનિયાના સંયોગનું દુઃખ. એવા દુઃખથી જો તું ભયભીત હો, ચોરાશીના અવતારથી (ભયભીત હો) 'तो धम्म करेहि'. 'ધર્મ કર.' એ ધર્મ કર એટલે ધર્મ શું? એ આવે છે અંદર. થોડો અર્થ કર્યો છે. 'ધર્મી તેને જ કહે છે કે જે સંસારમાં દુઃખોથી ઉગારીને મોક્ષના પરમપદમાં ટકાવી રાખે. તે ધર્મ રત્નત્રય સ્વરૂપ છે.' ઝીણી વાત છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માની અંતરમાં સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (થાય) એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'કર ધર્મોષધિ પાન.' એમ છે ને? 'તું ધર્મ રસાયણનું પાન કર.' ધર્મરૂપી ઔષધિ પણ રસાયણ એટલે ઉત્તમ ઔષધિ. 'જેથી તું અજર અમર થઈ જઈશ.' જેથી તું અજર અને અમર થઈશ. જરા અને મરણ રહિત થઈશ. પણ ધર્મ એટલે શું?

પહેલું એમ કહ્યું છે કે, મનુષ્યને આ જન્મ, જરા, મરણના દુઃખ પહેલા ભાસવા જોઈએ. સમજાણું? 'જરા, મરણના ભયાનક દુઃખો છે. જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, ત્યારે શરીર શિથિલ થઈ જાય છે. પોતાના શરીરની સેવા સ્વયં કરવાને અસમર્થ બની જાય છે, ઇન્દ્રિયોની શક્તિ ઘટી જાય છે, આંખનું તેજ ક્ષીણ થઈ જાય છે.' વગેરે.

મુમુક્ષુ :– બધું અનુકૂળ હોય ત્યારે!

ઉત્તર :– અનુકૂળ નથી, ધૂળમાંય અનુકૂળ નથી. અનુકૂળ કે દિ' હતું? બહારના ઇન્દ્રિય મારા અને પદ આદિ અનુકૂળ, અહીં તો કહે છે કે, પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ બાહ્ય સામગ્રીની રુચિ છોડી દે. સમજાણું અહીં?

અહીં તો તને ચાર ગતિમાં રખડવાનો ભય લાગ્યો હોય તો ધર્મ ઔષધિનું પાન કર, એમ કહે છે. જેમ બહારના રોગને મટાડવાને ઔષધ છે, એમ જન્મ, જરા, મરણના રોગને મટાડવા માટે આત્મામાં ઔષધ છે. આત્માની પાસે છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અનાકુળ આનંદસ્વરૂપ છે, એનો અંતરમાં અનુભવ કરવો. આત્માના આનંદસ્વરૂપને અનુસરીને અંતરમાં એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ અનુભવ કરવો એ જન્મ, જરા, મરણને નાશ કરવાનો એ ઔષધિ–ઉપાય છે. આ એક ઔષધ છે. કહો, સમજાણું કાંઈ? લોકોએ બીજા ઔષધ ગોત્યા કે, ભઈ! આ રોગ ઉપર આ ઔષધ. પણ જન્મ-મરણનું ઔષધ ગોત્યું કોઈએ? હેં?

મુમુક્ષુ :– વીતરાગદેવે આપ્યું.

ઉત્તર :– વીતરાગ સર્વજ્ઞદેવ પણ કહે છે, એ જ કહે છે. બધા રોગોની દવા (શોધી). આ રોગ ઉપર આ દવા ને આ રોગ ઉપર આ દવા, પણ આ ચોરાશી લાખના જન્મ, જરા, મરણમાં રખડે છે એની દવા કોઈએ ગોતી? એ આ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રણકાળ ત્રણલોકના જાણનાર, વીતરાગ કહે છે કે, એને માટે ધર્મ રસાયણ ઔષધ છે. ધર્મરૂપી ઉત્તમ રસાયણ છે. એ ધર્મ કોને કહેવો? સમજાણું કાંઈ? જુઓ! નીચે છે.

'રત્નત્રયના ભાવથી જ નવા કર્મોનો સંવર થાય છે અને પુરાણા કર્મોની અવિપાક નિર્જરા થાય છે.' એ ધર્મ રત્નત્રયસ્વરૂપ છે. દેહની ક્રિયા એ ધર્મ નથી, આત્મામાં કોઈ દયા, દાન, વ્રતના ભાવ થાય એ પણ ધર્મ નથી. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ આનંદકંદ છે એનો અંતરમાં અનુભવ કરવો, આત્મા પવિત્ર અનંત ગુણનું ધામ આત્મા છે, એમાં વિકાર જેટલો દેખાય છે એ આત્મા નથી, એવા આત્મામાં અંતર્મુખ થઈને આનંદની શાંતિનો અનુભવ કરવો એ જ એક જન્મ, જરા, મરણને મટાડવાનું ઔષધ છે. કહો, સમજાણું કાંઈ?

'રત્નત્રય નિશ્ચયથી એક આત્મિક શુદ્ધભાવ છે,...' રત્નત્રય (છે એ) મોક્ષને લેવા માટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્રણ રત્ન છે. એ ત્રણ રત્ન એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ સમ્યગ્દર્શન એટલે આત્મા પૂર્ણાનંદ છે એની અંતર્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા થવી એને સમ્યગ્દર્શન કહે છે. રાગના અવલંબન વિના ચૈતન્યબ્રહ્મ ભગવાનઆત્મા, એની અંતર અભેદ નિર્વિકલ્પ પ્રતીતિ થવી એને સમ્યગ્દર્શનરૂપી જન્મ, જરા, મરણને ટાળવાનું ઔષધ કહે છે. એ આત્માનું જ્ઞાન કે, આ પરમાનંદમૂર્તિ આત્મા છે. એવા આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, બીજી ચીજનું નહિ, એ જન્મ, જરા, મરણ રોગને મટાડવાનું ઔષધ–એક મહાઉપાય છે. અને પછી સ્વરૂપમાં ઠરવું. જે આત્મા શુદ્ધ આનંદકંદ જે શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો હોય એમાં અંતરમાં ઠરવું, રમવું, જમવું, આનંદનો વિશેષ અનુભવ કરવો, એનું નામ ચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું આમાં? એ ધર્મ-ઔષધ પણ શુદ્ધભાવ છે.

'આત્મતલ્લીનતા છે,...' અનાદિની પુણ્ય-પાપના વિકારી ભાવની તલ્લીનતા (છે) એ જન્મ-મરણના રોગને ઉત્પન્ન કરવાનું કારણ છે. આત્મામાં પરલક્ષી થતાં શુભાશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ(ભાવ) અને હિંસા, જૂઠું આદિ અશુભ(ભાવ), એમાં લીનતા એ જન્મ, જરા, મરણને વધારવાનો એ રોગ છે. જન્મ, જરા, મરણને મટાડવાનું ઔષધ, એ ચૈતન્ય ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિમાં લીનતા, એમાં એકાગ્રતા (કરવી તે છે). પહેલો આત્મા ઓળખે, ઓળખીને શ્રદ્ધે, જાણે પછી એમાં લીનતા કરે. એ લીનતા એ આત્મિકભાવ છે.

આત્મલીનતા છે એ 'સ્વસંવેદન છે,...' સમજાણું કાંઈ? લ્યો! ગુરુથી મળે એવું નથી એમ કહે છે. સ્વસંવેદન થયું ત્યારે ગુરુથી મળ્યું એમ કહેવામાં આવ્યું. સ્વસંવેદન – આત્મા જ્ઞાનાનંદ પ્રભુઆત્મા છે, અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આ દેહ તો માટી જડ છે, વાણી જડ છે, કર્મ જડ છે, પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર ને દોષ ને દુઃખ છે. એનાથી રહિત આત્માનો સ્વભાવ, એનું પોતાનું સ્વસંવેદન (અર્થાત્) જ્ઞાન જ્ઞાનથી જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનથી આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનથી આત્માને વેદે, જ્ઞાન જ્ઞાનથી આત્મામાં ઠરે, એ સ્વસંવેદન એ જ એક જન્મ, જરા, મરણને ટાળવાનો ઉપાય–રસાયણ છે. કહો, સમજાય છે કાંઈ?

'સ્વાનુભવ છે,...' અનુભવ છે. ભગવાનઆત્મા અનાદિનો પુણ્ય અને પાપ, શુભાશુભ રાગનો અનુભવ કરે છે એ અનુભવ તો પરવિકારનો (અનુભવ છે), એ તો ચાર ગતિના રખડવાના મુળિયાં છે. ભગવાનઆત્મા, એનો જે અનુભવ એ જ મોક્ષનું કારણ છે અને રોગ, જન્મ, જરા, મરણને ટાળવાનું એક રસાયણ છે. રસાયણ એટલે ઉત્તમ ઔષધિ. કહો, સમજાણું કાંઈ? ડૉક્ટર ને વૈદ્ય નથી આપતા? ઉત્તમ રસાયણ કે ભસ્મ કે આપે ને કાંઈ? પડિકી. હેં? એ ઊંચી કિંમતી હોય છે. આ પણ ઊંચી કિંમતી રસાયણ કહે છે. ઔષધમાં પણ ઊંચી (ઔષધને) રસાયણ કહે છે.

www.vitragvani.com



મુમુક્ષુ :- કિંમતીમાં માત્રા વધારે રહેતી હશે.

ઉત્તર :- માત્રા એમાં વધારે છે. સમજવા માટે. રોગ તો એની મેળાએ મટે છે. સમજાણું કાંઈ? આ તો દાખલો છે. દાખલામાંથી કંઈ આખો સિદ્ધાંત નીકળે નહિ, અંશ નીકળે.

જેમ એ રસાયણ રોગને ટાળવાનું કારણ છે, એમ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનો અંતરમાં એકાકાર થઈ અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી એ એક જ જન્મ, જરા, મરણને ટાળવાનું રસાયણ છે, એ એક જ ઔષધ છે. 'શ્રીમદ્'માં આવે છે ને? 'શ્રીમદ્'માં. 'આત્મસિદ્ધિ'માં. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' કહો? સમજાણું કાંઈ? આત્મા રાગમાં, પુણ્યમાં, શરીરમાં, પરમાં છે એ માન્યતા મોટો ભ્રમ છે.

પુરુષાર્થ... કાલે આવ્યું હતું ને? બધા વકીલને મૂર્ખ ઠરાવ્યા હતા. પણ એવું લખાણ લખ્યું હતું, માળાએ ગપ્પાગપ માર્યા હતા. આહાહા..! બધા વકીલ મૂર્ખ હોય એમ નહિ. વકીલ કર્તાપણે થાય તો મૂર્ખ હોય. કહો, સમજાણું કાંઈ? એ તો એવું લખ્યું છે કે મૂરખના જામ જેવું લખ્યું છે. માણસ પુરુષાર્થથી મોટા મોટા વાઘને વશ કરે. આમ પાણી ઉપર મોટા આગબોટ ચલાવે. જેમ છોકરો ખેલ ખેલે એમા પાણીમાં ચલાવે, એટલો પુરુષાર્થ! આત્મા પરનું કરી શકતો હશે? ધૂળમાંય કરે નહિ ત્યાં. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, ભાઈ! તારો પુરુષાર્થ કાં તો વિકારમાં ચાલે અને કાં પુરુષાર્થ સ્વભાવમાં ચાલે. પરમાં જરીયે તારો પુરુષાર્થ કામ કરે નહિ. આહાહા..! ધૂળમાંય કરે નહિ. એક આંખની પાંપણ ફેરવી શકે છે? આમ થઈ જાય છે. ધૂળમાંય લેતો નથી કાંઈ. બધું બહુ લીધું છે માળાએ. વિજળી આકાશમાંથી પકડીને પાણીમાં ઊતારી, આમ કર્યું... વિજળી કંઈ આકાશમાંથી પકડી હશે? આ વિજળી.. વિજળી હોય છે ને?

ઇ જુદી. ઇ ઊતારેલી નથી. આ તો પંખા ચલાવ્યા, પાણીને બહાર કાઢવા આ વિજળી એમ કહે છે. ઇ તો ખબર છે, એની ક્યાં વાત છે? ધૂળેય કરે નહિ.

આત્મા કરે શું? પોતાની સત્તામાં વિકાર કરે અને કાં આત્માનો અનુભવ કરીને મુક્તિ કરે. બાકી પરનું ફોતરું ફેરવી શકે નહિ. આહાહા..! મોટા માંધાતા.. ઓલો નહોતો એક મોટો? 'રામો.. રામો' કહેતા હતા ને? 'ગામા'! એવું એનું મોટું શરીર લઠ્ઠ જેવું. આખા હિન્દુસ્તાનમાં શું આખા દેશમાં મોટો જોદ્ધો કહેવાતો. ઇ મરવા ટાણે એં...એં.. (થઈ ગયો).માખી બેસે તો હાથ (ઊંચકી શકે નહિ). આ તો જડ છે, જડમાં આત્માં શું કરી શકે? આત્મા કાં દીનતા કરે અને કાં ઉગ્રતા પુરુષાર્થ કરે, ઊંધો કે સવળો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ શરીર સારું હોય તો...

ઉત્તર :- ધૂળમાં સારું શરીર. કહેવું કોને શરીર? આ તો માટી છે. શરીર તો માટી છે. એ નિરોગતા હોય તો એની દશા, રોગતા હોય તો એની દશા. આત્માને એને લઈને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કંઈ અટકે છે એ વાતમાં માલ જરીયે નથી. શરીરમાં રોગ (હોય) એ જડમાં છે, એમાં આત્માને શું આવ્યું? કહો, સમજાણું કાંઈ?

અહીં તો 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ'. આત્મા શુદ્ધ આનંદકંદ છે એમ ન માનતા, એને રાગવાળો ને શરીરવાળો ને પરવાળો માનવો એવો એક મહારોગ મિથ્યાત્વનો એને લાગ્યો છે. આહાહા..! 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ'. એને શું રોગ છે એ બતાવનારા જ્ઞાની છે. સુજાણ પણ, હોં! બરાબર જાણનારા. સમ્યગ્જ્ઞાનીની વાત છે. અને એની આજ્ઞા છે કે, આ પ્રમાણે ન માનવું. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ન માનવા, એ પથ્ય છે. 'ઔષધ વિચાર ધ્યાન.' અને એનું ઔષધ વિચાર અને ધ્યાન (છે). કહો! વિચાર અને ધ્યાન એના ઔષધ છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! 'જ્યાં પોતાના જ આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન છે, જ્ઞાન છે અને તેમાં જ સ્થિરતા છે, એને જ આત્મદર્શન કહે છે.' એને આત્મદર્શન કહે છે. ભગવાનઆત્મા પરસન્મુખની ઉપયોગ દશાને ફેરવી અને પોતાના સ્વભાવના અંતરમાં ઉપયોગ દશાને જોડે. 'યોગસાર' છે ને? એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. 'એ જ એક ધર્મરસાયણ છે.' લ્યો! 'માંગીરામજી'! કેટલું ગુજરાતી શીખીને આવ્યા? સમજાય છે? જવાબ દીધો. કહો, સમજાય છે કાંઈ? એક ધર્મરસાયણ જે 'અમૃતરસનું પાન છે. જેનું પાન કરવાથી સ્વાધીનપણે પરમાનંદની પ્રાપ્તિ થાય છે.' આહાહા..! પણ એને સૂઝ પડતી નથી. આ પોતે ભગવાન પાસે (છે). સમજાણું કાંઈ?

અને 'શુદ્ધોપયોગ જ ધર્મ છે.' નીચે શબ્દ છે. શું કહ્યું? આત્મામાં હિંસા, જૂઠું ચોરી, વિષયભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપ પરિણામ એ અશુભભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ આદિ શુભભાવ છે, પુણ્યભાવ છે એ ધર્મ નહિ. ધર્મ તો આત્મામાં એ શુભ અને અશુભભાવથી ખસી અંતર આત્માના આનંદમાં શુદ્ધભાવ પ્રગટ કરવો, પુણ્ય-પાપના ભાવ રહિત, એવા શુદ્ધભાવને ભગવાન ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'કષાયના ઉદય સહિત શુભોપયોગ ધર્મ નથી.' જુઓ! એમાં તો એનું બરાબર ઠીક લાગે છે. નિમિત્તનું આવે ત્યારે જરી લાકડું ફરી જાય છે. કષાયનો ઉદય. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઊઠે છે એ તો રાગ છે, એ ધર્મ નથી. આહાહા..! એ તો શુભઉપયોગ છે, પુણ્યબંધનું કારણ છે. શુદ્ધઉપયોગ–રાગરહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આત્માનો શુદ્ધ વેપાર તેને અહીંયાં શુદ્ધયોગ કહેવામાં આવે છે, એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી (લીધું છે), અશુભથી બચવા શુભ કરવું પડે છે 'પણ તેને બંધનું કારણ માનવું જોઈએ. મોક્ષનો ઉપાય એક માત્ર સ્વાનુભવરૂપ શુદ્ધોપયોગ છે.' એના વિના કોઈ મોક્ષનો ઉપાય એક્કેય નથી. કહો, સમજાણું કાંઈ?

'બૃહત્ સામાયિક'નો દાખલો આપ્યો છે. 'હવે તું શુદ્ધ આત્મજ્ઞાન પામીને તે

www.vitragvani.com



વિષયકષાયોનો પૂર્ણપણે નાશ કરી નાખ. વિદ્વાનો અવસર મળતાં શત્રુઓને માર્યા વિના છોડતા નથી.' હે આત્મા! તને અવસર અત્યારે મનુષ્યદેહમાં અવસર મળ્યો છે. આત્માનું ભાન કરી, અવસર–ટાણું આવ્યું (છે), એ વિકારરૂપી શત્રુને નાશ કરવાનો તારો કાળ છે. આહાહા..! અરે...! ચોરાશીના અવતારમાં રઝળતાં માણસપણું મળ્યું, એમાં આ વિકારરૂપી શત્રુઓને નાશ કરવાના તારા ટાણાં છે અને વિદ્વાન ટાણાંને ઓળખીને શત્રુને હણી નાખે છે. અત્યારે આપણો અવસર છે. સમજાણું કાંઈ? પછી ધર્મરસાયણની વાત કરી છે.

---

## બાહ્ય ક્રિયામાં ધર્મ નથી.

धम्मु ण पढियईं होइ धम्मु ण पोत्था-पिच्छियइँ।
धम्मु ण मढिय-पएसि होइ धम्मु ण मत्था-लुचियईँ।।४७।।

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;
રાખે વેશ મુનિ તણો, ધર્મ ન થાયે લેશ. ૪૭.

અન્વયાર્થ :– (**पढिय ईं धम्मु ण होइ**) શાસ્ત્રો વાંચવા માત્રથી ધર્મ થઈ જતો નથી. (**पोत्था-पिच्छिय हो धम्मु ण**) પુસ્તક અને પીંછી રાખવા માત્રથી ધર્મ થતો નથી (**मढियपएसि धम्मु ण**) કોઈ મઠમાં રહેવાથી ધર્મ થતો નથી. (**मत्था-लुचियईँ धम्मु ण**) કેશ લોચ કરવાથી પણ ધર્મ થતો નથી.

---

૪૭. 'બાહ્ય ક્રિયામાં ધર્મ નથી.' ૪૭ શ્લોક.

धम्मु ण पढियईं होइ धम्मु ण पोत्था-पिच्छियइँ।
धम्मु ण मढिय-पएसि होइ धम्मु ण मत्था-लुचियईँ।।४७।।

'શાસ્ત્રો વાંચવા માત્રથી ધર્મ થઈ જતો નથી.' શાસ્ત્ર ભણી ભણીને પંડિત મોટો થયો માટે ધર્મ થઈ જાય, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'पोत्था-पिच्छिय' આ 'પુસ્તક અને પીંછી રાખવા માત્રથી ધર્મ થતો નથી.' નગ્ન મુનિ થઈ ગયા ને પીંછી રાખી અને એક પુસ્તક રાખ્યું, એ કાંઈ ધર્મ છે નહિ. જુઓ! આ 'યોગીન્દ્રદેવ' પોતે દિગંબર મુનિ છે, જંગલવાસી આચાર્ય છે. આત્મધ્યાનમાં મસ્ત છે. એ કહે છે કે, તારા મોરપીંછી ને પુસ્તકથી કાંઇ ધર્મ થતો નથી.

'કોઈ મઠમાં રહેવાથી ધર્મ થતો નથી.' એકાંતમાં જઈ વનમાં રહે, કોઈ મઠમાં રહે. વનમાં અને મઠમાં રહે એમાં શું થયું? ઘણાં ચકલાં એમાં રહે છે. સમજાય છે કાંઈ? હેં? મઠ અને વન બધું એક જ છે. એમાં શું? ધર્મનું ભાન નથી ત્યાં મઠમાં રહે કે વનમાં

www.vitragvani.com



રહે કે ઘરમાં રહે. સમજાણું કાંઈ? અને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધનું ભાન કરીને ચાહે તો વનમાં રહે કે ચાહે તો ઘરમાં રહે. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના કહે છે, કોઈ મઠમાં રહેવાથી ધર્મ નથી.

એમ 'કેશ લોચ કરવાથી પણ ધર્મ થતો નથી.' 'मत्था-लुचियइँ' માથાના લોચ કરે છે ને, છ-છ મહિને? એનાથી કાંઈ ધર્મ છે નહિ. લોકોને એમ થઈ જાય.. આહા.હા..! એ તો જડની ક્રિયા છે. એ કાંઈ આત્માની ક્રિયા છે જ નહિ. એમાં કાંઈ રાગ મંદ હોય અને સહનશીલતા કરે તો એ પુણ્યભાવ છે. અંદર આત્માના આનંદના ભાન વિના એવા માથા મુંડાવે પણ કાંઈ ધર્મ-બર્મ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'જે ધર્મથી જન્મ-જરા-મરણના દુઃખ મટે, કર્મોનો ક્ષય થાય, આ જીવ સ્વાભાવિક દશાને પામી અજર અમર થઈ જાય તે ધર્મ...' કહેવાય છે. એ 'આત્માનો નિજ સ્વભાવ છે.' ધર્મ છે, લ્યો! 'તે જ નિશ્ચય રત્નત્રયમય ધર્મ, સ્વાનુભવ કે શુદ્ધોપયોગી ભૂમિકાને પ્રાપ્ત કરશે.' લ્યો! પોતાની શ્રદ્ધા કરશે, પોતાનું જ્ઞાન કરશે, એકાગ્રતા કરશે તે સાચા શુદ્ધોપયોગની પ્રાપ્તિ કરશે.

'જે કોઈ તે તત્ત્વને બરાબર ન સમજે...' ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા જગતનો સાક્ષી, જગતની ચક્ષુ, દુનિયાના દૃશ્યનો દેખનાર, એ જ્ઞેયનો જાણનાર એવો ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા અનુભવમાં ન લ્યે અને એ સિવાય 'બાહ્ય ક્રિયા માત્ર વ્યવહાર જ કરે અને માને કે હું ધર્મનું સાધન કરી રહ્યો છું...' તો એ ધર્મ-સાધન છે નહિ. કહો, સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– ખેતર વિશુદ્ધિ...

ઉત્તર :– ખેતર વિશુદ્ધો પણ નહિ. ખેતર શેનો વિશુદ્ધો? વાવે ત્યારે ખેતર વિશુદ્ધ કહેવાય ને? વાવ્યા વિના (શું)? 'ખસ'માં રહેતા, નહિ ઓલા? કુંભાર નહિ? ગુજરી ગયા. 'રાયચંદજી'! બહુ આટલા આટલા સુધી ખેતરને સાફ કરતા (પણ) વાવે નહિ. વાવ્યા વિના ઊગતા હશે? શું કીધું એનું નામ? 'રાયચંદજી' આપણે હતા ને અહીં? 'જીવણલાલજી'ની સાથે. એ પછી સાધુ થયા હતા. એ ખેતરમાં બહુ સાફ કરતા. આટલું આટલું ખોદીને અંદરથી બોરડી અને કાંટા કાઢે. વાવવાનો વખત આવે ત્યારે વાવે નહિ. એ પાછા એવી લાઈનમાં ચાલ્યા ગયા. સૂઝે નહિ. ધર્મની લાગણી ખરી. કરે આવી મહેનત અને ટાણાં આવે ત્યારે વાવે નહિ. એવી ન્યાં એની છાપ હતી.

મુમુક્ષુ :– ખડ તો થાય.

ઉત્તર :– ખડ તો અમસ્તુ પણ થાય. ખડ થાવું એમાં શું છે?

મુમુક્ષુ :– દાખલો પણ બરાબર મળી ગયો.

ઉત્તર :– ના, ના. દાખલો છે આ. એને પણ એવી લાઈન. આમ પાછો એને ભાવ

www.vitragvani.com



ખરો, દીક્ષા લેવી, દીક્ષા લેવી એવું ખરું. કરે ત્યારે કરે અને પછી બેસી જાય, કાંઈ સૂઝ ન પડે. એમ ખેતર સાફ કરે પણ બીજ વાવ્યા વિના ઊગે ક્યાંથી? બીજ વિના ઝાડના ઢેફા ફાટતા હશે?

એમ ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ, એનો અનુભવ કર્યા વિના મોક્ષના કણહલા ક્યાંય પાકે નહિ. બહારની ક્રિયાકાંડ કરીને મરી જાય. દયા પાળે ને વ્રત પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે ને લાખો, કરોડોના દાન કરે, સમજાણું કાંઈ? લાખો, કરોડોના દાન કરે અને લાખ, કરોડ મંદિર બનાવે. હરામ ધર્મ હોય એમાં તો. શુભભાવ થાય. શુભભાવ પુણ્ય થાય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ને, જુઓને, આકરી ભાષા બધી લીધી છે. (અહીં) 'કહ્યું છે કે ગ્રંથ વાંચવાથી જ ધર્મ નહિ થાય. ગ્રંથોનું પઠનપાઠન એટલા માટે ઉપયોગી છે કે જગતના પદાર્થો,...' જાણીને પછી આત્માનો અનુભવ કરવો. સમજાય છે? 'જો શુદ્ધાત્માની પ્રાપ્તિ ન કરે, કેવળ શાસ્ત્રોના અભ્યાસી મહાન વિદ્વાન અને વક્તા થઈને ધર્માત્મા હોવાનું અભિમાન કરે...' શુદ્ધાત્મા ભગવાન પરમાનંદની મૂર્તિનો અનુભવ ન હોય, સમ્યગ્દર્શન નથી, એનો અનુભવ નથી, કેવળ શાસ્ત્રોનો પાઠી (છે), એકલા શાસ્ત્રો ભણે, દુનિયામાં મહાન વિદ્વાન કહેવાય, વક્તા પાછું પાંચ-પાંચ લાખ માણસમાં ભાષણ આપે. 'ધર્માત્મા હોવાનું અભિમાન કરે તો એ બધું મિથ્યા છે.' એ કંઈ ધર્માત્માપણું નથી. આહાહા..! હેં?

મુમુક્ષુ :- આવું અનાદિથી ચાલ્યું આવે છે.

ઉત્તર :- અનાદિથી એમ ને એમ ચાલ્યું આવે છે.

ધર્મ તો આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવો એ ધર્મ છે. ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનનું અંદરમાં વેદન કરે એનું નામ ધર્મ છે. એ ધર્મ વિના બહારના શાસ્ત્રોના ભણતરમાં વિદ્વતા ધરાવી અભિમાન કરે (તો એ) મિથ્યા છે.

'એવી જ રીતે કોઈ ઘણા શાસ્ત્રોનો સંગ્રહ કરે,...' ભરો પુસ્તકો પાંચ-દસ લાખ મોટા. સમજ્યા ને? જેમ દાણાનો સંગ્રહ કરે છે ને? એમ આ પુસ્તકનો સંગ્રહ કરે. કહો, સમજાણું? 'પીંછી રાખીને સાધુ કે ક્ષુલ્લક શ્રાવક થઈ જાય,...' લ્યો! પુસ્તક ખૂબ રાખે, પીંછી રાખે. સમજાણું? 'કેશ લોચ કરે, એકાંત મઠમાં કે ગુફામાં બેસે પરંતુ શુદ્ધાત્માની ભાવના ન કરે,...' અંતર આનંદસ્વરૂપ ભગવાન, એનો અંતર દૃષ્ટિ, જ્ઞાન ને અનુભવ ન કરે, 'બાહ્ય મુનિ કે શ્રાવકના વેષને જ ધર્મ માની લે તો એમ માનવું મિથ્યા છે. શરીરના આશ્રયે જે વેષ હોય તે કેવળ નિમિત્ત છે, વ્યવહાર છે, ધર્મ નથી.' એ વ્યવહાર, ધર્મ નથી. સમજાણું?

'વ્યવહાર ક્રિયાકાંડથી કે ચારિત્રથી રાગભાવ શુભભાવ થવાથી પુણ્યબંધનો હેતુ છે...' લ્યો, સમજાણું? એ 'નિર્જરા અને સંવરનો હેતુ નથી... મુમુક્ષુજીવે આ વાતનની દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે ભાવની શુદ્ધિ જ મુનિ અથવા શ્રાવક ધર્મ છે,...' એ ધર્માત્માને એ દૃઢતાથી

www.vitragvani.com



શ્રદ્ધામાં રાખવું જોઈએ કે અંદરમાં આત્માના પુણ્ય-પાપના ભાવ વિના આત્માની શુદ્ધિની ભાવના થવી અને ભાવ થવો એ જ મુનિ અને શ્રાવકધર્મ છે. સમજાણું? અશુભભાવથી બચવા માટે શુભભાવ આવે. સમજાય છે?

'કોઈ જીવ ગમે તેટલું ઊંચું બાહ્ય ચારિત્ર પાળે અને કોઈને ગમે એટલા શાસ્ત્રોનું જ્ઞાન હોય તો પણ નિશ્ચય ધર્મ વિના સારરહિત છે,...' કહો, 'રતનલાલજી'! થોથા છે, એકડા વિનાના મીંડાં છે. કોરે કાગળે. હેં?

મુમુક્ષુ :– ધર્મીની ઓળખાણ તો થાય.

ઉત્તર :– ધૂળમાં ધર્મીની ઓળખાણ નથી થતી. ધર્મની ઓળખાણ, ધર્મી આત્માની ઓળખાણ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનો અનુભવ એ ધર્મની ઓળખાણ છે. દયા, દાન, વ્રતના પરિણામ એ તો વિકાર છે, એ ધર્મીની ઓળખાણ છે નહિ. ભારે વાત આકરી.

'નિશ્ચયધર્મ વિના સાર રહિત છે, ચાવલ વિનાના ફોતરા બરાબર છે.' જેમ ચાવલ ન હોય અને એકલા ફોતરાં હોય. ફોતરા કહે છે ને? તુષ.. તુષ. એમ આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ વિના એ બાહ્ય ક્રિયા મહાવ્રતના પરિણામ આદિ બધા થોથા, થોથા છે. 'પુણ્યબંધ કરાવીને સંસારનું ભ્રમણ વધારનાર છે.' બધાની વાત (કરી છે). ઓલો કહે, સંસાર વધારે? સંસાર વધારે? પાછો ટીકા કરે. આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, નિર્વિકલ્પ આનંદકંદ, એનો અનુભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન વિના જેટલી ક્રિયા પંચ મહાવ્રત આદિની, દયા, દાન, ભક્તિ, પૂજાની કરે એ બધી પુણ્યબંધની કરનાર છે. સંસારભ્રમણ વધારનાર છે. એમાં તો સંસાર વધે છે, એમ અહીં તો કહે છે. કહો, 'મોહનભાઈ'! જેટલો અંશ વીતરાગ છે એટલો ધર્મ છે, એમ કહેવું છે. સમજાણું?

'હે આત્મા! તું આ પાપનો બંધ કરનારી કલ્પનાને છોડ, એમ અહંકાર ન કર કે હું શૂરવીર છું.' છેલ્લો બોલ–દાખલો છે. 'બુદ્ધિમાન છું, ચતુર છું, સૌથી વધારે લક્ષ્મીવાળો છું,...' છોડી દે એ વાત. ભગવાનઆત્મા નિરાળો જ્ઞાનાનંદ છે, એને આવા બહારના અભિમાન શેના? મોટો પૈસાવાળો છું, મને દુનિયા કરોડો(પતિ) માને છે, હું 'ગુણવાન છું, સમર્થ છું અથવા સર્વ મનુષ્યોમાં અગ્ર છું, મુનિરાજ છું. નિરંતર નિર્મળ આત્મતત્ત્વનું જ ધ્યાન કર.' એ અહંકાર છોડી દે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી વસ્તુ, એનો નિરંતર અનુભવ કર તો મોક્ષની લક્ષ્મી મળશે. બાહ્ય ક્રિયાકાંડમાં કાંઈ વળે એવું નથી. ભારે આકરું પણ. લ્યો! આ 'શીતલપ્રસાદ' તો ચોખ્ખું લખે છે.

મુમુક્ષુ :– વ્યવહાર સાબિત કરી વ્યવહારને ઉડાડે છે.

ઉત્તર :– વ્યવહાર સાબિત નથી કર્યો? વ્યવહાર છે, કોણે ના પાડી? વ્યવહારથી લાભ થાય એ ના પાડે છે, વ્યવહારથી લાભ ના પાડે છે. એ ૪૭ મી ગાથા (પૂરી) થઈ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગદ્વેષનો ત્યાગ કરી આત્મામાં સ્થિતિ કરવી તે ધર્મ છે.

**राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ।**
**सो धम्मु वि जिण-उत्तियउ जो पंचम-गइ णेइ।।४८।।**

રાગ-દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવરભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮.

**અન્વયાર્થ** :– (**राय रोस बे परिहरिवि**) રાગદ્વેષ બંનેનો ત્યાગ કરીને, વીતરાગ થઈને (**जो अप्पाणि वसेइ**) જે પોતાની અંદર (આત્મામાં) વાસ કરે છે, આત્મામાં વિશ્રામ કરે છે (**सो धम्मु जिण वि उत्तियउ**) તેને જ જિનેન્દ્રદેવે ધર્મ કહ્યો છે. (**जो पंचम गइ णेइ**) એ જ ધર્મ પંચમગતિ–મોક્ષમાં લઈ જાય છે.

---

'રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મામાં સ્થિતિ કરવી તે ધર્મ છે.'

**राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ।**
**सो धम्मु वि जिण-उत्तियउ जो पंचम-गइ णेइ।।४८।।**

શું કહે છે? બહુ ટૂંકા શબ્દોમાં ટૂંકું કહે છે. જે કોઈ આત્મા પુણ્ય ને પાપના, રાગ ને દ્વેષના ભાવને છોડી દઈને, શુભ અને અશુભભાવ જે રાગ-દ્વેષમય છે તે બંધના કારણ છે, તેને છોડી દઈને. '**अप्पाणि वसेइ**' જે આત્મામાં વસે છે. દેખો! પુણ્ય અને પાપના ભાવમાં વસવું તે આત્માનું વસવું નથી, એમ કહે છે. એ શુભભાવમાં વસવું એ પણ આત્માનું વસવું નથી, એમ કહે છે. બહુ ટૂંકી ભાષામાં (કહે છે).

રાગ-દ્વેષના વિકલ્પો છોડી દઈ, શુભ-અશુભની રાગની વૃત્તિઓ છોડી '**अप्पाणि वसेइ**' '**अप्पाणि**' એ ત્રિકાળી આત્મા છે, વસવું એ અંદર સ્થિરતા છે. આત્મામાં વિશ્રામ કર. આહાહા..! ભગવાન ચૈતન્યધામ અંદર બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા શાશ્વત બિરાજે છે આત્મા એમાં વસ, એમાં વિશ્રામ કર, એમાં ઠર. એ મુક્તિનો ઉપાય છે. એ 'યોગસાર' છે, એમ કહેવું છે ને! '**वसेइ**' તે 'યોગસાર' છે. ભગવાનઆત્મા જેને કહીએ એ તો શુદ્ધસ્વભાવી વસ્તુ છે. શુદ્ધસ્વભાવી વસ્તુમાં વસવું એને યોગસાર કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે.

'**सो धम्मु जिण वि उत्तियउ**' એને વીતરાગ પરમેશ્વરે ધર્મ કહ્યો છે. સર્વજ્ઞદેવ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું, એવા પરમેશ્વરે આને આત્મામાં વસવું તેને ધર્મ કહ્યો છે. જુઓ! ભાષા છે ને? આહાહા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું છે કે, જેટલો ભગવાનઆત્મા શુદ્ધભાવે છે એમાં વસે તેટલો એને ધર્મ થાય. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'सो धम्मु जिण वि उत्तियउ' વીતરાગ પરમેશ્વરે સર્વજ્ઞદેવે આ આત્મા આનંદમય જોયો છે, એ આનંદમાં જેટલો વસે એટલો ભગવાન પરમાત્માએ ધર્મ કહ્યો છે. જેટલો એ પુણ્ય ને પાપમાં જાય તેને ભગવાને અધર્મ કહ્યો છે. આહાહા..! ભારે વાત. 'માંગીરામજી'! ભારે આકરી વાત. ચાલે છે ને? 'દિલ્લી'માં શું ચાલે છે? થોડું ચાલે છે, એમ કહે છે.

ભાઈ! આ એક આત્મા છે કે નહિ? તો આત્મા તો એને કહીએ કે, જેમાં કર્મ, શરીર ને પુણ્ય-પાપના ભાવ વિનાની ચીજને આત્મા કહીએ. આત્મા એને કહીએ અને કેવળીએ એને આત્મા કહ્યો, પરમેશ્વરે એને આત્મા કહ્યો. શરીર, કર્મને તો ભગવાને અજીવ કહ્યા. વાણી, શરીર અને કર્મ અજીવ કહ્યા. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય એને ભગવાને આસ્રવ, બંધનું કારણ કહ્યું. એ કંઈ આત્મા નથી. આહાહા..! ભારે વાત આકરી. એ આસ્રવના પુણ્ય-પાપના ભાવ વિનાની ત્રિકાળી આત્મચીજ તે તો એકલો વીતરાગી વિજ્ઞાનઘન શુદ્ધભાવથી ભરેલું તત્ત્વ છે. એવા શુદ્ધભાવમાં વસે તેને શુદ્ધભાવ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? જેટલો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં આવે એટલો તે અશુદ્ધભાવ છે, બંધભાવ છે, એ અધર્મભાવ છે.

મુમુક્ષુ :– અશુદ્ધભાવ એટલે બંધભાવ.

ઉત્તર :– અહીં તો કહ્યું ને, જુઓને! બે જ ભાષા છે, બે જ વાત છે. રાગ-દ્વેષના વિકલ્પો શુભ હો કે અશુભ હો, એને છોડી દઈને ભગવાનઆત્મા અનંત શાંત અને આનંદ સચ્ચિદાનંદમૂર્તિ પ્રભુ, એમાં વસે એ ભગવાનઆત્મા આત્મામાં વસે, રહે, ઠરે, એકાગ્ર થાય એટલો શુદ્ધભાવ પ્રગટ થાય, એટલો ભગવાને ધર્મ કહ્યો છે અને એ ધર્મ પંચમગતિનું કારણ છે. છે ને? પંચમગતિને પમાડે છે. 'णेइ' (અર્થાત્) 'લઈ જાય છે.' એ ધર્મ પાંચમી ગતિ એવી મોક્ષને પમાડે છે. પણ વચ્ચે આ શુભભાવ દયા, દાન, વ્રતાદિ, ભગવાનની ભક્તિ આદિ હો ભલે, પણ એ મોક્ષને પહોંચાડે એવી એનામાં તાકાત નથી. એ બંધકારણ છે. આહાહા..! જેમ પાપના ભાવ બંધનું કારણ છે, એવો પુણ્યનો ભાવ પણ બંધનું કારણ છે. એમાં વસવું એ કંઈ મોક્ષગતિમાં લઈ જાય એવી એનામાં તાકાત નથી. બેય દુઃખ છે. શું કીધું એણે?

મુમુક્ષુ :– એટલો તો માર્ગ કપાણો.

ઉત્તર :– જરીયે કપાણો નથી. પુણ્ય અને પાપ બંધનના જ કારણ છે. આહાહા..! એને ગળે ઊતરવું (કઠણ પડે).

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, એમણે જ્ઞાનમાં તારો આત્મા જોયો એ આત્મા તો પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે. એવા આત્મામાં અંતરમાં એકાગ્ર થઈને ઠરવું એનું નામ શુદ્ધઉપયોગ અને શુદ્ધ ધર્મ છે, એ એક જ મુક્તિનું કારણ છે, બાકી કોઈ મોક્ષનું કારણ છે નહિ. આહાહા..! જુઓને, ઓલા ધર્મ માનીને બિચારા મંદિર ને જાત્રા,

પાંચ-પાંચ લાખ કાઢે. જાત્રા (કરીશું તો) મુક્તિ થશે. ધૂળમાંય નહિ થાય. રાગ મંદ (આવે), અશુભથી બચવા શુભભાવ હોય છે. અશુભથી બચવા શુભભાવ હોય છે પણ એનાથી સંવર, નિર્જરા થાય એમ છે નહિ. ભારે, ભાઈ! તો કરવું શું કરવા? એ ભાવ આવે, ભાઈ! જ્યારે એને પાપભાવ ન હોય, એક વાત. શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા ન હોય, બે વાત. શું કીધું? શુભભાવ એની મેળાએ આવે છે, આવ્યા વિના રહે જ નહિ. જ્યાં સુધી આત્મા પૂર્ણ વીતરાગપણાને ન પામે ત્યાં સુધી વચમાં શુભભાવ આવે, પણ એ આવે એ મોક્ષનું કારણ છે, એમ નહિ. આત્માને શાંતિનું કારણ છે, એમ નહિ. એ શુભભાવ પોતે જ અશાંતિ છે. આહાહા..! આ જુઓ આવ્યું. અશુભભાવ તીવ્ર અશાંતિ, શુભભાવ મંદ અશાંતિ, પણ છે અશાંતિ. લ્યો, ઠીક. પણ અશાંતિ છે, એમાં જરીયે શાંતિ નથી. જરીયે નજીક નથી. અશાંતિમાં શું નજીક આવ્યું?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અનાદિઅનંત ચૈતન્યજ્યોત, અનાદિઅનંત અકૃત્રિમ અણકરાયેલ અવિનાશી, એવો ચૈતન્યપ્રભુ, એના સ્વભાવમાં તો પરમાનંદ અને શુદ્ધતા ભરી છે. એને પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને સ્વરૂપમાં વસવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મામાં વસવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ જે ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ના શિષ્ય 'ઉમાસ્વામી'એ કહ્યું. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માની નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે. એ આત્મામાં વસે એ પર્યાય કહેવાય છે. નિમિત્ત અને રાગમાં અટકે એને ત્યાં આત્મામાં વસ્યો ક્યાંથી આવ્યો? આત્મામાં વસે તેને આત્માની પૂર્ણ દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રોગ ઘટે કેવી રીતે?

ઉત્તર :- રોગ ઘટે પણ ક્યારે? આત્મામાં રોગ જ નથી. રોગ વિનાની ચીજ અને નિરોગતા દેખે, એમાં ઠરે તો નિરોગતા પ્રગટ થાય. ૧૦૫ ડિગ્રી તાવ ઘટ્યો અને ૯૯ રહ્યો, છ મહિના ચાલ્યો તો એને ક્ષયની શંકા પડી. ૯૯-૯૯ રહ્યા કરે છે, ભાઈસાહેબ! કાંઈક હશે, રાત્રે ઊંનું બહુ રહે છે. રાત્રે ૧૨ વાગ્યા પછી તપે છે. છ મહિના સુધી ન મટે તો એણે અહીં ઇસ્પિતાલ આવવું જોઈએ. એણે 'અમરગઢ'ની ઇસ્પિતાલ ફોટા લેવા આવવું જોઈએ. શું છે? ભઈ! છ મહિનાથી ૯૯, ૯૯, ૯૯ થોડો થોડો રહ્યા કરે છે. એ લાંબો કાળ રહે તો ક્ષયમાં જાય. સમજાણું? એમ મંદ રાગ પણ એમ ને એમ કર્તૃત્વબુદ્ધિએ રહે તો એ ક્ષયમાં-મિથ્યાત્વમાં જાય છે. આહાહા..!

ધર્મ તો આત્માનો નિજ સ્વભાવ છે. જિનેન્દ્રએ ધર્મ કહ્યો, ભગવાને એને ધર્મ કહ્યો. 'ધર્મ પોતાની જ પાસે છે...' ક્યાંય બહાર ગોતવા જાવું પડે એવું નથી. જગતને વ્યવહારથી દેખવું એવી એક વાત લીધી છે, ઠીક છે. બે-ત્રણ વાતું બધી લીધી છે, ઠીક છે, સાધારણ વાત છે. કહો? એ ૪૮ ગાથા (પૂરી) થઈ.

www.vitragvani.com



## આશા–તૃષ્ણા જ સંસાર-ભ્રમણનું કારણ છે.

**आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ।**
**मोहु फुरइ णवि अप्प-हिउ इम संसार भमेइ।।४९।।**

**મન ન ઘટે આયુ ઘટે, ઘટે ન ઇચ્છા-મોહ;**
**આત્મહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર. ૪૯.**

**અન્વયાર્થ :–** (आउ गलइ) આયુષ્ય ગળી જાય છે. (मणु णवि गलइ) પરંતુ મન ગળતું નથી. (आसा णवि गलेइ) ન આશા તૃષ્ણા ગળે છે. (मोहु फुरइ) મોહભાવ ફેલાતો રહે છે (अप्पाहिउ णवि) પરંતુ પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી. (इम संसार भमेइ) આ રીતે આ જીવ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

---

૪૯. ‘આશા તૃષ્ણા જ સંસાર-ભ્રમણનું કારણ છે.’

**आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ।**
**मोहु फुरइ णवि अप्प-हिउ इम संसार भमेइ।।४९।।**

કહે છે, અરે..! આત્મા, આયુષ્ય તો ચાલ્યું જાય છે, ભાઈ! જે કંઈ આયુષ્ય લઈને આવ્યો–૮૦-૮૫-૯૦-૧૦૦, એ તો આયુષ્ય ચાલ્યું જાય છે, બાપા! આયુષ્ય ગળે પણ તારી તૃષ્ણા ગળતી નથી. આહાહા..! છે ને? ‘આયુષ્ય ગળી જાય છે પરંતુ મન ગળતું નથી.’ કેમકે જ્યાં પરની ભાવના છે તેમાં મન ગળે શી રીતે? આત્મા આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન વિના તૃષ્ણા ઘટે નહિ. અજ્ઞાનીને આ કરું, આ કરું, આ કરું, આ કરું... પુણ્ય-પાપ કરું, પુણ્ય-પાપ કરું, પુણ્ય-પાપ કરું એ તૃષ્ણા ચાલી જાય છે.

‘ન આશા તૃષ્ણા ગળે છે.’ મોટો થયો એમ અંદર ઊંડે ઊંડે આશા વધ્યે જ જાય, એ આશાના છોડ લાંબા થાય. આશાના બીજડા વાવ્યા હોય ને પછી મોટો થાય, વૃદ્ધ થાય એટલે થઈ રહ્યું, કરી શકે નહિ પછી ઝાંવા મારે, અંદર વિચારના ઝાંવા મારે. આનું આમ થાય તો ઠીક, આનું આમ થાય તો ઠીક.. હવે કાંઈ કરી શકતો નથી. ઠીક થાય કે ન ઠીક થાય, શું કામ છે તારે? આત્માનું ઠીક થાય એટલે તારું કલ્યાણ થાય. સમજાણું? આશા તૃષ્ણા ગળતી નથી.

‘મોહ ભાવ ફેલાતો રહે છે...’ ભગવાનઆત્માના સ્વરૂપની શ્રદ્ધા અને ભાન વિના આ કરું... એમ કહેવા માગે છે. આ પર તરફનું આ કરું, આ કરું એમાં તો તૃષ્ણા વધી જાય છે. એમાં કાંઈ આત્માને એકાગ્ર થવાનો પ્રસંગ છે નહિ. આહાહા..! આનંદઘનજીએ કહ્યું ને? ‘આશા ઔરન કી ક્યા કીજે? આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે, આશા

www.vitragvani.com



ઔરન કી ક્યા કીજે?' સમજાણું? 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કૂકર આશા ધારી' કૂકર આશા – કૂતરા હોય છે ને? કૂતરા. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે' ભૂખ લાગે (એટલે) બહારમાં જ્યાં ત્યાં ભટકે. બારણા હોય ત્યાં માથું મારે. એ.. ટૂકડો આપજો, એ... બટકું આપજો, એ... બટકું આપજો. એમ આ મૂઢ જ્યાં હોય ત્યાં માન આપજો, મને મોટો કહેજો. મને માન આપજો, મને મોટો કહેજો, મને સારો કહેજો, હું ઊંચો છું એમ કહેજો. એ આશા તૃષ્ણાના ટૂકડા માગવામાં ભિખારી ભમ્યા કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- હું મોટો છું એવી આશા રાખે, કહેવા ન જાય.

ઉત્તર :- કહેવા જાય, જલસો કરે તેને કહેવા જાય. બે-ચારને ખાનગી કહેજો, હોં! હું અહીંથી જાઉં છું ને જલસો તૈયાર કરજો. મારું નામ ન લેશો. સમજાણું? અને પૈસા જોઈતા હોય તો હું આપીશ. બસો-ત્રણસો જોઈતા હોય તો હું આપીશ, પણ જલસો કરજો, જલસો. બધા ભેગા થાય ને બહુ માણસ થાય, હું તો આને લાયક નહોતો પણ મને તમે આ માન આપ્યું એ તમારી મોટપ છે. એમ કરીને એકબીજા માખણ ચોપડે. હેં? હું તો આને લાયક નહોતો પણ એ તમારી મોટપ છે કે તમે બીજાને મોટપ આપો છો. ઓલા પણ ખુશી થાય અને આ પણ ખુશી થાય. જાઓ, મરો બેઈ! બને છે ને આ? એ..ઇ...! આ ઊંધું બને છે આવું. ઓલાને ખાનગી કહે, જુઓ ભાઈ! આટલું કરજો, હોં! મારી આબરુ વધે એટલું થોડું રાખજો. મિત્ર તમે છો ને. પોતે ન કહે, મિત્રની પાસે કરાવે. જગતમાં આમ બને છે. ભિખારીઓ છે, રાંકા છે, માળા! દુનિયા પાસે માન લેવા માગે (છે). આ રાજા, મહારાજા બધા ભિખારા છે. સમજાણું કાંઈ? ભલે કરોડ કરોડના તાલુકા કહેવાય, (પણ) રાંકાના રાંકા છે. ભિખારીમાં ભિખારી (છે). અમને મોટા કહો, અમે રાજા છીએ. અમને મોટા ગણો.

એકવાર અમે જોયું હતું ને! 'પાલીતાણા' દરબાર હતા ને? શું (નામ)? આ ગુજરી ગયા ઇ. 'બહાદુરસિંહજી'! અમે (સંવત) ૨૦૦૬ની સાલમાં બહાર નીકળ્યા હતા ને? જવા માટે. રસ્તામાં કણબીઓને એવું મનાવે. તે દિ' 'ગાંધી'નું જોર હતું ને? ઓલામાં ઊભા હતા, નહિ? ઓલા ગામમાં. તમે નહોતા, નહિ? તમે નહોતા ને? ક્યારે કઈ તીથી ને કાળની વાત નથી. ત્યારે આ હતું કે નહિ, એટલી વાત છે. એની લાઈન જુદી છે. ત્યાં આગળ એ બે ઘોડામાં ઊભા હતા. અને બે ઘોડા ઊભા હોય એને કહેતા હતા, સમજ્યા ને? એ.. પટેલો! આમ ન કરજો, એ.. પટેલો! આમ ન કરજો. એ બધાને કહેતા હતા. અરે..! કીધું, આ પણ ભિખારી છે. સમજાણું કાંઈ? ભિખારી છે, આ રાંકા છે, કીધું.

કહે છે, આહાહા! ૪૯ છે ને એ. આયુષ્ય ગળે અને તૃષ્ણા ગળતી નથી. આયુષ્ય જાય તેમ તૃષ્ણા વધી જાય છે. સમજાણું કાંઈ? 'मोहु फुरइ' અને મોહભાવ ફેલાતો જાય છે. 'अप्पाहिउ णवि' 'પરંતુ પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી.' આહાહા..!

www.vitragvani.com



વખત ચાલ્યો જાય છે. બધોય માનમાં, સન્માનમાં, મોટપમાં. આ કર્યું ને આ મને માન્યું ને આણે મોટો કર્યો. (જીવન) ચાલ્યું એમાં ને એમાં. આત્માનું હિત કરવાના કાળ બધા ચાલ્યા ગયા. એનું છે ને? ઓલું ગુજરાતી છે ને? શું છે ગુજરાતી? ગુજરાતી છે કે નહિ? કેટલામું છે આ? ૪૯. આમાં ૪૮ હશે. આમાં થોડો ફેર છે, હોં! એકનો ફેર છે.

મન ન ઘટે આયુ ઘટે, ન ઘટે ઇચ્છા-આશ;
તૃષ્ણા મોહ સદા વધે, તેથી ભમતો ખાસ. ૪૮.

ઘણા શ્લોક કર્યા છે.

**आयु गले मन ना गले, इच्छा आशा न गलंत।**
**तृष्णा मोह सदा बढ़े, या ही भव भटकंत।।४८।।**

હિન્દી છે. અહીં તો એમ કહેવું છે, રાજા ને ભિખારી પરથી કાંઈક મોટપ માગે છે એની તૃષ્ણા વધે જાય અને મોહની સ્થૂળતા વધી જાય અને આત્માનું હિત એને સૂઝતું નથી. આમ જાણે કે, અમે વધી ગયા, મોટા થઈ ગયા, આમ થયા, આમ થયા. આહાહા..! સમજાણું કાંઈ? છોકરા સારા થયા, પછી પેદાશ કર્યે વધે. મૂઢ જાણે કે અમે વધ્યા. શેના વધ્યા?

'શ્રીમદ્દે' ન કહ્યું? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' લક્ષ્મી વધી. બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' ૧૬ વર્ષે કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' સોળ વર્ષે (કહે છે). સાત વર્ષે જાતિસ્મરણ હતું. આ 'શ્રીમદ્ રાજચંદ્ર'. ૧૯૮૭માં દેહ છૂટી ગયો. સાત વર્ષે જાતિસ્મરણ પૂર્વ ભવનું જ્ઞાન હતું. સોળ વર્ષે 'મોક્ષમાળા' બનાવી એમાં એમ કહે છે, 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો. વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહોહો એક પળ પણ તમને હવો!' લક્ષ્મી વધી, દુકાનો વધી, ઓલા શું કહેવાય તમારા? મોઢા આગળ (બેઠા હોય એને શું) કહેવાય? મુનિમો! મુનિમો વધ્યા, આ વધ્યા. ધૂળેય વધી નથી, સાંભળને! રખડવાનું વધ્યું છે.

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- દેખાય છે ને! રખડવાનું વધ્યું. હેરાન હેરાન થઈ ગયા છે. જુઓને! ખબર નથી પડતી? હેં? આહાહા! અરે...! 'મુંબઈ' જાય તો એનો છોકરો એની સાથે વાત ન કરે. એને કહે, બાપા! હમણાં મને ફૂરસદ નથી. ઇ જાય તો કહે, બાપા! મને હમણાં ફૂરસદ નથી, હોં! બેસો! જાઓ, ઘરે ખાઈ આવજો. હું નવરો (થાઉં) ને તમારી સાથે ખાવા આવું એની નવરાશ ન હોય.

અહીં તો કહે છે કે, બહારના સાધન વધ્યાથી વધેલો માનવું એ પરિભ્રમણના કારણમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વધ્યો છે, ગૂંચવાના કારણમાં (વધ્યો છે). નરદેહ, આવો મનુષ્યદેહ મળ્યો.. આહાહા..! માંડ જન્મ, જરા, મરણને ટાળવાનો આ ભવ છે. ભવને ભાંગવાનો ભવ (છે), એમાં ભવને વધારવાના સાધન વધ્યા. પણ આત્માનું હિત સ્ફુરતું નથી, એમ કહે છે. જુઓ! છે ને? 'પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી.' સમજાણું? આહાહા..! ચક્રવર્તી જેવી સંપદા ને ઘણી વાત લીધી છે.

અહીં છેલ્લો શબ્દ 'આત્માનુશાસન'નો છે. 'મનુષ્ય સદાય શરીરને પોષે છે અને વિષય ભોગ ભોગવતો રહે છે. આથી વધારે ખરાબ કામ બીજું શું હોય? તે વિષ પીને જીવન ચાહે છે.' ઝેર પીને જીવન ચાહે છે. ભગવાન અમૃતના આનંદકંદમાં અંદર ડૂબે નહિ, અંદરમાં આવે નહિ અને બહારના ભટકમાં ભટકમાં ભટક્યા કરે, (એ) ઝેર પીને જીવન ચાહે છે. તૃષ્ણા વધી જાય. મરતા સુધી તૃષ્ણા વધે જાય, જાય નહિ, પાછો ફરે નહિ. કેમ, 'હરિભાઈ'? પછી ભાઈનું પણ માને નહિ.

એટલે કહે છે, એ બધી તૃષ્ણાને છોડ અને ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ કર. તારા કલ્યાણના પંથ એમાં છે. બાકી બીજે ઠેકાણે કલ્યાણ નથી, બધું અકલ્યાણ છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

### દષ્ટિ અનુસાર ક્રમબદ્ધપર્યાય થાય છે!

આત્મા જ્ઞાયકસ્વરૂપ....સમભાવી સૂર્ય છે, એવા સ્વભાવને જે જાણતો નથી ને સ્વછંદી થઈને મિથ્યાત્વની વિષમબુદ્ધિથી કર્તાપણું માને છે - પરમાં આડુંઅવળું કરવા માંગે છે - તેણે ખરેખર જીવને માન્યો નથી, જ્ઞાયકસ્વરૂપ જીવતત્ત્વને તેણે જાણ્યું નથી. કર્તાપણું માનીને ક્યાંય પણ ફેરફાર કરવા ગયો ત્યાં પોતે જ્ઞાતાપણે ન રહ્યો ને ક્રમબદ્ધપર્યાય જ્ઞેયપણે છે તેને પણ ન માની એટલે અકર્તા-સાક્ષીસ્વરૂપ જ્ઞાયક જીવતત્ત્વ તેની દૃષ્ટિમાં ન રહ્યું. જ્ઞાયકસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તે જ્ઞાતા છે-અકર્તા છે અને નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે તે ઊપજે છે; જ્ઞાતાસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી ને પર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપર જ જેની દૃષ્ટિ છે તેને ઊંધી દૃષ્ટિમાં ક્રમબદ્ધપર્યાય અશુદ્ધ થાય છે. આ રીતે દૃષ્ટિ ફેરવવાની આ વાત છે. પરની દૃષ્ટિ છોડીને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવાની આ વાત છે. એવી દૃષ્ટિ પ્રગટ કર્યા વગર આ વાત યથાર્થપણે સમજાય તેવી નથી.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મપ્રેમી જ નિર્વાણના પાત્ર છે.

जेहउ मणु विसयहँ रमइ तिसु जइ अप्प मुणेइ।
जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ।।५०।।

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;
શીઘ્ર મળે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન. ૫૦.

અન્વયાર્થ :– (जोइउ भणइ) યોગી મહાત્મા કહે છે (हो जोइयहु) હે યોગીજનો! (मणु जेहउ विसयहं रमइ) જેમ મન વિષયોમાં રમણ કરે છે (जई तिसु अप्प मुणेई) જો તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો (लहु णिव्वाणु लहेहि) શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરી લે.

---

### વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૮, રવિવાર
### તા. ૨૬-૦૬-૧૯૬૬
### ગાથા–૫૦ થી ૫૩ પ્રવચન નં. ૧૮

---

૫૦ મી ગાથા. ૪૯ માં એમ આવ્યું હતું. આ 'યોગસાર' છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ, એમણે ૪૯માં કહ્યું કે, આ આયુષ્ય ઘટતું જાય છે છતાં તૃષ્ણા ઘટતી નથી. આયુષ્ય ચાલ્યું જાય છે અને તૃષ્ણા ઘટતી નથી, વધે છે. કેમકે એને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. સમજાણું કાંઈ? આત્મા એ એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આત્મા સચ્ચિદાનંદ અનાકુળ આનંદકંદ પદાર્થ છે અને એક બાજુ પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, શરીર, વાણી, કર્મ અને બાહ્ય સામગ્રી છે. જેને બાહ્ય સામગ્રી ઉપર પ્રીતિ (છે) તેને તૃષ્ણા વધી જાય છે.

ભગવાનઆત્મા શુદ્ધ સંતોષનો પિંડ આનંદનો કંદ છે. એવા આત્માના અંતર પ્રેમ વિના બહારની ચીજના પ્રેમથી, પછી અંદર શુભરાગનો, પુણ્યનો પ્રેમ હો તોપણ એ તૃષ્ણાને વૃદ્ધક જ એ પ્રેમ છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે, આયુષ્ય ચાલ્યું જાય છે છતાં મન ગળતું નથી, તૃષ્ણા ઘટતી નથી. કેમ ઘટતી નથી? કે, પરમાં તેનો પ્રેમ ઘટતો નથી. ત્યારે હવે કહે છે કે (એ) કેમ ઘટે?

મુમુક્ષુ :– આટલું આટલું સાંભળે ને પ્રેમ ન ઘટે?

ઉત્તર :– ઇ ના પાડે છે. ગુરુનું સાંભળે અને સમજે નહિ તો એ સાંભળ્યું નથી,

www.vitragvani.com



એમ કહે છે.

મુમુક્ષુ :- ઇતો પોતા ઉપર છે ને

ઉત્તર :- કોના ઉપર છે? ઇ આવશે, ઓલા ૫૨ માં (આવે છે ને)? શેમાં? ૫૩ માં આવે છે ને? શાસ્ત્રપાઠ આત્મજ્ઞાન વિના નિષ્ફળ છે. ગુરુ પાસે સાંભળે તોપણ નિષ્ફળ છે. એ આત્માના અંતરની દૃષ્ટિ વિના, આત્માના અંતરના આનંદના પ્રેમ વિના, એના અનુભવ વિના ગુરુ પાસે સાંભળે કે શાસ્ત્ર ભણે બધું નિષ્ફળ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આનંદનો કંદ છે. આહાહા..! આનંદનું સરોવર છે. સમજાણું કાંઈ? જેમ ઝાંઝવામાં પાણી નથી પણ સરોવરમાં પાણી છે, એમ જગતના કોઈ પદાર્થમાં આત્માને સુખ નથી, આત્મામાં સુખ છે. સમજાણું કાંઈ? એમ આત્મામાં અંદરમાં આનંદ છે એવો પ્રેમ કર્યા વિના, બહારના પ્રેમને લઈને એ અનંતકાળથી, ભલે એ શુભરાગ દયા, દાન, વ્રતના પરિણામ હો, પણ ભગવાનઆત્માથી વિરુદ્ધ પરિણામનો પ્રેમ, એને તૃષ્ણા વર્ધક છે. પંડિતજી! 'હરિપ્રસાદજી'! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા... એ કહે છે. આત્માનો પ્રેમી નિર્વાણનો પાત્ર છે. છે? જુઓ!

**जेहउ मणु विसयहँ रमइ तिसु जइ अप्प मुणेइ।**
**जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ।।५०।।**

બહુ ટૂંકી ભાષા. યોગી મહાત્મા 'યોગીન્દ્રદેવ' સંત દિગંબર મહાત્મા છે. કહે છે કે, હે યોગી! હે આત્માનું જોડાણ કરનાર પરનો પ્રેમ છોડી પુણ્ય-પાપનો, શરીર, વાણી, મન, સારી દુનિયા આત્મા સિવાય બધો પરનો પ્રેમ છોડીને જેને આત્મા આનંદકંદનો પ્રેમ લાગ્યો એને અહીંયાં યોગી, એને અહીંયાં ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, હે ધર્મી! 'જેમ મન વિષયોમાં રમણ કરે છે...' તારું મન જેમ પાંચ ઇન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધમાં રુચિ કરીને રમે છે... સમજાય છે? આત્મા અંતર જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ સિવાય જે મન અંતરના આત્માના પ્રેમ સિવાય, પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા, એની અંતર જેને રતિ, રુચિ અને પ્રેમ નથી એને પુણ્ય અને પાપ ને બંધ ને એના ફળમાં એનો પ્રેમ છે. તો કહે છે કે, જેવો પ્રેમ તને પરમાં છે એવો પ્રેમ જો આત્મામાં કર (તો) અલ્પ કાળમાં તારી મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

'मणु जेहउ विसयहं रमइ' વિષય શબ્દે, એકલા ભોગ આદિ એમ નહિ, આત્મા સિવાય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધા, હોં! આહાહા..! જેવો શાસ્ત્રના શબ્દોનો સાંભળવાનો પ્રેમ છે એ પ્રેમ પણ પરમાં જાય છે. 'હરિપ્રસાદજી'! આહાહા..! જેવો પ્રેમ એને શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં, સ્પર્શમાં, દેવ-ગુરુ-શાસ્ત્રમાં કે સ્ત્રી, કુટુંબ, પરિવારમાં કે આત્મા સિવાય કોઈપણ કર્મ અને શરીરાદિમાં જેવું મન ત્યાં લીન થઈને રમે છે,... અહીં એમ કહેવું છે

www.vitragvani.com



કે, એ તારો જ પુરુષાર્થ છે કે જ્યાં પરમાં તું રમે છે, એમ કહે છે. એમાં અહીં કંઈ કર્મ-બર્મને યાદ કર્યું નથી. સમજાણું કાંઈ? છે ને?

'જેમ મન વિષયોમાં રમણ કરે છે. જો તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો...' એક જ સિદ્ધાંત છે. ભગવાનઆત્મા પૂર્ણ શાંત, આનંદનો રસ (છે), એનો જેને પ્રેમ લાગ્યો નથી અને જેને પ્રેમ આ બાહ્ય પદાર્થમાં ઉલ્લસિત વીર્યથી જ્યાં અટક્યો છે, કહે છે કે, જેવા ભાવે પરમાં પ્રેમથી અટક્યો છે (એ) તારા ઊંધા પુરુષાર્થથી (અટક્યો છો), કર્મ કારણે નહિ, કોઈ કારણે નહિ. ભગવાનઆત્મા અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એના પડખે પ્રેમ છોડી દઈને, એની બહારની ચીજના પ્રેમમાં જેવું મન લીન થઈ ગયું છે, એવું લીન તારા ઊંધા પુરુષાર્થથી તેં કર્યું છે. એવો જ ઊંધો પુરુષાર્થ જેમ આમ કર્યો એમ જો ગુલાંટ ખા, ગુલાંટ નામ આત્મામાં આનંદમાં પ્રેમ કર તો ક્ષણમાત્રમાં તારી મુક્તિ થાય. સમજાણું કાંઈ?

'તુલસીદાસ' કહે છે, 'જૈસી રીતિ હરામ સે, તૈસી હરિ સે હોય, ચલા જાય વૈકુંઠ મેં, પલા ન પકડે કોઈ' આવે છે કે નહિ? 'જૈસી રીતિ હરામ સે' પૈસો પાંચ રૂપિયા મળે, દસ રૂપિયા મળે, બાયડી અનુકૂળ બોલે ત્યાં એવો (ફૂલાય કે) આહા..! આખો હોમાઈ જાય, આખો હોમાય જાય! સ્વાહા! શેમાં? એ પુણ્ય ને પાપ ને રાગ ને તૃષ્ણામાં સ્વાહા (થઈ જાય). એમાં ભગવાનના ધૂમાડા થાય. આહાહા..! 'વલ્લભદાસભાઈ'!

ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા (છે). એના પ્રેમને છોડીને જેવી લીનતા પરમાં લાગી એવી લીનતા જો તારામાં કર, એ તારા અધિકારની વાત છે. કર્મ ઘટે અને ફલાણું થાય એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! અહીં તો ભાઈ! કર્મને યાદેય કર્યા નથી. તું આમ (રમે છે) એવો આમ રમ, એમ કીધું છે. આ કહે છે, કર્મ એને નડે છે, કર્મ ઘટે તો કાંઈક મોક્ષનો માર્ગ થાય. આહાહા..! ભાઈ! તારા શાંતરસનો તને પ્રેમ નથી. સમજાય છે કાંઈ?

'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે, આપણે આવે છે, નહિ? 'નિર્જરા અધિકાર'માં. જ્યાં રતિ. 'નિર્જરા અધિકાર'. ૨૦૬ (ગાથા). એક વાર કરી હતી, 'પાલીતાણા'માં કરી હતી, એક વાર 'અમદાવાદ'માં કરી હતી. રતિ.. રતિ. હે આત્મા! આત્મામાં રતિ કર. આત્મામાં રતિ કરનો અર્થ આ દેહની ક્રિયા મને લાભદાયક છે, પુણ્ય-પાપના પરિણામ મને લાભદાયક છે (એમ જે માને છે) એને આત્મામાં રતિ છે નહિ. સમજાણું કાંઈ? તારો પ્રેમ પરે લૂંટી લીધો છે. એક અનુકૂળ જરી આબરૂ હોય, બહાર પડવાનું હોય, બહારમાં એના વખાણના ગાણા ગાય, બહાર પડવા માટે મથી જાય તે મથી જાય. આખી જિંદગી જાય. પાંચ-પાંચ, પચીસ-પચીસ વર્ષ પૈસા રળવામાં, એની વાસનામાં, એને બહાર પડવામાં, એની ખુરશી મોઢા આગળ લેવામાં કેટલો પ્રેમ કે જીવન આત્માને ખોઈ, આત્માને ખોઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને ખોવાઈ જાયને પણ પરનો પ્રેમ છોડતો નથી. કહો, 'રતિભાઈ'!

મુમુક્ષુ :- લૂંટારા પ્રેમ લૂંટી જાય એમાં ઇ શું કરે?

ઉત્તર :- ઇ લૂંટાય છે. લૂંટે કોણ? આહાહા!

જેવું મન.. સમજાય છે? એ કીધું ને, રતિનું? 'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે. 'કહાં દિખાઉં ઔરકો કહાં દિખાઉં ભોર, તીર અચૂક હૈ પ્રેમ કા લગે રહે કો છોડ, કહાં દિખાઉં ઔર કો' આ આત્માનો પ્રેમ, આત્મા શુદ્ધ ચૈતન્ય, એની અંતરની દૃષ્ટિના પ્રેમને બીજાને શું કહીએ? કહે છે. અને 'કહાં દિખાઉં ભોર' એના પ્રકાશની મહિમા કોને દેખાડીએ? 'તીર અચૂક હે પ્રેમકા' એ અચૂક તીરનો પ્રેમ લાગ્યો અંદર ભગવાનઆત્મા ઉપર. 'લાગે રહે સો ઠોર' એ આત્માનો પ્રેમ થયો (એટલે) ત્યાં ને ત્યાં એની રુચિ વારંવાર જાય છે. સંસારના પ્રેમીઓ સંસારની કોઈપણ વિવિધ પ્રકારની ચીજો દેખીને (તેમાં પ્રેમ કરે છે). સમજાણું કાંઈ? ખાવા બેઠો હોય અને વિવિધ પ્રકારની વાનગીઓ ખાવાની પીરસે (તો) ન્યાં ને ન્યાં એને લક્ષ રહે. આ શું આવ્યું? ચાવલ આવ્યા. શું કહેવાય તમારે? ચાવલને શું કહેવાય? તમારા છોકરા ચોખા ખાય એ શું? આ કેરીને સાથે અહીં નહોતા આપતા? ચેવડો. એ વિવિધ વાનગી આમ જોવે કે, આમાં ચેવડો આવે છે? આમાં કેરીના કટકા આવે છે? આમાં આ મોસંબીનું પાણી મૂક્યું છે કે ઓલું પાણી મૂક્યું છે? એ વિવિધ વાનગીનો પ્રેમ છે (એટલે) ત્યાં જોયા કરે. સમજાણું કાંઈ?

એમ આત્મા સિવાય વિવિધ પ્રકારના પુણ્ય-પાપ ને પુણ્ય-પાપના બંધન ને બંધનના અનુકૂળ-પ્રતિકૂળ બાહ્ય ફળ, મૂઢ બહારની પ્રીતિના પ્રેમમાં ભગવાનઆત્માની પ્રીતિ ખોઈ (બેઠો) છે. ભલે બહારમાં ત્યાગી થયો હોય પણ અંતરમાં જેને બાહ્યના રાગમાં પુણ્ય, દયા, દાનના વિકલ્પ ઊઠે છે, એનો જેને પ્રેમ છે એ પૂર્ણ ભોગી છે, યોગી નથી એમ કહે છે. આહાહા..! હે જોગિયા! કીધું ને? હે જોગીડા! આહાહા..!

ભગવાનઆત્મા અંદર પરમાત્માના તેજ ને નૂર ને આનંદથી ભરેલું તારું તત્ત્વ છે, એના પ્રેમમાં એક ક્ષણ પણ પ્રેમ કર તો તારો સંસાર જન્મ-મરણનો નાશ થઈ જાય. એવો જેનો પ્રેમ! એવો પરમાત્મા અંદરમાં તું બિરાજે છો. પણ જેવો પ્રેમ – પરમાં લીનતા એવો પ્રેમ જો આમાં કરે તો ક્ષણમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પામીને મુક્તિ થયા વિના રહે નહિ. છે ને?

'જેમ મન વિષયોમાં રમણ કરે છે જો તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો...' 'तिसु अप्प मुणेई' એમ શબ્દ છે ને? આત્મા, ભગવાનઆત્મા. જેના તેજના એક સમયના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક વિવિધ એક તત્ત્વ સિવાયના જેટલા તત્ત્વો છે, એ બધા આત્માની એક સમયની દશામાં જણાય એવા તત્ત્વો છે. છતાં એ તત્ત્વો મારા છે એમ જણાય નહિ. એવા આત્માના ચૈતન્યના પ્રેમમાં જો આખી દુનિયા તને અંદરમાં પ્રેમ વિનાની

www.vitragvani.com



(દેખાશે), એનો પ્રેમ ક્યાંય લાગશે નહિ. જ્ઞાતા-દૃષ્ટા થઈ જગતની ચીજોને જાણનાર-દેખનાર થઈશ. એ જાણનાર-દેખનાર થયો એને પુણ્ય અને પાપના ભાવમાં પણ પ્રેમ ઊડી ગયો. પછી આ સાધન મને અનુકૂળ છે અને આ સાધન પ્રતિકૂળ છે, એવું આત્માના સ્વભાવના પ્રેમમાં એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'મન આત્માના જ્ઞાનમાં રમે તો શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરી લે.' તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને મુક્તિને પામે.

'યોગીન્દ્રઆચાર્ય' યોગી નામ ધર્માત્મા. યોગી એટલે જેનું વલણ બાહ્યના વલણથી છૂટ્યું છે અને જેના વલણ–દિશા આત્મા તરફ વળી છે. એવા ધર્મી સમ્યગ્દૃષ્ટિથી માંડીને (બધા ધર્માત્મા) જીવોને કહે છે કે, અરે! 'મનને દૃઢતાથી પોતાના આત્મામાં રમાડવું જોઈએ. તો જ વીતરાગતાના પ્રકાશથી શીઘ્ર નિર્વાણની પ્રાપ્તિ થશે.' પહેલું પદ લઈ લીધું. કેમકે 'આત્મવીર્યના પ્રયોગથી જ દરેક કામનો પુરુષાર્થ થાય છે.' એમ કહે છે, જુઓ! 'અજ્ઞાની જીવ પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં જેટલી આસક્તિથી રમે છે...' એ પણ વીર્યથી છે, એમ કહે છે. તારા ઊંધા પુરુષાર્થથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં એકાકાર (થાય છે). અરે...! વાણી સાંભળવામાં એકાકાર (થઈ જાય) એ પણ તારા પુરુષાર્થની ઉગ્રતા ઊંધી પરમાં છે, એમ કહે છે. હેં? 'ભાવનગર'થી સાંભળવા આવે છે.

વીતરાગ એમ કહે છે કે, સાંભળવાના પ્રેમને પણ છોડ. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય.. હરણની ડૂંટીમાં કસ્તૂરી પણ એને કસ્તૂરીની ખબર નથી. એમ આ આત્મા અતીન્દ્રિય આનંદનું સરોવર, સરોવર, દરિયો અંદર છે. આહાહા..! એના પ્રેમને છોડીને પરમાં એકાકાર હોમાઈ ગયો છો તો એકવાર ગુલાંટ ખા. પરનો પ્રેમ છોડીને અહીં પ્રેમ કર. તારો પ્રેમ કર તો પરમાત્મા થયા વિના રહીશ નહિ. આહાહા..! કહો 'શશીભાઈ'! સમજાણું?

પાંચ ઇન્દ્રિયાના દાખલા આપ્યા છે ને? હાથી જેમ સ્પર્શમાં વશીભૂત થઈ ગયો છે ને? હાથી સ્પર્શ ઇન્દ્રિયમાં વશીભૂત થઈ ગયો છે. માછલું રસમાં (વશીભૂત થયું છે). માછલાને (ખાવામાં) રસ હોય છે ને? ખાવામાં જરી લોટ આપે તોપણ એમાં રસ (આવે). માછલાને કાંટામાં નાખે ને? પાણીમાં લોઢાનો કાંટો હોય ને? એમાં લોટ નાખે. લોટ ખાવા આવે તો માછલાને અહીં ગરી જાય. એમ લીન થઈ ગયો છે. માછલું રસમાં લીન થઈ ગયું છે. ભમરો કમળમાં (લીન થયો છે). કમળ આવડું હોય એમાં બિડાઈ જાય, બંધ થઈ જાય. રસલીન થઈ ગયો છે. પછી હાથી આવીને આખું કમળ ખાઈ જાય, પણ એના પ્રેમને છોડતો નથી અને પતંગિયું દીવાની જ્યોતમાં (લીન થાય છે). લ્યો! સમજાણું? પતંગિયું દીવાની જ્યોતમાં ભસ્મ થઈ જાય છે. આમ બત્તી દેખે તો.. આમ જાય. વિષયના પ્રેમમાં આખું શરીર ભસ્મ થાય તોપણ એને ખબર રહેતી નથી. કહે છે કે, એવો પ્રેમ જો આત્મામાં કર, એ પણ તારા પુરુષાર્થની ગતિનું જ કાર્ય છે. શરીર ભસ્મ નામ, શરીરને ગમે તે થાઓ પણ તને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્યાં નુકસાન થશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મૃગલાં જંગલમાં પકડાય છે. લ્યોને! કાનના શોખીન છે ને? સાંભળવાના. એવા લીન થઈ જાય ને આમ! વીણા વગાડે છે. પછી મૃગને મારે. મૃગ આમ સાંભળવા બેઠો હોય. મારે આમ મુક્કો. લીન થઈ ગયો છે, લીન, કહે છે. સમજાય છે?

'દિવસ રાત આત્માનું જ સ્મરણ કરવું જોઈએ.' કહે છે, જેમ એ પાંચ ઇન્દ્રિયના વિષયમાં, એક એકમાં જેમ પાંચેય લીન છે, એમ આત્મામાં એને લગની લાગવી જોઈએ. સમ્યગ્દર્શનમાં એની લગની લાગે. સમ્યગ્દર્શન એને કહીએ કે, આત્મા અખંડાનંદ મૂર્તિ એની એને અંદર લગની હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજા રસનું વેદન તો એને ખ્યાલમાં છે.

ઉત્તર :- ખ્યાલમાં છે પણ આ ચીજ છે કે નહિ આમ? ખ્યાલમાં શું એણે ઊભું કર્યું છે. ન્યાં ક્યાં ખ્યાલમાં છે? ક્ષણે ક્ષણે નવું ઊભું કરીને આ. આ છે. ત્રિકાળી આમ છે એનું એને લક્ષ નથી. ક્ષણે વેદનાર છે કોણ? ત્રિકાળી પોતે છે. વાત (એ છે કે) એને પડખું ફેરવતા આવડતું નથી.

ભગવાનઆત્મા, જેવો પ્રેમ ત્યાં (છે)... આ વેશ્યાની આસક્તિ (હોય છે), પરસ્ત્રીના લંપટીઓ કેટલા આસક્ત હોય, જુઓને! હેં? આહાહા! જુઓને એક આવે છે ને? ઓલા 'સૂરદાસ'નું નથી આવતું? પેલા હતા ને? વેશ્યા પાસે જતા. સર્પ હતો. વેશ્યાના ઘરે જતા સર્પ (હતો). એને એમ કે દોરડું છે, એમ ધારીને સર્પને પકડીને અંદર ગયો, ઉપર ચડી ગયો. હેં? સર્પ છે કે દોરડું, ભૂલી ગયો. વેશ્યાના પ્રેમમાં.. આવે છે કે નહિ? 'શશીભાઈ'! અમે તો બધું સાંભળેલું, અમે કંઈ એવું વાંચેલું નહિ. એવો પ્રેમ! પછી એણે આંખ્યું ફોડી નાખી. પણ આંખ્યું ફોડ્યે શું થાય? સમજાણું? આપણે આ રૂપ ન દેખવું. આ રૂપ (ન દેખાય માટે) આંખ્યું ફોડી નાખો. પણ આંખ્યું ક્યાં નડે છે? એ તો જડ છે. તારો પ્રેમ પરમાં છે, એને છોડવા અંતરના પ્રેમને કર ત્યારે બહારની આંખ્યું ફોડી કહેવાય. આંખ્યું બહારનું શું કામ છે ન્યાં? આહાહા..!

કહે છે, 'આત્માના રસમાં એવા રસિક થઈ જવું જોઈએ કે માન, અપમાન,...' ઘણા બોલ લીધા છે ને? જીવન-મરણ, કાંચન સુખમાં સમાન ભાવ રાખવો જોઈએ. 'જેમ ધતૂરો ખાનાર દરેક જગ્યાએ પીળો રંગ દેખે છે...' જુઓ! ધતૂરો પીવાવાળો બધી ચીજને પીળી દેખે, એમ ધર્મીને બધી ચીજ અનિત્ય અને ક્ષણિક દેખાય છે. એક નિત્યાનંદ ભગવાનઆત્મા દૃષ્ટિમાં આવતા બધી ચીજો ક્ષણિક, નાશવાન (છે), હું અવિનાશી આત્મા (છું), એક અવિનાશી હું છું બાકી બધું નાશવાન છે. સમજાણું કાંઈ?

'શુદ્ધ નિશ્ચયનયથી તેને જેવી રીતે પોતાનો આત્મા પરમાત્મરૂપ શુદ્ધ દેખાય છે, તેવી જ રીતે દરેક આત્મા પરમાત્મારૂપ શુદ્ધ દેખાય છે.' નિશ્ચયથી, હોં! નિશ્ચયદૃષ્ટિ જેવો આત્મા

www.vitragvani.com



પોતાનો પુણ્ય-પાપના રાગ વિનાનો જણાય એવી જ દૃષ્ટિથી બીજા આત્માને પણ તે જોવે. એનો આત્મા એ પુણ્ય-પાપના રાગ, શરીર, કર્મ વિનાનો તેને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા ભગવાન શુભ-અશુભ રાગ, બંધન અને ફળ રહિત છે એવી દૃષ્ટિ જ્યાં ધર્માત્માને (થઈ), યોગસાર એટલે આત્માના યોગની થઈ, ઇ બીજા આત્માને (પણ તેમ જ દેખે છે). એ આત્મા તરીકે તો આને સ્વીકારે છે. બીજા આત્માઓ પણ પુણ્ય-પાપના રાગવાળા એમ નહિ. પુણ્ય-પાપનો રાગ તો આસ્રવ છે, કર્મ, શરીર તો અજીવ છે. એનો આત્મા છે એ તો જ્ઞાનાનંદ અખંડાનંદ પ્રભુ છે, એમ ધર્મી પોતાના આત્માને જેમ નિર્વિકારી ભાળે છે એમ બીજાના આત્માને એની સ્થિતિને નિર્વિકારી દેખે. સમજાય છે કાંઈ? આહાહા..! શરીર દેખે, પણ એ તો જડ છે, એમ દેખે. એના પુણ્ય-પાપને જાણે પણ એ તો વિકાર છે એમ જાણે. એને–આત્માને જાણે તો નિર્વિકારી આત્મા છે એમ એને જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

'લોક એક શુદ્ધ આત્મિક સાગર બની જાય છે. તે જ આત્મસાગરમાં તે આત્મજ્ઞાની એક મહામત્સ્ય થઈ જાય છે.' એમ કે, આત્માના આનંદમાં પોતે શુદ્ધના પ્રેમમાં પડ્યો છે ને (એટલે) બધા આનંદમય આત્મા છે એમ ભાસે છે. પોતે જગતના આનંદરૂપી સાગરનો જાણે માછલું હોય, મત્સ્ય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જ્ઞાની જીવ એવા આત્મરસિક થઈ જાય છે કે ત્રણ લોકની સંપદા તેને જીર્ણ તૃણ સમાન દેખાય છે.' સમજાણું? એ વાત કરી. પછી તો ખૂબ લખ્યું છે.

'પૂજ્યપાદસ્વામી'નું આવે છે ને? 'મોક્ષાર્થીને માટે ઉચિત છે...' મોક્ષના અર્થીને એ ઉચિત છે કે, 'આત્મજ્યોતિના વિષયમાં પ્રશ્ન પૂછવા...' પ્રશ્ન કરે તો આત્મા કેવો? આત્મા કેમ પ્રાપ્ત થાય? આત્મામાં શું છે? આત્મા પ્રાપ્ત થાય તો કઈ દશા એને થાય? સમજાય છે કાંઈ? આત્માર્થી–મોક્ષાર્થીએ આવા પ્રશ્ન કરવા જોઈએ. આહાહા..! હેં?

મુમુક્ષુ :– અમારું દુઃખ ક્યારે મટશે એમ (પ્રશ્ન કરવા જોઈએ)

ઉત્તર :– દુઃખ મટે આ. આત્માનું દુઃખ ક્યારે મટે? એમ. દુઃખ કયું આ બાયડી-છોકરાનું દુઃખ છે? આહાહા..! ઓલામાં–'અનુભવ પ્રકાશ'માં દાખલો આપ્યો છે, નહિ? પાનીમેં મીન પ્યાસી, મુને સુન સુન આવત હાંસી રે.., પાની મેં મીન પ્યાસી.' પાણીમાં મીન પ્યાસી. 'અનુભવ પ્રકાશ'માં દાખલો આપ્યો છે ને? બીજામાં ઇ ભજન છે. એક માણસ હતો. ઇ કહે, મને આત્મજ્ઞાન આપો. એક માણસ એક સાધુ પાસે ગયો, (જઈને કહ્યું), મને આત્મજ્ઞાન આપો. ત્યારે (સાધુ) કહે, 'મારી પાસે તો નથી, પણ દરિયામાં એક માછલું છે એની પાસે જા, માછલું તને આપશે.' (ત્યાં) માછલાને કહે (છે) 'ભાઈ! તમે તો મોટા પુરુષ છે. અમને કોઈકે કહ્યું કે, તમે (આત્મજ્ઞાની છો).' (ત્યારે) માછલું કહે (છે), 'હા, તમે મોટા પુરુષ છો કે મને અહીં શોધવા આવ્યા. માછલું એમ કહે છે. મારું એક કામ કરો.' શું? માછલી

www.vitragvani.com



કહે છે, 'મને થોડુંક પાણી લઈ આવી દ્યો. તરસ્યો છું. ઘણા વર્ષથી તરસી છું. એક પાણીનો પ્યાલો લઈ આવી દ્યો.' પાણીનો પ્યાલો શું કરવો છે? આ પાણી નથી ભર્યું આ બધું? (માછલી કહે છે), પાણી ભર્યું છે એમ તમે કહો છો? ત્યારે તમે આત્મા જ્ઞાનરૂપ નથી ભર્યા? તમે ક્યાં અંદરથી ચાલ્યા ગયા છો. હેં? માછલી ઓલાને કહ્યું, 'મારી માટે પાણી લાવી દ્યો. પછી હું તમારી પીપાસ ....' પાણી તો તારી પાસે છે, આ રહ્યું, દરિયો જો! તો તું કોણ છો ત્યારે? આ પૂછનાર, જાણનાર છે કોણ? માછલું આમ (બહાર) નજર કરે એટલે પાણી દેખાતું નથી. આમ (અંદર) નજરે દેખાય. એમ આ અનાદિનો આત્મા પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દેહાદિ ક્રિયા બહારને દેખે છે પણ અંદરમાં ચિદાનંદ જળથી ભરેલો દરિયો એને દેખતો નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એ પાણીમાં મીન પ્યાસી. 'વલ્લભદાસભાઈ'! એમ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અનાકુળ આનંદ અને જ્ઞાનનો દરિયો અંદર છે, પણ નજર કરે તો ને? એને નજર કરવાનો વખત મળતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? માટે કહે છે, એ આત્માના પ્રશ્ન કરવા, આત્માની 'ઇચ્છા કરવી...' આત્માના 'દર્શન કરવા.' એની લગની લગાડવી. બીજી લગની છોડી દઈ, વિકાર ને ફળ અને ફલાણાની, આવું પુણ્ય કર્યું ને એનું ફળ શું આવશે? મૂકને હોળી હવે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ મૂર્તિ છે, અનાકુળ આનંદનો દરિયો છે, ત્યાં જો. ત્યાં તને શાંતિ વળે એવું છે. બહારની ક્રિયાકાંડમાં ક્યાંય ધૂળેય નથી. સમજાણું કાંઈ? એ દયા, દાન, ભક્તિના પરિણામ એ બધા રાગના ભાવ છે, એ રાગમાં આત્મા નથી. એમાં ધર્મ નથી અને રાગમાં આત્મા પણ નથી. એનો પ્રેમ છોડીને આત્માનો પ્રેમ કર. હવે (૫૧ (ગાથામાં) જરી શરીરની જીર્ણતા બતાવે છે.

---

## શરીરને નરકનું ઘર જાણો.

जेहउ जज्जरु णरय-घरु तेहउ बुज्झि सरीरु।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भव तीरु।।५१।।

નર્કવાસ સમ જર્જરિત, જાણો મલિન શરીર;
કરી શુદ્ધાત્મ ભાવના, શીઘ્ર લહો ભવતીર. ૫૧.

અન્વયાર્થ :- (जेहउ णरय घरु जज्जरु) જેવો નરકનો વાસ આપત્તિઓથી ભરેલો છે (तेहउ सरीस बुज्झि) તેવું જ શરીરના નિવાસને સમજો. (णिम्मलउ अप्पा भावहि) નિર્મળ આત્માની ભાવના કરો. (लहु भवतीरु पावहि) શીઘ્ર જ સંસારથી પાર થશો.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શરીરને નરકનું ઘર જાણો.' એમ લખ્યું છે. પાઠમાં બીજું છે.

जेहउ जज्जरु णरय-घरु तेहउ बुज्झि सरीरु।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भव तीरु।।५१।।

શું કરવા આ કહે છે? ભગવાન અનાકુળ આનંદના પ્રેમમાં, કહે છે કે, આ શરીર નરકના ઘર જેવું જર્જરિત તને દેખાશે. નવ દ્વારથી પેશાબ, વિષ્ટા, થૂંક, ચારે કોરથી પરસેવો ઝરે એવી આ ધૂળ છે. ભગવાનઆત્મા આનંદનો કંદ છે. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! આત્મા આનંદ સચ્ચિદાનંદ સત્ શાશ્વત, શાશ્વત જ્ઞાન અને આનંદનો દરિયો, સરોવર છે ભગવાન, એના પ્રેમ વિના તને આ શરીર મીઠું લાગે છે. બટકા ભરીએ, શરીરના જાણે ભોગ લઈએ, શું કરીએ જાણે સુંવાળું લાગે, આમ કરીએ. શું છે પણ? આ તો હાડકાં છે, ચામડા છે, માંસ છે, લોહી છે, પરુ છે. એક શેરડી જેટલી જરી ચામડી ઉતરડાય, શેરડીની છાલ, શેરડી સમજો છો? ગન્ના.. ગન્ના. એક છોરડી ઉતારે તો ખબર પડે, થૂંકવા ઊભો ન રહે. કહેતો હતો ને મારે ભોગને માટે (છે), ભારે સુંવાળા શરીર, ભારે માખણ જેવા! ધૂળમાંય નથી, મૂર્ખ! તારા શરીરમાં તો હાડકા ને ચામડા ભર્યા છે એકલા. આહાહા..! સમજાણું? જુઓ!

'जेहउ णरय घरु जज्जरु' અહીં તો 'શરીરને નરકની ઉપમા આપી છે.' આહાહા..! 'નરકમાં સર્વ અવસ્થા ખરાબ અને ગ્લાનિ ઉપજાવે તેવી હોય છે...' નીચે નરકમાં છે ને નારકી? આ માંસ ને દારૂ ખાનારા લંપટીઓ મરીને નરકમાં જાય છે. સમજાય છે? આ મહારાજા, આ રાજાઓ બધા કહેવાય ને? બધા મોટરું-બોટરુંમાં ચાલનારા. લાખો-કરોડો માણસને મારે, માછલાને મારે, માંસ ખાય, દારૂ પીવે, પરસ્ત્રીના લંપટીઓ, એ બધા નરકના મહેમાન થાય છે. માર ખાવા માટે. અહીં તો ખમ્મા ખમ્મા થતી હોય, બધા મરીને હેઠે ગયા. આ રાજા, મહારાજા બધા ત્યાં (ગયા છે), હોં! આ 'જ્યોજ–બ્યોર્જ' ને 'એડવર્ડ' ને બધાય. આહાહા..! અને સાડા ત્રણ કરોડ, પાંચ-પાંચ કરોડના બંગલામાં સૂતા હોય. હેં?

મુમુક્ષુ :– વાર શું કોની લાગે?

ઉત્તર :– કોની લાગે? પાણીના પથરા મોટા ભારે હોય એ પાણીમાં પડે ભેગા હેઠા. એમ એકલા પાપ, આત્માને ભૂલીને નરકના પાપ (કર્યાં હોય) એ પાપનો બોજો વધ્યો, (એ) જાય નરકે હેઠે. કહે છે કે, એની પ્રતિકૂળતા નરકમાં (ઘણી છે). એવું અહીં તો શરીર વર્ણવવું છે, હોં! જેમ ગ્લાનિકારક છે, ખરાબ છે, મળ-મૂત્રથી ભરેલું છે, નારકી. ખારું પાણી, અંગ છેદી વગેરે વગેરે. નરકવાસમાં ક્ષણમાત્ર પણ શાતા નથી. કોઈ સુખકારી એમાં નથી, એમ.

'માનવનું આ શરીર પણ નરક જેવું છે.' લ્યો! અહીં તો (આ) ઉપમા આપી, જુઓ! આહાહા..! શું કહેવા માગે છે આચાર્ય? કે, જેમ નરકમાં ઊપજતા, મોટા મહારાજા મરીને

www.vitragvani.com



નરકમાં ગયો તો હાય.. હાય..! અર..ર..! આ શું છે? એને પૂર્વ ભવની ખબર ન હોય કે, હું એક રાજા હતો ને મરીને (અહીંયાં) આવ્યો છું. અરરર! શું છે આ? જ્યાં ઊપજે ત્યાં માથે મધના પૂડા હોય છે. મધના પૂડા જેવા ઉત્પત્તિ સ્થાન હોય છે ત્યાં ઊપજે. અને ઊપજે ભેગા હેઠે છત્રીસ પ્રકારના શસ્ત્રો હોય છે. છત્રીસ પ્રકારના નીચે શસ્ત્રો, એમાં પડે. ફ..ટ..! કટકા. અહીં હજી મહારાજાને ઢોલિયામાં કાઢતા હોય. મોટા રાજા આદિને ઢોલિયામાં કાઢે ને? ઢોલિયા.. ઢોલિયા સમજો છો? મોટો પલંગ હોય. હાથમાં હોકા આપ્યા હોય, માથે ખંડેલ બંધાવ્યા હોય. શું કહેવાય એની? પાલખી! અહીં પાલખી નીકળતી હોય, ન્યાં નરકે પોઢ્યા હોય. હાય..! અરે...! આ અવતાર! શું છે આ તે? આ શું છે? કેટલો કાળ (રહેવાનું)? કઈ સ્થિતિ? બીજા પરમાધામી આવે (અને કહે), આ નરકનું સ્થાન છે. પાપી તમે પાપ કર્યા માટે અહીં અવતર્યા. જેમ એ નરકનું શરીર (છે) અથવા નરકસ્થાન સારું નથી લાગતું એમ આ શરીર નરક જેવું છે એમ અહીં બતાવવું છે. આહાહા..! બીજી વાત તો ક્યાંય રહી ગઈ.

અહીં તો આત્મા સામે એક શરીર નાખ્યું. શરીર 'जज्जरु' નરકના સ્થાન જેવું છે. કહો, સમજાણું? જુઓ! એમાં જરી લખ્યું છે, 'શરીર ઉપરની ચામડી ખસેડી લેવામાં આવે તો પોતાને જ આ શરીર પ્રત્યે ઘૃણા થઈ જાય,...' જરી ચામડી ઉતારે ત્યાં અંહ..હ.. દૂર્ગંધ લાગે. આમ જાણે બટકા ભરી લઉં કે ખાઈ લઉં, શું કરું? એને એમ લાગે. એને જરી ચામડી ઉતરડીને દેખાડે (તો) આ..હા...! ઉં..હું..! એના ભાગ કરીને આપે, એક તપેલામાં માંસ, એકમાં એનું લોહી, એકમાં એના ચામડા, એકમાં એના હાડકાં, એકમાં દાંત (એમ) બધા જુદા ભાગ બતાવે (તો એમ કહે), અર..ર...! આ શરીર? ત્યારે ઇ શરીર કોનું શરીર છે?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહાહા..! એમ બતાવવા વાત કરી છે, હોં! ઘૃણા કે દ્વેષ કરાવવા નહિ. ભાઈ! તું અતીન્દ્રિય આનંદનો કંદ છો ને, પ્રભુ! એના પ્રેમ છોડીને તને આવા નરકના જેવા શરીરના પ્રેમમાં ફસાઈને જિંદગી ગાળે છે, એમાં ને એમાં. ચોવીસ કલાક એની સંભાળ. એને ખવરાવવું ને એને પીવડાવવું ને એને નવડાવવું ને એને ધોવરાવવું ને સૂવડાવવું... આહાહા..! સવાર પડે ત્યાં પાછું ઇ. આ પણ વખત તારો ચાલ્યો જાય, આ હોળી નરક જેવું શરીર છે, એમ અહીં તો કહે છે. આવા આનંદકંદની સામું જોયા વિના આમાં ને આમાં તારું (જીવન) જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'કરોડો રોગોનું સ્થાન છે.' કહો! 'શરીરમાં બાળપણ પરવશપણે ઘણા જ કષ્ટથી વીતે છે.' એક તો શરીરનું બાળકપણું હોય, બાળકપણું હોય છે ને શરીરનું? (એ) પરાધીનપણે જાય. 'યુવાનીમાં ઘોર તૃષ્ણા શાંત કરવા માટે ધર્મની પણ દરકાર ન કરતાં...' યુવાન અવસ્થામાં રળવાનું હોય, બસ! રળો. અહીંયાં જાઓ, અહીં જાઓ, અહીં જાઓ. રખડો..! 'વૃદ્ધાવસ્થામાં અશક્ત થઈને ઘોર શારીરિક અને માનસિક વેદના સહે છે.' લ્યો!

www.vitragvani.com



'આ મનુષ્ય શરીરથી એવું સાધન થઈ શકે છે કે ફરી ક્યાંય પણ શરીર ધારણ કરવું ન પડે.' કહે છે કે, આવો નરકના સ્થાન જેવો નરદેહ છે પણ એમાં જો આત્મા પોતાનું સાધન કરે તો ફરી દેહ મળે નહિ. ફરી દેહ ન મળે એવું અહીં આત્મામાં સાધન છે. આહાહા..! પણ ઇ આત્મા શું એને માહાત્મ્ય આવતું નથી. આ કંઈક દયા પાળું ને વ્રત પાળું ને ભક્તિ કરું ને પૂજા કરું, શરીર કરું, જાત્રા કરું ને ઓળી કરું, ભોગ લઉં. એવી ક્રિયાકાંડ ને રાગને દેખવામાં એની જિંદગી જાય છે. ભગવાનની ભક્તિ એ રાગ છે, શુભરાગ છે. એ 'માંગીરામજી'! ભગવાનની ભક્તિ શુભરાગ છે, હિંસા છે. આવે ભલે પણ છે હિંસા. આત્માની હિંસા થાય છે. એ 'જગજીવનભાઈ'! શું આ પણ હા..જી કરો છો? ભગવાનની ભક્તિ હિંસા? કોઈ કરશે નહિ. સાંભળને! કરે ન કરે, ઇ ભાવ આવ્યા વિના રહેશે નહિ. પણ એ ભાવ, ભગવાનની ભક્તિનો ભાવ પણ શુભરાગ (છે). શુભરાગ પણ સ્વભાવની હિંસા (કરે છે). આહાહા..! કહે છે કે, તારો પ્રેમ ન્યાં લૂંટાઈ ગયો, અહીં તો જોતો નથી, એમ અહીં તો કહે છે. એ બધા શરીરના રાગ, બહારના રાગ, પ્રેમ એમાં તું લૂંટાઈ ગયો. તને આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધ સમાન સદા પદ મેરો, એવા આત્મા ઉપર તો તને પ્રેમ ને રતિ ને રુચિ થઈ નહિ. રતિ, રુચિ થયા વિના તારા જન્મ-મરણ મટવાના નથી.

પણ વાત તો જેમ હોય એમ આવે ને? એ..ઇ...! ન્યાલભાઈ! ભાવ આવે ખરો. ભક્તિ, પૂજા, દયા, દાનનો શુભભાવ (આવે ખરો), પણ એ શુભભાવ કંઈ આત્માનો સ્વભાવ નથી. અહીં તો સ્વભાવના પ્રેમની વાત ચાલે છે. માટે સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમ–રુચિ મિથ્યાત્વભાવ છે. એ રાગ ભક્તિ (પોતે) મિથ્યાત્વભાવ નથી, પણ રાગમાં ધર્મ–આત્માનું નિશ્ચયથી કલ્યાણ થશે, એવી માન્યતાને ભગવાન મિથ્યાત્વ કહે છે. આહાહા..! એ.. 'જયંતિભાઈ'! તમારે તો ક્યાં મૂર્તિપૂજા હતી? બરાબર છે, પણ આ મૂર્તિપૂજાવાળાને વાંધા ઊઠે એવું છે. તમારે ભગવાનની માળા ગણે, લ્યોને! ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં... ઇનું ઇ છે. માળા ગણે તોપણ શુભરાગ છે. એ રાગ છે તે આત્માના સ્વભાવની હિંસા છે. એ.. 'માંગીરામજી'! અર..ર..ર...! હેં?

એ રાગ છે એ આત્મસ્વભાવનો પ્રેમ કરાવીને છોડાવવું છે. આહાહા..! અહીં તો આત્મપ્રેમની વાત ચાલે છે. એની સામે શરીરને નરક જેવું ઠરાવ્યું, જુઓને! આહાહા..! નવ દ્વાર ઝરે છે. એના પરિણામમાં પણ વિકાર છે. મારો પ્રભુ આત્મા છે એમાં આ ક્યાં છે? સમજાણું કાંઈ? અને આ શરીરની ક્રિયા આપણે (કરીએ)... શરીર ધર્મ સાધનમ્. 'શરીર આદ્ય ખલુ ધર્મ સાધનમ્' અહીં તો કહે છે, નરકનું દ્વાર, સ્થાન છે. ક્યાંથી સાધન થાય? શરીર સારું હોય તો ધર્મસાધન થાય. ધૂળમાંય નહિ થાય. શરીરથી ધર્મ થાય એવું તને કોણે કીધું? સમજાણું? અંદરમાં દયા, દાન, વ્રતનો, ભક્તિ, પૂજાનો શુભભાવ થાય એનાથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મ નથી તો વળી શરીરથી ધર્મ ક્યાંથી લાવ્યો? તને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. ભગવાનઆત્મા વીતરાગકંદ છે તેની તને શ્રદ્ધા નથી, એમ અહીંયાં કહે છે. જુઓ!

મુમુક્ષુ :– કહેવામાં કાંઈ બાકી રાખી નથી.

ઉત્તર :– બાકી નથી રાખી?

'હે મૂર્ખ!' છેલ્લું છે. 'આ તારું શરીરરૂપી ઘર દુષ્ટ કર્મશત્રુઓએ બનાવેલું...' છે. એ કેદખાનું છે. એમાં છેલ્લું છે. 'હે મૂર્ખ! આ તારું શરીરરૂપ ઘર દુષ્ટ કર્મશત્રુઓએ બનાવેલું એક કેદખાનું છે, 'ઇન્દ્રિયોના મોટા પાંજરાથી બનાવેલું છે.' ઇન્દ્રિયોના મોટા પીંજરામાં ખોસી ઘાલ્યો છે. 'નસોની જાળથી વીંટળાયેલું છે,...' નસની જાળ આ. નસ છે ને, નસુ? 'લોહી અને માંસથી લેપાયેલું છે,...' લોહી અને માંસથી આ શરીર આખું બધું અંદર લેપાયેલું છે. 'ચામડાથી ઢાંકેલું ગુપ્ત છે,...' આ ચામડાથી ઢાંકેલું છે. 'આયુષ્ય કર્મની બેડીથી બંધાયેલ છે.' આયુકર્મ છે ત્યાં સુધી શરીર ખસે નહિ. 'આવા શરીરને કેદખાનું જાણ. નકામો પ્રેમ કરીને પરાધીનતાના કષ્ટ ન ઉઠાવ એમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર.'

આવું શરીર ધૂળ–માટી. ભગવાન અંદર ચૈતન્ય આનંદકંદ છે, એના પ્રેમ છોડીને તને આ પ્રેમ થાય છે, એ છોડી દે! આત્માનું કલ્યાણ કરવું હોય તો દેહ ગમે તે પર્યાયે વર્તતું હોય એ જડ છે. ગમે એ રીતે વર્તતું હોય, નિરોગતા, રોગતા, સરોગ, વાણી નીકળતી હોય એ બધી પરચીજ છે. ભગવાનઆત્મા નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ, એનો પ્રેમ કરીને આ શરીરમાં ઊપજવું છોડી દે! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– અમારી જેલ બહુ સારી છે, અમારી જેલ બહુ મજબૂત છે, એમ કોઈ કહેતું નથી.

ઉત્તર :– સારી કહે છે. મારું શરીર બહુ સારું છે, એમ નથી કહેતા? શરીર અમારું મજબૂત છે, અમને તો કોઈ દિ' રોગ થયો નથી, સાંઈઠ વર્ષ થયા પણ સૂંઠ ચોપડી નથી. ઘણા મૂર્ખ બોલે છે. બધું સાંભળ્યું છે કે નહિ? સાંઈઠ સાંઈઠ વર્ષ થયા તોપણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. પણ શેના ગર્વ કરો છો તમે? આ સડશે તે દિ' એમાં ઇયળ પડશે. ઇ ક્યાં આત્મા છે તો સડે નહિ. સમજાણું કાંઈ? સાંઈઠ વર્ષ સુધી કોઈ દિ' રોગ આવ્યો નથી, તાવ આવ્યો નથી. હવે આવે એ જુદી વાત છે, એમ ઘણા કહે. ઘણા ડોસા એવા સાંભળ્યા હોય. હેં? તમારા બાપને કેમ હશે? હેં? એને એવું હતું. એવા ઘણા હોય છે. અમે ઘણા માણસને જોયેલા (છે). સાંઈઠ વર્ષ થયા કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. તે શું છે પણ હવે? એવું અમારું શરીર સારું. ધૂળેય નથી. સડેલાં છે બધા ચામડા. આવા વખાણ એના કરે પણ તને આત્માના વખાણ ગોઠતા નથી.

આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ અંદર પ્રભુ બિરાજે છે. અનાદિઅનંત સનાતન સત્ય પ્રભુઆત્મા છે, એના પ્રેમ આગળ આનો પ્રેમ રહે નહિ. આટલા પ્રેમ શું? એ માટે તો એને નરકની ઉપમા આપી છે. હેં?

જગતના કાર્યોમાં ફસાયેલ જીવ આત્માને ઓળખતો નથી.

धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति।
तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति।।५२।।

વ્યવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨.

અન્વયાર્થ :– (**सयल जगि धंधइ पडियउ**) જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે, તલ્લીન છે, (**अप्पा हु णवि मुणंति**) તેથી નિશ્ચયથી આત્માને નથી માનતા. (**तहिं कारणि ए जीव णिव्वाणु ण हु लहंति फुडु**) આ જ કારણ છે જેથી જીવ નિર્વાણ પામતા નથી એ વાત સ્પષ્ટ છે.

---

૫૨. 'જગતના કાર્યોમાં ફસાયેલ જીવ આત્માને ઓળખતો નથી.' જુઓ! ઇ આવ્યું.

धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति।
तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति।।५२।।

'જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે,...' કોઈ રળવું, કોઈ ખાવું, કોઈ પીવું, કોઈ ભોગ, સમજાય છે? દુનિયામાં મોઢા આગળ પડવું, ખુરશીએ બેસવું, આબરુ કાઢવી, મોઢા આગળ સૌથી વધેલા દેખાડવું, એના ધંધામાં પડ્યા. ત્યાગી નામ ધરાવનારા પણ પુણ્ય, દયા, દાન, વ્રતના વ્યવહાર ધંધામાં પડ્યા. સમજાણું કાંઈ? એને નવરાશ ન મળે. આ મંદિર કરાવવું છે ને આમ કરાવ્યું છે. એ હોળી, એ બધો રાગનો ધંધો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ધંધો તો છોડી દીધો છે.

ઉત્તર :– ક્યાં ધંધો છોડ્યો? ક્યો ધંધો પણ? જેને એ બહારની... ઇ કહે છે, 'धंधइ पडियउ सयल जगि'. આખું જગત ધંધા-વેપાર(માં પડ્યું છે). રાગના ધંધે પડ્યો છે. પછી કોઈ અશુભરાગનો ધંધો, કોઈ શુભરાગનો ધંધો (કરે). આત્મા કોણ છે એને જોવા અને વિચારવા ચોવીસ કલાક નવરો ન થાય. આ ખાવું છે ને આ પીવું છે ને આ ન ખાવું ને આ ધંધો, આ દયા પાળી ને આની ભક્તિ કરી, મેં ઉપદેશ આપ્યો એમાં સમજ્યા. ગયો, મરી ગયો, એમ ને એમ કહે છે. શુભરાગના ધંધામાં ભગવાનને ખોઈને બેઠો છે.

મુમુક્ષુ :– વિસ્તાર વિશાળ છે.

ઉત્તર :– ઇ વિશાળ જ છે. 'યોગસાર' છે કે નહિ? શું (કહ્યું)? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવમાં જોડાણ થાય તેનું નામ યોગ. એ સિવાયના રાગાદિમાં જોડાણ થાય એ બધો (આત્મ)યોગથી વિરુદ્ધ યોગ. કહો, સમજાણું આમાં? સાધુ થઈને કે ત્યાગી થઈને નવરો ક્યાં (પડે છે)? કેટલા કાગળો, કેટલા પત્રો, કેટલા સમાચાર, કેટલા તારો.. એનો એ ધંધો, એ તો બધો

www.vitragvani.com



પાપનો ધંધો (છે).

મુમુક્ષુ :- એટલા પરિગ્રહ લૌકિકમાં પણ ન હોય.

ઉત્તર :- એટલા કાગળ પણ ન હોય. 'મલુકચંદભાઈ'! આહાહા..! સવારથી સાંજ એક તો માણસ રાખ્યો હોય. કેટલા કાગળ આવ્યા? કેટલા આવ્યા? એને લખો, આ કાગળ આને લખો. માળા! ધંધો જ આ છે તારો. ભગવાન ક્યાં ગયો તારો? કહો, સમજાણું આમાં?

'જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે, તલ્લીન છે, તેથી નિશ્ચયથી આત્માને નથી માનતા.' જુઓ! એ આત્માને માનતા જ નથી. (જે) પુણ્ય ને પાપના રાગના પ્રેમમાં ફસાયા તેને આત્મા શું છે, તેનો પ્રેમ છે જ નહિ. સમજાણું કાંઈ? જગતના ધંધાવાળા અશુભભાવના પાપમાં આ કરું ને આ રળ્યા, છોકરા થયા ને પરણ્યાને આ થયું, કાંઈક વધ્યા.. ઇ ન્યાં પડ્યા. ત્યાગી નામ ધરાવનારા.. નામ ધરાવનારા, હોં! એ પણ શુભભાવના રાગમાં કદાચિત્ આ કર્યું ને આ લીધું ને આ દીધું ને ધૂળ કરી. એમાં પડ્યા એ બધા સલવાણા છે. 'સાંગો કહે સલવાણા, કંઈક ચડ્યા કંઈ પાળા' સમજાણું કાંઈ? જેલમાં પડ્યા છે, જેલમાં.

એક ઊંટને જેલમાં નાખ્યો ને એક શેઠને નાખ્યો. ઓલો શેઠ કહે, હું ઊંટ ઉપર બેઠો છું. પણ બેઠો છે જેલમાં ને? સમજાણું? એમ લૂગડાં ફેરવી નાગો થઈને બેસે, સાધુ પણ શેના નાગા? એ ક્રિયા તો જડની છે અને અંદરમાં કોઈ દયા, દાનના પરિણામ હોય તો વિકાર છે. ન્યાં ને ન્યાં ફસાયો. ભગવાનઆત્મા રાગની ક્રિયા, દેહ વિનાનો છે, એના આત્માનો પ્રેમ કરવાનો વખત લેતો નથી. 'હરિપ્રસાદજી'! 'યોગીન્દ્રદેવ' એમ કહે છે. આહાહા..!

ઇ બધી ખબર છે. તમે નાચનારા, ને (અમે) જોનારા. નાચનારને મહેનત પડે, ઓલા જોનારને મહેનત શું પડે? હેં? આમ નાચે છે, જોઈ લીધું, થઈ રહ્યું. જાઓ! એ..! 'ન્યાલભાઈ'! ભાષા કેવી લીધી છે, જુઓને!

સકલ જગત એમ લીધું છે ને? 'धंधइ पडियउ सयल जगि' 'જગ' શબ્દમાં બધા લીધા, હોં! એકેએક. અમારે ધર્મઉપદેશ કરવો, અમારે બીજાને સંભળાવવું છે, અમારે સમજાવવું છે, એ પણ આખો રાગનો ધંધો છે. ધૂળમાંય નિર્જરા નથી. નિર્જરા ક્યાં હતી? પ્રભાવના શેની? ધૂળમાં. રાગ થાય એમાં પ્રભાવના ક્યાં આવી? હેં?

મુમુક્ષુ :- દિશા ફરી.

ઉત્તર :- શેની દિશા ફરી? એની એ દિશા છે. પરની ને પરની દિશા છે.

સકલ જગત, લીધું છે. જુઓ! હેં? 'णवि अप्पा हु मुणंति' જુઓ! એમાં આત્માને જોવા, જાણવા નવરો થાતો નથી. (આત્મા તો) તદ્દન નિર્વિકલ્પ તત્ત્વ છે. નિર્વિકલ્પ તત્ત્વ જેમાં એક વિકલ્પ શાસ્ત્ર સાંભળું ને શાસ્ત્ર બીજાને કહું, એ વિકલ્પનો જેમાં અવકાશ નથી. આહાહા..! 'હરિપ્રસાદજી'! આહાહા..! આ વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરમાત્મા અંદર સમજીને અંદરમાં સમાઈ ગયા. સમજાણું કાંઈ?

કહે છે કે, જેને આત્માનો અંતર જ્ઞાનાનંદનો પ્રેમ નથી એ કોઈ અશુભના ધંધામાં ફસ્યા, કોઈ શુભરાગના વ્યવહાર ધંધામાં ફસ્યા. એ વ્યવહાર રાગ એ બધો સંસાર જ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક નવા નવા બનાવવા, પોતાનું નામ રાખવા માટે. અમે અમારા નવા પુસ્તક બનાવ્યા. અમે આટલા પુસ્તક બનાવ્યા. હોળી એક જ છે. 'વલ્લભદાસભાઈ'! અને પછી કોઈ શેઠિયા આવે એને કહે, આ પુસ્તક પાંચ લઈ જાઓ. પાંચ-પાંચ લઈ જાઓ, એક રાખજો અને બીજા પ્રભાવના કરજો. આ જ ધંધો? ઓલા છોકરાના રાગનો ધંધો, તારે આ ધંધો. સમજાણું કાંઈ? હેં?

અહીં તો કહે છે, ભાઈ! પ્રભુ! તું અંતર નિર્વિકલ્પ વિકલ્પના શુભરાગ વિનાની ચીજ છે ને! એના તને પ્રેમ નથી એના વિરુદ્ધના રાગના પ્રેમના ધંધામાં ફસ્યો (એમાં) ભગવાન તું ભૂલી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? 'માંગીરામજી'! કેટલાક તો ધંધા માટે પુસ્તકો પણ રાખે. અમારા કરેલા આટલા પુસ્તક છે. એક એક સેટ લઈ જાઓ, એક એક સેટ લઈ જાઓ. તારે આ જ ધંધો છે? ઓલા લેનારે એમ કહે, ઓ..હો...! મહારાજે પ્રભાવના બહુ કરી. એ.. 'જ્ઞાનચંદજી'!

ભગવાન જ્ઞાનસ્વરૂપમાં અંતર એકાગ્ર થવું એ જ્ઞાનની પ્રભાવના છે. આ રાગ છે એ તો ખરેખર પુણ્યબંધનું કારણ છે. એના પ્રેમમાં ફસાવાથી ભગવાનઆત્મા અંદર ભૂલાઈ જવાય છે. (એ) ધંધો છોડ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર છે એ ધંધો ખોટો છે, એમ અહીં કહે છે, ઇ કહે છે.

'આ જ કારણ છે જેથી જીવ નિર્વાણ પામતા નથી...' જુઓ! એ વ્યવહારના પુણ્યની ક્રિયાકાંડમાં ફસાણા. પોતે કરે, બીજાને કરાવે, કરતાને સંમત થાય. ઓ..હો..હો...! બહુ સારું કર્યું. પાંચ લાખ, દસ લાખ ખર્ચીને એક મંદિર કર્યું હોય (તો કહે) તીર્થંકરગોત્ર બંધાશે. ધૂળમાંય નહિ બાંધે, સાંભળને! પૈસા ખર્ચ્યા એમાં રાગ મંદ કર્યો હોય તો કદાચિત્ પુણ્ય થાય. એ પુણ્યમાં તીર્થંકરગોત્ર ન બાંધે, એ પુણ્યથી લાભ માને એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. સમજાણું કાંઈ? આહાહા..! 'હીરાલાલજી'! શું છે? પુસ્તક છે કે નહિ? ઇ આવ્યું ને?

'સકળ સંસાર શરીરમાં પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોને તથા ભૂખ તરસના રોગ...' એમાં પડ્યા છે. એ તો સ્થૂળ વાત કરે છે. કોઈ પરોપકારી ગુરુ એને મળે છે, કહે છે. 'સંભળાવવા ઇચ્છે છે તો તેના તરફ ધ્યાન દેતા નથી.' ધ્યાન ન આપે. એ તો બધી નિશ્ચયની વાતું કરે છે, નિશ્ચયની વાતું કરે છે, (એમ કરીને) કાઢી નાખે. નિશ્ચય એટલે સાચી. વ્યવહાર એટલે આરોપિત–ખોટી. સાંભળને! એ તો નિશ્ચયની વાત કરે છે, લ્યો! આત્મા આવો ને આત્મા આવો, આત્મા આવો. કાંઈ કરવું નહિ? પણ શું કરવું? અંદર ઓળખાણ કરીને ઠરવું એ કરવું. આત્મામાં જ્ઞાન ને શ્રદ્ધા કરીને અંદર ઠરવું, એ કરવું. બીજું કરવું શું છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આહાહા..!

કહે છે કે, 'મનરહિત પંચેન્દ્રિયને હિત-અહિતના વિચાર કરવાની શક્તિ નથી.' તને કંઈક શક્તિ મળી તો તું પરમાં ઘૂસ્યો. સમજાય છે? નારકી જીવોનો ધંધો માર ખાવો અને બીજાને મારવા. એ ધંધાની વ્યાખ્યા કરી. 'માન કષાયની તીવ્રતાથી મનુષ્યોને પોતાની પ્રસિદ્ધિ કરવાની તીવ્ર ઇચ્છા (રહે છે).' માનકષાય માટે તીવ્ર ઇચ્છા. માન આપો, અભિનંદન આપો, અમારું નામ રાખો, પાંચ લાખનું મકાન બનાવીને અમારું નામ રાખો. નામ રાખવું છે ને? રખડવાનું. નામ ખોવું નથી ને?

મુમુક્ષુ :– બીજાને દાન કરવાની પ્રેરણા મળે.

ઉત્તર :– શેનો પ્રેમ મળતો હતો? તને માન જોવે છે એમાં ક્યાં પ્રેમ આવ્યો? સમજાણું? કોઈ ધનાદિનો સંગ્રહ કરે. એવી વાત છે.

પછી 'આત્માનુશાસન'ની થોડી વાત છે. 'બાળવયમાં અંગ પરિપૂર્ણ હોતાં નથી તેથી અજ્ઞાની રહીને પોતાના હિત-અહિતનો વિચાર કરી શકતો નથી.' છે ને? 'યુવાનીમાં કામથી અંધ બનીને સ્ત્રીરૂપી વૃક્ષોથી ભરેલા વનમાં ભટકતો રહે છે. આધેડ ઉંમરે તૃષ્ણા વધારીને અજ્ઞાની પ્રાણી ખેતી આદિ કાર્યો દ્વારા ધન મેળવવાનું કષ્ટ પામ્યા કરે છે.' અને બહાર ત્યાગી થાય તો રાગાદિની ક્રિયામાં પડે. બધા એક જ જાતના ધંધા છે. 'એટલામાં ઘડપણ આવી જાય છે એટલે અધમરો થઈ જાય છે. ભલા ભાઈ! આપણે મનુષ્યજન્મ સફળ કરવા માટે નિર્મળ ધર્મ ક્યારે કરીએ છીએ?' હવે એને ધર્મ કરવાનો અવસર ક્યાં? એ વખત તો ગુમાવી દીધો. 'ટોડરમલ્લ' કહે છે ને? એક તો ખરેખરું ટાણું આવ્યું ત્યારે વ્યવહારધર્મમાં એણે વખત ગાળ્યો. વ્યવહારધર્મ એટલે રાગ ને પુણ્ય ને દયા ને દાન એમાં ગાળ્યો. (આત્માનો) નિશ્ચય કરવાનું, અનુભવનું ટાણું તો ચાલ્યું ગયું. સમજાણું કાંઈ? એ.. 'રતિભાઈ'! ભારે આ.

---

## આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રપઠન પણ નિષ્ફળ છે.

**सत्थ पढं तह ते वि जड अप्पा जेण मुणंति।**
**तहिं कारणि ए जीव फडु ण हु णिव्वाणु लहंति।।५३।।**

**શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;**
**તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૩.**

અન્વયાર્થ :– (सत्थ पढंतह ते अप्पा ण मुणंति जे वि जड) શાસ્ત્રો ભણવા છતાં જે આત્માને નથી ઓળખતા તે પણ અજ્ઞાની છે. (तहि कारण ए जीव फडु ण हु णिव्वाणु लहंति) તે જ કારણે આવા શાસ્ત્રપાઠી જીવો પણ નિર્વાણને પામતા નથી, એ વાત સ્પષ્ટ છે.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શાસ્ત્રપાઠી.. જુઓ! આમાં લખ્યું છે, હોં! ગુરુ પાસે સાંભળે પણ સમજે નહિ તો મીંડા છે, કહે છે. 'આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રપઠન પણ નિષ્ફળ છે.' લ્યો, આવ્યું હવે. આ તારા શાસ્ત્ર ભણ પણ આ આત્મા શાસ્ત્રના ભણતરના વિકલ્પથી જુદો છે, એવા સમ્યક્‌ના અનુભવ વિના તારા શાસ્ત્રના પઠન પણ રણમાં પોક મૂકવા જેવા છે. આહાહા..! બહુ પણ આ તો કોઈને બધા કાઢી નાખે છે. ફોતરાં તો કાઢી જ નાખે ને!

**सत्थ पढं तह ते वि जड अप्पा जेण मुणंति।**
**तहिं कारणि ए जीव फडु ण हु णिव्वाणु लहंति।।५३।।**

જોયું? જડ કીધો, જડ. 'શાસ્ત્રો ભણવા છતાં જે આત્માને નથી ઓળખતા..' શાસ્ત્રના ભણતર, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. એ તો બધો વિકલ્પ છે, એ તો રાગ છે. શાસ્ત્રનું ભણતર તો પર તરફનું જ્ઞાન છે.

મુમુક્ષુ :– પણ શાસ્ત્રમાં સાતમા ગુણસ્થાને અનુભવ લખ્યો છે.

ઉત્તર :– ધૂળમાંય નથી લખ્યું એમાં. શાસ્ત્રમાં લખ્યું છે કે, ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ થાય. સમજાણું કાંઈ? આત્મામાં ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ દશા પ્રગટે. આત્મામાં ચોથે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એમ ભગવાને કહ્યું છે. આઠમે કાંઈ લખ્યું નથી, કાઢે ઊંધા (અર્થ).

'सत्थ पढंतह' કીધું ને? જુઓને! 'કેટલાય વિદ્વાન અથવા સ્વાધ્યાય કરનારા વ્યાકરણ, ન્યાય, કાવ્ય, વૈદક, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર આદિ અનેક વિષયના શાસ્ત્ર જાણે છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયના વિષયઉપર લક્ષ આપતા નથી.' લ્યો! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પરમાનંદ વિકલ્પ અને રાગ વિનાનો, એના ઉપર એ દૃષ્ટિ આપતા નથી, પુરુષાર્થ કરતા નથી. આહાહા..! જુઓ! અંદર ધર્મશાસ્ત્ર લખ્યું છે, હોં! આત્મજ્ઞાનથી બહાર રહે છે, જોયું? અધ્યાત્મજ્ઞાનથી બહાર રહે છે. અધ્યાત્મજ્ઞાનની ખબર ન પડે. આનું આ છે ને વ્યાકરણ આવું હોય, આનો શબ્દકોષ આવો હોય, આની આમ ધાતુ હોય ને આ ધાતુ હોય. તારી ચૈતન્યધાતુ કેવી છે એ તો નક્કી કર. 'વલ્લભદાસભાઈ'! આરે.. આરે...! ભારે ઝાટક્યા છે, હોં! આ બાયું, નહિ? દાણા, સૂપડે ને દાણા? ઓલા સૂપડામાં ઝાટકે. પછી હેઠે મારે ધબ્બો. ઓલા જરી ફોતરા (હોય ઇ) ફડાક કાઢી નાખે. (એમ અહીંયાં કહે છે), આત્મા જ્ઞાનાનંદ પ્રભુ, એના ભાન વિનાના તારા ભણતર શા કામના? અને બીજાને ભણાવે બીજાને કાઢ ફોતરા, નીકળી જાશે. સમજાણું કાંઈ?

'આત્મા જ નિશ્ચયથી પરમાત્મદેવ છે એવો અનુભવ તેમને નથી થતો. તેથી તેઓ પણ જડ...' છે. આહાહા..! ભાષા જુઓને! એ શાસ્ત્રના ભણનારા પણ જડ. કેમ? કે, રાગ અને પરનું જ્ઞાન તે ચૈતન્ય નથી. ભગવાનઆત્મા પોતાના અંતરના મુખમાં જઈને ચૈતન્યનું અંતરજ્ઞાન કરે તેને ચૈતન્ય કહીએ. આહાહા..! આટલા પુસ્તક આણે બનાવ્યા, ફલાણા સાધુએ

www.vitragvani.com



આટલા બનાવ્યા, બે લાખ (પુસ્તક) બનાવ્યા. પણ ધૂળ દસ લાખ બનાવે તો એ તો એણે રાગ કર્યો અને જડની ક્રિયા મેં બનાવી એ તો મિથ્યાત્વ કર્યું. પુસ્તક મેં બનાવ્યા એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. 'હરિપ્રસાદજી'! પુસ્તક બનાવવા ઇ....? સમજાણું?

'જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે.' જુઓ! 'જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે. એટલા જ માટે ચારે અનુયોગનો ગ્રંથો વાંચીને શાસ્ત્રીય વિષય જાણીને, મુખ્યપણે એ જાણવું જોઈએ કે આ જગત જીવાદિ છ દ્રવ્યોનો સમુદાય છે.' એનાથી મારું તત્ત્વ જુદું છે. આત્મા અને જ્ઞાનને એમાંથી કાઢે તો એણે શાસ્ત્રમાં કહેલા ફળને જાણ્યું કહેવાય. આત્માને નિશ્ચયથી ન જાણે તો કાંઈ એણે જાણ્યું નથી. એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મોતીના હારના દૃષ્ટાંતે ક્રમબદ્ધપર્યાયની સમજણ!

પ્રવચનસારની ૯૯મી ગાથામાં લટકતા હારનું દૃષ્ટાંત આપીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા છે. તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત આવી જાય છે. જેમ લટકતા હારમાં દરેક મોતી પોતપોતાના સ્થાનમાં પ્રકાશે છે, તેમાં પછી પછીના સ્થાને પછીનું મોતી પ્રકાશે છે ને પહેલાં પહેલાંના મોતીઓ પ્રકાશતા નથી; તેમ લટકતા હારની માફક પરિણમતા દ્રવ્યમાં સમસ્ત પરિણામો પોતપોતાના અવસરોમાં પ્રકાશે છે. તેમાં પછી પછીના અવસરોએ પછી પછીના પરિણામો પ્રગટ થાય છે ને પહેલાં પહેલાંના પરિણામો પ્રગટ થતા નથી. લટકતા હારના દોરામાં તેનું દરેક મોતી યથાસ્થાને ક્રમબદ્ધ ગોઠવાયેલું છે. જો તેમાં આડું અવળું કરવા જાય - પાંચમા નંબરનું મોતી ત્યાંથી ખસેડીને પચીસમાં નંબરે મૂકવા જાય તો હારનો દોરો તૂટી જશે એટલે હારની સળંગતા તૂટી જશે. તેમ, જગતના દરેક દ્રવ્યો ઝૂલતા એટલે કે પરિણમતા છે. અનાદિ અનંત પર્યાયરૂપ મોતી ક્રમબદ્ધ ગોઠવાયેલા છે, તેને ન માનતાં એકપણ પર્યાયનો ક્રમ તોડવા જાય તો ગુણનો ને દ્રવ્યનો ક્રમ તૂટી જશે એટલે કે શ્રદ્ધા જ મિથ્યા થઈ જશે. હું તો જ્ઞાયક છું, હું નિમિત્ત થઈને કોઈની પર્યાયમાં ફેરફાર કરી દઉં એવું મારું સ્વરૂપ નથી - એમ જ્ઞાયકસ્વભાવની પ્રતીત વડે અકર્તાપણું થઈ જાય છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન થાય છે અને તે જ જીવ સ્વ-પરપ્રકાશક જ્ઞાન વડે ક્રમબદ્ધપર્યાયને યથાર્થપણે જાણે છે. આ રીતે, હજી તો જ્ઞાનને સમ્યક્ કરવાની આ રીત છે. આ સમજ્યા વગર સમ્યગ્જ્ઞાન થાય નહિ. (આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત **૨૪૯૨, અષાઢ** સુદ ૧૦, સોમવાર
## તા. ૨૭-૦૬-૧૯૬૬
## ગાથા–**૫૩** થી **૫૬** પ્રવચન નં. ૧૯

**सत्थ पढं तह ते वि जड अप्पा जेण मुणंति।**
**तहिं कारणि ए जीव फडु ण हु णिव्वाणु लहंति।।५३।।**

શાસ્ત્રને ભણવા છતાં એ શાસ્ત્રનો સાર આત્મા અનંત શુદ્ધ આનંદકંદ છે એનું સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ અને એનો અનુભવ કરવો જોઈએ એ કરતો નથી અને એકલા શાસ્ત્રના વ્યાકરણ, વૈદક ને કાવ્ય ને ન્યાય ને જ્યોતિષ, ધર્મશાસ્ત્ર ભણે પણ અંતર સ્વરૂપ શુદ્ધ અભેદ (છે) એના ઉપર લક્ષ, દૃષ્ટિ અભેદ ઉપર ન કરે તો એના શાસ્ત્ર મંથનમાં કાંઈ સાર નથી. કહો, સમજાણું આમાં?

અધ્યાત્મથી બહાર રહે છે. અંતર સ્વરૂપ... વીતરાગના શાસ્ત્ર(નો) કહેવાનો (આશય) તો (એ છે કે) ભગવાનઆત્મા એક સમયમાં અભેદ પૂર્ણ વસ્તુ છે એનો અનુભવ કરવો, એનું જ્ઞાન કરી એની અંદરમાં એકાગ્ર થવું એ શાસ્ત્રનો સાર છે. શાસ્ત્ર ભણીને પણ એ ન કરે તો એ શાસ્ત્રના ભણનારાઓને જડ કહ્યા છે. જડ કહ્યું છે ને? ભણી ભણીને કરવાનું હતું એ તો કર્યું નહિ. શાસ્ત્રના ભણતરમાં રોકાઈ ગયો. જુઓ! અંદર છે, ઓલી કોર.

'જડ જેવા જ આત્મજ્ઞાન વિનાના છે. જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે.' જિનવાણી સાંભળીને, ભણીને, ધારીને ફળ તો એ છે કે, અંદર સ્વરૂપનો નિશ્ચય સમ્યક્ નિર્વિકલ્પ આત્માની પ્રતીત કરવી અને અનુભવ કરવો એ એનો સાર છે. એ કર્યું નહિ, એ વિના ક્રિયાકાંડ અને શાસ્ત્ર ભણતર કર્યા કરે એમાં કંઈ આત્માનું વળે નહિ. (એને) જડ કીધો, જડ. 'ચારે અનુયોગોના ગ્રંથો વાંચીને,...' ચારે અનુયોગને ભણીને, છ દ્રવ્ય જાણીને, નવ તત્ત્વને જાણીને, પંચાસ્તિકાયને જાણીને. જાણીને અંદર કાઢવો તો છે આત્મા, એ આત્મા તરફનો અનુભવ અને દૃષ્ટિ નથી તો એ ચારે અનુયોગના ભણતરને બધાને અહીં જડ કહ્યાં. જેનું ચાર ગતિનું ફળ છે એને જડ કહ્યો છે. સમજાણું?

'ભેદજ્ઞાનની કળા પ્રાપ્ત કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પામવા માટે નિત્ય ભેદવિજ્ઞાનનું મનન કરવું.' શાસ્ત્રને કહીને તો એ કહેવું છે ને કે, રાગ અને કર્મથી તારી ચીજ ભિન્ન છે અને તે આત્મા પોતાના અનંત સ્વભાવ–ગુણથી અભિન્ન છે. સમજાણું કાંઈ? આત્મા અનંત ગુણ શુદ્ધ ચૈતન્ય, અતીન્દ્રિય આનંદ આદિ ગુણો આત્માના છે, એવા ગુણથી આત્મા અભિન્ન એક છે. અને રાગ, વિકાર, શરીરથી આત્મા ભિન્ન છે. એવા આત્માનું જો અંતર

www.vitragvani.com



જ્ઞાન, નિર્વિકલ્પ વેદન અને દૃષ્ટિ ન કરી તો આ શાસ્ત્ર ભણ્યાનું ફળ એને કાંઈ નથી. આહાહા..! કહો, સમજાય છે આમાં કાંઈ? 'કપૂરચંદજી'! શું કરવું? ઘંટી લાવીને ઘઉં દળવા. એને ખબર લાગે છે. આહાહા..!

કહે છે, ભાઈ! એ તો બહારની વસ્તુ છે. વસ્તુ સ્વરૂપ એક સમયમાં સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર આત્મા છે. એ આત્માનો અંતર અનુભવ કરવો અને દૃષ્ટિ કરીને લીન થવું એ જ આખા (જિનાગમનો સાર છે). શાસ્ત્ર ભલે ઓછા ભણ્યો હોય, વિશેષ આવડત ન હોય પણ કરવાનું આ છે, એ ન કર્યું હોય તો ભણીને એણે કર્યું શું? સમજાણું કાંઈ?

અહીં નીચે એણે થોડું લખ્યું છે. સમજાણું? 'અંદર આત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે.' જો અંતરમાં પ્રયત્ન કરે તો. 'આત્માનંદનો અનુભવ થાય છે ત્યારે જ મોક્ષમાર્ગનો પત્તો મળે છે.' અંતરનો આત્મા જ્ઞાયક નિર્વિકલ્પ (છે) એમ પ્રતીતમાં આવતાં મોક્ષનો માર્ગ આ છે તેમ તેને પત્તો લાગી જશે. એ વિના શાસ્ત્ર ભણવામાં કાંઈ પત્તો લાગશે નહિ. 'સર્વ શાસ્ત્રોના ભણતરનો હેતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે.' જુઓ! પહેલું આ લીધું. ઓલો કહે, ક્રિયા કરવી, વ્રત પાળવા એ શાસ્ત્રનું ફળ છે. અહીં તો કહે (છે), પહેલું સમ્યગ્દર્શન કરવું એ પહેલું ફળ છે. સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં સ્થિરતા-ચારિત્ર કરે એ તો ઉત્કૃષ્ટ વૈરાગ્ય છે, ઉત્કૃષ્ટ પુરુષાર્થ છે. પણ પહેલો આ બધું મળીને સમ્યગ્દર્શનનો લાભ જોઈએ. એને ન પામ્યા તો શાસ્ત્ર ભણવા કાર્યકારી નથી. શાસ્ત્ર ભણીને શું (કર્યું)? વાદવિવાદ કર્યા, બીજાને સમજાવ્યા અને બીજા પાસેથી ઘણી વાતું ધારી, પણ કરવાનું જે હતું એ તો કર્યું નહિ.

'અનેક જીવો વ્યવહાર શાસ્ત્રમાં કુશળ થઈને વિદ્યાનો મદ કરીને ઉન્મત્ત થઈ જાય છે,...' વ્યવહાર શાસ્ત્રમાં બાહ્યમાં કુશળ (હોય એ) મદ કરે, મદ. અમે ભણ્યા છીએ, અમને આવડે છે. સમજાણું કાંઈ? એને કાંઈ આવડતું નથી. એને સમજાવતા આવડતું નથી, બોલતા આવડતું નથી અને (કહે છે), અમને તો બધું આવડે છે. કહો, 'ન્યાલભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આવડતું હોય તો...?

ઉત્તર :- શું આવડતું હોય તો? ધૂળ કહેવાય? ઇ આવડત કહેવાય? ઇ આવડત છે જ નહિ. આત્માનું અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા અને વેદન કરવું એ આવડત છે. સમજાણું કાંઈ? હજારો લોકોને સમજાવવું કે લોકો પાસેથી વાતું ધારવી એ કાંઈ તાત્ત્વિક વાત નથી. ભગવાનઆત્મા અંતર આનંદકંદ સચ્ચિદાનંદ મૂર્તિ છે એને અંતરમાં વેદન કરી, નિર્વિકલ્પ આત્માનો સ્વાદ લેવો, અનુભવ કરવો એ આખું ફળ છે. એ કર્યું એણે બધું કર્યું. સમજાણું કાંઈ? એ કર્યું નથી એણે કાંઈ કર્યું નથી.

'ઉન્મત્ત થઈ જાય છે, કષાયની મલિનતા વધારી દે છે.' જુઓ! વધારી દે છે. કષાય અભિમાન વધે. મને આવડે છે, જુઓ! આને નથી આવડતું. જુઓ! આને આવડ્યું. આટલા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બોલ અમને આવડ્યા. જવાબ દેતા અમને આવડે છે, અમે મોટા પંડિત ડાહ્યા છીએ. (એમ) મિથ્યા અભિમાન વધે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એના અંતર ભાન વિના આવા ભણતર કષાયનો વધારો કરે. 'ખ્યાતિ, પૂજા, લાભના પ્રેમી થઈને...' બહારમાં પ્રેમી છે, દુનિયામાં મોટો કહે. 'સાંસારિક વિષયકષાયની પુષ્ટિ માટે જ જ્ઞાનનો ઉપયોગ કરે છે. તેઓ કદી આધ્યાત્મિક ગ્રંથો વાંચતા નથી. કદી આત્માના શુદ્ધ સ્વરૂપનું મનન કરતા નથી.' ભણે કદાચિત્ તોપણ અંદર મનન (કરતા નથી). અંતરમાં આનંદસ્વરૂપમાં વલણ કરીને નિર્વિકલ્પ દશા પ્રગટ કરવી એ કરતો નથી. 'તેમની અંદર સંસારનો મોહ ઘટવાને બદલે વધતો જાય છે.' ઠીક લખ્યું છે. કેની કોર છે? ન્યાં (છે)? છે કે નહિ અંદર? છે.

'તેઓ આત્મજ્ઞાનનો પ્રકાશ પામ્યા વિના અજ્ઞાન અંધકારમાં જ જીવન વીતાવીને મનુષ્ય જન્મનું ફળ પામતા નથી.' અજ્ઞાનમાં, અજ્ઞાનમાં શાસ્ત્ર ભણ્યા, મોટપ લઈ વાદવિવાદ (કર્યા) પણ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે એને અંતર સમ્યગ્દર્શન દ્વારા, નિશ્ચય દ્વારા અનુભવ ન કરે તો એની આખી જિંદગી અફળ જાય. ધૂળેય નથી. દુનિયા લાખો માને કે ન માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઘણા લોકો માને તો વધારે સારું.

ઉત્તર :– એની સાથે શું કામ છે? માને ન માને એને ઘરે રહ્યું. સમજાણું કાંઈ?

'શાસ્ત્રોનું જ્ઞાન તેમને માટે સંસાર વધારનાર બની જાય છે.' ભાષા જુઓ! આત્મા અખંડ આનંદકંદની દૃષ્ટિના અનુભવ વિના એને શાસ્ત્રનું જ્ઞાન સંસારવૃદ્ધિનું કારણ થાય. જ્યાં ત્યાં અમને આવડે, આને નથી આવડતું, અમે આવું શીખ્યા. સમજાય છે? એની પોતાની બડાઈ આગળ બીજાની મોટપ સૂઝે નહિ. સમજાણું કાંઈ? 'નિર્વાણના માર્ગથી તેમને દૂર લઈ જાય છે.' લ્યો! સમજાણું? એ ૫૩ (ગાથા પૂરી) થઈ.

---

## ઇન્દ્રિય અને મનના નિરોધથી સહજપણે આત્માનુભવ થાય છે.

**मणु-इंदिहि वि छोडियइ बहु पुच्छियइ ण कोइ।**
**रायहँ पसरु णिवारियइ सहज उपज्जइ सोइ।।५४।।**

**મન–ઇન્દ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત?**
**રાગ પ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪.**

અન્વયાર્થ :– (मणु बहु इंदिहि वि छोडियइ) જે બુદ્ધિમાન મન અને ઇન્દ્રિયોથી છૂટકારો પામે (कोइ ण पुच्छियइ) તો કોઈનેય કાંઈ પૂછવાની જરૂર રહે નહિ. (राय हं पसरु णिवारियइ) જ્યારે રાગનો પ્રસાર દૂર કરવામાં આવે છે. (सहज सोइ उपज्जइ) ત્યારે આ આત્મજ્ઞાન સહજ જ ઉત્પન્ન થઈ જાય છે.

---

www.vitragvani.com



૫૪. 'ઇન્દ્રિય અને મનના નિરોધથી સહજપણે આત્માનુભવ થાય છે.'

**मणु-इंदिहि वि छोडियइ बहु पुच्छियइ ण कोइ।**
**रायहँ परसु णिवारियइ सहज उपज्जइ सोइ।।५४।।**

મન, ઇન્દ્રિયને દૂર કર. આવે છે ને? છે ને એમાં? એ ટૂંકામાં ટૂંકી વાત, ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ છે, એને મન અને ઇન્દ્રિયથી દૂર કર ને અનુભવ કર. એ કરવાનું છે. 'શું બહુ પૂછે વાત?' બહુ મોટી મોટી વાતું પૂછે ને આ કરે ને આ કરે, પણ આ સાર તો કાઢતો નથી. કહો, સમજાણું કાંઈ? 'શું બહુ પૂછે વાત?' એમ આવ્યું કે નહિ અંદર? હેં? આખો દિ' પૂછ્યા પૂછ, પૂછ્યા પૂછ, પૂછ્યા પૂછ (કરે), પણ શું પૂછીને કરવું છે? હેં?

મુમુક્ષુ :- સ્પષ્ટ થાય.

ઉત્તર :- શું સ્પષ્ટ થાય. કરવાનું તો આ છે. ઇ સ્પષ્ટ શું થયું?

અહીં પાઠ છે ને? 'बहु पुच्छियइ ण कोइ' બહુ પૂછ્યા પૂછ કરે આખો દિ', કે આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. એટલે ઇ સમ્યગ્દર્શન થઈ ગયું? અને સમ્યગ્જ્ઞાન એને લઈને નિર્મળ થઈ ગયું? એમ નથી. દેવાનુપ્રિયા! 'राय हं परसरु णिवारियइ' જુઓ! કહે છે, ત્રણ વાત કરી. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને મન અને ઇન્દ્રિયથી હટાવી અને રાગ દૂર કરીને અંતરમાં એકાકાર થવું એ કરવા જેવું મોક્ષને માટે છે. મન અને ઇન્દ્રિયથી હટાવી, અંતર જવું અને રાગને દૂર કરીને વીતરાગદૃષ્ટિ કરવી. આહાહા..! ધમાલ (આડે) પણ આ સૂઝે એવું નથી. આ 'શેત્રુંજય'ની જાત્રા ને હો..હો..હો..હો...! 'જયચંદભાઈ'! મોટી ધર્મશાળાઓ, દસ-દસ હજાર માણસો આવે... આહાહા..! ધર્મ.. ધર્મ.. ધર્મ. જાણે ધર્મ ન્યાં લૂંટાતો હશે! ક્યાં ધર્મ છે? સમજાણું કાંઈ? એ તો જરી રાગની મંદતા હોય તો શુભભાવ થાય. ભક્તિ ને જાત્રામાં ધર્મ-બર્મ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કોઈ જાત્રા કરશે નહિ.

ઉત્તર :- કોણ કરે છે? ભાવ આવ્યા વિના રહેશે નહિ, આવશે ત્યારે. હમણા કહેતા હતા કાલે, હોં! કે, અમે વિનંતી કરવા આવવાના છીએ. એ..ઇ...! મેં કીધું, હવે, 'હમણાં શરીર-બરીર કામ કરતું નથી. હવે આપણું મન..' 'ના, અમે આવશું.' કહે. 'જયંતિભાઈ' ને બે-ચાર-પાંચ આવીને (કહે), 'પાલીતાણા' આવ્યા સોળ વર્ષ થઈ ગયા. એકવાર તો આવો, પધારો. લ્યો! આને હજી નજીક લાગે છે.

અહીં તો કહે છે કે, આ જાત્રા કરવાની મોટી જાત્રા એ કે, આ ભગવાનઆત્મા અનંત શાંતરસનો પિંડ (છે). આ મન અને ઇન્દ્રિય દૂર કરીને, રાગ હટાવીને અંદર ઠરવું એ મોટી જાત્રા છે. આહાહા..! એ..ઇ...! 'માંગીરામજી'! એ તો શુભભાવ હોય છે પણ એ કંઈ ધર્મ છે અને એને કારણે અંતર આત્મસન્મુખ જવાય છે, એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..!

www.vitragvani.com



સમજાણું કાંઈ? ભક્તિ, જાત્રા હોય છે પણ એનું પરિણામ શુભભાવ જેટલું છે. સમજાણું કાંઈ? પણ એ શુભભાવ થયો માટે આત્મસન્મુખ જવાશે, એમ નથી. એની બેયની દશા અને દિશાફેર છે. આહાહા..! એક જણાએ ભક્તિ, પૂજા, જાત્રા શુભભાવ છે એ આખું ઉથાપી નાખ્યું. (કેમકે) જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યાં સુધી એવા ભાવ આવે પણ એ ભાવ વડે ધર્મ થાય, એ ભાવ વડે ધર્મનું કારણ થાય એ વાતમાં માલ નથી. આરે.. આરે...! ભારે વાત પણ. છે ને?

'બુદ્ધિમાન મન અને ઇન્દ્રિયોથી છૂટકારો પામે...' ભગવાનઆત્મા મન અને ઇન્દ્રિયોથી હટી જાય એ એણે કરવાનું છે. 'તો કોઈનેય કાંઈ પૂછવાની જરૂર રહે નહિ.' કંઈ પૂછવાની જરૂર નથી. ઇ તો આવે છે ને? 'નિર્જરા (અધિકાર)'માં આવે છે. 'નિર્જરા (અધિકાર)' ૨૦૬ (ગાથા). શું બહુ પૂછવાનું કામ છે તારે? અંદર જાને! એ..ઇ...! આહાહા! પછી કરીને તો આ કરવાનું છે એ તો તું કરતો નથી, આખો દિ' પૂછ પૂછ કરે (છે), શું છે પણ એમાં? આહાહા..! ભગવાન ચિદાનંદમૂર્તિ આત્મા અખંડ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે આત્મા જોયો, એવા આત્માની અંતરમાં ઠરવું, દૃષ્ટિ કરીને ઠરવું એ મુખ્ય ધર્મનું કર્તવ્ય અને કાર્ય છે. હવે આ કરતો નથી ને આખો દિ' પૂછ પૂછ કરે કે, આનું કેમ ને આનું કેમ? બધું એનું (એમ કે) અંદર ઠર ઇ. લે! સમજાણું કાંઈ? એ બહારથી કોઈ ક્રિયાકાંડથી કે પૂજા, ભક્તિથી (કે) 'શેત્રુંજય'ની લાખ જાત્રા કરે, કરોડ કરે 'સમેદશીખર'ની, એમાંથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કહો, 'જગજીવનભાઈ'! શું હશે?

કહે છે કે, રાગનો ફેલાવો દૂર કર. લ્યો! જુઓ! આત્માના સ્વભાવ ઉપર એકાગ્ર થતાં આત્માની શાંતિનો વિસ્તાર થાય. રાગનો વિસ્તાર ઘટે અને અરાગનો વિસ્તાર થાય. આહાહા..! શુભરાગનો વિસ્તાર પણ ઘટે, એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આનંદમૂર્તિ પ્રભુઆત્મા છે. નિત્યાનંદ આત્મા અંદર છે, એ નિત્યાનંદમાં આનંદમાં એકાગ્ર થતાં આનંદનો ફેલાવો થાય. રાગનો વિસ્તાર ઘટે એ વસ્તુ કર્તવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ત્યારે આ આત્મજ્ઞાન સહજ જ ઉત્પન્ન થઈ જાય છે.'

'શાસ્ત્રના રહસ્યને જાણનારાએ, જે વ્યવહાર નિશ્ચયનયથી અથવા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનયથી છ દ્રવ્યોનું સ્વરૂપ સારી રીતે...' જાણીને આત્મા તરફનો ઉપયોગ લગાવવો જોઈએ. 'આત્માધીન નિશ્ચય ચારિત્રના લાભ માટે ઉપયોગને (તેમણે) મન અને ઇન્દ્રિયો તરફ જતો રોકવો જોઈએ.' લ્યો! 'ઇન્દ્રિયોના વિષયોની તૃષ્ણા મટાડવી જોઈએ...' વગેરે વગેરે ઘણી વાત છે. પૂછપરછ કરવાની શું જરૂર છે? વગેરે એણે નાખ્યું છે. 'વાસ્તવમાં જેને અનુભવ કરવાનો છે તે પોતે જ છે.' શું કહે છે? અનુભવ આત્માનો ધર્મ કરનાર તો પોતે જ છે. અનુભવ કરનાર આત્મા છે. આત્મા પોતે છે એને પર પાસેથી ક્યાં કંઈ લેવું છે? સમજાણું કાંઈ? પોતે જ અનુભવ કરનાર અને પોતે જ અનુભવનો આનંદ લેનાર. એમાં પરને પૂછીને ક્યાં અંદરમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મળે એવું છે? આહાહા..! બહુ પૂછે વાત, હોં! સાધારણ વાત જાણવાની જરૂર છે, એમ કહે છે. 'વાસ્તવમાં જેને અનુભવ કરવાનો છે તે પોતે જ છે.'

'આત્માના આનંદની ગાઢ શ્રદ્ધા સર્વ આત્મા અથવા પરપદાર્થના આશ્રિત સુખ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરી દે છે.' લ્યો! આ આત્માની શ્રદ્ધા કે હું આનંદ છું, એ શ્રદ્ધા પર આત્મા ને પર શરીરાદિમાં આનંદ છે, એ બુદ્ધિનો નાશ થઈ જાય છે. ગાઢ શ્રદ્ધા આત્મામાં થતાં આત્મા આનંદ અને અનાકુળ શાંત ને શાંતિનો ડુંગર પોતે છે, એમ ભગવાનઆત્માની પ્રતીત ગાઢ થતાં આત્મા સિવાય બીજા આત્મા અને બીજા પુદ્ગલમાં સુખબુદ્ધિનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું? 'બીજા પુદ્ગલ' શબ્દે આ પૈસા-ધૂળ, બાયડી, છોકરા. એ ધૂળમાં ક્યાંય સુખ છે નહિ. સમજાણું કાંઈ? એ ૫૪ (ગાથા પૂરી) થઈ.

---

## પુદ્ગલ અને જગતના વ્યવહારથી આત્માને ભિન્ન જાણો.

पुग्गलु अण्णु जि अण्ण जिउ अण्णु जि सहु ववहारु।
चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु।।५५।।

જીવ-પુદ્ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;
તજ પુદ્ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર. ૫૫.

અન્વયાર્થ :- (पुग्गलु अण्णु जि) મૂર્તિક પુદ્ગલનો સ્વભાવ જીવથી જુદો છે. (जिउ अण्णु) જીવનો સ્વભાવ પુદ્ગલ આદિથી ન્યારો છે. (सहु ववहारु अण्णु जि) અને જગતના બધા વ્યવહાર પ્રપંચ પણ પોતાના આત્માથી જુદા છે. (पुग्गलु चयहि वि जिउ गहहि) પુદ્ગલ આદિને છોડીને જો પોતાના આત્માનું ગ્રહણ કરવામાં આવે (लहु भवपारु पावहि) તો શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય.

---

पुग्गलु अण्णु जि अण्ण जिउ अण्णु जि सहु ववहारु।
चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु।।५५।।

૫૫. સંસારથી પાર થવાનો ઉપાય એક આત્માનું જ્ઞાન (છે). 'पुग्गलु अण्णु' એ શરીર, કર્મ આદિ અન્ય છે. અસદ્ભુત વ્યવહારનો વિષય જે કર્મ, પુદ્ગલ એ બધાં અન્ય છે. 'अण्णु जि सहु ववहारु' બહુ ટૂંકુ નાખ્યું. અશુદ્ધનિશ્ચયથી ઉત્પન્ન થતા એવા પુણ્ય-પાપના, રાગ-દ્વેષના ભાવ એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર પણ આત્માના સ્વભાવથી અન્ય છે. સમજાણું કાંઈ? એણે આગળ થોડું નાખ્યું છે, હોં!

'મારો શુદ્ધ સ્વભાવ આ પાંચ તત્ત્વ અને સાત પદાર્થોના વ્યવહારથી જુદો છે.'

www.vitragvani.com



ભગવાનઆત્મા, એનો જે સ્વભાવ, એ પાંચ તત્ત્વ અને સાત પદાર્થોના વ્યવહારથી તદ્દન નિરાળો છે. પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષથી નિરાળું તત્ત્વ અખંડ અભેદ છે. સમજાણું કાંઈ? વ્યવહાર, બધા વ્યવહારથી એટલે? કર્મ, શરીરથી જુદો, પુણ્ય-પાપથી જુદો અને આત્માની આ વિકારી પર્યાય કે અવિકારી પર્યાયથી પણ જુદો (છે). અવિકારી પર્યાય સદ્દ્ભુત વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ? એ બધો વ્યવહાર છે. ગુણ-ગુણી ભેદ એ પણ વ્યવહાર છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય અને એને આશ્રયે રહેલા ગુણો, એવો વિકલ્પ એ પણ વ્યવહાર છે. એ વ્યવહારને છોડ, એમ કહે છે. જુઓ! સમજાણું?

'अण्णु जि सहु ववहारु' 'सहु ववहारु' સર્વ વ્યવહાર. લ્યો! વ્યવહાર રત્નત્રય તો વ્યવહાર અન્ય છે. ગુણ-ગુણી(ના ભેદથી) ભગવાનઆત્મા અંદરમાં વિચારે કે, ઓ..હો...! આ વસ્તુમાં આવા અનંત ગુણ રહ્યા છે, અનંત આનંદ છે, એવો જે ભેદવાળો વિકલ્પ છે એ વ્યવહાર છે. એ વ્યવહાર પણ ભગવાનઆત્માથી અન્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું? ભિન્ન. નારકી અને નારકી આદિના (ભેદથી) તો જુદો છે. 'સંકલ્પ-વિકલ્પરૂપ ક્રિયાઓ; એ બધું મારા શુદ્ધ આત્મિક પરિણમનથી ભિન્ન છે.' સંકલ્પ-વિકલ્પની ક્રિયાઓ બધી આત્માના સંકલ્પથી વસ્તુથી ભિન્ન છે.

'જગતનો સર્વ વ્યવહાર મન, વચન, કાયાના યોગથી અથવા શુભ કે અશુભના ઉપયોગથી ચાલે છે. મારા શુદ્ધ ઉપયોગમાં અને નિશ્ચય આત્મિક પ્રદેશોમાં એમનો કોઈ સંયોગ નથી...' બે વાત. મારા શુદ્ધભાવમાં અને શુદ્ધ આત્મપ્રદેશમાં. સમજાણું કાંઈ? પ્રદેશ નાખ્યા છે ને? વ્યંજનપર્યાય. અસંખ્ય પ્રદેશ શુદ્ધ છે. એ શુદ્ધ પ્રદેશમાં આ બધા મન-વચન-કાયાનો વેપાર કે શુભાશુભ ભાવ એ મારા શુદ્ધભાવમાં નથી, એ મારા શુદ્ધ અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં નથી. આહાહા..! આ તો ઓલા કહે, મન-વચન-કાયાની ક્રિયા એ ધર્મ, એનાથી નિર્જરા થાય. એવા લેખો આવે છે, લ્યો! ઓ..હો..હો...! ધર્મના બહારવટિયા ધર્મના નાયક થઈ પડ્યા છે. હેં? બહારવટિયા કીધાં. ધર્મના બહારવટિયા ધર્મનો નાયક છે એમ દાવો કરે છે. હેં? આહાહા..!

જ્યાં નિર્વિકલ્પ પદાર્થ જ પ્રભુઆત્મા નિર્વિકલ્પ આનંદકંદ છે, સચ્ચિદાનંદનો ગોળો જ આખો ભિન્ન છે. મન, વાણી, દેહથી આખી ચીજ જ પરમાત્મસ્વરૂપે ભિન્ન છે. એવા ભિન્નને ભિન્ન ભાળે, જોઈને અનુભવ કરે નહિ અને બહારની ક્રિયાથી ધર્મ માને, મન-વચનથી ધર્મ માને, પુણ્યના પરિણામથી ધર્મ માને, તીર્થ, જાત્રા, પૂજાથી ધર્મ માને. એ તો ભગવાનના દર્શનથી સમકિત થાય એમ કહે છે. આહાહા...! આ ભગવાનના દર્શનથી સમકિત થાય. ભગવાનના દર્શન હોય છે, શુભભાવ હોય છે, ભાવ છે ઇ શુભ છે, એ કંઈ ધર્મ નથી, સંવર-નિર્જરા નથી. મોટા મોટા કેટલાય (વિદ્વાન) કહે, આસ્રવ ચાલ ઘટે, સંવર વધે. પણ ભાઈ! પરદ્રવ્ય છે. ત્યાં લક્ષ જાય એટલે શુભભાવ(ની) વૃત્તિ ઊઠે. શુભની દિશા પર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉપર છે અને સ્વભાવની શુદ્ધની દશા અંતર ઉપર છે. કહો, સમજાણું આમાં?

કહે છે, મારા શુદ્ધઉપયોગમાં કોઈ છે નહિ. છે ને? પછી થોડુંક નાખ્યું છે. ઓલો અશુદ્ધ વ્યવહાર. સર્વ વ્યવહાર કહ્યો ખરો ને? 'અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવતા રાગાદિ ભાવોથી અનુપચરિત, અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવતા કાર્મણાદિ શરીરોના સંબંધથી, ઉપચરિત અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવતા સ્ત્રી-પુત્રાદિ ચેતન અને ધન, ગૃહાદિ અચેતન પદાર્થોથી હું ભિન્ન છું.' એ તો ખુલાસો ઠીક કર્યો છે. સર્વ વ્યવહારનો અર્થ કર્યો છે. 'સદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવતા ગુણગુણીના ભેદોથી પણ હું દૂર છું.' લ્યો!

'હું સર્વ વ્યવહારની રચનાથી નિરાળો એક પરમ શુદ્ધ આત્મા છું.' આહાહા..! પરમાત્મા પોતે છે એને કાંઈ રાગ અને પર સાથે કાંઈ સંબંધ નથી. એવા આત્માનું અંદરમાં ધ્યાન કરવું અને શ્રદ્ધા-જ્ઞાન કરવી એ જ મોક્ષનો માર્ગ છે. ઘણા ઇ કહે કે, આવું કહે અને વળી પાછા (મંદિર બંધાવે). આ 'મલૂકચંદભાઈ'ને કહે, મંદિર સારું કરજો. 'રામજીભાઈ' એને બહુ કહે છે. સારું કરજો, ઢીકણું કરજો, ફલાણું કરજો. એ..ઇ...! આ કહે, પણ પૈસા લાવવા ક્યાંથી? તમારે પૈસા લાવવાનું કહેવાય? એટલા બધા પૈસા લાવવા ક્યાંથી? કહો, સમજાણું કાંઈ?

એ તો શુભભાવ હોય છે ત્યારે એ બધી વસ્તુઓ હોય છે. બાકી થવું હોય ત્યારે થાય. શુભભાવ હોય છે. ભક્તિનો, પૂજાનો, મંદિર હોય તો ઠીક, દેવદર્શન થાય એવો ભાવ હોય છે પણ એ ભાવની મર્યાદાને એમ ટાંકે કે એ ભાવ આવ્યો માટે હવે એને આત્માનો અનુભવ અને ધર્મ થાશે, એમ છે નહિ. તેમ એ વાતને તદ્દન ઊડાડી જ દે, અશુભભાવથી બચવા એવા ભક્તિના, પૂજાના, દયાના, દાનના, જાત્રાના ભાવ હોય છે. એને ઊડાવી દે તો એ તત્ત્વને સમજતો નથી. સમજાણું કાંઈ?

'હું સર્વ વ્યવહારની રચનાથી નિરાળો એક પરમ શુદ્ધ આત્મા છું.' લ્યો! 'જ્ઞાયક એક પ્રકાશમાન પરમ નિરાકુળ, પરમ વીતરાગી અખંડ દ્રવ્ય છું.' ઠીક કર્યું છે. અર્થ ઠીક કરે છે. સમજાણું? 'આ રીતે મનન કરીને જે પોતાના આત્મારૂપી રત્નનું ગ્રહણ કરીને...' ભગવાનઆત્મા પોતાના સ્વરૂપનું રત્ન, ચૈતન્યરત્ન, એના અંતરમાં એકાગ્ર થઈને ચૈતન્યને ગ્રહણ કરે છે. 'તેના જ સ્વામીપણામાં સંતુષ્ટ થઈ જાય છે.' ધર્મી તો પોતાના સહજાત્મસ્વરૂપનો સ્વામી (થાય છે). એ આત્મા શરીર, વાણી, મનનો તો માલિક નથી પણ દયા, દાનના વિકલ્પનો માલિક પણ આત્મા નથી. આહાહા..! સહજાત્મ શુદ્ધ ચૈતન્યપિંડ પ્રભુ તેનો એ આત્મા સહજાત્મનો સ્વામી છે. સમજાણું કાંઈ? અને પોતાના સ્વરૂપના સહજાત્મના સ્વામીમાં જ ધર્મીને સંતોષ દેખાય છે.

આ (અજ્ઞાની પરનો) સ્વામી થયો. મકાનનો, ધણીનો, ફલાણાનો, આટલી બાયું, આટલા

www.vitragvani.com



છોકરા, આટલી આબરૂ, આટલી કીર્તિ, આટલા મકાન, આ આટલા આટલા શુભભાવ કર્યા એનો સ્વામી થાય તો કહે છે કે, એ પોતે અસંતોષમાં ઘેરાઈ ગયો છે. આહાહા..! એને સંતોષ થતો નથી. સંતોષ તો ધર્માત્માને પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનમાં સંતોષ છે. પોતાનું સહજ સ્વભાવિક આત્માની પુંજી, આત્માની મૂડી, અનંત ગુણરૂપ, એનો સ્વામી થતાં સંતોષ માને છે. શિષ્યોનો સ્વામી થાય. અમારે આટલા શિષ્યો, આટલી અમારે ચેલીઓ સમજાણું કાંઈ? અમે આટલા પુસ્તક બનાવ્યા, એના ફલાણાના અમે સ્વામી, કેટલી પાઠશાળાઓના અમે સ્વામી, એના બધા અધિપતિ છીએ, દરેકમાં હોય છે ને...? શું કહેવાય એના? પ્રમુખ, અધ્યક્ષ. ફલાણાના ટ્રસ્ટી છીએ, ફલાણાના અધ્યક્ષ છીએ. એ બધું પરનું સ્વામીપણું માનવું એ તો મૂઢતા છે. ન્યાં ક્યાં પરમાં તારું સ્વામીપણું હતું? સમજાણું કાંઈ? કેટલાકને એમ થાય. કોના દીકરા? એનો પોરો થઈ જાય. આ લક્ષ્મી આટલી કહેવાય છે, બે કરોડ, પાંચ કરોડ એ કોની? મારી.

મુમુક્ષુ :– તો લક્ષ્મી એની હશે કે નહીં?

ઉત્તર :– ધૂળમાંય એની નથી. એની હોય તો એના આત્મામાં ગરી (–ઘૂસી) જવી જોઈએ. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– તિજોરીમાં પડ્યા હોય.

ઉત્તર :– તિજોરીમાં (હોય) પણ, તિજોરી તિજોરીનો સ્વામી છે, પરમાણુ પરમાણુનો સ્વામી છે. આ ક્યાંથી લાવ્યો એમાં? જુઓ!

'તેના જ સ્વામીપણામાં સંતુષ્ટ થઈ જાય છે,...' આહાહા..! ભગવાનઆત્મા પોતાનું અભેદ અખંડ આનંદસ્વરૂપ, એનું વેદન–અનુભવ કરતાં એમાં સંતોષપણું સમાઈ જાય છે. એના સ્વામીપણામાં જ સંતોષ છે. રાગ અને પરના સ્વામીપણામાં તો દુઃખદાયક અધિક ભ્રમણા છે. સમજાણું કાંઈ? (પછી) 'સમયસાર'ના દાખલા આપ્યા છે.

---

**આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે.**

**जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति।**
**ते जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति।।५६।।**

**સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;**
**છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬.**

અન્વયાર્થ :– (जो फुडु जीव णवि-मण्णाहिं) જે સ્પષ્ટપણે પોતાના આત્માને જાણતા નથી (जे जिउ णवि मुणंति) અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી (ते संसार णउ मुचंति) તે સંસારથી મુક્ત થતા નથી (जिण णाहहं उत्तिया) એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

---

www.vitragvani.com



૫૬. 'આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે.'

जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति।
ते जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति।।५६।।

ભગવાનઆત્મા...! 'જે સ્પષ્ટપણે આત્માને જાણતા નથી...' સ્પષ્ટ નામ પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? 'णवि-मण्णहिं जीव फुडु' આત્મા વિકલ્પ વિનાનો, મનના સંગ વિનાનો સીધો આત્મા પોતાને જણાય. એમ આત્મા પ્રત્યક્ષપણે કોઈ જાણતું નથી.. સમજાણું કાંઈ? 'અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી...' જાણવું અને અનુભવવું બે ભેગા લીધા છે. પ્રત્યક્ષ જાણતો નથી. બે શબ્દ જુદા પાડ્યા છે ને? એક તો પ્રત્યક્ષ જાણતો નથી એમાં વજન એ આપ્યું છે કે, રાગ ને મન વિનાનો આત્મા સીધો જાણવો એનું નામ આત્માનું જાણવું કહેવાય છે. સમજાણું કાંઈ? એમ બે બોલ (કહ્યા) છે.

'जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति' ભગવાનઆત્મા..! અહીં તો એકલા આત્માના જ ગાણાં છે. 'યોગસાર'! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના અંદરમાં એકાકાર થાય એ જ યોગસાર છે. બાકી કાંઈ સાર-ફાર નથી. શું કહે છે? જે કોઈ જીવ પોતાના આત્માને 'સ્પષ્ટપણે પોતાના આત્માને જાણતા નથી...' એક વાત. પરોક્ષથી જાણવું કે આ આત્મા છે, આ આત્મા (છે), એ આત્મા નહિ. ગાથાદીઠ ભાવ ફેરવે છે, હોં! વાત તો એવી ને એવી લાગે પણ ફેરવે છે. ભગવાનાઆત્મા 'स्वानुभूत्या चकासते'. એક જ્ઞાનની લહેરે જાગતો ભગવાન પોતે પોતાને પ્રત્યક્ષ ન જાણે એને કહે છે કે, એ અમે જ્ઞાન કહેતા નથી. આહાહા..! એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- એક વિકલ્પથી જાણે અને ...

ઉત્તર :- વિકલ્પથી જાણે એ જ્ઞાન જ નથી, એ જ્ઞાન જ નથી. પ્રત્યક્ષ જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. અહીં એમ સિદ્ધ કરવું છે. વિકલ્પથી જાણ્યું એ જાણ્યું નથી. 'જમુભાઈ'! બધી વાતું એવી છે.

મુમુક્ષુ :- વ્યવહારથી જાણ્યું કહેવાય?

ઉત્તર :- ના. એક જ રીત. વ્યવહારથી જાણ્યું એ જાણ્યું છે નહિ. જ્ઞાનનું સીધું જ્ઞાન થયા વિના જાણ્યું એ જ્ઞાન છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સીધું એટલે આમ...

ઉત્તર :- સીધું એટલે રાગ વિનાનું અંદર પ્રત્યક્ષ જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન અને એનો ઊઠેલો વિકલ્પ, એનાથી આત્મા (જાણ્યો) એમ નહિ. 'फुडु' શબ્દ તેથી વાપર્યો.

ભાઈ! આ તો મૂળ માર્ગ છે. ભગવાનઆત્માને અંદર જ્ઞાનથી જ્ઞાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન થવું તેને જ્ઞાન કહે છે, એમ અહીં કહે છે. ભગવાનઆત્મા ચૈતન્યબિંબ પ્રભુ, એનું એને જ્ઞાનથી જ્ઞાન થવું, સીધું સ્વસંવેદન થવું એને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– સીધું કીધું એટલે વાંકું નહિ.

ઉત્તર :– વાંકુ (એટલે) આ રાગથી કર્યું ને વિકલ્પથી કર્યું ને શાસ્ત્રથી કર્યું, એ કાંઈ જ્ઞાન નથી. એ વાંકુ કહેવાય. આહાહા..! અહીં તો નિરાળો પ્રભુ, તદ્દન નિરાળો છે ને! આહાહા..! વસ્તુ તે વસ્તુ પરમાત્મસ્વરૂપ જ પોતે છે. કાલે તો આવ્યું હતું નહિ? પરમાત્મસ્વરૂપમાં સ્થિત આત્મા છે. સ્થિત છે. પરમસ્વરૂપમાં સ્થિત છે. એ રાગમાં, પુણ્યમાં, અલ્પજ્ઞાનમાં પણ નહિ. આહાહા..! ઓ..હો..! સંતોની કથની માર્ગને સહેલો કરીને આમ જગતને સમજાવ્યો. ભાઈ! તું તો તારી હથેળીમાં–હાથમાં આમ છો ને! પૂર્ણ સત્તા. કહ્યું નહોતું? 'सततम् सुलभं' આવ્યું હતું કે નહિ? ભગવાન તું તને સુલભ ન હોય તો તારે કઈ ચીજ સુલભ હોય? આહાહા..!

ભાઈ! જ્ઞાનાનંદની જ્યોત છો ને! અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રગટ.. પ્રગટ.. પ્રગટ.. પ્રગટ છે ને! હોવાપણે પ્રગટ છે એને ન હોવાપણે કેમ કહેવું? આહાહા..! એ બધા વ્યવહારથી મુક્ત ભગવાનઆત્મા છે. આ..હા..! જુઓ તો ખરા! એ આવી ગયું છે. સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુક્ત છે, એમ એમાં આવી ગયું. સમજાણું કાંઈ? હો ભલે. જેમ પરદ્રવ્ય છે એમ હો ભલે. દયા, દાન, ભક્તિ, પૂજા(ના) ભાવ શુભભાવ હોય છે પણ સમ્યક્ આત્મા જ્ઞાયકમૂર્તિ એનું જેણે સીધું જ્ઞાન કરીને જાણ્યું એ ધર્મી તો વ્યવહારથી મુક્ત છે. આહાહા..! 'માંગીરામજી'! વ્યવહારથી લાભ તો નહિ પણ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર ભેદ, વિકલ્પ, રાગ છે.

ભગવાનઆત્મા અભેદ ચૈતન્યના અનુભવમાં, એની અભેદ દૃષ્ટિમાં ધર્મી વ્યવહારથી મુક્ત છે. સમજાય છે કાંઈ? વ્યવહાર કરવો પડે ને હોવો જોઈએ એમ નથી, એમ કહે છે. હો, પણ કરવો પડે ને હોય તો ઠીક એમ સમ્યગ્દૃષ્ટિના આત્માના જ્ઞાનમાં નથી. એના પછી એ વાત લેશે. અન્ય વ્યવહાર કીધું ને? સમજાણું કાંઈ? અન્ય સર્વ વ્યવહાર. ક્યાં સુધી લઈ ગયા, જુઓને! વસ્તુ જેમ સર્વથી અન્ય એમ અભેદ દૃષ્ટિ જ્યાં થઈ એમાં સર્વ વ્યવહારથી એ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનું પૂછડું નિશ્ચયને નથી લાગુ પડતું એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ પ્રભુ એકલો જ્ઞાનનો સૂર્ય પ્રભુ ભિન્ન (છે), કહે છે કે એને જાણે ત્યારે કહીએ કે જેનું (સ્વરૂપ) પોતાને પ્રત્યક્ષ થાય. જેમાં પરના સહાય, મન, વાણી, રાગ કે પરનું શ્રવણ કરવું, એથી આત્મા જણાય? (કહે છે), ના. ગુરુની વાણીમાં બોધ રહ્યો છે આત્મા? બોધ તો બોધમાં રહ્યો છે, ભગવાનઆત્મામાં રહ્યો છે. એ..ઈ...!

મુમુક્ષુ :– જવાબદારી તો તો રહી જાય.

ઉત્તર :– એવું આણે ક્યાંક નાખ્યું છે. જોવો ઓલું ક્યાંક આવ્યું હતું. નહિ? ૫૩ તો આજે ચાલ્યું, એના પહેલા ક્યાંક હતું, હોં! એણે નાખ્યું છે. ગુરુના બોધમાં જ્ઞાન નથી, એમ કહે છે. એ તો આવી ગયું છે. એ ક્યાંક આવ્યું હતું. નહોતું આવ્યું ગુરુ? નિષેધ

www.vitragvani.com



કરતો, એમ પોતે ક્યાંક લખ્યું હતું. ૫૬ ચાલે છે ને? ક્યાંક છે ખરું, એણે એક ઠેકાણે નાખ્યું હતું. (રેતીમાં) તેલ નથી પણ તલમાં છે. તેમ શાસ્ત્રમાં આત્મા નથી પણ તનમાં છે. જેમ ઝાંઝવામાં જળ નથી પણ સરોવરમાં છે. તેમ ગુરુવચનમાં બોધ નથી પણ હૃદય સરોવરમાં છે. ઇ ૫૨ ગાથામાં છે. ૫૨ ગાથા છે ખરી ને? 'सत्थ पढं जड़ अप्पा' આ ભાઈ નહિ? 'લાલન'. આ પહેલો ૫૩ બોલ વાંચ્યો ને? એ ૫૨ છે, આમાં જરી ફેર છે. 'सत्थ पढं तह ते वि जड़ अप्पा जेण मुणंति।' એમાં લખ્યું છે, જુઓ! ગુરુવચનમાં બોધ નથી પણ હૃદય સરોવરમાં છે. બોધ અહીં છે, કહે છે. મેં કીધું, વાંચ્યું હતું ક્યાંક. કહો, સમજાણું કાંઈ? એ ચંદ્રમાં જાગે ત્યાં આત્મ-દરિયો અંદરથી ઊછળે, એમ કહે છે.

કહે છે કે, જેણે આત્માને પ્રત્યક્ષ જાણ્યો તેણે આત્માને જાણ્યો કહેવાય. સમજાણું કાંઈ? 'जे णवि-मण्णहिं जीव फुडु' તે સંસારથી છૂટે નહિ એમ જિનનાથ કહે છે. શું કહે છે? 'जिण णाहहं उत्तिया' છે ને? જિનનાથ 'એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.' ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ એમ ફરમાવે છે, જેણે આત્માને પ્રત્યક્ષ જાણ્યો નથી તે સંસારથી છૂટશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આમ જ્ઞાનથી જ્ઞાનને જાણી, વેદે. રાગ નહિ, મન નહિ, શરીર નહિ, વાણી નહિ, ગુરુ નહિ, કોઈ નહિ. એણે શાસ્ત્રના ધારેલા ધારણાના ભાવના બોલ એ પણ નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા 'फुडु' નામ સ્પષ્ટ પોતે પોતાથી જાણે નહિ, પોતે પોતાથી પ્રત્યક્ષ જાણે નહિ 'जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति' જિનેન્દ્રદેવો કહે છે કે, એ સંસાર મિથ્યાત્વાદિથી મૂકાશે નહિ. સંસાર શબ્દે મિથ્યાત્વ, હોં! એ મિથ્યાત્વથી નહિ મૂકાય. આહાહા..! એમ જિનેન્દ્રદેવ કહે છે. છે કે નહિ? એ.. 'શશીભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા..! જુઓ તો ખરા, 'યોગસાર'! યોગસાર એટલે પ્રભુઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપે, નિર્વિકલ્પ વેદને પોતાને ન જાણે તો કહે છે કે, એ વિકલ્પથી જાણ્યો અને મનથી જાણ્યો, શાસ્ત્રથી જાણ્યો એ જીવ સંસારથી મુક્ત થશે નહિ. આહાહા..! શું પણ વાત! વાત તો એમ જ હોય ને પણ? સમજાણું કાંઈ? એમ 'जिण उत्तिया' અનંત જિનેન્દ્રોની વાણીમાં એમ આવ્યું છે. એણે નાખવું પડ્યું – 'जिण उत्तिया'. આચાર્યને નાખવું પડ્યું, ભાઈ! આમ તો વીતરાગદેવ કહે છે, હોં! પરમેશ્વર કેવળજ્ઞાની ત્રણકાળના નાથ, એની વાણીમાં ઇચ્છા વિના ધ્વનિ આવ્યો એ ધ્વનિમાં એમ આવ્યું હતું કે, આત્માને જે પ્રત્યક્ષ... ચોથા ગુણસ્થાનથી, હોં! આહાહા..! રાગરહિત ભગવાનઆત્માને પ્રત્યક્ષ ન જાણે એ સંસાર–મિથ્યાત્વથી નહિ મૂકાય. સમજાણું કાંઈ? 'શશીભાઈ'! આહાહા! 'સંસાર' શબ્દે મિથ્યાત્વ એ સંસાર છે, હોં! મિથ્યાત્વ ગયો, સંસાર રહેતો નથી. આહાહા..!

'જે સ્પષ્ટપણે પોતાના આત્માને નથી જાણતા...' એક વાત. 'અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી...' પછી સ્થિરતાની વિશેષ વાત લીધી છે. પ્રત્યક્ષ જાણીને પછી વારંવાર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મામાં અનુભવ કરવો. પ્રત્યક્ષ જાણીને પછી સ્થિર થવું. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદનો વારંવાર સ્પર્શ થવો, અતીન્દ્રિય આનંદનો સ્પર્શ થવો. પ્રત્યક્ષ જ્ઞાન અને પછી અતીન્દ્રિય આનંદનું વિશેષ વેદન, એ જેને નથી, વીતરાગ કહે છે કે, એ સંસારથી મૂકાતા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

પેલા તો એમ કહે, આ નિશ્ચય.. નિશ્ચય. એકાંત.. એકાંત (કહે છે). સાંભળને, ભગવાન! આ તારું એકાંત સ્વ પામવાનો આ ઉપાય છે. બીજો ઉપાય નથી, ભાઈ! તને લાગે છે કે આ પરોક્ષ જ્ઞાન ને આ પર જ્ઞાન, બહારનો વ્યવહાર આત્માના આનંદના અનુભવ વિના તને કલ્યાણ અને સંવર, નિર્જરા થઈ જાય, એમ છે નહિ. એનું નામ એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? સ્વસંવેદનજ્ઞાન વિના સંવર, નિર્જરા નથી અને તું એમ માન કે એના વિના શાસ્ત્રના ભણતરથી સંવર, નિર્જરા (થાય) એ તારી એકાંત માન્યતા છે. અનુભવ વિના નિર્જરાની ઉગ્રતા નથી અને તું કહે કે, આ અપવાસ-બપવાસ કાંઈક કરીએ અને આ ભગવાનના દર્શનથી નિર્જરા થાય (એ) તારી એકાંત મિથ્યાત્વની માન્યતા છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવો મોંઘો ગમે તેટલું ખર્ચે તો પણ ન મળે.

ઉત્તર :– ઓલો તો પચીશ ગણો ભાવ ખર્ચે તોપણ મોંઘવારીમાં મળે, કહે છે. પણ આ મોંઘવારી કેવી? ઠીક, કાઢે છે ને? આ તો એવી સોંઘવારી છે કે કોઈની જરૂર ન પડે. એવી આ સોંઘવારી છે. આહાહા..! કહો! ઓલામાં તો પૈસા જોઈએ, લેવા જાવું પડે, ઓલો વળી કંઈ આપે, ન આપે, તે વખતે નવરો ન હોય. આ તો કોઈની જરૂર જ ન પડે. આહાહા..! હેં? આહાહા..! ભગવાનઆત્મા એવો ને એવો પરમાત્મસ્વરૂપે બિરાજે છે. એનું અંતર ધ્યાન– એકાગ્ર કરવું એ તારી સમીપમાં છે, કંઈ બહારથી આવે એવું નથી. આહાહા..! ભારે પણ માણસને.. પોતાની જાતને જાણવી એમાં એને મોંઘું લાગે!

'શ્રી જિનેન્દ્ર ભગવાને દિવ્યવાણીથી એ જ ઉપદેશ આપ્યો છે કે પોતાના આત્માના શ્રદ્ધાન, જ્ઞાન ધ્યાન...' જુઓ! 'અર્થાત્ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ સ્વાત્માનુભવ જ એવો મસાલો છે કે જેના પ્રયોગથી વીતરાગતાની અગ્નિ ઉત્પન્ન થાય છે અને તે કર્મરૂપ ઇંધનને બાળી નાખે છે. આત્મધ્યાન વિના કોઈ કદી કર્મોથી મુક્ત થઈ શકતું નથી.' પરપદાર્થના ધ્યાનથી કંઈ મુક્ત થાય? આહાહા..! સમજાણું કાંઈ? 'વાસ્તવમાં આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દષ્ટિ બાહ્ય ચારિત્રને, વેશને, આચરણને મોક્ષમાર્ગ જાણતા નથી,...' કો'ક કો'ક સાર સાર લઈએ છીએ, ન્યાં કાંઈ બધું ક્યાં લેવું? સમજાણું? ભગવાનઆત્મા.. આહાહા..! અરે..! એના ગાણા પણ પ્રીતિએ કરીને કોઈ દિ' સાંભળ્યા નહિ. હેં? અધ્યાત્મની વાત... આવે છે ને? 'तत्प्रतिप्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।' ભગવાનઆત્મા એકલો અનાકુળ સહજાનંદ સીધો આત્મા પોતાનો સ્વામી. પોતે પોતાને પ્રત્યક્ષ કરવાની તાકાત–શક્તિવાળો. એનામાં

www.vitragvani.com



એક ગુણ એવો છે. સમજાણું? અનાદિ એક પ્રકાશ નામનો ગુણ છે. એનામાં અનાદિ એવો ગુણ છે કે જે પ્રત્યક્ષ થાય એવો જ એનો ગુણ છે. પરોક્ષ રહે એવો એનામાં ગુણ નથી. એનો ગુણ છે એનાથી મુક્તિ થાય કે એના વિનાની મુક્તિ થાય? આ..હા..! શું કીધું? ૪૭ શક્તિમાં એક બારમી શક્તિ છે. એ શક્તિનો સ્વભાવ, આત્મામાં ગુણ, એનો ગુણ પ્રત્યક્ષ થવું તે (છે). પુણ્ય-પાપ ને રાગથી જાણવું એ એનો ગુણ છે નહિ. આહાહા..! એ ભગવાનઆત્મામાં એવો એક ગુણ પડ્યો છે કે જે સીધો પ્રત્યક્ષ જાણે એવો એનામાં ગુણ છે. હેં?

મુમુક્ષુ :– પછી ગાડું આગળ ચાલે.

ઉત્તર :– પછી આગળ ચાલે. આ બધા ગળા સુધી ન્યાં ગરી ગયેલા હતા, હોં! એના અગ્રેસરના ઘર કહેવાય ને? ... ઘર. બેય ગામમાં 'કામદાર' અગ્રેસર. બેય ઊંડા ગરી ગયેલા. આ વળી કોણ જાણે ક્યાંથી નીકળી ગયા! હેં? કહો, સમજાણું આમાં? ઓલા કહે, અર..ર..ર...! આ 'કાનજીસ્વામી' ક્યાં જાશે? અમારે 'આણંદજી' કહે, એ તો મુક્તિએ જવાના છે. આટલા આટલા મંદિર કરાવે, આટલા આટલા પાપ કરાવે. ક્યાં જાવું હશે? તમારો કાકો કહે. 'વીરચંદ શેઠ'. અમારે 'આણંદજી' છે ને? જવાબ દેવામાં હોંશિયાર છે. ખબર નથી તમને કે મોક્ષ જવાના છે! સાંભળને! બહારના મંદિર થયા ને ફલાણું થયું એમાં આત્માને શું? એ તો થયું. એમાં ક્યાં પાપ હતું? એ તો જરી શુભભાવ હોય છે. એ શુભભાવ હોય છે, એને ભાળતો નથી અને ઓલું પાપ થયું એને ભાળે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્થાવરની હિંસા થાય તે અપેક્ષાએ કહે છે.

ઉત્તર :– ... ક્યાં હતું આત્મામાં? હિંસા કરી શકે છે કોણ? આહાહા..!

અહીં તો કહે છે, 'સમ્યગ્દષ્ટિ બાહ્ય ચારિત્રને, વેશને, આચરણને મોક્ષમાર્ગ જાણતા નથી. એ જ નિશ્ચય આત્માના અનુભવને મોક્ષમાર્ગ જાણે છે.' કહો, સમજાણું? 'નિજ આત્મામાં જ રહેવું એ જ્ઞાનીનું ઘર છે.' નીચે છે. આત્માનું ઘર, નિજ આત્મામાં રહેવું એ આત્માનું ઘર છે. રાગમાં રહેવું એ આત્માનું ઘર નથી. બહારનું ઘરતો ક્યાં આવ્યું? આહા..! 'આત્માની શિલા તે જ જ્ઞાનીનું આસન છે.' બહારની શિલા નહિ. અંદરમાં એનું આસન છે. સમજાણું કાંઈ? 'નિજ આત્મિક તત્ત્વ જ જ્ઞાનીનું વસ્ત્ર છે,...' પોતાનું જ્ઞાન એ જ પોતાનું વસ્ત્ર છે. કારણ કે ઢંકાઈને એમ ને એમ પડ્યો છે. 'નિજ આત્મિક રસ જ જ્ઞાનીનાં ખાનપાન છે.' આહાર-પાણી નથી. આ પ્રત્યક્ષ ન્યાં કીધું ખરું ને? આહા..! 'નિજ આત્મિક શય્યા જ જ્ઞાનીની શય્યા છે.' આત્મિક શય્યા જ જ્ઞાનીની શય્યા છે. આ બહારનું સૂવાનું હતું કે દિ'? આત્મા સૂવે છે કે દિ'? આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાનઆત્માને જે પ્રત્યક્ષ જાણીને અનુભવતો નથી તે સંસારથી મુક્ત થતો નથી. ગુલાંટ ખાઈને વાત કરે તો આત્માને પ્રત્યક્ષ જાણીને જે વેદે છે એ મુક્ત થાય છે. એ સિવાય બીજી કોઈ મુક્તિની ક્રિયા છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



આત્માના જ્ઞાન માટે નવ દૃષ્ટાંત છે.

रयण दीउ दिणयर देहिउ दुद्धु धीव पाहाणु।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु।।५७।।

રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પત્થર ને હેમ;
સ્ફટિક રજત તે અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭.

અન્વયાર્થ :– રત્ન, દીપ, સૂર્ય, દહીં, દૂધ, ઘી, પાષાણ, સુવર્ણ, ચાંદી, સ્ફટિકમણિ અને અગ્નિ આ નવ દૃષ્ટાંતોથી જીવને જાણવો જોઈએ.

---

વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૧૧, મંગળવાર
તા. ૨૮-૦૬-૧૯૬૬
ગાથા–૫૭, ૫૮ પ્રવચન નં. ૨૦

---

આ 'યોગસાર' શાસ્ત્ર છે. ૫૭ મી ગાથા. ૫૬ ગાથા થઈ ગઈ. ૫૬ માં એમ કહ્યું કે, આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનને જ્ઞાનથી પ્રત્યક્ષ ન જાણે ત્યાં સુધી એને આત્માનું કાંઈ કાર્ય થાય નહિ. કેમકે જાણનાર પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ, એ ચૈતન્ય પ્રકાશસ્વરૂપ છે. એ ચૈતન્ય ચૈતન્યને જાણે તો એને પ્રત્યક્ષપણું થાય તો એને મુક્તિ થાય. અને પ્રત્યક્ષ જાણીને વેદનમાં–અનુભવમાં વિશેષ લે તો કર્મબંધનથી છૂટે. એ જ્ઞાન ઉપર અહીંયાં દૃષ્ટાંત આપવામાં આવે છે. ચૈતન્ય જ્ઞાનનો પ્રકાશ એવું સ્વરૂપ એનું છે, એનું પ્રત્યક્ષપણું થવું એ એનો સ્વભાવ છે અને એ જ એને અનુભવ કરીને મુક્તિ આપનાર છે. એમાં દૃષ્ટાંત આપ્યા છે.

'આત્માના જ્ઞાન માટે નવ દૃષ્ટાંત છે.'

रयण दीउ दिणयर देहिउ दुद्धु धीव पाहाणु।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु।।५७।।

નવ દૃષ્ટાંત આપ્યા છે. સાધારણ સમજાવવામાં આવે છે. આત્મા રત્ન સમાન છે. આત્મા, જેમ રત્ન પ્રકાશમય છે એમ આત્મા જ્ઞાનપ્રકાશમય છે. રત્ન જેમ નિત્ય અને કાયમ રહેનાર છે, એમ આત્મા જ્ઞાનસ્વરૂપે અવિનાશી કાયમ રહેનાર છે. રત્ન જેમ કિંમતી ચીજ છે એમ આત્મા પણ અલૌકિક અચિંત્ય સમ્યગ્જ્ઞાનથી કળાય એવી કિંમતી ચીજ છે. સમજાણું કાંઈ?

આત્મા રત્ન સમાન એક અમૂલ્ય દ્રવ્ય છે. જગતમાં આત્મા એક અમૂલ્ય દ્રવ્ય છે. 'પરમ ધન...' આત્મજ્ઞાન રત્નના સ્વામી સમ્યગ્દૃષ્ટિ ઝવેરી છે. ઝવેરીને જેમ રત્નની પરીક્ષા

www.vitragvani.com



હોય છે એમ ભગવાનઆત્મા ચૈતન્ય નિર્મળ રત્ન સમ્યગ્દષ્ટિરૂપી ઝવેરીને એની કિંમત હોય છે. સમજાણું કાંઈ? ગમે એવું રત્ન હોય પણ એની કિંમત કરનાર ન હોય તો એની કિંમત એના ખ્યાલમાં આવે નહિ. એમ આત્મા રત્ન સમાન ભગવાન શાશ્વત છે. રત્ન બહુ થોડા મળે, ઘણા ટકે, પ્રકાશમય (છે) તેથી એની કિંમત ટાંકવામાં આવે છે. એમ ભગવાન જ્ઞાનરત્ન કો'કને સ્વભાવમાં પ્રાપ્ત થાય, નિત્ય ટકાઉ છે અને એની કિંમત અનંત આનંદ આપે એવી એની કિંમત છે. એથી એને રત્નની ઉપમા (આપી છે). અહીં જ્ઞાનસ્વરૂપ ભગવાનને રત્નની ઉપમા (આપી) છે. સમજાણું?

ઝવેરી, સમકિતી ઝવેરી એને પરખે છે. એ રાગ-દ્વેષ, શરીરની ક્રિયા એ દ્વારા એની પરીક્ષા થઈ શકતી નથી. એની પરીક્ષા તો સમ્યગ્જ્ઞાનની પ્રતીત દ્વારા થઈ શકે છે. એવું એ ચૈતન્યરત્ન, રત્નની ઉપમાએ એને દાખલો આપ્યો છે.

વળી, ત્રણ રત્ન કહ્યા છે ને? એ મેળવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન કહેવાય છે. પર્યાય. તો કહે છે, 'સદાય જ્ઞાનજ્યોતિથી પ્રકાશમાન છે, અવિનાશી છે, સ્વયં સમ્યગ્દર્શન રત્નમય, સમ્યગ્જ્ઞાન રત્નમય અને સમ્યગ્ચારિત્ર રત્નમય...' સ્વરૂપ જ એવું છે, એમ કહે છે. એનું કાયમી સ્વરૂપ જ સમ્યગ્દર્શન રત્નસ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાન રત્નસ્વરૂપ છે, સમ્યક્ચારિત્ર રત્નસ્વરૂપ છે. વસ્તુ, હોં! વસ્તુ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સમ્યગ્દર્શન રત્ન જે પર્યાયમાં છે એવું જ એ સમ્યગ્દર્શન રત્ન ત્રિકાળ એના સ્વભાવમાં છે. આત્મા જ્ઞાનસ્વરૂપ, એમાં સમ્યગ્દર્શન રત્ન, સમ્યગ્જ્ઞાન રત્ન અને સમ્યક્ચારિત્ર રત્ન, એ જ્ઞાનસ્વભાવમાં પડ્યા છે. અને ત્રણ રત્ન વડે તેની પરીક્ષા થઈ શકે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્વભાવમાં પડ્યા છે છતાં કો'કને જ મળે એવા છે.

ઉત્તર :– જેને સાધન કરે એને મળે એવા છે. એટલે કો'કને કહ્યું ને! એવા તો અનંત આત્માઓ પડ્યા છે, અનંતગુણા છે. પામનારને, સમજનારને એની કિંમત કરનારને મળે છે. કિંમત દે એને મળે, કિંમત દીધા વિના મળતું હશે? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની કિંમત ભરે તો તેને રત્ન મળે અને એ રત્ન વડે મુક્તિની, પૂર્ણની પ્રાપ્તિ થાય. કહો! એવું રત્ન પણ એને અનંતકાળથી પરખતાં આવડ્યું નહિ. 'પરખ્યા માણેક મોતી, પરખ્યા હેમ કપૂર, એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.' મૂઢ. સમજાણું કાંઈ? બધાની પરીક્ષાઓ કરી. આનું આ ને આનું આ ને આનું આ. આત્મા શું ચીજ છે એની પરીક્ષા કરી નહિ. બધી લૌકિકની મોટી મોટી વાતું કરી, આ.. આ.. આ.. આ રોકેટ આમ જાય છે ને ઢીકણું આમ જાય છે.

મુમુક્ષુ :– કેટલાને તાબે કરે છે.

ઉત્તર :– ધૂળમાંય કોઈને તાબે કરતો નથી, સમજતો નથી. ચૈતન્યરત્ન તે જાણવાનું કામ કરે કાં એને જાણતાં રાગ કરે. કરે શું બીજું ઇ? જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન કરે તો

www.vitragvani.com



જાણવાનું કામ કરે. જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન ન હોય તો સામે જોતા રાગથી જોવે કે આ મારું ને મેં કર્યું એમ માને. કરે શું બીજું?

મુમુક્ષુ :– એને લીધે તો સંચા ચાલે છે બધા.

ઉત્તર :– ધૂળમાંય ચાલતા નથી. એને લઈને ચાલે છે? વીજળીને તાબે કરી, એમ કહે છે. આકાશમાંથી વીજળી તાબે કરી. ગપ્પેગપ મારે છે, માળા!

રત્ન સમાન ભગવાનઆત્મા, એની કિંમતુ સમ્યગ્જ્ઞાની રત્નની કિંમત કરે છે, કહે છે. જેની નજરમાં કિંમત છે તે નજરથી તેને પરખે છે. આહાહા..!

દીપ સમાન છે. 'આત્મા દીપક સમાન સ્વપર પ્રકાશમાન છે.' ભગવાનઆત્મા દીવો છે. ચૈતન્યદીવો–ચૈતન્યપ્રદીપ. સમજાણું? 'દીપક સમાન સ્વપર પ્રકાશમાન છે. એક જ કાળે આ આત્મા પોતાને પણ જાણે છે અને સર્વ દ્રવ્યોને, તેમના ગુણ પર્યાયોને પણ જાણે છે.' એવો પ્રકાશમાન ચૈતન્યસૂર્ય છે, એમ કહે છે. દીવા સમાન. પોતાને જાણે, બધા અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને અને પરના અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને ભિન્ન રહીને જાણે, એનું નામ પ્રકાશ. દીવો પરને જાણતાં પરરૂપ થાય નહિ. એમ આત્મા સ્વને જાણતા સ્વરૂપે રહેલો, પરને જાણતા પરરૂપ ન થાય. એવો દીપક સમાન આત્મા સ્વપરપ્રકાશનું અસ્તિત્વ તત્ત્વ છે. કહો, સમજાણું કાંઈ? ખરેખર આત્મા દીપક સમાન, પુણ્ય-પાપના રાગ, શરીર, વાણી બધાને પ્રકાશનારું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? રાગાદિ અને પરને ઉત્પન્ન કરનારું એ તત્ત્વ નથી. સ્વપરને પ્રકાશે એવું એ તત્ત્વ છે. માટે દીવાની ઉપમા એને આપી. સમજાણું?

'જાણે છે, છતાં પણ પર જ્ઞેયોથી ભિન્ન છે.' જુઓ! એમાં લખ્યું છે. જાણે, દીવો પરને જાણે, દેખાડે પણ કાંઈ પરરૂપ થાય? એમ આત્મા પરને જાણે, જાણતાં કંઈ પરરૂપ થાય? શરીરને જાણે, રાગને જાણે, કર્મને જાણે, પુદ્ગલને જાણે. જાણતાં દીવાની સમાન જેમ દીવો પરને પ્રકાશે તો દીવો પોતામાં રહીને પરને પ્રકાશે છે. પરરૂપ થતો નથી. એમ ચૈતન્યદીવો દેહમાં ભગવાનઆત્મા પોતાને અને પરને પ્રકાશતાં પરરૂપ થયા વિના પ્રકાશે છે. એવું એનું સ્વરૂપ છે. કહો, સમજાણું?

'આ આત્મા કદી ન બુઝાય એવો અનુપમ દીપક છે.' ઓલો દીવો તો બુઝાય, એમ કહે છે. દીવો તો ઓલાય જાય, આ તો ઓલાય નહિ. શાશ્વત રત્ન, શાશ્વત દીપક, અનાદિઅનંત (છે) એનું ઓલાવું શું? શાશ્વત ચીજને નાશ શો? 'આ આત્મા દીપકને કોઈ તેલની જરૂર નથી.' ઓલા દીવાને તો તેલની જરૂર (પડે), બત્તીની જરૂર (પડે). આ તો તેલ અને બત્તી વિનાનો ઝળહળ જ્યોતિ ભગવાન બળે છે અંદર. આહાહા..! ચૈતન્યદીવો જેને તેલ, બત્તી, મન, રાગની પુષ્ટિની જરૂર નથી, એમ કહે છે. દીવાને જેમ તેલ-બત્તીની જરૂર નથી એમ ચૈતન્યદીવાને મનની અને રાગની અપેક્ષાની જરૂર નથી. એવો એ ચૈતન્યદીવો સ્વથી પ્રકાશે એવો છે.

આ આત્મા કોઈ પવનથી બુઝાય એવો નથી. જેમ ઓલો દીવો છે એ પવનથી બુઝાય. આ રાગ ને શરીરથી આત્મા નાશ થાય એવો એ નથી. અવિનાશી વસ્તુ દીપક સમાન, એવી ને એવી ઝળહળ જ્યોતિ અનાદિઅનંત દેહદેવળમાં ભિન્ન બિરાજે છે. 'સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોને એકી સાથે પ્રકાશિત કરે છે.' બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને એક સમયમાં જણાવે એવું એ તત્ત્વ દીપક સમાન છે.

સૂર્યનો દૃષ્ટાંત. 'આત્મા સૂર્ય સમાન પ્રકાશમાન અને પ્રતાપવાન છે.' કહો, સમજાણું? આત્મા પ્રકાશમાન, પ્રતાપવાન (છે). પોતાથી પ્રતાપથી શોભે છે, પોતાના પ્રકાશથી શોભે છે. પ્રભુતાના લક્ષણથી ભરેલું છે ને તત્ત્વ? પ્રભુતાના લક્ષણે સ્વતંત્ર. પોતાના અખંડ પ્રતાપથી શોભે એવું એ તત્ત્વ અનાદિ છે. સમજાણું કાંઈ? 'સર્વ લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે.' સૂર્ય જેમ બધાને બતાવે છે. તો એ કંઈ બધાને નથી બતાવી શકતો. આ તો લોકાલોકને જાણનાર છે. 'પરમ વીર્યવાન છે.' પ્રતાપવંત કહ્યું ને? જેમ સૂર્યનો પ્રકાશ છે, એમ આત્મામાં અનંત વીર્ય છે. પ્રકાશની સાથે અનંત વીર્યનો સૂર્ય ભગવાન છે. અનંત બળનો સૂર્ય ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પરમ શાંત છે...' આ સૂર્ય તો આતાપવાળો છે. આ શાંત, અકષાય, વીતરાગ સ્વભાવથી ભરેલું સત્ત્વ તત્ત્વ છે. 'એ એક અનુપમ સૂર્ય છે.' ઓલો સૂર્ય તો સાધારણ (છે), એવા તો અસંખ્ય સૂર્ય છે. આ તો એક જ સૂર્ય પોતાનો (છે). પોતાનો, હોં! બીજાનો સૌનો જુદો. અનુપમ સૂર્ય! એ સૂર્ય તો સાંજે ઢંકાઈ જાય છે, આ કોઈ દિ' ઢંકાતો નથી. ચૈતન્યસૂર્ય પ્રકાશનું બિંબ કે દિ' ઢંકાય? દ્રવ્ય સ્વભાવ કે દિ' ઢંકાય? વસ્તુ સ્વભાવ કે દિ' અવરાય? એવો ભગવાન સૂર્ય સમાન ચૈતન્યબિંબ દેહમાં બિરાજે છે.

'કોઈ મેઘ કે રાહુ તેને ગ્રસી શકતો નથી.' વાદળા અથવા રાહુ સૂર્યને પકડે આ એવો સૂર્ય નથી. કર્મથી કંઈ પકડાય એવો નથી. રાગના વિકલ્પથી આત્મા આખો ગ્રસાય જાય એવો નથી. કહો, સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય ભગવાન પરથી ગ્રહાય એવો નથી. 'સ્વયં પરમાનંદમય છે. જે આ આત્મસૂર્યના દર્શન કરે છે તેને પણ તે આનંદ આપે છે.' જે એને દેખે એ આનંદ આપે એવો છે, એમ કહે છે. જે એને દેખે એને આનંદ આપે. કહો, સમજાણું? આવ્યું હતું ને? 'નમઃ સમયસારાય' 'કળશટીકા' નહિ? જ્ઞાન અને આનંદનો દાતાર છે. પોતે શુદ્ધાત્મા જ્ઞાન અને આનંદનો દાતાર છે. અશુદ્ધ આત્મા અને પુદ્ગલ એ કોઈ જ્ઞાન દાતા એમાં નથી. પરનું જ્ઞાન એમાં જ્ઞાન નથી. પરમાં સુખ છે નહિ. પહેલામાં આવ્યું છે. જ્ઞાન અને આનંદનો એ દાતાર છે. એને જાણનારને આનંદ દે. એને જાણનારને આનંદ દે! સમજાણું?

'એ સદા નિરાવરણ છે.' એને કોઈ દિ' આવરણ નથી. 'એક નિયમિત સ્વક્ષેત્રમાં...' રહેનારો છે. આ સૂર્ય તો આમથી આમ આડોઅવળો ફરે છે, એમ કહે છે. સવારે ઊગે,

www.vitragvani.com



આમ ફરે. આ તો નિયમિત અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. સદાય પોતાનું ક્ષેત્ર આટલું (રહે). આ શરીરનું ક્ષેત્ર તો ફરે છે. નિયમતિ અનાદિઅનંત અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. એનું ક્ષેત્ર કોઈ દિ' ફરતું નથી. દેહમાં રહેવા છતાં, દેહને આકારે હોવા છતાં પોતે પોતાનો આકાર છોડતો નથી. પોતાને આકારે રહે છે.

હવે દૂધ, દહીંની ઉપમા (આપી છે). પાઠમાં પહેલું દહીં, દૂધ અને ઘી એમ નાખ્યું છે. એ ત્રણ થઈને દાખલો એક છે, હોં! ત્રણ દૃષ્ટાંત નથી. ત્રણ થઈને એક છે. દૂધ, દહીં અને ઘી. 'આત્માના દૂધ જેવા શુદ્ધ સ્વભાવનું મનન કરવાથી આત્માની ભાવના દૃઢ થાય છે.' દૂધમાંથી જેમ દહીં થાય છે ને? એમ ભગવાન દૂધ સમાન છે એનું એકાગ્ર ધ્યાન કરવાથી એને દહીંની મીઠાશ પ્રગટ થાય છે અને એમાંથી જામીને ઘી થાય છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :– દાખલામાંથી નીકળે તો સારું.

ઉત્તર :– દાખલામાંથી શું નીકળે? 'ન્યાલભાઈ'! આ તમારા ભાઈનો દીકરો છે, હોં! આવા દાખલામાંથી ઓલો હાથ આવી જાય. દાખલો તો એને માટે છે. દાખલા દાખલા માટે નથી.

ભગવાન જેમ દૂધને મથવાથી અથવા મેળવવાથી જેમ દહીં થાય છે એમ ભગવાનઆત્માની એકાગ્રતા થવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું દહીં પ્રગટ થાય છે. એમાં વિશેષ એકાગ્રતાથી એમાંથી એને ઘી–મોક્ષની દશા પ્રગટ થાય છે. દૂધ, દહીં અને ઘી ત્રણેની ઉપમા આત્માને છે. કહો, સમજાણું આમાં? 'આત્માની જાગૃતિ જ દહીંરૂપ થવું છે.' એમ કહે છે, જુઓ! જાગૃતિ.

'પછી જેમ દહીંને વલોવવાથી ઘી સહિત માખણ નીકળે તેવી જ રીતે આત્માની ભાવના કરતાં કરતાં આત્માનુભવ થાય છે. જે પરમાનંદ આપીને આત્માને ઘી સમાન બતાવે છે.' અથવા કેવળજ્ઞાન થઈ જાય, મૂળ તો એમ છે. સમજાણું? કેટલું નીકળી જાય તોપણ કેવળજ્ઞાન (ખૂટે નહિ). દૂધ સમાન એનું એકાગ્ર ધ્યાન કરવાથી દહીં સમાન મીઠાશ (થાય) અને વિશેષ એકાગ્રતા કરવાથી દહીંમાંથી ઘી નીકળે એમ કેવળજ્ઞાન થઈ જાય છે. કહો, આ દાખલો અંદર સમજવા માટે છે. દાખલામાંથી આત્મા (નીકળે એવો) છે? એ પણ ગોઠવી ભારે દચે છે! કલ્પના ખરી ને!

'પોતે જ દૂધ છે, પોતે જ દહીં છે, પોતે જ ઘી છે. મુમુક્ષુએ નિજ આત્મારૂપી ગોરસનું જ નિરંતર પાન કરવું જોઈએ.' લ્યો! આ દૂધ, દહીં અને ઘી ભગવાનઆત્મા છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યનું સત્ત્વ એ આખું દૂધ સમાન. એને મેળવવાથી એટલે એનો મેળ – એકાગ્ર કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું દહીં નીકળે છે અને એમાં (વિશેષ) એકાગ્ર થવાથી કેવળજ્ઞાનનું માખણ અથવા ઘી નીકળે છે. એવો એ આત્મા દૂધ, દહીં અને ઘી જેવો છે. લ્યો! આ તો સહેલો દાખલો છે. દૂધ, દહીં અને ઘીમાંથી આત્મા નીકળે એવો છે? દૂધ,

www.vitragvani.com



દહીં અને ઘી તો એની ઉપમા છે. એ તો આત્માની ઉપમા છે.

હવે પાંચમો દાખલો. એ ત્રણ થઈને એક છે, હોં! સમજાણું? રત્નનો, દીપનો, સૂર્યનો અને આ ત્રણ થઈને એક, એમ ચાર થયા. હવે આમાં પાષાણનો છે. પેલામાં પીપરનો છે, આપણે છેલ્લામાં આપ્યું છે ને? મૂળ પાઠમાં પાષાણ છે. અને હું જે આ વારંવાર આપું છું એ પીપરનો દાખલો. પીપર! ઇ છે એમાં. આત્મા પીપર સમાન છે. પીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ ભરી છે ને? પીપરનો દાણો હોય છે ને? ચોસઠ પહોરી સમજો છો? લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ચરપરાઈ ભરી છે એમ આત્મામાં પૂરું કેવળજ્ઞાન, કેવળદર્શન અને આનંદ પડ્યો છે. કહો, સમજાણું કાંઈ? અને એને જ આત્મા કહીએ. જેમ ચોસઠ પહોરી તીખાશને જ પીપર કહીએ. એમ આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત આનંદ, એને જ અહીં આત્મા કહેવામાં આવે છે. એમાં એકાગ્ર થતાં, જેમ પીપરમાંથી શક્તિ પ્રગટ થાય છે, એમ આત્મામાંથી શક્તિ કેવળજ્ઞાન, કેવળદર્શન અને મોક્ષની દશા પ્રગટ થાય છે. એ પીપર સમાન ભગવાનઆત્માની ઉપમા અપાય છે. આહા..! સમજાણું કાંઈ?

અહીં પથરાની ઉપમા આપી (છે). મુળ શબ્દ પથ્થર છે. 'આત્મા પત્થર સમાન દઢ અને અમિટ છે.' જેમ મજબૂત પથરો દઢ હોય છે અને એક કણી પણ ખરે નહિ. આરસપહાણનો બહુ ચીકણો પથરો હોય, બહુ ચીકણો, એથી પણ ચીકણા પત્થરની જાત થાય છે. આરસપહાણ કરતાંય બહુ ચીકણાં, હોં! બહુ ચીકણાં. એક કણી ખરે નહિ. કણી ખરે નહિ એવા ચીકણાં.. ચીકણાં.. ચીકણાં.. ચીકણાં રજકણના સ્કંધ એવા ચીકણા પરિણમેલા હોય છે ને કે એમાંથી એક કણી ખરે નહિ. એમ ભગવાનઆત્મા, એના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનો પિંડ, એમાં પ્રદેશ અને ગુણ, એક અંશ પણ ખરે નહિ, ઘટે નહીં. એવો એ ચીકણો અનંત ગુણનો પિંડ ભગવાન છે.

'દઢ અને અમિટ છે. પોતાની અંદર અનંત ગુણો રાખે છે.' પત્થરમાં જેમ બહુ દઢતાની શક્તિઓ રહેલી છે એમ આત્મામાં અનંતી જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ રહેલી છે. 'તેમને કદી ઓછા થવા દેતા નથી,...' એ પથરા ઊંચા હોય છે ને એ બહુ ચીકણા (હોય). એવો ને એવો સદાય રહે. ઊંચા સ્ફટિકમણિ છે, જુઓને આ લ્યો! ચંદ્ર, સૂર્ય. ચંદ્ર, સૂર્યના પથરા કોઈ દિ' એક કણી ખરે નહિ, કણી ઓછી થાય નહિ. અનાદિઅનંત એવો ને એવો (રહે). ચંદ્ર, સૂર્યના સ્ફટિક છે ને!

મુમુક્ષુ :- ત્યાં તો બંગલા બાંધવાના છે.

ઉત્તર :- બંગલા બાંધશે. એ તો એક જણાએ ના પાડી છે કે, હવે નહિ જઈ શકે. એવું આવ્યું છે, સાંભળ્યું છે? એ બધા ગપ્પેગપ, થવા દ્યો તો ખરા, ત્યાં ગયા પછી આવે તો ખરા હજી મરીને. મફતના ગપ્પેગપ. આકાશ અને પાતાળ એક કરવા માગે છે. નિગોદ અને સિદ્ધ જાણે એક કરતા હોય. ભિન્ને ભિન્ન પદાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા! સર્વજ્ઞે

www.vitragvani.com



કહેલા તત્ત્વો ત્રણકાળમાં ફરે એવા નથી. લોકોને શંકા અને સંદેહ (રહે). વાસ્તવિક પરમાત્માએ શું કહ્યું છે એની ખબર નથી.

'ન કદી અન્ય ગુણને સ્થાન આપે છે.' પથરો કંઈ બીજાને સ્થાન આપતો નથી. એમ આત્મા અસંખ્યપ્રદેશી અનંત ગુણનો કઠણ પિંડ, એ બીજાને સ્થાન આપતો નથી. એ વિકલ્પને પણ એ સ્થાન આપતો નથી એવો આત્મા પત્થર સમાન ચીકણો છે. આહાહા..! શું કહેવાય? ચીરોળી નીકળે છે ને બહુ ઊંચી? શું કહેવાય? તમારે છોકરાને પ્રકાશ. લ્યો, ઇ પ્રકાશ અને ઓલી ચીરોળી. ચીરોળી બહુ ઊંચી આમ માખણ જેવી. હેઠે આમ ધોળી.. ધોળી.. ધોળી.. ધોળી. હેઠે જેમ જાતા જાય ને.. લોટ કરીને લશ્કરના માણસને રોટલામાં ખવરાવે. હાડકા મજબૂત થાય. આ તો ચીકણો પત્થર. એવો આત્મા અનાદિનો છે. એમાંથી કાંઈ ખરે એવું નથી. અનંત ગુણનો સંગ્રહ કરીને પડ્યો છે, બીજાને સ્થાન આપે એવો નથી. એ ભગવાન અનંત ગુણનો ઢીમ, અનંત ગુણનો ઢીમ–પથરો બીજાને સ્થાન આપે એવો નથી. રાગ ને કર્મ ને શરીરને સ્થાન આપે એવો એ આત્મા નથી. કહો, સમજાણું કાંઈ?

'અગુરુલઘુ સામાન્ય ગુણ દ્વારા એ પોતાની મર્યાદામાં ટકી રહે છે.' પત્થરની ઉપમા આપી છે ને! 'આઠ કર્મોના સંયોગથી સંસાર પર્યાયમાં રહે છે તો પણ કદી પોતાનો સ્વભાવ છોડીને આત્મામાંથી અનાત્મા થઈ જતા નથી. નિશ્ચળ પરમ દૃઢ સદા રહે છે.' વિકારના પર્યાયપણે પણ વસ્તુ પોતે દ્રવ્ય જ્ઞાયકભાવ એ કદી થયો નથી. એવો દૃઢ છે કે પાણીનું બિંદુ જેમ પત્થરમાં પેસે નહિ, મજબૂત પત્થરમાં પાણી પેસે નહિ, મગશેળિયા પથરા આવા ઝીણા થાય છે. મગશેળિયા, મગશેળિયા સમજો છો? મગના દાણા જેવો. ત્યાં વેળુમાં બહુ હોય. અમારે તો ઘણા જોયા હોય ને! વેળુની અંદર આવો ઝીણો, ચીકણો. પાણી અડે જ નહિ એને. પાણી રહે તો શેનું, પણ અડે જ નહિ. પડ્યું ભેગું આમ (સરી જાય). ચીકાશ, બહુ ચીકાશ. મગના દાણા જેવા મગશેળિયા પથરા થાય છે, મગશેળિયા. એવો આ પથરો એવો છે. વેળુમાં બહુ હોય. 'રાણપુર'માં બહુ દેખાય, ત્યાં મસાણ છે ને? ત્યાં દિશાએ જઈએ ને? ઓલું શું કહેવાય? પોંહઠી. ત્યાં બહુ જોવા મળે, ઘણા દેખાય. આઘે આઘે જાતા હોય કોઈ માણસ દેખાય નહિ. ઝીણા ઝીણા ઝીણા મગના દાણા જેટલા હોય. વેળમાં કો'ક કો'ક ઠેકાણે, હોં! એવો ચીકણો.. એવો ચીકણો, હોં! તેથી એને મગશેળિયો પત્થર કહે છે. જોયો છે કોઈ દિ'? ખ્યાલ નથી?

એમ આ ભગવાન મગશેળિયા પથરા જેવો છે. રાગને અડવા દ્યે નહિ, રાગનું પાણી અંદર પેસે નહિ. સમજાણું કાંઈ? કહો, 'ભગવાનભાઈ'! જોયો છે કે નહિ મગશેળિયો પથરો? કોરો લાગે. નીકળ્યો એટલે એવો ને એવો. મગશેળિયો એટલે ઇ સ્વભાવવાળો, એમ. એવો સ્વભાવ, બહુ ચીકણો સ્વભાવ. કહો, સમજાણું?

સુવર્ણની ઉપમા. 'આત્મા શુદ્ધ સુવર્ણ (કુંદન) સમાન પરમ પ્રકાશમાન જ્ઞાન ધાતુથી

www.vitragvani.com



નિર્મિત...' લ્યો! ઓલી સોનું ધાતુ છે, સુવર્ણ ધાતુ. આ આત્મા જ્ઞાનધાતુ તે સુવર્ણ સમાન અનાદિ બિરાજમાન છે. 'અમૂર્તિક એક અદ્‌ભુત મૂર્તિ છે.' સોનાને આમ દેખે તો સોનાની મૂર્તિઓ આ..હા..હા..! માણસ જોવા નીકળે, હોં! સરખી મૂર્તિ હોય સોનાની અને પાંચ શેરની મૂર્તિ હોય, કારીગરી (હોય).. આહાહા...! આ આત્મા અસંખ્ય પ્રદેશી એકલી સુવર્ણમયી મૂર્તિ છે. સમજાણું કાંઈ? ચૈતન્યધાતુ છે.

'સંસારી આત્મા ખાણમાંથી નીકળેલા ધાતુ, પાષાણ, સુવર્ણની જેમ અનાદિથી કર્મરૂપી કાલિમાથી મલિન છે.' પર્યાયમાં, હોં! 'અગ્નિ આદિના પ્રયોગથી જેમ સોનાની વસ્તુ પાષાણથી જુદી કરીને શુદ્ધ કુંદન કરવામાં આવે છે...' લ્યો! સોનાને જેમ અગ્નિનું નિમિત્ત મળતાં પોતાના ઉપાદાનથી જેમ સોનું શુદ્ધ થઈ જાય છે. એમ 'આત્મધ્યાનરૂપી અગ્નિ વડે...' ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની એકાગ્રતારૂપી ધ્યાનની અગ્નિથી એ ભગવાનઆત્મા સોના સમાન સોળવલું, સો ટકાનું સોનું... શું કહેવાય? સો ટચનું, એવો આત્મા સો ટચનું સોનું સ્વભાવે છે. સ્વભાવે છે. સોળવલું જ સ્વભાવે છે, એમાં એકાગ્ર થાય તો પર્યાયમાં સોળવલું થઈ જાય છે. એવો સોના સમાન છે.

ચાંદી સમાન. ચાંદી સમાન પરમ શુદ્ધ અને નિર્મળ, એમ. એક ક્ષેત્રે સાથે રહ્યો છતાં એની સફેદી-વીતરાગતા જતી નથી. વીતરાગતારૂપી સફેદી એમાં ભરી છે. કહો, આ તો સોને વહાલા ચાંદી અને સોનાના દાખલા છે.

મુમુક્ષુ :- જોવું હોય ત્યારે એમ કહે કે અનુપમ છે પાછી ઉપમા તો આપે છે.

ઉત્તર :- એને ખરેખર ઉપમા નથી. આ તો દૃષ્ટાંત છે, આ ઉપમા નથી. આ તો દૃષ્ટાંત છે કે આ પ્રકારે આ જેમ છે એવી ચીજ આવી અલૌકિક છે, એમ. સમજાણું કાંઈ? ઠીક કહે છે ઇ, વચ્ચે લાકડું નાખે છે, હોં!

મુમુક્ષુ :- ત્યાં નવ દાખલા..

ઉત્તર :- નવ શું અનંત દાખલા છે. જેટલા જગતમાં ઉત્તમ ઉત્તમ દાખલા હોય ને એ બધા આત્માને લાગુ પડે છે. દાખલાનું શું? કહો, સમજાણું?

જેમ ચાંદી પોતાની સફેદાઈને કોઈ દિ' છોડતું નથી, એમ ભગવાનઆત્મા પોતાની નિર્મળતાની સફેદી, વીતરાગતાની સફેદી, નિર્દોષ આનંદની સફેદી કોઈ દિ' છોડતો નથી. આહાહા..! 'જ્ઞાની આત્મારૂપી ચાંદીનો સદા વ્યવહાર કરે છે,...' લ્યો! ઓલો ચાંદીનો વેપાર કરે છે ને? ચાંદીનો વેપારી નથી કહેતા? આ ચાંદીનો વેપારી છે. અહીં કહે છે, જ્ઞાની આત્મારૂપી ચાંદીનો સદા વેપાર કરે છે. એ વીતરાગતાની સફેદાઈને પ્રગટ કરે છે. આહાહા..! ચાંદીનો વેપારી છે, નથી કહેતા? આ સોનાનો વેપારી છે, આ રત્નનો વેપારી છે. ઝવેરી કહે છે ને આપણે ઓલા 'મૂળચંદજી' આવે છે એ ચાંદીના વેપારી છે.

કહે છે, ચાંદીનો વેપાર.. ભગવાનઆત્મા તો સદા ચાંદીનો વેપાર, વીતરાગતાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સફેદાઈથી ભરેલું તત્ત્વ, એ વીતરાગતાની સફેદીને પ્રગટ કરવાનો જ જ્ઞાનીનો વેપાર–ધંધો છે. કહો, આ રાગ-બાગ, પુણ્ય-પાપ કરવા એ એનો ધંધો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! 'આત્માની અંદર જ રમણતા કરે છે તે કદી પરમાનંદરૂપી ધનથી શૂન્ય હોતા નથી.' લ્યો! ચાંદીની સાથે કીધું. સમજ્યા ને?

આઠમો સ્ફટિક મણિનો દાખલો. 'સ્ફટિકમણિ સમાન નિર્મળ અને પરિણમનશીલ છે.' નિર્મળ અને પરિણમનશીલ એટલી, બે ઉપમા લેવી. બાકી ઘણું નાખ્યું છે. 'જેમ સ્ફટિકમણિ લાલ, પીળી, નીલી વસ્તુના સંપર્કથી લાલ, પીળા, નીલા રંગરૂપ પરિણમન કરે છે તો પણ પોતાની નિર્મળતા ખોઈ બેસતો નથી,...' એ અવસ્થામાં સ્ફટિકને લાલ આદિ રંગ દેખાય છે છતાં એ સ્ફટિકપણાની સ્વચ્છતાને છોડતું નથી. સમજાણું? એમ આત્મા રાગાદિ દશાને ધારણ કરતાં છતાં વસ્તુસ્વરૂપે સ્ફટિકમણિ જેવો છે, એ સ્ફટિકમણિ કોઈ દિ' રાગરૂપે થતો નથી. જ્ઞાની ન કદાપિ.. એ આવે છે ને? શું કીધું ઇ? સ્ફટિકમણિમાં કહ્યું ને? જ્ઞાની રાગરૂપે પરિણમતો નથી. જ્ઞાની એટલે દ્રવ્ય, જ્ઞાની એટલે આત્મદ્રવ્ય. ન્યાં વાંધા ઊઠ્યા ને એ બધા? જુઓ! દાખલો આપશે. જુઓ!

'जह फलियमणि विसुद्धो ण सयं परिणमदि रागमादीहिं' દેખો! છે ને? સ્ફટિકમણિ (જેમ) વિશુદ્ધ (છે તેમ) રાગાદિ (રૂપે) પોતે પરિણમે નહિ. વસ્તુ સ્ફટિકમણનો રાગરૂપે– રંગપણે પરિણમવું સ્વભાવ જ નથી, એમ વસ્તુનો રાગરૂપે થવું એવો સ્વભાવ જ નથી. 'બંધ અધિકાર' છે ને? બંધપણે થવું એવો અબંધસ્વભાવી આત્માનો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. ત્યારે ઓલા કહે, જુઓ! પરદ્રવ્યને લઈને બંધ છે. પણ આ સ્વદ્રવ્ય સ્વરૂપી અબંધસ્વરૂપમાં બંધ હોય નહિ. એથી અબંધ ભગવાનઆત્મા બંધપણાને પરિણમે એવું એનું સ્વરૂપ જ નથી. એ જ્યારે પરલક્ષે કરીને મમતા કરે ત્યારે પર્યાયમાં બંધભાવે પરિણમે છે. એ તો પરદ્રવ્યના લક્ષે પરિણમે છે. સ્વદ્રવ્યનો સ્વભાવ બંધપણે પરિણમવું એવો છે નહિ. સમજાણું કાંઈ? આ મોટી તકરારની ગાથા છે. આહાહા..!

આ કહે, જુઓ! દ્રવ્યનો સ્વભાવ રાગ(પણે) થવાનો નથી. આ લખ્યું, જુઓ! 'राइज्जदि अण्णेहिं दु सो रत्तादियेहिं दव्वेहिं।' દેખો! 'एवं णाणि सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।' જુઓ! એ દ્રવ્ય પોતે સ્વયં રાગપણે પરિણમવાનું એનું સ્વરૂપ જ નથી. દ્રવ્યનો સ્વભાવ હોય એવો? એ દ્રવ્ય પોતે જ્યારે પરનું લક્ષ કરે ત્યારે પર્યાયમાં પરની મમતા આદિ (ભાવે) પર્યાયમાં રાગરૂપે થાય છે. વસ્તુ પોતે કે દિ' થતી હતી? સમજાણું કાંઈ? આ ગાથાની તકરાર ઠેઠથી ચાલી છે, એ.... ત્યાંથી–'ઇસરી'થી. વિકાર થાય તે નિરપેક્ષ પોતાની પર્યાયથી થાય. બસ, પકડાય ગયા આ લોકો. પકડાય ગયા.

ભગવાનઆત્મા બંધસ્વભાવી છે જ નહિ. સ્ફટિકમણિ જેવો છે ઇ. જોયું? સ્ફટિકમણિ જેમ પોતે લાલાદિ(પણે) પરિણમે, પોતે પરિણમે છે? એ તો પર્યાયમાં નિમિત્તના સંગે એક

www.vitragvani.com



સમયની દશા, બંધસ્વભાવી ભગવાન ન હોવા છતાં પર્યાયમાં એક અંશમાં બંધપણું થવું એ અબંધ દ્રવ્યનો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પર્યાયદૃષ્ટિનું પરિણમન છે, એ દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનું પરિણમન છે જ ક્યાં? દ્રવ્ય સ્વભાવ એવો છે જ ક્યાં એમ બતાવવું છે. ઓહોહો..! એવું સીધું સત્ સત્ સ્વતઃ સહજ સરળ. સતત સુલભ (છે).

ભગવાનઆત્મા એકલો સ્ફટિક જેવો, ત્રણકાળ ત્રણલોક કાળ અને ક્ષેત્રમાં પોતાનો ભાવ છોડીને વિકારરૂપે થાય એવું એનું સ્વરૂપ છે જ નહિ. સમજાણું કાંઈ? ભાવ એટલે ગુણ, શક્તિ. એ પછી એણે લખ્યું છે, ... એનું કાંઈ નહિ. ('જયસેનાચાર્ય'ની ગાથામાં દાખલો આપ્યો છે. ૩૦૦ થી ૩૦૧) ૨૭૮ માં (અમૃતચંદ્રાચાર્યની ટીકામાં) છે. આ સ્ફટિકમણિમાંથી આત્મા નીકળે છે. આહાહા..! દેહમાં ચૈતન્ય સ્ફટિકમણિ રત્ન છે. અનાદિઅનંત ચૈતન્યરત્ન સ્ફટિકમણિ છે. એની દૃષ્ટિ કર્યે તેને સમ્યક્‌રત્ન પ્રગટ થાય છે. એ રત્ન સ્ફટિક રત્ન છે તેની દૃષ્ટિ કર્યે સમ્યક્‌રત્ન પ્રગટ થાય છે. રાગની, પુણ્યની દૃષ્ટિ કર્યે સમ્યક્‌રત્ન થાય? એ (ક્યાં) રત્ન છે? રત્ન તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

નવમો અગ્નિનો દાખલો. 'આ આત્મા અગ્નિ સમાન સદા જલતો રહે છે.' સદા જાજ્વલ્યમાન જ્યોતિ છે. જેમ અગ્નિમાં પ્રકાશ, દાહક અને પાચક ગુણ છે એમ આત્મામાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળી ગુણ છે. સમજાણું કાંઈ? અગ્નિ પ્રકાશે છે, અનાજને પચવે છે, ઇંધનને બાળે છે. દાહક-બાળે છે. એમ ભગવાન અગ્નિ સમાન છે. જેનો ત્રિકાળ સ્વભાવ ચૈતન્યનું, સ્વપરનું પ્રકાશવાનો છે, પાચકનો છે, આખું પૂર્ણ તત્ત્વ પચવી શકે એવી તાકાત એનામાં ત્રિકાળ પડી છે. પૂર્ણાનંદનો નાથ હું પરમેશ્વર પૂરો એક સમયમાં છું એવી પચવવાની શક્તિ એનામાં ત્રિકાળ પડી છે અને એનામાં ચારિત્ર નામનો ત્રિકાળ ગુણ છે કે જે અજ્ઞાન અને રાગ-દ્વેષને બાળીને રાખ કરે છે. એવો એનામાં ત્રિકાળ ગુણ છે. કહો, સમજાણું આમાં? કહો, આ તો દાખલામાંથી તો સમજાય એવું છે કે નહિ? દાખલામાંથી મળે એવું નથી ભલે. હેં? દાખલામાંથી મળે? દાખલામાંથી સમજાય એવું છે, મેં એમ કીધું. કહો, સમજાણું?

અગ્નિ 'કોઈ પણ વિષયો કે પરનું આક્રમણ થવા દેતો નથી.' અગ્નિ (ઉપર) આક્રમણ થાય? ઝીણી જીવાત આવીને એને દાબી દ્યે? સમજાય છે? જળહળ, જળહળ જ્યોતિ, ચૈતન્યપ્રકાશમય, પાચકમય અને દાહક સ્વભાવમય એને કોઈ આક્રમણ કરીને ઢાંકી દે એવું એ તત્ત્વ છે નહિ. 'જ્યારે એ સંસાર પર્યાયમાં હોય છે ત્યારે એ પોતે જ પોતાના આત્મિક ધ્યાનની અગ્નિ જલાવીને પોતાના કર્મમળને ભસ્મ કરીને શુદ્ધ થઈ જાય છે.' લ્યો! એવી અનુપમ અગ્નિ, કર્મઇંધનની દાહક. લ્યો! અહીં કર્મઇંધનની દાહક (કીધી). બાળી નાખે. 'આત્મિક બળની પોષક છે અને સદા જ્ઞાન દ્વારા સ્વપરપ્રકાશક છે.' એમ લીધું. આત્મબળનું પોષક છે એ બળનું નાખ્યું. 'આ નવ દૃષ્ટાંતોથી આત્માને સમજીને...' જુઓ! એમ લીધું.

www.vitragvani.com



દૃષ્ટાંતોથી સમજીને, દૃષ્ટાંતોમાં આત્મા નથી. 'સમજીને પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કરવો જોઈએ.' ભગવાનઆત્માને આ નવ દૃષ્ટાંતે ઓળખીને પોતાના સ્વભાવનો પૂર્ણ વિશ્વાસ કરવો જોઈએ. કહો, આ તો સહેલી વાત છે કે નહિ? આ દાખલા સહેલા સમજાય છે કે નહિ? હેં?

મુમુક્ષુ :– દાખલા પણ આપ સમજાવો ત્યારે સમજાય.

ઉત્તર :– લ્યો, સમજાવો ત્યારે સમજાય. એ ૫૭ ગાથા (પૂરી) થઈ. આ તો દાખલા હતા એટલે (લાંબી ચાલી). ચાલીસ મિનિટ થઈ ગઈ.

---

**હું દેહાદિરૂપ નથી, એવું જ્ઞાન જ મોક્ષનું બીજ છે.**

**देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु।**
**सो लहु पावइ (?) बंभु परु केवलु करइ पयासु।।५८।।**

**દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;**
**તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮.**

**અન્વયાર્થ** :– (जेहउ अयासु सुण्णु) જેમ આકાશ પર પદાર્થોના સંબંધ રહિત છે, અસંગ (देहादिउ जो परु मुणइ) તેવી જ રીતે શરીરાદિને જે પોતાના આત્માથી પર જાણે છે (सो परु बंभु लहु पावइ) તે જ પરબ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરે છે, (केवलु पयासु करइ) અને કેવળજ્ઞાનનો પ્રકાશ કરે છે.

---

હવે કહે છે, 'હું દેહાદિરૂપ નથી, એવું જ્ઞાન જ મોક્ષના બીજરૂપ છે.' લ્યો! એ જ્ઞાન મોક્ષનું બીજ (છે), દુનિયાના કોઈ જ્ઞાન મોક્ષનું બીજ નહિ. દેહાદિ હું નહિ. 'દેહાદિ' શબ્દ છે ને? (અર્થાત્) દેહ, વાણી, મન, રાગ, દ્વેષ, કલ્પના એ આદિ હું નહિ.

**देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु।**
**सो लहु पावइ (?) बंभु परु केवलु करइ पयासु।।५८।।**

જેમ શૂન્ય આકાશ. એ આકાશને કોઈપણ પદાર્થનો સંબંધ દેખાય છતાં એને સંબંધ નથી. એમ ભગવાનઆત્મા દેહ, વાણી, કર્મ, આ માતા, પિતા, કુટુંબકબીલો, બહારના ક્ષેત્ર, કાળના સંયોગ દેખાય પણ એ સંયોગમાં આત્મા છે જ નહિ. દરેક સંયોગથી આત્મા નિરાળો (છે). જેમ આકાશ વ્યાપક છે, નિર્મળ છે, એમાં બધા પદાર્થો ભેગા પડ્યા દેખાય છતાં આકાશ એનાથી ભિન્ન છે. આકાશ કોઈ દિ' એ પરપદાર્થરૂપે થયું નથી અને પરપદાર્થ આકાશરૂપે થયા નથી. કહો, સમજાણું?

'આકાશ પર પદાર્થોના સંબંધ રહિત છે, અસંગ..' એકલું છે. એમ ભગવાનઆત્મા અત્યારે અને ત્રિકાળ રાગના સંબંધમાં, માતા-પિતા, કુટુંબ, સ્વજન, વેરી, શત્રુ... સમજાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે કાંઈ? કર્મ, એના મધ્યમાં રહેલું તત્ત્વ, છતાં તેની સાથે બિલકુલ ભિન્ન છે, બિલકુલ ભિન્ન છે. કાંઈ લેવા ને દેવા, પરની સાથે સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? આકાશમાં આટલા આટલા વાદળા થાય, કેટલા પંચરંગી, વરસાદના ધોધ પડે, આકાશને કાંઈ લેવાદેવા નથી. એમ ભગવાનઆત્મા આકાશ સમાન નિર્લેપ, અસંગ અને ભિન્ન. એને ભિન્ન પદાર્થ જેટલા જેટલા કહેવામાં આવે, દયા, દાનના વિકલ્પથી માંડીને જેટલા પર (પદાર્થ), એને અને એને કાંઈ સંબંધ છે નહિ. ઓહો..હો..! એવા આત્માને અંદર અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.

મુમુક્ષુ :- આકાશમાં કાંઈ વિક્રિયા થવાનો સંભવ નથી.

ઉત્તર :- પણ શેની વિક્રિયા? આકાશમાં થાય છે? એમ આત્મદ્રવ્યમાં નથી. પર્યાય પણ એક સમયની કૃત્રિમ અવસ્થા છે, એ ક્યાં ત્રિકાળી તત્ત્વ છે? એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મદ્રવ્ય નથી.

મુમુક્ષુ :- એની છે.

ઉત્તર :- ના, ના. એની છે જ નહિ. એમ છે ઇ. વિકૃત અવસ્થા એ આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નહિ. કહો, સમજાણું કાંઈ? પર્યાય ભલે ઇ પણ પર્યાય એટલે આસ્રવતત્ત્વ. ભગવાન જ્ઞાયકતત્ત્વ. આકાશને અને પરને કાંઈ સંબંધ નહિ, અગ્નિના ભડકા આકાશમાં થાય, હડ.. હડ.. હડ.. હડ... હડ.. (થતા) હોય, આકાશને કાંઈ સંબંધ છે? અગ્નિને ને એને કાંઈ સંબંધ છે? કોને? આકાશને. આખા મોટા ડુંગરા સળગે. હારબંધ આમ શ્રેણી, હોં! સળગતા હોય. આકાશને કાંઈ સંબંધ નથી. ભગવાન-આકાશ, અરૂપી આકાશ સમાન અસંખ્ય પ્રદેશી નિર્લેપ, અસંગ (છે).

આ શરીર મોટું ગૂમડું આખું છે લ્યો આ. શરીર પોતે જ ગૂમડું છે. એ ગૂમડામાં ગમે એવા ભડકા થાય તો આત્માને કાંઈ અડે એવા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે ને? એક અંગૂલમાં છન્નુ રોગ. 'કુંદકુંદાચાર્યમહારાજ' કહે છે ને? શરીરના એક અંગૂલમાં છન્નુ રોગ. પણ એ રોગ શરીરમાં, આત્માને અડતા જ નથી ને! આકાશ પડ્યું છે ત્યાં ભડકા થાય, તે ભડકા આકાશને અડતા જ નથી ને! આહાહા..! સમજાણું કાંઈ? એમ ચૈતન્યજ્યોત ભડકો આકાશ સમાન અરૂપી અસંગ, એને આ દેહાદિના, શરીરાદિ.. શરીરાદિ (શબ્દે) વાણી, મન બધું પોતાના આત્માથી પર જાણે છે. એ પર છે, પર છે. મારે અને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

છન્નુ છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો પણ આકાશ (સાથે) પરનું એકપણું થતું નથી, એમ આત્માને સમ્યગ્જ્ઞાનીને એને અને મારે કાંઈ (લેવાદેવા નથી). પર એ બધા નિરાળા નિરાળા રહ્યા છે, ભેગા કોઈ દિ' થયા નથી. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય. હીરા-માણેકના આમ મોટા હાર પહેર્યા હોય. ચૈતન્ય-આકાશને એ ચીજો, અસંગને સંગ

www.vitragvani.com



કરતી નથી. એ અસંગનો સંગ કરતી નથી. આહાહા..! પોતે અસંગ ચીજ, પરનો સંગ કરતી નથી અને સંગવાળી ચીજ અસંગને અડતી નથી. એવો આકાશ સમાન ભગવાનઆત્મા અસંગ અને નિર્લેપ પરથી જુદો છે, લ્યો! ઓહોહો..! મોટી ઉપમા આપી દીધી.

'सो परु बंभु लहु पावइ' અનેક સંગના પ્રસંગમાં રહ્યો છતાં સ્વભાવ, સંગ પ્રસંગ વિનાનો છે અસંગ છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કરનારને પરમબ્રહ્મ પરમાત્મા પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આ તો એકલું માખણ છે. 'યોગસાર' છે ને? આહાહા..!

મુમુક્ષુ :– દાખલા એવા છે ને કે પ્રત્યક્ષ તત્કાલ અનુભવ થાય પણ આ કરતો નથી.

ઉત્તર :– ન્યાં પણ કેટલી હોંશ કરી છે? આમ ચોપડ્યું ને આમ ફૂલ્યાફાલ્યા દેખાય ત્યાં, ભાઈઓને ને છોકરાઓને હોંશુ દેખાડે. જાણે અમે કેટલા કામ કર્યા! કેટલા કરીએ (છીએ)! જુઓ! તમારે આમ કરવું. ત્યારે અમે મોટપ લીધી છે ને તમે મને મોટપ આપો છે. બહારમાં પણ આમ ફૂલ્યોફાલ્યો ફળે. જુઓ! આ બધા કામ કરીએ છીએ, જુઓ! આમ કરીએ છીએ, હોં! અમે એકલા આમ નભતા નથી, તમારા આશ્રયે નભતા નથી, અમે પોતાના ઓલાથી નભીએ છીએ. આમ છે, આમ છે. ધૂળધાણી ને વાહપાણી. એ.. 'મોહનભાઈ'! એમાં જેમ હોંશ છે... એમ અહીં કહેવું છે. એમ પોતાની હોંશ બીજાને બતાવીને પોતે અધિક છું, એમ જે કહેવા માગે છે એમ અહીં રાગાદિથી મારી હોંશ બતાવવી? જ્ઞાનાદિકથી હું અધિક છું, જ્ઞાનાદિકથી હું અધિક છું, રાગથી અધિક છું નહિ. આહાહા..! સમજાણું?

'પરમબ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરે છે,...' 'केवलु पयासु' એ 'કેવળજ્ઞાનનો પ્રકાશ કરે છે.' આકાશ જેવો ભગવાનઆત્મા, અરે...! દૃષ્ટાંતો પણ કેવા! સિદ્ધાંતને સિદ્ધ કરે એવા! આહાહા! સમજાણું? કહો, સમજાણું?

'જેમ આકાશમાં એક જ ક્ષેત્રે...' એક જ ક્ષેત્રમાં આત્મા આકાશ છે ત્યાં એક ક્ષેત્રમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, બીજા જીવો, જડ, પરમાણુ, પુદ્ગલો, નારકી, દેવ, હડહડતા નારકીના દુઃખો, બહારની સગવડતાના પાર નહિ એવા સ્વર્ગના સુખો એ આકાશને અડે ને આભડે, કાંઈ ન મળે. એમ ભગવાન સર્વવ્યાપક જ્યાં હોય ત્યાં જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. એવો ભગવાન સર્વવ્યાપક આત્મા, ગમે તે નરકની સંયોગની દશામાં હો, સ્વર્ગના અનુકૂળની દશામાં હો, શરીરના હડહડતા (રોગ) હો, રોગે શરીર સડતું હો, એને કાંઈ અડતું ને આભડતું નથી. આહાહા..! એવો આકાશની જેમ આત્મા પરથી તદ્દન અસંગ (છે), એમ દૃષ્ટિ, અનુભવ કરતાં એને પરમબ્રહ્મ પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે (અને) ક્રમે કેવળજ્ઞાન પામે. આ એનો ઉપાય છે. કહો, સમજાણું આમાં?

જેમાં અનંતા જીવ, અનંત પુદ્ગલ 'તેમના પરિણામથી આકાશમાં કોઈ વિકાર કે દોષ થતો નથી...' આવે? કોઈ ગાળ્યું દે, તલવારથી મારી નાખે, ખૂન કરે એમાં આકાશને કાંઈ છે? 'આકાશ તેનાથી બિલકુલ શૂન્ય...' તેમનાથી બિલકુલ શૂન્ય 'નિર્લેપ, નિર્વિકાર ટકી રહે

www.vitragvani.com



છે, કદી પણ તેમની સાથે તન્મય થતું નથી.' છઠ્ઠી ગાથામાં કહ્યું ને? જ્ઞાયક તો જ્ઞાયકભાવ જ રહ્યો છે, કોઈ દિ' જડ થયો નથી. જડ એટલે વિકલ્પરૂપે થયો નથી, એમ. વિકલ્પ તે અચેતન છે. ચૈતન્યના પ્રકાશના તેજ-સત્ત્વ, એ અચેતન વિકલ્પરૂપે કોઈ દિ' થાય? એકલું ચૈતન્યનું રસકંદ સત્ત્વ શાશ્વત, એને વિકલ્પ જે અચેતન જાત છે એ રૂપે જ્ઞાયક કોઈ દિ' થતો નથી. ચૈતન્ય ફીટીને ત્રણકાળ ત્રણલોકમાં જડ થતો નથી. એવા આત્માને અંતર દૃષ્ટિ ને જ્ઞાનમાં લેવો એ પરમાત્મપદ પ્રાપ્તિનો ઉપાય છે. આ 'યોગસાર' છે. જુઓ!

આવો છું, આકાશ સમાન. પછીની ગાથામાં એ કહેશે, આકાશ જડ છે અને આ ચૈતન્ય (છે), એટલો ફેર છે. પછીની ગાથમાં કહે છે. સમજાણું? ૫૯ માં કહે છે ને? અહીં તો આકાશની ઉપમા આપી ખરી ને?

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु।।५९।।

એ પછી આપશે, આની સાથે સંધિ કરે છે ને? સમજાણું? આકાશની સત્તા અલગ અને આકાશમાં રહેલ પદાર્થની સત્તા અલગ છે ને? કે એક છે? આ બાયડી, છોકરા ને રાગની સત્તા અને આત્માની સત્તા એક હશે કે જુદી? હેં? સૌ ભેગા રહ્યા હશે કે એક (થઈને રહ્યા હશે)? અહીં (જુદું) કહે છે, ન્યાં ઘરે જાય તો ખબર પડે એને. ઓલો 'પૂનમચંદ' કહે, બાપુજી! હું કંઈ તમારો ધર્મ છોડું નહિ, હોં! આહાહા..!

'જ્ઞાનીએ સમજવું જોઈએ કે આત્મા આકાશ સમાન અમૂર્તિક છે, આત્માના સર્વ અસંખ્યાત પ્રદેશો અમૂર્તિક છે....' એ કાંઈ નહિ. આધાર-ફાધારની વાત નહિ, એ તો જુદી રહેલી ચીજ છે. અહીં જુદી ચીજ ભલે તૈજસ અને કાર્માણ (શરીર) રહ્યા પણ એ જુદેજુદા છે. આધાર-ફાધાર આત્માની પર્યાયનો પણ એને નથી. સમજાણું કાંઈ? ભિન્નેભિન્ન છે. લ્યો!

કષાયની મંદતા, તીવ્રતા ભાવ એનાથી પણ આત્મા તદ્દન ભિન્ન છે. 'મારો કોઈ સંબંધ મન, વચન, કાયાની ક્રિયાઓ સાથે નથી.' લ્યો! ઓલો કહે કે, મન-વચન ને કાયાની ક્રિયાથી આત્માને બંધ થાય અને ધર્મ થાય. હેં? આહા..! મન, વચન ને કાયાની ક્રિયાઓ સાથે મારે અને એને કાંઈ સંબંધ નથી. સંબંધ નહિ એનાથી ધર્મ નહિ અને સંબંધ નથી એનાથી બંધ પણ નહિ. આહાહા..! 'હું બિલકુલ પરના મોહથી શૂન્ય છું. હું પરમ વીતરાગી અને નિર્મળ છું.' એમ ઠીક લખ્યું છે. 'જગતમાં મારા આત્માને કોઈ માતા-પિતા છે, ન કોઈ પુત્ર છે, ન મિત્ર છે, ન કોઈ સ્ત્રી છે, ન બેન છે, ન પુત્રી છે, ન કોઈ મારા આત્માનો સ્વામી છે, ન હું કોઈનો સ્વામી છું. ન હું કોઈનો સેવક છું નથી મારું કોઈ સેવક, ન કોઈ મારું ગામ છે, ન ધામ છે,...' ગામેય નથી અને ધામેય નથી. 'ન કોઈ વસ્ત્ર છે, ન આભૂષણ છે.' લ્યો!

www.vitragvani.com



'મારે પર વસ્તુ સાથે કોઈ પણ પ્રકારનો રંચમાત્ર પણ સંબંધ નથી.' આહાહા..! જુઓ! આ ભેદજ્ઞાન છે, આ ભેદજ્ઞાન. છે તેવું જ્ઞાન, એમ. ભેદજ્ઞાન એટલે? જેવી ચીજો જુદી છે તેમ તેનું જ્ઞાન (થવું) તેનું નામ ભેદજ્ઞાન (છે). 'મારામાં બધા પરનો અભાવ છે, બધા પરમાં મારો અભાવ છે.' મારામાં પરનો અભાવ અને પરમાં મારો અભાવ છે. 'વિશ્વના અનંત સંસારી અને સિદ્ધાત્માઓ...' જગતના સંસારના અનંત જીવો કે સિદ્ધના 'પોતાના મૂળ સ્વભાવથી મારા આત્માના સ્વભાવ જેવા જ છે તો પણ મારી સત્તા જુદી જ છે...' ભલે અનંત સિદ્ધો અને અનંત સંસારી મારી સત્તા જેવા છે, શુદ્ધ સત્તા જેવા (છે), છતાં મારી શુદ્ધ સત્તાથી એ નિરાળા છે. એક નથી કંઈ, શુદ્ધ સત્તા એક થઈ જતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'મારા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર, ચેતના આદિ ગુણ જુદા છે, મારું પરિણમન જુદું છે...' એના ગુણો નિરાળા, એનું પરિણમન નિરાળું, મારા ગુણો નિરાળા, મારી પરિણતિ નિરાળી. 'સર્વ આત્માઓનું પરિણમન જુદું છે. હું અનાદિકાળથી એકલો જ રહ્યો છું અને અનંતકાળ સુધી એકલો જ રહેવાનો છું.'

'અનાદિ સંસાર-ભ્રમણમાં મારી સાથે અનંત પુદ્ગલોનો સંયોગ થયો પરંતુ તે બધા મારાથી દૂર રહ્યા છે.' લ્યો! 'જેમ સૂર્ય ઉપર વાદળાં આવવા છતાં પણ સૂર્ય પોતાના તેજમાં પ્રકાશમાન રહે છે...' સૂર્ય ઉપર વરસાદ વરસે તો સૂર્યને કાંઈ હશે? વાદળાં-બાદળાથી (કાંઈ થતું હશે)? 'સંસાર અવસ્થામાં મેં અનેક માતા, પિતા, ભાઈ, પુત્ર સાથે સંબંધ પ્રાપ્ત કર્યો પરંતુ તે બધા મારાથી જુદા જ રહ્યો...' લેવા કે દેવા, કાંઈ હતું નહિ. 'ઘણા પર પદાર્થોનો સંગ પામ્યો પરંતુ તે મારા ન થયા,...' એક રજકણ પણ પોતાનો થયો નહિ. બે ભાઈઓ તો 'ડાંગે માર્યા પાણી જુદાં ન પડે' એમ લોકો કહે છે. કેમ હશે? પાંચ ભાઈ જુદા પડી ગયા, તમારા છોકરાઓ પણ જુદાં પડી ગયા. જુદા તો જુદા જ હોય ને! જુદા હોય ઇ જુદા જ હોય. આહાહા..! 'હું તેમનો ન થયો.' લ્યો! '**देहादिउ जो परु मुणइ**' દેહાદિ પરને અનુભવ કર, પરરૂપ છે, એમ. તું તારું ચૈતન્યમૂર્તિ (છે) એમ અનુભવ કર. 'તેથી મારે એવી જ દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે હું સદાય રાગાદિ વિકારોથી શૂન્ય રહ્યો હતો, અત્યારે પણ છું અને ભવિષ્યમાં પણ રહીશ.' લ્યો! પછી 'પરમાત્મ પ્રકાશ'નો દાખલો આપ્યો છે, 'તત્ત્વાનુશાસન'નો દાખલો આપ્યો છે. લ્યો, સમજાણું? બસ! બે થયું. ૫૯ મી કહેવાશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



આકાશ સમાન હોવા છતાં પણ હું સચેતન છું.

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु।।५९।।

જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;
જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯.

અન્વયાર્થ :– (जिय) હે જીવ! (जेहउ अयासु सुद्ध तेहउ अप्पा वुत्तु) જેવું આકાશ શુદ્ધ છે તેવો જ આત્મા શુદ્ધ છે એમ કહ્યું છે. (जिय आयासु वि जहु जाणि) હે જીવ! આકાશને અચેતન જાણ. (अप्पा चेयणु वंतु) આત્માને સચેતન જાણ.

વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૧૨, બુધવાર
તા. ૨૯-૦૬-૧૯૬૬
ગાથા-૫૯ થી ૬૨ પ્રવચન નં. ૨૧

આ 'યોગસાર' શાસ્ત્ર છે. ૫૮ ગાથા થઈ. ૫૮માં એમ કહ્યું હતું, જેમ આકાશ છે (એ) પરપદાર્થથી શૂન્ય (છે) એમ આ આત્મા પરપદાર્થથી શૂન્ય છે. આકાશમાં અનેક પદાર્થો રહ્યા દેખાય છે છતાં એ અનેક પદાર્થ પદાર્થમાં રહ્યા છે, આકાશમાં નહિ. એમ ભગવાનઆત્મા, એની જોડે રાગ-દ્વેષ, શરીર, કર્મ આદિ સંયોગી ચીજ કે સંયોગી ભાવ દેખાય છે પણ આકાશમાં જેમ પર નથી એમ આત્મામાં એ પરપદાર્થ નથી. સમજાણું કાંઈ? ફક્ત ફેર શું છે એ વાત અહીંયાં કરે છે.

'આકાશ સમાન હોવા છતાં પણ હું સચેતન છું.' આકાશમાં એ પર નથી પણ એ આકાશ અચેતન છે અને આ આત્મા જ્ઞાન, ચૈતન્યસ્વભાવ જીવ છે. ચેતનસ્વભાવ ઓલા આકાશમાં નથી. એ વાત કરે છે.

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु।।५९।।

'હે જીવ! જેવું આકાશ શુદ્ધ છે તેવો જ આત્મા શુદ્ધ છે એમ કહ્યું છે.' આકાશ તદ્દન વાદળાનાં... પંચરંગી વાદળાં હો કે પાંચ દ્રવ્ય બીજા એમાં હો પણ એના રંગે એ આકાશ રંગાયેલું નથી. એમ આત્મા વિકાર કે સંયોગ કે પરચીજથી રંગાયેલો નથી. એ આકાશ શુદ્ધ છે એમ આત્મા શુદ્ધ છે એનું એકાગ્ર ધ્યાન કરવું એને 'યોગસાર' કહે છે. કહો, સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'હે જીવ! આકાશને (જડ) અચેતન જાણ.' ફેર એટલો. શુદ્ધ તો બેય છે કહે છે. આકાશ પણ શુદ્ધ છે એમ આત્મા પણ શુદ્ધ છે. આકાશ જડ શુદ્ધ છે. આ ચૈતન્ય શુદ્ધ છે. જ્ઞાનમૂર્તિ પરમબ્રહ્મ અનાદિઅનંત એવો આત્મા શુદ્ધ આકાશની પેઠે (શુદ્ધ છે), પણ આકાશ જડ અને આ ચૈતન્ય (છે). આકાશ આકાશનું ધ્યાન કરી શકે નહિ. કેમકે એમાં જ્ઞાન નથી, જડ છે. આકાશ શુદ્ધ હોવા છતાં આકાશ આકાશનું ધ્યાન કરે એવું એમાં છે નહિ. અને આત્મા આકાશ સમાન શુદ્ધ હોવા છતાં એ જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનનું ધ્યાન કરી શકે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શુદ્ધને ધ્યાન કરવાની જરૂર જ ક્યાં છે?

ઉત્તર :– શુદ્ધને ધ્યાન કરવાની જરૂર નથી, શુદ્ધ તો દ્રવ્ય છે. શું કીધું? શુદ્ધ તો દ્રવ્ય થયું પણ પર્યાયમાં શુદ્ધતા માટે?

મુમુક્ષુ :– આકાશને ધ્યાન કરવાનું રહેતું જ નથી.

ઉત્તર :– આકાશને ધ્યાન કરવાનું રહેતું નથી, જડ છે માટે. એમ કહ્યું. શુદ્ધ તો આ પણ છે. એ માટે તો આંતરો કહ્યો. આકાશ શુદ્ધ છે અને આત્મા પણ શુદ્ધ છે. બેમાં શુદ્ધમાં ફેર છે. એને શુદ્ધતાનું ધ્યાન કરવાનો ગુણ નથી અને અહીં શુદ્ધતા ભરેલી છે એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે તેથી તે શુદ્ધતાનું ધ્યાન કરવાને લાયક છે, એમ કહેવું છે. શુદ્ધ છે માટે ધ્યાન કરે, એમ નહિ. ચેતન નથી માટે ધ્યાન કરવા લાયક નથી. સમજાણું, દેવાનુપ્રિયા! આ તર્ક બીજી જાતના છે.

એમ કહે (છે) કે, શુદ્ધ છે એને શું ધ્યાન (કરવાનું)? શુદ્ધ છે. ધ્યાન જડને નહિ. તેથી તો બેને જુદાં પાડે છે. આકાશ શુદ્ધ છે, ચૈતન્ય શુદ્ધ છે, ચૈતન્ય જીવ શુદ્ધ છે પણ જીવ શુદ્ધ છે એ ચૈતન્ય છે, ચેતનાર છે. શું? ચેતનાર છે, જાગનાર છે, એકાગ્ર થનાર છે, ચેતવાને લાયક છે એમ કહે છે. પાઠ છે ને? 'चेयणु वंतु' એ ચેતનવંત છે. સમજાય છે? ભગવાનઆત્મા આકાશની સમાન શુદ્ધ કહ્યો પણ આકાશ તો જડ છે. એને ક્યાં હું શુદ્ધ છું એવું સમજવું છે? આ તો ચૈતન્ય છે એ શુદ્ધ છે એવું ચૈતન્ય જાગૃત થઈને શુદ્ધનું ધ્યાન કરે ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટે. એવો જડ અને ચૈતન્યમાં ફેર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ચેતી શકે છે. જડમાં ક્યાં ચેતવું છે? પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એને ચેતી શકે છે, જાણી શકે છે, જાગૃત થઈને ધ્યાન કરી શકે છે, તેમાં લીન થઈ શકે છે. તેથી ચૈતન્ય, આકાશની શુદ્ધની અપેક્ષાએ આ અપેક્ષાએ જુદું પડ્યું. સમજાણું કાંઈ?

આકાશ પણ દ્રવ્ય છે અને આત્મા પણ દ્રવ્ય છે. છતાં દ્રવ્યપણાની અપેક્ષાએ ભલે સમાન હો. સમજાણું? સર્વ દ્રવ્યમાં છ સામાન્ય ગુણ તો સમાન છે. સામાન્ય ગુણ છે (એ) આમાં નહિ લખેલા હોય. અસ્તિત્વગુણ આકાશમાં પણ છે અને આત્મામાં પણ છે, એમ કહે છે. 'બધા દ્રવ્યો સદાય છે અને સદા ટકી રહેશે.' આકાશ પણ સદાથી છે અને સદા

www.vitragvani.com



રહેવાવાળું છે. આત્મા પણ સદાથી છે અને સદા રહેવાવાળો છે. છતાં બેમાં ફેર શું એ અહીં બતાવવું છે. સમજાણું કાંઈ?

દ્રવ્યત્વ છે. સ્વભાવ અને વિભાવ દશા એમાં થયા કરે છે. શેમાં? આત્મામાં અને પરમાં બધામાં, જેની યોગ્યતા હોય એમાં. દ્રવે છે, દ્રવે છે. સમજાણું? પરમાણુ પણ સ્વભાવપણે પરિણમે, પુદ્ગલ વિભાવપણે પરિણમે, બીજા ચાર (દ્રવ્યો) તો સ્વભાવ(પણે પરિણમે), પણ એવા દ્રવ્યત્વગુણને લઈને પરિણમવું (એવો) દરેક દ્રવ્યનો સમાનપણે ધર્મ છે. પણ આનો (-આત્માનો) ધર્મ જુદી જાતનો છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પ્રમેયત્વ. 'બધા જ દ્રવ્યો સર્વજ્ઞો દ્વારા જણાવા યોગ્ય છે.' બધા દ્રવ્યો પ્રમેયત્વ છે. બધા પદાર્થ જણાવાયોગ્ય છે પણ જાણનાર એ ચૈતન્ય એકલો છે. સમજાણું કાંઈ? આત્માને આકાશ સમાન કીધો પણ આકાશ સર્વજ્ઞથી જણાવાલાયક છે, એનાથી જણાવા લાયક એ (પોતે) નથી. સમજાણું કાંઈ? સમાનતામાં ફેર છે, એમ. સર્વજ્ઞથી જણાય એવા આકાશાદિ છે. આત્મા પણ સર્વજ્ઞમાં જણાય પણ આત્મા તો પોતે પોતાથી જણાય એવો છે. એમ. સમજાણું કાંઈ? સર્વજ્ઞથી જણાય એવો આત્મા તો છે, આકાશ પણ એવું છે. આ તો આત્મા સચેતન હોવાને લઈને પોતે પોતાથી જણાવા લાયક છે, એ (ગુણ) આકાશમાં છે નહિ. સમજાણું કાંઈ?

વસ્તુત્વ રહી ગયું. જુઓ! 'બધા જ દ્રવ્યો પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે.' આકાશ આદિ બધા દ્રવ્યો પોતાની પર્યાયનું કાર્ય વસ્તુત્વગુણને લઈને સ્વતંત્ર કરે છે. લ્યો, આ એક સમજે તો બધું એમાં સમાય જાય છે. કોઈ કોઈને કરતું નથી. વસ્તુત્વગુણને લઈને આકાશ અને આત્મા, પુદ્ગલ અને આત્મા એમ બધા દ્રવ્યો પોતપોતાની પર્યાયનું કાર્ય કરે છે. કાર્ય કરે છે આકાશ પણ કરે છે, આત્મા પણ કરે છે, પણ આત્મામાં ફેર છે. આત્મા સચેતન હોઈને કરે છે. સમજાણું કાંઈ? જાણીને જાણવાના, જ્ઞાન, દર્શન, આનંદના કામને કરે છે. એ બીજામાં છે નહિ. સમજાણું?

અગુરુલઘુત્વ. 'બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણ પર્યાયોને જ પોતાનામાં રાખે છે.' પોતપોતાના ગુણ-પર્યાયને રાખે છે. એ તો આકાશ પણ પોતાના ગુણ-પર્યાયને રાખે છે, આત્મા પણ પોતાના ગુણ-પર્યાયને રાખે છે પણ આ જાણનાર થઈને રાખે છે એટલો ફેર છે. સમજાણું કાંઈ? સચેતન ભગવાન પોતાના ગુણ-પર્યાયને જ્ઞાન દ્વારા સાધી પોતામાં રાખે છે. એવો એક સ્વભાવ ચૈતન્યમાં છે, એ આકાશમાં છે નહિ. જુઓ! આકાશ મોટું (છે) એની સાથે ઉપમા આપી છે. આકાશ સર્વવ્યાપક છે ને? આકાશ સર્વવ્યાપક છે એની સાથે (ઉપમા) આપી છે. આકાશ જેવો આત્મા (છે). આકાશ શુદ્ધ છે એવો આ શુદ્ધ છે. (આકાશ) સર્વવ્યાપક ક્ષેત્રથી છે. આ ચૈતન્ય ભાવથી સર્વને જાણનાર સર્વવ્યાપી છે. સમજાણું કાંઈ?

પ્રદેશત્વ. દરેક (દ્રવ્ય) કાંઈ પણ પોતાનો આકાર રાખે છે. કોઈ જગ્યા ઘેરે છે કે

www.vitragvani.com



નહિ? કોઈપણ પદાર્થ જગ્યાને ઘેરે છે, તો આકાશ પણ જગ્યાને ઘેરે છે, આત્મા પણ જગ્યાને ઘેરે છે, પરમાણુ જગ્યાને ઘેરે છે, પણ ફેર છે. જગ્યાને ઘેરે એ અપેક્ષાએ સરખા (છે) પણ જાણવાના સચેતન અપેક્ષાએ ફેર છે એમ સિદ્ધ કરવું છે. ઘેરે છે એ જ્ઞાન પોતાને જાણે, ઘેરે છે એ જડ જાણે નહિ. આટલા ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી ઘેરાયેલ છે એ ચેતન જાણે. જડ જાણે જડને? શુદ્ધની સમાનતા એક અપેક્ષાએ હોવા છતાં તે બેમાં મોટો સચેતનપણાનો ફેર છે. આહાહા..! સમજાણું?

થોડી સ્વભાવની વાત કરી છે. બધા દ્રવ્યો ભાવપણાનો સ્વભાવ રાખે છે. આકાશ પણ પોતાના ભાવપણાને રાખે છે ને? આત્મા પણ પોતાના ભાવપણાને–અસ્તિ, અસ્તિ ભાવપણે રાખે છે ને? ભાવપણે રાખે છતાં ફેર છે. એમ છે. ભાવપણે રાખવામાં ફેર નથી પણ બીજા જ્ઞાન અને આનંદમાં ફેર છે એનામાં. જાણવું, આનંદને જાણવું અને આનંદને વેદવું એ તો આત્મામાં જ છે. સમજાણું કાંઈ? હેં? શું કહે છે?

મુમુક્ષુ :– આટલા ખુલાસા પછી સમજાણું.

ઉત્તર :– ખુલાસો કરો, પંડિતજી! આ શું કહે છે? એટલું સમજાણા પછી સમજાણું. એમ નિમિત્તથી પછી સમજાણું, પહેલું નહોતું સમજાણું, એમ કહે છે.

'પર દ્રવ્યોના સ્વભાવોનો પરસ્પરમાં અભાવ છે. બીજાની સત્તા બીજામાં નથી.' આત્મામાં બીજા પદાર્થની સત્તા નહિ, આકાશમાં પણ બીજા પદાર્થની સત્તા નહિ. એ રીતે સમાન (છે). આમાં પણ બીજા પદાર્થનો અભાવ (છે), ભગવાનઆત્મામાં પણ પરદ્રવ્યનો અભાવ (છે). પરમાં પરદ્રવ્યનો અભાવ (છે) પણ ફેર એટલો કે આ સચેતનપણું (રાખે છે). 'अप्पा चेयणु वंतु' ચેતનવંત. એ ચેતનવંત જાણનાર ભગવાન છે. આ શક્તિઓ કીધી, સ્વભાવ કીધા, બધા ગુણો કીધા પણ એનો જાણનાર એક આત્મા છે. બીજા ગુણોને એને (પોતાને) ખબર નથી એમ આત્મામાં પણ બીજા ગુણો ભલે હોય પણ એ જાણનાર નથી. સમજાણું? ચેતનવંત એ એક જ ગુણ એનો છે કે પોતે જાણનાર છે.

કાયમ રહેવાની અપેક્ષાએ દરેક દ્રવ્ય નિત્ય છે. આત્મા પણ નિત્ય છે, આ પણ નિત્ય છે પણ નિત્ય નિત્યમાં ફેર છે. આ જાણીને નિત્ય છે એમ જાણે છે, ઓલા જાણ્યા વિના નિત્ય રહે છે. સમજાણું?

અનિત્ય સ્વભાવ. દરેક પદાર્થ પલટે છે. દરેક પદાર્થ પલટે છે, એ આત્મા પોતે પણ પલટે છે અને પર પણ પલટે છે, પલટવા પલટવામાં ફેર છે. જાણનારું જ્ઞાન જાણીને જ્ઞાનમાં પલટે છે. સમજાણું?

એક સ્વભાવ. અનેક ગુણ હોવા છતાં વસ્તુ એક છે ને? દરેક આત્મા કે દરેક પરમાણુ. ગુણ-પર્યાય ભલે હો પણ વસ્તુ એક છે એ અપેક્ષાએ એક સ્વભાવ તો બધામાં સરખો છે. એક સ્વભાવ સરખો હોવા છતાં જાણપણામાં (ફેર છે).

www.vitragvani.com



અનેક સ્વભાવ સરખો છે. 'સર્વ દ્રવ્ય અનેક સ્વભાવોવાળા હોવાથી અનેકરૂપ છે.' ગુણ-પર્યાય અનેક સ્વભાવ છે કે નહિ? આકાશમાં, પરમાણુમાં અનેક સ્વભાવ છે, ગુણ-પર્યાય છે. આત્મામાં પણ અનેક સ્વભાવ છે, ગુણ-પર્યાય (છે). અનેક સ્વભાવ હોવા છતાં અનેક સ્વભાવે સમાન છે છતાં જ્ઞાન સ્વભાવે ફેર છે. સમજાણું કાંઈ?

ભેદ સ્વભાવ. ગુણગુણી, સંજ્ઞા, લક્ષણ ભેદ એનો સ્વભાવ છે. દરેકમાં ભેદ સ્વભાવ છે. આત્મામાં ભેદ સ્વભાવ છે, પરમાં ભેદ સ્વભાવ છે. છતાં જ્ઞાનસ્વભાવે ભેદ છે.

અભેદ સ્વભાવ. 'સર્વ દ્રવ્યોમાં ગુણ સ્વભાવ સર્વાંગ, અખંડ રહે છે. એકેક પ્રદેશમાં સર્વ ગુણો હોય છે તેથી અભેદ સ્વભાવવાન છે.' બધા પ્રદેશો કાંઈ ભિન્ન નથી. બધા પ્રદેશ અખંડ છે એ અપેક્ષાએ અભેદ સ્વભાવ છે. એમ આત્મામાં પણ અભેદ સ્વભાવ છે પણ એ અભેદ સ્વભાવ જાણનાર છે, આ અભેદ છે એમ જાણનાર છે. ઓલાને અભેદ સ્વભાવ છે એની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

ભવ્ય સ્વભાવ. 'સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ પરિણમવાની યોગ્યતા રાખે છે.' આકાશ પણ પોતાના સ્વભાવની અંદર પોતાના સ્વભાવે પરિણમવાની યોગ્યતા રાખે છે. આત્મા પણ પોતાના અંતર સ્વભાવે પરિણમવાની યોગ્યતા રાખે છે. યોગ્યતા રાખવા છતાં, એક સમાનતા હોવા છતાં જ્ઞાન, દર્શન, આનંદે ફેર છે. અહીં સચેતનની એક વાત કરી છે. જાણનાર, જાગનાર. એને પણ જાણનાર. આ હું, મારાપણે રહેવા યોગ્ય છું એવું જ્ઞાન જાણે છે. જડમાં એ સ્વભાવ છે નહિ.

અભવ્ય સ્વભાવ. 'સર્વ દ્રવ્યો પર દ્રવ્યના સ્વભાવરૂપે કદી થઈ શકતા નથી.' કોઈ પદાર્થ, બધા અભવ્ય છે. બધા દ્રવ્ય ભવ્ય છે અને બધા દ્રવ્ય અભવ્ય છે. ભવ્ય નામ પોતાના સ્વભાવમાં રહેવાની યોગ્યતાવાળા છે. અભવ્ય નામ પરરૂપે નહિ થવાની યોગ્યતા છે, પરરૂપે નહિ થવાની યોગ્યતા છે.

પરમ સ્વભાવ. ભગવાનઆત્મા અને દરેકમાં પરમ સ્વભાવ છે. પરમપારિણામિકભાવે પરમસ્વભાવી બધા પદાર્થ છે. પરમાણુ પણ પરમસ્વભાવી છે, આકાશ પણ પરમસ્વભાવી પારિણામિકભાવે પરમસ્વભાવી છે. એ પરમસ્વભાવી હોવા છતાં જ્ઞાન તે પોતે આત્માને જાણનાર પરમસ્વભાવ એ જ્ઞાનની વિશેષતા છે. કહો, સમજાણું?

'સામાન્ય ગુણો અને સ્વભાવોની અપેક્ષાએ જીવાદિ છયે દ્રવ્યો સમાન છે. પરંતુ વિશેષ ગુણોની અપેક્ષાએ તેમનામાં અંતર છે.' મોટો ફેર છે. બીજાઓમાં એની જાતના ગુણો છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચેતના, સમ્યક્ત્વ ચારે મુખ્ય વિશેષ ગુણ છે, એ આત્મામાં જ છે. જાણવું, પ્રતીત કરવી, ઠરવું, આનંદ. વીર્ય તો બીજામાં ભલે હો. આકાશાદિ પાંચ દ્રવ્યમાં એ નથી. આકાશ એ પાંચ દ્રવ્ય જડ અચેતન છે, આત્મા સચેતન છે. 'મૂળ સ્વભાવથી બધા જ દ્રવ્યો શુદ્ધ છે.' લ્યો, આ શુદ્ધ આવ્યું તમારું. શુદ્ધ છે એને શું ધ્યાન કરવાનું

www.vitragvani.com



રહ્યું? પણ આ શુદ્ધ છે એને ધ્યાન કરવાનું છું, એમ કહે છે. એનું જ્ઞાન કરવાનું છે.

'આકાશ જેમ નિર્મળ છે તેમ આ આત્મા નિર્મળ છે,...' ધર્મીને ઉચિત છે કે 'સ્વાનુભવ પ્રાપ્ત કરે,...' લ્યો! પોતાનો સ્વભાવ શુદ્ધ છે એવા અનુભવથી પ્રાપ્ત કરે. જડને શુદ્ધતા છે એને શું પ્રાપ્ત કરવું? એ તો પ્રાપ્ત છે જ. આ તો શુદ્ધ ચૈતન્ય આનંદ, મૂળ ચૈતન્ય આનંદને પોતાના ધ્યાન દ્વારા પ્રાપ્ત કરે. એવો સ્વભાવ આત્મામાં છે. કહો, સમજાણું? 'એ જ નિર્વાણનો ઉપાય છે.' લ્યો! એ એક જ મોક્ષનો ઉપાય છે. ક્યો? સ્વાનુભવ પ્રાપ્ત કરે એ નિર્વાણનો ઉપાય. બીજામાં એ સ્વાનુભવ છે નહિ. મુક્તિનો ઉપાય ભગવાનઆત્મા ચેતન હોવાથી ચેતનપણે જાગૃત થઈને પોતાનો અનુભવ કરે એ જ પોતાની મુક્તિનો ઉપાય છે. પરદ્રવ્ય ભલે એમાં નથી, એ અપેક્ષાએ બધા સમાન હોવા છતાં, એમાં ધ્યાન કરીને એકાગ્ર થઈને કેવળજ્ઞાન લઈ શકે છે. એવું જો સ્વરૂપ હોય તો એ ચેતનમાં જ છે. જડમાં, શરીરમાં, વાણીમાં છે નહિ. કહો, સમજાણું?

---

## પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે.

णासग्गिं अब्भिंतरहँ जे जीवहि असरीरु।
बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरु।।६०।।

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦.

અન્વયાર્થ :– (जे णासग्गिं अभिंतरहं असरीरु जिवहिं) જે જ્ઞાની નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને અંદર શરીર રહિત શુદ્ધ આત્માને દેખે છે (बाहुडि जम्मि ण संभवहिं) તે ફરી વારંવાર જન્મ નહિ પામે. (जणणीं खीरु ण पिवहिं) તે ફરી માતાનું દૂધ નહિ પીએ.

---

૬૦. 'પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે.' એ મોક્ષમાર્ગ આત્મામાં છે.

णासग्गिं अब्भिंतरहँ जे जीवहि असरीरु।
बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरु।।६०।।

'જે જ્ઞાની નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને...' (નાસિકા ઉપર એટલે) અંતર્મુખ દૃષ્ટિ રાખીને. નાસિકા તો એક બહારનું નિમિત્ત લીધું છે. સમજાણું? 'णासग्गिं' એટલે અંતર અગ્રપણે ધ્યાન રાખીને. 'દૃષ્ટિ રાખીને અંદર શરીર રહિત...' ભગવાનઆત્મા આકાશ સમાન ત્યાં ગણ્યો છતાં ચેતન કહ્યો, એને હવે અહીં ધ્યાન (કરવાનું) કહે છે. એવો ચૈતન્મૂર્તિ આત્મા, એમાં અભ્યંતર મુખ્ય જ્ઞાનાનંદને અગ્ર બનાવી અંતર ધ્યાન કરે તો એનો મોક્ષમાર્ગ અંતરમાં

www.vitragvani.com



જ છે. સમજાણું કાંઈ? ધર્મીજીવ નાસિકા પર દૃષ્ટિ એટલે અંતર (સ્વરૂપ) ઉપર દૃષ્ટિ રાખીને, મુખ્ય વસ્તુ જે છે તેના ઉપર દૃષ્ટિ રાખીને 'અંદર શરીર રહિત...' એટલે અંદરમાં શરીરરહિત એવા આત્માને શુદ્ધ કુંદન સમાન બનાવે. લ્યો! સોના સમાન બનાવે.

'જો મોક્ષપ્રાપ્તિને અનુકૂળ શરીરાદિ સામગ્રી...' એ કાંઈ નહિ. 'તો એ સાધક તે જ ભવે અને નહિ તો...' જ્યાં સુધી એવા નિમિત્તો નથી ત્યાં સુધી એવો પુરુષાર્થ પણ નથી, એમ લેવું. કહો, સમજાણું? આત્માને જુવે છે, લ્યો! શરીરરહિત શુદ્ધ આત્માને જુવે છે. પછી વારંવાર જન્મ ધારણ નહિ કરે. ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ હોવાથી પોતાની જ્ઞાનની પૂર્ણ નિર્મળતા પ્રગટ કરવા અભ્યંતર મોક્ષનું સાધન કરે, અંતર ધ્યાન કરીને, 'પછી કદી માતાનું દૂધ નહિ પીવે.' ન પીવે જનની દૂધ. બીજી માતાની કુંખે અવતરશે નહિ. સમજાણું? પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપનું ધ્યાન. જુઓ! આમાં વિકલ્પ ને રાગ ને નિમિત્ત ને વ્યવહારની વાતું ક્યાંય રહી નહિ.

મુમુક્ષુ :- ક્યાં ગઈ?

ઉત્તર :- એને ઘરે, એનામાં. (નિજ) ઘરમાં નથી, એમ કહે છે.

ભગવાનઆત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકસ્વરૂપ, તેનું અગ્ર ધ્યાન, તેને મુખ્ય લક્ષમાં લઈને અંતર ધ્યાન કરે તો મોક્ષનો માર્ગ અભ્યંતર પોતાની પાસે છે. સમજાણું કાંઈ? અંદર મોક્ષમાર્ગ છે. એટલે વિકલ્પમાં નથી, નિમિત્તમાં નથી, આ સંઘયણ, મનુષ્ય દેહાદિમાં મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નાસિકા અગ્ર દૃષ્ટિ રાખે...

ઉત્તર :- ઇ નાસિકા એટલે આમ રાખે એટલે અંદર જાય એમ. બીજું શું? એનો અર્થ (કે) ત્યારે એમ થાય. આ આંખ ફેરવીને આમ જાય તો અંદર જાય, એમ (કહે) છે. નાસિકા ઉપર (એટલે) આમ બહાર રાખવી છે? સમજાણું કે નહિ? નાસિકાનો અર્થ કે, આમ જે આંખ ફરે છે એને અંદરમાં લાવવી, એમ એનો અર્થ (છે). (દૃષ્ટિને) અંદરમાં લાવવી, એમ કહે છે. નાસિકાની વાતું વ્યવહારની છે. નાસિકા ઉપર ક્યાં આંખ લાવવી? ઇ તો આમ અંદર લાવતા અંદર જાય. વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય એને અહીં નાસાગ્ર દૃષ્ટિ કહેવામાં આવે છે. એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ?

આત્માનું નાક પૂર્ણાનંદ નાથ પ્રભુ એ એનું-આત્માનું નાક છે. આ નાક આત્માનું છે? ઇ પૂર્ણાનંદ એનું નાક છે, એને લઈને નભી રહ્યો છે. એવા પૂર્ણાનંદના નાથ ઉપર નજર કરે, એને મોક્ષનો માર્ગ અભ્યંતર પ્રગટ થાય, મૂળ તો એમ છે. સમજાણું કાંઈ? બહારના નાકનું અહીં શું કામ છે? એ તો નિમિત્તથી વાત કરી. અંદરમાં મુખ્ય વસ્તુ (નિજ સ્વરૂપ છે). માણસ નાક માટે મરે છે ને? જુઓને! મોટી આબરૂ ઇ નાક. આત્માની મોટી આબરૂ અનંત કેવળજ્ઞાનનો ધણિ એ એનું નાક છે.

www.vitragvani.com



ભગવાનઆત્માની આબરૂ કેટલી? આહાહા..! જે કેવળજ્ઞાનીની વાણીમાં ન આવે એવું એનું સર્વજ્ઞપદ છે. કેવળજ્ઞાનની વાણીમાં ન આવે એવો અનંત આનંદ છે. કેવળજ્ઞાનીની વાણીમાં ન આવે એટલો તો અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતનું બળ છે, બળ. આહાહા..! એ અંતર બળ પડ્યું છે. એ એનું નાક છે, એ એની આબરૂ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ફલાણાભાઈનું શું નાક?

ઉત્તર :– એમાં શું ડાળિયા? એ મરીને પાછો નરકે જાય. લ્યો! ફલાણા ભાઈની શું વાત? ન્યાં નરકમાં ઘોદા ખાય. ન્યાં પણ એમ કહેવાશે એનું? આહાહા..! રાજા, મહારાજા આમ ઢોળિયે સૂતા હોય, આ..હા..! એ મરીને નરકે ગયા. એ અત્યારે રાડેરાડ્યું પાડે છે. અરે..! જેને લાંબી દૃષ્ટિ નથી, એને જોવાના દ્રવ્યના પર્યાય કાળ કેવા હોય? સમજાણું? આહાહા..! આમ ચક્રવર્તી મહારાજા...! ખમ્મા અન્નદાતા! સોળ સોળ હજાર દેવ સેવા (કરે), છન્નુ હજાર પદ્મમણિ જેવી સેવા (કરે). એ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી મરીને સાતમી નરકને પાતાળે ગયો. શું ખમ્મા.. ખમ્મા..! શું બાપુ! એની શું વાત!! અહીં એવું હતું. ન્યાં શું હતું? બાપુ! એના જેવા દુઃખ કોને છે? ત્યાં એવું છે.

આત્મા જેવી ચીજ કોની, બાપુ! એની શું વાત કરવી! આહાહા..! જેના આત્મામાં... સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વાણીને ગમ્ય નહિ, વિકલ્પને ગમ્ય નહિ. મન, વાણી, દેહાદિ પરથી તે ગમ્ય નહિ. સમજાણું કાંઈ? એની આબરૂ શું કહેવી! એની આબરૂની શું વાતું કરવી! એવો જે ભગવાનઆત્મા પોતામાં અભ્યંતરમાં પોતાનું સ્વધ્યાન કરે તો અલ્પકાળમાં નિર્વાણ ને કેવળજ્ઞાનને પામે. એવો એને અભ્યંતર મોક્ષમાર્ગ રહ્યો છે, એમ કહે છે. એ બહાર ગોતવા જાવો પડે એવો નથી.

મુમુક્ષુ :– દુઃખી થાવું ગમે છે?

ઉત્તર :– ગમે છે. ભાન ન મળે એટલે શું કરે? વિષ્ટાના કીડા વિષ્ટામાં ગરે. સમજાણું? કીડાને વિષ્ટામાંથી બહાર કાઢો તો વિષ્ટામાં જાય. એમ છે ને એને? ચીજની ખબર નથી. કસાઈના બોકડાને બહાર કાઢે તો બોકડો પાછો ન્યાં જાય ઘરે. અનાદિની ટેવ પડી છે ને?

ભગવાનઆત્મા..! બાપુ! તારી આબરૂ તેં સાંભળી નથી. તારી આબરૂની વ્યાખ્યા વીતરાગની વાણીમાં પૂરી આવતી નથી. સર્વજ્ઞ પરમેશ્વર જે સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનની સંપદાવાળા કહેવાય અને અનંત બળવાળા કહેવાય, એમની વાણીમાં પણ તારી (વાત પૂરી આવતી નથી). એમના જ્ઞાનમાં વાત આવી ગઈ. એમના જ્ઞાનમાં જાણે કે, ઓ..હો..હો...! વાણીમાં, જાણ્યું એથી અનંતમે ભાગે, અનંતમે ભાગે વાણી આવે. એવા આત્માની શું આબરૂ! એવા આત્માનું અંદર ધ્યાન કરવું, એમ કહે છે. એ ફરી વારંવાર જન્મ નહિ ધારણ કરે. વસ્તુમાં જન્મ નથી એ વસ્તુનું ધ્યાન કરવાથી એને જન્મ મળશે નહિ. પછી માતાનું દૂધ નહિ પીવે.

www.vitragvani.com



'આત્મા શરીર રહિત અમૂર્તિક છે. ઇન્દ્રિયો દ્વારા જણાતો નથી. મન પણ કેવળ વિચાર કરી શકે છે,...' મન વિચાર કરી શકે 'ગ્રહણ કરી શકતું નથી. આત્માનું ગ્રહણ આત્મા દ્વારા જ થાય છે.' પહેલી શરૂઆત. આત્માનું ગ્રહણ આત્મા દ્વારા જ થાય છે. 'એના ગ્રહણનું બાહ્ય સાધન ધ્યાનનો અભ્યાસ છે.' લ્યો, ઠીક! બહુ તો ધ્યાનનો અભ્યાસ બાહ્ય સાધન થશે. એકાગ્ર થવાનો અભ્યાસ. બાહ્ય સાધનનો અર્થ પર્યાયને જરી એકાગ્ર કરે છે ને! કહો, સમજાણું કાંઈ? આહાહા!

'વીતરાગભાવની શાંતરસથી ભરેલી ગંગા નદી વહેવા લાગી...' અંદરમાં. 'કેવળ એક પોતાના જ શુદ્ધ અશરીરી આત્માને શરીર પ્રમાણે વિરાજિત અંતરમાં સૂક્ષ્મ ભેદવિજ્ઞાનની દૃષ્ટિથી જોવાનો ઉદ્યમ કરવો.' શાંત.. શાંત.. વિકલ્પરહિત, રાગરહિત નિર્વિકલ્પ તત્ત્વને જોવાને નિર્મળ ગંગા વહાવે. નિર્મળ પરિણતિને પ્રગટ કરે. 'કેવળ એક પોતાના જ શુદ્ધ અશરીરી આત્માને...' એક શરીર વિનાના આત્માને 'શરીર પ્રમાણે વિરાજિત...' શરીર પ્રમાણે રહેલો (એટલે) એટલા ક્ષેત્રમાં રહેલો, એમ કહે છે. મોટો મહાન છે માટે મોટા ક્ષેત્રમાં રહ્યો છે એમ નથી. મોટો છે ભાવથી. ક્ષેત્રથી મોટો માટે મોટો છે એમ નથી. એવા અંતર સૂક્ષ્મ ભેદવિજ્ઞાનની દૃષ્ટિ. રાગથી રહિત ભિન્ન જોવાનો-દેખવાનો ઉદ્યમ કરે.

અંતર્મુખમાં જવાનો વારંવાર ઉપાય કરે. રાગથી, સંયોગથી, નિમિત્તથી આંખ્યું વીંચીને, વિકલ્પની આંખ્યું વીંચીને.. સમજાણું કાંઈ? આ (જડ) આંખ્યું વીંચ્યે શું થયું? એ તો આમ વીંચાય છે. મરી જાય ત્યારે આમ વીંચાય જાય છે. સમજાણું? આ તો વિકલ્પની વૃત્તિઓને વીંચીને અંતર નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એમાં ટગટગી લગાવીને એમાં એકાકાર થવું એ અભ્યંતર મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એ અભ્યંતર મોક્ષનો ઉપાય છે, બહાર છે નહિ. 'પ્રવચનસાર'માં કહ્યું ને? બાહ્ય સામગ્રી શું કરવા ગોતવા જાય છે? તારું બધું સાધન અંદર પડ્યું છે. આહાહા..! પણ માણસને કાંઈક કાંઈક કાંઈક ટેકો, વ્યવહાર આ હોય, આ હોય, આ હોય.. અને જ્યાં વ્યવહારની વાત આવે ત્યાં ટેકારૂપ છે, સહાયરૂપ છે, વ્યવહાર આલંબનરૂપ છે માટે ભગવાને બહુ કહ્યો છે. જુઓ! કહ્યો છે કે નહિ? કહ્યું છે શું? પણ એનું ફળ શું કહ્યું? ન્યાં ને ન્યાં રહે તો એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ?

'એકાકી પોતાના આત્માના ગુણોનું ચિંતવન કરવું. એને જ આત્માની ભાવના કહે છે. ભાવના કરતાં કરતાં જ્યારે એકાએક મન સ્થિર થશે. આ જ આત્મિક અનુભૂતિ ધ્યાનાગ્નિ છે...' લ્યો! આત્માનો અનુભવ ધ્યાનની અગ્નિ છે, ભડકો છે. એ કર્મઈંધનને બાળે છે. 'આત્માને શુદ્ધ સુવર્ણ સમાન શુદ્ધ બનાવશે.' સોનું હોય છે ને? એમાં તાંબાની લાલપ હોય કે નહિ? ફૂંકી ફૂંકીને અગ્નિથી ઉજળું કરે છે ને? એમ ભગવાનઆત્મામાં રાગાદિ મેલ, એ સ્વરૂપના ધ્યાનની ફૂંક મારતો મારતો આત્માને કુંદન સમાન શુદ્ધ કરે. અંતર ધ્યાન કરે એ એની અંતર ક્રિયા છે. આહાહા! સમજાણું? વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ કહે છે. નિશ્ચય સ્વરૂપમાં એકાગ્ર થવું એ જ એનો મોક્ષનો માર્ગ છે. એ અભ્યંતર પોતાની પાસે છે, દૂર જરીયે નથી. વિકલ્પથી તો દૂર છે, આત્માથી બહાર છે, વિકલ્પ તો આત્માથી બહાર છે, એ કાંઈ અંદરમાં નથી. પછી એ સાધન-ફાધન (ક્યાંથી થાય)?

મુમુક્ષુ :– ગુરુ દેખાડે ને?

ઉત્તર :– દેખાડે ગુરુ, આત્મા પોતે ગુરુ મોટો બેઠો છે (એ) એને દેખાડે. એ તો આવી ગયું નથી? 'સમાધિશતક'માં આવી ગયું, 'પૂજ્યપાદસ્વામી'(ના) 'ઇષ્ટોપદેશ'માં આવી ગયું, 'પરમાત્મપ્રકાશ'માં આવી ગયું છે. ઘણે ઠેકાણે આવ્યું છે. જે જેને સમજાવે તે તેનો ગુરુ. હે આત્મા! તું આનંદ છો, તું જ્ઞાન છો, તું પૂર્ણ છો, તું શુદ્ધ છો, તું અનાદિથી રખડ્યો છો. એવું જે સમજાવીને અંદર ઠરે એ ક્રિયા કરે એ એનો ગુરુ.

મુમુક્ષુ :– અભેદ થયું એમાં ગુરુ સાબિત કેવી રીતે થયા?

ઉત્તર :– કહે છે, એ તો અભેદ થઈ ગયો, એમાં ગુરુ સાબિત ક્યાં થયા? એક થઈ ગયું. એ એક થયું એમાં જ ગુરુ રહ્યા. આત્મા ગુરુ, એની પર્યાય–પ્રજા એના શિષ્ય. ઘણા વર્ષ પહેલાં, 'ઉત્તરાધ્યયન'નું પહેલું અધ્યયન છે ને? એમાંથી કહેતા. પહેલા એમાંથી કાઢતા. 'ઉત્તરાધ્યયન'નું પહેલું અધ્યયન 'વિનય અધ્યયન' છે. શિષ્ય છે એ વિનય કરે છે. પર્યાય આત્માનો વિનય કરે છે. આત્મા ગુરુ છે, શિષ્ય વિનય કરે છે. ભગવાનનો માર્ગ વિનયમાર્ગ છે, કીધું. એ..ઇ...! આવે છે ને 'ઉત્તરાધ્યયન'નું પહેલું (અધ્યયન). 'સંયોગાવિત્તમુક્ત' આવે છે. 'ઉત્તરાધ્યયન'નું પહેલું (અધ્યયન). શિષ્ય વિનય કરે, વિનય. આત્માની પર્યાય અંદર દ્રવ્યને બહુમાન આપે. એના ઉપર નજર કરે. એ આત્મા ગુરુ અને પર્યાય શિષ્ય છે. લ્યો, બે થઈ ગયા. એમ તો નામભેદે ભેદ છે, લક્ષણભેદે ભેદ છે, ભાવભેદે ભેદ છે, પ્રદેશભેદે અભેદ છે.

ભગવાનઆત્મા...! બે ધર્મ ગણ્યા છે ને? એક પર્યાયધર્મ અને એક દ્રવ્યધર્મ. બે ધર્મ ગણ્યા છે. દ્રવ્યધર્મ કાયમી અસલી તત્ત્વ છે. પર્યાયધર્મ ક્ષણિક છે. કારણ કે જેટલું કાર્ય થાય એ પર્યાયથી થાય છે. પર્યાયથી થાય છે, ગુણથી-દ્રવ્યથી થતું નથી. પણ જેનો આશ્રય લ્યે છે તે પર્યાય નથી. આશ્રય લ્યે છે તે દ્રવ્યનો. આધાર એનો એટલે ગુરુ ઇ થયો.

મુમુક્ષુ :– ગુરુના આધાર વિના પર્યાય થાય?

ઉત્તર :– ન થાય, ગુરુના આધાર વિના પર્યાય ક્યાંથી થાય? આત્માના આધાર વિના ન થાય, એમ. કહો, સમજાણું આમાં?

'સમાધિશતક' માં કહ્યું છે, મનુષ્યો સાથે વાત કરવાથી મનની ચંચળતા થાય છે,...' આ તો એકાગ્રતા કેમ કરવી એનો ખુલાસો કરે છે. 'પછી મનમાં ભ્રમ થાય છે...' આને શું કહું? આને આમ કહું. (એમ) ત્યાં રોકાવું પડે. 'યોગીએ મનુષ્યોનો સંગ છોડવો જોઈએ,...' ભગવાનઆત્માને સાધનાર એકાંતમાં જેમ બને તેમ પોતાના સ્વરૂપને સાધે. બીજા વળી કો'ક

www.vitragvani.com



પૂછે, વળી એનો જવાબ આમ થાય, કે એમ ન હોય, હા. ના.. (કરતાં) રોકાવું પડે અને પોતાની એકાગ્રતામાં ખલેલ પહોંચે. બીજો સમજે નહિ તો એના ઘરે રહ્યો. આ વ્યવહાર, નિશ્ચયના ઝગડા, નિમિત્ત-ઉપાદાનના ઝગડા અને ક્રમબદ્ધના ઝગડા. પાંચ બોલના ઝગડા છે. પાંચ સમજે તો એ પરમેશ્વરને સમજે, લ્યો! આહાહા..! ઝગડા ઊભા કર્યા. એમાં રોકાવું પડે. શરીર માટે રોકાવું પડે. કહો, સમજાણું? કહે છે કે, એ બધા પરસંગ માટે.. એ પરસંગ છે ને? એને ખવરાવવું ને પીવરાવવું ને દવા ને ચોપડવું ને... કહો, સમજાણું કાંઈ? એ વિકલ્પનો પરસંગ છે.

મુમુક્ષુ :- એકાંતમાં જાય તો વિકલ્પ તૂટી જાય.

ઉત્તર :- એકાંતમાં જાય તો તો અંદરમાં (વિકલ્પ) તૂટી જાય. એકાંત એટલે આત્મા, બીજો એકાંત ક્યો હતો? જંગલમાં શું છે? જંગલમાં ઘણા કાગડા કો.. કો.. કર્યા કરે છે. જંગલ અહીં અંદર છે, જંગલ અહીં પડ્યું છે. ભગવાનઆત્મા શૂન્ય છે. રાગથી શૂન્ય છે. અંતર ગુફામાં ધ્યાન કર, એવું શાસ્ત્રમાં આવે છે. આવે છે ને ૪૯ ગાથામાં? 'જયસેનાચાર્યદેવ'માં. આ અહીં ઇ કહે છે. સમજાણું કાંઈ? લ્યો!

---

## નિર્મોહી થઈને પોતાના અમૂર્તિક આત્માને જુઓ.

असरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि।
मिंच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि।।६१।।

તનવિરહિત ચૈતન્યતત્ત્વ, પુદ્‌ગલ તન જડ જાણ;
મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧.

અન્વયાર્થ :- (असरीरु वि सुसरीरु मुणि) પોતાના શરીર રહિત આત્માને જ ઉત્તમ જ્ઞાન શરીરી સમજો. (इहु सरीरु जडु जाणि) આ પુદ્‌ગલ રચિત શરીરને જડ અને જ્ઞાનરહિત જાણો. (मिच्छा मोहु परिच्चयहि) મિથ્યા મોહનો ત્યાગ કરવો. (मुत्ति णियं वि ण मणि) મૂર્તિક એવા આ શરીરને પણ પોતાનું ન માનો.

---

હવે ૬૧. 'નિર્મોહી થઈને પોતાના અમૂર્તિક આત્માને જુઓ.' અહીં તો સારમાં સાર ફેરવી ફેરવીને વાત બીજી લ્યે છે.

असरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि।
मिंच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि।।६१।।

'પોતાના શરીર રહિત આત્માને જ ઉત્તમ જ્ઞાન શરીરી સમજો.' જોયું? પોતાના 'असरीरु'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા શરીર રહિત. 'सुसरीरु' પણ જ્ઞાનશરીર સહિત. 'सुसरीरु' છે ને? ઉત્તમ જ્ઞાનશરીર, એમ.

મુમુક્ષુ :– સુશરીર.

ઉત્તર :– હા, સુશરીર છે. આ શરીરરહિત પણ સુશરીર સહિત. સુશરીર નામ ઉત્તમ જ્ઞાન. ચૈતન્ય પરમભાવ, ચૈતન્યનો આત્માનો પરમભાવ એ એનું શરીર છે.

'इहु सरीरु जडु जाणि' આ શરીરને જડ જાણ. સમજાણું? 'પુદ્ગલ રચિત શરીરને જડ અને જ્ઞાનરહિત જાણો. મિથ્યા મોહનો ત્યાગ કરવો.' એક વાર જડ (ઉપરથી) દૃષ્ટિ ખસેડી. અને પર તરફનો મિથ્યા મોહ–ભ્રમણા. કાંઈક પરમાં ઠીક થાય તો ઠીક પડે, આમ થાય તો આમ પડે, પ્રતિકૂળતા ટળે તો ઠીક પડે, અનુકૂળ એકાંત જગ્યા (હોય), સંસાર છોડીને બહાર હોઉં તો મને ઠીક પડે, એ બધો મોહ છે, કહે છે. સમજાણું કાંઈ? જ્યાં બેઠો ત્યાં જંગલ છે. તને ખબર નથી. 'મિથ્યા મોહનો ત્યાગ કરવો. મૂર્તિક એવા આ શરીરને પણ પોતાનું ન માનો.' એમ. સમજાણું? આ શરીર મૂર્તિક છે ને? ભગવાન અમૂર્તિક છે. આ જડ છે, આ ચૈતન્ય છે.

'આત્મધ્યાનના સાધકને માટે ઉચિત છે કે તે પોતાને કેવળ જડ શરીર રહિત એક જ્ઞાન શરીરી શુદ્ધ આત્મા સમજે.' કહો. અને 'પુદ્ગલ પરમાણુઓથી રચિત શરીરને એક પાંજરૂં અથવા કારાગાર સમજે.' આ શરીર પોપટને રાખવાનું પીંજરૂં છે. સમજાણું? આ કારાગાર છે. પોપટ ભલે ગમે એવો ચતુર હોંશિયાર (હોય) પણ કારાગારમાં પડ્યો હોય તો ઊડી શકતો નથી. પોતે પડ્યો છે, હોં! કારાગાર એને રાખતું નથી. કારાગાર સમાન છે. એની પર્યાયમાં પોતાની યોગ્યતા રોકવાની છે ને? એને કારાગાર સમાન જાણ. કહો, સમજાણું કાંઈ? 'પોતાનું સર્વસ્વ શ્રેય પોતાના જ આત્મામાં જોડે.' પોતાનું બધું શ્રેય તે આત્મામાં જોડી દે. જેટલી હિતની ક્રિયા કરવાની હોય એને પોતાને આત્મામાં જોડવાની છે. 'સર્વ પર તરફથી પ્રેમ દૂર કરે.' લ્યો! પરથી પ્રેમને છોડી દે વગેરે ઘણી વાત કરી છે.

'જ્યાં સુધી સમ્યક્ત્વ થતું નથી ત્યાં સુધી તે આ દેહનું અને દેહના સુખનું અભિનંદન કરે છે.' જ્યાં સુધી આત્માના શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ, આનંદ સ્વરૂપ છું, આત્મા આનંદ અને અતીન્દ્રિય સુખથી ભરેલો છું, એવી શ્રદ્ધા અને જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી દેહ અને દેહના સુખનું અભિનંદન કરે છે. દેહ ઠીક હોય તો ઠીક અને દેહને અનુકૂળ હોય તો ઠીક, એની એ બુદ્ધિ જતી નથી. શું કીધું, સમજાણું?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ છે એવી સમ્યગ્દૃષ્ટિ ન થાય ત્યાં સુધી શરીર અને શરીરના સાધનને અભિનંદન ટેકો આપે છે. આવું હોય તો ઠીક, આ હોય તો ઠીક, આ હોય તો ઠીક, પણ હું હોઉં તો ઠીક એમ માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માના સ્વભાવમાં આનંદ માને છે, જોવે છે, અનુભવે છે. એથી શરીર અને શરીરના સાધનમાં

www.vitragvani.com



ક્યાંય એનો ટેકો (કે) અભિનંદન નથી. અભિનંદન કહ્યું છે ને? શરીર નિરોગ રહે તો ઠીક એ દેહનું અભિનંદન છે. એ અભિનંદન સમકિતીને હોતું નથી, મિથ્યાદૃષ્ટિ અભિનંદન આપે છે. હાશ... છ મહિનાથી રોગી હતા, હવે મટ્યા. હાશ.. આ હતા. પણ રોગ તો તારો ભ્રમણા હતો, એ ટાળ્યો હવે તારે આનું શું કામ છે? હેં? એમ કહે છે, હોં!

દેહ અને દેહના સુખના અભિનંદન, એમ. સારા આહાર-પાણી, સારા પાણી, સારા સૂવાના, સારા બેસવાના, સારા ખાટલા, પાથરવાના સારા પાતરા એ હોય તો ઠીક. ઠીક એ અભિનંદન આત્મામાં આનંદ છે એવું ભાન અને પ્રતીતિ નથી ત્યાં સુધી એને આ ઠીક, એવું એને ખસતું નથી. સમજાણું કાંઈ? પોતે તો ભગવાનઆત્મા છે, જેમાં અતીન્દ્રિય આનંદ પૂરો પડ્યો છે. એની જ્યાં દૃષ્ટિ થઈ (ત્યાં) હવે આ ઠીક, રહ્યું ક્યાં? અજ્ઞાની તો હાશ.. (કરે). શ્વાસ લેવાનો હવે વખત મળ્યો, હવા-પાણી મળ્યા કાંઈક, હાશ... ગરમી.. ગરમી.. ગરમી.. ગરમી હતી. બહારના સાધન. ઠંડી, બહુ ઠંડી, બહુ ઠંડી... આહાહા...! ત્રણ દિ' થી તો ઠંડી.. ઠંડી.. ઠંડી.. ઠંડી.. ઠંડી. શરીરના બહારના સુખમાં ઠીક, ઠીક આ ઠંડી ગઈ તો ઠીક પડ્યું. હવે ઠંડી ઓછી થઈ. એ ઠીકનું પરમાં સુખનું એટલે અનુકૂળતામાં ઠીકનું અભિનંદન મિથ્યાદૃષ્ટિને હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બોલતા પહેલા બહુ વિચાર કરવો પડે એવું છે.

ઉત્તર :- બોલતા પહેલા હોય? ભાવમાં (જાગૃતિ રહેવી જોઈએ). બોલવાનું શું? બોલે કોણ?

પણ એ તો ભાષા થઈ, ભાષામાં શું છે? ભાવમાં એને આ ઠીક (થયું) તો આ (આત્મા) ઠીક ન રહ્યો. આત્મા આનંદમૂર્તિ છે એવી દૃષ્ટિ થઈ એને બહારના આ દેહ અને દેહના સાધનમાં ઠીક, અનુકૂળ હોય તો ઠીક, અનુકૂળતાનો અર્થ શું? એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? ભૂખ લાગી હતી ને સારું ખવાણું, હોં! ઠીક ખવાણું. એવો ભાવ અંદરની વાત છે. બહારની ક્યાં (વાત છે)? એ વાત તો અજ્ઞાની પણ બોલે, આમ છે, તેમ છે. ભાવમાં ઓલું ઘૂંટણ થયું છે. આ (આત્મા) આની કોર છે એમ ખબર નથી. અતીન્દ્રિય આનંદનો કંદ પરમાત્મા છું, એવી દૃષ્ટિ થઈ તેને દેહ અને દેહના સુખસાધનમાં અભિનંદન રહેતું નથી. મુબારક રહેજો આવું, એમ નથી કહેતા? આ પાસ થાય ત્યારે અભિનંદન આપે ને? હેં? અભિનંદન આપે ને? શું કહેવાય? 'સુધીરભાઈ'! આ ભણે ત્યારે શું કહેવાય, પાસ થાય ત્યારે? મુબારકબાદી. એમ અજ્ઞાની શરીર અને શરીરના સુખના મુબારકબાદી આપે છે.

ધર્મી, આત્મા આનંદમૂર્તિ છે એવી પ્રતીત અને ભાન થયા એ બહારના શરીર અને શરીરના સાધનોમાં મુબારકપણું માનતો નથી. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ. ભગવાન રામની–આત્માની જ્યાં દૃષ્ટિ થઈ, એ તો સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન હું છું, હું તો જ્ઞાન અને આનંદનો કંદ છું. મારા આત્મામાં અતીન્દ્રિય આનંદની ખાણ

www.vitragvani.com



છે. એવી શ્રદ્ધા સમ્યગ્દર્શન, સ્વભાવ સન્મુખ થઈને થયું (તે) બાહ્યના કોઈપણ સાધનને ઠીક છે એવું માનવાનું અભ્યંતરમાં રહ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ ઇન્દ્રિય વિષયના ભોગનો લોલુપી છે, એમ. સમજાણું? તીવ્ર લાલશા રાખે એમ ઘણી બધી વાત કરે છે. 'તે મળે ત્યારે હર્ષ અને ન મળે ત્યારે વિષાદ કરે છે, વિયોગ થતાં શોક કરે છે. જેમ જેમ મળે છે તેમ તેમ અધિખ તૃષ્ણાની બળતરા વધારી શકે છે.' જેમ પૈસા મળે, બાયડી મળે, છોકરા મળે, અનુકૂળ મળે, મકાન મળે, ઠીક મળે, કપડા મળે, સૂવાના, ઓઢવાના, હવા-પાણીના બધા ચારે કોર.. આમ.. ઓ..હો..હો...! ત્યાં તો એને અંદર હા..શ... (થઈ જાય). અત્યારે હવે બાદશાહી છે. મૂરખની બાદશાહી, એમ કહે છે. અને જ્ઞાનીની બાદશાહી આત્મામાં છે, એમ કહે છે. એ આનંદ છે, આનંદ છે એ જ આત્મા, બીજો આનંદ ક્યાંય છે જ નહિ. એને બહારમાં અભિનંદન ટેકો આપવો એ રહ્યું નહિ. અજ્ઞાનીને અંતરના આનંદના ખબર નથી એટલે બહારનો ટેકો આપ્યા વિના રહેશે નહિ.

'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' લ્યો! આવે છે કે નહિ? 'જયચંદભાઈ' બહુ બોલે છે અમારે. કેમ થયું? હવે ક્યાં સુધી રહેશે ઇ? 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' એ ગોખી રાખ્યું છે. એનો અર્થ કે, 'શરીરે દુઃખી તો દુઃખી સર્વ વાતે.' એમ. પૈસા હોય, છોકરા હોય તોપણ દુઃખી છીએ. ધૂળમાંય બહારમાં સુખ-દુઃખ નથી, મફતનો ટેકો આપે છે. રહેવા યોગ્ય ચીજ નથી એને ટેકો આપે છે. સમજાણું? એ રહેવા યોગ્ય ચીજ નથી, એને અભિનંદન આપે છે કે, ઠીક થયું, રહેજો, રહેજો, રહેજો. મૂઢ અનિત્યને રહેજો કહે છે. અનિત્યને રહેજો એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! સમજાણું?

મિથ્યા મોહ પરિચય. શબ્દ પડ્યો છે ને? એની બધી વ્યાખ્યા છે, હોં! મિથ્યા મોહ છે ને? એની વ્યાખ્યા છે, હોં! ભગવાનઆત્માનું શરીર–જ્ઞાનશરીર છે એમ જ્યાં ભાન થયું પછી મિથ્યામોહનો ત્યાગ થયો. મિથ્યામોહનો ત્યાગ ન હોય તો આ રીતે તે માને છે. આહાહા..! અરે..! એક રાગની શુભની વૃત્તિ આવે એને પણ અભિનંદે એને મિથ્યામોહ છે. આહાહા..! કેમકે ભગવાન તો જ્ઞાનશરીરી છે, પ્રભુ તો ચૈતન્યશરીરી છે, એના આનંદ અને એના ઠીકને ન માનતા આવા ઠીકને માને એ મિથ્યામોહ છે. માટે છોડ. મોહ પરિચયી. સમજાણું?

શરીર મૂર્ત (છે), રાગાદિ બધું મૂર્ત છે એને પોતાનું જાણે નહિ, એમ છે ને? એ શરીરને પણ પોતાનું માને નહિ. જેટલું બધું મૂર્ત સ્વરૂપ છે એ પોતાનું જાણતો નથી. ચોથો બોલ છે ને? શ્લોકનો ચોથો બોલ છે. 'વર્તમાન જીવનની ચિંતામાં જ ફસાઈ જાય છે. જો કદાચિત્ દાન, ધર્મ, તપ, જપ કરે છે તો પણ તેના ફળમાં વર્તમાનમાં યશ, ધન, સંતાન અને ઇચ્છિત વિષયનો લાભ ચાહે છે.' ઓલી વસ્તુની તો ખબર નથી એટલે ભાવના તો છે નહિ. એટલે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિ દાન આપે, ધર્મ એટલે કોઈ પુણ્ય કરે, તપ કરે, જપ કરે તો તેના ફળમાં વર્તમાનમાં યશ (ચાહે છે). દુનિયા સારો કહે છે કે નહિ? દુનિયામાં કંઈ મળશે કે નહિ આમાં? સંતાન મળશે કે નહિ? દીકરો થાશે કે નહિ? ઇચ્છિત વિષયનો લાભ. ધાર્યા ભાવના પગાર મળશે કે નહિ? એટલી પેદાશ થશે કે નહિ? દુકાન સરખી ચાલશે કે નહિ? બધું ધર્મને બહાને આવી ભાવના હોય.

'કદાચિત્ પરલોકનો વિશ્વાસ થયો...' લ્યો ને! એને કહે છે. આવા દાનાદિ કરતો હોય 'તો દેવગતિના મનોજ્ઞ ભોગોની તૃષ્ણા રાખે છે.' ન્યાં સારા ભોગ મળે, સારા દેવ થાઉં, હલકો નહિ, વ્યંતર ને જ્યોતિષ નહિ. મોટો દેવ થાઉં એવી તૃષ્ણા રહે. સમજાણું કાંઈ? 'તેના મન, વચન, કાયાનું બધું વર્તન સાંસારિક આત્માના મોહ ઉપર આધાર રાખે છે.' ઓલું મિથ્યા મોહ પરિચયી છે ને? એની વ્યાખ્યા કરી છે.

'અંદરનો પ્રેમ એક આત્માનંદ પ્રત્યે જ રહી જાય છે. આ જ સમ્યગ્દૃષ્ટિ જીવ નિશ્ચિંત થઈને જ્યારે ઇચ્છે ત્યારે સરળતાથી આત્માની અંદર સર્વ શરીરોથી ભિન્ન જ્ઞાનાકાર જોઈ શકે છે.' ભગવાનઆત્મા, એની જ્યાં સમ્યગ્દર્શનથી પ્રાપ્તિ થઈ, સમ્યગ્દર્શનથી પ્રાપ્તિ થઈ, મિથ્યાદર્શનમાં તો વિકાર અને સંયોગની પ્રાપ્તિ હતી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અંતર્મુખની પ્રાપ્તિ થઈ એથી એને નિશ્ચિંત થઈને જ્યારે ઇચ્છે ત્યારે આત્માનું ધ્યાન કરી શકે છે. આત્માને પકડ્યો છે કે, આ આત્મા. શુદ્ધ ચૈતન્ય અનુભવમાં આવી ગયો છે. જ્યારે વલણ કરવા માગે ત્યારે વલણ કરીને આત્માનો અનુભવ કરી શકે છે. સમજાણું?

'તેને પોતાપણું પોતાના જ આત્મામાં રહે છે,... ચારિત્ર મોહના ઉદયથી રોગી સમાન કડવી દવા પીતો હોય તેમ લાચાર થઈને વિષય ભોગ કરે છે...' લાચાર થઈ કડવી દવા જેમ પીવી પડે, એમ સમકિતીને વિષયના વિકલ્પમાં જોડાવું પડે છે. કડવી દવા પીતો હોય, મહા કડવી. મોઢું આમ થઈ જાય. સમજાણું કાંઈ? એમ મોઢું અંદરમાંથી ફરી જાય છે, કહે છે. આહાહા..! ભોગની વાસના ઝેર જેવી લાગે. સમજ્યા ને? કડવી દવા જેવી લાગે. 'પણ ભાવના તેના ત્યાગની જ રહે છે.' આ ક્યારે છૂટે? ક્યારે છૂટે પુરુષાર્થથી? એમ ભાવના રાખે છે. કહો, સમજાણું?

'દૃષ્ટિમાં ગ્રહણ યોગ્ય એક નિજ સ્વરૂપ જ રહે છે. સમ્યગ્દર્શનનો ધારક જ આત્માના દર્શન અંદર કરી શકે છે.' લ્યો! અજ્ઞાની વારંવાર રાગ અને પરનું દર્શન કર્યા કરે, પરને જ દેખે છે, એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ રાગને, વિકારને, શરીરને, આની અનુકૂળતા બહાર પર્યાયની એને જ દેખ્યા કરે છે. સમ્યગ્દૃષ્ટિ આત્માને પ્રતીત (થઈ છે), શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એવો જ આત્મા વારંવાર અનુભવમાં લ્યે, એવી દૃષ્ટિ એની હોય છે. કહો, સમજાણું? એ પછી એક દાખલો આપ્યો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખ છે.**

**अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।**
**केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ।।६२।।**

**નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય;**
**પ્રગટે કેવળજ્ઞાન ને, શાશ્વત સુખ પમાય. ૬૨.**

**અન્વયાર્થ** :– (**अण्णई अप्पु मुणंतयहं**) આત્માને આત્મા દ્વારા અનુભવતા (**किंणेहा फलु होइ**) કયું ફળ નથી મળતું? બીજું તો શું (**केवलणाणु वि परिणवइ**) કેવળજ્ઞાનનો પ્રકાશ (પણ) થઈ જાય છે (**सासय-सुक्खु लहेइ**) અને અવિનાશી સુખ પ્રાપ્ત કરી લે છે.

---

'આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખ છે.' લ્યો! એ ભગવાનઆત્માના અનુભવનું ફળ મહાન ચૈતન્ય ભગવાન. રાગ અને વિકારના અનુભવનું ફળ ચાર ગતિનું દુઃખ. રાગ, પુણ્ય-પાપ, વિકારભાવ, ઉપાધિભાવ, વિભાવભાવના અનુભવનું ફળ ચાર ગતિનું દુઃખ છે. ચાર ગતિનું દુઃખ, હોં! સ્વર્ગ પણ દુઃખ. આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને આનંદ બે લીધા. જ્ઞાન અને આનંદ, મુખ્ય તો બે જ લેવા છે ને?

**अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।**
**केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ।।६२।।**

કયુ ફળ ન હોય? એમ કહે છે. આત્મા આત્માને અનુભવતા કેમ ફળ ન હોય? આહાહા..! મહાન પ્રભુઆત્મા, એનો અંતરમાં અનુભવ કરતાં, આત્માને શાંતભાવે વેદતાં– અનુભવતાં એને શું ફળ ન હોય? એને શું ફળ ન હોય? સ્વર્ગાદિ તો વચમાં સાધારણ (છે) પણ જેનું કેવળજ્ઞાન ફળ છે.

'**केवलणाणु वि परिणवइ**' ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવો આત્મા, એનો અનુભવ એટલે એની દૃષ્ટિ અને જ્ઞાનમાં રમણતા કરે તો કેવળજ્ઞાનપણે પરિણમી જાય, એમ કહે છે. પરિણમી જાય એમ કહ્યું છે ને? કેવળજ્ઞાનરૂપે થઈ જાય. આત્માનો અનુભવ કરતાં આત્મા સર્વજ્ઞ શક્તિવાળો છે (તો) પર્યાયમાં સર્વજ્ઞ પરિણતિરૂપે થઈ જાય. અવસ્થામાં સર્વજ્ઞ કેવળજ્ઞાનરૂપીની અવસ્થા થઈ જાય. '**सासय-सुक्खु लहेइ**' લ્યો! અને સાથે શાશ્વત નિત્ય અવિનાશી કાયમ ટકે એવા સુખને પામે. જ્ઞાનને પરિણમે અને સાથે સુખને પણ પામે, એ આત્માના અનુભવનું ફળ (છે). એવો મહાઅનુભવ, આત્માનો મહા મોક્ષનો માર્ગ છે, એના ફળ કેવળજ્ઞાન અને અનંત આનંદ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૧૩, ગુરુવાર
## તા. ૩૦-૦૬-૧૯૬૬
## ગાથા-૬૨ થી ૬૪ પ્રવચન નં. ૨૨

૬૨ મી ગાથા.

अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।
केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ।।६२।।

બહુ સારમાં સાર વાત છે. 'યોગસાર' છે ને? આત્માને આત્મા દ્વારા, પાઠમાં આમ શબ્દ છે. 'अप्पई अप्पु' એમ છે. આત્માને.. આત્મા કોણ છે, એને પહેલો એણે જાણવો જોશે ને? આત્મા જ્ઞાન, આનંદનું રૂપ તે આત્મા છે. એમાં પુણ્ય-પાપના વિકાર, શરીર, કર્મ એ આત્મા નથી.

મુમુક્ષુ :- એકાંત નથી થઈ જતું?

ઉત્તર :- એકાંત જ છે. આત્મામાં વિકાર બિલકુલ નથી. વસ્તુમાં વિકાર છે? દ્રવ્યમાં, વસ્તુ આત્મા જેને કહીએ (એમાં વિકાર નથી). એ વિકાર તો આસ્રવ તત્ત્વ છે, કર્મ અજીવ તત્ત્વ છે, શરીર અજીવ તત્ત્વ છે. નહિતર નવ તત્ત્વ સિદ્ધ શી રીતે થશે? આસ્રવ છે એ પુણ્ય-પાપના વિકારો, વ્યવહાર ત્રિકાળની-સ્વભાવની અપેક્ષાએ, એ વસ્તુમાં નથી. તો એ વસ્તુમાં છે શું? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત શુદ્ધ ગુણ છે. એવો 'આત્માને આત્મા દ્વારા...' છે ને? 'अप्पई अप्पु' 'આત્માને આત્મા દ્વારા...' ભાવાર્થમાં પણ એ કહ્યું છે, જુઓ! 'આત્મા દ્વારા આત્માનો અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે.' મોક્ષમાર્ગ જ એને કહીએ, એને કહેવાય અને એ છે.

આત્મા ચૈતન્યસ્વરૂપ, પુણ્ય-પાપના રાગથી સર્વથા નિરાળો (છે). એવો આત્મા અંતર સ્વરૂપમાં એને દૃષ્ટિમાં લઈને આત્માને આત્મા દ્વારા અનુભવવો. એટલે કે નિર્વિકલ્પ દશા દ્વારા એને અનુભવવો. 'યોગસાર' છે ને? આત્માને આત્મા દ્વારા, એ 'યોગસાર' છે. આત્મા દ્વારા. ચૈતન્ય મહાસત્તા વસ્તુ છે. ચૈતન્ય મહાસત્તા અનાદિઅનંત જ્ઞાન, દર્શન, આનંદ સંપન્ન વસ્તુ છે. વિકાર અને શરીર, કર્મ એ એનામાં છે નહિ, એ તો પર ચીજ છે. એવા આત્મા દ્વારા આત્માનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. બહુ ટૂંકી અને સારમાં સાર વાત છે.

ભગવાનઆત્મા પવિત્ર શુદ્ધ આનંદધામ (છે), એને આત્મા દ્વારા એટલે એની સ્વભાવની પરિણતિ, વિકાર રહિત દ્વારા, વિકાર રહિત અવસ્થા દ્વારા અનુભવ કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? 'અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે.'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પાઠમાં તો એ છે ને? 'કયું ફળ નથી મળતું?' એમ કહે છે. ભગવાનઆત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ આનંદ, એ દ્વારા એનો અનુભવ કરતાં શું ફળ ન થાય? શું ફળ ન થાય? વચ્ચે મતિ-શ્રુત જ્ઞાનની વિશેષતા પ્રગટે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, ક્રમે ક્રમે આગળ વધતાં અનુભવ કરતાં કેવળજ્ઞાન થાય. શું ફળ ન થાય? કહો, આમાં કોઈ કારણ આ સંઘયણ હોય તો થાય ને આ રાગ, વ્યવહાર વિકલ્પ હોય તો થાય, એ વાત છે નહિ. બીજા શાસ્ત્રમાં એવું નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. એ વખતે બીજ ચીજ પૃથક (છે). રાગની મંદતા, સંઘયણ આદિનું જ્ઞાન કરાવ્યું કે એક આવી ચીજ છે પણ સાધન તો સ્વભાવનું સ્વભાવ દ્વારા જ એની મુક્તિનું સાધન છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

વીતરાગી સ્વભાવી આત્મા, સર્વજ્ઞ સ્વભાવી આત્મા કે વીતરાગ સ્વભાવી આત્મા, એને વીતરાગી પર્યાય દ્વારા જ અનુભવ થઈ શકે. એટલે કે નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી દશા છે, એ વીતરાગી દશા દ્વારા આત્માનો અનુભવ થાય. સમજાણું કાંઈ?

'જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આ આત્મજ્ઞાની ધ્યાનના સમયે ચાર ફળ પામે છે.' એ જરી થોડી વાત કરી છે. 'આત્મિક સુખનું વેદન થાય છે.' આ કેવળજ્ઞાન ફળ પામે એમ કીધું છે ને! વચ્ચે શું ફળ પામે નહિ? બધું પામે. આત્મા પોતાના નિજ સ્વરૂપ, પરમાનંદ એનું રૂપ, એનો અંતરના આનંદ દ્વારા અનુભવ કરતાં એને પહેલું તો અતીન્દ્રિય આનંદનું વેદન થાય. પહેલું ફળ તો અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય. કહો, સમજાણું? અતીન્દ્રિય આનંદનું વેદન. પોતે અતીન્દ્રિય આનંદ નિત્યાનંદ સ્વરૂપ વસ્તુ, એને અંતરની નિર્મળ વિકાર રહિત દશા દ્વારા, એને આત્મા તરફની દૃષ્ટિથી અનુભવ કરતાં પહેલું તો અતીન્દ્રિય આનંદનું વેદન થાય. આત્માના અનુભવનું પહેલું ફળ આનંદ છે. હેં?

મુમુક્ષુ :– એનાથી બહારમાં સુખના ઢગલા થાય?

ઉત્તર :– બહારના સુખના ઢગલા હતા કે દિ'? ધૂળમાં. સુખનો ઢગલો તો ઇ પોતે છે. અતીન્દ્રિય આનંદનો ઢગલો, ઢગલો. સમજ્યા? ઢગલાને શું કહે છે? ઢેર. અતીન્દ્રિય આનંદનો ઢેર આત્મા છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ પુંજ છે. અતીન્દ્રિય આનંદ સિદ્ધને જે આનંદ છે એવા જ અતીન્દ્રિયઆનંદનો પુંજ આત્મા છે.

અહીં તો સીધી વાત છે ને! 'યોગીન્દ્રદેવ' 'યોગસાર' (કહે છે). 'યોગીન્દ્રદેવ' છે ને? તો 'યોગસાર' (કહ્યું). પોતાનું નામ 'યોગીન્દ્ર' છે. 'યોગીન્દ્રદેવ'નું આ 'યોગસાર' છે. એમ ધર્મી આત્મા સમ્યગ્દર્શનથી માંડી પોતાના ચૈતન્ય શુદ્ધ આનંદના અંતર્મુખનો અનુભવ કરતાં, એને શું ફળ ન થાય? તો કહે છે કે, પહેલું તો એને આનંદનું ફળ થાય. સમજાણું કાંઈ? 'એ અતીન્દ્રિય સુખ અરિહંત અને સિદ્ધ પરમાત્માના સુખની જાતિનું છે.' લ્યો! જે અરિહંત,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સિદ્ધ પરમાત્માને અતીન્દ્રિય આનંદ છે, એવો જ અતીન્દ્રિય (આનંદ) ધર્મીને (આવે છે). આત્માના અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા અનુભવ કરતાં એને પ્રથમ આનંદનો જ અનુભવ થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણ એ ત્રણ પહેલા થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર, આત્માનો અનુભવ થતાં એ ત્રણ પહેલાં થાય. ભારે વાત, ભાઈ!

વસ્તુ અંદર મહા ચૈતન્ય મહાપ્રભુ, એની મહાન પ્રભુતાના નિર્વિકાર દ્વારા એને પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ દ્વારા અનુભવતાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એને આનંદની દશાનો અનુભવ થાય. સમજાણું કાંઈ? કે જે આનંદ અરિહંત અને સિદ્ધને પૂર્ણ આનંદ છે એ જ માંહેલો અતીન્દ્રિય આનંદના અનુભવનો નમૂનો પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવને આત્માના અનુભવથી જે આનંદ થાય એ અરિહંત અને સિદ્ધની આનંદની જાતનો આનંદ છે. આહાહા..! અને તે આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલાં તરણાં જેવા દેખાય. સમજાણું કાંઈ? છન્નુ હજાર સ્ત્રી હો, રાજપાટ, આમ બત્રીસ હજાર મુગટબંધી રાજા, ખમ્મા અન્નદાતા (કહેતા હોય), ખમ્મા.. ખમ્માના પોકાર આમ કરોડો, અબજોમાં (થતા હોય). એ નહિ રે.. નહિ. એ આનંદ મારો મારી પાસે (છે). એ આનંદની ગંધ ક્યાંય ન મળે.

ધર્મીજીવને ગૃહસ્થાશ્રમમાં પણ.. એ પછી આગળ કહેશે. ગૃહસ્થાશ્રમ અને મુનિ, બેય આત્મામાં વસે છે. આગળ ૬૫ મી ગાથામાં કહેશે, ૬૫ માં. ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો કે મુનિ થઈને આત્મજ્ઞાની મુનિ હો, બેયને શરૂઆત થતાં આત્માના આનંદનું વેદન (થાય છે). કેમકે બધી શક્તિઓની વ્યક્તતા પહેલા જ અનુભવકાળમાં એને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? 'उवगोऊ' આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં. 'उवगोऊ सर्वधर्माणं' સર્વ ધર્મનો અર્થ જ કર્યો છે, સર્વ ગુણની શક્તિઓનું વર્ધવું. એક સિદ્ધાંત જ ત્યાં બસ છે. ભગવાનઆત્મા અનંત અનંત બેહદ સંખ્યાએ ગુણનો સમૂહ છે. બેહદ અનંત ગુણનો સંખ્યાએ સમૂહ છે. એના ગુણના ભાવની અચિંત્યતા અપરિમીતતા તો અપાર છે પણ એની ગુણની સંખ્યા છે (એ પણ) અનંત અચિંત્ય અપાર છે. એટલા અનંત ગુણોનો ધરનાર દરિયો ભગવાન, એનો અંતર સમ્યગ્દર્શન આદિથી અનુભવ થતાં, અનુભવ થતાં, એ અનંતા ગુણોની શક્તિની વૃદ્ધિ, શક્તિમાંથી પર્યાયમાં વ્યક્તિ, અનંત ગુણની પર્યાયની શુદ્ધિની વૃદ્ધિ સમ્યગ્દર્શન થતાં સમયે સમયે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આખો આત્મા પૂર્ણ જ્યાં અનંત પરમાત્મા જેના ગર્ભમાં, ધ્રુવમાં, પેટમાં વસે છે, એવા પરમાત્મા, એવો પરમસ્વરૂપ ભગવાનઆત્મા, એને અંતર્મુખ, અંતર્મુખ એવી દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા અંતરનું વેદન અને અનુભવ (કરતાં) શું ફળ ન થાય? કહે છે. ઓહો..હો...! અનંતા ગુણોની શક્તિનું સત્ત્વ, એનો અનુભવ કરતાં એક સમયમાં અનંતી શક્તિની વ્યક્તતાનો

www.vitragvani.com



અંશ તે કાળે પ્રગટ થાય છે. એમાં આનંદનું મુખ્યપણું છે. સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :– એમ કહીને શું બતાવવું છે?

ઉત્તર :– કહે છે ને આ. બતાવવાનું શું કીધું આ? આંખ્યું કોની પણ? આંખ્યું કોની જોવે? જો! આ હીરો લાખનો! જુઓ! એના એક એક પાસાની, એક એકની આટલી કિંમત! જુઓ! એમાં પીળી ગંધ નથી. જુઓ! ધોળપ! એ કોણ દેખે? આંખ્યુંવાળો કે આંખ્યું વિનાનો? ઇ આંખ્યુંવાળો ને? ઇ આંખ્યું એને કહેવાય, ઓલાને આંખ્યું કહેવાય જ નહિ. સમજાણું કાંઈ?

જે વીર્ય આત્માના સ્વરૂપને રચે તેને જ વીર્ય કહેવાય. શું કીધું? એને જ વીર્ય કહેવાય. અને જે જ્ઞાન આત્માને જ્ઞેય બનાવે એને જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ? અગમ્યને ગમ્ય કરવાની વસ્તુ છે. ભાઈ! એણે મોક્ષમાર્ગ... પોતે જ મહા ભગવાન એવા મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય (થાય) એવી તો અસંખ્ય જે પર્યાય નિર્મળ થાય એ તો બધી આત્મામાં પડી છે. શું કહ્યું? મોક્ષમાર્ગની પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પ્રગટ થતાં પૂર્ણ કેવળ થાય તેમાં અસંખ્ય પ્રકારની મોક્ષમાર્ગની પર્યાય બધી ભગવાનઆત્માના અંતરમાં–ધ્રુવમાં પડી છે. અને અનંત કેવળજ્ઞાન જે ફળ પામે એવું અનંત કેવળજ્ઞાન આદિ અનંતી સિદ્ધની પર્યાયો (એના) પેટમાં પડી છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગનું સાધકપણું અસંખ્ય સમયમાં જ હોય છે અને એનું ફળ અનંત સમય રહે છે. શું કહ્યું, સમજાણું? તેથી આમાં શબ્દ પડ્યો છે–'अप्पई अप्पु मुणंदयहँ', 'अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ। केवल-णाणु वि परिणवइ' જ્યાં કેવળજ્ઞાન પણ પરિણમે, એમ કહે છે. અને શાશ્વત સુખને પામે. ઓ..હો..હો...! એક જ શ્લોકમાં (બધું ભરી દીધું છે). ભગવાનઆત્માની જાતને અનુભવતાં રાગ, દયા, દાન વિકલ્પ આદિ પર એની સાથે કંઈ ધર્મનો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? આ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનમાં વસતા હતા. એ પોકાર કરે છે કે, અરે...! 'अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।' ભગવાન! તારી નાતના સ્વરૂપની જાત, સિદ્ધની જાતનો આત્મા, એવી આત્માની જાતને અનુભવતાં શું ન ફળ થાય? સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ પ્રતીત, જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભૂતા આદિ અનેક શક્તિઓની પર્યાયમાં પ્રગટતા અનુભવ કરતાં થાય. સમજાણું કાંઈ? જુઓ!

'બીજું ફળ એ છે કે અંતરાયકર્મનો ક્ષયોપશમ વધવાથી આત્મબળ વધે છે...' જુઓ! વીર્યની રચના. વીર્ય આત્મબળ ભગવાનઆત્મા તરફ ઢળ્યું અને અનુભવમાં વીર્ય વળ્યું, એથી એ વીર્યે એવી સ્વરૂપની રચના કરી કે વીર્યમાં ઉલ્લાસ આવ્યો, વીર્યમાં ઉલ્લાસ આવ્યો કે, હું હવે કામ પૂરું કરી શકીશ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાને નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા અનુભવતાં એક તો મુખ્યપણે આનંદનું વેદન (થયું) અને વીર્યની ઉત્સાહતા,

www.vitragvani.com



વીર્યનો ઉત્સાહ, ઉત્સાહ, પ્રસન્નતા, પ્રસન્નતા, પ્રમોદતા (આવ્યા). એ વીર્ય ઉછળ્યું. પૂર્ણ કેવળને લઈને એવું ઉત્સાહિત વીર્ય એને જાગે. ઇ એનું ફળ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ.. 'માંગીરામજી'! આ કોની વાત ચાલે છે? મોક્ષની? આત્માની. મોક્ષ તો એનું ફળ છે. આહાહા..!

એ ખેતર કંઈ કાચુ નથી કે જેના ખેતર ખેડે સાધારણ કળથી પાકે. આ તો અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ખેતર, એનો અનુભવ કરતાં, શું ફળ ન થાય? કહે છે. શું ફળ ન થાય? આહાહા..! આચાર્ય જુઓને! ઉછળ્યું છે ને વીર્ય! ઉલ્લસિત, ઉલ્લસિત વીર્ય! ઉલ્લસીત વીર્યવાન તે આત્માના મોક્ષના માર્ગના અધિકારી છે. સમજાણું કાંઈ? પામર વીર્યના (ધરનાર) તે આત્માના મોક્ષમાર્ગના અધિકારી નથી. સમજાણું કાંઈ?

'અંતરાયકર્મનો ક્ષયોપશમ (ઉઘાડ) વધવાથી આત્મબળ વધે છે...' જુઓ! અંતરાયકર્મ નાખ્યું છે એમાં. અહીં તો આત્મામાં જે અનંત વીર્ય-બળ છે એનો અહીં અનુભવ થતાં વીર્યની વ્યક્તતા એટલી જાગે કે એ વીર્યમાં ઉલ્લસિતતા (થાય કે) આ વીર્યથી તો હું કેવળજ્ઞાન લેવાનો, એમ ઉલ્લસિત થાય. સમજાણું કાંઈ? અરે...! આવો તે કેવો હશે? એ..ઇ...! કોની વાત હશે આ? આ દુનિયામાં પણ કહે છે કે, 'ધન રળે તો ઢગલા થાય, પંડ રળે તો પેટ ભરાય.' એમ કહે છે ને? વાતું કરે છે. હેં? પંડ રળે તો કેટલું થાય? પેટ માંડ ભરાય. ધન જ્યાં પાંચ-પચાસ લાખ, દસ લાખ, કરોડ, દિવસની પાંચ-પાંચ હજાર, દસ-હજારની પેદાશ (થાય). હેં?

મુમુક્ષુ :- ઇ જ સુખનો દરેડો છે.

ઉત્તર :- ઇ જ સુખનો દરેડો છે, મૂઢને! આહાહા..! આ..હા..હા...!

મુમુક્ષુ :- ઉલ્લસિત વીર્યમાં થાતું શું હશે?

ઉત્તર :- હેં! ઉલ્લસિત વીર્ય એટલે જે વીર્ય શક્તિરૂપે છે તેનો અનુભવ થતાં વ્યક્તના વીર્યમાં જાગૃતિ થાય કે આ વીર્ય ઉછળ્યું તે કેવળજ્ઞાનને લેશે. એનું ફળ-આ સર્વજ્ઞપદને લેનાર મારું વીર્ય છે. હું આત્મા સર્વજ્ઞપદને લેવાવાળો છું. સિદ્ધપદને અલ્પકાળમાં ઝપટ મારીને લેવાવાળો (છું). એમ એ વીર્ય જાગે. સમજાય છે? એમ ન થાય કે, અરે..રે...! શું થાશે? કેટલા ભવ કરવા પડશે? ક્યાંક હશે? વચ્ચે પડીશ? અરે...! હાલ.. હાલ...! ભગવાન તે દ્રવ્યસ્વરૂપ કોઈ દિ' પડતું હશે? દ્રવ્યસ્વરૂપ પડી જાય તો અદ્રવ્ય થઈ જાય.

મુમુક્ષુ :- અત્યારે તો વીર્યની વાત છે ને?

ઉત્તર :- ના, ઇ દ્રવ્યની વાત છે. ઇ દ્રવ્ય પોતે જે વીર્યનો પિંડ છે ઇ કોઈ દિ' અદ્રવ્ય થાય? એમ જ્યાં પ્રતીત ને અનુભવમાં વીર્ય આવ્યું કે, આ દ્રવ્ય આવું છે. એનું વીર્ય જાગેલું એ પાછું પડે? સમજાણું કાંઈ? એ ક્ષયોપશમ હોય તો ક્ષાયિક લ્યે અને ક્ષાયિક હોય તો શુક્લધ્યાન લ્યે અને શુક્લધ્યાન હોય તો કેવળજ્ઞાન લ્યે. 'ઝપટ મારે તરવાર'

એવું ક્યાંક આવે છે. કષાયની ઝપટ મારે, એવું બધું ક્યાંક સજ્ઝાયમાં આવે છે. કહો!

'જેથી દરેક કાર્ય કરવા માટે અંતરંગમાં ઉત્સાહ અને પુરુષાર્થ વધી જાય છે.' જુઓ! ઠીક લખ્યું છે માળાએ. આત્માના શુદ્ધ ભગવાન સ્વભાવને, આત્માના શુદ્ધ મહિમાવંત ભગવાન સ્વભાવને અનુભવતાં વીર્યમાં... સમજાણું? અનેક પ્રકારનો ઉત્સાહ, પુરુષાર્થ વધતાં અંદર શું કામ ન કરું? જ્ઞાનની વૃદ્ધિ, શ્રદ્ધાની શુદ્ધતા, આનંદની વૃદ્ધિ, ચારિત્રની સ્થિરતા, સ્વચ્છતા વધતા પ્રભુતાની ઉગ્રતા (થાય). સમજાણું કાંઈ? એ પામર નથી. એ ભગવાન પ્રભુને જેણે સ્પર્શ્યો એની પર્યાયમાં વીર્યની જાગૃતતા, વીરપણું જાગ્યું છે, વીરપણું જાગ્યું છે. સમજાણું કાંઈ? અલ્પકાળમાં આસ્રવના વિકલ્પોને તોડીને નિર્વિકલ્પ પરમાત્માને પ્રાપ્ત કરે એવું એનું વીર્ય છે, એમ કહે છે.

ત્રીજું ફળ થોડું લીધું, 'પાપકર્મનો અનુભાગ ઘટાડે...' પાપકર્મનો રસ ઘટી જાય, પુણ્યકર્મનો અનુભાગ વધી જાય. લ્યો! સમજાણું? ચોથું ફળ, 'આયુષ્યકર્મ સિવાયના સર્વ કર્મોની સ્થિતિ...' ઘટતી જાય. સહજ અનુભવ થતાં, ભગવાનઆત્મા પોતાના અક્ષય સ્થિતિવંત ભગવાનઆત્મા, એના અનુભવથી, અનુભવ થતાં પુણ્યના રસ વધે, પાપરસ ઘટે. સમજ્યાને? અને આયુષ્યની સ્થિતિ પણ ઓછી બાંધે, એ નરક આદિની વધારે ન બાંધે અને સ્વર્ગની પણ અમુક બાંધે. 'આયુષ્યકર્મ સિવાયના સર્વ કર્મોની સ્થિતિ...' ઓછી બાંધે. આયુષ્યની એક વધારે બાંધે. પણ બીજી સ્થિતિ તો ઘણી જ ઓછી (બાંધે). કેમકે મોક્ષમાર્ગે આવ્યો એને સંસારની સ્થિતિ કેમ વધે? ભગવાનઆત્મા પોતાના મોક્ષના, છૂટવાને માર્ગે ચડ્યો એને છૂટવાની સ્થિતિ કેમ વધે? એ કર્મ તો હવે છૂટવા યોગ્ય છે. એની સ્થિતિ ઘણી જ અલ્પ રહે, વિશેષ થાય નહિ.

'જો કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા જેવું ધ્યાન ન થઈ શક્યું તો પછી મનુષ્ય, દેવગતિમાં જઈને ઉત્તમ દેવ થાય છે. જો સમ્યગ્દર્શનનો પ્રકાશ ટકી રહ્યો હોય તો...' એ ટકી રહ્યો હોય, શું? એનો એ બન્યો, આત્મા છે ને બન્યો રહે એ ક્યાં ન બને? સમજાય છે કાંઈ? 'જો સમ્યગ્દર્શનનો પ્રકાશ ટકી રહ્યો હોય તો તે પછી દરેક જન્મમાં આત્માનુભવ કરીને પોતાની યોગ્યતા વધાર્યા કરે છે.' એકાદ, બે ભવ કરવા પડે, રાગની મંદતા છે, પુરુષાર્થની કમી છે તો એમાં આગળ વધતા અનુભવ વધતો જાય. કહો, સમજાણું? છેવટે આઠે કર્મનો ક્ષય કરી, ચારનો (ક્ષય થયે) અરિહંત પરમાત્મા થાય, જ્ઞાનાવરણીય આદિ નાશ થઈને સર્વજ્ઞ થાય (અને) અઘાતિનો નાશ થયે સિદ્ધ થાય. લ્યો, શું ફળ ન થાય? અહીં સુધી (ફળ) થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

'એના જ પ્રતાપે શ્રુતકેવળી થાય છે.' આત્માના અનુભવથી શ્રુતકેવળી થાય. આહાહા..! ભણવાથી ન થાય, એમ અહીં કહે છે. આહાહા..! શું ફળ ન થાય? આત્મા આનંદકંદની જ્યાં અનુભવદશા પ્રગટી, કહે છે કે, (એ) શ્રુતકેવળી થાય. ભણવું પડે નહિ અને શ્રુતકેવળી

www.vitragvani.com



થાય. આત્મા ભણ્યો એ શ્રુતકેવળી થાય, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બારઅંગ ચૌદપૂર્વધારી શ્રુતકેવળી?

ઉત્તર :- હા, અહીં નિશ્ચય ભાન થયું એ શ્રુતકેવળી થયો, પણ આ શ્રુતકેવળી ઓલાની વાત કરે છે, જ્ઞાનની ઉગ્રતાની વાત કરે છે. સમજાણું કાંઈ? શ્રુતકેવળી તો નિશ્ચયથી અનુભવ થયો એ નિશ્ચયથી શ્રુતકેવળી જ છે. ઓલો બાર અંગ, ચૌદપૂર્વધારી શ્રુતકેવળી નહિ. પણ એ અનુભવ થતાં એ શ્રુતકેવળી થાય. એમ કહે છે. એના અનુભવની જાત એવી છે કે ન્યાં અંદરથી આગળ વધતાં શ્રુતકેવળી થઈ જાય. આ શાસ્ત્ર ભણતાં ભણતાં ભણતાં શ્રુતકેવળી થાય એમ નહિ, એમ નિષેધ કરે છે. ભગવાનની ખાણમાં અહીં જે પૂર્ણ જ્ઞાન પડ્યું છે, એનો અનુભવ થતાં શ્રુતકેવળી થાય, અવધિ થાય, મનઃપર્યય થાય. સમજાય છે? અને કેવળ પણ થાય.

'આત્માનુભવીનો ઉદ્દેશ્ય કેવળ શુદ્ધાત્માની પ્રાપ્તિ જ રહે છે.' લ્યો! 'પરંતુ પુણ્યકર્મ વધવાથી ઋદ્ધિ સંપદાઓ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.' આવે છે, કહે છે. દાખલો આપ્યો છે. આમ્રફળ.. આમ્રફળ.. આંબો. કેરી વાવી. કેરી વાવી તો પહેલી તો એને પાંદડાં આદિ થાય ને? પાન, ડાળ એ થાય પછી ફળ થાય. 'જેમ કેરી માટે જ માળી આંબાના વૃક્ષ વાવે છે, ફળ આવવા પહેલાં તે માળી વૃક્ષના પાંદડાં, ડાળી અને ફૂલનો અનુભવ કરે છે.' પછી કેરીનો (અનુભવ) થાય. સમજાણું? એમ આત્માનો અનુભવ થતાં કેટલાક પુણ્યનો ભાગ એને બહાર આવે. સ્વર્ગના સુખ, ચક્રવર્તી, તીર્થંકર વગેરે. પછી આત્માનું સુખ પૂર્ણાનંદની પ્રાપ્તિ.

બીજો દાખલો આપ્યો છે. 'જેમ રાજમહેલ તરફ જનાર મનુષ્ય સુંદર માર્ગ પર ચાલે છે.' મોટો ચક્રવર્તીનો બંગલો હોય એ અંદરમાં જતાં માર્ગના રસ્તામાં જ એની બીજી જાત હોય, એ કાંઈ બીજાના ઘર જેવો માર્ગ અંદર ન હોય.

મુમુક્ષુ :- ગલી, કુચી ન હોય.

ઉત્તર :- ગલી, કુચી નહિ, માર્ગ જ બીજી જાતનો હોય. જ્યાં દિગ્વિજય રહેતો ત્યાં બંગલામાં અંદર ગયા ત્યાં મોટો બંગલો.. ઓ..હો..હો...! જુઓ તો માર્ગ જ બધો એવો હોય. મોટા બંગલા હોય એના રસ્તા (જુદી જાતના હોય). ચક્રવર્તીના બંગલે જવું હોય તો એનો રસ્તો જ બધો (જુદી જાતનો હોય). આમ દરવાજામાં પેસતા જ ચારે કોર ઉપવન હોય, એમ કહે છે. સમજાણું?

'મનોહર ઉપવનોમાં રોકાય છે,...' લ્યો! વિશ્રાંતિ લેવી પડે, થોડો લાંબો માર્ગ તો બેસે. 'શીતળ જળ પીએ છે,...' મોટા રાજાના બંગલા મોટા બે-બે, પાંચ-પાંચ, દસ-દસ, વીસ-વીસ ગાઉમાં (હોય). 'જાપાન'માં મોટો દરબાર છે ને! બહુ મોટો છે. ઘણો મોટો, કેટલા માઈલમાં તો એનો મોટો બંગલો છે. 'જાપાન' કીધું ને? રાજાની વાત સાંભળી હતી, ક્યાંક લખી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોય, સાંભળી હોય. મગજમાં કોને યાદ હોય છે. સમજાણું? 'પૌષ્ટિક ફળો ખાય છે...' એવા ફળો હોય એ તોડીને ખાય. સમજ્યા ને? લ્યો, ઠીક!

'તેવી જ રીતે મોક્ષનો અર્થી જીવ નિર્વાણ પહોંચવા માટે આત્માના અનુભવની સુખદાયક સડક પર ચાલે છે.' આત્માના અનુભવરૂપી સુખદાયક સડક પર ચાલે. ત્યાં દુઃખ નથી. આહાહા..! મોક્ષરૂપી મહેલમાં પહોંચવા પહેલાં પણ સુખદાયક સડક પર ચાલે. અંતરના જ્ઞાનાનંદની એકાગ્રતા દ્વારા સુખરૂપી સડક ઉપર ચાલે. સમજાણું? એવું ફળ છે, લ્યો! (પછી) 'તત્ત્વાનુશાસન'નું કાંઈક કહ્યું છે. એ જ કહ્યું છે.

મુમુક્ષુ :– વસ્તુમાં તો મીઠાશ છે પણ એના વર્ણનમાં પણ મીઠાશ છે.

ઉત્તર :– વર્ણનમાં, વાણીમાં મીઠાશ છે એ તો અમૃત કહેવાય છે, ઓલાને (આત્માને) લઈને. સમજાણું? સાકરનો કોથળો હોય ઇ સાકરમાં તોળાય જાય. સાકર હોય ને? મોટા મોટા ગાંગડા! ચાર-ચાર મણના કોથળા હોય. સાકરનો કોથળો સાકરમાં તોળાય. અઢી શેરનો કોથળો સાકરમાં ગણાય. રૂપિયાના કોથળા, એ રૂપિયાનો કોથળો રૂપિયામાં તોળાય. પહેલા રૂપિયાના કોથળા ભરાતાં. આ રૂપિયા પહેલા નગદ હતા ને! કોથળાના કોથળા ભરતાં. 'સાયલા'નું સાંભળ્યું હતું ને? 'સાયલા'નું નહિ? 'સાયલા' છે ને, 'સાયલા'! ત્યાં પહેલા શેઠિયા હતા, સારા શેઠિયા હતા. એના છોકરાના લગ્ન હતા, છોકરાના લગ્ન. રાજાને શેઠ ઉપર પ્રેમ, શેઠને રાજા ઉપર પ્રેમ. કોઈને (કોઈની સાથે) દગો નહિ, ખુલ્લું બતાવે એ તો. મોટી ઓસરી હતી. એમાં દાણાની થપ્પીઓ નાખે એમ રૂપિયાના થેલા ભરેલાની થપ્પીઓ (મારેલી). રાજકુમાર સાથે (હતો). રાજાનો દીકરો સાથે (હતો). શેઠનો દીકરો પરણે એટલે રાજાને બોલાવેલા. છોકરો આમ આમ હાથ મારે છે, ઓલી રૂપાની થેલીઓ પડી હતી. રૂપિયાના કોથળાના કોથળા ભરેલા, હોં! આખી લાઈન. 'બાપુ! આ શું છે?' રાજાને કહે છે. 'ભાઈ! આપણા શેઠ રૂપિયાવાળા બહુ છે અને એ રૂપિયા અહીં રાખ્યા છે.' 'કેમ?' કે, 'એનું જાય તો આપણે ભરવું પડે, એવો એને આપણી ઉપર વિશ્વાસ છે.' રાજા એવા મીઠા હતા. એના પૈસા ઉઘાડા અહીં મૂક્યા છે. એક કોથળો જાય તો આપણને કહે, તો આપણે ભરવા પડે. એને આપણી ઉપર એવો વિશ્વાસ છે. કોઈ લ્યે નહિ, કોઈ એને અડે નહિ. 'ન્યાલભાઈ'! એ વખતે રાજા એવા (હતા). એમ નહિ કે, આટલું બધું આની પાસે? મારી પાસે નહિ ને આની પાસે આટલું બધું, એમ નહોતું. (રાજાના છોકરાને એમ કે) આ શું છે? (પહેલા) ખારેકું વેંચતા ને? ખારેકું. ખારેકું વેંચતા એટલે રાજા કુંવરે હાથ (અડાડ્યો કે) આ ખારેકું ભરી છે? ખારેકું નથી, ભાઈ! કુંવર! એ તો રૂપિયા, શેઠના રોકડા રૂપિયા છે. આટલા ખુલ્લા? ખુલ્લા ક્યાં, એ તો આપણા શેઠને અમારો વિશ્વાસ છે. અમે રાજના પુત્ર છીએ. પુત્રની લક્ષ્મી રાજની છે, એમ ધારીને એને દરકાર નથી. કોઈ લઈ જશે કે કોઈ લૂંટશે, એવી દરકાર નથી માટે ખુલ્લું મૂક્યું છે. એ..ઇ...!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક જણાને ઘરે એક મોટા નેતાને જમાડવા બેસાડ્યો અને જ્યાં ચાંદીના દસ હજારના થાળ મૂક્યા ખાવા (તો કહે), તમારે આવા ક્યાંથી? પોતે સાધારણ બિચારાને નેતા બનાવ્યા છે. ઘરમાં કાંઈ ન હોય, સમજવા જેવું (હોય). ઓલા સાધારણ ગૃહસ્થને ઘરે દસ હજારના ચાંદીના થાળ હોય. પાંચ-દસ લાખ, પચીસ લાખની મૂડી હોય (તો) દસ હજારના ચાંદીના થાળ (મૂક્યા હોય). (તો એ કહે), તમારે આ ક્યાંથી? અરે..! આવી તમને ઇર્ષ્યા! ઓલા તો રાજાની મીઠી નજરું. સમજ્યા ને? બધી લાઈન જ જુદી હતી. સમજ્યા? પુણ્ય પણ જુદાં.

અહીંયાં પરમાત્મા પોતે.. ઓ..હો..હો...! એના લગ્ન મંડાણા. એમાં કોથળીઓની કોથળીઓ રત્નની ભરી હોય, કહે છે. આ શું છે? આ તો રત્નનો ભરેલો ભગવાન ચૈતન્ય રત્નાકર છે. એ નિર્ભયથી, પોતાના વીર્યથી પૂર્ણાનંદને પ્રાપ્ત કરશે. ભગવાનને પૂછે તો ભગવાન એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણને, કેવળજ્ઞાનને પામશે. ભગવાનને પૂછ્યું, કોણ છે 'કુંદકુંદાચાર્યદેવ'? ત્યાં પૂછ્યું. આવડા ચાર હાથના આચાર્ય. ન્યાં ગયા. ચક્રવર્તીએ પૂછ્યું. ચાર હાથનું શરીર. ત્યાં પાંચસો ધનુષનો દેહ. ત્યાં નીચે બેઠા, હેઠે બેસી ગયા. હાથમાં ઉપાડીને (પૂછે છે), મહારાજ! આ કોણ છે? ભરતક્ષેત્રના ધર્મધુરંધર આચાર્ય છે. ભગવાનના મુખે વાત નીકળી. 'રતનલાલજી'! 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. અત્યારે બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ભગવાનને ચક્રવર્તીએ પૂછ્યું, નાનું શરીર એટલે આમ તીડ જેવું લાગે. આ તીડ જેવો માણસ કોણ છે? આટલું નાનું નાક ને આ બધું.. પાંચસો ધનુષનો દેહ અને આ પાંચસોનો ભાગ. ચાર હાથ અને ઓલો બે હજાર (હાથ). કોણ હશે? નાક, કાન, હાથ, પગ. ભરતક્ષેત્રના ધર્મધુરંધર આચાર્ય (છે). પહેલા નંબરના આચાર્ય છે. આહા..હા...! ભગવાનના શ્રીમુખે વાણી, દિવ્યધ્વનિ દ્વારા (નીકળી), હોં! એમને આમ કંઈ વાણી ન નીકળે. દિવ્યધ્વનિ દ્વારા (કહ્યું), એ ભરતક્ષેત્રના મહાઆચાર્ય છે. આહાહા..! એનું કેવળજ્ઞાન નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ? એ તો પંચમઆરામાં અવતાર (છે), એટલે સ્વર્ગમાં ગયા છે. ન્યાંથી નીકળી મનુષ્ય થઈ, કેવળ લઈને મોક્ષ જવાના છે. એ 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત કેવળજ્ઞાન (લેશે). ભગવાનની વાણીમાં નીકળ્યું કે, આ આચાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વાણીનો યોગ એની પાસે આવ્યો. કેવળજ્ઞાની પાસે ઇચ્છા વિના વાણીનો યોગ. જુઓ તો ખરા! આહાહા..! એમ આ કહે છે, આત્માનું ધ્યાન કરતાં, વીર્ય ફાટતાં અનંત સ્વરૂપની રચના કરવાની ત્યાં તાકાત અને ઉત્સાહ એને વધે છે. કેવળજ્ઞાન (લેશે).

પરભાવનો ત્યાગ સંસારત્યાગનું કારણ છે.

जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति।
केवल-णाण-सरुव लइ (लहि?) ते संसारु मुचंति।।६३।।

જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;
કેવળજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩.

**અન્વયાર્થ :–** (**जे मुणि परभाव चएवि अप्पा अप्प मुणंति**) જે મુનિરાજ પરભાવોનો ત્યાગ કરીને આત્મા દ્વારા આત્માનો અનુભવ કરે છે (**ते केवल णाण-सरूव**) **लइ** (**लहि**) **संसारु मुचंति**) તે કેવળજ્ઞાન સહિત પોતાના સ્વભાવને પ્રગટાવીને સંસારથી છૂટી જાય છે.

---

'પરભાવનો ત્યાગ સંસારત્યાગનું કારણ છે.'

जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति।
केवल-णाण-सरुव लइ (लहि?) ते संसारु मुचंति।।६३।।

ઓ..હો..હો...! એકલું માખણ જ નાખ્યું છે. જે કોઈ ધર્માત્મા 'પરભાવોનો ત્યાગ કરીને...' વિકલ્પ જે શુભાશુભ રાગ, એ શુભ ને અશુભરાગને છોડીને 'આત્માનો અનુભવ કરે છે...' જુઓ! ત્યાગધર્મની આવશ્યકતા એમાં બતાવી. ત્યાગધર્મ એટલે એ વિકલ્પનો ત્યાગ. પરભાવ વિકાર પુણ્ય અને પાપ બેય પરભાવ (છે). શુભરાગ એ પરભાવ (છે), એનો ત્યાગ (અને) સ્વરૂપનું અંતર ગ્રહણ. છે ને? '**अप्पा अप्प मुणंति**' આત્મા આત્માને જાણે. વિકારભાવને છોડી ભગવાનઆત્મા આત્માને જાણે. કહે છે, 'તે કેવળજ્ઞાન સહિત પોતાના સ્વભાવને પ્રગટાવીને સંસારથી છૂટી જાય છે.' સમજાણું?

'એનો ત્યાગ કરીને વીતરાગ ભાવમાં રમણતા કરવાથી સંવર અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.' લ્યો! વગેરે ઘણી વાત કરી છે. અહીં તો પછી એણે કહ્યું છે કે, 'સાધકે પહેલાં તો મિથ્યાત્વભાવનો ત્યાગ કરવો જોઈએ. તે માટે બાહ્ય કારણ એવા રાગીદ્વેષી દેવો, પરિગ્રહધારી, આત્મજ્ઞાન રહિત સાધુઓ અને એકાંત કથન કરનાર શાસ્ત્રોની ભક્તિ છોડવી...' એમ કહે છે. છોડવાનું આવ્યું ને? પરભાવ છોડવાનું. એટલે આ નાખ્યું. છોડવામાં પહેલા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છોડે. એની વ્યાખ્યા કરી, હોં! રાગી-દ્વેષી દેવોની શ્રદ્ધા છોડે, પરિગ્રહધારી અને આત્મજ્ઞાનરહિત સાધુઓ, સાચા સંત આત્મજ્ઞાન વિનાના, એને છોડે, એની શ્રદ્ધા છોડી દ્યે. એકાંત નય કહેનારા શાસ્ત્રની ભક્તિને છોડી દ્યે.

'તીવ્ર પાપથી બચવું.' પછી સાત વ્યસનનો ત્યાગ (કરે). ઓલું ત્યાગ આવ્યું ખરું ને? '**परभाव चएवि**'. 'જુગાર, મદિરાપાન, માંસાહાર, ચોરી, શિકાર, વેશ્યા અને પરસ્ત્રી સેવનની રુચિને મનમાંથી દૂર કરવી, નિયમપૂર્વક ત્યાગ ન કરી શકવા છતાં પણ એમના પ્રત્યે અરુચિ

www.vitragvani.com



કરવી,...' અરુચિ તો પેદા કરે. 'અન્યાય સેવનની ગ્લાનિ કરવી અને વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ આત્મજ્ઞાની સાધુ,...' હવે સવળા લીધા. 'વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ આત્મજ્ઞાની સાધુ, અનેકાંતનું કથન કરનાર શાસ્ત્રોની ભક્તિ કરવી. સાત તત્ત્વો જાણીને તેનું મનન કરવું જેથી અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વભાવ દૂર થશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્રની પ્રાપ્તિ થશે.' લ્યો, આમાં એણે આપ્યું. અત્યારે આ તકરારી શબ્દ છે.

મુમુક્ષુ :– નવો તકરાર ઊભો કર્યો છે.

ઉત્તર :– મફતમાં ઊભો કર્યો છે. સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને હોય નહિ. અરે...! આ તે તારા એકડા વિનાના મીંડા જેવી વાતું (છે). આવી વાતુંથી શું પણ (લાભ)? સ્વરૂપ છે એની દૃષ્ટિ થઈ અને સ્વરૂપનું આચરણ અને સ્થિરતા ન હોય તો સામાન્યનું વિશેષ પ્રગટ્યું શું? સામાન્યને વિષય કરનાર દૃષ્ટિ (છે), સામાન્યને વિષય કર્યો એટલે ભેગી થોડી વિશેષતા, સામાન્ય સાથે સ્થિરતા થાય તો એ સ્વરૂપાચરણ છે. આહાહા..! જાણે સ્વનો આશ્રય થઈ જશે તો શુભજોગથી લાભ (માનવાનું) ઊડી જશે. અરે..! ભગવાન શુભજોગથી કાંઈ નથી (થવાનું), મૂકને, ઇ સ્થૂળ પર છે. શુભજોગ છોડ અને સ્વભાવનો આદર કર તો તને અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થાય.

સ્વરૂપાચરણ ચારિત્ર લાભ. દેખો! ચોથે ગુણસ્થાને. સમ્યગ્દર્શન થતાં પરભાવ મિથ્યાત્વ આદિનો ત્યાગ થઈ, અનંતાનુબંધીનો ત્યાગ થઈ અને સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને સ્વરૂપઆચરણનું પ્રગટ થવું થાય. આ ત્યાગ અને ગ્રહણ બેય વાત છે. પછી આગળ વાત લીધી છે. અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી, સંજ્વલનનો કષાય, નોકષાય, રાગ-દ્વેષ ભાવનો નાશ કરે છે. અંતરંગનો ચૌદ પ્રકારનો ભાવપરિગ્રહ છોડે છે. એ બધું છોડીને એકાંતમાં ધ્યાન કરે છે, એમ કહે છે.

'જેટલા ભાવ કર્મોના નિમિત્ત થાય છે અને જે અનિત્ય છે તે બધા પ્રત્યે રાગ છોડે છે.' ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એનું શરણ લેતાં, એનો આશ્રય લેતાં, એનું ધ્યાન-અનુભવ કરતાં કર્મના સંગે ઉત્પન્ન થયેલા વિકાર. પછી શુભરાગ દયા, દાન, વ્રત હો કે અશુભ હો બધા અનિત્ય છે, અનિત્ય છે, ક્ષણિક છે, ઉપાધિ છે એને છોડે. નિત્યાનંદનું ધ્યાન કરે અને અનિત્ય રાગને છોડે છે. એમાં **'परभाव चएवि'** આવ્યું ને? પરભાવને છોડે અને **'अप्पा अप्प मुणंति'**. એમાંથી આ નીકળી શકે છે. શું કીધું? વિકારભાવ પુણ્ય-પાપ, શુભાશુભ તે અનિત્ય છે. કેમકે નિમિત્તના લક્ષે થયેલા ક્ષણિક (ભાવ) છે, તેને છોડી **'अप्पा अप्प मुणंति'** નિત્યાનંદ ભગવાનઆત્માને નિર્મળાનંદ પર્યાયથી અનુભવે. સમજાણું કાંઈ? ભારે નાખ્યું છે, હોં! ટૂંકા શબ્દોમાં ઘણું મૂક્યું છે!

'ઔદયિક, ક્ષાયોપશમિક અને છૂટી જનારા એવા ઔપશમિક ભાવો પ્રત્યે વિરક્ત થઈને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્ષાયિક અને પારિણામિક જીવત્વભાવને પોતાનો સ્વભાવ માનીને એક શુદ્ધ આત્માની વારંવાર ભાવના કરે છે.' લ્યો! ઠીક. શું કહે છે? 'परभाव चएवि' શબ્દ છે ને? પુણ્ય-પાપના વિકલ્પ તો શ્રદ્ધામાંથી છોડે પણ ઉપશમભાવ, ક્ષયોપશમ અને ઉદય; ઉદયભાવ, ક્ષયોપશમ અને ઉપશમ એ ત્રણે પર્યાય છૂટવા લાયક છે. સ્વભાવનો આશ્રય કરતાં ક્ષાયિક પર્યાય પ્રગટે. પારિણામિકભાવ તો પોતે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જાણે બીજા દેશમાં રમતા હોઈએ એની આ વાતું છે. બીજો દેશ છે, બીજો દેશ. સમજાણું? 'હમ પરદેશી પંખી સાધુ, આ રે.. દેશ કે નાહિ રે... હમ પરદેશી પંખી સાધુ, આ રે.. દેશ કે નાહિ રે.. આતમ અનુભવ કરીને અમે ઊડી જાશું સિદ્ધસ્વરૂપે રે... હમ પરદેશી પંખી સાધુ... આ રે દેશના નાહિ રે..' પરભાવ વિકલ્પના દેશના અમે નહિ. આહાહા..! પુણ્ય અને પાપના ભાવના દેશનો આત્મા નહિ, હોં! પ્રભુ! આહાહા..! એ ભગવાન અનંત આનંદનું ધામ સ્વદેશ–સ્વધામ, એમાં અમે જાશું અને આ અમે છોડશું. આહાહા..! જુઓ! આ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, મહામુનિ જંગલમાં વસવાવાળા! વનના વાઘ, સિંહ ત્રાડ મારીને વાત કરે છે કે, માર્ગ આ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ, અરે...! વ્યવહાર રત્નત્રય દયા, દાન, ભક્તિનો ભાવ એ પરદેશી ભાવ છે, એ સ્વદેશનો નથી. આહાહા..! કાનને સાચું સાંભળવું પણ કઠણ પડી ગયું. હેં? 'રતનલાલજી'! આહાહા..!

આમ પરમાત્મા પોતે શુદ્ધ ચિદાનંદનું ધામ ભગવાન પડ્યો છે ને! તારા સ્વરૂપમાં તો અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. અનંતી સિદ્ધની પર્યાયનો પિંડ તો તું છો. એવો ભગવાન જેની શ્રદ્ધા-જ્ઞાનમાં, અનુભવમાં આવ્યો કહે છે, એને શું બાકી રહ્યું? એ પુણ્યના ભાવ–પરદેશ ભાવ, પરદેશી ભાવ (છે). પરદેશી રાજા આવે છે ને શ્વેતાંબરમાં? એ પરદેશી રાજા. પુણ્ય-પાપના ભાવને માનનારો આત્મા એ પરદેશી છે. એકલો પુણ્ય-પાપ વિનાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની શ્રદ્ધા-જ્ઞાનવાળો, એ સ્વદેશને માનનારો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક પારિણામિકભાવ આત્માનું ત્રિકાળી જીવત્વ સ્વરૂપ, કારણપ્રભુ, એને પોતાનો જાણી અને એના તરફનું વલણ કરી અનુભવ કરે. કહો, સમજાણું કાંઈ? 'એ જ મોક્ષમાર્ગ છે અને સદાય આનંદામૃતનું પાન કરાવે છે.' એ જ આત્માનો મોક્ષમાર્ગ (છે), જેમાં સદા મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય અમૃતના પાન કરવાવાળો મોક્ષમાર્ગ છે. ન્યાં દુઃખ ને ઝેર ને કંટાળો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ઘાણીમાં પીલાવા કાળે, ભગવાનઆત્મામાં રમતું અંદર કરતા હોય છે. આહાહા...! સમજાણું કાંઈ? જેના પરના લક્ષ છૂટી ગયા છે અને વિકલ્પના ભાવ જેણે છોડી દીધા છે અને સ્વભાવની અંતર રમતે રમતાં અંદર શરીર પીલાય છે. આહાહા..! કેટલાક સાધુને લવણસમુદ્રમાં ઉપાડીને નાખે, બોળે. આમ ટાંગા ઝાલીને બોળે. વેરી દેવ હોય. આહાહા..! અંદર શ્રેણી (માંડીને) સ્વરૂપમાં ચડી ગયા છે. ઉપસર્ગ મટી ગયો, સ્વરૂપમાં ચડી ગયા, શ્રેણી થઈને કેવળજ્ઞાન (પ્રગટે). એ દેહ પડે હેઠે અને પોતે જાય ઉપર.

www.vitragvani.com



આત્મા જેની પાસે છે એણે હવે શું કરવું? કહે છે. આહાહા..! 'अप्पा अप्प मुणंति' આત્મા આત્માને જ્યાં અનુભવે ત્યાં શું બાકી અને કામી હોય? આહાહા..! સમજાણું કાંઈ?

એ પછી 'સમયસાર'નો શ્લોક આપ્યો છે. 'શુદ્ધભાવમાં ચાલનાર મોક્ષાર્થી મહાત્માઓએ આ જ સિદ્ધાંતનું સેવન કરવું જોઈએ કે હું સદાય એક શુદ્ધ ચૈતન્યમય પરમ જ્યોતિ સ્વરૂપ છું.' આ એનો સાર છે. હું તો એક શુદ્ધ પરમચૈતન્ય જ્યોતિ છું. સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ પોતાને શુદ્ધ ચૈતન્યમય, જ્યોતિમય માને છે. હું વિકલ્પવાળો અને શરીરવાળો એ તો જ્ઞાન કરવા માટે બીજી ચીજ રહી ગઈ, આદરવા માટેની તો આ એક જ ચીજ છે. એ.. 'મોહનભાઈ'! આ પૈસામાં સુખ (નહિ હોય)? કહે છે કે, ઓલા પૈસા કેટલા? કોથળીઓ ભાળીને એને તે દિ' કેટલું સુખ હશે? ઓસરીમાં રૂપિયાના કોથળા! ધૂળમાં સુખ હતું? બધી આકુળતા હતી. ઓહોહો...! જોવે નહિ નજરૂં નાખીને, પથરા અને રૂપાના લક્ષે જોવે કે, આ બધા રૂપાના પથરા પડ્યા છે. જોવું છે ને એને? એ વખતે રૂપિયા જોવા છે કે નહિ? કે અહીં ગરી જાય છે? કેવળજ્ઞાની જોવે છે, ત્રણકાળ ત્રણલોકના રૂપિયા, સોનામહોર બધું જોવે છે, ભગવાનના જ્ઞાનમાં બધું આવે છે. આહાહા..! આવો ચૈતન્ય રત્નાકર જેમાં અનંતા રત્નો પડ્યા છે, હવે આ તો કે દિ' ધૂળના કાંકરા કેટલાક હોય, સંખ્યાત હોય. હેં? ખર્વ, નિખર્વ.. પહેલા મોટું મોટું આવતું ને? પ્રારબ્ધ છેલ્લો.. શું કહેવાય? પરાર્ધ. ખર્વ, નિખર્વ, અંતીમ, મધ્યમ, પરાર્ધ. એમ આવતા, પહેલા શબ્દો આવતા. નિશાળમાં ભણતા ત્યારે. લ્યો! એનો આંકડો મોટો ત્યાં સુધી આવ્યો.

અહીં તો ભગવાનની અંદરમાં તો અનંત અનંત શુદ્ધ રત્નાકરનો દરિયો પ્રભુ આત્મા છે. એક સમયનો વિકાર સંસાર, તેનું લક્ષ છોડી દે. ભગવાન પૂર્ણાનંદનો નાથ, તેનો અનુભવ કરે તો તને શું ફળ નહિ મળે? સમજાય છે? અલ્પકાળમાં સિદ્ધ થઈને મુક્તિને પામીશ.

---

## ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.

धण्णा ते भयवंत बुह जे परभाव चयंति।
लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति।।६४।।

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોક પ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪.

અન્વયાર્થ :– (जे परभाव चयंति) જે પરભાવોનો ત્યાગ કરે છે અને (लोयालोय पयासयरु अप्पा मुणंत्ति) લોકાલોક પ્રકાશક નિર્મળ પોતાના આત્માનો અનુભવ કરે છે (ते भयवंत बुह्म धण्णा) તે ભગવાન, જ્ઞાની મહાત્મા ધન્ય છે.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

૬૪. 'ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.' હવે 'યોગીન્દ્રદેવ' પોતે પ્રમોદમાં આવે છે. આહાહા..!

धण्णा ते भयवंत बुह जे परभाव चयंति।
लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति।।६४।।

એક તો આત્માને લોકાલોકને જાણનારો પહેલો ઠરાવ્યો. સમજાણું કાંઈ? લોકાલોકને પ્રકાશે એમ નહિ. 'लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति' સમજાણું કાંઈ? લોકાલોકનો પ્રકાશ કરનાર. આ સૂર્ય પ્રકાશે છે. સૂર્ય ઘણા પદાર્થને પ્રકાશે છે. આ (જ્ઞાન) સૂર્ય એ સૂર્ય અને બીજા બધા પદાર્થને પ્રકાશે છે. લોકાલોક પ્રકાશ 'अप्पा विमल मुणंति' લોકાલોક પ્રકાશક, પ્રકાશક એમ શબ્દ છે, હોં! આ આત્મા, આ બધા પ્રકાશો છે, સૂર્ય છે એ પ્રકાશ છે અને એ સૂર્ય આ બધાને પ્રકાશે છે કે આ બધું છે, એ બધાને પ્રકાશનારો, સૂર્ય અને આને પ્રકાશનારો આ પ્રકાશ છે. એટલે કે લોકાલોકને પ્રકાશનારો આત્મા છે, એમ કહે છે. આ સૂર્ય તો કેટલાને પ્રકાશે? સમજાણું? અર્ધ ભાગને (પ્રકાશે). બે સૂર્ય થઈને આવે છે ને?

કહે છે, 'लोयालोय-पयासयरु' સમજાણું? પહેલો તો આત્માને સિદ્ધ કર્યો કે, આત્મા એટલે શું? લોકાલોકનો પ્રકાશ કરનાર આત્મા. લોકાલોકનો પ્રકાશ કરનારો તે આત્મા. કોઈ ચીજને કરનારો નહિ, કોઈને છોડનારો નહિ, કોઈને ગ્રહનારો નહિ. આહાહા..! એક રાગને ગ્રહવું કે મૂકવું એ એના સ્વરૂપમાં નથી. રજકણને ગ્રહવું (નહીં) એ તો લોકાલોક બધું છે તેનો પ્રકાશક છે. આહાહા..! સમજાણું કાંઈ?

'જે પરભાવોનો ત્યાગ કરે છે,...' અંતરમાં શુભાશુભ રાગને છોડે છે અને લોકાલોક પ્રકાશકર ભગવાનઆત્માને અનુભવે છે. લોકાલોકનો પ્રકાશ કરનારો ભગવાન તું છો. લોકાલોકને કરનારો નહિ, એક રજકણને કરનારો નહિ, એક રાગને રચનારો નહિ, વ્યવહાર વિકલ્પને રચનારો નહિ પણ વ્યવહાર આદિ બધું લોકાલોકમાં જાય છે, એ બધાનો પ્રકાશક ભગવાનઆત્મા છે. આહાહા..!

'તે ભગવાન, જ્ઞાની...' 'बुह' છે ને? 'बुह' એટલે જ્ઞાની. મહાત્મા ધન્ય છે. કહે છે, એને ધન્ય છે. આહાહા..! આ એને ધન્ય છે. એને ધન છે અને એને ધન્ય છે. બાકી બધા ભિખારા અને રાંકા છે. ભગવાનઆત્મા લોક અને અલોકનો પ્રકાશ (કરનાર) ચૈતન્યબિંબ–સૂર્ય, નિરાલંબી, રાગ અને શરીરથી ભિન્ન ચૈતન્યબિંબ પડ્યું છે, આમ લોકાલોકાને પ્રકાશ કરનારો, એવો જે ચૈતન્યનો અનુભવ રાગાદિ વિકલ્પને છોડીને આને અનુભવે એ જ્ઞાનીઓ જગતમાં ધન્ય છે. પોતે પણ કહે છે, આહાહા..! તારા અવતાર તેં સફળ કર્યા, ભાઈ! એ અવતાર અવતારના અભાવ માટે તારા અવતાર (છે). સમજાણું કાંઈ? હેં? માટે ધન્ય છે. અવતાર પ્રગટ કરવા માટે અવતાર નહિ. એ અવતાર શું ધન્ય (કહેવો)?

www.vitragvani.com



જે અવતારમાં લક્ષ્મી મેળવી ને ધૂળ મેળવી ને બાયડી-છોકરા મળ્યા માટે એ અવતાર. એ અવતાર હશે? ખૂબ મેળવ્યું, અમારા બાપ કાંઈ નહોતા મૂકી ગયા, અમે બાહુબળે બધું ભેગું કર્યું. ચાર ભાઈઓ હતા, અમે ચારે પરણ્યા, પહટ્યા, બંગલા (કર્યા). એક એકને બે-બે લાખના બંગલા, પાંચ-પાંચ, દસ-દસ લાખની મૂડી (છે). એ તો ઓછી ગણાય, આપણે 'પૂનમચંદ'ની અપેક્ષાએ. આપણે આટલું તો ઘણું કહેવાય, બાપા કાંઈ મૂકી ગયા નહોતા. બધું અમે મોટા થઈ, જાતેઉછરી અને આ મકાનો કર્યાં, અમારી શક્તિ પ્રમાણે આ બધું (કર્યું). બે-બે લાખના મકાન, ચાર ભાઈઓને બંગલા છે. સારા વેવાઈ-વેવલા (છે), દીકરી સારે ઠેકાણે પરણાવી છે, છોકરાઓ સારે ઠેકાણે પરણ્યા છે અને ભગવાનની કૃપા છે. આ ભગવાનની કૃપા હશે?

મુમુક્ષુ :- બહુ ધીમેથી અને શાંતિથી વાત કરે.

ઉત્તર :- વાત ધીમેથી કરે. પણ અંદર ગલગલિયાં હોય. એ.. 'ન્યાલભાઈ'!

આ તો કહે છે, અવતાર તારા ધન્ય છે, હોં! આ..હા..હા..! જેને પરચીજ તો નથી પણ એનો જાણનાર, રાગનો જાણનાર, લોકાલોકનો જાણનાર એવો ચૈતન્યસૂર્ય બિંબ ભગવાન જેને તેં પકડ્યો... આહાહા..! સમજાણું? અને વિમલં 'मुणंत्ति' એમ. એવા આત્માને લોકાલોકના પ્રકાશકરની શક્તિવાળો એવો ભગવાનઆત્મા, એને અનુભવે કહે છે કે, અમે (મુનિઓ) ધન્ય ધન્ય.. મુનિઓ ધન્ય કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? તને આવા ધન્ય કહીએ છીએ, કેવળજ્ઞાન લેવાની તારી તૈયારીઓ થઈ ગઈ. કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી. ધનતેરસ. લ્યો, સમજાણું કાંઈ?

'આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમ શુદ્ધ છે.' (આજે) તેરસ છે. ખબર છે ને! 'જ્ઞાન એનું મુખ્ય અસાધારણ લક્ષણ છે.' ભગવાનઆત્મા શુદ્ધ છે પણ એનું જ્ઞાન અસાધારણ લક્ષણ છે. અસાધારણ એટલે બીજા ગુણ એવા કોઈ હોય નહિ. 'જ્ઞાનમાં એવી શક્તિ છે કે એક જ સમયમાં એ સર્વલોકના છ દ્રવ્યોને તેમના ગુણ પર્યાયો સહિત તથા અલોકને એક સાથે ક્રમરહિત જેમના તેમ જાણી શકે.' ઓ..હો..હો...! કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક વ્યવસ્થિત જેમ પડ્યું છે તેમ જાણે. આના અત્યારે વાંધા (છે). કેવળજ્ઞાન આમ જાણે. કેવળજ્ઞાની, ન્યાં નિમિત્ત આવે ત્યારે આવું થાય ત્યારે ભગવાન અનિયતને જાણે. અરે... પ્રભુ! તું શું કહે છે આ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાગી ઊઠ્યા. જે ઠેકાણે જે સમયે ભૂતમાં, ભવિષ્યમાં થવાની તે ઠેકાણે તે થશે ત્યાં નિમિત્ત કોણ છે, બધું ભગવાનના જ્ઞાનમાં નિયત નક્કી થઈ ગયું છે. જ્ઞાન કેવળ કોને કહીએ? આ તો (કહે), કેવળજ્ઞાની પહેલાં નિયતને નિયત જાણે અને અનિયત જેવું નિમિત્ત આવશે ત્યાં શું પર્યાય થાશે, એ અનિયતને અનિયત જાણે. અરે...! ભગવાન! તેં સર્વજ્ઞને જાણ્યા જ નથી. આહાહા..! લોકાલોકનો પ્રકાશક એમાં કયો પર્યાય બાકી રહી

ગયો કે, આ નહિ થાય, અહીં થશે ત્યારે જાણશે? અહીં કેવળજ્ઞાન થયું ને ત્રણકાળ ત્રણલોક આમ એકસાથે જાણ્યા છે. સમજાણું કાંઈ? એવા આત્માનો નિર્મળ અનુભવ કરવો. એવા આત્માઓને મુનિ પોતે કહે છે કે, પ્રમોદ અને સંમતિ, અનુમતિ આપતાં ધન્ય કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યાં સ્વછંદ છે ત્યાં ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી!

**શ્રોતા :-** ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય પણ પર્યાયના ક્રમમાંથી સ્વછંદ ન ટળે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ બને જ નહિ ભાઈ! ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તેને પર્યાયમાં સ્વછંદનો ક્રમ રહે જ નહિ કેમ કે જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેણે તે પ્રતીત કરી છે. જ્ઞાનસ્વભાવની ઓળખાણના પુરુષાર્થ વિના એકલી ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે, તેની અહીં વાત નથી, કેમકે જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરી ત્યાં તો અનંત ગુણોનો અંશ નિર્મળરૂપે પરિણમવા માંડ્યો છે. શ્રદ્ધામાં સમ્યગ્દર્શન થયું, જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થયું, આનંદના અંશનું વેદન થયું, વીર્યનો અંશ સ્વ તરફ વળ્યો-એ રીતે બધા ગુણોની અવસ્થાના ક્રમમાં નિર્મળતાની શરૂઆત થઈ ગઈ. હજી જેને શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા નથી, આનંદનું ભાન નથી, વીર્યબળ અંતરસ્વભાવ તરફ વળ્યું નથી તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતની સાથે તો સ્વભાવ તરફનો પુરુષાર્થ છે, શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા નથી, આનંદનું ભાન નથી, વીર્યબળ અંતરસ્વભાવ તરફ વળ્યું નથી તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતની સાથે તો સ્વભાવ તરફનો પુરુષાર્થ છે, શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા છે, આનંદ અને વીતરાગનો અંશ પ્રગટ થયો છે; એટલે ત્યાં સ્વછંદ તો હોતો જ નથી સાધકદશામાં અસ્થિરતાનો રાગ આવે પણ ત્યાં સ્વછંદ તો હોતો જ નથી અને જે રાગ છે તેનો પણ પરમાર્થે તો તે જ્ઞાની જ્ઞાતા જ છે. આ રીતે આમાં ભેદજ્ઞાનની વાત છે. સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો કે જ્ઞાયકભાવનો પુરુષાર્થ કહો કે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો - એ બધું ભેગું જ છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને હઠ પણ નથી રહેતી તેમ જ સ્વછંદ પણ નથી રહેતો. સમ્યક્ શ્રદ્ધા થવા ભેગું જ તેણે તે ક્ષણે જ ચારિત્ર પ્રગટ કરીને મુનિપણું લઈ લેવું જોઈએ - એમ હઠ ન હોય અને ગમે તેવો રાગ થાય તેનો વાંધો નથી એવો સ્વછંદ પણ ન હોય. જ્ઞાયકભાવરૂપ મોક્ષમાર્ગનો ઉદ્યમ તેને ચાલ્યા જ કરે છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ સુદ ૧૪, શુક્રવાર
## તા. ૦૧-૦૭-૧૯૬૬
## ગાથા-૬૪ થી ૬૬ પ્રવચન નં. ૨૩

'યોગસાર' એટલે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ છે એની એકાગ્રતા અંદર કરવી એનું નામ યોગ કહે છે. એમાં પણ એનો સાર. ઉગ્ર યોગનો સાર. મુનિની યોગ્યતાનો સાર વિશેષ કહે છે. આત્મા અંતર શુદ્ધ ભાવથી ભરેલો પદાર્થ (છે) એને પુણ્ય-પાપના ભાવથી રહિત પોતાના ત્રિકાળ સ્વભાવમાં એકાગ્ર થઈ અને એમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા પ્રગટ કરવી એનું નામ યોગસાર કહેવામાં આવે છે. એમાં આ ૬૪ મી ગાથા ચાલે છે.

'ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.' જેણે રાગાદિક છોડી અને આત્માના સ્વરૂપને સાધ્યું છે, શુદ્ધ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એનો એણે સાધકપણે સાધન કરીને સાધ્યું તેવા ધર્માત્માને કહે છે કે, ધન્ય છે. આ પૈસાવાળા હોય કે ધૂળના ધણિ હોય એને ધન્ય નહિ, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- ઇ તો દાન આપે ત્યારે ધન્ય કહેવાય.

ઉત્તર :- ત્યારે પણ ધન્ય નથી. ધૂળમાં દાન આપે તો શું ન્યાં? એય 'રમણિકભાઈ'! અહીંયાં પચાસ લાખ હોય, એમાં પાંચ હજાર, દસ હજાર આપે એમાં શું ધન્ય કહેવાય? પચાસ લાખ આપે તોપણ ધન્ય નહિ. શુભભાવ થાય, રાગની મંદતા કરે તો શુભભાવ થાય, એ કંઈ આત્માને ધન્ય કરી દ્યે અને આત્મા લક્ષ્મીનું દાન આપે એ છે નહિ. હેં? એય 'રમણિકભાઈ'! એવું થાવું મુશ્કેલ, પચાસ લાખમાં દસ લાખ ખર્ચવા પણ મુશ્કેલ છે, એમ કહે છે. પણ એવા પણ નીકળે, લ્યોને! એમાં શું છે પણ હવે? એ કંઈ ધન્ય ચીજ નથી.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદની લક્ષ્મી સંપન્ન પ્રભુ, આત્મામાં શુદ્ધ આનંદ, જ્ઞાનાદિ લક્ષ્મી અંદરમાં પડી છે, એમાં અંદર યોગ નામ જોડાણ કરીને શુદ્ધતાના નિર્મળ ભાવો પ્રગટ કરે એને લક્ષ્મી અને એને ધન્ય કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ? અહીંયાં આવ્યું ને? 'धण्णा ते भयवंत बुह जे परभाव चयंति' તે જ્ઞાની ધન્ય છે કે જે પરભાવ નામ પુણ્ય-પાપના વિકાર મેલ છે એને છોડે છે અને 'लोयालोय-पयासयरु अप्पा' આત્મા કેવો છે? કે, લોકાલોકનો પ્રકાશક છે. અહીં તો આત્માની વ્યાખ્યા જ એવી કરી. ભગવાનઆત્મા લોક ચૌદ બ્રહ્માંડ અને અલોક ખાલી, એનો એ પ્રકાશક છે. એવા પ્રકાશક આત્માને નિર્મળ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તરીકે નિર્મળ અનુભવે છે. ભગવાનઆત્મા નિર્મળ છે, શુદ્ધ છે, પવિત્ર છે એમ અંતરમાં જે સ્વભાવ સન્મુખ થઈને વિભાવ વિમુખ થઈને આત્માને અનુભવે છે એને અહીંયાં ધન્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

ભાવાર્થ :– 'આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમ શુદ્ધ છે. જ્ઞાન એનું મુખ્ય અસાધારણ લક્ષણ છે.' લોકાલોક પ્રકાશક કહ્યો ને? જ્ઞાન એ તો એનું લોકાલોક પ્રકાશનું એનું મુખ્ય લક્ષણ છે, એ જ્ઞાન અસાધારણ લક્ષણ છે, લ્યો! સમજાણું? જ્ઞાનમાં એ શક્તિ છે કે એક સમયમાં સર્વ લોક, ત્રણકાળ ત્રણલોક જાણી શકે. એવો ભગવાનઆત્મામાં અસાધારણ બીજામાં ન હોય તેવો, બીજામાં ન હોય અને બીજા ગુણમાં ન હોય એવો, એવો આત્માનો જ્ઞાનસ્વભાવ તેને અંતરમાં અનુભવે એમાં એકાકાર થઈને આનંદસહિત આ જ્ઞાનને અનુભવે તેને ધન્ય કહેવામાં આવે છે. તે પ્રશંસનિક છે. તે હિતકર સાધન કરે છે. સંતોને પણ એ પ્રશંસ નામ સંમત થાય છે, એમ કહે છે.

'સ્વભાવથી આત્મા સિદ્ધ સમાન છે. તત્ત્વજ્ઞાની, મહાત્મા જે પદ પ્રાપ્ત કરવાની રુચિ ધરાવે છે તે જ પદનું ધ્યાન કરે છે.' ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને રુચિથી સાધે છે તો તે એનો રુચિવાળો થઈ જાય છે. ત્યારે 'તે સર્વ પરપદાર્થોથી વિરક્ત થઈ જાય છે.' ભગવાનઆત્માની આનંદની પરમસંપદા સાધતાં જગતના બીજા પદાર્થ પ્રત્યે તેને ઉદાસ, વૈરાગ્ય થઈ જાય છે. 'પુણ્યોદયથી પ્રાપ્ત થતા...' કદાચિત્ પુણ્યને કારણે 'નારાયણ,...' વાસુદેવની પદવી 'બળભદ્ર, પ્રતિનારાયણ, ચક્રવર્તી, કામદેવ, ઇન્દ્ર, ધરણેન્દ્ર, અહમિન્દ્ર આદિ પદોને કર્મજનિત, નાશવંત, આત્મા શુદ્ધ સ્વરૂપથી ભિન્ન જાણીને તે બધાની મમતા છોડે છે...' ભગવાનઆત્મા પોતાનો પરમઆનંદ સ્વભાવ અનાદિઅનંત પડ્યો છે તેને સાધતા મોટી પદવીઓની મમતા પણ છોડી દે છે. આત્મપદ નિજાનંદનું પદ, એને સાધતાં વાસુદેવ, બળદેવ આદિ ઇન્દ્રપદને પણ એ ગણતો નથી. કહો, સમજાણું?

'તેવી જ રીતે જે શુભ ભાવોથી લૌકિક ઉચ્ચ પદોની પ્રાપ્તિ યોગ્ય પુણ્યનો બંધ થાય છે...' લૌકિકમાં શેઠાઈ મળે કે મોટા મોટા પદો મળે, પચાસ-પચાસ હજારના પગાર મળે, 'તેમને પણ ચાહતા નથી.' દુનિયાની લૌકિક મોટી પદવી પણ એ ચાહતો નથી. લોકોત્તર ચૈતન્ય ભગવાનઆત્મા, એની રુચિવાળો એ પોતાના નિજપદની પૂર્ણતાના પદને ચાહે છે, બીજી ચાહના ધર્મીને હોતી નથી. આહાહા..!

'ધર્માનુરાગ, પંચ પરમેષ્ઠીની ભક્તિ,...' પાંચ પરમેષ્ઠીની ભક્તિ 'અનુકંપા, પરોપકાર, શાસ્ત્રપઠન આદિ શુભ ભાવોમાં વર્તે છે...' એ શુભભાવમાં વર્તે છે, છતાં એનો આદર કરતો નથી. 'કેમકે શુદ્ધોપયોગમાં અધિક ઠરી શકતા નથી.' શુદ્ધમાં ઠરી શકતો નથી એટલે એવા શુભભાવમાં આવે છે છતાં એના ફળને અને એના ભાવનો એ આદર કરતો નથી. કહો, સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'એક શુદ્ધોપયોગને ગ્રહણ કરવાનો ઉત્સુક થઈને ધર્મપ્રચારના વિચારોને પણ છોડે છે.' શું કહે છે? ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને અંતર્મુખમાં સાધનની ઉગ્રતા સાધતાં જેને ધર્મપ્રચારનો વિચાર પણ રોકી દ્યે છે. ધર્મપ્રચારનો વિકલ્પ પણ આત્માને શું લાભ કરે છે? કહો, 'છગનભાઈ'! શું કીધું? ધર્મપ્રચાર થાય એવો વિકલ્પ એનાથી આત્માને શું લાભ?

મુમુક્ષુ :– ધર્મપ્રચારનો વિકલ્પ કરે તો સુખી થાય.

ઉત્તર :– કોણ થાય? એ ધર્મ કરે તો એને થાય, એમાં આને શું? વિકલ્પ ઊઠે છે, એમ કહે છે. ધર્મપ્રચારનો પણ વિકલ્પ છે, એ વિકલ્પ પણ છોડવા જેવો છે.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– અત્યારે. ક્યારે શું? સમજાણું કાંઈ? એ.. 'રતિભાઈ'! આ પૈસા વધારવાના વિકલ્પ તો છોડી દે પણ ધર્મપ્રચારનો વિકલ્પ છોડી દે, એમ કહે છે. ઠીક! આત્માને, નિત્ય પ્રભુ આત્મા, ધ્રુવ અનાદિઅનંત આત્મસ્વરૂપ, એના સાધનમાં જોડાવા ધર્મના પ્રચારનો વિકલ્પ પણ જેને હોય નહિ, કારણ કે એ વિકલ્પથી પુણ્ય બંધાય છે, આત્માને કાંઈ લાભ નથી. બીજો સમજે તો એનાથી એને લાભ છે, એનો લાભ અહીં થતો નથી. આહાહા..! બીજા ધર્મ થોડો પામે તો એનું કાંઈક વ્યાજ મળતું હશે કે નહિ, ધર્મ પમાડનારને? પર (જીવો) સમજે ઇ તો એને કારણે સમજે, એમાં એનો લાભ અહીં ક્યાંથી આવે? પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જેટલી દૃષ્ટિ ને એકાગ્રતા કરે એનો લાભ એને છે, બાકી કાંઈ છે નહિ. આહાહા..! કહો, 'જ્ઞાનચંદજી'! આ તો કહે છે, ધર્મના પ્રચારનો વિકલ્પ પણ બંધનું કારણ છે. વીતરાગ સ્વરૂપ પરમાત્મા આત્મા છે, શુદ્ધ ચિદાનંદ મહારાજા આત્મા (છે). એના અંતર સાધનમાં એ વિકલ્પનું શું કામ છે? કહે છે. સમજાણું કાંઈ?

'સાત તત્ત્વ છે, નવ પદાર્થ છે ઇત્યાદિ સર્વ વિકલ્પોને બંધ કરનાર જાણી છોડી દે છે.' થોડો થોડો અર્થ લઈએ, (બીજું) તો લાંબુ ઘણું કર્યું છે. સમજાણું કાંઈ? 'આ રીતે જે જ્ઞાની અને વિરક્ત પુરુષ સંસારના સર્વ પ્રપંચોથી પૂર્ણ વિરક્ત થઈને આત્મધ્યાન કરે છે.' દુનિયા દુનિયાના ઘરે રહી. કહો, સમજાણું કાંઈ? દુનિયા સમજે તો એને લાભ, ન સમજે તો એને નુકસાન. ઇ આત્મા સમજે તો અહીં થોડું-ઘણું મળે એમ છે નહિ. એમ હશે કે નહિ? 'રતિભાઈ'!

મુમુક્ષુ :– અત્યાર સુધી મળતું હતું.

ઉત્તર :– અત્યાર સુધી મળતું હતું, કહે છે. બીજામાંથી કાંઈ મળતું હશે કે નહિ? ધૂળેય મળે નહિ. કદાચ એવો વિકલ્પ હોય તો અંદર પુણ્ય બંધાય. પણ એ તો બંધાય છે ને? એમાં અબંધ પરિણામ ક્યાં આવ્યા? આહાહા..! સમજાણું કાંઈ?

'પરમાનંદના અમૃતનું પાન કરે છે,...' ધર્માત્મા એકલા આત્મામાં પરમઆનંદ સ્વરૂપને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પીવે છે, અંતર સુધારસને પીવે છે એને અહીં ધન્ય કહેવામાં આવે છે. પ્રશંસનીય એ છે. સમજાણું કાંઈ? ધર્મપ્રચારનો વિકલ્પ છે માટે એ પ્રશંસનીય છે, ઓ..હો...! તમે બહુ સારું કર્યું. ના, એ પ્રશંસનીય છે જ નહિ. ભારે વાત ભાઈ વીતરાગમાર્ગની! એ.. 'રતિભાઈ'! હેં? હવે તો બનાવી દીધું, કહે છે.

મુમુક્ષુ :– એક ધર્મશાળા બાકી છે.

ઉત્તર :– એ પણ થવા આવી છે. કોણ જાણે ... ? ન્યાં તો બધા ગૃહસ્થ માણસો છે. અહીં તો માનઃસ્તંભ કર્યો, સમવસરણ કર્યું, દેરાસર કર્યું, હૉલ કર્યો, હવે ધર્મશાળા (કરી). આવ્યા હતા ને અમારે અહીં? 'દીપચંદજી' તમારે ત્યાં આવ્યા હતા. ખુશી થઈ ગયા. 'રાજકોટ'ના શેઠ છે. એણે એક લાખ કાઢ્યા છે, માનસ્તંભ માટે. ધૂળમાં લાખ કાઢે એમાં શું થઈ ગયું પણ? બે છોકરા માટે કેમ પચાસ લાખ-પચાસ લાખ (કાઢીને) બે ભાગ પાડી દ્યે છે? એ.. 'મલૂકચંદભાઈ'! કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! અહીં તો કહે છે, આત્માના સ્વભાવમાં પણ જ્યાં સ્થિર ન રહી શકે અને ધર્મ પ્રચારનો વિકલ્પ આવે એ પણ બંધનું કારણ છે. આત્માને લાભદાયક નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ (છે). વિકલ્પરહિત નિર્વિકલ્પ ચૈતન્યનું સાધન એ પોતે સ્વતઃ કરી શકે છે, એમાં કોઈ બાહ્ય ભણતરની જરૂર નથી અને બહારનાને ભણાવવાની પણ જરૂર નથી અને બીજા પાસેથી ભણવાની પણ એમાં જરૂર નથી. એ.. 'ન્યાલભાઈ'! આહાહા..!

'તે જ મહાવિવેકી પંડિત છે,...' લ્યો! જે કોઈ આત્મા આનંદસ્વરૂપ આત્મા, સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત આનંદ અતીન્દ્રિય છે, એને જે અંદરમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પપણે વેદે એને વિવેકી પંડિત, મોટા વિવેકી પંડિત છે. સમજાય છે કાંઈ? 'તે જ પરમ ઐશ્વર્યવાન છે,...' આહાહા..! લ્યો, 'રતિભાઈ'! આ બધા પૈસાવાળા મોટા ઐશ્વર્યવાન, એમ નહિ. મોટી પચાસ-પચાસ હજાર, લાખ–લાખ, બે-બે લાખની મોટી પદવી મળી હોય, બાર મહિને પાંચ લાખ પેદા કરે છે, દસ લાખ પેદા કરે છે. શું થયું ઈશ્વર...? એ તો...

મુમુક્ષુ :– એ પૈસાનો ઈશ્વર, આ આત્માનો ઈશ્વર.

ઉત્તર :– પૈસાનો ઈશ્વર કે દિ' હતો? મૂઢ છે. જડનો ઈશ્વર કોઈ હોય? અભિમાન કરે, ઇ અભિમાન કરે. અમે પૈસાવાળા છીએ, પૈસાવાળા છીએ, ધૂળવાળા છીએ.

આ તો ઈશ્વર એને કહીએ, ભગવાનઆત્મા શાંતરસનો ભંડાર ભગવાન અંદર પડ્યો છે, શાંતિથી.. શાંતિથી.. શાંતિથી.. શાંતિનું વેદન કરે. આહાહા..! એક કોર ખૂણે બેઠો કોઈને ખબર પડે નહિ. એવું આત્માનું અંદર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું અંતર દૃષ્ટિ કરીને સાધન કરે, એ પરમ ઐશ્વર્યવાન છે. એ મોટો ઐશ્વર્યવાન છે, એ મોટો અધિક છે. આહાહા..! પુણ્ય મોટા ઝાઝા કરે ને પુણ્યના મોટા ફળ બહારમાં મળે એ મોટા-બોટા નથી. આહાહા..!

'રત્નત્રયથી અપૂર્વ સંપત્તિના સ્વામી છે,...' એક શબ્દ મૂક્યો છે. ભગવાનઆત્મા પૂર્ણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુદ્ધ ભાવનો ભંડાર, એની અંતરમાં અનુભવપૂર્વક પ્રતીતિ અને એમાં રમણતા (થવી) એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયનો એ ધણિ છે, એ રત્નત્રયનો એ ધણિ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યના માલિક અને ધૂળના માલિક ને બધા રખડવાના માલિક છે, એમ કહે છે.

મુમુક્ષુ :- હમણા તો સુખ લાગે છે.

ઉત્તર :- ક્યાં સુખ હતું? ધૂળમાં. બધી હોળી સળગે છે.

મુમુક્ષુ :- કોઈને નાની હોળી હોય...

ઉત્તર :- બીજાને મોટી હોય. મોટા પૈસાવાળાને મોટી હોય. હખ આવે નહિ. આ કરવું છે ને આ કરવું છે ને આ કરવું છે.. પાંચ લાખ અહીં નાખવા છે, દસ લાખ અહીં નાખવા, પચીસ લાખ અહીં નાખવા. પાંચ કરોડ, દસ કરોડ નાખવા ક્યાં? કહો! એક ફિલ્મમાં નાખવા, થોડા વળી એમાં નાખવા. થોડા વળી મકાન બનાવવામાં નાખવા, થોડા વળી ભીંત ચણાવવામાં નાખવા.

મુમુક્ષુ :- પૈસાવાળાએ કરવું શું પણ હવે?

ઉત્તર :- પૈસાવાળાએ મમતા છોડવી. પૈસાવાળો કે દિ' હતો? પૈસા એના બાપના છે? એના છે? એ તો ધૂળના છે. એ તો ચૈતન્યલક્ષ્મીવાળો આત્મા છે.

અંદર કેવળજ્ઞાન-મહાભંડાર પડ્યો છે. એને અનુભવે તે ત્રણ રત્નનો સ્વામી છે. આ અપૂર્વ રત્ન, જોયું! રત્નત્રયની અપૂર્વ સંપદાનો ધણિ. 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતામાં લવલીન છે,...' પોતાના સ્વરૂપમાં શ્રદ્ધાસહિત, જ્ઞાનસહિત લીનતા (થવી) તે જ સાચી ઉત્કૃષ્ટ વાત છે. 'તે જ ભાગ્યવાન છે,...' તે જ ભાગ્યવાન છે 'તે જ ભગવાન છે,...' આહાહા..! 'અતીન્દ્રિય જ્ઞાન અને સુખના સ્વામી છે,...' એ અતીન્દ્રિય જ્ઞાન અને સુખનો સ્વામી છે. 'તેઓ શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ કરશે.' એ અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામશે. કહો! એ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનું જે અંદર એકાગ્ર કરીને ધ્યાન કરે એને જ અહીં ધન્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

પછી 'આત્માનુશાસન'નો એક દાખલો આપ્યો છે. 'જે મહાત્માઓના આભૂષણ તેમના શરીર ઉપર ચોંટેલી રજ છે,...' હવે મુનિની ઉત્કૃષ્ટ વાત લ્યે છે. મહાત્મા દિગંબર સંત આત્મધ્યાનમાં એટલા મસ્ત હોય છે કે જેને વસ્ત્રનો તાણો પણ હોતો નથી. આત્માના આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં મસ્ત (હોય) એને મુનિ કહીએ. જેને શરીરમાં ઘરેણું શું? ઘરેણું.. ઘરેણું. એ શરીરમાં લાગેલી રજ. શરીરમાં રજ લાગી એ એનું ઘરેણું. પૂર્ણાનંદનો નાથ જેમાં સ્વસંવેદનની ઉગ્રતામાં પડ્યા છે, એવા સંતોને રજ તે ઘરેણા છે, કહે છે. શરીરમાં મેલ ચડ્યો હોય ને રજ પડે એ એનું ઘરેણું.

'જેમને બેસવાનું સ્થાન પાષાણની શિલા છે,...' આ..હા...! બાદશાહી કરે છે. શિલા

www.vitragvani.com



ઉપર બેસની અંદરમાં ધ્યાન (કરે છે).

મુમુક્ષુ :– આરામખુરશી જોઈએ ને!

ઉત્તર :– આરામખુરશો... મરી ગયા, આરામખુરશીમાં આમ પડ્યા ત્યાં દરબાર મરી ગયા. 'કૃષ્ણકુમાર'! એ.. મને અહીં કાંઈક થાય છે, અસુખ થાય છે, અસુખ થાય છે, એમ કીધું. રાણીને બોલાવો. રાણી જ્યાં આવ્યા ત્યાં તો આમ થઈ ગયું.. ખલાસ! ડૉક્ટર આવ્યા, શું થાય ધૂળમાં? આરામખુરશી. આરામખુરશીમાં આરામ લઈ લીધો, લ્યો! છેલ્લો. આત્માના ભાન વિના બધાં થોથાં છે.

આત્મજ્ઞાનની લક્ષ્મી જેણે પ્રાપ્ત કરી છે અને એમાં વિશેષ લીન છે એ તો કહે છે કે એને બેસવાનું સ્થાન શિલા (છે). 'જેમની પથારી કાંકરીવાળી ભૂમિ છે,...' કાંકરીવાળી ભૂમિ એ એની શૈય્યા. આહાહા..! દિગંબર મુનિ વસ્ત્ર વિના જંગલમાં આત્માના ધ્યાનમાં પડ્યા હોય. કાંકરી.. કાંકરી હોય. આટલા આટલા કાંકરા (હોય). આમ ખૂંચતા હોય, હોં! એ શય્યા છે, કહે છે. એ અંદર આત્માના આનંદમાં પડ્યા છે. આહાહા..! કહો, સમજાણું? અહીં મખમલની શય્યામાં સૂતો હોય (પણ) દુઃખી છે. (મુનિ) આનંદમાં છે, કહે છે. આહાહા..!

'જેમનું સુંદર ઘર વાઘની ગુફા છે,...' જેમાં વાઘ વસતા હોય (એ) સુંદર ઘર. વાઘ નિકળી ગયો હોય તો બેસે. અંદરમાં લગની લાગી ગઈ છે. આનંદની.. આનંદની.. આનંદની.. આનંદની. ગિરિગુફા અનુભૂતિ. અનુભૂતિરૂપી ગિરિગુફામાં પ્રવેશ કર્યો છે. અંતર આનંદના કંદમાં અંદર પ્રવેશ કરવો એ જ એની લક્ષ્મી છે. કહો, સમજાણું?

'જેમણે પોતાની અંદરથી સર્વ વિકલ્પ મટાડી દીધા છે અને જેમણે અજ્ઞાનની ગાંઠો તોડી નાખી છે,...' અજ્ઞાનની ગાંઠ, ગ્રંથિભેદ તોડી નાખી છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદના ખજાના જેણે ખોલી દીધા છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદનો ખજાનો, સ્વભાવમાં એકત્વબુદ્ધિ કરતાં ખોલી નાખ્યો છે, અજ્ઞાનની ગાંઠ તોડી નાખી છે. રાગ અને આત્માના સ્વભાવની એકતા, એવું અજ્ઞાન તોડી નાખ્યું છે.

'જેમની પાસે સમ્યગ્જ્ઞાનરૂપી ધન છે, જે મુક્તિના પ્રેમી છે, બીજી બધી ઇચ્છાઓથી દૂર છે, એવા યોગીઓ અમારું મન પવિત્ર કરો.' લ્યો! મુનિ પોતે પણ 'આત્માનુશાસન'માં કહે છે, હોં!

www.vitragvani.com



સિદ્ધિના સુખનો ઉપાય છે.

सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ।
सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ।।६५।।

મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫.

અન્વયાર્થ :– (सागारु वि णागारु कुवि) ગૃહસ્થ હોય કે મુનિ કોઈ પણ હોય (जो अप्पाणि वसेइ) જે પોતાના આત્માની અંદર વાસ કરે છે (सो सिद्धि-सुहु लहु पावइ) તે શીઘ્ર જ સિદ્ધિનું સુખ પામે છે, (जिणवरु एम भणेइ) જિનેન્દ્રદેવે આમ કહ્યું છે.

---

હવે 'ગૃહસ્થ હોય કે મુનિ બન્નેને માટે આત્મ લીનતા સિદ્ધિના સુખનો ઉપાય છે.' હવે આવી ગાથા. અત્યારે કોઈ કહે છે ને કે, ગૃહસ્થાશ્રમમાં આત્માનું ધ્યાન, જ્ઞાન ન હોય, આઠમે હોય.

सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ।
सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ।।६५।।

જિનવર સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ધર્મસભામાં સો ઇન્દ્રની હાજરીમાં ભગવાનની વાણીમાં એમ હુકમ આવ્યો, એમ સંદેશ આવ્યો (કે), ગૃહસ્થાશ્રમમાં રહેલા કુટુંબમાં પડ્યા છતાં એ આત્માનું અંતરમાં જ્ઞાન, દર્શન કરીને વસી શકે છે. સમજાણું કાંઈ?

'ગૃહસ્થ હોય કે મુનિ કોઈ પણ હોય જે પોતાના આત્માની અંદર વાસ કરે છે...' આ તો 'યોગીન્દ્રદેવ' કહે છે. ભગવાનની સાક્ષી (આપે છે). ઓલો કહે છે, ભગવાનની સાક્ષીએ આમ કહે છે. આહાહા..! ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનવર એમ કહે છે ને, ભાઈ! વીતરાગના બિંબ જેણે પૂર્ણાનંદના પ્રગટ કર્યા છે એને ઇચ્છા વિના વાણીમાં એમ આવ્યું છે ને કે, ગૃહસ્થ પણ પાંચમા ગુણસ્થાન, ચોથે (ગુણસ્થાન) આદિમાં પોતાના આત્માને શુદ્ધ નિર્વિકલ્પનો અનુભવ કરતાં એ આત્મામાં વસે છે, વસી શકે છે. સમજાણું કાંઈ? ઓલા કહે, ગૃહસ્થાશ્રમમાં ધ્યાન ન હોય, એને અનુભવ ન હોય, એને સ્વરૂપાચરણ ન હોય. આહાહા..!

'अप्पाणि वसेइ' છે, લ્યો! આત્મામાં વસે છે. ગૃહસ્થાશ્રમમાં રાગ હો પણ એનાથી ભિન્ન પડીને પોતે નિવૃત્તિના કાળમાં ભગવાનઆત્મા(માં) નિર્વિકલ્પ દ્વારા, શુદ્ધ ઉપયોગ દ્વારા વસે છે અને એ વસવું થઈ શકે છે, એમ જિનવર કહે છે. કહો, સમજાણું આમાં? મુનિને જ આવું થઈ શકે એવું નથી. મુનિ ઉગ્રપણે વસે છે. મુનિ એટલે સાચા, હોં! સાચા મુનિ.

www.vitragvani.com



એ ઉગ્રપણે આત્મામાં વસે છે, આત્મામાં વસે છે. આહાહા..!

સમકિતી–જ્ઞાની શ્રાવક હો તોપણ તે આત્મામાં વસે છે. એક ન્યાય શું આપે છે? એમાં એને અશુભ આદિ રાગ હોય છે છતાં એનું ખરેખર એમાં વસવું હોતું નથી. એક વાત ઇ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને ત્રણ કષાય છે, શ્રાવકને બે કષાય, મુનિને એક (કષાય છે) છતાં નિશ્ચયથી તો આત્મામાં જ વસેલા છે, એમ એક ન્યાયે કહે છે. સમજાણું કાંઈ?

ઓલો રાગમાં વસતો જ નથી, દૃષ્ટિ જ નથી, એમ કહે છે. સમ્યક્ આત્માનું શુદ્ધ ચૈતન્યનું ભાન, નિર્વિકલ્પ વેદન થયું અને શુદ્ધિ થોડી વધી અને એથી શુદ્ધિ વધી મુનિને, પણ એ બધાનું ખરેખર તો આત્મામાં જ વસવું છે. રાગાદિ બાકી છે એ તો જ્ઞાનમાં જાણવા યોગ્ય વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પોતાના આત્માની અંદર વાસ કરે છે તે શીઘ્ર જ સિદ્ધિનું સુખ પામે છે. જિનેન્દ્રદેવે આમ કહ્યું છે.' સમજાણું? એનો શ્લોક પણ છે ને? ગુજરાતી શું કર્યું છે? 'મુનિજન કે કોઈ ગૃહી, જે હોય આતમલીન' જુઓ! ગૃહસ્થાશ્રમમાં પણ પુણ્ય-પાપના વિકલ્પ હોવા છતાં તેનાથી ભગવાનઆત્માને જ્ઞાનસ્વરૂપે અધિક અનુભવી અને વિકારથી ભિન્ન પાડી અને નિર્વિકાર સ્વભાવમાં એકત્વ થઈને એમાં વસે છે એ અલ્પકાળમાં મુક્તિના સુખને પામે છે. એ ગૃહસ્થમાં હો કે મુનિપણામાં, બેય આત્મામાં વસેલા મુક્તિપણાને પામે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

એક તો એમ કહ્યું કે, ગૃહસ્થાશ્રમ હો કે મુનિઆશ્રમ હો, ત્યાગઆશ્રમ, પણ ભગવાનઆત્માનું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને, રમણતાનો ભાવ પ્રગટ ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે તેથી તે આત્મામાં વસે છે, મુનિને વિશેષ ઉગ્રતાપણે પુરુષાર્થ છે તો એ આત્મામાં વસે છે. બીજું, એ બેય–ગૃહસ્થ કે મુનિ (એમને) રાગાદિ બાકી છે એમાં એની ખાસ દૃષ્ટિ નથી. એટલે ત્યાં ખરેખર રહેલ નથી. ખરેખર એ રહેલ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

આત્મા એટલે એકલા અનંત શુદ્ધભાવનો ભંડાર. આત્મા એટલે એકલા અનંત શુદ્ધભાવનો ભંડાર. એ ભંડાર જેણે રાગની એકતા તોડીને ખોલ્યો, કહે છે કે, એના સ્વભાવમાં એ જેટલો એ વસ્યો છે એ સ્વભાવમાં જ વસ્યો છે, રાગાદિ હોય છતાં એમાં એનું વસવું નથી. એને પણ છોડીને ઠરું ઠરું એમ એને છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાર્થથી જોઈએ તો એક ન્યાયે મુનિ અને ગૃહસ્થ તો આત્મામાં વસેલા છે. આહાહા..! વાત એ ગંભીર કહે છે.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં કે આગળ વધીને મુનિ થયા હોય, બેય વ્યવહારથી તો મુક્ત છે અને વસ્યા છે સ્વભાવમાં. આહાહા..! સમજાણું કાંઈ? ભલે પાંચમે વ્યવહાર આદિના શુભ વિકલ્પો વિશેષ હો, છઠ્ઠે શુભ આદિના થોડા હો છતાં ધર્મીનો વાસ તો ચૈતન્ય ભગવાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુદ્ધ પરમાનંદની મૂર્તિ (છે), ત્યાં તેનું વસવું-આત્મામાં વસવું છે. એ અણાત્મા એવા પુણ્ય-પાપના ભાવ ને તેના ફળ ને તેના ફળ સંયોગ, એ એમાં રહેલો-વસેલો એ ધર્માત્મા નથી. સમજાણું કાંઈ? પ્રેમની પ્રીતિ કરીને જેમાં પડ્યો છે તેમાં એ વસ્યો છે. એ પુણ્ય-પાપમાં પ્રેમ નથી, રુચિ નથી, એ ઝેર તરીકે જાણે છે. એટલે એનાથી મુક્ત છે એટલે એમાં વસ્યો છે એમ કહેવાતું નથી. કહો, 'રતિભાઈ'! આહાહા...!

આત્મામાં વસે છે, એમ કીધું ને? હેં? 'अप्पाणि वसेइ' શબ્દ છે ને? 'अप्पाणि वसेइ' ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિ હો, ભગવાનઆત્મા અનંત શુદ્ધ ગુણ સંપન્ન પ્રભુ, એને જેણે દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને બનાવ્યો છે, એમાં જેટલે અંશે ઠર્યો એ ઠરવાનું સ્થાન જ એ માને છે. એટલે ધર્મીને વસવાનો વાસ આત્મા જ છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ આદિ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ પણ સમકિતી શ્રાવક કે મુનિને વસવાનો વાસ-એ એનું ઘર નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ પ્રભુ બિરાજે છે. પોતે પરમાત્મસ્વરૂપે બિરાજે છે એવી જ્યાં અંતરમાં વાસ, દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થઈ કહે છે કે એ આત્મામાં જ વસે છે. એક સિદ્ધ એમ કર્યું.

બીજું એમ કહે (છે) કે, ગૃહસ્થાશ્રમમાં આત્મામાં વસવું ન હોય એનો નિષેધ કર્યો. સમજાણું કાંઈ? ત્રીજું કે એનો વ્યવહાર હોય છે એનો એ ધણિ છે, એમાં વસે છે એમ નથી. સમજાણું કાંઈ? ગૃહસ્થમાં હો કે મુનિમાં હો, ભગવાનઆત્મા જ્યાં રાગથી નિરાળો શ્રદ્ધા, જ્ઞાનમાં, અનુભવમાં આવ્યો કહે છે કે, એનું વસવું તો એમાં જ પ્રેમથી વસ્યો છે. સમજાણું કાંઈ? ગૃહસ્થ કે મુનિ એ તો પછી સ્થિરતાના અંશમાં ભેદ છે, પણ વાસ ને વસવું ને રુચિનું જમવટ જામી છે આત્મામાં, એને રાગ હોવા છતાં (એમાં એ) વસતો નથી, શ્રાવક કે મુનિ રાગમાં વસ્યા નથી. એ વ્યવહારના રાગથી પણ સમકિતી ગૃહસ્થ હો કે મુનિ, મુક્ત જ છે. જેનાથી મુક્ત છે એમાં વસ્યો કેમ? આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું ને? 'મીરાબાઈ'એ ન કહ્યું? હેં? 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું... નહિ રે બાંધું રાણા નહિ રે બાંધું.. એ પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું..' એમ સમકિતી (કહે છે), 'લગની લાગી ચૈતન્યની સાથ, બીજાના ભાવ નહિ રે આદરું...'

ઓલામાં કહ્યું ને? 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું, ભંગમાં પડશો પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ..' શેની વાત ચાલે છે આ? આ 'अप्पाणि वसेइ'ની (વાત) ચાલે છે. 'ધર્મ જિનેશ્વર ગાઉં...' મારો સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ, અખંડ જ્ઞાયક આનંદકંદ એના હું ગુણગ્રામ ગાઉં છું. 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું..' એ પુણ્ય-પાપના હું ગુણગ્રામ ગાતો નથી, એમ કહે છે. 'ભંગમાં પડશો પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ...' એ પ્રભુ અમારા ચૈતન્યના પ્રેમમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અમારી દૃષ્ટિમાં વસ્યો, 'બીજો મનમંદિર આણું નહિ'

www.vitragvani.com



મારા મનના મંદિરમાં વિકલ્પને સ્થાન ન આપું કે આ મારું સ્થાન છે, એમ ન આપું. સમજાણું કાંઈ? 'એ અમ કુળવટ રીત જિનેશ્વર, એ અમ કુળવટ રીત જિનેશ્વર' અનંત સંતોના સિદ્ધોના કુળની અમારી વટ છે. સમજાણું કાંઈ? 'એ અમ કુળવટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રે... રંગશું' 'આનંદઘનજી' (કહે છે).

અહીં કહે છે, આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો આનંદસ્વરૂપ જ્યાં ભાસ્યો ને રુચિમાં બેઠો અને પરિણમ્યો, એવા ધર્માત્મા ગૃહસ્થ હો કે મુનિ હો, 'अप्पाणि वसेइ'. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં જેની રુચિ ત્યાં તેનો વસવાટ. જેની રુચિ ઊઠી ત્યાં તેનો વસવાટ હોતો નથી. કહો, સમજાણું આમાં? આ માળા સામા બહુ પડ્યા ને, પણ આવું નીકળ્યું.

सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ।
सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ।।

ત્રણલોકના નાથ જિનવરદેવની વાણીમાં એ ધ્વનિ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં આવ્યો (કે), જે કોઈ ગૃહસ્થાશ્રમમાં કે મુનિપણામાં હો, ભગવાનઆત્માની રુચિમાં જેણે આત્મામાં વાસ કર્યો એ ગૃહસ્થ હો કે મુનિ હો, બેય અલ્પકાળમાં મુક્તિને પામશે. આહાહા..! કહો, સમજાણું આમાં? (લોકો) રાડ્યું પાડે છે. અર..ર...! હે ભગવાન! ગૃહસ્થાશ્રમમાં આત્મા નથી. એમ. આત્માનુભવ નથી એટલે કે આત્મા નથી. અરે...! તું શું કહે છે? પ્રભુ! આહાહા..! સમજાણું?

ગૃહસ્થાશ્રમ હો કે મુનિપણું (હો), જ્યાં આત્મા જેને દૃષ્ટિમાં, અનુભવમાં વસ્યો છે એના વાસ રાગમાં નથી, એનો વાસ આત્મામાં છે. એને ઠેકાણે અહીં તો સમકિતીને અને શ્રાવકને આખો આત્મામાં વાસ છે, એમ સિદ્ધ કરવું છે. ઓલા કહે કે, બિલકુલ નથી. ત્યારે કહે (છે), એકલો આત્મામાં જ વાસ છે, સાંભળ! કાળજાં તારા કાયર ખાઈ ગયા, પામર! જેને આત્માની પ્રભુતા પ્રગટી એવી પ્રભુતાના જ્યાં ભણકાર વાગ્યા, આ એના વાસ તો આત્મામાં છે. ગૃહસ્થ છે, બાયડી, છોકરા, કુટુંબ છે એટલે રાગ છે (અને) રાગમાં વસ્યો છે (એમ) જિનવર કહેતા નથી. સમજાણું કાંઈ?

જ્યાં જેની પ્રીતિ જામી ત્યાં તે ઠર્યા છે. એ બીજે ઠરવું એને ગોઠતું નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું આમાં? 'जिणवरु एम भणेइ' ગુરુને આધાર દેવો પડે છે. 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત, મહાલક્ષ્મીના ધણિ છે. નગ્ન દિગંબર વનવાસી, એ ભગવાનનો આધાર લઈને (કહે છે), અરે...! ભગવાન આમ કહે છે. હું તે કોણ કહેનાર? સમજાણું કાંઈ? જેને નામે તું વાતું કરે છો એ ભગવાન આમ કહે છે. હેં? પરમેશ્વર.. પરમેશ્વર.. પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનું બિંબ આખું પ્રગટ્યું, મૂર્તિ પ્રગટી અંદર, એ ભગવાનની વાણીમાં 'जिणवरु एम भणेइ'. એમ એ કહે છે. ગૃહસ્થાશ્રમમાં આત્માનું જ્ઞાન, શ્રદ્ધા અને અનુભવ થયો એ આત્મામાં વસે છે, એમ ભગવાન કહે છે. ઓલો કહે કે, જરીયે વસવું નથી.

www.vitragvani.com



અરે..! શું કર્યું તેં? આત્મા નથી? રાગમાં વસે, પુણ્ય-પાપમાં વસે અને એ સમકિતી ને શ્રાવક? સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે, ભગવાન જિનેન્દ્રદેવ એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંય રસ પડતો નથી, એમ ધર્મીને લાગે છે. ક્યાંય રસ પડતો નથી. આત્માના રસ આડે ક્યાંય સૂઝ પડતી નથી. સમજાણું કાંઈ? સંસારમાં પણ જ્યારે કોઈ લતે ચડે ત્યારે એને નથી થતું? જે લતે ચડે એમાં બીજી સૂઝ પડતી નથી. આ એક જ આખો દિ' ધંધો.. ધંધો.. ધંધો. એ..ઇ ધંધો, બીજી સૂઝ પડતી નથી. મરી જઈએ તો આમાં મરશું, કહે. હેં? આહાહા..!

ગૃહસ્થાશ્રમમાં આત્મા છે કે નહિ? કે, રાગે બધો આત્મા લઈ લીધો? વિકારે આખો આત્મા લઈ લીધો? લૂંટી ગયો? આહાહા..! પરમાત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની જ્યાં અંતર રુચિ, દૃષ્ટિ અને એકાગ્રતા થઈ (તો) ગૃહસ્થ હો, ઓછીવત્તી રમણતાનો પ્રશ્ન નથી, આત્મામાં જ વસે છે, એમ અહીં કહે છે, ભાઈ! જુઓ! ભાષા એવી છે આ. ના ન પાડ, ના ન પાડ. ના પાડતાં આત્મા રહેતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જેને અંતરમાં રુચિમાં બેઠા પરિણમન થયું, કહે છે કે એ તો આત્મામાં વસ્યા છે, એમ જિનવર કહે છે. તું કોણ કહેનાર? કે, ગૃહસ્થાશ્રમમાં આત્માનું જ્ઞાન અને આત્મામાં વસવું હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ જિનવર સામે મોટો વેરી જાગ્યો છે. એટલે કે આત્માનો વેરી છે કે, આત્મામાં ન હોય. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં ન હોય, એ ક્યાં હોય? વિકારમાં હોય. વિકારમાં તો અનાદિનો હતો, ફર્યો શું ત્યારે હવે? સમજાણું કાંઈ? શુભ અને અશુભ રાગમાં તો અનાદિનો હતો, એ તો બહિર્બુદ્ધિ હતી, હવે અંતર્બુદ્ધિ થઈ તો થયું શું? કાંઈ થયું કે ફેરફાર થયો કે નહિ? બહિરાત્મામાં પુણ્ય-પાપના ભાવ મારા ને એમાં પડેલો એ હું આત્મા અને એ લાભદાયક, એ બહિર્બુદ્ધિ તો અનાદિની હતી. હવે એમાં વસ્યો છે અને અંતરાત્મા પણ એમાં વસ્યો છે, તો અંતરાત્મા થયો શી રીતે? સમજાણું કાંઈ? કહો, 'રતિભાઈ'! આહાહા..!

કહે છે, એ **'सागारु वि णागारु कुवि'** સમજ્યા ને? ગૃહસ્થ હો કે કોઈપણ મુનિ હો, 'જે પોતાના આત્માની અંદર વસે છે...' **'जो अप्पाणि वसेइ'** જે કોઈ આત્મામાં વસે છે, 'તે શીઘ્ર...' **'लहु लहु'** અલ્પકાળમાં કેવળજ્ઞાનની લક્ષ્મીને પામવાના, પામવાના ને પામવાના. જિનવર એમ ભણે છે, બાપુ! એ બીજી વાત (કહે કે), આવું ભણેલા છે ને આવો ઉઘાડ છે ને આવું સમજાવતા આવડે છે, અમે બહુ શાસ્ત્રા વાંચ્યા છે અને બહુ ભણ્યા છીએ. મીંડાં મૂક એમાં. આ એક ભણ્યો ઇ આત્મામાં વસ્યો છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અને એનું વસવું સાદિઅનંત સિદ્ધપણે થઈ જશે, એમ કહે છે. એમ કહે છે, મૂળ તો વાત (એમ છે કે) અહીં જ્યાં વસ્યો છે એ વસ્યો છે ત્યાં ઠરીને એ સિદ્ધપદની પૂર્ણ દશામાં વસી જશે. આહાહા..! 'યોગીન્દ્રદેવ' જુઓ! દિગંબર સંતો તો જુઓ! મુનિઓ જંગલમાં રહેનારા ત્રાડ મારીને (કહે છે), સિંહ(ની જેમ) ત્રાડ મારી છે, કહે છે. ગૃહસ્થાશ્રમમાં

www.vitragvani.com



હોય તો શું છે? આત્મા છે કે નહિ અંદર? હેં? આત્મા છે કે નહિ? કે, એકલો વિકાર જ છે? એકલો વિકાર છે તો અનાદિનો છે, નવું શું કર્યું તેં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મુનિ આત્મામાં લીન છે. સમ્યક્ચારિત્રથી લીન છે.

ઉત્તર :– આત્મામાં જ છે. ચાહે તો વિકલ્પ આદિ હો તોપણ દૃષ્ટિ આત્મામાં છે એટલે આત્મામાં જ વસેલો છે. એમાં (–વિકલ્પમાં) વસ્યો જ નથી. આહાહા..!

'આત્મિક અતીન્દ્રિય આનંદને સિદ્ધિ સુખ અથવા સિદ્ધોનું સુખ કહે છે. જેવો શુદ્ધાત્માનો અનુભવ સિદ્ધ ભગવાનોને છે તેવો જ શુદ્ધાત્માનો અનુભવ જ્યારે થાય છે ત્યારે જેવું સુખ સિદ્ધો વેદે છે તેવું જ સુખ શુદ્ધાત્માનું વેદન કરનારાઓને થાય છે.' અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દષ્ટિને અનુભવ (થાય) અને સિદ્ધને અનુભવ (થાય) એ આનંદની જાત એક છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદનો નાથ, એની વિકલ્પદશામાં દુઃખ, એને તોડીને અતીન્દ્રિય આનંદના જેણે અંદરમાં તળિયા લીધા એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા, સિદ્ધ(ના) અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને આ સ્વાદ, સ્વાદની જાતમાં ફેર નથી.

'આત્મિક આનંદનો સ્વાદ જે સાધનથી થાય તે જ મોક્ષનો ઉપાય છે.' જુઓ, ભાષા! આત્માના આનંદનો સ્વાદ જે સાધન (થાય) એ મોક્ષનો ઉપાય અને એ આનંદ સુખનું સાધન, એ આનંદ સુખનું સાધન. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જે આત્મિક આનંદનો સ્વાદ જે સાધનથી, સાધન એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન. એ પોતે આનંદ છે એમ કહે છે. સમજાણું કાંઈ? તે જ મોક્ષનો ઉપાય અથવા અનંત સુખનું સાધન (છે). એ જ આનંદના સુખનું (સાધન છે), પૂર્ણ આનંદના સુખનું, અતીન્દ્રિય આનંદનો અનુભવ પૂર્ણ આનંદના સુખનું સાધન (છે). અતીન્દ્રિય આનંદ ભગવાન પૂર્ણાનંદ, એના વેદનમાં અતીન્દ્રિય આનંદનું વેદન (થાય) એ અતીન્દ્રિય આનંદ પૂર્ણાનંદનું સાધક (છે). રાગ-બાગ, વ્યવહાર-ફ્યવહાર, નિમિત્ત-ફિમિત્ત સાધક-ફાધક છે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..!

'કેમકે સ્વાનુભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય ગર્ભિત છે. સ્વાનુભવ જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે.' આહાહા..! ઠીક લખ્યું છે. સ્વાનુભવ જ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. રાગના ક્રિયાકાંડમાં સ્વાનુભવ છે? એ નિશ્ચય રત્નત્રય છે. સ્વ-અનુભવ. ભગવાનઆત્મા પોતાને અનુસરીને આનંદથી વેદનમાં આવ્યો એમાં ત્રણે સમાઈ જાય છે, કહે છે. નિશ્ચય સત્ય સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્જ્ઞાન અને સત્યચારિત્ર ત્રણેય એને આવી ગયા. આ ભણ્યો-ગણ્યો ઓછું એને કેવળજ્ઞાનનું મૂળિયું (હાથ) આવી ગયું. સમજાણું કાંઈ? સ્વાનુભવ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

'આ જ એક સીધી સડક મોક્ષમહેલ તરફ ગયેલી છે.' આ સડક ક્યાં જાશે? ચક્રવર્તીના મહેલમાં. આ સડક ક્યાં જાશે? ચક્રવર્તીના મહેલમાં. એમ આનંદના અનુભવની સડક ક્યાં

www.vitragvani.com



જાશે? સિદ્ધિના પૂર્ણ આનંદમાં. આહાહા..! 'આ જ એક સીધી સડક મોક્ષમહેલ તરફ ગયેલી છે.' આ..હા...! વિકલ્પ-ફિકલ્પ, વ્યવહાર-ફ્યવહારના તો અહીં ભૂક્કા ઊડાવ્યા છે. 'अप्पाणि वसेइ' છે ને? આત્મામાં જે વસ્યો છે એ જ પૂર્ણ આત્મામાં વસવાનો મહેલ–સિદ્ધ, એના સન્મુખ એ સડક ગઈ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, દરબાર! 'મુંબઈ'માં તમે આવું સાંભળ્યું નહિ હોય. પૈસા.. પૈસા.. પૈસા આખો દિ', ધૂળ.. ધૂળ.. ને ધૂળ. આ તો કહે છે, આનંદ.. આનંદ.. ને આનંદ. આહાહા..! 'એ સિવાય કોઈ બીજી સડક નથી.' બીજી સડક જ નથી.

મુમુક્ષુ :– બે રસ્તા છે ને?

ઉત્તર :– બે રસ્તા જ નથી, એક જ રસ્તો છે. આત્માના આનંદસ્વરૂપ પ્રભુ, એનું અતીન્દ્રિય આનંદ(રૂપ થવું એ) એક જ (સડક) અતીન્દ્રિય પૂર્ણાનંદ (તરફ જાય છે), એ સડક જઈને પૂર્ણાનંદને પામશે, બીજી કોઈ સડક-ફડક છે નહિ. બીજો કોઈ માર્ગ-ફાર્ગ, વ્યવહાર વચમાં આવે એ માર્ગ જ નથી. આવે ખરો વચમાં. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના વિકલ્પો (આવે ખરા) પણ એ માર્ગ નથી. એ મોક્ષમહેલમાં જવાની સડક નથી. એ તો બંધમાં જવાની સડક છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી એણે અગિયાર પડિમાના નામ લીધા છે. ઠીક છે, અગિયાર પડિમા હોય છે. પછી છેલ્લે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નું થોડું લીધું છે.

'સર્વ પાપબંધના કારણરૂપ મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે વ્યવહાર ચારિત્ર છે. સર્વ કષાયના કાલિમારહિત, નિર્મળ, ઉદાસીન, આત્માનુભવરૂપ નિશ્ચયચારિત્ર છે.' આત્મારૂપ છે ને એમાં? ઇ છે ને? 'विशदमुदासीनमात्मरूपं' છે ને? ઇ. શું કહે છે? પાપનો ત્યાગ કરીને શુભમાં વર્તવું એ તો વ્યવહારચારિત્ર છે, પણ પુણ્ય-પાપના વિકલ્પ છોડીને, કષાયરહિત થઈને આત્માના અંતરમાં અનુભવરૂપ ચારિત્ર, આત્માના આનંદના અનુભવનું ચારિત્ર તે નિશ્ચયચારિત્ર (છે). સમજાણું કાંઈ?

'હિંસા, અસત્ય, ચોરી,કુશીલ, પરિગ્રહ આ પાંચ પાપોથી પૂર્ણ વિરક્ત થવું તે સાધુનું વ્યવહાર ચારિત્ર છે અને ઉપર્યુક્ત પાંચ પાપોથી એકદેશ વિરક્ત થવું તે શ્રાવકનું વ્યવહાર ચારિત્ર છે.' વ્યવહાર ચારિત્ર છે, એટલો ખુલાસો આ પણ કેર છે, ઓલાને નથી બેસતું.

www.vitragvani.com



## તત્ત્વજ્ઞાની વિરલા હોય છે.

विरला जाणहिं तत्तु बुह, विरला णिसुणहिं तत्तु।
विरला झायहि तत्तु जिय, विरला धारहिं तत्तु।।६६।।

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬.

અન્વયાર્થ :– (विरला बुह तत्तु जाणहि) વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે. (विरला तत्तु णिसुणहिं) વિરલા શ્રોતા જ તત્ત્વને સાંભળે છે (विरला जिय तत्तु धारहिं) વિરલા જ તત્ત્વને ધારણ કરીને સ્વાનુભવી થાય છે.

---

હવે ૬૬ માં કહે છે.

विरला जाणहिं तत्तु बुह, विरला णिसुणहिं तत्तु।
विरला झायहि तत्तु जिय, विरला धारहिं तत्तु।।६६।।

'વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે.' કોઈ વિરલ જ્ઞાની આત્માના તત્ત્વને જાણનારા હોય છે, એને પંડિત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? 'विरला बुह तत्तु' 'बुह' એટલે પંડિત છે ને? 'बुह' પંડિત છે ને? વિરલા જ 'बुह' નામ પંડિત આત્મતત્ત્વને જાણે છે. ભગવાન આત્મતત્ત્વ નિરાકુળ શાંતરસનો પિંડ પ્રભુ, એને તો વિરલા પંડિતો જ જાણે. એ વિરલા પંડિત અથવા વિરલ એને જાણે તે પંડિત કહેવામાં આવે છે. આત્માનો અનુભવ (કર્યો) ને જાણ્યો એ પંડિત છે. આહાહા..! લોકાલોકનો પ્રકાશ કરનાર ભગવાન જેના અનુભવમાં, જ્ઞાનમાં આવ્યો કહે છે કે, એ જ મોટો પંડિત છે, પણ એવા વિરલ જીવ હોય છે. સમજાણું કાંઈ?

'विरला तत्तु णिसुणहि' વિરલાઓ તત્ત્વને સાંભળે છે. એવા તત્ત્વની વાત સાંભળનારા પણ વિરલ છે. તત્ત્વના સમજનારા વિરલ, પણ સમજનારા પાસે આવા સાંભળનારા વિરલ, એમ કહે છે. આહાહા..! નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરો એ વાત સાંભળનારા (વિરલા છે). વ્યવહારના રસિયા, પુણ્યના રસિયા, વિકલ્પના રસિયા, એને આ વાત સાંભળવાનું મુશ્કેલ પડે છે, કહે છે. સમજાણું કાંઈ? 'વિરલા શ્રોતા જ તત્ત્વને સાંભળે છે.' શ્રોતા એવા (મળવા) મુશ્કેલ છે, કહે છે. તત્ત્વના જાણનારા જ્ઞાનીઓ વિરલ હોય, એમાં એની પાસે આવી વાતો સાંભળનારા જીવો વિરલ હોય. ગોઠે નહિ વાતને. સમજાણું?

વિરલા જ એ તત્ત્વને ધ્યાવે. વિરલ જીવ આત્માનું ધ્યાન (ધરે). જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ પ્રભુ, એનું ધ્યાન કરે એ તો વિરલ જીવ છે, વિરલ જીવ છે, વિરલ છે. ઓ.હો...! સમજાણું કાંઈ? આ વિરલા કહ્યા. બહુ પૈસાવાળા છે ને મોટી પદવીવાળા છે ને બહુ રૂપાળા છે,

www.vitragvani.com



બહુ પરિવારવાળા છે. સમજાય છે? બેઠી પેદાશવાળા છે. એને પાંચ-દસ લાખની બેઠી પેદાશ છે. એ.. બેઠી પેદાશ, શું કહે છે? એને વિરલા ન કીધા, ઇ બધા રખડનારા છે. (લોકો) વાતું કરે, એને તો બેઠી પેદાશ, બાપા! ઘરની બેઠી પેદાશ, પાંચ લાખ, દસ લાખ, બાર મહિને બેઠી પેદાશ છે. બેઠો પેદાશ એટલે શું? બેઠો છે ક્યાં ઇ? એમ કહે છે, લોકો વાતું કરે. અહીં તો કહે છે, વિરલા જ એ તત્ત્વનું ધ્યાન કરે. એને અંદરમાં આનંદની બેઠી પેદાશ છે. આહાહા..! ક્યાંય બહાર જાવું પડે નહિ અને અંદરમાં ને અંદરમાં બેઠી પેદાશ મળે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિરલા જીવ તત્ત્વને ધ્યાવે.

'વિરલા જ તત્ત્વને ધારણ કરીને સ્વાનુભવી થાય છે.' આવી વાત-નિર્વિકલ્પ ભગવાનઆત્માની વાત, વિરલા સાંભળી, ધારીને સ્વાનુભવ કરે છે. એ ઘણા વિરલ વિરલ લાખો, કરોડોમાં વિરલ વિરલ (હોય છે). એવી એની દુર્લભતા બતાવીને એની કિંમત કરી છે. દુર્લભતા કરીને એની કિંમત કરી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ક્રમબદ્ધ પરિણમતા જ્ઞાયકનું અકર્તાપણું!

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, જ્ઞાન તેનો પરમસ્વભાવ છે ને જ્ઞાન સાથે શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય વગેરે અનંત ગુણો રહેલા છે. દ્રવ્ય પરિણમતાં તે બધા ગુણોનું ક્રમસર પરિણમન થાય છે.

આત્મા જ્ઞાયક છે એટલે તેનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે; પરને કરે કે રાગ વડે પરનું કારણ થાય એવો તેનો સ્વભાવ નથી તેમજ પર તેનું કરે કે પોતે પરને કારણ બનાવે એવો પણ સ્વભાવ નથી; આ રીતે અકારણ-કાર્યસ્વભાવ છે.

અહીં, સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકારમાં આ ક્રમબદ્ધપર્યાયની વાત લઈને આચાર્યદેવે જીવનું અકર્તાપણું સિદ્ધ કર્યું છે એટલે કે જીવ જ્ઞાયક જ છે - એમ સમજાવ્યું છે. જ્ઞાનસ્વભાવી જીવ છે તેના અનંત ગુણોની સમય સમયની પર્યાયો ક્રમબદ્ધ જ ઊપજે છે અને તે જીવની સાથે એકમેક છે. ત્રણેકાળની દરેક પર્યાય પોતાના સ્વકાળે જ ઊપજે છે, કોઈ પણ પર્યાય આડીઅવળી ઊપજતી નથી.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧, રવિવાર
## તા. ૦૩-૦૭-૧૯૬૬
## ગાથા–૬૬ થી ૬૮ પ્રવચન નં. ૨૪

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' મુનિ, દિગંબર મુનિ આજ પહેલાં ૭૦૦-૮૦૦ વર્ષ પહેલા થઈ ગયા. એમનું આ 'યોગસાર' છે. આજે ભગવાનનો દિવ્યધ્વનિનો દિવસ છે. એમાં આ ગાથા બરાબર આવી છે. વિરલ, વિરલ વાત છે. ભગવાન 'મહાવીર' પરમાત્માને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦ થયું હતું પણ ૬૬ દિવસ દિવ્યધ્વનિ ન નીકળી. વ્યવહારથી એમ કહેવાય કે ત્યાં એ વાણીને ઝીલનાર ગણધરની હૈયાતીનો અભાવ હતો. ખરેખર તો એ વાણી નીકળવાની નહોતી. એ વાણી ૬૬ દિવસે ઇન્દ્રને વિચાર થયો કે આ વાણી કેમ નથી નીકળતી? એટલે અવધિજ્ઞાનથી જોયું કે કોઈ આમાં પાત્ર ગણધર આદિ છે નહિ એથી વાણી નીકળતી નથી. વાણી તો નીકળવાનો યોગ હતો જ નહિ. પણ નિમિત્તથી શાસ્ત્રમાં એવા કથન આવે.

'ગૌતમ' સ્વામી ગણધરને યોગ્ય હતા, એની પાસે બ્રાહ્મણનું રૂપ લઈને ઇન્દ્ર ગયા (અને કહ્યું કે), આનો કંઈક અર્થ કરો. છ દ્રવ્ય, નવ તત્ત્વ સાચુ શું છે? ઓલો કહે, ભાઈ! મને આવડતું નથી. તમારા ગુરુ પાસે જઈએ. છ દ્રવ્યના નામ એનામાં હોય નહિ. પછી ભગવાન પાસે આવ્યા. ત્યાં તો એમની લાયકાત હતી, ક્ષણમાં જ્યાં (ભગવાન) દેખ્યા. સમવસરણ દેખ્યું ત્યાં એમનું માન ગળી ગયું. અંદર ગયા ત્યાં તો એમને આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન થયું અને ભગવાનની વાણી છૂટી. ૬૬ દિવસે દિવ્યધ્વનિ 'વિપુલાચલ' પર્વત ઉપર 'રાજગૃહી' નગરીની બહાર વનમાં ભગવાનની વાણી ત્યાં ૬૬ દિવસે નીકળી અને તે શ્રાવણ વદ એકમનો જોગનો પહેલો દિવસ હતો. જોગનું પહેલું બેસતું વર્ષ હતું. શ્રાવણ વદ એકમે નીકળી. એ વાણી ગણધરદેવે તે દિ' ઝીલી. વાણી નીકળી તે દિ' ઝીલી, તે દિ' ગણધરદેવે ભાવશ્રુતજ્ઞાન રૂપે ગણધર પરિણત (થયા).

ભગવાને ભાવશ્રુત કહ્યું. ભગવાનની પાસે ભાવશ્રુત છે નહિ, એમની પાસે તો કેવળજ્ઞાન છે, પણ કેવળજ્ઞાન કહ્યું એમ શાસ્ત્રમાં ન કહ્યું, એમણે ભાવશ્રુત વર્ણવ્યું. ભાઈ! ભગવાનની વાણીમાં એકલા અર્થો આવ્યા, અર્થો આવ્યા. એથી એને ભગવાને ભાવશ્રુત કહ્યું એમ કહેવામાં આવે છે. ગણધરદેવે એને સૂત્રરૂપે ગુંથ્યા. અર્થરૂપે ભગવાનની વાણીમાં આવ્યું, સૂત્રરૂપે ગણધરે ગુંથ્યું, એ આજ દિવસ છે. વાણી નીકળવાનો અને બાર અંગ ને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં ક્રમસર કરી. અંતર્મુહૂર્ત છે ને? અસંખ્ય સમય છે. ગણધરદેવે આજે બાર અંગની રચના કરી. એ બાર અંગની અંદર સારમાં સાર શું કહેવાણું આ એનું કથન છે.

www.vitragvani.com



'યોગસાર'. બારે અંગમાં સંયોગ, વિકલ્પ અને એક સમયની અવસ્થા, એની ઉપેક્ષા કરીને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની અપેક્ષા કરવી એવો સાર, યોગસારરૂપે ભગવાનની વાણીમાં આવ્યો. યોગસાર એટલે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, ધ્રુવ, શાશ્વત, એકરૂપ અનાદિઅનંત (છે), એવી ચીજમાં એકાકાર થઈને સ્વરૂપના આનંદનું વેદન થવું, એને યોગસાર કહે છે. સ્વરૂપમાં એકાકાર થઈને આનંદનો અનુભવ-વેદન કરવું એનું નામ યોગસાર કહે છે, કે જે મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? કેવો યોગસાર?

કહે છે, 'તત્ત્વજ્ઞાની વિરલા હોય છે.' જુઓ! અહીંયાં એ કહે છે.

विरला जाणहिं तत्तु बुह, विरला णुसणहिं तत्तु।
विरला झायहि तत्तु जिय, विरला धारहिं तत्तु।।६६।।

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મજ્ઞાનરૂપી તત્ત્વ કહ્યું, એને 'વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે.' વિરલ પ્રાણી. આત્મજ્ઞાન પ્રાપ્ત થવું મહા કઠણ છે. એને 'થોડાક જ પ્રાણીઓ આ અનુપમ તત્ત્વનો લાભ પામી શકે છે.' 'विरला जाणहिं तत्तु विरला तत्तु णिसुणहि'. સાંભળનારા વિરલા છે. આત્મજ્ઞાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એમાં અંતરમાં એકાકાર થવું એવી વાત સાંભળનારા પણ વિરલ છે. સમજાણું કાંઈ? કહેનારા દુર્લભ તો છે, પણ સાંભળનારા એવા દુર્લભ છે.

જે આત્મા પરમાનંદરૂપ ધ્રુવ સચ્ચિદાનંદ સ્વરૂપ, એમાં એકાગ્ર થવું તે મોક્ષનો માર્ગ, બીજો માર્ગ નહિ, એવી વાત સાંભળનારા સભામાં પણ દુર્લભ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને નિમિત્ત રુચતા હોય, રાગ રુચતો હોય, વ્યવહાર રુચતો હોય એને આ વાત સાંભળવી મુશ્કેલ છે. સાંભળવી મુશ્કેલ (છે). ના, એમ ન હોય, એમ ન હોય, એમ ન હોય, એમ કહે. એટલે કહે છે કે, 'विरला तत्तु णिसुणहि' વિરલ પ્રાણી. ભગવાનઆત્મા, એની ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ધાતુ, એમાં એકાકાર થવું એ જ મોક્ષનો માર્ગ, એ જ યોગસાર, એ જ કલ્યાણનો રસ્તો, એ જ મોક્ષનો ઉપાય, એ વાત સાંભળનારા પણ જગતમાં બહુ વિરલ છે. સમજાણું કાંઈ? પુણ્યની વાતું, નિમિત્તની વાતું, વ્યવહારની વાતું સાંભળનારા થોકના થોક પડ્યા છે, એમ કહે છે. પણ આ આત્મા શુદ્ધ અખંડાનંદનો કંદ છે, ધ્રુવ અખંડાનંદ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ કરીને રમવું, એવો યોગ, એનો પણ સાર એ સાંભળનારા દુર્લભ છે. કહો, સમજાણું કાંઈ?

'विरला झायहि तत्तु' અને વિરલ જીવ, એનું ધ્યાન કરે. ભગવાનઆત્મા, એના તરફનું અંતરમાં વલણ (થવું) અને એ સ્વરૂપને ધ્યેય કરીને તેમાં એકાકારનું ધ્યાન કરવું એ જીવો વિરલ હોય છે. સમજાણું કાંઈ? કોઈ પદવી ઇન્દ્રની મળવી કે રાજપાટ મળવા કે એ જીવો વિરલ છે એમ અહીંયાં નથી કહ્યું. અને પુણ્ય પામવા કે પુણ્યના ફળ મળવા એ જીવો વિરલ છે એમ નથી કહ્યું. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું અંતર ધ્યાન

કરનારા જગતમાં વિરલ નામ દુર્લભ છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના ભણનારા પણ ઘણા હોય, કહેનારા પણ ઘણા હોય, પણ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અભેદની વાત સાંભળનારા દુર્લભ અને એનું ધ્યાન કરનારા તો બહુ દુર્લભ છે. સમજાણું કાંઈ?

'विरला झायहि तत्तु' વિરલા જીવ 'धारहि'. 'विरला धारहिं तत्तु' ધારહિનો અર્થ– વિરલ જીવો, ભગવાનઆત્મા નિર્વિકલ્પ રાગ વિનાની ચીજ છે અને રાગ વિનાની નિર્મળ પરિણતિ દ્વારા એ અનુભવી શકાય છે એવો અનુભવ થઈને ધારણા થવી એવા (જીવો) જગતમાં દુર્લભ છે. સમજાણું કાંઈ? એ ધારણા, હોં! આહાહા..! આમ અવગ્રહ, ઈહા, અવાય, ધારણા બહારની તો ઘણી છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું અંદર ધ્યાન કરીને આ ચીજ છે, એમ જેણે અનુભવ કરીને ધારી છે કે, ચીજ આ છે અને એ ધારણામાંથી વારંવાર સ્મૃતિ કરીને આત્માનું ધ્યાન કરે છે. એવા જીવો જગતમાં (દુર્લભ છે). દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું. ભગવાનની દિવ્યધ્વનિમાં, બાર અંગમાં એમ આવ્યું હતું. 'વિપુલાચલ' પર્વત ઉપર ભગવાનની વાણી નીકળી. એમાં એ આવ્યું હતું કે, આ આત્મા શુદ્ધ અનંત આનંદસ્વરૂપ, એનું એકાગ્ર થઈ (ધ્યાન કરે), અને આ આત્મા આવો છે એવી ધારણા (કરનારા વિરલ છે). સમજાય છે કાંઈ?

'विरला जिय तत्तु धारहिं' શું કહે છે? બીજી ધારણા કરનારા તો ઘણા હોય છે. શાસ્ત્રની ધારણા, બોલચાલની ધારણા, કહેવા-બોલવાની ધારણા, આનો આ પ્રશ્ન ને આનો આ ઉત્તર ને એવી ધારણા કરનારા ઘણા હોય છે, પણ આ ભગવાનઆત્મા સમ્યગ્દર્શન, જ્ઞાનમાં જે અનુભવમાં આત્મા પૂર્ણાનંદ આવ્યો, અનુભવ થઈને એની ધારણા કરનારા જીવો વિરલ અને થોડા છે. સમજાણું કાંઈ?

ભાઈએ એનો અર્થ જરી લખ્યો છે કે, 'આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી ઘણી કઠણ છે. થોડાક જ પ્રાણીઓ આ અનુપમ તત્ત્વનો લાભ પામી શકે છે. (કેમકે) મનરહિત પંચેન્દ્રિય સુધીના જીવો વિચાર કરવાની શક્તિ...' (રહિત છે). મન વિનાના પ્રાણી છે એને વિચાર કરવાની શક્તિ નથી કે, હું કોણ છું ને ક્યાં છું? 'સંજ્ઞી પંચેન્દ્રિયોમાં નારકી જીવ રાતદિવસ કષાયના કાર્યમાં લાગ્યા રહે છે.' સંજ્ઞી પંચેન્દ્રિય કદાચ મનવાળા થયા, એમ કહે છે. મન વિના પ્રાણીને વિચાર તો છે નહિ. મનવાળા થયા તો નારકીમાં ઊપજ્યો, નારકી. રાતદિવસ કષાય, કષાય, કષાયના કાર્યમાં લાગ્યા છે. (એમાં) 'કોઈક જ પ્રાણીને આત્મજ્ઞાન થાય છે.' બાકી એથી અસંખ્યગુણા, સમકિતીની સંખ્યા કરતાં અસંખ્યગુણી મિથ્યાદૃષ્ટિની સંખ્યા નારકીમાં એવી છે કે, એને આત્મજ્ઞાન શું છે એવું સાંભળ્યું પણ હોતું નથી.

'પશુઓમાં પણ આત્મજ્ઞાન પામવાનું સાધન અલ્પ છે.' ઢોરમાં પણ વિરલ છે. 'દેવોમાં વિષયભોગોની અતિ તીવ્રતા છે, વૈરાગ્યભાવની દુર્લભતા છે. કોઈકને જ આત્મજ્ઞાન થાય છે. મનુષ્યો માટે સાધન સુગમ છે...' સાર ઠીક મૂક્યો છે. 'તો પણ ઘણું દુર્લભ છે.'

www.vitragvani.com



મનુષ્યપણામાં આત્મજ્ઞાનની, સમ્યગ્દર્શનની, અનુભવની વાત સાંભળવી દુર્લભ અને પામવી મનુષ્યપણામાં પણ દુર્લભ છે. સમજાણું કાંઈ? કેટલાક તો રાતદિન શરીરની ક્રિયામાં તલ્લીન રહે છે (કે) 'તેમને આત્માની વાત સાંભળવાનો અવસર જ મળતો નથી.' માણસને. આ માણસની વાત માંડી. કેટલાક (એવા) હોય કે, 'વ્યવહારમાં એટલા ફસાયેલા હોય છે કે વ્યવહારધર્મના ગ્રંથો વાંચે છે, સાંભળે છે,...' હવે મનુષ્ય આવ્યા, મનુષ્ય. ધર્મને સાંભળવા માટે તૈયાર થયા, સાંભળે પણ એ વ્યવહારના ગ્રંથોમાં એટલા ફસાયા કે, વ્યવહારધર્મના ગ્રંથોને વાંચે અને સાંભળે. નિશ્ચય અધ્યાત્મગ્રંથ શું છે એને સમજવાનો અને સાંભળવાનો વખત મળતો નથી.

મુમુક્ષુ :- ના પાડનારા પણ નીકળે.

ઉત્તર :- ના પાડનારા (ના પાડે), નહિ, નહિ, નહિ. એ અધ્યાત્મ નહિ, અધ્યાત્મ નહિ. આ વ્યવહાર સાંભળો, વ્યવહાર વાંચો. 'જ્ઞાનચંદજી'! એવું ચાલે છે ને? ભાઈ! નહિ, નહિ, નહિ.

અનેક 'મહાન વિદ્વાન (પંડિત) બની જાય છે; ન્યાય, વ્યાકરણ, કાવ્ય, પુરાણ, વૈદક, જ્યોતિષની અને પાપ પુણ્યનો બંધ કરનાર ક્રિયાઓની વિશેષ ચર્ચા કરે છે.' વ્યાકરણની કરે, શબ્દકોષની કરે, પુણ્ય-પાપની ચર્ચા કરે. આ પુણ્ય આમ થાય ને આ પુણ્ય આમ થાય. પણ એ વાત તો અનંતવાર કરી, હવે સાંભળને! નવી વાત શું છે, અનંતકાળના જન્મ-મરણ મટવાની ચર્ચા કરતા નથી. ચર્ચા કરનારા નથી, એમ કહે છે. હેં?

'અધ્યાત્મગ્રંથોનો સૂક્ષ્મદૃષ્ટિથી અભ્યાસ કે વિચાર કરતા નથી.' 'વિમલચંદજી'! આ બરાબર છે? એ..ઇ...! 'રાજમલજી'! બેય જણા. ફર્યા છે કે નહિ? જોયું છે કે નહિ એણે? અધ્યાત્મગ્રંથને વાંચવાનો વખત પણ નથી. નહિ.. નહિ.. નહિ. વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર વાંચો, વ્યવહાર વાંચો. એ કરતા કરતાં થઈ જશે. કરતા કરતા ધૂળમાંય નહિ થાય, સાંભળને. ભગવાનઆત્મા અધ્યાત્મની અંતરની વાતુંને સમજ્યા વિના અંતરદૃષ્ટિ કર્યા વિના કલ્યાણ ત્રણકાળમાં છે નહિ. એનો નિર્વિકલ્પ પત્તો લીધા વિના, આત્મા વસ્તુ જ નિર્વિકલ્પ છે, રાગ વિનાની, પુણ્ય વિનાની, ક્રિયા વિનાની, મન વિનાની, સંગ વિનાની, એવો ભગવાનઆત્મા રાગથી અને વિકલ્પથી અસંગ એવા અસંગ તત્ત્વને અધ્યાત્મ ગ્રંથથી સાંભળીને મનન કરનારા જીવો બહુ દુર્લભ છે. સમજાણું કાંઈ?

'આનંદઘનજી' પણ કહે છે, 'અધ્યાત્મગ્રંથ મનન કરી.' એના સ્તવનમાં કહે છે. અધ્યાત્મના શાસ્ત્રો જે આત્માને બતાવનારા, એને મનન કરીને અનુભવ કરવો એ જગતમાં મનુષ્યમાં સાર છે પણ કહે છે કે, કેટલાક વિદ્વાનો એમાં ફસાયા છે કે અધ્યાત્મની સૂક્ષ્મદૃષ્ટિથી (વાંચતા નથી). કોઈ અધ્યાત્મ વાંચે પણ સૂક્ષ્મદૃષ્ટિથી એનો અર્થ, ભાવાર્થ શું છે એને સમજે નહિ.

www.vitragvani.com



મુમુક્ષુ :– વ્યવહાર ધર્મથી થાય...

ઉત્તર :– હા. આ લખ્યું, 'સમયસાર'માં લખ્યું, લ્યો! 'ગોમ્મટસાર'માં એમ લખ્યું, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. 'સમયસાર'માં એમ લખ્યું કે, કર્મને લઈને વિકાર થાય, આત્માને લઈને નહિ. 'કર્મ વિપાકો, ....' કર્મનો વિપાક તે રાગ, જુઓ! આમાં લખ્યું છે. કર્મનો વિપાક તે રાગ. પણ એ કઈ અપેક્ષાએ? ભગવાનઆત્માનો પાક એ રાગ નહિ. ભગવાનઆત્મા..! એને બતાવવા એમ કીધું કે, કર્મનો પાક તે રાગ. (તો કહે), જુઓ! કર્મને લઈને રાગ થાય છે કે નહિ? જુઓ! અધ્યાત્મગ્રંથ કાઢે (અને કહે), કર્મને લઈને રાગ થાય, ઓલામાંથી કાઢે કે, જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય. એટલે વ્યવહારના ગ્રંથમાંથી પણ એ કાઢ્યું અને પરમાર્થના ગ્રંથમાંથી આ કાઢ્યું. આ..હા..! સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપના અધિકારમાં લખ્યું. લ્યો, આ મોટી ચર્ચા હમણાં આવી છે. 'सम्मतपडिणिबध्धं मिच्छतं जिणवरेहि परिकहियं (૧૬૧મી ગાથા છે)' છે ને? મિથ્યાત્વના ઉદયથી આત્મા મિથ્યાત્વને પામે છે. સમકિતને નાશ કરે છે. અરે...! ત્યાં કઈ અપેક્ષાએ વાત છે? ભાઈ! આત્માનો શુદ્ધ આનંદસ્વભાવ, એમાં વિકારી પરિણામ (થાય) એ તો કર્મના સંગે થયેલો વિકાર છે, એ આત્માનો સ્વભાવ નથી. એમ બતાવવા એમ કહ્યું છે. કર્મને લઈને વિકાર થયો છે એમ ત્યાં નથી બતાવવું. વિકાર પોતાના સ્વભાવથી થતો નથી.

ભગવાનઆત્મા, જેની ગાંઠમાં તો એકલી વીતરાગતા પડી છે. આહા..! જેની ગાંસડીમાં એકલા વીતરાગતાના રત્ન પડ્યા છે. એનામાં કોઈ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પડ્યા નથી. એ તો એક સમયની દશામાં કર્મના લક્ષે ઉત્પન્ન કરેલું કાર્ય, એ આત્માનું નથી એમ બતાવવા અધ્યાત્મ ગ્રંથમાં કર્મનું કામ છે એમ કહ્યું છે. વ્યવહારના ગ્રંથમાં આમ આવે (કે), આઠ કર્મને લઈને થાય. આમાં એમ આવે કે, કર્મને લઈને રાગ થાય. એટલે બેય સરખા બેયમાં છે.

કહે છે, સૂક્ષ્મદૃષ્ટિથી વાંચતા નથી. એમાં કહેવાનું તાત્પર્ય શું છે એ વિચારતા નથી. 'નિશ્ચયનયથી પોતાનો જ આત્મા આરાધ્યદેવ છે એવો દૃઢ નિશ્ચય કરી શકતા નથી.' આરાધ્ય નામ સેવવા યોગ્ય હોય તો ભગવાન આ આત્મા છે. પરમેશ્વર વીતરાગદેવ તે વ્યવહાર આરાધ્ય છે. સમજાણું કાંઈ? આ પ્રભુઆત્મા, એ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એ જ સેવવા લાયક, આરાધન કરવા લાયક, આરાધવાને યોગ્ય એક જ છે. એવો વિશ્વાસ વ્યવહારના શાસ્ત્રો એકલા ભણી અથવા અધ્યાત્મના શાસ્ત્રને પણ ભણી સૂક્ષ્મદૃષ્ટિથી આ સાર કાઢવો જોઈએ એ સાર કાઢતા નથી. કહો, સમજાણું કાંઈ?

'અનેક પંડિતો આત્મજ્ઞાન વિના કેવળ વિદ્યાના ઘમંડમાં...' 'વિમલચંદજી'! લખનાર છે, 'શીતલપ્રસાદ'. લખનાર (લખે) પણ એનો અર્થ એ પ્રમાણે છે કે નહિ? એ પાઠમાં છે કે નહિ? અને અહીં દાખલો પણ આપશે. 'सुद परिचिदाणुभूदा' એ પોતે કહેશે. ભગવાન 'સમયસાર'માં કહે છે કે, આ રાગની કથા કરીને રાગને વેદી એ તો અનંતવાર સાંભળી

www.vitragvani.com



છે. એથી તો પોતે આધાર છે. પણ પરથી, રાગથી ભિન્ન અને અંતર પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવથી આત્મા અભિન્ન (છે), એ વાત એણે સાંભળી નથી. સમજાણું કાંઈ? 'ધવલ' ગ્રંથો 'વિમલચંદજી'એ વાંચ્યા નથી? એણે ઘણા વાંચ્યા છે. ઓલો કહે, આમાં આ લખ્યું છે. આ કહે કે, એ તો નિમિત્તપ્રધાન કથન છે. રાજમલજી!

મુમુક્ષુ :- ઇ તો મોટા માણસ છે.

ઉત્તર :- મોટા કોને કહેવા? 'ધવલ', 'જયધવલ' ને 'મહાધવલ' 'વિમલચંદજી'એ બહુ વાંચ્યું છે, ઘણું વાંચ્યું છે. છતાં પહેલા આવ્યા ત્યારે એની મેળાએ કહ્યું હતું કે, આ તો નિમિત્તપ્રધાન કથન છે, વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? કથન વ્યવહારપ્રધાન આવ્યું એટલે વસ્તુ ઇ થઈ ગઈ? કહ્યું હતું ને? ભાઈ! પહેલા 'વડોદરા'થી આવ્યા હતા. શું કહેવાય? ટોળી ફરવા નીકળેલી. પહેલા આવ્યા હતા ત્યારે કહ્યું હતું. બરાબર વાત છે. 'ધવલ'માં બધા કથન છે એ નિમિત્તપ્રધાન કથન છે. આણે વાંચ્યું છે અને ઓલાએ પણ વાંચ્યું છે. વાંચવામાં કઈ અપેક્ષાએ કથન છે એમ જાણવું જોઈએ કે નહિ?

એ જ અહીંયાં દાખલો આપ્યો છે, **'एयत्तस्सुवलम्भो'** નિમિત્ત અને રાગથી ભિન્ન ભગવાનઆત્મા (છે), એ વાત સાંભળવી દુર્લભ છે. સમજાણું કાંઈ? એનાથી લાભ થાય (એમ માને એને) એનાથી ભિન્ન સાંભળવું તો દુર્લભ થયું. વ્યવહાર, નિમિત્ત, રાગથી, વિકલ્પથી આત્માને લાભ થાય એનો અર્થ થયો કે, રાગથી ભિન્ન છે એ એને સાંભળવું ગોઠતું નથી. એને દુર્લભ થઈ પડ્યું, નહિ, નહિ, નહિ.

પહેલી વાત તો એ છે કે, જગતમાં ભગવાનઆત્મા એકલો વીતરાગી પિંડ પ્રભુ, એની વીતરાગી પરિણતિ દ્વારા એ જણાય એવો છે. રાગ દ્વારા જણાય નહિ, વ્યવહાર દ્વારા જણાય નહિ, નિમિત્ત દ્વારા જણાય નહિ. હવે જેને નિમિત્ત અને રાગ દ્વારા જણાય (એમ લાગે છે) એને કહે છે, આવી વાત સાંભળવી ગોઠશે નહિ. સમજાણું કાંઈ?

એકલો પ્રભુ વીતરાગ સ્વભાવે બિરાજમાન અનાદિઅનંત (છે). અનાદિઅનંત વીતરાગસ્વભાવે બિરાજમાન છે. સમજાણું કાંઈ? એવી વાત **'एयत्तस्सुवलम्भो, णवरि ण सुलभो विभत्तस्स'** એકત્વ-સ્વભાવનું એકત્વ અને પરથી વિભક્ત, એ વાત સાંભળવી જગતને દુર્લભ છે, પરિચયમાં આવવી દુર્લભ છે અને અનુભવમાં આવવી એથી (પણ વધારે) દુર્લભ છે. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે, કેટલાક 'પંડિતો આત્મજ્ઞાન વિના કેવળ વિદ્યાના...' ઘમંડથી, ભણતરના ઘમંડથી. લ્યો! 'રાજમલજી'! ઠીક લખ્યું છે. 'ક્રિયાકાંડના પોષણમાં જ જન્મ ગુમાવી દે છે...' રાગનું પોષણ, રાગનું પોષણ. વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો. એમાં આખું જીવન (ગુમાવી દે). બસ! એ અમારો ધર્મ છે, એ અમારો ધર્મ છે. આહાહા! શરીરની ક્રિયાથી ધર્મ થાય, કહો! આવા પ્રશ્ન (કરે). આહાહા..! હવે અહીં તો કહે છે, વિકલ્પથી

www.vitragvani.com



ધર્મ ન થાય, શરીરની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. ભેદથી ધર્મ ન થાય. ગુણી ભગવાન અને આ આનંદ એમાં રહેલ છે, આ આનંદનો ધરનાર છે એવો ભેદ, એનાથી પણ ધર્મ થાય નહિ. આહાહા..! એટલે કહે છે કે, ભાઈ! જીવોને અનંતકાળમાં આ વાત મહાદુર્લભ છે. સમજાણું?

'જેમને મિથ્યાત્વનું અને અનંતાનુબંધી કષાયોનું બળ ઢીલું પડે છે,...' ત્યારે કહે છે કે, 'તત્ત્વની રુચિ થાય છે. અધ્યાત્મજ્ઞાનના વિદ્વાન બહુ થોડા મળે છે. જ્યાં સુધી આવા ઉપદેશકો ન મળે ત્યાં સુધી શ્રોતાઓને આત્મજ્ઞાનનો લાભ થવો કઠણ છે.' મળે નહિ, ઉપદેશ જ મળે નહિ. પછી (કહે છે), 'ક્યાંક આત્મજ્ઞાની પંડિતો જોવામાં પણ આવે છે તો આત્માના હિતની ગાઢ રુચિ રાખનારા શ્રોતાઓની કમી દેખાય છે.' 'નવરંગભાઈ'! ઓલા કહે, એ વાત નહિ, અમને બીજું બતાવો, અમને બીજું સંભળાવો, અમને બીજું સંભળાવો. આ છે, સાંભળવું હોય તો સાંભળ. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ છે ને! અરે..! તું જે નિર્દોષ દશા પ્રગટ કરવા માગે છો એ બધી દશાનો પિંડ જ પોતે આત્મા છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ કરવા માગે છો એ બધું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પિંડ આત્મા છે. હવે એને મૂકીને તારે કોને લેવું છે? સમજાણું કાંઈ?

'જેમના અંતરમાં સંસારની મોહજાળથી કાંઈક ઉદાસીનતા હોય છે તે લોકો જ આત્મિક તત્ત્વની વાત ધ્યાનથી સાંભળે છે, સાંભળીને ધારણ કરે છે, તેનો વિચાર કરે છે. જેમના અંતરમાં ગાઢ રુચિ હોય છે, તેઓ જ નિરંતર આત્મિક તત્ત્વનું ચિંતવન કરે છે. આત્માનું ધ્યાન કરનારા જીવો બહુ ઓછા હોય છે, એમાં પણ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરનારા, સ્વાનુભવ કરનારા દુર્લભ છે.' એ તો ધ્યાની એટલે આત્મા તરફના વલણવાળા થોડા (છે), એમ. અને પછી નિર્વિકલ્પ અનુભવ કરવાવાળા થોડા (છે), એમ. નહિતર ધ્યાની થઈ ગયો એટલે એક જ છે. પણ આત્માનું આમ વલણ કરનારા એ દુર્લભ છતાં, એમાં નિર્વિકલ્પ વેદન કરનારા, સ્વસંવેદન જ્ઞાનાનુભૂતિ–આત્માનુભૂતિ કરનારા વિરલ, વિરલ, વિરલ પ્રાણી છે. કહો, એમાં એમ ન કહ્યું કે, આટલા શાસ્ત્ર ભણનારા દુર્લભ છે, આટલા જગતને સમજાવનારા (દુર્લભ છે) અને દુનિયાને સમજાવનારા દુર્લભ છે. એને તો ઘમંડ કીધું. આહાહા..!

'આત્મજ્ઞાન અમૂલ્ય પદાર્થ છે. મનુષ્ય જન્મ પામીને એની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો જરૂરી છે. જેણે આત્મજ્ઞાનની રુચિ પ્રાપ્ત કરી તેણે જ નિર્વાણ જવાનો માર્ગ પ્રાપ્ત કરી લીધો.' ભગવાનઆત્માની દૃષ્ટિ થઈ ગઈ, આત્મા પવિત્ર આનંદ એ પંથ મળ્યો (તો) સીધી મોક્ષની સડક ચાલી ગઈ. એને સીધો મોક્ષ તરફ પંથ ગયો. વાંકો, આડોઅવળો એમાં કંઈ છે નહિ. કહો, સમજાણું? એક ('સમયસાર'ની) ગાથા આપી છે, પછી 'સારસમુચ્ચય'નું કહ્યું છે.

'આ ભયાનક અને નાના પ્રકારના દુઃખોથી ભરેલા સંસારમાં રખડતા જીવે આત્મજ્ઞાનરૂપી મહાન રત્ન ક્યાંય પ્રાપ્ત કર્યું નથી.' 'સારસમુચ્ચય' શાસ્ત્ર છે. 'હવે તેં આ ઉત્તમ સમ્યગ્દર્શનને

www.vitragvani.com



પ્રાપ્ત કરી લીધું છે...' ભગવાનઆત્મા શુદ્ધ આત્મ પવિત્રનું વેદન થઈને આ સમ્યગ્દર્શન તને મળ્યું. હવે કહે છે, પ્રમાદ ન કરવો. એ રત્નને જાળવવું. સમજાણું કાંઈ? 'વિષયોના સ્વાદનો લોભી થઈને આ અપૂર્વ તત્ત્વ ખોઈ ન બેસીશ,...' વિષયના સ્વાદમાં રહીને આત્માના આનંદનો સ્વાદ ખોવો નહિ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એના આનંદમાં રહેવું.

જુઓને! કાલે એમાં આવ્યું હતું ને? અનુભવ કરવો. 'ટોડરમલજી'ની ચિઠ્ઠી. સ્વાત્માનુભવમાં રહેવું. કહો! 'ટોડરમલે' ચિઠ્ઠીમાં લખ્યું છે, હોં! એને ખોટા ઠરાવે. હેં? અરે..! ભગવાન, બાપુ! એણે વાત કરી છે એ વસ્તુની કરી છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી', 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' એવી ચિઠ્ઠી જો વિલાયતમાં હોય... તે દિ' એવું સાંભળ્યું હતું. લખાણમાં આવ્યું હતું કે, આવી ચિઠ્ઠી જો વિલાયતમાં હોય તો એની કિંમત હજારોની થાય. એક એક ચિઠ્ઠીની! તે દિ' બે આનામાં મળતી હતી, (સંવત) ૧૯૮૪માં પહેલી હાથ આવી હતી. ૧૯૮૪, 'અમરેલી'. એમાં લખાણ આવ્યું હતું કે, આ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' જો અંગ્રેજીમાં કે એવામાં હોય તો આની કિંમત હજારોની આપે તોપણ એની કિંમત ન થાય. એવી અમૂલ્ય (છે). આ હિન્દુસ્તાનમાં તો એની કિંમત છે નહિ. એવી એ ચિઠ્ઠી. એ ચિઠ્ઠીને ખોટી પાડનારા છે. સમજાણું કાંઈ? ત્યાં તો લખ્યું છે, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમકિત-બમકિત હોઈ શકે નહિ. લખ્યું છે ને? ભાઈ! 'વિમલચંદજી'. ત્યારે આ કહે, હોય. દેવ-ગુરુ-શાસ્ત્ર(ની શ્રદ્ધા) એ જ ચોથું, પાંચમું અને છઠ્ઠું સમકિત (છે). એ નહિ, વ્યવહાર સમકિત સમકિત કહેવાય જ નહિ. આત્માના અનુભવની પ્રતીત ને દર્શન વિના સમકિત હોઈ શકે નહિ. આહાહા..! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-ફદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમકિત છે નહિ. એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લખ્યું છે. હવે ૬૭ (ગાથા). એ ૬૬ (ગાથામાં) વિરલ, વિરલની વાત થઈ.

---

## કુટુંબનો મોહ ત્યાગવા યોગ્ય છે.

इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहँ हेउ।
इम चिंततहँ किं करइ लहु संसारहँ छेउ।।६७।।

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૭.

અન્વયાર્થ :– (इहु परियण महुतणउ ण हु) આ કુટુંબ પરિવાર મારો નથી. (इहु सुहु दुक्खहँ हेउ) આ ભાવ સુખદુઃખનું જ કારણ છે. (इम किं चिंततहं) આ પ્રમાણે કાંઈક વિચાર કરવાથી (संसारहं छेउ लहु करइ) સંસારનો છેદ શીઘ્ર જ કરાય છે.

---

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

'કુટુંબનો મોહ ત્યાગવા યોગ્ય છે.' આત્માનુભવ કરવા માટે.

इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहँ हेउ।
इम चिंततहँ किं करइ लहु संसारहँ छेउ।।६७।।

'આ કુટુંબ પરિવાર મારો નથી.' ધર્માત્મા પોતાના આત્માનો યોગ, યોગ એટલે જોડાણ... જોડાણ કહે છે ને હિન્દી ભાષામાં? જોડવું. આત્મસ્વભાવમાં જોડાણ. યુજ, યુજ ધાતુ છે ને? યુજ. જોડવું. એવા આત્માના અંતર સ્વરૂપમાં એકાગ્ર થવા માટે ધર્માત્મા જીવોએ કુટુંબ પરિવાર મારો નિશ્ચયથી નથી, એ પરિવાર મારો છે નહિ, એને માટે રોકાઈને આત્મધ્યાન છોડવું નહિ, એમ કહે છે. હેં? જુઓને! કેટલા વર્ષ થયા? સંસાર એવો છે કે આવો?

'આ ભાવ સુખદુઃખનું જ કારણ છે.' જુઓ! એ કુટુંબ-પરિવાર ધુતારાની ટોળી મળી છે, કહે છે. પહેલા 'નિયમસાર'માં આવી ગયું છે ને? 'નિયમસાર'માં આવી ગયું છે. એના પેટ ભરવા માટે ટોળી મળી છે. જો ઠીક હોય તો ઠીક અને જો શરીરમાં કાંઈક (થયું તો) હાય.. ખવરાવવું, પીવરાવવું ને વેઠ (કરવી પડે છે). સમજાણું કાંઈ? 'આ ભાવ સુખદુઃખનું જ કારણ છે.' સુખદુઃખ એટલે લૌકિક સુખદુઃખ, હોં! એ બધા સુખ-દુઃખ એટલે દુઃખનું જ નિમિત્ત છે. આખું કુટુંબ, બાયડી, છોકરા, કુટુંબ દુઃખનું જ નિમિત્ત છે. એના પાલનપોષણમાં વખત ગાળીશ નહિ, આત્મામાં રહેજે, એમ કહે છે.

મુમુક્ષુ :– એને ભૂખે મરવા દેવાય?

ઉત્તર :– ભૂખે કોણ મરતું હતું? એના પુણ્ય પ્રમાણે એને મળી રહેશે. 'ભગવાનજીભાઈ'! શું કરવું આમાં? કહે છે. લ્યો! 'યોગસાર' છે ને! આત્મામાં એકાગ્ર થવા માટે આ વસ્તુના પરિવારનો મોહ છોડજે, અંદરમાંથી આ મારા છે, એ કાઢી નાખજે. સમજાણું કાંઈ? એ તો એને કારણે આવ્યા ને એને કારણે ટકીને એને કારણે ચાલ્યા જાય. મારે ને એને કાંઈ સંબંધ નથી. એવો દૃષ્ટિમાં એકાકાર નહિ થાય તો એકાકાર યોગસાર નહિ થઈ શકે. હેં? શું કરવું પણ? સારા છોકરા હોય તો એના માટે થોડો કાળ ગાળવો કે નહિ?

'આ પ્રમાણે કાંઈક વિચાર કરવાથી...' જુઓ! 'इम किं चिंततह' 'સંસારનો છેદ શીઘ્ર જ કરાય છે.' વારંવાર વિચાર. અરે..! શરીર મારું નથી તો શરીરને ઓળખનારા એ બધા મારા ક્યાંથી (હોય)? એ તો બિચારા એને ઓળખે છે. મને ક્યાં ઓળખે છે ઇ? હું કોણ છું એ ક્યાં જાણે છે? ઇ તો (જાણે છે કે), આ શરીર મારા બાપ ને આ મારી મા ને આ મારી બાયડી ને આ મારા પતિ.. શરીરને દેખીને કહે. આ શરીર એ મારો દીકરો, આ શરીર મારો બાપ, આ શરીર મારી બાયડી. ઈ શરીર એનો આત્મા છે એને કોણ કહે છે? 'રવાણી'!

મુમુક્ષુ :– સેવાભાવી છે.

ઉત્તર :– સેવાભાવી છે, લ્યો, ઠીક! પોતાનું મૂકીને પણ ત્યાં ભાઈઓની સેવા કરવા

www.vitragvani.com



રોકાણા. 'આંકડિયા'. સેવાભાવી ખરા ને! પણ સેવાભાવીનો અર્થ થયો કે નહિ, પોતાની સેવા મૂકીને પરની સેવા કરવાનો ભાવિ. એમ.

'આ પ્રાણી ઇન્દ્રિય સુખના લોલુપી હોય છે. પોતાના સુખની પ્રાપ્તિમાં સહકારી પ્રાણીઓ પ્રત્યે તે મોહ કરે છે.' એમ કહે છે. પોતે જે ઇન્દ્રિયના સુખનો કામી છે ને? એના જે સાધનો દેખે એનો મોહ છોડે નહિ. આ બધા નિમિત્ત છે, આ બધા સાધન છે. આ બધા બાયડી, છોકરા, પૈસા, આબરુ, મકાન, ધૂળધાણી એ બધા મારા સાધન છે. એમ માનનારા એનો મોહ છોડતો નથી. અને ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ છે અને એ સુખબુદ્ધિમાં સહકારી કારણને દેખીને એમાંથી રુચિ છોડતો નથી. કહો, 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :– ભાગીદાર છૂટા ન કરે તો શું કરવું?

ઉત્તર :– કોણ છૂટા ન કરે? ઠીક! બધા છૂટા જ છે, કોણ છૂટા ન કરે? એ.. 'ન્યાલભાઈ'! ભાગીદાર છૂટા ન કરે, છોકરાઓ છૂટા ન કરે, બાયડી છૂટા ન કરે. કરવું શું પણ? તું છૂટો થા ને, બધા છૂટા જ છે. હેં?

મુમુક્ષુ :– અસીલ પણ છૂટા ન કરે.

ઉત્તર :– અસીલ કાંઈ છૂટા નથી કરતા. આ એક કોર બેસી ગયા કોણ અસીલ ન્યાં પકડવા આવે છે? આવે છે કોઈ?

'બાલ્યાવસ્થામાં માતાપિતા દ્વારા તેમનું પાલન પોષણ થાય છે,...' ઇન્દ્રિયનું સુખ ન્યાં માન્યું છે ને? સાધનથી ત્યાં કલ્પ્યું છે. 'લાડપ્યારથી ઉછેરવામાં આવે છે,...' સમજાણું? 'તેથી તેમના પ્રત્યે જીવ તીવ્ર મોહ રાખે છે. યુવાવયમાં સ્ત્રીથી અને પુત્રપુત્રીઓથી ઇન્દ્રિયસુખ પામે છે....' જુવાન અવસ્થામાં ઇન્દ્રિય, સ્ત્રી ને પુત્ર-પુત્રી, એનો મોહ છોડતો નથી. આ બાજુ કરવું નહિ અને આ ને આ સળગાવ્યા કરે છે, કહે છે. એના દીકરા ને બાયડી ને છોકરા.. આનું કરું.. આનું કરું.. આનું કાંઈક ઠીક કરું... પોતે મરીને ગમે ત્યાં જાય. ક્યાં ગયા? 'વાસુદેવભાઈ' આવ્યા છે કે નહિ? એને સંસારની થોડી સરખાઈ થઈ ગઈ લાગે છે એટલે નિવૃત્તિ લીધી છે. કહો, સમજાણું આમાં?

'જે મિત્રો અને નોકર ચાકરો દ્વારા ઇન્દ્રિયના સુખભોગમાં મદદ મળે છે...' ઠીક લખ્યું છે. જે મિત્રોથી અને... સમજાય છે? નોકર ચાકરથી ઇન્દ્રિયના સુખમાં સહકારી થાય એનો મોહ છોડતો નથી. મૂઢ છે ને પોતે! પોતાના સુખના નિમિત્ત દેખે એટલે એમાંથી ખસવું ગોઠતું નથી, પણ સુખ આત્મામાં છે એમ નક્કી કરે તો એ સુખના નિમિત્ત ઉપર આનો મોહ છૂટી જાય. સમજાણું? 'અને જેમનાથી ઇન્દ્રિયસુખમાં બાધા પહોંચે છે તેમનો શત્રુ બની જાય છે.' ઇન્દ્રિયસુખમાં વિઘ્ન કરનારને શત્રુ માને, ઇન્દ્રિયસુખમાં અનુકૂળ માને અને મિત્ર માને, પણ ઇન્દ્રિયસુખ જ તારું ખોટું છે. ઠીક કર્યું છે.

'સર્વ પ્રાણી પોતાના સુખના સ્વાર્થમાં બીજાઓ ઉપર મોહ કરે છે.' બધા પ્રાણી પોતાના

www.vitragvani.com



સુખને માટે (મોહ કરે છે). ક્યાંક ક્યાંક લીટી કરી છે. એટલું બધું વાંચવાનો વખત ક્યાં છે? બધા પ્રાણી સુખના સ્વાર્થમાં બીજા પ્રત્યે મોહ કરે છે. સુખના સ્વાર્થ માટે. આત્માનું સુખ જો એને ભાસે તો બહારમાં સુખ ભાસે નહિ તો એના નિમિત્તમાં પણ એને સુખનું સહકારી માને નહિ. કહો, બરાબર હશે, 'દરબાર'? અમારા દરબાર છે ઇ. કહો, સમજાણું? 'સ્વાર્થ ન સધાય તો સ્નેહ છોડી દે છે.' સ્વાર્થ ન સાધે, શરીરમાં લોહી ન દેખે કે પૈસા ન દેખે, કમાતો ન દેખે તો (એમ કહે), એ તો સાધારણ માણસ થઈ ગયો છે. ઘરમાં એક નમાલો માણસ છે, નમાલો. એ બધા ઇન્દ્રિય સુખના લોલુપી હોય, એના નિમિત્તોમાં મોહ કરે તો ન્યાં આવું છે, કહે છે. 'મનસુખભાઈ'! તમે તો હવે નવરા થઈ ગયા. છે કાંઈ હવે બેય છોકરાને સામું જોવું? બાપુ ન્યાં મરે કે જીવે? આહાહા..!

'જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવે જળમાં કમળની જેમ ઘરમાં રહેવું જોઈએ.' કમળને અને જળને જેમ અડવું થતું નથી એમ ધર્માત્મા પોતાના અતીન્દ્રિય આનંદના સુખનો સાધક, પોતાના આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એ આનંદના સુખનો સાધક, જળમાં કમળને લેપ નથી એવી રીતે ગૃહસ્થાશ્રમમાં સમકિતી રહે છે. સમજાણું કાંઈ?

મોટી સામાયિકમાં કહ્યું છે, 'આ સ્ત્રી, ધન, પુત્રાદિ સર્વથા પોતાના આત્માથી જુદા છે, બહાર રહેનારા છે, કર્મના ઉદયથી પ્રાપ્ત છે, પવનની જેમ તેમનો સંયોગ ચંચળ છે.' સમીર.. સમીર શબ્દ છે ને? વાયુ જેમ ઘડીકમાં પવન આવે એમ એ બધા પાંદડાં વાયુને લઈને જેમ ફર્યા કરે એમ ઘડીકમાં આવે અને ઘડીકમાં જાય. પૂર્વના પુણ્ય હોય તો મેળ ખાય, જ્યાં પુણ્ય (ખૂટે ત્યાં) ફૂ.. થઈને બધા ઊડી જાય, લ્યો! સમજાણું કાંઈ? 'જે મૂઢબુદ્ધિ જીવ તેમના સંયોગથી સુખદાયક સંપત્તિ મળવી માને છે તે એવા મૂર્ખ છે જે પોતાના મનના સંકલ્પથી જ સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી લે.' શું કહે છે? ઇન્દ્રિયના સુખના લોલુપી અને અતીન્દ્રિય સુખના કામી નહિ, અતીન્દ્રિય સુખ જે ભગવાનઆત્માની જેને રુચિ નથી અને આ ઇન્દ્રિય સુખના લોલુપી, મનની કલ્પના એવી કરે કે જાણે મને સ્વર્ગ મળી ગયું એમ માની લે. આ પણ અમારે મોટા શેઠિયા છે પૈસાવાળા, જુઓને! એની સામે તો વાત પૂછીએ છીએ. ભલે એના છોકરા પૈસાવાળા (છે), પણ ઇ પૈસાવાળા કહેવાય ને? 'પૂનમચંદ મલુકચંદ'. 'પૂનમચંદ મલુકચંદ' કહેવાય કે ન્યાં 'પૂનમચંદ' બાપ વિનાના કહેવાતા હશે? બાપા સમજવા જેવા, બાપનું માને નહિ, કહે છે. આહાહા..!

કહે છે, અતીન્દ્રિય સુખની રુચિવાળા (જીવને) ઇન્દ્રિય સુખની રુચિ નથી તેથી ઇન્દ્રિય સુખના સહકારી નિમિત્તોમાં એને મોહ હોતો નથી. પણ ઇન્દ્રિય સુખના જે લોલુપી છે તેના કલ્પનામાં જે અનુકૂળ આવ્યા હોય (એમાં) એવી કલ્પના ઊભી કરે કે જાણે અમે સ્વર્ગને પ્રાપ્ત કર્યું, ઇન્દ્રપદને (પ્રાપ્ત કર્યું), એવું સંકલ્પથી ઊભું કરે. પણ ભગવાનઆત્મામાં આનંદ છે એની દૃષ્ટિ કરતો નથી. આ સંકલ્પથી મોટું સ્વર્ગ ઊભું કરે. 'પોતાના મનના સંકલ્પથી

www.vitragvani.com



જ સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી લે.' જાણે કે આપણને સ્વર્ગની લક્ષ્મી મળી ગઈ. ઓ..હો...! બાયડી, છોકરા, પૈસા.. પણ આ બાજુ દૃષ્ટિ આપતો નથી. અહીંયાં આત્મામાં કેવળજ્ઞાનની લક્ષ્મી મળે એવી છે. એ પ્રમાણે દૃઢતા કરીને આત્મા અલ્પકાળમાં કેવળજ્ઞાનનો ધણિ થશે, એવા અતીન્દ્રિય આત્મામાં રુચિવાળા એવી ભાવના કરે છે. પણ આ વિષયની રુચિવાળાને જ્યાં સુખબુદ્ધિ પડી છે, પરમાં સુખબુદ્ધિ છે એને આત્મામાં સુખબુદ્ધિ કોઈ દિ' થાય જ નહિ.

શરીરની અનુકૂળતા, કુટુંબની અનુકૂળતા, પૈસાની અનુકૂળતા, આબરુની અનુકૂળતા માને એને આત્માની સુખબુદ્ધિ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમ કહેવા માગે છે. મને બહારની આ અનુકૂળતા છે, ઘણી અનુકૂળતા છે. અનુકૂળતા એટલે એનો અર્થ એ કે, એમાં સુખ માન્યું. મૂઢ છે, ન્યાં ક્યાં પરમાં અનુકૂળતા હતી? જે પરની અનૂકૂળતાની રુચિમાં પડ્યો, એને અતીન્દ્રિય સુખની રુચિ થતી નથી. મહા ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે એના પ્રેમમાં આ પરનો પ્રેમ અને મોહ એને હોતો નથી. અસ્થિરતાનો જરી હોય એની અહીંયાં વાત નથી.

મુમુક્ષુ :- બહાર ડાંગુ મારે છે ને.

ઉત્તર :- ડાંગુ મારે છે. ઠીક! વિકલ્પ ઊભો કરે છે, આ સારો, હોં! આ સારો. બીજાના છોકરા હશે પણ મારો છોકરો જુદી જાત, એમ કલ્પે. બીજાના દીકરા હશે પણ મારો દીકરો 'મહાસુખ'! ઓ..હો..હો..! કહ્યાગરો.. બાપુજી.. બાપુજી.. બાપુજી.. બાપુજી... કરે ત્યાં (હોંશ ચડે). બીજાના છોકરા હશે પણ મારા (બીજી જાતના છે). બીજાની બાયડી ભલે હશે પણ મારે ઘરે ગરીબડી બાઈ.. એક કહેતો હતો, આ બધી સાંભળેલી વાત છે કે, બીજા ભલે કહેતા હોય મારે ઘરે બાઈ ગરીબડી છે, એના વિરુદ્ધ થઈને હું કાંઈ બીજું કરું? બિચારી આમ ઊંચી (આંખ ન) કરે એવી બાઈ છે. કીધું, ભારે આ તો..! મારા ઘરની બાઈ એવી નરમ.. એવી નરમ.. એવી ગરીબડી (કે) કોઈ દિ' ઊંચો અવાજ નહિ. એટલે એની અનુકૂળતા છોડીને હું કંઈ પ્રતિકૂળ કરું? 'ચંદુભાઈ'! એલા પણ આ આત્મા અનુકૂળ મોટો પડ્યો એને મૂકીને તું અનુકૂળતા કલ્પે તો તારી ભ્રમણા છે. હેં? અંદર કહેવા તો ઇ માંગે છે. કુટુંબનો મોહ છોડનો અર્થ ઓલી દૃષ્ટિ છોડી દે. આસક્તિ તો હોય અંદર પણ રુચિ તો છોડી દે. એ મને વિષયના સહકારી કારણ છે માટે મોહ કરવો, એ છોડી દે. એ સહકારી સુખના નહિ, દુ:ખના છે. આત્માના આનંદના સહકારી કોઈ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

www.vitragvani.com



## સંસારમાં કોઈ પોતાનું નથી.

इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति।
असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति।।६८।।

ઇન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ, નહીં શરણ દાતાર;
શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮.

**અન્વયાર્થ :–** (**इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति**) ઇન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી કોઈ પણ સંસારી પ્રાણીઓના રક્ષક થઈ શકતા નથી. (**मुणि-धवला असरणु जाणिवि**) ઉત્તમ મુનિ પોતાને અશરણ જાણીને (**अप्पा अप्प मुणंति**) પોતાના આત્મા દ્વારા આત્માનો અનુભવ કરે છે.

---

'સંસારમાં કોઈ પોતાનું નથી.' લ્યો! ૬૮.

इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति।
असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति।।६८।।

'યોગીન્દ્રદેવ' દિગંબર સંત ૮૦૦ વર્ષ પહેલા આ ભરતક્ષેત્રમાં થયા. મહામુનિ સંત આત્મધ્યાની, આત્મજ્ઞાની આનંદમાં લીન (મુનિ) પોકાર કરે છે, વાણી દ્વારા જગતને અવાજ કરીને કહે છે, અરે..! જીવો! 'इंद-फणिंद-णरिंदय' 'ઇન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી કોઈ પણ સંસારી પ્રાણીઓના રક્ષક થઈ શકતા નથી.' કોઈ રક્ષક છે નહિ. તારું રક્ષણ તો અંદર આનંદસ્વરૂપ આત્મા તારું રક્ષણ છે. ભગવાનઆત્મા રક્ષણ છે. ભાઈ! બાયડી હોય તો સારે-નરસે કામ આવે. નાગા, ભૂખ્યા ઢાંકે, ઉઘાડા લૂગડા ઢાંકે, એ બધું બાયડીઓ જ કરે, એમ લોકો વાતું કરે. હેં? ઘરની બાયડી હોય તો ઉઘાડા લૂગડા ઢાંકે, બીજા કાંઈ એમ કરે? એલા પણ ૫૦ વર્ષે પણ પરણ્યો. તો શું કરવું ત્યારે? લ્યો, એક જણો એમ કહે છે. પણ શું કરવું ત્યારે અમારે? ઘરના છોકરા માને નહિ. છોકરાની વહુઓ અડે નહિ. નજીક આવી શકાય નહિ. ઘરની બાયડી હોય તો નાગા, ભૂખ્યા ઢાંકે. એલા.. વિષયના લોલુપી થઈને આમ કહે છે, એમ કહે ને. સમજાણું કાંઈ? હેં? વિષયનો લોલુપી (છે) એના માટે તું આ બચાવ કરે છે. ૫૦ વર્ષે હજી બાયડી કરવી છે. પાછો બચાવ કરે. નોકર સારો હોય તો બાયડી કરતાં સારું કામ કરે, તને ભાન ક્યાં છે? સમજાણું? પૈસા ખર્ચવા નહિ ને બાયડીના ભોગની રુચિ છોડવી નથી.

અહીં ભોગની રુચિની વાત છે, હોં! આત્માના આનંદની રુચિ પાસે ઇન્દ્રિયના વિષયની રુચિ જ્ઞાનીને હોતી નથી અને તેથી વિષયના રુચિમાં નિમિત્ત કારણ છે તેના પ્રત્યે પણ એકત્વબુદ્ધિ ધર્મીને હોતી નથી, એમ કહેવું છે. સમજાણું કાંઈ? 'इंद-फणिंद-णरिंदय वि

जीवहं सरणु ण हौंति' આહાહા..! 'मुणि-धवला' માટે ઉત્તમ મુનિ. 'धवला' (એટલે) ઉત્તમ મુનિ. 'પોતાને અશરણ જાણીને...' બહારથી કોઈ શરણ છે નહિ.

'अप्पा मुणंति' આહાહા..! મરતા ટાણે દેહમાં રોગ હોય, દવાઓ લાવનાર ઘણા હોય, શું શરણ પણ? શરણ શું? સમજાણું કાંઈ? એ ચિદાનંદ પ્રભુ આનંદસ્વરૂપ છે ત્યાં વિશ્રામનું સ્થાન લેવા લાયક તો આત્મા છે. એ આત્મા શરણ છે, એ ટાણે કોઈ શરણ નથી. અમસ્તા પણ શરણ નથી. રોગ આવે, ટાંગા તડફડ થાય, આમ થાય, ઊલટી થાય, લોહી નીકળે.. અર..ર...! હવે? હવે શું પણ? અંદર ઓલો (–આત્મા) છે કે નહિ? બહારનો કોઈ શરણ છે નહિ. ભગવાનઆત્મા ઉત્તમ મુનિઓ પોતાના આત્માને અનુભવીને પોતાનું શરણ પોતામાં જાણે છે.

'अप्पा मुणंति' 'આત્મા દ્વારા આત્માનો..' શું કહે છે? 'अप्पा अप्प मुणंति' પોતાને પોતા દ્વારા અનુભવ કરે છે. એમ કહીને શું કહે છે? વ્યવહાર દ્વારા, નિમિત્ત દ્વારા અનુભવ હોઈ શકતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? 'अप्पा अप्प मुणंति' ભગવાન શુદ્ધ વીતરાગસ્વરૂપ એવો આત્મા, એ શુદ્ધ વીતરાગ પરિણતિ દ્વારા અનુભવ થઈ શકે છે, એ સિવાય બીજો કોઈ એનો રસ્તો અને ઉપાય નથી. એમ એણે નિર્ણય કરવો જોઈએ. કહો, સમજાણું?

કોઈ તેને મટાડી શકતું નથી. કર્મનો ઉદય ભોગવે છે (એ) કોઈ (મટાડી શકે છે)? એમ કહે છે. 'જ્યોતિષીઓમાં એવી શક્તિ નથી કે મરણથી એક ક્ષણ પણ રોકી શકે.' જ્યોતિષી-બ્યોતિષી રાખી શકે કે નહિ? 'સ્વયં સર્વ પ્રકારે ભોગ ભોગવનાર ચક્રવર્તીએ પણ શરીર ત્યાગવું પડે છે.' ચક્રવર્તીને છ ખંડ છોડવા પડે. આહાહા..! 'બ્રહ્મદત્ત' સાતસો વર્ષનું આયુષ્ય ભોગવી, મરવા ટાણે, એક એક સમયનું અસંખ્યગુણું નરકનું દુઃખ, અસંખ્યગુણુ કાળનું, ભાવનું અનંતગુણુ. સાતમી નરકે ૩૩ સાગરે ગયો. હીરાના ઓલામાં સૂતો હતો, પલંગમાં! હીરાના પલંગમાં (સૂતો હતો), સોળ હજાર દેવ સેવા કરતા હતા. છન્નુ હજાર રાણી પોકાર. પોકાર (કરે છે), અરે...! મને કોઈ શરણ ન મળે. કોણ શરણ મળે? ભાઈ! તેં આત્મા તો સંભાળ્યો નથી. બહારમાં વિકલ્પ પણ જ્યાં શરણ નથી તો એના સંયોગો સાધન, સહકારી તો શરણ ક્યાંથી હોય?

ભગવાનઆત્મા અંતર સ્વરૂપના સામર્થ્યવાળો પ્રભુ કોણ છે એની તો કોઈ દિ' દૃષ્ટિ કરી નથી અને એના સિવાય આ જગતમાં (કોઈ) શરણ નથી, ભગવાન પણ શરણ નથી. ભગવાન શું કરે? અરિહંતા શરણં, સિદ્ધા શરણં.. ચાર શરણ. આપી દ્યે? ભગવાન શરણ આપવા આવે છે? અરિહંતા શરણં. અરિહંત ભગવાનઆત્મા છે. પોતાનું સ્વરૂપ જ અરિહંત છે, પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન છે, પોતાનું સ્વરૂપ આચાર્યના વીતરાગી પર્યાય જેવું છે, ઉપાધ્યાય અને સાધુ વીતરાગી પર્યાય થઈ એ વીતરાગી દશાવાળા (થયા). વીતરાગી દશા

www.vitragvani.com



હોય તો તેને પાંચ પદ કહેવાય છે. એવી દશાવાળો આત્મા (છે). આત્મા તું જ પાંચ પદરૂપે છો. સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ'માં લીધું છે. આ પાંચે પર્યાય આત્માની છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયની દશા એ આત્માની છે. આત્મા પોતે જ પાંચ પદરૂપે છે. સમજાણું કાંઈ? સિદ્ધની કે અરિહંતની કેવળજ્ઞાનની પર્યાય એ પર્યાયનું પદ તો અંદર આત્મામાં પડ્યું છે, પોતે જ આત્મપદ એવું છે. શરણ પોતાનો આત્મા છે, કોઈ અરિહંત-બરિહંત શરણ દેવા આવતા નથી. સિદ્ધ ભગવાન પણ કંઈ શરણ દેવા આવતા નથી.

મુમુક્ષુ :– આવી પ્રતીતિ આવી જાય?

ઉત્તર :– હા, એવો અનુભવ આવી જાય. કહો, સમજાણું કાંઈ?

કોઈ જીવ કોઈનો રક્ષક નથી. 'સમ્યગ્દષ્ટિ જ્ઞાનીએ અશરણ ભાવનાનો વિચાર કરીને કર્મોના ક્ષયનો ઉપાય કરવો યોગ્ય છે... કર્મનો સંયોગ એક ક્ષણ માટે પણ આત્માને માટે ગુણકારી નથી. કર્મભૂમિના મનુષ્યને આયુષ્યના ક્ષયનો નિયમ નથી,...' ત્યાં આગળ એની સ્થિતિ પ્રમાણે આયુષ્ય પૂરું થાય છે. અહીં પણ થાય છે સ્થિતિ પ્રમાણે પણ અકાળ કોઈ એવા નિમિત્તો હોય (તો) છૂટી જાય, એને અકાળ કહેવામાં આવે છે. જુઓ! 'સમયસાર'નું કહ્યું છે, 'જે કોઈ એવો અહંકાર કરે કે હું પર જીવોને દુઃખી અને સુખી કરી શકું છું, તે મૂર્ખ અને અજ્ઞાની છે.'

મુમુક્ષુ :– આ ન માને એને અજ્ઞાની કહે છે.

ઉત્તર :– માને એને એમ કીધું. ઓલા એમ કહે છે, પરજીવનું કરી શકે નહિ એમ ન માને, કરી શકે એમ ન માને તે અજ્ઞાની છે, એમ કહે છે. અહીં કહે છે, પરજીવને સુખી-દુઃખી કરી શકું છું એ માન્યતા મૂઢ અને અજ્ઞાનીની છે. આત્મા પર જીવને સુખી-દુઃખી કરી શકતો નથી. કોણ કરે કોનું? કેટલા ટકા? મૂઢ! સોએ સો ટકા.

ભગવાનઆત્મા પરને શું કરે? સ્વતંત્ર બાયડી, છોકરાના આયુષ્યને દઈ શકે છે? એનું જીવન વધારી શકે છે? એને સુખ-દુઃખ આપી શકે છે? એના સંયોગ પ્રમાણે સંયોગો પૂર્વને લઈને આવે. માને કલ્પનાથી કે મને સુખ-દુઃખ થાય છે. બીજો કોઈ આપી શકે (એવી) ત્રણકાળમાં તાકાત નથી. કહો, સમજાણું? 'સર્વ જીવ પોતપોતાના પાપ પુણ્ય કર્મના ઉદયથી દુઃખી અથવા સુખી થાય છે. જ્ઞાની જીવ આ અહંકારથી દૂર રહે છે.' ધર્માત્મા પરનું કાર્ય કરી શકું છું, એ માનતો નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. મારા જ્ઞાન, દર્શન ને આનંદની ક્રિયાનો કરનાર છું. રાગ પણ મારું કામ નથી તો પરના કામ (મારા ક્યાંથી હોય)? સમજાણું કાંઈ?

'બૃહત્ સામાયિક'માં કહ્યું છે, 'જ્યારે મરણ આવી પહોંચે છે ત્યારે ન વૈદ્ય, ન પુત્ર, ન બ્રાહ્મણ, ન ઇન્દ્ર, ન પોતાની સ્ત્રી, ન માતા, ન નોકર, ન રાજા એમ કોઈ પણ બચાવી શકતું નથી.' આયુષ્ય પૂર્ણ થયું ત્યાં ભગવાનઆત્મા શરણભૂત તો અંદર આત્મા આનંદકંદ

www.vitragvani.com



છે, બહારમાં કોઈ શરણભૂત છે નહિ. બંગલા-બંગલા સરખા હોય, પૈસા-બૈસા સરખા હોય તો કાંઈ હશે કે નહિ? 'રતિભાઈ'! હેં.. 'પ્રભુભાઈ' શું હશે? 'એવો વિચાર કરીને સજ્જનોએ આત્માનું કામ કરી લેવું યોગ્ય છે,...' છે અંદરમાં, હોં! 'कार्य निजं कार्यभायैं' 'બૃહત સામાયિક'માં પાઠ છે. મોટા સામાયિકમાં પાઠ છે ને? આત્માર્થીએ પોતાનું કામ કરવું, મારું કામ (કરું).

'સજ્જનોએ આત્માનું કામ કરી લેવું યોગ્ય છે, વિલંબ ન કરવો જોઈએ.' ઓ..હો..! આ આત્મા મનુષ્યદેહ મળ્યો, પાંચ ઇન્દ્રિય મળી, સાંભળવાનું મળ્યું ત્યારે આત્માના સ્વભાવનું કાર્ય કરી લેવું જોઈએ, વાર લગાડવી ન જોઈએ. 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'પ્રવચનસાર'માં આ ક્ષણે આજે જ કરજે, એમ લખ્યું છે. પાછળ આવે છે ને? પાછળ બે ગાથા છે. આજે જ કરજે. વિલંબ કરીશ નહિ. પૈસાવાળા કરે છે ને? શું કહેવાય? કાંધા. પાંચ હજાર આપીશ પણ મહિને પાંચસો પાંચસો બાર મહિને આપીશ. (એમ) કાંધા પાડીશ નહિ.

મુમુક્ષુ :- કાંધા પણ રહી જાય છે.

ઉત્તર :- પણ અહીં તો એ તો વાત છે. અહીં તો કહે છે, કાંધો રહી જ ન જાય. આહાહા..! ભગવાન ચૈતન્યરત્ન પડ્યો છે ને! ભગવાન! પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો ભંડાર ચૈતન્ય રત્નાકર, એમાં તારી નજર કર્યે નિધાન ફાટે એવું છે. આહાહા..! ક્યાં આમાં કાંધા-બાંધા ક્યાં હતા? સમજાણું કાંઈ? બહાર નજર કર્યે હોળી સળગે એવું છે, એમ કહે છે. જ્યાં જ્યાં પરદ્રવ્ય ઉપર નજર કરીશ ત્યાં વિકલ્પ ઊઠશે, વિકલ્પ ઊઠશે તો આકુળતા થશે. અને ભગવાનઆત્મા અનાકૂળનું સ્થાન છે. અનાકુળ ઉપર દૃષ્ટિ દેતાં એને વિલંબ કરવો જોઈએ નહિ. લ્યો, એ વાત પૂરી થઈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

### જીવ કે અજીવ બધાની પર્યાય ક્રમબદ્ધ છે!

કોઈ કહે કે 'જીવ ક્યારેક ક્રમબદ્ધ પરિણમે અને ક્યારેક અક્રમે પણ પરિણમે તેમ જ અજીવ પણ ક્યારેક ક્રમબદ્ધ પરિણમે ને ક્યારેક જીવ તેને અક્રમે પણ પરિણમાવી દે' - તો એમ નથી. ભાઈ! જીવ કે અજીવ કોઈનું એવું સ્વરૂપ નથી કે અક્રમે પરિણમે. કેવળજ્ઞાન ચોથા ગુણસ્થાને થઈ જાય ને સમ્યગ્દર્શન તેરમા ગુણસ્થાને થાય - એમ કદી બનતું નથી. પહેલાં કેવળજ્ઞાન થઈ જાય ને પછી મુનિદશા લ્યે એમ પણ કદી બનતું નથી. એવો જ વસ્તુના પરિણમનનો સ્વભાવ છે. ધર્મીને સ્વભાવદૃષ્ટિમાં જ્ઞાયકભાવનો પુરુષાર્થ ચાલુ જ છે, જ્ઞાનમાં ધીરજ છે, ચારિત્રમાં અલ્પરાગ થાય છે તેને પણ જાણે છે પણ તેને મૂંઝવણ નથી, ઉતાવળ નથી, હઠ નથી; તે તો ક્રમબદ્ધ પોતાના જ્ઞાતાભાવપણે ઊપજતો થકો તેમાં તદ્રૂપ છે.

(આત્મધર્મ - ઑગસ્ટ ૨૦૦૮)



# માનસ્થંભજી

## સુવર્ણપુરી, સોનગઢ